ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૫૩

શુક્રવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૧૦
ચૈત્ર-૫, ૧૯૩૨ શાકે

થી

મંગળવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૧૦
ચૈત્ર ૯, ૧૯૩૨ શાકે

# ગુજરાત વિધાનસભા ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**છઠ્ઠું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

**વિષય** **પાન નંબર**

**શુક્રવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૧૦ / ચૈત્ર ૫, ૧૯૩૨ શાકે**


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ - ૬૬ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પરધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૬૭ - ૬૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૬૯ - ૭૦ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૭૧ - ૭૩ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૭૪ - ૭૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ) | ૭૫ - ૭૭ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૭૮ - ૭૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૮૦ - ૯૪ |


**સોમવાર, તા. ૨૯ માર્ચ,૨૦૧૦ / ચૈત્ર ૮, ૧૯૩૨ શાકે**


| | |
|---|---|
| ટૂંકી મુદતનો પ્રશ્ન | ૯૫ - ૯૭ |
| તારાંકિત પ્રશ્નો | ૯૮ - ૧૦૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૦૮ - ૧૭૭ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૭૮ - ૧૭૮ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૧૭૯ - ૧૮૬ |
| મુંબઈ મોટર વાહન વેરા(ગુજરાત સુધારા)વિધેયક,૨૦૧૦ | ૧૮૭ - ૧૯૬ |
| ગુજરાત મૂલ્યવર્ધિત વેરા(સુધારા) વિધેયક,૨૦૧૦ | ૧૯૭ - ૨૦૪ |

| વિષય | પાન નંબર |
|---|---|
| **મંગળવાર, તા.૩૦મી માર્ચ ૨૦૧૦ / ચૈત્ર ૯, ૧૯૩૨ શાક** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૦૫ - ૨૧૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૯ - ૨૭૨ |
| શોકદર્શક ઉલ્લેખો | ૨૭૩ - ૨૭૪ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ઘ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૨૭૫ - ૨૭૭ |
| અધ્યક્ષશ્રીનો નિર્ણય | ૨૭૮- ૨૭૯ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૮૦ - ૨૮૧ |
| વિઘાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૨૮૨ - ૨૮૨ |
| મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ | ૨૮૩ - ૩૦૧ |
| નિયમ ૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ | ૩૦૨ - ૩૧૮ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ ૧૦૨) | ૩૧૯ - ૩૨૬ |
| અતારંાકિત પ્રશ્નો | ૩૨૭ - ૩૫૩ |
| સભ્યશ્રીઓનું હાજરી પત્રક | ૩૫૪ - ૩૫૮ |


***

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૧૦**
**ચૈત્ર ૫, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સુરેન્દ્રનગર જિલ્લામાં બાલિકા સમૃદ્ધિ યોજના હેઠળ કન્યાઓને સહાય

***૧૫૯૧૨ શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં બાલિકા સમૃદ્ધિ યોજના હેઠળ તાલુકાવાર કેટલી કન્યાઓને આવરી લીધેલ છે,

(૨) કેટલી સહાય ચૂકવેલ છે,

(૩) કેટલી કન્યાઓને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) તે ક્યારે ચૂકવવામાં આવશે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) કુલ ૩૦૨૩ કન્યાઓને આવરી લીધેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૨૦૯ | ૨૫૦ | ૨૦૧ | ૬૬૦ |
| ૨ | લખતર | ૧૧૪ | ૭૧ | ૮૬ | ૨૭૧ |
| ૩ | પાટડી-૧ | ૧૦ | ૨૧ | ૦ | ૩૧ |
| ૪ | સાયલા | ૪૭ | ૦ | ૫૨ | ૯૯ |
| ૫ | લીંબડી | ૧૪ | ૩૩૨ | ૨૦૫ | ૫૫૧ |
| ૬ | ધ્રાંગધ્રા | ૨૧ | ૧૮૧ | ૭૫ | ૨૭૭ |
| ૭ | વઢવાણ | ૧૩૮ | ૨૦૦ | ૩૦૦ | ૬૩૮ |
| ૮ | હળવદ | ૧૧૨ | ૧૫ | ૬૧ | ૧૮૮ |
| ૯ | પાટડી-૨ | ૧૫ | ૪૮ | ૦ | ૬૩ |
| ૧૦ | મૂળી | ૦ | ૨૫ | ૨૦ | ૪૫ |
| ૧૧ | ચુડા | ૦ | ૧૦૦ | ૧૦૦ | ૨૦૦ |
| કુલ સરવાળો | ૬૮૦ | ૧૨૪૩ | ૧૧૪૩ | ૧૧૦૦ | ૩૦૨૩ |

(૨) રૂા. ૧૫,૧૧,૫૦૦/-

(૩) ૨૪૮૫ કન્યાઓને સહાય ચૂકવવાની બાકી છે.

(૪) સત્વરે ચૂકવવામાં આવશે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બાલિકા સમૃદ્ધિ યોજના ક્યારથી શરૂ થઈ અને આ યોજના શા માટે શરૂ કરવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૧૯૯૭ની ૧૫મી ઑગસ્ટે અટલબિહારી બાજપાઈએ આ યોજનાની જાહેરાત કરી હતી. એમાં કારણો એ હતા કે સમાજની અંદર દીકરીઓ અને માતા પ્રત્યે નકારાત્મક અભિગમ હતો, દીકરીની ભૃણ હત્યા થતી હતી, દીકરીનો જન્મ થાય તો કોઈ નોંધણી પણ કરાવતું નહોતું, શાળામાં પ્રવેશ નહોતો થતો અને અભ્યાસમાંથી એને વંચિત રાખવામાં આવતી હતી. નાનપણની અંદર એનો બાલ વિવાહ થઈ જતો હતો. આ સમાજમાંથી વિકૃતિ દૂર થાય અને દીકરી પ્રત્યે સદ્‌ભાવ જાગે એના માટે આ યોજના અટલબિહારી બાજપાઈએ શરૂ કરી હતી. દેશના તમામ રાજયોએ આની અમલવારી કરવી જોઈએ પરંતુ મારે કહેવું છે કે ૨૦૦૬-૦૭માં ભારત સરકારે આ યોજના બંધ કરી દીધી છે તેમ છતાં રાજય સરકારે પોતાના બજૅટની અંદરથી આ યોજના ચાલુ રાખી છે.

**શ્રી ભરતભાઈ વ. ખોરાણી** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે કેટલા બાળકોને ચૂકવણું કરવાનું બાકી છે અને બાકી ચૂકવણું ક્યારે કરવામાં આવશે તથા આ ચૂકવણું કરવામાં વિલંબ થવાના કારણો શું?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ૨૪૮૫ દીકરીઓને આ ૫૦૦ રૂપિયા આપવાના બાકી છે. એમાંથી ૩૫૭ ચૂકવી દીધા છે. બેંકમાં ૮૨૭ના ફોર્મ રજૂ કરી દીધા છે એટલે આ મહિનાના અંત સુધીમાં જમા થઈ જશે. જ્યારે બાકી ૧૩૦૧ રહેશે એને એપ્રિલ માસમાં ચૂકવી આપવામાં આવશે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ યોજના હેઠળ બાલિકાઓને આ રકમ ક્યારે પરત મળે છે, આશરે લગભગ કેટલી રકમ આપવામાં આવે છે. મારો બીજો પ્રશ્ન એ છે કે ધોરણવાર કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : પહેલા ધોરણમાં દીકરી દાખલ થાય તો ધોરણ ૧, ૨ અને ૩ સુધી દર વરસે બેંકમાં એના ખાતામાં ૩૦૦ રૂપિયા જમા થાય છે. ધોરણ ૪ માં પ્રવેશ પામે ત્યારે ૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. જ્યારે ધોરણ ૫ માં પ્રવેશ પામે એટલે ૬૦૦ રૂપિયા, ધોરણ ૬ અને ૭ માં પ્રવેશ પામે ત્યારે એને ૭૦૦ રૂપિયા અને ધોરણ-૮માં પ્રવેશ પામે એટલે ૮૦૦ રૂપિયા ત્યારબાદ ધોરણ નવ અને દસમાં પ્રવેશ પામે એટલે દર વરસે હજાર હજાર રૂપિયા મળે. આ રીતે દર વરસે ધોરણ ૧ થી ૭ અને ધોરણ ૮,૯ અને ૧૦માં પ્રવેશે ત્યારે શિષ્યવૃત્તિ તથા જન્મ થાય ત્યારે ૫૦૦ રૂપિયા બેંકમાં મૂકીએ એમ કુલ ૬૭૦૦ રૂપિયા પ્લસ વ્યાજ આટલી રકમ મળતી હોય છે. બાળ વિવાહ અટકાવવા માટેનો એક પ્રયાસ છે. એટલે આની અંદર એવા નિયમો બનાવ્યા છે કે દીકરી અપરણીત હોય અને એ ૧૮ વર્ષની ઉંમરની થઈ જાય ત્યારે ગ્રામ પંચાયત કે નગરપાલિકાના અધ્યક્ષનો પત્ર હોય કે આ દીકરીના લગ્ન નથી થયા ત્યારે આ બધી રકમ એને ચૂકવી આપવામાં આવે છે.

**રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનામાં અપાતા ખાદ્યતેલ, ઘઉં અને ચોખાના જથ્થામાં ફેરફાર બાબત**

***૧૫૩૨૬ શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ (મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં ચાલતા મધ્યાહન ભોજન યોજના હેઠળ અપાતા ખાદ્યતેલ, ઘઉં અને ચોખા વગેરેના પ્રમાણમાં ખાદ્ય સામગ્રીના જથ્થામાં ૨૦૦૯ના વર્ષમાં ફેરફાર કરવામાં આવ્યા છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો બાળકોને અપાતા ખાદ્યતેલ, અનાજ વગેરેના પ્રમાણમાં આવા ફેરફારો કરવાના કારણો શાં છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) ભારત સરકારશ્રીની ૨૦૦૬ની સુધારેલ ગાઈડ લાઈન્સ મુજબ ખાદ્યતેલ, અનાજ વગેરેના પ્રમાણમાં રાજય સરકારે ફેરફાર કરેલ છે.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : મધ્યાહન ભોજન યોજનાની અંદર જે ફેરફાર કરવામાં આવ્યા છે એમાં જથ્થો વધારવામાં આવ્યો છે કે ઘટાડવામાં આવ્યો છે, જો ઘટાડવામાં આવ્યો હોય તો ગુજરાત સરકાર એમાં વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : જથ્થામાં વધારો કરવામાં આવ્યો છે ઘટાડો કરવામાં આવ્યો નથી.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેન્દ્ર સરકાર તરફથી મધ્યાહન ભોજનનો લાભ મળે છે એ સિવાય રાજય સરકાર તરફથી કયા લાભ મળે છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. ૭૫/૨૫ના રેશિયા પ્રમાણે આ યોજના ચાલે છે પરંતુ રાજય સરકારની અપેક્ષા બાળકોને પૂરતા પ્રમાણમાં સારો પ્રોટિનયુક્ત ખોરાક મળે એ રાજય સરકારનો અભિગમ છે. એટલા માટે કેન્દ્ર સરકાર જે નાણાં આપે છે આખી યોજનામાં ૫૦૬ કરોડની યોજના પૈકી ગુજરાત સરકારનો ફાળો ૧૭૫ અને કેન્દ્ર સરકારનો ફાળો ૩૩૧ છે. પરંતુ તે સિવાય રાજય સરકાર આ બાળકોને થાળી, વાટકી, ગ્લાસનો સેટ આપવા માગે છે. જે અનાજ છે એ અત્યાર સુધી સંચાલકો પાસે એમને એમ પડી રહેતું હતું, તેમાં એર કન્ટેઈનર ડ્રમ આપવાની રાજય સરકારની યોજના છે. તેમના સાધનો માટે સ્ટીલના રેક આપવા માગીએ છીએ. સંચાલકો, રસોયા, મદદનીશોને અત્યાર સુધી તાલીમની વ્યવસ્થા નહોતી. રાજયની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે આ રસોયાઓને, મદદનીશોને તાલીમ આપવાનો પણ રાજય સરકારે વિચાર કર્યો છે. તે સાથે સાથે પૂરતા પ્રમાણમાં તેનું સુપરવીઝન થાય તેના માટે સાધનોની, વાહનોની વ્યવસ્થા પૂરી પાડી છે. તે સિવાય ફોર્ટીફાઈડ આટો, ન્યુ કેન્ડી, મધ્યાહ્ન ભોજન યોજનાના ગેસ કનેકશન, સોલર કુકીંગ, કુકીંગ ડીવાઈસ, કીચન સેટ રીપેરીંગ, સંચાલકો, રસોયાઓને માનદ વેતન, દાળ માટે, વધારાના તેલ માટે આ કુલ મળીને ૧૧૦.૭૯ કરોડ રૂપિયા રાજય સરકાર વધારાના ચૂકવે છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મધ્યાહ્ન ભોજન યોજનામાં દસ ગ્રામ તેલના બદલે પાંચ ગ્રામ તેલ ક્યારે કરવામાં આવ્યું? કોની સૂચનાથી કરવામાં આવ્યું? આ જથ્થામાં સરકાર વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે તા. ૬-૭-૦૬ના પત્રથી અત્યાર સુધીમાં મધ્યાહ્ન ભોજન યોજનાના બાળકોને જે દસ ગ્રામ તેલ આપવામાં આવતું હતું તેના બદલે તેલની માત્રા પાંચ ગ્રામ કરી. ૬-૭-૨૦૦૬ના દિવસે, પરંતુ રાજય સરકારે આ ૧૦ ગ્રામ યોજના પોતાના કંડોળમાંથી આપવાનું શરૂ કર્યું. કેન્દ્ર સરકાર તરફથી અવારનવાર પાંચ ગ્રામ તેલ કરવા માટેની માગણી થવાને કારણે છેલ્લે રાજય સરકારે કેન્દ્ર સરકારના પરિપત્ર પ્રમાણે જે પાંચ ગ્રામ તેલ હતું એ જૂન-૨૦૦૯થી રાજય સરકારે ભોગવ્યું. પરંતુ આ જુલાઈ મહિનાથી માત્ર પાંચ ગ્રામ તેલ આપવામાં આવતું હતું. હવે પછી ડિસેમ્બર-૨૦૦૯થી રાજય સરકાર આ તેલનો જથ્થો સાડા સાતસો ગ્રામ આપશે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભારત સરકારની જૂની ગાઈડ લાઈન શું હતી અને નવી ગાઈડ લાઈનમાં કયા કયા ફેરફાર કરવામાં આવ્યા છે?

**શ્રી રમણલાલ વોરા** : જૂની યોજના પ્રમાણે માત્ર ઘઉં અને ચોખા આપવાની યોજના હતી. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે આ બાળકોને પ્રોટિનયુક્ત સારો આહાર મળે તેને દાળ પણ મળે, તેલ મળે, શાકભાજી પણ મળે, મરી-મસાલા પણ મળે અને બાળકોને પોષણયુક્ત આહાર મળે એ રાજય સરકારની યોજના છે અને એટલા માટે મેં કહ્યું કે માત્ર કેન્દ્ર સરકાર આધારિત નહીં, એ સિવાય ૧૧૦ કરોડ રૂપિયા કરતા વધારે માતબર રકમ આ રાજય સરકાર ભોગવી રહી છે.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાતમાં મધ્યાહ્ન ભોજન યોજનામાં ફોર્ટીફાઈડ આટો આપવામાં આવે છે. તે ખૂબ જ સારો પૌષ્ટિક હોય છે પણ વિદ્યાર્થીઓ ફોર્ટીફાઈડ આટામાંથી બનાવેલી વાનગીઓ વધારે ખાતા નથી. છાંડે છે. તો જે બાલભોગમાં સરસ ચોકલેટ હોય છે એ ટાઈપનું કંઈક ફોર્ટીફાઈડ આટામાં કરીએ, જેથી કરીને ફોર્ટીફાઈડ આટામાં ફેરફાર કરવા માગે છે કે નહીં?

**શ્રી રમણલાલ વોરા** : ફોર્ટીફાઈડ આટો એ રાજય સરકારની એક મહત્ત્વાકાંક્ષી યોજના છે. જેની પાછળ રાજય સરકાર દ્વારા ૨૯ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરવામાં આવે છે. અગાઉ મેં કહ્યું તે પ્રમાણે રાજયના તમામ જિલ્લાઓની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે, જે પ્રમાણે આદિજાતિ વિસ્તાર છે તો તેનું અલગ પ્રકારનું મેનું હોવું જોઈએ. બીજો વિસ્તાર હોય તો બીજાં પ્રકારનું મેનું હોવું જોઈએ. પરંતુ કેન્દ્ર સરકાર તરફથી માત્ર ચોખા અને ઘઉં આપવામાં આવે છે. યોજનામાં આપણી અપેક્ષા છે કે, ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે બાળકોનું મેનું થાય અને રસોઈયા છે એનો પગાર છે એ એક મહિનાના રૂ.૨૫૦/- છે. રાજય સરકાર સંચાલક, મદદનીશ રસોઈયાને અત્યાર સુધી એમના મહેનતાણાના એક માસના રૂ.૯૨૫/- હતા એમાં વધારો કરીને રાજય સરકાર રૂ.૩૦૦૦/- કરવા માગે છે. એટલું પૂરતું નથી. આ સંસ્થાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં કામ કરતી બહેનોને તાલીમ આપીને એ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર આ ફોર્ટિ ફાઈડ આટાનો ઉપયોગ થાય અને બાળકોને ઠીક પ્રમાણમાં મળે એ પ્રમાણેનો રાજય સરકારનો પ્રયાસ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજન યોજના છે એ ગુજરાત રાજયે ૧૯૮૩માં શરૂ કરી છે અને આખા ભારતમાં પહેલી વખત આ યોજના શરૂ થઈ છે અને એનો તમામ ખર્ચ ગુજરાત રાજય ભોગવતું હતું. પરંતુ ૨૦૦૫ પછી કેન્દ્ર સરકારે આ મધ્યાહન ભોજન યોજના આખા દેશમાં શરૂ કરી અને એના સંદર્ભમાં ગુજરાતને વધારાની મદદ મળે છે. એટલે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજય સરકાર તો પહેલેથી જ ખર્ચ કરતી હતી. તો આ યોજનાની અંદર રાજય સરકાર અગાઉનું પોતાનું એલોકેસન છે એમાં થોડોક વધારો કરીને વધારાનો ખર્ચ કરવા માગે છે કે કેમ? જ્યારે કેન્દ્ર સરકારની વધારાની મદદ મળે છે ત્યારે આ યોજનામાં બીજા રાજયો મોડેલ રાજયો છે જેવા કે કેરાલા રાજય કહી શકાય. એને સમકક્ષ કરવા વધારાના એલીમેન્ટસ આપીને ખર્ચ કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ૧૯૮૪થી ગુજરાતમાં શરૂ થઈ છે અને ૧૯૯૨-૯૩ની સાલમાં કેન્દ્ર સરકારે આ યોજના જાહેર કરી. નામદાર સુપ્રીમ કોર્ટના જજમૅન્ટ પ્રમાણે આ યોજના આખા દેશમાં લાગુ કરવામાં આવી અને એના સંદર્ભે રાજય સરકારે આ યોજના સ્વીકારી. આ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. એના ખર્ચના ૭૫ ટકા કેન્દ્ર સરકાર ભોગવે છે અને રાજય સરકાર પોતાના ફાળે આવતા રૂ.૧૭૫/- કરોડ આપી રહી છે. આ રૂ.૧૭૫/- કરોડ સિવાય બધી જ આઇટમો ફરી હું આપના ધ્યાન ઉપર મૂકું. થાળી, વાટકી અને ગ્લાસ, સંચાલકોને સુરક્ષિત રાખવા માટેના ડ્રમ આપવામાં આવશે. સ્ટીલના રેક આપવામાં આવે છે. સંચાલક અને મદદનીશ અને રસોઈયાને તાલીમ આપવામાં આવે છે. સુપરવિઝન ઠીક પ્રમાણમાં થાય તે માટે વાહનોની વ્યવસ્થા કરવામાં આવશે. ફોર્ટી ફાઈડ આટો અને ન્યુ કેન્ડી પહેલીવાર દાખલ કરવામાં આવી છે. ગેસના કનૅક્શનો રાજય સરકાર આપશે. સોલર કૂકીંગ આપવાની વ્યવસ્થા છે. કુકીંગ સેટના રીપેરીંગની અત્યાર સુધી કોઈ વ્યવસ્થા નહોતી, એના રીપૅરીંગની પણ વ્યવસ્થા કરવામાં આવશે અને એ સાથે દાળ અને તેલમાં કેન્દ્ર સરકાર પૂરતું આપતી નથી. રાજય સરકાર પોતાની યોજનામાંથી આપે છે. અને મેં કહ્યું એ પ્રમાણે એના ૨૫ ટકા ફાળા ઉપરાંત રૂ.૧૧૦.૭૯ કરોડ એ રાજય સરકાર પોતાના ભંડોળમાંથી આપીને આ યોજના સારી રીતે ચાલે એના માટેનો ખર્ચ કરે છે.

**મહેસાણા જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાને સોંપવામાં આવેલ આંગણવાડીઓ**

***૧૫૯૧૪ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર (જોટાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી આંગણવાડીઓનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવામાં આવેલ છે, અને

(૨) આ સંસ્થાઓ કઈ કઈ છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ૧૧૪ આંગણવાડી કેન્દ્રોનું સંચાલન સોંપવામાં આવ્યું છે.

(૨) વિ.ન.પટેલ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, મહેસાણા.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં આંગણવાડીનું સંચાલન સંસ્થાઓને સોંપવાના નિયમ શું છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, આંગણવાડી  દીઠ કઈ કઈ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના તા.૨૬-૮-૧૯૯૭ના પત્રમાં આપવામાં આવેલ સૂચના મુજબ સંકલિત બાળ વિકાસ યોજનાના અમલીકરણ માટે કુલ મંજૂર કરેલ આંગણવાડીઓ પૈકી ૧૦ ટકા આંગણવાડી કેન્દ્રોનું રજીસ્ટર્ડ સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવાની જોગવાઈ છે. આ જોગવાઈ અનુસાર આ સ્વૈચ્છિક સંસ્થાઓનું રજીસ્ટ્રેશન સોસાયટી રજીસ્ટ્રેશન એકટ અથવા મુંબઇ રજીસ્ટ્રેશન એકટ ૧૯૫૦ હેઠળ થયેલ હોય, આ સંસ્થા ૫ વર્ષથી વધુ સમયથી રજીસ્ટ્રેશન થયેલ હોવી જોઈએ, આ સંસ્થાની આર્થિક સ્થિતિ સક્ષમ અને સબળ હોવી જોઈએ. સંસ્થા મહિલા અને બાળકોના કલ્યાણ સાથે સંકળાયેલ હોવી જોઈએ અને સારી છાપ ધરાવતી હોવી જોઈએ અને સરકારે જે નિયત કરેલ ફૉર્મ હોય એ ફૉર્મની અંદર દસ્તાવેજી પુરાવાઓ આપવાના હોય. આ સંસ્થાઓને મેડીસીન કીટ આંગણવાડી દીઠ ૬૦૦ રુપીયા, આપવામાં આવે છે.  પ્રિસ્કુલ કીટ ૧હજાર રૂપિયા ICA ૧હજાર રૂપિયા, મકાનનું ભાડુ આપવામાં આવે છે અને એ પણ જો ગ્રામ્ય વિસ્તારમાં હોય તો ૨૦૦ રૂપિયા ,ટ્રાયબલમાં હોય તો ૨૦૦ રૂપિયા, અર્બનમાં હોય તો ૭૫૦ અને કન્ટીજન્સી ખર્ચ એને ૬૦૦ રૂપિયા આપવામાં આવે છે, એ ઉપરાંત બાળકોને જે પોષણ આપવામાં આવે એ તો રાજય સરકાર એમને પૂરું પાડતી હોય છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે આ સોંપવામાં આવેલી આંગણવાડીઓની મુદતમાં વધારો કરવા માટેની શું જોગવાઈ છે?  અને મારો બીજો પ્રશ્ન એ છે કે આંગણવાડી વર્કર, હેલ્પરની નિમણૂક કઈ રીતે થાય છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી વર્કર અને હેલ્પરની નિમણૂક ગ્રામ્ય કક્ષાએ થાય છે, એની જાહેરાત આપવામાં આવે છે.  એના માટેની સમિતિ બનાવેલી છે અને એ સમિતિ મેરીટના આધારે એને નકકી કરવામાં આવે છે.  દીકરી પરણીત હોવી જોઈએ, ગામની હોય જેથી કરીને એને બીજી કોઈ તકલીફ ન પડે અને બીજા ગામની આવે તો જવા આવવામાં પણ તકલીફ પડતી હોય છે અને એટલા માટે નિયમાનુસાર એની નિમણૂક થતી હોય છે.   આ સંસ્થાની ૩૧-૩-૨૦૧૦ના દિવસે મુદત પુરી થાય છે અને જો મહેસાણા જિલ્લાના ડી.ડી.ઓ. એનો અભિપ્રાય આપશે તો પછી રાજય સરકાર એના ઉપર વિચાર કરશે.

**શ્રી કાંતિભાઈ રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વીના પટેલ ગ્રામ વિકાસ ટ્રસ્ટ આ સંસ્થાએ પોતે કોઈ ખર્ચ કર્યો છે?  જો કર્યો હોય તો કયા પ્રકારનો ખર્ચ કર્યો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સંસ્થાઓને જે આપણે આપીએ છીએ એમાં પોતે પણ આંગણવાડીને મદદરુપ થતા હોય છે એમાં આ સંસ્થાએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સહયોગથી ૬૭ આંગણવાડી કેન્દ્રોને ૨૦,૧૦૦ની રકમના ૬૭ કુકર એમના તરફથી આપવામાં આવ્યા છે, ૧૦ આંગણવાડી કેન્દ્રોના ૩૫૦ બાળકોને ૨૬મી જાન્યુઆરીના દિવસે તીથી ભોજન આપેલુ અને ગણેશપુરાધામની આંગણવાડી કેન્દ્રના ૯૦ બાળકોને ૧૮૦ રૂપિયાની કિંમતના ૧૬,૨૦૦ રૂપિયાના ગણવેશ આપેલા છે.  આવા પ્રકારના કામો પણ આવી સંસ્થાઓ કરતી હોય છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ૧૧૪ આંગણવાડી કેન્દ્રોનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવામાં આવ્યું અને જયારે સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવામાં આવે ત્યારે બધી રીતે સુવિધા પુરી પાડવાની હોય પણ ઘણી સંસ્થાઓમાં હેલ્થ વર્કરોની જગ્યા ખાલી છે તો આ સોંપેલી સ્વૈચ્છિક સંસ્થામાં હેલ્થ વર્કરોની જગ્યા કેટલી ખાલી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્કરની ૫ અને હેલ્પરની ૫ ટૂંક સમયમાં એ ભરવામાં આવશે.

## મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા

***૧૫૯૦૪ શ્રી કાંતિભાઈ રા. પટેલ (વિજાપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) આ શહેરોમાં જે પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા નથી ત્યાં કયારે આ સુવિધા આપવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ૬ (છ) પ્રાથમિક શાળાઓમાં

(૨) વર્ષ ૨૦૧૦-૧૧માં આ સુવિધા આપવામાં આવશે.

**કાંતિભાઈ રા. પટેલ** : મહેસાણા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળા આવેલી છે અને કઈ પ્રાથમિક શાળામાં વીજ જોડાણ આપેલા નથી અને કયા તાલુકામાં?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં કુલ ૯૯૬ પ્રાથમિક શાળાઓ આવેલી છે તેમાં મહેસાણા તાલુકામાં એક અંબિકાનગર પ્રાથમિક શાળાની અંદર વીજળીકરણ આવેલું નથી એમાં માનનીય સભ્યશ્રીએ કારણ પણ પૂછયું છે, સોસાયટી દ્વારા ફાળવાયેલ મકાનમાં બેસે છે અત્યારે હાલ, નગરપાલિકા દ્વારા પંચાયતમાં ઠરાવ કરી પ્રાંતની અંદર મોકલાવ્યો છે એટલે જમીનની કાર્યવાહીની માગણી અત્યારે ચાલુ છે, કાર્યવાહી ચાલુ છે. કુલ જિલ્લાની અંદર ૬ પ્રાથમિક શાળામાં વીજળીકરણ નથી. માલિકીના મકાનમાં શાળાઓ બેસે છે. ટેમ્પરરી વ્યવસ્થા છે પણ પોતાનું મકાન નથી એટલા માટે કયા કારણો છે એ પણ હું આપને કહેવા માગુ છું. વિસનગર તાલુકાની અંદર ૨ પ્રાથમિક શાળાઓમાં એક બહુચર નગર, બીજી ચામુંડા નગર બંનેની અંદર ગામલોકો દ્વારા બનાવાયેલા મકાનમાં આ શાળા બેસે છે. નવા મકાનનું કામ ચાલુ છે અને નવા સત્રથી આ બાળકો ત્યાં બેસતા થશે. બેચરાજીની અંદર એક પ્રાથમિક શાળા રણછોડપુરા ગામ લોકો દ્વારા બનાવાયેલું એક મકાન છે, બાકીના બે રૂમોનું અત્યારે બાંધકામ ચાલુ છે અને કડીની અંદર સતલાસણામાં ગંગાપુર પ્રાથમિક શાળા, શિક્ષણ સમિતિ દ્વારા ૧૫ દિવસ પહેલા જ મકાન પૂરું થઈ ગયું છે, બની ગયું છે અને બાળકો ત્યાં બેસે છે. કડીની અંદર અને એપ્રિલના અંત સુધીમાં એપ્રિલ-૨૦૧૦ના અંત સુધીમાં ત્યાં સતલાસણામાં ગંગાપુરામાં પ્રાથમિક શાળાની અંદર વીજળીકરણ થઈ જશે.કડીની અંદર ચરેડી પ્રાથમિક શાળા અત્યારે કૉમ્યૂનિટી હૉલમાં બેસે છે. આ બધી છ પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૦-૧૧ માં વીજળીકરણ થાય એ માટેનું આયોજન છે.

**કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં આર્ટસ/સાયન્સ કૉલેજોની સગવડ**

* ૧૫૫૬૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં ઉચ્ચ શિક્ષણ આપવા માટે કોઈ આર્ટસ, સાયન્સ કે કૉમર્સ કૉલેજની સગવડ નથી તે હકીકત સાચી છે, અને

(૨) સરકાર દ્વારા આર્ટસ, કૉમર્સ કે સાયન્સ ૧૨ મા ધોરણ પછીનું ઉચ્ચ શિક્ષણ આપવા સરકારે રાહે રાપર તાલુકામાં આગામી નવા સત્રથી કૉલેજ ખોલી ઉચ્ચ શિક્ષણથી વંચિત રાપરના વિદ્યાર્થીઓને સગવડ આપવા માગે છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) હાલમાં કોઈ વિચારણા હેઠળ નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારનો રાપર તાલુકો એમાં કોઈ ઉચ્ચ શિક્ષણ આપવા માટેની આર્ટસ, સાયન્સ અને કૉમર્સ કૉલેજની સગવડ નથી તે હકીકત સાચી છે પૂછતાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો હા, જી. એમાં મેં પૂછેલ કે સરકાર દ્વારા આર્ટસ, કૉમર્સ કે સાયન્સ ૧૨ મા ધોરણ પછીનું ઉચ્ચ શિક્ષણ આપવા સરકારે રાહે રાપર તાલુકામાં આગામી નવા સત્રથી કૉલેજ ખોલી ઉચ્ચ શિક્ષણથી વંચિત રાપરના વિદ્યાર્થીઓને સગવડ આપવા માંગે છે કે કેમ? ત્યારે એમણે બહુ સ્પષ્ટ નકારાત્મક જવાબ આપેલ કે હાલમાં કોઈ વિચારણા હેઠળ નથી. આપના દ્વારા પૂછવા માગું છું કે માનનીય મંત્રીશ્રી ફરીથી વિચારણા કરી ત્રણ લાખથી વધુ વસતિ ધરાવતા વિસ્તારના વિદ્યાર્થીઓને ભણવા માટે ૧૦૦ કિલોમિટરની અંદર ક્યાંય કૉલેજની સગવડ નથી. ભચાઉ તાલુકામાં પણ નથી. રાધનપુર કે આદિપુર જવું પડે છે. આ સંજોગોમાં આમાં ફેર વિચારણા કરવા માગો છો કે કેમ? અને એ ન કરવા માગતા હોય તો કોઈ સંસ્થા આવા ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરવા માગતા હોય તો એને ગ્રાન્ટ સાથેની મંજૂરી આપવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય સભ્યશ્રીની એ વાત સાચી છે કે રાપર તાલુકામાં એક પણ કૉલેજ નથી. પરંતુ આખા કચ્છ જિલ્લાને ધ્યાનમાં લઈએ તો લગભગ ૪૬ સંસ્થાઓ કાર્યરત છે. એમણે એ પણ કહ્યું કે નજીકમાં તો ૬૦ કિલોમિટર દૂર ભચાઉ છે અને ભચાઉની અંદર ઓલરેડી કૉલેજ ચાલે છે. મેં સ્પષ્ટતાપૂર્વક જવાબ એટલા માટે આપ્યો કે વર્ષ ૨૦૧૦-૧૧ના બજેટમાં જેની જોગવાઈ નથી કરી પછી ખાલી વિચારીશું અને જેમ બને તેમ જલદી એવા ગોળ ગોળ જવાબ આપવાની જરૂર નથી. રાજ્ય સરકારનો સ્પષ્ટ અભિગમ છે કે આપવી હશે તો હા. પછી એમાં પુન: વિચારણા કરવા માટેનો આ વર્ષે કોઈ વિષય ઉપસ્થિત થતો નથી. પરંતુ બાબુભાઈની સાથે સંમત છું કે રાપર અતિ પછાત તાલુકો છે અને અંતરિયાળ વિસ્તાર છે. કૉલેજની જરૂરિયાત પણ છે. હવે પછી જ્યારે નવી વિચારણા કરવામાં આવશે તો એમાં જરૂર કરીશું. સેલ્ફ ફાયનાન્સ કૉલેજ સાથે કોઈને કરવી હશે તો એના માટેની રાજ્ય સરકાર મંજૂરી આપશે પરંતુ એને ગ્રાન્ટેબલ કરવાના નીતિ નિયમો છે એના આધારે થશે. અત્યારે કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ૦

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લો એ અતિ પછાત કહેવાતો હતો. પરંતુ આજે એટલો બધો વિકાસ થયો છે અને શિક્ષણ ક્ષેત્રમાં કચ્છમાં જબરજસ્ત ક્રાંતિ આવી છે. અમારું સ્વપ્ન છે કે રાપરમાં અમે કૉલેજ માગતા થયા છીએ. મારો પ્રશ્ન એ છે કે આ વિસ્તારની અંદર જે રીતે ઉદ્યોગો આવ્યા છે

એ દ્રષ્ટિથી એન્જિનિયરીંગ કૉલેજ, ટૅક્નીકલ શિક્ષણ માટેની કૉલેજ, આઈ.ટી.આઈ. કૉલેજ છે કે નહીં? અને જિલ્લામાં આવી કેટલી કોલેજો આવેલી છે અને એમાં ગ્રાન્ટેડ કૉલેજો કેટલી આવેલી છે એ હું જાણવા માગું છું.

**શ્રી રમણલાલ વોરા** : આ પ્રશ્ન રાપર પૂરતો સિમિત છે એટલે રાપર સિવાય બીજી માહિતી આપવી ઠીક નહીં. પરંતુ માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે કચ્છ જિલ્લાનો વિકાસ થઈ રહ્યો છે અને વિષયના પ્રમાણમાં આર્ટસ, કૉમર્સ, સાયન્સ, બી.એડ, લો, પોલિટેકનિક, એન્જિનિયરીંગ તમામ ગ્રાન્ટેડ અને સરકારી સંસ્થાઓ અવેલેબલ છે. હજી પણ જરૂરિયાત ઉપસ્થિત થશે તો રાજ્ય સરકાર એના માટે પુન:વિચારણા કરીને જે ભાગમાં હજુ સુધી આ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પહોંચી નથી ત્યાં કરવાનો જરૂર પ્રયાસ કરશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ જવાબ આપતાં કહ્યું કે ૬૦ કિલોમિટર દૂર ભચાઉમાં કૉલેજ છે. પરંતુ આપના મારફત માનનીય મંત્રીશ્રીને જણાવું કે, એ મહિલા કોલેજ છે. વિદ્યાર્થીઓ માટેના બાળકો માટેની એ સગવડ નથી ત્યાં અને એ પણ એસ. એન્ડ ડી.ટી. યુનિવર્સિટી સાથે એફિલિયેટેડ કોલેજ કોઈ ખાનગી સંસ્થા, ટ્રસ્ટ ચલાવી રહ્યું છે. રાજ્ય સરકારનો અભિગમ એના માટેનો હકારાત્મક છે પણ શિક્ષણ મેળવવા માટે ૧૦૦ કિલોમિટર દૂર એ બાળકોને જવું પડે કાં અભ્યાસ અપૂરતો કરવો પડે અને હમણાં વિકાસની વાત કરીએ ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી હંમેશા અને આ સરકાર કચ્છને સિંગાપુર બનાવવાની ઇચ્છા ધરાવે છે તો શિક્ષણ વગર સિંગાપુર કઈ રીતે બનશે એનો વિચાર કરે. આ ગ્રાન્ટ સાથેની કોલેજ જો અમને આપે તો અમે શૈક્ષણિક સંસ્થાઓ ત્યાં એ કોલેજ આ વર્ષે મંજૂરી આપો તો અમે કરવા માટે તૈયાર છીએ. એ સંજોગોની અંદર નિયમમાં આવતું હોય તો નહિ તો બને એટલી જલદીથી આ કોલેજ શરૂ થાય એ માટેનો અભિગમ રાજ્ય સરકાર રાખશે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, કોલેજ શરૂ કરવા માટેના નોર્મ્સ છે. માનનીય બાબુભાઈને એ વસ્તુનો ખ્યાલ છે, ફક્ત ૩ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે, વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮૮ છે. હવે સાહેબ ૧૮૮ વિદ્યાર્થીઓમાં કેટલા પાસ થશે અને કેટલા નાપાસ થશે તો રાજ્ય સરકારની પણ એક કેન્દ્ર આધારિત નીતિ નક્કી કરેલી છે કે કેટલી સંખ્યા હોય તો કોલેજ શરૂ કરવી? ૧૮૮ વિદ્યાર્થીઓના કારણે રાજ્ય સરકાર નવી કોલેજ શરૂ ના કરી શકે. પરંતુ મેં કહ્યું એ પ્રમાણે અતિ પછાત છે અને બાળકોને વધારે લાભ મળે તો જે પ્રમાણે ભચાઉનું કહ્યું છે એ પ્રમાણે નજીકમાં એવા બ્લોક પસંદ કરીને આ વિદ્યાર્થીઓને પણ લાભ મળે એ માટે રાજ્ય સરકારનું મન ખુલ્લું છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે હાલમાં કચ્છમાં આવેલ જુદા જુદા પ્રવાહોની કોલેજોમાં દરેકમાં કેટલા કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે?

**અધ્યક્ષશ્રી** : એ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત નહિ થાય.

### બનાસકાંઠા જિલ્લાની કાર્યરત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

***૧૬૦૭૭ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કાર્યરત છે, અને

(૨) માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ વધે તે માટે સરકારે કઈ પ્રકારનું આયોજન કર્યુ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** :

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) - નવી શાળાઓ મંજૂર કરવામાં આવેલ છે.
- બાઈસેગ દ્વારા ૧૦૦ શૈક્ષણિક કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવેલ.
- નવી શાળા માટે અંતરના નોર્મ્સમાં ઘટાડો કરેલ છે. જે અન્વયે વધુ શાળાઓ શરૂ કરવાનું આયોજન છે.

**પત્રક-૧**

**બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

| ક્રમ | તાલુકો | શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | માધ્યમિક શાળાઓ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | કુલ |
| ૧ | પાલનપુર | ૪૩ | ૪૪ | ૮૭ |
| ૨ | અમીરગઢ | ૦૮ | ૦૫ | ૧૩ |
| ૩ | વડગામ | ૨૭ | ૧૪ | ૪૧ |
| ૪ | ડીસા | ૩૮ | ૧૭ | ૫૫ |
| ૫ | ભાભર | ૦૭ | ૦૩ | ૧૦ |
| ૬ | કાંકરે | ૧૭ | ૧૨ | ૨૯ |
| ૭ | થરાદ | ૨૩ | ૦૮ | ૩૧ |
| ૮ | વાવ | ૧૨ | ૦૯ | ૨૧ |
| ૯ | ધાનેરા | ૨૧ | ૦૯ | ૩૦ |
| ૧૦ | દાંતીવાડા | ૦૯ | ૦૩ | ૧૨ |
| ૧૧ | દાંતા | ૧૬ | ૧૧ | ૨૭ |
| ૧૨ | દિયોદર | ૧૮ | ૧૩ | ૩૧ |
| | કુલ | ૨૩૯ | ૧૪૮ | ૩૮૭ |

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા પ્રશ્નના જવાબમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વધે એના માટે શું સરકારનું આયોજન છે? મને જવાબમાં કહ્યું છે કે નવી શાળાઓ મંજૂર કરવામાં આવી છે અને અંતરના નોર્મ્સમાં ઘટાડો કરેલ છે તો મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે નવી શાળા બનાસકાંઠા જિલ્લામાં કેટલી શરૂ કરવામાં આવી છે અને નોર્મ્સમાં ઘટાડો થયો છે એની વિગતો શું છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં જૂન ૨૦૦૯થી ૭ સરકારી માધ્યમિક શાળા, ૫ સામાન્ય પ્રવાહની અને ૧ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી છે. ઉપરાંત ૨૦ નોન-ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ અને ૧૫ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી છે જેમાં ૨ વિજ્ઞાન પ્રવાહની અને ૩ સામાન્ય પ્રવાહની છે. શિક્ષણ વિભાગના તા.૨૫-૨-૨૦૦૯ ના ઠરાવથી નવી શાળાઓ માટે અંતરના નોર્મ્સમાં ઘટાડો કરવામાં આવેલો છે. માધ્યમિક શાળાઓ માટે ૫ કિલોમિટરની ત્રિજ્યામાં, સામાન્ય વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ૧૦ કિલોમિટરની ત્રિજ્યા અને આદિજાતિ વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ૭ કિલોમિટરની ત્રિજ્યા નક્કી કરવામાં આવેલ છે. ઉકત ત્રિજ્યાલક્ષી નોર્મ્સ ઉપરાંત દરેક વિસ્તારની ભૌગોકિ, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં લેવામાં આવશે. અંતરિયાળ, આદિવાસી વિસ્તાર અને ડુંગરાળ પ્રદેશમાં આ ધોરણ અને માત્ર અંતર દ્વારા વર્ગીકૃત કરવાના સ્થાને વધારે વ્યવહારિક દૃષ્ટિબિંદુ અપનાવવામાં આવશે. શાળાઓની મંજૂરીમાં કન્યા કેળવણી અને ખાસ કરીને વિજ્ઞાન પ્રવાહ ઉપર પણ વધારે જોક આપવામાં આવશે. આ સિવાય પણ હું માનનીય સભ્યશ્રીને આપના માધ્યમથી જણાવવા માગું છું કે બાઈસેગ દ્વારા સરવે કરાવી ૭૦૩ માધ્યમિક શાળા અને ૨૨૦ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ઉર્પયુકત મેપિંગ વિસ્તારમાં નવી શાળાઓ શરૂ થાય તે માટે વર્તમાનપત્રો દ્વારા જાહેરાત આપી શાળા, શરૂ કરવા માટે જાહેરાત આપવામાં આવે જે અંર્તગત પ્રથમ ૩ વર્ષ સુધી સંચાલક દ્વારા શાળા ચલાવ્યાની, ત્રીજા વર્ષ માટે બોર્ડની પરીક્ષામાં શાળાનું પરિણામ ૫૦ ટકા આવશે તો શાળાને ૫૦ ટકા ગ્રાન્ટ, ચોથા વર્ષે ૫૫ ટકા પરિણામ આવશે તો ૭૫ ટકા ગ્રાન્ટ અને પાંચમા વર્ષે ૫૫ ટકા સરેરાશ પરિણામ એ શાળાનું જળવાઈ રહેશે તો કાયમી ધોરણે ૧૦૦ ટકા ગ્રાન્ટ આપી આ પ્રમાણે શિક્ષણનો વ્યાપ વધારવા માટેનો સરકારનો પ્રયત્ન રહેશે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, શાળાના અંતરમાં જે ઘટાડો કરવામાં આવ્યો છે એ કેટલો કરવામાં આવ્યો છે અને બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણનો વ્યાપ વધારવા માટે જે પ્રમાણે રાજય સરકારના પ્રયાસોના કારણે પ્રાથમિક શિક્ષણમાં સો ટકા નામાંકન થાય છે, ડ્રોપ આઉટ રેશિયો ઘટી રહ્યો છે એ સંજોગોમાં વધારે માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સ્વાભાવિક એની જરૂરિયાત ઊભી થાય એટલે અત્યાર સુધીમાં ૧૦ કિલો મીટરની ત્રિજીયાના નોર્મસમાં એક માધ્યમિક શાળા હતી એને ઘટાડીને ૫ કિલો મીટરની ત્રિજીયાનું નોર્મસ કર્યુ છે. ઉચ્ચતર માધ્યમિક શાળા ૧૫ કિલોમીટરની ત્રિજીયા હતી એને ઘટાડીને ૧૦ કિલોમીટરની ત્રિજીયામાં આ શાળાઓ શરૂ કરવાની છે. આદિજાતિ વિસ્તારોમાં ૧૦ કિલો મીટરના બદલે ૭ કિલો મીટરની અંદર ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા જઈ રહ્યા છીએ. અમારા માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, સરકાર એક ઐતિહાસિક નિર્ણય તરફ જે જઈ રહી છે તે કે અત્યાર સુધીમાં જે શાળાઓ શરૂ થાય છે એ શહેરમાં શરૂ થાય છે, જિલ્લાના મથકે શરૂ થાય છે, તાલુકાના મથકે શરૂ થાય છે જેના કારણે આદિજાતિ વિસ્તારના અંતરિયાળ વિસ્તારો, પર્વતાળ પ્રદેશો, સાગર ખેડુ વિસ્તારો, અથવા જે ૫૬ અતિ પછાત તાલુકાઓ છે ત્યાં સુધી અન્ય કોઈ સંસ્થાઓ ત્યાં પહોંચતી નથી. ગઈ વખતે રાજય સરકારે ૨૪૦ શાળાઓ જ્યારે શરૂ કરી સરકારી શાળાઓ ત્યારે આ વખતે એક નવતર પ્રયોગ અમે કરી રહ્યા છીએ કે, બાયસેગના માધ્યમથી જ્યાં પણ શાળાઓ નથી તો એનું મેપીંગ કરવા માગીએ છીએ અને એ મેપીંગ કર્યા પછી જે તે ગામો અથવા તાલુકાઓ આવશે એની વિગતવાર જાહેરાત આપવા માગીએ છીએ અને એમાં સ્વૈચ્છિક સંસ્થાઓને ત્યાં આમંત્રણ આપીએ છીએ કે જ્યાં અત્યાર સુધીમાં શિક્ષણનો વ્યાપ નથી પહોંચ્યો ત્યાં તમે શાળાઓ શરૂ કરો તો ત્રણ વર્ષની અમે શાળા ગ્રાન્ટ આપીશું જેના કારણે આદિજાતિ વિસ્તારના અંતરિયાળ વિસ્તારો, પર્વતાળ પ્રદેશો, સાગર ખેડુ વિસ્તારો, અથવા જે અતિ પછાત તાલુકાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો વ્યાપ વધારે થાય એ રાજય સરકારનું લક્ષ છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી ગોવિંદભાઈ.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**પંચમહાલ જિલ્લાના લુણાવાડા, વેરીના મુવાડા અને આંકલવા રોડને ડામર અને રિકાર્પેટની કામગીરી**

**૧૫૩૦૯ શ્રી હીરાભાઈ હ. પટેલ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા, વેરીના મુવાડા, આંકલવા રોડ ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે, તે સરકારશ્રીની જાણમાં છે, અને

(૨) જો હા, તો આ રસ્તાને રિપેરીંગ કરી ડામર, રિ-કાર્પેટ થવાની કામગીરી ક્યારે હાથ ધરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) અને (૨) રસ્તો વાહન વ્યવહાર લાયક છે. વર્ષ ૨૦૧૦-૧૧ના આયોજનમાં રિ-કાર્પેટ કરવાનું વિચારવામાં આવશે.

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, એક વાર રસ્તો બની ગયા પછી એને રિસર્ફેસ કરવા માટેની સમયાવધિ શું છે અને બીજી મારી માગણી છે કે, મેં જે પ્રશ્ન પૂછ્યો એના અનુસંધાનમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, ૨૦૧૦-૧૧ના વર્ષમાં એને રિસર્ફેસ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં પ્લાન-૧૫ લગભગ ૬૦ કિલો મીટરના જે ૧૦ વર્ષ પછી પણ રિસર્ફેસ કરવામાં આવ્યા નથી અને બીજા ૨ જે ૭ વર્ષથી રિસર્ફેસ કરવામાં આવ્યા નથી, એ બંને મળીને ૬૦ કિલો મીટર જેટલા થાય અને નૉન-પ્લાન જે લગભગ ૩૫ રસ્તાઓ છે અને ૯૦ કિલો મીટર જેટલા જે છેલ્લા ૭ વર્ષોથી રિસર્ફેસ કરવામાં આવ્યા નથી, માનનીય મંત્રીશ્રીએ આ એક રસ્તા માટે રિસર્ફેસ કરવાની વાત સ્વીકારી છે તો બાકીના રસ્તાઓ પણ એજ પ્રકારના છે તો એને રિસર્ફેસ કરવા સરકાર માગે છે કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમના પોતાના પ્રશ્નની અંદર માત્ર એક જ પ્રશ્નનો ઉલ્લેખ એમણે કર્યો છે. લુણાવાડા, વેરીના મુવાડા અને આંકલવા રોડ ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે, ૨૦૦૦માં આ રોડ થયો હતો અને ૧૩ લાખ રૂપિયાનો ખર્ચ જે તે સમયે થયો હતો. આ રસ્તાને ૨૦૧૦-૧૧માં ૧૦ વર્ષ પૂરા થતા હોવાના કારણે ૨૦૧૦-૧૧માં આપણે લીધો છે અને ૪.૩૦ કિલો મીટરની લંબાઈમાં ૩ મીટરનો રસ્તો છે, આપણે ૩.૭૫ મીટરનો પહોળો કરી અને કાર્પેટ અને સીલકોટ કરીશું જેની પાછળ લગભગ એકાદ કરોડ રૂપિયાનો ખર્ચ થશે, બાકીના એમના જે પ્રશ્નો છે તો કોઈ પણ જાતના વાદ વિવાદ વગર ૧૦ વર્ષ થયા હોય તો આપણે લઈએ છીએ અને ૧૦ વર્ષ પછી, ૯ વર્ષ, ૮ વર્ષ, ૭ વર્ષે એ પ્રમાણે રસ્તાઓ આપણે લેતા જઈએ છીએ.અને એ રસ્તો સમયમર્યાદાની અંદર આવતો હશે એ પ્રમાણે લઈશું.

**મહેસૂલ સચિવ(વિવાદ) ના પડતર કેસોના નિકાલની વ્યવસ્થા**

***૧૫૬૯૮ શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) મહેસૂલ સચિવ (વિવાદ)માં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો કેટલા સમયથી પડતર છે, અને

(૨) આ નોંધણી અપીલોના નિકાલ માટે લાંબા સમયથી પડતર કેસોના નિકાલ માટે સરકાર કેવી વ્યવસ્થા કરવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૧૩૩૯૭

| ૫વર્ષ સુધીના | ૫ થી ૧૦ વર્ષ સુધીના | ૧૦ વર્ષ ઉપરના | કુલ |
|---|---|---|---|
| ૮૭૩૬ | ૩૭૯૩ | ૮૬૮ | ૧૩૩૯૭ |

(૨) અર્ધન્યાયિક પ્રક્રિયા હોવાને કારણે કેસોના નિકાલમાં સમયમર્યાદા બાંધી શકાતી નથી છતાં ઝડપી નિકાલ થાય તે માટે મહેસૂલ સચિવ (વિવાદ)ની કચેરી દ્વારા કાર્યવાહી કરાય છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ સચિવ(વિવાદ)ની જગ્યા જે છે એ અર્ધન્યાયિક પ્રક્રિયા છે અને અરજદારોએ કચ્છથી લઈ અને ડાંગ સુધીના અરજદારોએ અમદાવાદ આ કેસો માટે આવવું પડે છે અથવા તો અરજદારોના વકીલે આવવું પડે છે. ૧૩૩૯૭ જેટલા કેસોનો ભરાવો થયો છે અને ૧૦ વર્ષ ઉપરના ૮૬૮ કેસો છે. પાંચ અને ૧૦ વર્ષ વચ્ચેના ૩૭૯૩ છે રેવન્યુના અતિ અગત્યના પ્રશ્નો છે મહેસૂલ વિભાગના એમાં અતિશય વિલંબ ન્યાયની પ્રક્રિયામાં થઈ રહયો છે. ઘણા કિસ્સામાં ૧૦ વર્ષ થયા હોવા છતાં અરજદારો મૃત્યુ પામે તો પણ ન્યાય મળતો નથી અથવા તો ૧૦ વર્ષ કેસો ચાલી અને કલેકટરને રીમાન્ડ કરવામાં આવે

છે. પ્રશ્ન એ છે કે આ વિલંબીત પ્રક્રિયામાં મહેસૂલ સચિવ (વિવાદ)માં કોઈ વધારાનો વ્યાપ વધારીને અથવા તો તંત્ર મોટું કરી નવી જગ્યા ઉભી કરી જેમ કોર્ટમાં બેંચીસ બનાવવામાં આવે છે અલગ અલગ એ પ્રમાણે પ્રક્રિયા કરી આટલો જબરજસ્ત ભારવો એકબાજુ વહીવટી સરળતાની વાત કરે છે બીજીબાજુ આને ન્યાય મળતો નથી તો મારો પ્રશ્ન એટલો  છે ૧૩૩૯૭ જેટલા જંગી કેસોના ભરાવા માટે સરકાર કોઈ વિચારણા કરવા માગે છે કે કેમ અને કેવા પ્રકારના પગલાં ભરવા માગે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બોમ્બે રેવન્યુ એકટની કલમ-૨૧૧માં જોગવાઈ છે એમાં સમયમર્યાદાનો કોઈ ઉલ્લેખ ન હોવાથી કલેકટરો ૨૦-૨૫ વર્ષના પ્રશ્નો હોય પણ એ રીવાઈઝ કરી શકે છે આને કારણે વર્ષો જુના પ્રશ્નો રીવાઈઝ થતા હોય છે કલેકટર તરફથી અને એની સામે અરજદારો પછી કોર્ટોમાં આવતા હોય છે.  એમાં ૨૦૦૦થી માંડીને ૨૦૦૯ સુધી ૧૩૨૫૦ કેસોનો નિકાલ કર્યો એની સામે ૧૨૫૩૯ નવા કેસો ઉમેરાયા છે. નવા કેસો ઉમેરાતા જાય છે અને જેટલા નવા કેસો ઉમેરાય એના કરતા વધારે કેસોનો નિકાલ થાય છે એની માટે અમે સચિવની એક બેઠક કરી છે જે જિલ્લાઓની અંદર વધારે પડતા કેસો છે એ કેસોના નિકાલ માટે શું પ્રયત્ન કરવા જોઈએ. કલમ-૨૧૧ રીવાઈઝ કરીને ઓછી સમયમર્યાદા આપીએ તો હાઈકોર્ટમાં જઈ શકે. બીજું જે જિલ્લામાં કલેકટરશ્રી  અને મહેસૂલી વિવાદના અધિકારીઓ સાથે બેસીને એક પ્રકારના કેસોનો નિકાલ ઝડપથી થાય એ માટે રાજય સરકાર પ્રયાસ કરી રહી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે ૧૩૩૯૭ કેસો પડતર છે. ખરા અર્થમાં આ કેસોમાંથી ૯૦ટકા કેસો ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોના જમીનના દબાણના હોય છે. જમીનની કિંમત ઉંચી હોવાને કારણે શેઢા તકરારના કેસો વધારે હોય છે. કોર્ટમાં દાખલ કરી કેસોનો નિકાલ કરે છે. કેસોનો તાત્કાલિક નિકાલ થઈ શકે એ માટે આપણે લોકાયુકતમાં દાખલ થઈ શકે અને આ કેસોનો તાત્કાલિક નિકાલ થાય એ માટે સરકાર કાંઈ વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત છે એ વિચારવા જેવી છે મેં કહયું તેમ કે આ પ્રશ્નોનો ઝડપી નિકાલ થાય એના માટે મારો વિભાગ અને મહેસૂલ વિવાદ વિભાગ એ સાથે મળીને એને જિલ્લાના કલેકટરશ્રીઓ એ સાથે મળીને આના માટે ચોકકસ વિચાર કરશે.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૧૦ વર્ષના ૮૬૮ કેસો છે તો સરકારશ્રીએ ન્યાય વિભાગમાં ઈવનીંગ કોર્ટનું આયોજન કર્યું છે અને લોકઅદાલતનું પણ આયોજન કરે છે તે આ લાંબાગાળાના કેસો છે એના માટે સરકાર ખાસ લોકઅદાલતનું આયોજન કરીને ગુજરાતના જે લોકો છે એને ન્યાય આપવા માગે છે કે નહીં એ મારે જાણવું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપી દીધો કે લોક અદાલત હોય કે મારો વિભાગ હોય કે મહેસૂલ સચિવનો વિવાદ વિભાગ હોય આ બધાને સાથે મળીને એનો નિકાલ કેવી રીતે કરવો એનો વિચાર કરાશે.

**ભાવનગર જિલ્લાના  પાલીતાણા અને ગારિયાધાર તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં સુવિધા**

***૧૫૫૫૮ શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા તથા ગારિયાધાર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ કેટલી

સરકારી પ્રાથમિક શાળાઓ આવેલ છે અને

(૨) આવેલ પ્રાથમિક શાળામાં કયા કયા ગામની શાળામાં પીવાનું પાણી તથા લાઈટની સુવિધા ઉપલબ્ધ નથી?

**શિક્ષણમંત્રીશ્રી :**

(૧)

| તાલુકો | પ્રાથમિક શાળાઓ |
|---|---|
| પાલીતાણા | ૧૧૭ |
| ગારિયાધાર | ૬૧ |

(૨) પાલીતાણા તથા ગારિયાધાર તાલુકાની તમામ શાળાઓમાં પીવાના પાણીની સુચારુ વ્યવસ્થા તેમજ લાઈટની સુવિધા છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, શાળા પ્રવેશોત્સવના કારણે ગુજરાતમાં ડ્રોપ આઉટ રેશિયો એ ૧૦૦ ટકા નામાંકનના પ્રયાસો થયો છે, તે માટે શિક્ષણ વિભાગને અભિનંદન આપવા પડે તેવું લાગે છે. બીજું રાજ્યમાં કોંગ્રેસ શાસનમાં...

**અધ્યક્ષશ્રી** : આપના કારણે.. આ બાદ રાખીને વાત કરો ને.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : બીજા રાજ્યોમાં કોંગ્રેસના શાસનવાળી સરકારે પ્રેરણા લેવા જેવી છે.

**અધ્યક્ષશ્રી** : સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : ભાવનગર જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે. બીજો પ્રશ્ન તેમાં બાળકોની સંખ્યા કેટલી છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં કુલ ૧૦૬૧ પ્રાથમિક શાળાઓ આવેલી છે, તેમાં કુમાર ૧,૬૧,૪૦૨ અને કન્યાઓ ૧,૪૫,૧૫૮ આમ કુલ ૩,૦૬,૫૬૦ વિદ્યાર્થીઓની સંખ્યા છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબમાં કુલ ૧૦૬૧ જેટલી પ્રાથમિક શાળાઓ ભાવનગર જિલ્લામાં આવેલી છે. પ્રશ્ન છે પ્રાથમિક શાળામાં પાણી અને લાઈટની સુવિધાનો. મારે એ જાણવું છે કે ગઢડા અને ઉમરાળા વિસ્તારોમાં કેટલી પ્રાથમિકો શાળાઓ છે અને એમાં પાણી અને લાઈટની સુવિધા વાળી કેટલી પ્રાથમિક શાળાઓ છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉમરાળાની અંદર કુલ ૫૮ શાળાઓ છે. એ ૫૮ શાળાઓમાં વીજળીકરણ અને પીવાના પાણીની વ્યવસ્થા છે. ગઢડા તાલુકામાં ૯૪ શાળાઓ છે એ તમામ શાળાઓમાં વીજળીકરણ અને પીવાના પાણીની વ્યવસ્થા છે.

### બનાસકાંઠા જિલ્લામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા માટે સહાય

***૧૫૯૫૭ શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ (પાલનપુર)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવા તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી અને

(૨) કઈ સંસ્થાઓને આ સહાય ચૂકવવામાં આવી છે?

**સહકાર મંત્રીશ્રી :**

(૧) કોઈ અરજી મળેલ નથી, તેથી કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી.

(૨) આવી કોઈ રકમ ચૂકવવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી વધુમાં જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા માટે અન્ય કોઈ વ્યવસ્થા છે? એના માટે દરખાસ્ત મળી છે કે કેમ? મળી છે તો ક્યાંથી દરખાસ્ત કયા તાલુકામાંથી મળી છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં કૃષિ પેદાશોના વ્યવસ્થાપન માટે કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત જુદા જુદા તાલુકાઓમાંથી દરખાસ્ત મળેલ છે, જેમાં બજાર સમિતિ થરા ૭,૭૯,૦૦૦, બજાર સમિતિ-પાંથાવાડા ૧૮,૫૮,૦૦૦, બજાર સમિતિ- ડીસા ૧૮૮ લાખ ૪૮ હજાર, બજાર સમિતિ- થરાદ ૪૬,૫૪,૦૦૦, બજાર સમિતિ-વાવ ૭,૧૯,૦૦૦, બજાર સમિતિ-ભાભર ૧૦,૬૮,૦૦૦, કુલ ૬ બજાર સમિતિમાંથી ૨૭૯ લાખ ૨૬ હજારની દરખાસ્ત મળેલ છે.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે કિસાન કલ્પવૃક્ષ યોજના ક્યારથી અમલમાં આવી? યોજના અંતર્ગત કયા હેતુ માટે સહાય ચૂકવવામાં આવે છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન કલ્પવૃક્ષ યોજના ચાલુ નાણાકીય વર્ષથી અમલમાં આવેલ છે. અત્યાર સુધી જુદી જુદી યોજનાઓ ચાલતી હતી. એને સંકલિત કરતા જુદા જુદા ૨૮ થી ૨૯ હેતુઓ માટે જુદા જુદા વિભાગો માટે આ સહાય આપવામાં આવે છે. જેમાં જમીન ખરીદી માટે, ઓક્શન શેડ માટે, લોડિંગ શેડ માટે, અનલોડિંગ શેડ માટે, પાર્કિંગ શેડ માટે, ડ્રાયર શેડ માટે, માર્કેટયાર્ડની દીવાલ, ફેન્સિંગ ગેટ વગેરે માટે પાણીની વ્યવસ્થા જેવી કે વૃક્ષો..

**અધ્યક્ષશ્રી** : લિસ્ટ લાંબુ છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : ૨૮, ૨૯ છે સાહેબ, આમાં અત્યાર સુધીમાં જે ક્યારેય કલ્પના ન કરી હોય તે રીતે રાજ્ય સરકારે મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી ૨૮ થી ૨૯ હેતુઓ કર્યા. જ્યાં નાનું માર્કેટ યાર્ડ છે, જયાં મોટા ભાગે ટ્રેકટરથી વસ્તુઓ આવતી હોય, બળદો માટે શેડ અને સાથે સાથે એના હવાડા માટેની રાજય સરકારે ચિંતા કરી છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બનાસકાંઠા જિલ્લામાં કેટલા બજારો કાર્યરત છે અને તેમાં મુખ્ય યાર્ડો કેટલા છે અને સબ યાર્ડો કેટલા છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય યાર્ડ ૧૨ છે અને સબ યાર્ડો ૧૨ છે. આમ ૨૪ યાર્ડ મારફતે પાક વ્યવસ્થાનું કાર્ય કરવામાં આવે છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બનાસકાંઠા જિલ્લાની અંદર કેટલા એ.પી.એમ.સી. અને કેટલા તાલુકા સંઘો પાસે ખેત પેદાશો સંઘરવા માટે ગોડાઉન છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર તાલુકામાં ૩૦૦ ગોડાઉન છે જેમાં ૭૩૦૦ મે.ટનની ક્ષમતા છે અને પાલનપુરમાં ચાર ગોડાઉન છે જેમાં ૨૦૦૦ મે.ટનની ક્ષમતા છે. પાલનપુર તાલુકાનો પ્રશ્ન છે એટલે બીજા માર્કેટ યાર્ડની ક્ષમતાની વિગતો મારી પાસે નથી.

**જૂનાગઢ જિલ્લાના વિસાવદરથી ધારી રસ્તાને પહોળો અને મજબૂતીકરણ કરવા બાબત**

***૧૫૯૭૪ શ્રી કનુભાઈ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) જૂનાગઢ જિલ્લાના વિસાવદર ધારી રસ્તાને સરકાર પહોળો તથા મજબૂતીકરણ કરવા માગે છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કાર્યવાહી કયા તબકકે છે, અને

(૩) તે માટેનાં ખર્ચનો અંદાજ શું છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) હા,જી

(૨) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કામ નકશા અંદાજની કાર્યવાહીના તબકકે છે.

(૩) રૂા.૧૨૦૦.૦૦ લાખ.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, જૂનાગઢ, સાસણ, વિસાવદર, ધારી, અમરેલી, ભાવનગરનો જોડતો અતિ મહત્વનો રસ્તો છે. તેને પહોળો કરવાનો સરકારશ્રીએ નિર્ણય લીધો છે તે બદલ ધન્યવાદ પાઠવું છું. હાલ આ રસ્તાની પહોળાઈ કેટલી છે અને તેને વધારીને કેટલી પહોળાઈ કરવા માગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો કુતિયાણા મહીયારી, બગસરા, કેશોદ, મેંદરડા, વિસાવદર, ધારી, જેસર રોડ અને તેની કુલ લંબાઈ ૬૯.૮૦ કિ.મી. છે. તેમાં બે કિ.મી.રસ્તો એવો છે કે જેની હયાત પહોળાઈ ૩.૭૫ મી. છે તેને આપણે ૭ મી. કરવા માગીએ છીએ. તેમાં ૧૯.૪૦ કિ.મી.નો રસ્તો તે ૫.૫૦ મી. પહોળાઈ ધરાવે છે તેને પણ આપણે ૭ મી. પહોળો કરવા માગીએ છીએ. આ રસ્તાની વચ્ચે જે તાલાલા, લાલપુર, વેકરીયા ગામમાં સી.સી. રોડ છે, વચ્ચેથી પસાર થાય છે એટલે સી.સી. રોડ કરવાનો નિર્ણય કર્યો છે તે ૬૦૦ મી. થાય છે. વચ્ચે ૨૧ નાળાનું બાંધકામ કરવાની જરૂરિયાત છે. તેનો સમાવેશ કર્યો છે. બધાની વહીવટી મંજૂરી ૧૭-૯-૦૯ના દિવસે આપી દીધી છે. તાંત્રિક મંજૂરી ૨૦-૩-૧૦એ આપી છે. નકશા, અંદાજો અને મોજણીની પ્રક્રિયા અત્યારે હાલ ચાલુ છે અને લગભગ ૧૨ કરોડ રૂપિયા જેટલો ખર્ચ આ રોડની પાછળ થશે અને ૨૦૧૦-૧૧માં આ રોડનો સમાવેશ આપણે કર્યો છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જવાબમાં ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નકશા, અંદાજો પર રસ્તો છે. તો આ રસ્તો કયારે શરૂ કરવા માગો છો અને તે કયારે પૂરો થવાની ધારણા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેની વહીવટી મંજૂરી અનં તાંત્રિક મંજૂરી આપી દીધી છે. નકશા, અંદાજો અને મોજણીની પ્રક્રિયા ચાલુ છે. આ પ્રક્રિયા પૂર્ણ થતાં ટેન્ડર બહાર પાડવામાં આવશે અને ટેન્ડર બહાર પાડયા પછી વર્ક ઓર્ડર આપીશું અને સમય મર્યાદામાં પૂર્ણ કરીશું.

**તાપી જિલ્લામાં સરકારી કર્મચારીઓની આવાસોની સુવિદ્યા**

***૧૫૯૯૧ શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) નવરચિત તાપી જિલ્લા મુખ્ય મથક વ્યારા ખાતે રાજય સરકારના કર્મચારીઓને સરકાર આવાસોની સુવિદ્યા ઉપલબ્ધ કરાવવા માગે છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કામગીરી કયા તબકકે છે, અને

(૩) તે માટેના ખર્ચનો અંદાજ શું છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) હા,જી

(૨) ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ.

(૩) અંદાજીત ખર્ચ ૧૭૦૧.૦૦ લાખનો છે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજિત ખર્ચ ૧૭૦૧ લાખનો છે. તો આ ખર્ચ દ્વારા કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવશે તે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અધિકારીઓને રહેવા માટે સ્ટાફ કવાર્ટસ ટ્રાન્સફરીંગ હોસ્ટેલ તે બાંધવા માટેનો નિર્ણય રાજય સરકારે કર્યો છે. તાંત્રિક મંજૂરી અપાઈ ગઈ છે. તેનું ડી.ટી.પી. મંજૂર થઈ ગયું છે. ટેન્ડર આવી ગયું છે અને રાજય સરકારની અંદર ટેન્ડર મંજૂરી હેઠળ છે. તેમાં એ-કેટેગરીના ૨૪ યુનિટો છે. બી કેટેગરીના ૨૪, સી કેટેગરીના ૪૦, ડી કેટેગરીના ૧૬, ઈ કેટેગરીના ૬, ઈ-૧ કેટેગરીના ૨ અને ઈ-૨ના ૨ એમ કુલ ૧૧૪ યુનિટોની સંખ્યા આપણે આમાં લીધી છે અને એ ઉપરાંત બીજા વોટર, રસ્તા અને પાર્કિંગ એ બધાની સુવિધાઓ આપણે કરવા માગીએ છીએ. ટેન્ડર મંજૂરી હેઠળ છે, અને મંજૂરી મળતાંની સાથે જ આ કામ આપણે શરૂ કરીશું અને સમય મર્યાદામાં આપણે પૂર્ણ કરીશું.

## પોરબંદર જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા બાબત

***૧૫૮૯૯ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા (કેશોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી અને સામાન્ય પ્રવાહની કેટલી ?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧)

| વર્ષ | શાળાઓ |
|---|---|
| ૨૦૦૮ | ૦૦ |
| ૨૦૦૯ | ૦૨ |

(૨)

| વર્ષ | વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ |
|---|---|---|
| ૨૦૦૮ | ૦૦ | ૦૦ |
| ૨૦૦૯ | ૦૧ | ૦૧ |

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, પોરબંદર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે અને તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી બે, ગ્રાન્ટેડ એક, નોન ગ્રાન્ટેડ ત્રણ એમ કુલ છ શાળાઓ આવેલી છે. આ વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા સરકારી શાળામાં ૫૩, ગ્રાન્ટેડમાં ૨૫૧ અને નોન ગ્રાન્ટેડમાં ૨૭૪ એમ કુલ ૫૭૮ની સંખ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બંને શાળાઓ છે ૨૦૦૯માં એક વિજ્ઞાન પ્રવાહ અને એક સામાન્ય પ્રવાહની છે તો આ બંને કયા ગામમાં સ્થાપવામાં આવેલી છે અને આ ચાલુ વર્ષના બજેટમાં આ પ્રકારની શાળા મંજૂર કરવાની કોઈ દરખાસ્ત છે કે કેમ? આ બે મારા પ્રશ્નો છે, ત્રીજો પ્રશ્ન આપ કહેતા હોય તો એના પછી પૂછું? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજું સૂચન મારું એ પ્રકારનું છે કે રાજય સરકાર જયારે કોઈ શાળાની જરૂરિયાત નકકી કરતી હોય ત્યારે બાઈસેગ મારફત એ સ્થળ આઈડેન્ટીફાઈ કરે છે, અને રાજય સરકાર એ બાઈસેગ મારફત નકકી થયેલા સ્થળને વળગી રહે છે, આ ટેકનોલોજીથી સ્થળ નકકી થાય છે એ વાત સાચી છે પણ એને કારણે જે ગામ રસ્તાઓની સુવિધાઓથી જોડાયેલું હોય, મોટું હોય એ ગામ સબતાલુકા કક્ષાનું ગામ હોય, અને ત્યાં એ ગામની અંદર તમામ પ્રકારની કોમ્યુનિટી હોલ સેન્ટર, પોસ્ટ ઓફિસ, પોલીસ સ્ટેશનથી માંડીને તમામ સગવડો હોય, છતાં આ પ્રકારના ગામો બાકાત રહી જાય છે, તો એપ્લીકેશન ઓફ માઈન્ડ થતું નથી, ત્યારે આ પ્રકારે જયારે બાજુનું ગામ રહી જતું હોય અને એ શાળા સંખ્યાના અભાવે કયારેક ચાલી પણ ન શકે એવી સ્થિતિ હોય તો રાજય સરકાર આ પ્રકારે લોક પ્રતિનિધિઓ સાથે મળીને અને આ પ્રકારના ગામો બાકી રહી ગયા હોય તો એને એ જગ્યાએ ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માગે છે કે કેમ? અને એ પ્રકારનું ગામ અમારે ત્યાં બગવદર ૧૯૯૦થી ત્યાં ઉચ્ચતર માધ્યમિક શાળા ચાલતી હતી જે બંધ થયેલી છે ત્યાં ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે શિક્ષણનો વ્યાપ વધારવા માટે ગઈ વખતે ૨૦૦૮-૦૯માં આપણે વાત કરી હતી કે જે જગ્યાએ ઓછા અંતર હોય અને શાળાની જરૂરિયાત છે પણ શાળા શરૂ નથી થઈ, એવી ૨૪૦ શાળાઓ શરૂ કરી, જેના કારણે રાજયના ૪૦ તાલુકાઓ એવા હતા કે જેમાં વિજ્ઞાન પ્રવાહની એક પણ શાળા ન હતી, એ ચાલીસે ચાલીસે તાલુકામાં આ ૨૦૦૯ના સત્રથી આપણે એ વિજ્ઞાન પ્રવાહની ચાલીસ શાળાઓ સાથે ૨૪૦ શાળાઓ શરૂ કરી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ પૂછયું એ પ્રમાણે કુતિયાણા ખાતે એક વિજ્ઞાન પ્રવાહની શાળા શરૂ કરી અને પોરબંદર ખાતે ઘરેજ એ સામાન્ય પ્રવાહની શાળા રાજય સરકારે શરૂ કરી. એમણે જે સૂચન કર્યુ છે એ રાજય સરકાર ૨૦૦૯થી અમલ કરી રહી છે, બાઈસેગના માધ્યમથી તો દશ કિલોમીટરની ત્રિજયામાં વચ્ચેનું એક ગામ આવે પરંતુ એ ગામ નાનું છે, એ ગામમાં પૂરતી સુવિધાઓ નથી તો એના નજીકનું કયું મોટું ગામ છે કે જયાં વિદ્યાર્થીઓ પણ મળે, ત્યાં સુવિધાઓ પણ મળે અને જે જે માનનીય ધારાસભ્યશ્રીઓ અથવા ત્યાંના લોકલ લોકોએ અમને જે જે માહિતી આપી એ પ્રમાણે બાઈસેગના માધ્યમને વળગી નહીં રહેતાં જે જે લોકોએ સૂચનાઓ આપી એ તમામ ગામોના સ્થળ ફેરફાર કર્યો છે અને રાજય સરકાર નવું પણ જયારે કરશે ત્યારે માનનીય અર્જુનભાઈએ કહયું એ પ્રમાણે એ એમના સજેશન પણ આપશે તો એ પ્રમાણે રાજય સરકારનો કરવાનો અભિગમ સ્પષ્ટ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા:** આ વખતે કોઈ નવી શાળા મંજૂર કરવાની દરખાસ્ત છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : મેં કહ્યું એ પ્રમાણે ગયા વખતે ૨૪૦ શાળાઓ શરૂ કરી, આ વખતે નવી બાબત આપણે ઉમેરી છે, મેં કહ્યું એ પ્રમાણે બધીજ શાળાઓ ક્યાં શરૂ થાય છે, શહેરી વિસ્તારમાં, જિલ્લાના મથકે,

તાલુકાના મથકે તો એના કારણે અંતરિયાળ વિસ્તાર રહી જાય છે, પર્વતાળ વિસ્તાર રહી જાય છે, સાગરખેડૂ વિસ્તાર રહી જાય છે, આદિવાસી વિસ્તાર રહી જાય છે, ૫૬ પછાત તાલુકામાં કોઈ સંસ્થા જતી નથી અને એટલા માટે રાજય સરકાર એમને પ્રોત્સાહન આપવા માટે મેં અગાઉ કહ્યું એ પ્રમાણે બાયસેગના માધ્યમથી અમે સ્થળો આઈડેન્ટીફાય કરવા માગીએ છીએ, જ્યાં વ્યાપ પહોંચ્યો નથી એ પહોંચાડવા માગીએ છીએ અને એ પહોંચાડવાની સાથે જ અમે સ્થળ આપીશું કે આ સ્થળે તમે સ્વૈચ્છિક સંસ્થા કરશો તો ત્રીજા વર્ષથી અમે ગ્રાન્ટેડ કરવાનો પ્રયાસ કરીશું એટલે એની અંદર પણ બાયસેગના માધ્યમથી જે પણ ગામો આવશે એમાં પણ સજેશનો કરીને આગામી દિવસોમાં ૭૦૩ જેટલી માધ્યમિક શાળાઓ અને ૨૨૦ જેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવાની રાજય સરકારની નેમ છે.

**ડાંગ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા**

***૧૫૯૦૫ શ્રી વિજયભાઈ ર. પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) આ શહેરોમાં જે પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા નથી ત્યાં ક્યારે આ સુવિધા આપવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) જિલ્લાની તમામ ૩૭૮ પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા ઉપલબ્ધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી વિજયભાઈ ર. પટેલ** : અમારા ડાંગ જેવા પછાત વિસ્તારમાં પણ પ્રાથમિક શાળાની અંદર ૧૦૦ ટકા વીજળીની સુવિધા થઈ છે એ બદલ રાજય સરકારનો આભાર માનું છું, અને હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ જે ૩૭૮ પ્રાથમિક શાળાઓ છે એમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ ભણે છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : ડાંગ જિલ્લાના આહ્‌વા તાલુકાની અંદર કુલ ૩૭૮ પ્રાથમિક શાળાઓ આવેલી છે તેમાં કુમાર ૨૨૨૪૦ અને કન્યાઓ ૨૧૮૦૨ એમ મળીને કુલ ૪૪૦૪૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

**સાબરકાંઠા જિલ્લામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા માટે સહાય**

***૧૫૯૫૬ શ્રી ઉદેસિંહ પું. ઝાલા (બાયડ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાનાં બાયડ તાલુકામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવા માટે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કઈ સંસ્થાઓને આ સહાય ચૂકવવામાં આવી?

**સહકાર મંત્રીશ્રી** :

(૧) કોઈ અરજી મળેલ નથી. જેથી કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી.

(૨) આવી કોઈ રકમ ચૂકવવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા**: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, બજાર સમિતિ બાયડ અને તાલુકા ખરીદ વેચાણ સંઘ, બાયડમાં કેટલા ગોડાઉનો હાલ છે અને આ ગોડાઉનોની સંગ્રહશક્તિ છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : બજાર સમિતિ, બાયડ પાસે કુલ ૧૨૩ ગોડાઉનો છે અને તેની સંગ્રહશક્તિ ૯૯૯૦ મે.ટનની છે અને એ જ રીતે બાયડ તાલુકા ખરીદ વેચાણ સંઘ પાસે કુલ ૩ ગોડાઉનો છે અને એની સંગ્રહશક્તિ ૧૨૦૦ મે.ટનની છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ નવ અને દસની અંદર..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા**

૧૫૯૦૦**શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ઉપલબ્ધ નથી, અને | (૧) પંચમહાલ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા છે. |
| (૨) બાકી સુવિધા ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## પોરબંદર જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

૧૫૮૯૭ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષમાં પોરબંદર જિલ્લાની માધ્યમિક શાળાઓમાં કુલ કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૦ કન્યાઓને. |
| (૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા છે? | (૨) રૂ.૨૦૦૦/- |

## નવસારી જિલ્લામાં મહેસૂલી સંવર્ગની ખાલી જ્ગ્યાઓ

૧૫૯૪૭**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મહેસૂલી સંવર્ગની કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને | (૧) ૮૧. |
| (૨) આ તૂમારોમાં એક વર્ષ કે તેથી વધુ સમયના કેટલા તુમારો પડતરમાં છે, અને | (૨) તેમાંથી ૧ વર્ષ ઉપરના - ૯૨ તૂમાર હતાં. |
| (૩) આવા તૂમારોનો ઝડપી નિકાલ લાવવા સરકારે શી વ્યવસ્થા કરી ? | (૩) પડતર તૂમારો પેકીના ૧૬૦ તૂમારનો નિકાલ થયેલ છે. જેમાં એક વર્ષ જૂના ૧૦ તૂમારોનો સમાવેશ થાય છે. પડતર તૂમારોના ઝડપી નિકાલ માટે નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>(૧) મહેસૂલી અધિકારીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે.<br>(૨) બેઠક બાદ કેસોનું મેળવણું કરી નિકાલ અંગે અંગત લક્ષ આપવા સૂચના આપવામાં આવે છે.<br>(૩) બે વર્ષ ઉપરના તૂમાર અધિકારીએ અંગત ફાઇલ રાખી ફેરણી દરમ્યાન નિકાલ કરવાની સૂચના આપવામાં આવેલ છે.<br>(૪) મહેસૂલ તપાસણી કમિશ્નર દ્વારા નિરિક્ષણ કરી પડતર કામગીરીનું મોનીટરીંગ કરવામાં આવે છે.<br>(૫) ક્લેકટરશ્રીઓ પ્રતિમાસ મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીને પડતર તૂમારોની માહિતી મોક્લી આપે છે અને તે આધારે મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રી અને વિભાગના સચિવશ્રી દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.<br>(૬) ક્લેકટર કોન્ફરન્સમાં પડતર તૂમારોની સમીક્ષા કરવામાં આવે છે. |

**વડોદરા જિલ્લામાં હક્ક પત્રક્ની બાકી નોંધ**

૧૫૯૯૯**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં હક્ક પત્રક્ની બાકી નોંધો કેટલી છે, | (૧) ૧૦૧૨૭. |
| (૨) બાકી નોંધો કેટલા સમયની છે, અને | (૨) ૩ માસ સુધીની - ૯૯૧૯<br>૩ માસ ઉપરની - <u>૨૦૮</u><br>**કુલ : ૧૦૧૨૭** |
| (૩) આ નોંધોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૩) ત્રણ માસ ઉપરની બાકી તમામ નોંધો તકરારી છે, તેમાં તકરારી કેસના આખરી નિકાલ થયેથી અને અન્ય બાકી નોંધોનો એક માસમાં. |

**ભૂજમાં શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી**

૧૫૮૯૪ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂજ ખાતે શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટીનું કામ ક્યારે પૂર્ણ થશે, અને | (૧) ઓવર હેડ ટેન્ક સિવાયના બધાં કામો પૂર્ણ થયેલ છે. ઓવર હેડ ટેન્ક્નું કામ પણ તા.૩૧-૩-૧૦ સુધીમાં પૂર્ણ થશે. |
| (૨) આ પેટે તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૪૪.૭૩ કરોડ. |

**પોરબંદર અને વેરાવળના દરિયામાં ઓદ્યોગિક ક્ચરો નાંખવાથી માછલીઓનું ઉત્પાદન ઘટવા બાબત**

૧૬૨૯૬**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ વેરાવળ અને પોરબંદર દરિયા કાંઠામાં ઓદ્યોગિક ક્ચરો સીધો જ દરિયામાં ફેંક્વાના કારણે માછલીઓનું છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્પાદન ઘટી ગયું છે એવી ફરિયાદ રાજ્ય સરકારને મળી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ફરિયાદો કેવા પ્રકારની હતી, અને | (૨) કેમીક્લ યુક્ત ગેસવાળું પ્રવાહી દરિયામાં ઠલવાતા માછીમાર ઉદ્યોગ પડી ભાંગવાના પ્રશ્ને ફરિયાદ મળેલ છે. |
| (૩) ફરિયાદ દૂર કરવા શાં પગલાં લેવાયા ? | (૩) ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા જરૂરી કાર્યવાહી ક્રવામાં આવેલ છે. |

------------

**અમદાવાદ જિલ્લામાં ગણોતધારાની પડતર અરજીઓ**

૧૫૯૯૮**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા(રખિયાલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ પડતર છે, | (૧) ૮૦૩. |
| (૨) આ અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને | (૨) ચાર માસથી. |
| (૩) આ અરજીઓનો નિકાલ કેટલા સમયમાં ક્રવામાં આવશે ? | (૩) સત્વરે. |

**જામનગર જિલ્લામાં ભાણવડ તાલુકામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા માટે સહાય**

૧૬૦૧૧**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ભાણવડ તાલુકામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઉભી ક્રવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રક્મની સહાય ચૂક્વવામાં આવી છે, અને | (૧) કોઇ અરજી મળેલ નથી જેથી ચુક્વણી થયેલ નથી. |
| (૨) કઈ કઈ સંસ્થાઓને આ સહાય ચૂક્વવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના નિવાસસ્થાન પાછળ મરામતનો ખર્ચ**

૧૬૫૨૦**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વિરોધપક્ષના નેતાશ્રીને મંત્રીમંડળ વિસ્તારમાં ફાળવવામાં આવેલ નિવાસ સ્થાનની મરામત માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે. | રૂા. ૭૨,૮૭૨-૯૦ નો ખર્ચ મરામતમાં ક્રવામાં આવેલ છે. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શોચાલયો બનાવવા બાબત**

૧૬૧૭૪**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં શોચાલયો બનાવવા પાત્ર હતાં, | (૧) બનાસકાંઠા જિલ્લામાં ૩૩૫ શોચાલયો બનાવવા પાત્ર હતા. |
| (૨) તે પૈકી કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા, અને | (૨) ૪૭ શોચાલયો બનાવવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેલ શોચાલયો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ૧૨૩ શોચાલયોના કામો પ્રગતિ હેઠળ છે. જ્યારે સને ૨૦૧૦-૧૧ માં ૧૬૫ શોચાલયો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. |

------------

**માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના નિવાસ સ્થાન પાછળ મરામતનો ખર્ચ**

૧૬૫૧૬**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માન. વિરોધપક્ષનાં નેતાશ્રીને મંત્રી મંડળ વિસ્તારમાં ફાળવવામાં આવેલ નિવાસસ્થાન ની મરામત પાછળ ખર્ચ કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૭૪,૯૬૩-૦૦ નો ખર્ચ મરામત પાછળ કરવામાં આવેલ છે. |

------------

**માંગરોળ તાલુકાના વેરાકુઈ અને ઘોડબાર ગામે સરકારી માધ્યમિક શાળાના મકાનો બનાવવાની મંજૂરી**

૧૫૬૭૯**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં માંગરોળ તાલુકાના વેરાકુઈ અને ઘોડબાર ગામને તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારી માધ્યમિક શાળાનાં નવા મકાનની મંજૂરીઓ આપેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કામ કેટલા સમયમાં શરૂ કરવા માગો છો, અને | (૨) અને (૩) : આ શાળાઓને હવે પછીના વર્ષોમાં ક્રમશઃ બજેટમાં લેવામાં આવશે. |
| (૩) જો ના, તો કેટલા સમયમાં મંજૂર કરી કામ શરૂ કરવા માંગો છો ? | |

**રાજકોટ જિલ્લામાં ગ્રામ સેવકોનું મહેકમ**

૧૫૩૩૩**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ સેવકોનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) અને (૨) : તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ગ્રામ સેવકોનું તાલુકાવાર મંજૂર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓની માહિતી નીચે |

(૨) કેટલી જગ્યાઓ તાલુકાવાર ખાલી છે,

મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૯ | ૪ |
| ૨ | પડધરી | ૬ | ૫ |
| ૩ | જસદણ | ૧૩ | ૯ |
| ૪ | મોરબી | ૧૨ | ૭ |
| ૫ | ટંકારા | ૬ | ૨ |
| ૬ | માળીયા(મિયાણા) | ૮ | ૬ |
| ૭ | વાંકાનેર | ૧૧ | ૫ |
| ૮ | જેતપુર | ૬ | ૨ |
| ૯ | ધોરાજી | ૫ | ૩ |
| ૧૦ | ઉપલેટા | ૭ | ૪ |
| ૧૧ | ગોંડલ | ૧૦ | ૭ |
| ૧૨ | જામકંડોરણા | ૬ | ૪ |
| ૧૩ | કોટડાસાંગાણી | ૫ | ૩ |
| ૧૪ | લોધીકા | ૩ | ૧ |
| | કુલ : | ૧૦૭ | ૬૨ |

(૩) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓનું તારીખવાર વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

(૪) સરકાર આ જગ્યાઓ ક્યારે ભરવા માગે છે?

(૪) રાજકોટ જિલ્લાની ૬૨ ખાલી જગ્યાઓ પૈકીની ૨૨ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા પ્રગતિમાં છે.

**પ ત્ર ક**

## ગ્રામસેવકની ખાલી જગ્યાની વિગત

| અ.નં. | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાનું નામ | જગ્યા ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૪ | કસ્તુરબાધામ | ૨૧-૭-૨૦૦૮ |
| | | | સરધાર-૧ | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | મોટા મવા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | માલીયાસણ | ૦૧-૦૪-૨૦૦૮ |
| ૨ | પડધરી | ૫ | ખજુરડી | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | દહીંસરડા (આજી) | ૨૧-૦૭-૨૦૦૮ |
| | | | તરઘરી | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | સાલપીપળીયા | ૦૮-૧૦-૨૦૦૭ |
| | | | વિમાસણ | ૦૧-૧૦-૨૦૦૨ |
| ૩ | જસદણ | ૯ | વિરનગર | ૦૪-૦૯-૨૦૦૩ |
| | | | ભાડલા | ૦૯-૧૦-૨૦૦૭ |
| | | | ભંડારીયા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | બોઘરાવદર | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | કમળાપુર | ૨૩-૦૯-૨૦૦૮ |
| | | | મોઢુકા | ૦૧-૧૦-૨૦૦૨ |
| | | | કાળાસર | ૦૭-૦૭-૨૦૦૩ |
| | | | અમરાપર | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | પીપરડી | ૨૭-૧૧-૨૦૦૯ |
| ૪ | મોરબી | ૭ | જેતપર | ૨૧-૭-૨૦૦૮ |
| | | | ગાળા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | ખરેડા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | ઉંચી માંડલ | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | ધુનડા (ખા) | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | રાજપર | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | મોરબી-૨ | ૨૧-૦૭-૨૦૦૮ |
| ૫ | ટંકારા | ૨ | હરબટીયાળી | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | ધુનડા | ૦૧-૦૮-૨૦૦૬ |
| ૬ | માળીયા (મી) | ૬ | જુના ઘાંટીલા | ૦૧-૦૪-૨૦૦૭ |
| | | | ખાખરેચી | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | નાની બરાર | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | વવાણીયા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | મોટાદહીંસરા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | માણાંબા | ૧૧-૦૨-૨૦૦૮ |
| ૭ | વાંકાનેર | ૫ | મેસરીયા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | પલાસ | ૨૧-૦૭-૨૦૦૮ |
| | | | રાતીદેવડી | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | અરણીટીંબા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | પીપળીયા(રાજ) | ૦૧-૦૮-૨૦૦૬ |
| ૮ | જેતપુર | ૨ | સરધારપુર | ૦૧-૦૯-૨૦૦૮ |
| | | | મેવાસા | ૦૧-૦૮-૨૦૦૬ |
| ૯ | ધોરાજી | ૩ | છાડવાવદર | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | નાની મારડ | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | મોટી વાવડી | ૦૧-૦૮-૨૦૦૬ |
| ૧૦ | ઉપલેટા | ૪ | ભાયાવદર | ૧૪-૦૯-૨૦૦૭ |
| | | | ખાખીજાળીયા | ૦૧-૦૯-૨૦૦૮ |

| અ.નં. | તાલુકાનું નામ | ખાલી જ્યાની સંખ્યા | ખાલી જ્યાનું નામ | જ્યા ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|
| | | | ઢાંક | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | તલગણાં | ૦૧-૦૮-૨૦૦૬ |
| ૧૧ | ગોંડલ | ૭ | મોવીયા | ૧૪-૦૯-૨૦૦૭ |
| | | | રીબડા | ૦૧-૧૦-૨૦૦૭ |
| | | | લુણીવાવ | ૨૮-૦૯-૨૦૦૭ |
| | | | વાંસાવડ | ૧૯-૦૭-૨૦૦૮ |
| | | | દેરડી (કુંભાજી) | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | મોટા દડવા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | પાટીદડ | ૨૦-૧૦-૨૦૦૯ |
| ૧૨ | જામકંડોરણા | ૪ | રાયડી | ૦૧-૦૯-૨૦૦૮ |
| | | | ખજુરડા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | બરડીયા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | ચાવંડી | ૦૧-૦૮-૨૦૦૬ |
| ૧૩ | કોટડાસાંગાણી | ૩ | પાંચ તલાવડા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | સતાપર | ૦૧-૦૮-૨૦૦૬ |
| | | | અનીડા (વાછરા) | ૧૯-૦૭-૨૦૦૮ |
| ૧૪ | લોધીકા | ૧ | મોટાવડા | ૦૧-૦૮-૨૦૦૬ |
| | કુલ : | ૬૨ | | |

------------

**ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકામાં સરકારી માધ્યમિક શાળામાં શિક્ષકોની ખાલી જ્યાઓ**

૧૬૫૯૮ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાનાં મુહવા તાલુકામાં આવેલ સરકારી માધ્યમિક શાળાઓમાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ શિક્ષકોની કેટલી જ્યા ખાલી છે, અને | (૧) ૧૪. |
| (૨) આ જ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ? | (૨) આ ખાલી જ્યાઓ શિક્ષકોની જિલ્લા ફેરબદલીથી અને જરૂર પડે નવી ભરતી કરી ભરવામાં આવશે. |

**સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં ૨૫૦ની વસ્તીવાળા ગામડાઓના રસ્તાઓને મુખ્યમાર્ગ સાથે જોડવા અંગે**

૧૬૫૬૫ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૨૫૦ની વસ્તી ધરાવતા કેટલા ગામડાઓના રસ્તાઓને મુખ્યમાર્ગ સાથે જોડવાના બાકી છે, | (૧) ૨૫૦થી વધુ વસ્તી ધરાવતા કોઇ મહેસૂલી ગામ પાકા રસ્તાથી વંચિત નથી. |
| (૨) એમાંથી ક્યા ક્યા ગામોના રસ્તાઓ મુખ્યમાર્ગ સાથે જોડવા મંજૂરી આપવામાં આવી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) એ કામો પાછળ કેટલી રકમ છૂટી કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) એમાંથી કેટલા રસ્તાઓનું કામ પૂર્ણ કરવામાં આવ્યું ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજુલા અને જાફરાબાદ તાલુકામાં આંગણવાડીઓના પોતાના મકાન માટે આયોજન**

૧૬૩૧૨**શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજુલા તથા જાફરાબાદ તાલુકામાં કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) રાજુલા - ૧૪૪<br>જાફરાબાદ - ૧૦૩<br>કુલ : ૨૪૭ |
| (૨) એ પેકી કેટલી આંગણવાડીઓ પાસે સરકારી મકાન ઉપલબ્ધ છે, અને | (૨) રાજુલા - ૭૨<br>જાફરાબાદ - ૫૭<br>કુલ : ૧૨૯ |
| (૩) જેમાં સરકારી મકાન ઉપલબ્ધ નથી ત્યાં મકાન ઉપલબ્ધ કરાવવા માટે શું આયોજન કરાયેલ છે ? | (૩) બાકીના ૧૧૮ આંગણવાડી કેન્દ્રો માટે નીચે મુજબ મકાન ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |

| ક્રમ | બેઠક વ્યવસ્થાની વિગત | જાફરાબાદ | રાજુલા |
|---|---|---|---|
| ૧ | ભાડાના મકાનમાં | ૨૪ | ૪૨ |
| ૨ | પંચાયતના મકાનમાં | ૧ | ૩ |
| ૩ | પ્રાથમિક શાળાના મકાનમાં | ૩ | ૨ |
| ૪ | વર્કર/હેલ્પરના મકાનમાં | ૧ | ૦ |
| ૫ | અન્ય સ્થળે | ૧૭ | ૨૫ |
| | કુલ : | ૪૬ | ૭૨ |

## વડોદરા જિલ્લામાં નવીન આંગણવાડીઓ ખોલવા માટેની દરખાસ્ત

૧૫૫૫૬ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારને વડોદરા જિલ્લામાં તાલુકાવાર નવીન આંગણવાડી તેમજ પેટા કેન્દ્રોની આંગણવાડી ખોલવા માટેની દરખાસ્તો કેટલી મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે વડોદરા જિલ્લામાં તાલુકાવાર નવીન આંગણવાડી તેમજ પેટા કેન્દ્રોની આંગણવાડી ખોલવા માટેની નીચે મુજબની દરખાસ્તો મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કેટલી દરખાસ્ત મળેલ | |
|---|---|---|---|
| | | આંગણવાડી કેન્દ્રો | મીની આંગણવાડી કેન્દ્રો |
| ૧ | છોટાઉદેપુર | ૧૨૩ | ૩૭ |
| ૨ | નસવાડી | ૪૮ | ૩૪ |
| ૩ | ડભોઇ | ૦ | ૧૩ |
| ૪ | પાવી જેતપુર | ૧૨૩ | ૧૧ |
| ૫ | સંખેડા | ૧૦૫ | ૪૨ |
| ૬ | વડોદરા(ગ્રા.૧) | ૧૩ | ૦૮ |
| ૭ | કરજણ | ૬૭ | ૦૯ |
| ૮ | સાવલી | ૩૭ | ૦૬ |
| ૯ | પાદરા | ૫ | ૩૨ |
| ૧૦ | વાઘોડીયા | ૧૭ | ૧૨ |
| ૧૧ | ક્વાંટ | ૭૧ | ૧૫ |
| ૧૨ | વડોદરા(ગ્રા-૨) | ૦૯ | ૦૭ |
| | **કુલ :** | **૬૧૮** | **૨૨૬** |

(૨) ક્યા ક્યા તાલુકાની દરખાસ્તને ક્યારે મંજૂરી આપી, અને

(૨) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્ય સરકારે વડોદરા જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી તેમજ મીની આંગણવાડી કેન્દ્રો ખોલવા માટે તા.૧૭-૧૨-૨૦૦૯ ના પત્રથી નીચે મુજબની મંજુરી આપેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર કરેલ કેન્દ્રોની સંખ્યા | |
|---|---|---|---|
| | | આંગણવાડી કેન્દ્રો | મીની આંગણવાડી કેન્દ્રો |
| ૧ | છોટાઉદેપુર | ૨૭ | ૧૦૩ |
| ૨ | નસવાડી | ૧ | ૧ |
| ૩ | ડભોઇ | ૨ | ૨ |
| ૪ | પાવી જેતપુર | ૧૧ | ૦ |
| ૫ | સંખેડા | ૪ | ૦ |
| ૬ | વડોદરા (ગ્રામ્ય-૧) | ૬ | ૦ |
| ૭ | કરજણ | ૩ | ૦ |
| ૮ | સાવલી | ૧ | ૦ |
| ૯ | પાદરા | ૨ | ૦ |
| ૧૦ | વાઘોડીયા | ૪ | ૦ |
| ૧૧ | ક્વાંટ | ૨ | ૦ |
| ૧૨ | વડોદરા (ગ્રામ્ય-૨) | ૨ | ૬૨ |
| | **કુલ :** | **૬૫** | **૧૬૮** |

(૩) ક્યા તાલુકાની મંજૂરી આપવામાં આવી નથી અને તેના કારણો શું ?

(૩) વડોદરા જિલ્લામાં તાલુકાવાર મંજુરી ન આપવામાં આવેલ આંગણવાડી તેમજ મીની આંગણવાડી કેન્દ્રોની સંખ્યા નીચે મુજબ છે :

| અ.નં. | તાલુકાનું નામ | મંજુરી ન આપેલ કેન્દ્રોની સંખ્યા | |
|---|---|---|---|
| | | આંગણવાડી કેન્દ્રો | મીની આંગણવાડી કેન્દ્રો |
| ૧ | છોટાઉદેપુર | ૯૬ | (-) ૬૬<br>૬૬ વધુ મંજુર |
| ૨ | નસવાડી | ૪૭ | ૩૩ |
| ૩ | ડભોઇ | (-)૨<br>બે વધુ મંજુર | ૧૧ |
| ૪ | પાવી જેતપુર | ૧૧૨ | ૧૧ |
| ૫ | સંખેડા | ૧૦૧ | ૪૨ |
| ૬ | વડોદરા (ગ્રામ્ય-૧) | ૭ | ૮ |
| ૭ | કરજણ | ૬૪ | ૯ |
| ૮ | સાવલી | ૩૬ | ૬ |
| ૯ | પાદરા | ૩ | ૩૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | વાઘોડીયા | ૧૩ | ૧૨ |
| ૧૧ | ક્વાંટ | ૬૯ | ૧૫ |
| ૧૨ | વડોદરા (ગ્રામ્ય-૨) | ૭ | (-)૫૫ ૫૫ વધુ મંજુર |
| | કુલ : | ૫૫૩ | ૫૮ |

રાજ્ય સરકારશ્રીના તા.૪-૯-૨૦૦૯ના ઠરાવથી વિવિધ વિભાગો હસ્તકની બાલવાડીઓને આંગણવાડી કેન્દ્રોમાં રૂપાંતરીત કરવા લીધેલ નિર્ણય અન્વયે ભારત સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ આંગણવાડી કેન્દ્રોનું રીએલોકેશન કરતાં જિલ્લા તરફથી કરેલ તાલુકાવાર દરખાસ્ત મુજબ તમામ આંગણવાડી કેન્દ્રોને મંજૂરી આપી શકાયેલ નથી.

**માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના નિવાસ સ્થાન પાછળ મરામતનો ખર્ચ**

૧૬૫૨૪**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માન. વિરોધ પક્ષના નેતાશ્રીને મંત્રી મંડળ વિસ્તારમાં ફાળવવામાં આવેલ નિવાસ સ્થાનના રીપેરીંગ માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

રૂા. ૭૪,૯૬૩-૦૦નો ખર્ચ મરામતમાં કરવામાં આવેલ છે.

**વલસાડ જિલ્લાના જુજવા, કાંજણહરી, કાપરીયા દુનસાડ બારસોલ રસ્તાને પહોળો કરવા બાબત**

૧૫૯૦૯ **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાનો જુજવા-કાંજણહરી કાપરીયા દુનસાડ બારસોલ સ્ટેટ હાઈવેને જોડતો રસ્તો સરકાર પહોળો કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે, અને

(૩) તે માટે ખર્ચનો અંદાજ શું છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રસ્તાની કુલ લંબાઇ ૨૨.૫૦ કિ.મી. પૈકી ૧૭ કિ.મી. ૫.૫૦ મીટર પહોળો છે. બાકી રહેતી ૫.૫૦ કિ.મી. લંબાઇમાં રસ્તો પહોળો કરવાની કામગીરી રૂા. ૨૧૬.૫૭ લાખની અંદાજી ખર્ચે પ્રગતિમાં છે.

**આણંદ જિલ્લામાં નિરાધાર વિધવાઓને સહાય**

૧૫૯૯૩**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલીમ આપવામાં આવેલ છે, અને

(૨) તે માટે રાજ્ય સરકારે કેટલો ખર્ચ કરેલ છે ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં ૧૦૪૮ નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ, છેલ્લા ત્રણ વર્ષમાં નીચે દર્શાવ્યાનુસાર તાલીમ આપવામાં આવેલ છે.

| વર્ષ | તાલીમ લીધેલ વિધવા લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ | ૪૮૩ |
| ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૨૭૨ |
| ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૨૯૩ |
| કુલ : | ૧૦૪૮ |

(૪) રાજ્ય સરકારે કુલ ૬૧.૫૬ લાખનો ખર્ચ કરેલ છે, જે વર્ષવાર નીચે મુજબ છે.

| વર્ષ | ખર્ચની રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ | ૨૭.૫૪ |
| ૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૨૭.૯૮ |
| ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૬.૦૪ |
| કુલ : | ૬૧.૫૬ |

------------

## જૂનાગઢ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો

૧૫૯૮૯**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ કેટલા અને કેટલી રકમનાં રસ્તાનાં કામો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) ૫૬ કામો રૂ. ૩૩.૧૪ ક્રોડના મંજૂર. |
| (૨) તે કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) મંજુર કામો પેકી ૧૦ પૂર્ણ, ૪ પ્રગતિમાં, ૪૨ ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

------------

## દાહોદ જિલ્લાનાં તાલુકાઓમાં ગોબરગેસનાં લાભો માટે આયોજન

૧૫૩૮૧**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના લીમખેડા-ધાનપુર અને ગરબાડા તાલુકામાં ગોબર ગેસનો કેટલા ઈસમોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ગોબર ગેસના વધુ લાભો આમ જનતાને મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના લીમખેડા,ધાનપુર અને ગરબાડા તાલુકામાં નીચે દર્શાવ્યા મુજબ ગોબર ગેસ પ્લાન્ટ માંગણીદાર ઇસમોને આપવાની કાર્યવાહી ચાલુ છે.

| તાલુકો | પ્લાન્ટની સંખ્યા |
| --- | --- |
| લીમખેડા | ૧૧૦ |
| ધાનપુરા | ૦૨ |
| ગરબાડા | ૦૦ |
| કુલ : | ૧૧૨ |

(૨)

(૧) ગોબર ગેસનાં લાભ આમ જનતાને મળે તે માટે દૈનિક પત્રમાં જાહેરાત અપાય છે.

(૨) ગોબરગેસથી થતા ફાયદાઓની પુસ્તિકાઓ આપવામાં આવે છે.

(૩) ખેડૂત શિબીરોમાં કૃષિ મેળાઓમાં માર્ગદર્શન આપવામાં આવે છે.

(૪) કેન્દ્ર સરકાર રાજ્ય/સરકાર દ્વારા ગોબરગેસ પ્લાન્ટ બનાવવા માટે સહાય આપવામાં આવે છે.

## ભાવનગર જિલ્લામાં ખેડૂતોની જીપ્સમ સહાય યોજના

૧૬૦૦૪**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટેની ૮૦૯૫ અરજીઓ આવેલ છે. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) તે પેકી ૮૦૯૫ અરજીઓ મુજબ મંજૂર કરવામાં આવી છે. |
| (૩) પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ? | (૩) પડતર અરજીઓ નથી. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના નિવાસ સ્થાન પાછળ મરામતનો ખર્ચ

૧૬૫૨૧**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ને મંત્રીમંડળ વિસ્તારમાં ફાળવવામાં આવેલ નિવાસસ્થાન ની મરામત માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | રૂા.૭૨,૮૭૨-૯૦નો ખર્ચ મરામતમાં કરવામાં આવેલ છે. |

------------

## ભાવનગરની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા

૧૬૦૧૩ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૧) ૬ (છ) પ્રાથમિક શાળાઓમાં. |
| (૨) આ પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની સુવિધા નથી ત્યાં ક્યારે આ સુવિધા આપવામાં આવશે ? | (૨) વર્ષ ૨૦૧૦-૧૧માં. |

## સુરત જિલ્લાના રસ્તાઓની વાઈડનીંગ કામગીરી

૧૬૫૧૩ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના આવેલ માલવાફાટા-ઉમરપાડા રોડને વાઈડનીંગ કરવા માટેની શું કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૧) અને (૨) : ટ્રાફિક્નું ભારણ ધ્યાને લેતાં હાલ આયોજન નથી. |
| (૨) ક્યાં સુધીમાં આ રોડનું વાઈડનીંગ કામ પૂર્ણ કરવામાં આવશે ? | |

## રાજકોટ જિલ્લામાં બિન ખેતીની અરજીઓ

૧૫૯૩૪**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં બિનખેતીની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૧) કુલ ૪૦૯ બિનખેતી અરજી મંજૂર. |
| (૨) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, અને | (૨) કુલ- ૦૧૧ બિનખેતી અરજી નામંજૂર. |
| (૩) નામંજૂર માટેના કારણો શાં છે ? | (૩) જરૂરી અભિપ્રાય નકારાત્મક આવવાના કારણોસર. |

## બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને ડીસા તાલુકામાં ગામતળ નીમ કરવા બાબત

૧૫૩૭૫ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાનાં કાંકરેજ અને ડીસા તાલુકામાં ગામતળ નીમ કરવા તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા ગામો દ્વારા દરખાસ્તો કરવામાં આવી, | (૧) નીચે મુજબ<br>તાલુકો કાંકરેજ - ૩૨<br>તાલુકો ડીસા - ૬૨<br>(*પત્રક-૧ સામેલ છે.) |

(૨) તે પૈકી ક્યા ક્યા ગામોની ગામતળ નીમ કરવામાં આવી,

(૨) નીચે મુજબ
તાલુકો કાંકરેજ - ૨૯
તાલુકો ડીસા - ૫૧
(*પત્રક-૨ સામેલ છે.)

(૩) ક્યા ક્યા ગામોની દરખાસ્તો પડતર છે, અને

(૩) એક પણ નહિ.

(૪) આ પડતર દરખાસ્તો નો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

*** પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.**

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માતનો વીમો**

૧૬૦૭૯ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓની અરજીઓ આવી, અને

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ તાલુકાવાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કુલ ૧૩૦ અરજીઓ આવી.

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | થરાદ | ૨૦ |
| ૨ | કાંકરેજ | ૧૯ |
| ૩ | વડગામ | ૧૬ |
| ૪ | ડીસા | ૧૫ |
| ૫ | પાલનપુર | ૧૩ |
| ૬ | વાવ | ૧૩ |
| ૭ | દાંતા | ૮ |
| ૮ | અમીરગઢ | ૬ |
| ૯ | ધાનેરા | ૬ |
| ૧૦ | ભાભર | ૫ |
| ૧૧ | દીયોદર | ૪ |
| ૧૨ | દાંતીવાડા | ૫ |
| | **કુલ :** | **૧૩૦** |

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૯૧ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તેમને રૂા. ૯૦/- લાખ સહાય ચૂકવવામાં આવી.

------------

**માર્ગ અને મકાન વિભાગમાં લુણાવાડા અને ખાનપુર તાલુકામાં ગ્રેજ્યુઈટીની રકમ**

૧૫૩૧૨**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગમાં લુણાવાડા અને ખાનપુર તાલુકામાં વર્ગ ૧ થી ૪ ના કર્મચારીઓની ગ્રેજ્યુઈટીની રકમ ચૂકવવાના કેટલા કેસો પડતર છે, અને

(૧) શૂન્ય.

(૨) ક્યાં સુધીમાં સરકાર આ ચૂકવણી કરવા માગે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભાવનગર જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓ બનાવવા બાબત**

૧૬૪૭૧**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી નવી માધ્યમિક શાળઓ બનાવવા માટે કેટલી અરજીઓ આવી, અને

(૧) કુલ ૨૬ અરજીઓ આવી.

(૨) આવેલ અરજીઓમાં ભાવનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં કેટલી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

(૨)

| તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ભાવનગર | ૦૨ |
| મહુવા | ૦૪ |
| તળાજા | ૦૧ |
| બોટાદ | ૦૧ |
| **કુલ :** | **૦૮** |

------------

**હળવદ તાલુકાના શક્તિધામ, નક્લંક્ધામ ટ્રસ્ટને પાંજરાપોળ બનાવવા જમીન ફાળવવા બાબત**

૧૬૫૫૨**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના શક્તિધામ (નક્લંક્ધામ) ધાર્મિક ટ્રસ્ટે પાંજરાપોળ બનાવવા માટે સરકારી ખરાબાની જમીન ફાળવવા માટે તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટ-કેટલીવાર દરખાસ્તો કરેલ છે,

(૨) તે સબંધમાં વિભાગે શી કાર્યવાહી કરેલ છે, અને

**જવાબ**

(૧) કોઈ નહિ.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ અને ખેડા જિલ્લામાં ખેડૂતોના અકસ્માત વીમાની સહાય**

૧૬૫૫૯ **શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોના અક્સ્માતે મૃત્યુ થયા અને કેટલા અપંગ થયા,

(૨) આ પૈકી કેટલા ખેડૂતોને વીમા સહાય ચૂકવાઈ અને કેટલા કેસો ઉક્ત સ્થિતિએ પડતર છે, અને

(૩) કેટલા કેસો નામંજૂર થયા અને તેના શા કારણો છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ૧૪૭ અને ખેડા જિલ્લામાં ૧૬૫ એમ કુલ ૩૧૨ ખેડૂતોના અક્સ્માતે મૃત્યુ થયાની અને આંણદ જિલ્લામાં ૨ અને ખેડા જિલ્લામાં ૩ એમ કુલ ૫ અપંગ થયાની દાવા અરજીઓ મળી.

(૨) આ પૈકી ૧૮૮ ખેડૂતોને વીમા સહાય ચૂકવાઈ અને ૧૦૪ કેસો ઉક્ત સ્થિતિએ પડતર છે.

(૩) ૨૫ કેસો નામંજૂર થયા, તેના કારણો નીચે મુજબ છે.

૧ પોલીસ ફરિયાદ અને પંચનામા મુજબ ગુનાઈત ઈરાદો
૨ અક્સ્માતની તારીખે ખાતેદાર ખેડૂત ન હોવાથી
૩ અક્સ્માત પુરવાર કરતા સાધનિક કાગળો ન હોવાથી
૪ સમય-મર્યાદા બહારની અરજી
૫ કુદરતી મુત્યુ
૬ ૭૦ વર્ષથી વધારે ઉંમર
૭ શરતો અને બોલીઓ મુજબની કાયમી અપંગતા ન હોવાથી
૮ આત્મહત્યાનો કેસ હોવાથી.

**ભરૂચ જિલ્લામાં સહકારી મંડળીઓનું ઓડીટ**

૧૬૦૭૧**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી સહકારી મંડળીઓના ઓડીટ છેલ્લા બે વર્ષથી થયા નથી, અને

(૨) આવી મંડળીઓના ઓડીટ સમયસર થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મંડળીની સંખ્યા |
|---|---|---|
| ૧ | જંબુસર | ૦૮ |
| ૨ | ભરૂચ | ૭૧ |
| ૩ | આમોદ | ૦૪ |
| ૪ | અંક્લેશ્વર | ૮૦ |
| ૫ | વાલીયા | ૦૫ |
| ૬ | વાગરા | ૨૦ |
| ૭ | હાંસોટ | - |
| ૮ | ઝઘડીયા | ૦૨ |
| | કુલ | ૧૯૦ |

(૨) તમામ બાકી ૧૯૦ મંડળીઓના ઓડીટની ફાળવણી કરવામાં આવેલ છે. દર માસે મળતી મીટીંગમાં ઓડીટ કામગીરીની સમીક્ષા કરી પડતર ઓડીટ પુર્ણ કરવા ઓડીટરોને સુચના આપવામાં આવે છે.

------------

**આણંદ જિલ્લામાં ફડચામાં ગયેલ સેવા સહકારી મંડળીઓ**

૧૫૩૦૮**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓ ફડચામાં ગયેલી છે,

(૨) ફડચામાં જવાના કારણો શાં છે, અને

(૩) જવાબદારો સામે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) ૮ (આઠ)

(૨) ફડચામાં જવાના કારણો :

૧. મંડળી ઉદ્દેશ મુજબની કામગીરી ન કરતી હોવાથી

૨. બેંકની મુદત વીતી બાકી હોવા છતાં વસુલાત અંગે પગલાં લીધેલ નહીં હોવાથી.

૩. ઓડીટરના ઓડીટ અહેવાલમાં સુચવ્યા અનુસાર

(૩) સહકારી કાયદાની કલમ ૧૦૭ મુજબ.

**ઝાલોદ તાલુકાના લીલવા, મલવાસી રોડ બિસ્માર હોવા બાબત**

૧૬૫૮૬**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝાલોદ તાલુકાનો લીલવા, મલવાસી, પીપલેટ રોડ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છે એ હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ રોડનું ડામર કામ કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) ઝાલોદ તાલુકાનો લીલવા, મલવાસી રોડ (મુખ્ય જિલ્લા માર્ગ)ને સને ૨૦૦૭માં ડામરકામ કરવામાં આવેલ છે, જેની સપાટી સારી છે. જ્યારે મલવાસીથી પીપલેટ રોડ (ગ્રામ્ય માર્ગ) રસ્તો વાહન વ્યવહાર લાયક છે. જેને ટ્રાફીકના ભારણ તથા અગત્યતા અનુસાર ફરીથી ડામર કરવાનુ આયોજન વિચારવામાં આવશે.

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની જ્ગ્યા ભરવા મંજૂરી**

૧૫૩૦૫**શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં કેટલી માધ્યમિક શાળાઓ દ્વારા શિક્ષકો-કર્મચારીઓની જ્ગ્યા ભરવા માટે મંજૂરી માંગી છે,

(૨) તે અન્વયે કેટલી માધ્યમિક શાળાઓને મંજૂરી અપાઈ, અને

(૩) કેટલાને મંજૂરી નથી અપાઈ ?

**જવાબ**

(૧)

| જિલ્લો | શાળાઓની સંખ્યા | |
|---|---|---|
| | તા.૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | તા.૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ |
| નર્મદા | ૧૭ | ૧૬ |
| ભરૂચ | ૨૮ | ૩૦ |
| **કુલ.** | **૪૫** | **૪૬** |

(૨)

| જિલ્લો | શાળાઓની સંખ્યા | |
|---|---|---|
| | તા.૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | તા.૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ |
| નર્મદા | ૧૭ | ૧૦ |
| ભરૂચ | ૨૮ | ૧૯ |
| **કુલ.** | **૪૫** | **૨૯** |

(૩)

| જિલ્લો | શાળાઓની સંખ્યા | |
|---|---|---|
| | તા.૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | તા.૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ |
| નર્મદા | ૦૦ | ૦૬ |
| ભરૂચ | ૦૦ | ૧૧ |
| **કુલ.** | **૦૦** | **૧૭** |

**જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, કાલાવડ તાલુકામાં ખેતીની જમીનોને બિન ખેતીમાં ફેરવવા બાબત**

૧૬૫૮૧ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, કાલાવડ અને જામનગર તાલુકામાં સન ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૯માં કેટલી ખેતીની જમીનોને તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ઉદ્યોગ માટે બિન ખેતીમાં ફેરવવા માટેના હુકમો થયા છે, અને

**જવાબ**

(૧)

| તાલુકો | ૨૦૦૭ | ૨૦૦૮ | ૨૦૦૯ |
|---|---|---|---|
| ધ્રોલ | - | ૧૯૦૨૧ | ૧૫૭૧૧૧ |
| જોડીયા | ૭૦૨૧૪ | - | ૯૨૦૭ |
| કાલાવાડ | ૦૮૦૯૪ | - | - |
| જામનગર | ૬૦૧૦૩ | ૧૪૨૧૪૫ | ૧૧૮૮૬૩ |
| **કુલ.** | **૧૩૮૪૧૧** | **૧૬૧૧૬૬** | **૨૮૫૧૮૧** |

(૨) નિયત સમય મર્યાદામાં ઉદ્યોગ સ્થાયી ન શક્યા હોય તેવા ક્યા ક્યા ઉદ્યોગ સામે શરત ભંગના પગલાં લીધા છે ?

(૨) આ પ્રકારના શરતભંગના કિસ્સા બનવા પામેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદના જુના મકાનોની જંત્રીના ભાવ વધારાનાં કારણે બાકી પડતર દસ્તાવેજો**

૧૫૮૫૨**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ શહેરની પોળોમાં જુના મકાનોની ખરીદી થઈ હોય પરંતુ જંત્રીના ઉંચા દરના કારણે રકમ વધારાની ભરવાની બાકી હોય તેવા પાંચ કે તેથી વધુ વર્ષના કેટલા દસ્તાવેજો નિકાલ વગરના પડતર છે, અને

(૨) જુના અને જર્જરિત મકાનોની ખરીદી સમયે અગાઉના જંત્રીના દરને બદલે નવા દરો લાગુ પડાય છે તે દૂર કરવા સરકારે શો નિર્ણય કર્યો ?

**જવાબ**

(૧) ૧૮૧૮ દસ્તાવેજો.

(૨) હાલમાં અમલી જંત્રીની જોગવાઈ મુજબ જુના અને જર્જરીત મકાનોની ખરીદીમાં બાંધકામના વર્ષને ધ્યાને લઈ ૦ થી ૫ વર્ષ સુધી કોઈ ઘસારો મળવાપાત્ર નથી. ત્યારબાદ બાંધકામની કુલ કિંમત ઉપર પ્રતિ વર્ષ ૧% પ્રમાણે મહત્તમ ૫૦% સુધી ઘસારો આપવાની જોગવાઈ છે. જેથી જેમ મકાન જુનું તેમ ઘસારો વધુ બાદ મળે.

**કચ્છ જિલ્લામાં હક્ક પત્રકની બાકી નોંધ**

૧૫૯૩૧ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં હક્કપત્રકની બાકી નોંધો કેટલી છે,

(૨) બાકી નોંધો કેટલા સમયની છે, અને

(૩) આ નોંધોના નિકાલ કેટલા સમય સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૬૯૦૨.

(૨) ૩ માસ સુધીની ૬૬૨૫
૩ થી ૬ માસ સુધીની ૨૩૪
૬ થી ૧૨ માસ સુધીની ૩૮
૧ વર્ષ ઉપરની ૫

(૩) સત્વરે.

**જામનગર જિલ્લામાં તળાવો ઊંડાં કરવા બાબત**

૧૬૬૦૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલાં તળાવો છેલ્લા બે વર્ષમાં ઊંડાં કરવામાં આવેલ છે,

(૨) કેટલાં નવાં તળાવો બાંધવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત બન્ને કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ સુધી | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | જોડીયા | ૭ | ૧ | ૮ |
| ૨ | ધ્રોલ | ૮ | ૧ | ૯ |
| ૩ | કાલાવડ | ૧૫ | ૧ | ૧૬ |
| ૪ | જામનગર | ૯ | - | ૯ |
| ૫ | લાલપુર | ૨૩ | - | ૨૩ |
| ૬ | ખંભાળીયા | ૪૫ | - | ૪૫ |
| ૭ | ભાણવડ | ૩૬ | - | ૩૬ |
| ૮ | જામજોધપુર | ૧૩ | - | ૧૩ |
| ૯ | કલ્યાણપુર | ૫૪ | - | ૫૪ |
| ૧૦ | દ્વારકા | ૧૧ | - | ૧૧ |
| | કુલ. | ૨૨૧ | ૩ | ૨૨૪ |

(૨) નવાં તળાવો બનાવેલ નથી.

(૩) રૂ.૬૯૯.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**સુરત જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવાની અરજીઓ**

૧૬૫૮૭ **શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૮ અને ૨૦૦૯ની નવી જંત્રી જાહેર કર્યા પછી સુરત શહેર અને જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) ૭૬ સુરત શહેરમાં<br>૭૨ સુરત જિલ્લામાં<br>કુલ :- ૧૪૮ અરજીઓ આવી. |
| (૨) નવી જંત્રી જાહેર થયા પછી કેટલી રકમનાં પ્રીમીયમ ભરાયા છે ? | (૨) રૂા. ૫૫,૨૮,૮૫,૦૦૬/-<br>(પંચાવન ક્રોડ અઠાવીસ લાખ પંચ્યાસી હજાર છ પુરા.) |

**ઉમરપાડા તાલુકામાં ચોખવાડા, ખોટા રામપુરા તથા ચવડા ગામમાં સરકારી માધ્યમિક શાળાના મકાનોની મંજૂરી**

૧૫૬૮૦**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઉમરપાડા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચોખવાડા, ખોટા રામપુરા તથા ચવડા ગામમાં આવેલ સરકારી માધ્યમિક શાળાના નવા મકાનની મંજૂરી આપેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગો છો, અને<br>(૩) જો ના, તો કેટલા સમયમાં મંજૂરી આપી કામ કરવા માંગો છો ? | (૨) અને (૩) ચોખવાડા શાળા માટે ૨૦૧૦-૧૧ના બજેટમાં જોગવાઇ કરેલ છે તેથી મંજૂરી પછી તુરંત કામ શરૂ કરવામાં આવશે. અન્ય સ્થળોને હવે પછીના વર્ષોમાં બજેટમાં સમાવેશ કરવામાં આવશે. |

**ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ લીધેલ બાળકો**

૧૬૫૯૯ **ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાની પ્રાથમિક શાળાઓનાં બાળકોએ તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મધ્યાહન ભોજન લીધુ હોય તેવા બાળકોની સંખ્યા કેટલી, અને | (૧) સરેરાશ ૩૩૭૫૪ બાળકો. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો છે ? | (૨) રૂપિયા ૫૨,૨૦,૦૦૦/-નો ખર્ચ થયેલ છે. |

------------

**અમીરગઢ અને ખેડબ્રહ્મા ખાતે નવી કૃષિ પોલીટેકનીક સ્થાપવા માટે થયેલ ખર્ચ**

૧૬૫૬૭ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમીરગઢ અને ખેડબ્રહ્મા ખાતે નવી કૃષિ પોલીટેકનીક સ્થાપવામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ પોલીટેકનીક અમીરગઢ ખાતે કુલ રૂા. ૧૭૮.૬૪ લાખ અને ખેડબ્રહ્મા ખાતે રૂા. ૧૭૬.૮૧ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૨) આ બંને કૃષિ પોલીટેકનીકમાં જુદાજુદા અભ્યાસક્રમો માટે કુલ કેટલી સીટો મંજૂર કરવામાં આવી, અને | (૩) આ બંન્ને કૃષિ પોલીટેકનીકમાં જુદા જુદા અભ્યાસક્રમો માટે |

| | | | |
|---|---|---|---|
| ૧. | કૃષિ પોલીટેકનીક, અમીરગઢ | : | ૨૫ સીટ |
| ૨. | કૃષિ પોલીટેકનીક, ખેડબ્રહ્મા | : | ૨૫ સીટ |
| | કુલ : | : | **૫૦ સીટો** |

(૩) એમાં આદિજાતિના કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

(૩) આ અભ્યાસક્રમમાં આદિજાતિના નીચે મુજબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | કૃષિ પોલીટેકનીક, અમીરગઢ | : | ૫ (પાંચ) |
| ૨. | કૃષિ પોલીટેકનીક, ખેડબ્રહ્મા | : | ૫ (પાંચ) |
| | કુલ : | : | **૧૦ (દસ)** |

## સુરત અને તાપી જિલ્લામાં રસ્તાઓની વાઈડનીંગ કામગીરી

**૧૬૫૧૫ શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ):માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત/તાપી જિલ્લામાંથી પસાર થતો માંડવી-શેરૂલા રોડને વાઈડનીંગ કરવા માટેની પ્રજાની ખૂબ લાંબા સમયની માગણી છે, તે હકીક્ત સાચી છે,

(૨) આ બાબતે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) ક્યાં સુધીમાં આ રોડનું વાઈડનીંગ કામ પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વાઇડનીંગ માટે માંગણી આવેલ છે.

(૨) અને (૩) ટ્રાફિક્નું ભારણ જોતાં હાલ આયોજન નથી.

## બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને ડીસા તાલુકાનાં ગામોમાં આંગણવાડીના મકાનો

**૧૫૩૭૬ શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાનાં કાંકરેજ અને ડીસા તાલુકાના કેટલા ગામોમાં આંગણવાડીના મકાનો છે, કેટલા ભાડાનાં મકાનો છે,

(૨) છેલ્લા બે વર્ષમાં કેટલા આંગણવાડીનાં મકાનો બનાવવામાં આવ્યા અને કમ્પાઉન્ડવોલ સહિતની સુવિધા આપવામાં આવી,

(૩) વર્ષ ૨૦૧૦-૧૧માં કેટલી આંગણવાડીઓનાં મકાનો અને કમ્પાઉન્ડવોલ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૪) બાકી રહેતી આંગણવાડીઓનાં મકાનો ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) કાંકરેજ અને ડીસા તાલુકામાં
યોજનાના કૂલ મકાનો -૪૬૭
ભાડાના કૂલ મકાનો - ૧૩૦

| ક્રમ | તાલુકો | યોજનાના મકાનો | ભાડાના મકાનો |
|---|---|---|---|
| ૧ | કાંકરેજ | ૧૭૯ | ૪૩ |
| ૨ | ડીસા | ૨૮૮ | ૮૭ |
| | **કુલ :** | **૪૬૭** | **૧૩૦** |

(૨) છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ આંગણવાડીના મકાનો અને કમ્પાઉન્ડવોલની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મકાનો બનાવવામાં આવ્યા | કમ્પાઉન્ડવોલ સહિતની સુવિધાઓ આપી |
|---|---|---|
| કાંકરેજ | ૭ | ૬ |
| ડીસા | ૩૭ | ૦ |

(૩) ૨૦૧૦-૧૧માં નીચે પ્રમાણે આંગણવાડીના મકાનો બનાવવાનું આયોજન થયેલ છે.

| તાલુકાનું નામ | મકાનોના આયોજનની સંખ્યા | કમ્પાઉન્ડવોલના આયોજનની સંખ્યા |
|---|---|---|
| કાંકરેજ | ૯ | ૦ |
| ડીસા | ૫૬ | ૦ |

(૪) બાકીના મકાનોનું બાંધકામ આગામી વર્ષોમાં તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે.

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પરધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

## ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના થવા ગામે પી.ટી.સી. કોલેજમાં ઈલેકિટ્રક શોર્ટ સર્કિટના કારણે વિદ્યાર્થીનીઓ દાઝી જવા અંગે

**શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે :-

"તાજેતરમાં ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના થવા ગામે પી.ટી.સી. કોલેજમાં ઈલેકટ્રિક શોર્ટ સર્કિટના કારણે અંદાજે ત્રેવીસ જેટલી વિદ્યાર્થીનીઓ દાઝી ગયેલ છે. દાઝી ગયેલ આ યુવતીઓને દવાખાને સારવાર માટે દાખલ કરેલ છે. કોલેજના નબળા વાયરીંગના કારણે આ ઘટના બની છે અને તે પણ પરીક્ષાની પૂર્વ તૈયારી ચાલી રહી હતી તેવા સમયે ઘટના બનેલ છે, જેમાં દાઝી ગયેલ વિદ્યાર્થીનીઓ પરીક્ષામાં ભાગ લઈ શકશે કે કેમ તેવી ગંભીર બાબત ઉભી થઈ છે ત્યારે વિદ્યાર્થીનીઓ અને વાલીઓમાં વ્યાપેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, ભરૂચના તપાસ અહેવાલ મુજબ નવસર્જન પી.ટી.સી. કોલેજ થવામાં તા.૨૧-૩-૨૦૧૦ના રવિવારે ૧૧-૨૫ કલાકે પ્રાર્થના ખંડમાં પી.ટી.સી. ની વિદ્યાર્થીનીઓ પરીક્ષાના પ્રશ્નપત્રો લખવાના મહાવરા માટે પરીક્ષા આપી રહી હતી ત્યારે ૧૧-૨૫ કલાકે પ્રાર્થના ખંડના છેલ્લે ખુણાના પંખામાં શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ લાગી હતી અને પંખાની સાથે આખા ખંડમાં કાગળના તોરણો હોવાથી આગ પ્રસરી ગઈ હતી. જે છોકીરઓ પાછળ બેઠી હતી તેમણે બુમો પાડતાં આખા વર્ગખંડની છોકરીઓ બહાર નીકળવાનો પ્રયત્ન કરતી હતી તેમાં જે છોકરીઓ જલ્દી બહાર નીકળી ન શકી તેમના પર સળગતા તોરણો પડવાથી દાઝી ગઈ હતી. આ ઘટના દરમ્યાન ૨૫ છોકરીઓ ઈજા પામેલ હતી જે પૈકીની ૧૩ છોકરીઓને નેત્રંગ ખાતે સારવાર આપી રજા આપેલ. જ્યારે ૧૨ છોકરીઓને વિશેષ સારવાર અર્થે સાર્વજનિક હોસ્પિટલ, અંકલેશ્વર ખાતે લઈ જવામાં આવેલ.

આ ઘટના આકસ્મિક રીતે બનતાં સંસ્થામાં ઉપસ્થિત અધ્યાપકો અને ગૃહપતિ દ્વારા ફાયર સેફટીના સાધનો દ્વારા આગ ઓલવવા માટેનો પ્રયત્ન કર્યો હતો અને દાઝી ગયેલ વિદ્યાર્થીનીઓને સારવાર માટે દવાખાને લઈ જવાની કામગીરી હાથ ધરેલ હતી. વિદ્યાર્થીનીઓને ઝડપથી પ્રાર્થના ખંડમાંથી બહાર કાઢવા માટે અધ્યાપકો અને તાલીમાર્થી ભાઈઓ મદદરૂપ બન્યા હતા.

સરકારે લીધેલ પગલાં:-

(૧) વન, પર્યાવરણ અને આદિજાતિ વિકાસના માનનીગ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, માનનીય સંસદીય સચિવશ્રી હર્ષદભાઈ વસાવા અને માનનીય ધારાસભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલ દ્વારા ઘટના બન્યાના તે જ દિવસે તારીખ ૨૧-૩-૨૦૧૦ના રોજ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓની મુલાકાત લઈ તેમની ખબર અંતર પુછી તબીબી સારવારનો યોગ્ય પ્રબંધ કરેલ હતો. ભરૂચ જિલ્લા કલેકટરશ્રી, રૂપવંતસિંઘ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. રાજેન્દરકુમાર અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી રાઘવેન્દ્ર વત્સ, એ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓની મુલાકાત લઈ તેમની ખબર અંતર પૂછી હતી. ઉપરાંત ઘટના સ્થળે મુલાકાત લઈ ઘટના સ્થળનું પરીક્ષણ કરેલ છે. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, ભરૂચે તારીખ ૨૧-૩-૨૦૧૦ના રોજ સાર્વજનિક હોસ્પિટલ, અંકલેશ્વરની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓની ખબર અંતર પૂછી હોસ્પિટલમાં ચાલી રહેલ પ્રાથમિક સારવાર સારી રીતે મળે તે માટેના પ્રયત્નો હાથ ધર્યા હતા.

(૨) તા.૨૨-૩-૧૦ના રોજ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીએ સંસ્થાની સ્થળ મુલાકાત લીધી હતી અને બનેલ ઘ ટના અંગે પ્રાથમિક તપાસ કરી તપાસ અહેવાલ રજૂ કરેલ છે. આ તપાસ અહેવાલના આધારે સંસ્થાએ દાખવેલી બેદરકારી બાબતે જરૂરી નોટિસ આપી ખુલાસો મેળવી તેઓ સામે માન્યતા રદ કરવા સુધીના પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) પી.ટી.સી.ની પરીક્ષાએ તા.૨૬-૪-૧૦થી શરૂ થનાર છે. પરીક્ષા આડે હજુ એક માસનો સમય છે. અંકલેશ્વર સાર્વજનિક હોસ્પિટલના રિપોર્ટ અનુસાર વિદ્યાર્થીનીઓની દાઝ્યાની ટકાવારી ૨ ટકાથી ૨૦ ટકા સુધીની છે. વિદ્યાર્થીનીઓના દાઝવાનું પ્રમાણ પ્રમાણમાં ઓછું છે. ડોકટરના જણાવ્યા મુજબ ૪ થી ૭ દિવસમાં ઈજાગ્રસ્તોને સંપૂર્ણ આરામ થઈ જશે. જેથી વિદ્યાર્થીનીઓને પરીક્ષા આપવામાં કોઈ અડચણ ઉભી થાય તેવી પરિસ્થિતિ જણાતી નથી. આમ છતાં જો કોઈ વિદ્યાર્થીની પરીક્ષા ન આપે તેવી પરિસ્થિતિ સર્જાશે તો તેવી વિદ્યાર્થીનીઓ માટે રાજય સરકાર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરશે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ જે શોર્ટસર્કિટ થયેલ છે એ રૂમમાં લોખંડના તારથી તોરણો બાંધેલા હતા એના કારણે આ ગંભીર અકસ્માત થયેલ છે અને આખા રૂમમાં વાયરીંગથી આગ લાગી છે, આ જે વિદ્યાર્થીનીઓ દાઝી ગયેલ છે એ લોકોને એમની પરીક્ષા આપવા માટેની જે મુશ્કેલી ઉભી થઈ છે અને એ લોકો હજી પણ સારવાર હેઠળ છે સરકાર એમને પરીક્ષામાંથી

કોઈ મુકિત આપવા માગે છે કે કેમ? બીજું, સરકારે કહ્યું છે કે, સંસ્થાને નોટિસ આપીને ખુલાસો મેળવીને એની સામે સરકાર કાર્યવાહી કરવા માગે છે તો આ નોટિસ કેટલા સમયમાં આપી અને કયારે એનો ખુલાસો સરકાર માગવા માગે છે?

**શ્રી રમણલાલ વોરા** :આ શાળામાં પ્રાર્થના હોલમાં પરીક્ષાની તૈયારીના ભાગ સ્વરૂપે વિદ્યાર્થીનીઓને બેસાડવામાં આવેલી હતી એમાં શોર્ટ સર્કિટના કારણે એમણે કહ્યું એ પ્રમાણે બાર દીકરીઓ દવાખાનામાં હતી એમાંથી ગઈકાલે એક દીકરીને રજા આપી છે અને ડોકટરના અભિપ્રાય પ્રમાણે સાત દિવસમાં આ બધી દીકરીઓ સાજી ગઈ જશે. હજી એમની પરીક્ષાઓ ૨૪મી એપ્રિલથી શરૂ થવાની છે એટલે આ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવામાં કોઈ તકલીફ પડવાની નથી અને છતાં પણ જો કોઈ તકલીફ ઉભી થશે તો રાજય સરકાર હકારાત્મક દિશામાં ચોકકસ જરૂરથી વિચારશે જે ઘટના બની છે એ ઘટના થવાના કારણો અને ફરીથી આવી ઘ ટના ન બને એ રાજય સરકારે એના માટેની વ્યવસ્થા કરવી પડે અને એના ભાગ સ્વરૂપે રાજય સરકારે સંચાલકોને નોટિસ આપી છે, એની યોગ્ય વ્યવસ્થા માટેની નોટિસ આપી છે આ એમની સામે લીધેલા પગલાં છે એ પગલાં એન.સી.ટી. ભોપાલ એટલે કે કેન્દ્ર સરકારમાં મોકલવાનું રાજય સરકાર ભલામણ કરશે એની માન્યતા ચાલુ રાખવી કે રદ કરવી એ એન.સી.ટી. ભોપાલે નક્કી કરવાનું છે.

**શ્રી ઈકબાલ પટેલ** : આ ગંભીર ઘટના જે છે એ ઘટનામાં મહત્વની વાત એ છે કે જે શાળાની પ્રિમાઈસીસમાં વિદ્યાર્થીનીઓ માટે વ્યવસ્થા ગોઠવવામાં આવે છે એ વ્યવસ્થામાં જ્યારે શાળા શરૂ થાય ત્યારે ઈજનેરોના પ્રમાણપત્રો મેળવવામાં આવે છે, ઈલેકટ્રીકના પ્રમાણપત્રો મેળવવામાં આવે છે. આવી શાળાઓને નિયમ બહાર જે શાળાના મકાનોની ચકાસણી સિવાય જે કાર્યવાહી કરવામાં આવે છે તેના કારણે બનતી આવી ઘ ટનાઓ નિવારવા માટે નવેસરથી કોઈ વ્યવસ્થા આ અંગેની શિક્ષણ વિભાગ માર્ગ અને મકાન વિભાગ સાથે મળીને કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શાળાને મંજૂરી આપતા તમામ ચકાસણી એન.સી.ટી. ભોપાલની ટીમ કરે છે. કેન્દ્ર સરકાર કરે છે. મંજૂરી પણ કેન્દ્ર સરકાર આપે છે. એટલે આ પ્રક્રિયામાં તો રાજય સરકારે તો તેની કવોલીટી માન્યતા આપ્યા પછી આવી કોઈ ઘટના બને તો એ ઘટના ના બને અને બને તો તેની સામે કાર્યવાહી કરવા માટેની ભલામણ કરશે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ શૈક્ષણિક સંકુલમાં કયા કયા અભ્યાસક્રમની મંજૂરી આપવામાં આવી ? અને તેની પૂરતી વ્યવસ્થા છે કે કેમ ? બીજું માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૧-૩-૨૦૧૦ના રોજ પી.ટી.સી.કોલેજમાં ઇલેક્ટ્રિક શોર્ટ સર્કિટથી ૨૩ જેટલી વિદ્યાર્થીનીઓ દાઝી ગયેલ છે. તેની જાણ અગાઉના દિવસે વિદ્યાર્થીનીઓએ શિક્ષકોને જાણ કરી હતી પણ તેની બેદરકારી દાખવી અને તે રીપેરીંગ કરવામાં ના આવ્યું તો જવાબદાર સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માગો છો કે કેમ ? અને તેનું બાંધકામ છે તે બાંધકામ એટલું બધું ખરાબ છે કે જે કલેકટરશ્રી અને જે કંઈ જવાબદાર અધિકારીઓ ત્યાં તેના માટે ગયા હતા તે લોકોએ પણ કહ્યું હતું કે આની મંજૂરી કેવી રીતે આપી ? અગાઉ પણ આવા અનેક બનાવો બન્યાં છે. તા.૨૪-૬-૨૦૦૦ના રોજ પણ સાપ કરડવાથી એક વિદ્યાર્થીનીનું મોત થયેલ હતું. બીજું માનનીય અધ્યક્ષશ્રી, કે તા.૧૩-૧-૨૦૧૦

**અધ્યક્ષશ્રી** : માનનીય કિરણભાઈ, આ પ્રશ્ન છે તે તાકીદનો છે..

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સંકુલની જ વાત કરું છું કોઈ બહારની વાત કરતો નથી. ખાલી તારીખ જ કહેવા માંગુ છું. બીજું કંઈ નથી કહેતો. તા.૧૩-૧-૨૦૧૦ના રોજ ઝાડ પર ચડવાથી એક વિદ્યાર્થીનીનું મોત થયું. બીજું તારીખ: ૧૩-૧-૨૦૧૦ના રોજ એક સુસાઈટ કરવાથી એક મોત થયું.

**અધ્યક્ષશ્રી** : આ એકસીડન્ટનો પ્રશ્ન છે. તે અંગેનો જે પ્રશ્ન હોય તે પૂછો.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકુલની અંદર વારંવાર આવી ઘટનાઓ બને છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માંગુ છું કે આવી બેદરકારી આવા સંચાલકો દાખવે છે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગો છો કે કેમ ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર કડકમાં કડક કાર્યવાહી કરવા માગે છે. મેં કહ્યું તે પ્રમાણે તેની માન્યતા રદ થાય ત્યાં સુધીનું મેં મારા લેખિત નિવેદનમાં કહ્યું છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, તેના માટેની પૂરતી ચકાસણી થશે, પૂરતી ચકાસણી કરી પછી લાગશે તો એ સંસ્થાની માન્યતા રદ કરવા માટે રાજય સરકાર પ્રયાસો કરશે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કમનસીબ ઘટનામાં ૨૩ જેટલી વિદ્યાર્થીનીઓ દાઝી છે અને હાલ આજના દિવસે ૧૧ જેટલી વિદ્યાર્થીનીઓ હોસ્પિટલમાં છે. માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ મંગુભાઈ પટેલ અને હું જાતે તે દિવસે ઘટના બની ત્યારે જાતે હોસ્પિટલમાં જઈને તેમની પૂછપરછ કરી હતી. આ માત્ર એક એકસીડન્ટ છે. મારે માનનીય મત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ શાળામાં માત્ર બે જ fire extinguisher હતા તો આવી ઘટના ફરીથી કોઈ પણ સ્કૂલમાં બને નહીં તો આવા extinguisher સરકાર

એક કાળજી લઈને વધારવા માગે છે કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે, દરેક વિદ્યાર્થીનીઓને યોગ્ય સારવાર મળી રહે ત્યાં સુધી પૂરેપૂરી તે હોસ્પિટલાઈઝ રહે અને પૂરેપૂરી સારવાર મળે તેવા પગલાં લેવા માગે છે કે કેમ ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પ્રમાણે દરેક શૈક્ષણિક સંકુલે fire safety ના સાધનો વસાવવાના હોતા હોય છે અને તેનો ઉપયોગ પણ કરવાનો હોતો હોય છે. એ પ્રમાણે તેમણે સાધનો વસાવ્યા છે તેનો ઉપયોગ પણ કર્યો છે. જે દીકરીઓ અત્યારે હોસ્પિટલમાં છે તેની સારવાર ચાલુ છે અને જ્યાં સુધી તે સાજી ના થાય ત્યાં સુધી તેની પૂરતી કાળજી લેવામાં આવશે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ બનાવમાં ભોપાલે મંજૂરી આપી એન.સી.પી.એ અને તેના કારણે આ મંજૂરીમાં રાજય સરકાર વચ્ચે આવતી નથી તેમ કહ્યું. મારે એટલું જ જાણવું છે કે આવી મંજૂરીઓમાં રાજય સરકારની એન.ઓ.સી. માટેની જોગવાઈ છે કે કેમ ? અને એન.ઓ.સી. આ કિસ્સામાં આપતી વખતે રાજય સરકારે આ બિલ્ડીંગની અને સગવડોની ચકાસણી કરી છે કે કેમ? કે કોઈ રાજકીય દબાણ હેઠળ નિર્ણય લીધો છે ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની અપેક્ષા હતી કે એન.ઓ.સી. માટે રાજય સરકારને પૂછવામાં આવે. કમનસીબીની બાબત એ છે કે, રાજય સરકારને નહીં પૂછતાં સીધે સીધી મંજૂરી આપવામાં આવે છે જેના કારણે રાજય સરકારનો કોઈ રોલ રહેતો નથી. માત્ર એન.સી.ટી. ભોપાલનો આમાં રોલ રહેલો છે, પરંતુ મેં કહ્યું તેમ એક શૈક્ષણિક સંકુલ જે આપણે ત્યાં શરૂ થયું છે ત્યારે એની પૂરતી કાળજી લેવાની, એની દેખભાળ લેવાની, આપણા વિદ્યાર્થીઓની ચિંતા કરવાની એ રાજય સરકાર હસ્તકનું છે. અને એટલા માટે જવાબદારીપૂર્વક આ કાર્યવાહી કરી રહ્યા છીએ.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોત્તરીમાં વિરોધ પક્ષના નેતાશ્રીના બંગલાના ખર્ચ માટે પૂછાયેલ પ્રશ્નો અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૪ પ્રશ્નો છે, જે પ્રશ્નોત્તરીમાં છે, એના સંદર્ભમાં મારો મુદ્દો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા નિવાસ સ્થાને મારી વ્યકિતગત જરૂરિયાતો હોય તો તે મેં ૫દરના ખર્ચે વસાવી છે, ચાહે ડીસ્ક એન્ટીના હોય કે ફર્નિચર હોય. માનનીય બાંધકામ મંત્રીશ્રીએ ખૂબ ઉદારતા બતાવીને કામકાજ સલાહકાર સમિતિમાં મળ્યા ત્યારે કહ્યું હતું કે તમારે કંઈ વિશેષ સુવિધા કરવાની હોય તો મને કહી આપજો. મેં એક પણ પૈસાની વધારાની સુવિધા માગી નથી. આ વિધાનસભા ગૃહમાં માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, રાજયપાલશ્રી અને વિરોધ પક્ષના નેતાશ્રીને લગતા પ્રશ્નો આજ સુધી આવ્યા નથી. આ પહેલી વખત પ્રશ્ન દાખલ થયો છે. ત્યારે મારો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો છે. મારા બંગલામાં બે વર્ષમાં ૭૭૦૦૦ રૂપિયાનું રીપેરીંગ થયું. મેં એક પણ વસ્તુ કે એક પણ માનનીય બાંધકામ મંત્રીશ્રીએ ઔચિત્ય બતાવ્યા પછી, ઉદારતા બતાવ્યા પછી પણ એમને એક પત્ર લખીને માગણી કરી નથી. ત્યારે જો આ જ પ્રથા ચાલુ કરવાની હશે તો આપના બંગલાનું, રાજયપાલશ્રીના બંગલાનું, ઉપાધ્યક્ષશ્રીની જગ્યા ભરાય તો એ, એ પણ પ્રશ્નોત્તરીમાં લાવવાનું હોય, મને વાંધો નથી. પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૧, ૧૨૮, ૧૩૭ અને ૧૪૩. માનનીય મુખ્યમંત્રીશ્રીના બંગલાની મરામતનું ખર્ચ કેટલું, એ પૂછી શકાતું હોય છે. માનનીય મંત્રીમંડળના સભ્યોના પૂછાતું હોય છે. આપના બંગલાનું, મારા બંગલાનું પણ પૂછવું હોય તો મને વાંધો નથી. એક પ્રથા શરૂ કરી દઈએ આપણે અને પૂછીએ. અને મેં તો કહ્યું તેમ હું પ્રજાની તિજોરીના પૈસામાં કયારેય ઈકોનોમી કલાસ સિવાય મેં મુસાફરી કરી નથી. એક પણ વખત, એક પણ રૂપિયાની વધારાની સુવિધા ઉભી કરવાની વાત કરી નથી. અને એટલા સંજોગોમાં હું આ પૂછવા માગું છું. જો બંગલાઓ, આપના સહિત આપ મંજૂર કરવાના હો, મને વાંધો નથી. આજ સુધી ભૂતકાળમાં નહીં આવેલી બાબત પહેલી વખત ઉભી થઈ છે. આ પ્રથા આપણે ચાલુ રાખવાની હોય, આપ અધ્યક્ષશ્રી છો. આપનો આદેશ સર આંખો પર છે. એકે એક વસ્તુ, પ્રજાના પૈસાનું ઓડિટ થાય એમાં મને સહેજ પણ વાંધો નથી. આર.ટી.આઈ.માં પણ આપની કચેરીથી માંડીને બધી જ કચેરીઓ ખુલ્લી મૂકાય, એમાં પણ મને વાંધો નથી. આ સંદર્ભમાં પણ મને કોઈ વાંધો નથી.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો એટલામાં મારે ખાલી એટલી સ્પષ્ટતા કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓ પ્રશ્ન પૂછે, પછી પ્રશ્નની મંજૂરીમાં મંત્રીશ્રીનો કે કોઈનો કોઈ રોલ હોતો નથી. પ્રશ્નની મંજૂરીનું કામ સચિવાલય, વિધાનસભા સચિવાલય કરતું હોય છે. હું એમની લાગણી સાથે સંમત છું. કોઈક રીતે આ વાત જો કયાંક નજર બહાર છટકી ગઈ હોય અને પ્રશ્નની મંજૂરી અપાઈ હોય તો મંત્રીશ્રી પાસે એનો જવાબ આપ્યા સિવાય બીજી કોઈ છૂટકો રહેતો નથી. અને મારી શકિતસિંહજીને એટલી વિનંતી છે કે આની પાછળ કોઈ ખરાબ આશય કે એવું કશું છે નહીં શકિતસિંહજી. આપ (અંતરાય) નહીં, માનનીય

અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય (સતત અંતરાય) ના, ના. એવું કોઈએ કહ્યું યે નથી કે આપે વિનંતી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) (સતત અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : (અંતરાય) મેં એમનો આભાર માન્યો હતો. એક કાગળ આજ સુધી લખ્યો નથી કે મને એક રૂપિયાની વધારે સુવિધા જોઈએ છે...

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઈએ એવું કહ્યું પણ નથી, કે એમણે વધારે ખર્ચ કર્યો છે. ખર્ચની એમાઉન્ટ પણ એવી નથી કે જેનાથી એવું પ્રતિપાદિત થાય કે વધારે છે. પરંતુ આ પ્રશ્ન, ઘણા પ્રશ્નો નિયમ (અંતરાય) માનનીય વિપક્ષના નેતા, મારી વાત તો પતવા દો. માનનીય અધ્યક્ષશ્રી, ઘણા પ્રશ્નો નિયમોની પરીઘની બહાર કદાચ કોઈક જગ્યાએ મંજૂર થઈ ગયા હોય તો એનો જવાબ આપ્યા વગર છૂટકો રહેતો નથી. હું બીજા પણ ઉદાહરણ આપવા માગું છું. મુખ્યમંત્રી રાહત ફંડ કે કન્યા કેળવણી નિધિ, એ ટ્રસ્ટ છે, એના પણ પ્રશ્નો પૂછયા અને એના પણ જવાબો ચર્ચાઈ ગયા છે. અમે પણ આ મુદ્દો પછી વિધાનસભા સચિવાલય જોડે ઉઠાવ્યો છે. પત્ર લખીને ઉઠાવ્યો છે, કે ભઈ, પ્રશ્નો જે છે, ચર્ચામાં આવતા નથી હોતા. પણ એક વાર..(અંતરાય) એવું નથી. એક વાર જો મંજૂરી અપાઈ ગઈ હોય તો મંત્રીશ્રી જોડે એનો જવાબ આપ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. એટલે આ મુદ્દાને હું માનું છું કે ઈસ્યુ ના બનાવવો જોઈએ. આમાં કોઈ રૂલિંગની જરૂર નથી. કેવળ વધારે ધ્યાન રાખવાની જરૂર છે. બીજુ કંઈ કરવાની જરૂર નથી. આવા પ્રશ્નો ટ્રસ્ટ માટે પૂછાયા એના પણ જવાબ ટ્રેઝરી બેન્ચે, મંત્રીશ્રીઓએ આપ્યા છે. અન પછી આપશ્રીનું ધ્યાન દોરે છે કે આ રીતે પ્રશ્ન ના આવી શકે. તો નિગમોના પ્રશ્ન પણ નિયમોમાં આવતા નથી છતાં પૂછાઈ ગયા છે, પરંતુ એ ધ્યાન રાખવાનો મુદ્દો છે. એમાં આ કોઈ ખરાબ આશયની ઘટના નથી. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે એક અગત્યનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે ત્યારે મારે પણ કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીથી માંડીને માનનીય મંત્રીમંડળના તમામ સભ્યોશ્રીઓએ તમના બંગલામાં કેટલો ખર્ચ કર્યો, તેમણે કેટકેટલો પ્રવાસ કર્યો અને એની પાછળ કેટલો ખર્ચ કર્યો, તેમનાં ભથ્થાંનો કેટલો ખર્ચ થયો, તેમણે જે મોબાઈલ ફોન વાપર્યા એનો કેટલો ખર્ચ થયો, આવા તમામ પ્રશ્નો માનનીય સભ્યશ્રીઓ પૂછે છે અને સરકારશ્રી તરફથી એનો જવાબ પણ આપવામાં આવે છે. મારું એવું માનવું છે કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પણ કેબિનેટ કક્ષાના મંત્રીશ્રીનો દરજ્જો ધરાવે છે અને એ પણ મંત્રીમંડળના સભ્યોને મળતી તમામ સગવડો માનનીય મંત્રીશ્રીઓની સમકક્ષ ગાર્ડ અને સિકયુરિટી સહિત તમામ ભથ્થાંઓ સહિત જે મંત્રીશ્રીઓને મળવાપાત્ર છે એ તમામ સવલતો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને કેબિનેટ મંત્રીશ્રીના દરજ્જા તરીકે મળે છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આપશ્રીના એટલે કે માનનીય અધ્યક્ષશ્રીના હોદ્દાને અને માનનીયશ્રી ગવર્નર સાહેબના હોદ્દાને કે જે બંધારણીય હોદ્દાઓ છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના હોદ્દાને આપના બન્નેના હોદ્દા સાથે જોડી શકાય કે કેમ એ પણ એક વિચારવાનો મુદ્દો છે. એ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ છે. આપ આ ગૃહના માનનીય અધ્યક્ષશ્રી છો, માનનીય રાજયપાલશ્રીની નિમણૂક એ રાષ્ટ્રપતિ કરે છે અને એ બન્ને બંધારણીય હોદ્દાઓ છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ એક સભ્ય, વિરોધપક્ષના નેતા, મંત્રીમંડળને મળતી તમામ સવલતો અને એના હક્કો, આવક અને ભથ્થાંઓ વગેરેનો લાભ મેળવે છે ત્યારે હું બે બાબત કહેવા માગું છું કે એક તો તેમને બાકાત રાખવા માટે તેમણે આડાશ કરી કે પછી તો કોઈ આપશ્રીના બંગલાનું પણ પૂછશે, કોઈ માનનીય ગવર્નરશ્રીના ખર્ચનું પણ પૂછશે એમ કહીને તેમણે આ પ્રશ્ન ના પૂછી શકાય એ પ્રકારનો પ્રયાસ કર્યો છે એ આપના હોદ્દા અને માનનીય ગવર્નરશ્રીના હોદ્દા બે અલગ છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એ કેબિનેટ સમકક્ષનો દરજ્જો ધરાવે છે અને કેબિનેટ મંત્રીશ્રીને મળતી તમામ સવલતો ભોગવે છે, ભથ્થાંઓ મેળવે છે અને સવલતો ભોગવે છે. તો આ બાબતે સ્પષ્ટતા થવી જરૂરી છે.એટલે હું અંગત રીતે માનું છું કે તેમનો માગેલ ખર્ચ પણ અને તેમણે તો સામેથી કહ્યું છે કે મારો પ્રશ્ન પૂછાય તો વાંધો નથી અને મારે છૂપાવવાનો કોઈ અર્થ પણ નથી. તો એમણે એટલે કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કેટલો ગાડીનો પ્રવાસ કર્યો, કેટલો ખર્ચ થયો અને કેટલાં ભથ્થાં મેળવ્યાં એ જાણવાનો માનનીય સભ્યશ્રીઓનો અધિકાર છે અને આવા પ્રશ્નો મારી સમજ પ્રમાણે દાખલ થવા જ જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈએ મુદ્દો ઉઠાવ્યો, પરંતુ અમારા નેતાશ્રીની તૈયારી છે કે સામેથી એમણે પોતાની પાછળ જ ખર્ચ થયો છે એ આપવાની તૈયારી છે, પરંતુ ત્યાં વિધાનસભા કાર્યાલય મારફત જે ખર્ચ થાય છે તે, માનનીય સ્પીકરશ્રીના કાર્યાલયમાં જે ખર્ચ થાય છે તે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીની કચેરીનો ખર્ચ છે તે એ મતપાત્ર ખર્ચ નથી અને એટલા માટે આપણે આ જે પ્રશ્નોત્તરી છે એના કાર્યક્ષેત્રમાંથી એ બહાર રાખીએ છીએ. માનનીય મંત્રીશ્રી અમીતભાઈ શાહે બીજી એક વાત કરી કે આ પ્રશ્ન દાખલ થઈ ગયો એ પછી જવાબ આપવો જોઈએ. એ એમની વાત સાચી છે કે પ્રશ્ન દાખલ થઈ ગયો. તો માનનીય શકિતસિંહજીનો પ્રશ્ન દાખલ થઈ ગયો એટલે જવાબ આપ્યો. તો મારો આ જ પ્રકારનો પ્રશ્ન હતો કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કેટલી હવાઈ મુસાફરી કરી ? તો એ પ્રશ્નના જવાબમાં મને એમ કહેવામાં આવ્યું કે આ સરકારની પ્રાથમિક રીતે જવાબદારી નથી એટલે અમે પ્રશ્નનો જવાબ નહીં આપીએ

અને એટલે આ પ્રકારના સરકારશ્રીના મંત્રીશ્રીના આવા અનેક પ્રશ્નો જે વાજબી હોય એ નકાર્યા છે અને કાઢી નંખાયા છે. જયારે અત્યારસુધીની પ્રથામાં એક પણ વખત માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના ખર્ચની બાબત આ પહેલી વખત જ આ વિધાનસભાના ઈતિહાસમાં પહેલી વખત જ આવે છે. ત્યારે માનનીય મંત્રીશ્રીએ જો ખરેખર આ બાબતે તપાસ કરી હોત, અધિકારીઓએ તપાસ કરી હોત તો સ્વાભાવિક રીતે આ પ્રશ્ન દાખલ થયો ન હોત, પણ દાખલ થયો છે, એ હકીકત છે. અને શકિતસિંહભાઈએ બહુ સાચી વાત કરી કે જો આ પ્રથા શરૂ કરવી હોય તો વિધાનસભાના કાર્યાલયની અંદર અહીંયા સ્પીકરશ્રી, ડેપ્યુટી સ્પીકરશ્રી અને લીડર ઓફ ઓપોઝીશન આ ત્રણ જે વ્યકિતઓ છે એ ત્રણે ત્રણના પ્રશ્નો પૂછવાના હોય તો અમારા પક્ષે કંઈ ન કરવું એવું નથી, પણ અત્યાર સુધીના ઈતિહાસમાં કયારેય થયું નથી એ આ પહેલી વખત થયું છે અને એ દુ:ખદ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈએ વાત કરી ત્યારે હું કહીશ કે પાર્લામેન્ટમાં પણ વિરોધપક્ષના નેતાને બાકાત રાખવામાં આવે છે મત પાત્ર નથી. અને એમ છતાં હું તો કહું છું કે ગુજરાત વિધાનસભા નવી પરંપરા પાડે અને વિરોધપક્ષના નેતાની એકે એક વસ્તુ મત પાત્ર ન હોય તો પણ ઓડિટ થાય એની મારી તૈયારી છે મારા મધરનું લાખો રૂપિયાનું મેડિકલ બિલ વિરોધપક્ષનો નેતા થયા પછી સાલ હોસ્પિટલમાં દાખલ થયા, હું એન્ટાઈટલ હોવા છતાંય. એક રૂપિયો મેં લીધો નથી. કોઈ પણ મેડિકલ બિલનો, મારા બ્રધરનું કાર્ડીયાક ઓપરેશન કરાવ્યું સ્ટેઈન મુકાવ્યા એક પણ રૂપિયાનું મેડિકલ બિલ મેં લીધું નથી આ બન્ને મારા આશ્રિત હોવા છતાં અને એક પણ રૂપિયો પ્રજાનો કયારેય હું આ રીતે લેવા માગતો નથી. આપ જોઈ લેજો મંત્રી મંડળના સભ્યોના કેટલા મેડિકલ બિલ હોય છે. પણ હું તેમાં ઉતરવા માગતો નથી. હું કહું છું કે આ ખર્ચ ને મત પાત્ર બનાવવો હોય તો જરૂર બનાવો, હું પહેલો માણસ હોઈશ કે એને આવકારીશ, બંગલાનો ખર્ચ મતપાત્ર હોય તો પણ, માનનીય અધ્યક્ષશ્રીનો બંગલાનો ખર્ચ પણ મત પાત્ર છે, મારા બંગલાનો મત પાત્ર છે એમ છતાં મત પાત્ર હોવા છતાં આ બન્ને બંગલાઓના પ્રશ્નો નથી આવતા, આજે જે આવ્યું છે એમાં મારા બંગલામાં આ કરો એવી એક પણ રૂપિયાની મારી માગણી નથી. મારી જરૂરિયાત મારા પૈસે જ હું કરું છું. પ્રજાના પૈસે નથી કરતો, ઈકોનોમીક કલાસ સિવાય કયારેય મુસાફરી નથી કરી.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન ખૂબ જ અભ્યાસ માગી લે છે. સૌથી પહેલા અભ્યાસનો પ્રશ્ન એ છે કે જે ખર્ચ થયો છે એમાં આપે કહયું તેમ અને માનનીય અર્જુનભાઈએ કહયું તેમ હું સ્વીકારું છું કે વિધાનસભાની ગ્રાન્ટ મંજૂર થઈ છે આપણે સર્વાનુમતે મંજૂર કરીએ છીએ તેમાંથી આ ખર્ચ થયો છે કે રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગના બજેટમાંથી એનો ખર્ચ થયો છે એ પ્રશ્ન અગત્યનો છે. જો આ ખર્ચ, વિરોધપક્ષના નેતાશ્રીના બંગલાનો કે મારા બંગલાનો કે ઉપાધ્યક્ષના બંગલાનો બિન મતપાત્ર માગણીઓ મંજૂર કરીએ છીએ તેમાંથી આ થયો હોય કે જે માગણી મતદાન ઉપર ન મુકાઈ હોય અને સર્વાનુમતે મંજૂર થઈ હોય તેની અંદરથી થયેલો ખર્ચ હોય તો એ અંગેના પ્રશ્નો દાખલ થાય નહીં. નથી થતા, પરંતુ એ ખર્ચ જો માર્ગ અને મકાન વિભાગ કે જેના ઉપર અનુદાનની માગણીઓ આપણે લીધી છે માગણીઓનો મત લીધો છે અને મતપાત્ર ગણી છે તેમાંથી એ ખર્ચ થયો હોય તો એના ઉપરના ખર્ચ માટેના પશ્નો મંજૂર કરી શકાય કે નહીં તે હું તપાસ કરીને કહીશ, લોકસભાની અંદર પણ શું પ્રણાલિકા છે તે જોઈને કહીશ. જે ખર્ચ આપણે નકકી કર્યો છે એ આપણો પગાર, એટલે કે અધ્યક્ષનો પગાર, વિરોધપક્ષના નેતાનો પગાર અને ઉપાધ્યક્ષનો પગાર, એ ખર્ચ વિધાનસભાની માગણીઓમાં આવે છે. પરંતુ તેના મકાનો કે જે મંત્રી મંડળના વિસ્તારની અંદર આવેલા છે તેના રીપેરીંગનો ખર્ચ એ એની માગણીઓમાં આવતો નથી. અને એ માગણીઓની અંદરથી જો એ ખર્ચ થયો હોય તો એ પ્રશ્નને પાત્ર છે કે નહીં એ અલગ પ્રશ્ન પેદા થાય છે. બાકી આપ જે કહો છો કે જે માગણીઓ અહીંયા મંજૂર થયેલી છે એ માગણીઓની અંદરથી ખર્ચ થયો હોત તો વિધાનસભા સચિવાલય પણ તેને નામંજૂર કરીને દાખલ કર્યો ન હોત, પણ ખર્ચ જયારે એની બહારથી થયો છે ત્યારે તેની મર્યાદામાં પૂર્ણ ચકાસીને હું નિર્ણય લઈશ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### સન ૨૦૦૮-૨૦૦૯નો ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### સન ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯નો ગુજરાત ગ્રામ વિકાસ બોર્ડના વાર્ષિક હિસાબો

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વાર્ષિક હિસાબો અને ઑડિટ રીમાર્કસ તથા સન ૨૦૧૦-૧૧નું અંદાજપત્ર અને સન ૨૦૦૯-૧૦નું સુધારેલ અંદાજપત્ર તેમજ સન ૨૦૦૭-૦૮ના વાર્ષિક હિસાબો

સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઑડિટ રીમાર્કસ, અંદાજપત્ર, સુધારેલ અંદાજપત્ર તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપને જણાવવાનું કે ૨૦૦૯-૧૦નું સુધારેલ અંદાજપત્ર અત્યારે આવતું હોય તો એનો અહેવાલ ક્યારે આવશે. આપ નિગમને કહો. સુધારેલ અંદાજપત્ર આજે ૨૦૦૯-૧૦નું આવતું હોય તો ૨૦૦૭-૨૦૦૮ની શું પરિસ્થિતિ થાય. એટલે સંપૂર્ણ રીતે વિલંબના કારણો આપો છો એ સ્વીકારીએ છીએ પરંતુ આપ બોર્ડના અધિકારીઓને બોલાવો અને સૂચના આપો. એના ઑડિટ અહેવાલો અને સુધારેલ અંદાજપત્ર અત્યારે આવે તો એનો ઑડિટ અહેવાલ ક્યારે આવશે?

**સન ૨૦૦૮-૨૦૦૯નો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઑડિટ અહેવાલ તથા ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ,હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ,સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૮-૨૦૦૯નો ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ તથા ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૬-૨૦૦૭ તથા ૨૦૦૭-૦૮ ના ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭ અને સન ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ,સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી** : આ બોર્ડ પણ બહુ વિલંબિત રિપોર્ટ રજૂ કરે છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું બોર્ડના અધિકારીઓને બોલાવીને સૂચના આપીશ.

**સન ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭નો સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો વાર્ષિક ઑડિટ અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી (કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૦૫-૨૦૦૬ અને સન ૨૦૦૬-૨૦૦૭ના વાર્ષિક ઑડિટ અહેવાલો, તેના ઉપર લેવાયેલા પગલાંના નિવેદનો, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક ઑડિટ અહેવાલો, નિવેદનો, વાર્ષિક હિસાબો, તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી, કૃષિ યુનિવર્સિટીના ઑડિટ અહેવાલો રજૂ કરવામાં હજુ એમાં કોઈ સુધારો થયો હોય તેમ દેખાતું નથી.

**શ્રી દિલીપભાઈ સંઘાણી:** જ્યારે યુનિવર્સિટી જુદી પડી અને સરકારમાંથી ઑડિટમાં મોડું થયું હતું. બાકી બોલાવીને સૂચના આપી દીધી છે.

**અધ્યક્ષશ્રી :** સ્પેશિયલ ઑડિટર્સ નીમીને પણ, બહુ પાછળ છે એને આગળ લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ હેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ હેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ હેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડના ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક અહેવાલો**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડના સન ૨૦૦૭-૨૦૦૮ અને સન ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલો, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૦૭-૨૦૦૮ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ હેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ અને સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ અને હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**નાણા વિભાગની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની

(અ) સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની

(૧) તા.૧૧-૨-૨૦૧૦ ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૨) વીએઆર -૨૦૧૦- (૨૫)-ઠ

(૨) તા.૧૫-૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૪) વીએટી- ૨૦૧૦-એસસીએચ-૨ (૪૨. ક )(૧૭)-ઠ

(૩) તા.૧૫-૨-૨૦૧૦ ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૫) વીએટી- ૨૦૧૦-એસ.-૫(૨૯)-ઠ

(બ) સન ૨૦૦૧ના ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ અન્વયેની

(૧) તા.૧૫-૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૩) જીઈએ-૨૦૧૦-(એસ.૩)(૪)-ઠ

(૨) તા.૧૬-૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૬) જીઈએ-૨૦૧૦- (એસ.૩)(૫)-ઠ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની અધિસૂચના**

**શ્રી પરબતભાઈ સ. પટેલ (રાજય કક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની

સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ ) બાબત અધિનિયમ અન્વયેની

(૧) તા.૪-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- જીપી-૧૫-એમસીજી-૧૦૦૮-એસએફએસ- ૮૯-જે

(૨) તા.૪-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- જીપી-૧૬- એમસીજી- ૧૦૦૮- એસએફએસ -૮૯-જે

(૩) તા.૨-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીપી-૧૮-એમસીજી- ૧૦૦૭- ૧૯૦૦-જે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**ગૃહ વિભાગની અધિસૂચના**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના નશાબંધી અને આબકારીમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની

તા. ૮-૨-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીજી-૦૭-૨૦૧૦-વીડીઆર-૨૦૦૭- ૧૧૮૩-ઈ.૧ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલની રજૂઆત**

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો બારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા. ૨૩ મી માર્ચ-૨૦૧૦ના રોજ સભાગૃહની બીજી બેઠકના વિરામ સમયમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણ કરી છે.

મંગળવાર, તા. ૩૦-૩-૨૦૧૦ના રોજ સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૧૦નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયકની વિચારણા હાથ ધરવી અને પૂરી કરવી.

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બારમા અહેવાલની રજૂઆત**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ : (સમિતિના સભ્યશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો બારમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

**શ્રી જીતેન્દ્ર સુખડીયા : (સમિતિના પ્રમુખશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહનો પ્રસ્તાવ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલનો પ્રસ્તાવ**

**શ્રી પ્રફૂલ્લભાઈ પટેલ (સમિતિના સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી જીતેન્દ્રભાઈ સુખડીયાનો પ્રસ્તાવ**

**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ)

**નાણા વિભાગ**

**માગણી ક્રમાંક - ૧૫**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની નાણા વભાગના મહેસૂલી ખર્ચ માટે રૂ.૧૩,૪૩,૩૫,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**નાણા વિભાગ**

**માગણી ક્રમાંક - ૧૬**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની કર વસૂલાત ખર્ચની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧,૫૨,૦૦,૬૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**નાણા વિભાગ**

**માગણી ક્રમાંક - ૧૭**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની તિજોરી અને હિસાબ વહીવટને લગતા મહેસૂલી ખર્ચ માટે રૂ.૮૭,૫૧,૬૪,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૧૮**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની પેન્શન અને અન્ય નિવૃત્તિના લાભને લગતી મહેસૂલી ખર્ચ માટે ૩૪,૮૫,૧૩,૨૦,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૧૮ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક:૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા ૨૬-૩-૨૦૧૦ (બારમા અને છેલ્લા દિવસ)**

**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **નાણા વિભાગ**<br>**માગણી નં.૧૫** | |
| ૧. | ૨૦૫૨-સચિવાલય.....સેવાઓ ૦૯૦-સચિવાલય રૂા.૧૩,૪૩,૩૫,૦૦૦ અં.પ્ર.નં.૬, પા.નં.૬૪-૬૫ | ૧૦૦ | કેન્દ્ર સરકારે આપેલ છઠ્ઠા પગારપંચ મુજબ રાજયના કર્મચારીઓને વાહન ભથ્થા અને મેડિકલ એલાઉન્સના લાભો આપવામાં વિભાગની નિષ્ફળતા. | શ્રી સી.કે.રાઉલજી |
| ૨. | -- " -- | ૧૦૦ | સામાજીક સેવાઓ માટે પૂરતી નાણાકીય જોગવાઈઓ કરવામાં વિભાગની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩. | -- " -- | ૧૦૦ | રાજય સરકારે છઠ્ઠા પગારપંચનો સ્વીકાર કર્યાપછી તેના અમલથી વંચિત રહેતા બોર્ડ નિગમ અને અન્ય વિભાગોમાં અમલ સત્વરે કરાવવામાં વિભાગની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૪. | -- " -- | ૧૦૦ | સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પ્રસંગે રાજયની મધ્યમ અને ગરીબ વર્ગની આમજનતાને બજેટમાં રાહતો આપવામાં વિભાગની ઉદાસીનતા | શ્રી હરીલાલ પટેલ |
| ૫. | -- " -- | ૧૦૦ | એક કરોડથી વધુ રકમ બાકી હોય એવા ૬૮૬ જેટલા ઉદ્યોગગૃહ પાસેથી કરવેરાની મોટી વસૂલાત સમયસર ન થવાથી રાજયને થતુ આર્થિક નુકશાન નિવારવામાં વિભાગની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૬. | -- " -- | ૧૦૦ | વેટ પરનો ૨૫ % સરચાર્જ નાબૂદ કરવામાં વિભાગની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૭. | -- " -- | ૧૦૦ | અંદાજપત્રના અંદાજો અને વાસ્તવિક ખર્ચ વચ્ચે રહેતો તફાવત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૮. | ૨૦૫૨-સચિવાલય.....સેવાઓ ૦૯૦-સચિવાલય રૂા.૧૩,૪૩,૩૫,૦૦૦ અં.પ્ર.નં.૬, પા.નં.૬૪-૬૫ | ૧૦૦ | બિન જરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ મૂકી નાણાકીય કરકસરના પગલા લેવામાં વિભાગની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૯. | -- " -- | ૧૦૦ | રાજયામાં વેટના વધુ દરો ઘટાડી ભાવવધારો ઓછો કરવામાં વિભાગની ઉદાસીનતા | શ્રી દિતાભાઈ મછાર |
| ૧૦. | -- " -- | ૧૦૦ | રાજયના નિવૃત્ત પેન્શનરોને છઠ્ઠા પગારપંચની | શ્રી મહંમદ જાવેદ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | મળવાપાત્ર તફાવતની રકમ એકસાથે ચૂકવવામાં વિભાગની નિષ્ફળતા | પીરજાદા |
| ૧૧. | -- " -- | ૧૦૦ | છઠ્ઠા પગારપંચને લગતા વિવિધ પરિપત્રોમાં પૂરતી સ્પષ્ટતા ન હોવાથી કર્મચારીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહંમદ ફારૂક શેખ |
| ૧૨. | -- " -- | ૧૦૦ | વાર્ષિક બજેટમાં ફાળવવામાં આવતી રકમનો સમયસર અને પૂરતો ઉપયોગ કરાવવામાં વિભાગની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૧૩. * | -- " -- | ૧૦૦ | છઠ્ઠું પગારપંચ આપતી વખતે વર્ગ-૧ ના નાયબ સચિવ અને ઉપ સચિવ એ બે કેડરો અલગ હોવા છતાં એક સરખા ગણીને એક સરખો પગાર સ્કેલ આપીને ઉપલી કેડરના નાયબ સચિવોને થયેલો અન્યાય દૂર કરવામાં વિભાગની નિષ્ફળતા | |
| ૧૪. | -- " -- | ૧૦૦ | રાજયની આવકના સ્ત્રોતોમાં વધારો થવા છતાં સતત પ્રમાણસર આવક વધતી નથી અને વ્યાજ દરમાં ઘટાડો થયો હોવા છતાં વ્યાજની રકમ વધતી જ જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૧૫. | -- " -- | ૧૦૦ | મંત્રીશ્રીઓના કાર્યાલયો તથા અન્ય કચેરીઓમાં ફરજ બજાવતા નિવૃત્ત કર્મચારીઓ/ અધિકારીઓને ચૂકવાતા વેતનમાં જૂની ફોર્મ્યુલાના સ્થાને નવી ફોર્મ્યુલાની નીતિ સરકારે નકકી કરી હોવા છતાં નવી ફોર્મ્યુલા સત્વરે નકકી કરી તે મુજબ વેતન ચૂકવવામાં વિભાગની નિષ્ફળતા | શ્રી દિતાભાઈ મછાર |
| ૧૬. | -- " -- | ૧૦૦ | છઠ્ઠું પગારપંચ આપતી વખતે વર્ગ-૨ ના સેકશન અધિકારી અને વર્ગ-૩ના નાયબ સેકશન અધિકારીની બે કેડરો અલગ હોવા છતાં તેમનો પગાર સ્કેલ એક સરખો છે જે સુધારી વિસંગતતા દૂર કરવામાં વિભાગની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૧૭. * | ૨૦૫૨-સચિવાલય.....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા.૧૩,૪૩,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬, પા.નં.૬૪-૬૫ | ૧૦૦ | બોર્ડ /કોર્પોરેશન અને નિગમના નિવૃત્ત કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવામાં વિભાગની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૧૬** | | |
| ૧૮. | ૨૦૪૦-વેચાણ...કરવેરા<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂા.૧૨,૭૦,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬, પા.નં.૯ થી ૧૧ | ૧૦૦ | વેચાણવેરા પંચને વધુ સ્ટાફ ફાળવી પડતર કેસોનો સમયસર નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૧૯. | ૨૦૪૦- વેચાણ...કરવેરા<br>૧૦૧- વસૂલાત ખર્ચ<br>રૂા.૧,૩૯,૩૦,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં.૬, પા.નં.૧૨-૧૩ | ૧૦૦ | વેચાણવેરા કચેરીઓના અધિકારી/કર્મચારીઓની સમયાંતરે અન્યત્ર બદલીઓ કરી વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૦. * | -- " -- | ૧૦૦ | વેચાણવેરા અધિકારીઓ દ્વારા વેપારીઓને થતી બિન જરૂરી હેરાનગતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૧. * | -- " -- | ૧૦૦ | વેચાણવેરાની વસૂલાતના લક્ષાંકો પૂર્ણ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૨. | -- " -- | ૧૦૦ | વ્યવસાયકારોને હપ્તા બાંધી આપી સમયસર વેરો વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૨૩. | -- " -- | ૧૦૦ | નાના-મોટા ઉદ્યોગો અને નાના વેપારીવર્ગ વચ્ચે વેરાની વસૂલાતમાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| | | **માગણી નં.૧૭** | | |
| ૨૪. | ૨૦૫૪-તિજોરી....વહીવટ<br>૦૯૫- હિસાબ...કચેરી<br>૦૧-જીઈએસ-૧ નિયામકની કચેરી<br>રૂા.૩,૪૪,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬, પા.નં.૬૯ - ૭૦ | ૧૦૦ | સરકારી કચેરીઓના બિલો તિજોરી કચેરીઓમાં પાસ કરાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૨૫. | -- " -- | ૧૦૦ | નાણા વિભાગના પરિપત્રોનું ખોટું અર્થઘટન કરી સરકારી કર્મચારીઓના બિલો પાસ કરવામાં થતો અક્ષમ્ય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૬. | ૨૦૫૪-તિજોરી....વહીવટ<br>૮૦૦- અન્યખર્ચ | ૧૦૦ | પેન્શનરોના પેન્શનમાં વધતા જતા મોંઘવારી ભથ્થાં અને અન્ય વધારાની રકમ સમયસર, | શ્રી પરેશભાઈ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧- પેન્શન....કચેરી<br>રૂા.૫,૧૬,૧૩,૦૦૦<br>અં.પ્ર.નં.૬, પા.નં.૭૭ | | ઝડપી અને રોકડમાં ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૭. | ૨૦૫૪-તિજોરી....વહીવટ<br>૮૦૦- અન્યખર્ચ<br>૦૧- પેન્શન....કચેરી<br>રૂા.૫,૧૬,૧૩,૦૦૦<br>અં.પ્ર.નં.૬, પા.નં.૭૭ | ૧૦૦ | પેન્શન કચેરીઓમાં અપૂરતા સ્ટાફને કારણે વયનિવૃત્તિના લાભો અને પેન્શન કેસોના ઝડપી ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| **માગણી નં.૧૮** | | | | |
| ૨૮. | ૨૦૭૧-પેન્શન...લાભ<br>૦૧- મુલકી<br>૧૦૧- વયનિવૃત્તિ...ભથ્થા<br>રૂા.૨૩,૫૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬, પા.નં.૮૦ | ૧૦૦ | પેન્શનરોના કેસોનું દર માસે મોનીટરીંગ કરીને તેને વહેલી તકે મંજૂરી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીતકુમાર |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નથી.**

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

**અધ્યક્ષશ્રી** : ૧૨-૦૦ વાગે બંધ કરવાનું થાય છે.

**સચિવશ્રી :** ગીલોટીન ૧૨-૦૦ ની જગ્યાએ ૧૨-૩૦ વાગે લાગુ પાડીએ. ગીલોટીનમાં અડધો કલાક લાગશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** મારા તરફથી બે જ સભ્યશ્રીઓ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પણ મંત્રીશ્રીને જવાબ આપવાનો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** મંત્રીશ્રીને ૧૨ મિનિટમાં પતી જશે. ૧૫ મિનિટ જેટલો સમય વધારવામાં વાંધો નથી.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### ગિલોટીન અંગે

**અધ્યક્ષશ્રી** : અનુદાન માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૮-૩૦થી ૧-૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવે છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮ (૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના ઠરાવેલ સમયના એક કલાક પહેલા અનુદાન માટેની સઘળી માગણીઓ, સઘળી ચર્ચા પૂરી કરવાની થાય છે. આ જોગવાઈ અનુસાર આજે બપોરે ૧૨-૦૦કલાકે પરંતુ અત્યારે નકકી કર્યા પ્રમાણે ૧૨-૧૫ વાગે અનુદાન માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે. જે માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે સિવાયની બીજી બધી માગણીઓ એકીસાથે સભાગૃહના મત માટે મૂકવામાં આવશે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### કોમ્પટ્રોલર અને ઓડીટર જનરલના રીપોર્ટ બાબત

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા:** માનનીય અધ્યક્ષશ્રી મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. વિધાનસભાની અંદર જે કમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયાના જે અહેવાલો છે એ બંધારણની જોગવાઈ પ્રમાણે વિધાનસભા ગૃહમાં મૂકવાના હોય છે. અને વિધાનસભાનો જે કારોબારી ઉપરનો નાણાકીય અંકુશ છે એના માટે એક ખૂબ મહત્વના અહેવાલો હોય છે અને અહેવાલો સમયસર ગ્રહમાં રજૂ થાય એ માટે બંધારણની જવાબદારી તો છે જ પણ વારંવાર માનનીય અધ્યક્ષશ્રીઓએ પણ આ બાબતે પોતાના નિર્ણયો આપ્યા છે અને હમણાં છેલ્લા થોડા વર્ષોથી માનનીય અધ્યક્ષશ્રી, આ જે અહેવાલો છે કંન્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયાના એ સમયસર રજૂ થતા નથી અને એને કારણે સભ્યશ્રીઓને જે નાણાકીય બાબતોની અંદર જે તે વિભાગની માગણીઓ ઉપર જયારે બોલવાનું હોય ત્યારે ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયાની જે ટીપ્પણીઓ છે એ ટીપ્પણીઓ મળી ન હોય એને કારણે પૂરતું માર્ગદર્શન મળતું નથી. આ બાબતે આ જે ૨૦૦૮-૦૯ના વર્ષના જે ઓડીટ અહેવાલો છે એ જયારે ડીસેમ્બર કે એની પહેલાના આપણા સત્રો મળ્યા હતા ત્યારે એ આપણને આ ગૃહની અંદર સબમીટ થવા જોઈતા હતા પરંતુ ૨૦૦૮ના વર્ષનો જે ઓડીટ અહેવાલ છે એમાંથી માત્ર મુલ્કી અહેવાલ છે એ ડીસેમ્બર મહીનામાં રજૂ થયો છે એ સિવાયના ૨૦૦૮-૦૯ના વર્ષના વીનીયોગ હિસાબો અને ઓડીટ અહેવાલ જે રેવન્યુ આવક છે એ બાબતના બંને બુકલેટ છે એ આજ દિવસ સુધી આ ગૃહમાં મૂકાયેલા નથી. આ બાબતે માનનીય અધ્યક્ષશ્રીના વારંવારના નિર્ણયો લે એમાંના એક નિર્ણય તરફ હું આપનું ધ્યાન દોરવા માગુ છું. ૧૯૬૦ થી ૧૯૮૪અને પાના નં. ૨૯ ઉપર જે ૩૨મો નિર્ણય છે એ બહુ સ્પષ્ટ છે. તા. ૧૭મી માર્ચ, ૧૦૭૦ના રોજ નાણામંત્રીશ્રી જસવંતરાય મહેતાએ સને ૧૯૬૮-૬૯ના ગુજરાત સરકારના નાણાકીય

હિસાબો અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો ઑડિટ રિપૉર્ટ વિધાનસભાના મેજ ઉપર મૂકવા માટે રજા માગી ત્યારે સભ્યશ્રી મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું કે મંત્રીએ જવાબદારી સ્વીકારી હોવા છતાં માગણીઓ ઉપર ચર્ચાની શરૂઆત પહેલા ઑડિટ રિપૉર્ટ આપવામાં આવ્યો નથી ત્યારે નીચે મુજબ નિર્ણય માનનીય અધ્યક્ષશ્રીએ આપ્યો હતો. " એટલે સૂચના કરી શકાય કે બજૅટ રજૂ થાય ત્યાર પછીના અઠવાડિયામાં આ રિપૉર્ટ ગૃહ આગળ રજૂ કરે એવી જાતનો રિવાજ એમણે રાખવો જોઈએ." બજૅટ રજૂ થયા પછી એક અઠવાડિયામાં. આ બજૅટ રજૂ થયું એને એક અઠવાડિયા ઉપર થઈ ગયું. બજૅટ ઉપરની સામાન્ય ચર્ચાઓ પૂરી થઈ ગઈ અને બજૅટ ઉપરની માગણીઓ આજે પૂર્ણ થવા જઈ રહી છે ત્યારે પણ આ બન્ને કેગના અહેવાલો છે એ અહીંયા રજૂ થયા નથી. એના કારણે જે ચર્ચાની અંદર કચાશ રહી ગઈ અને સરકારની બંધારણીય જવાબદારી છે એ બંધારણીય જવાબદારીની પરિપૂર્તિ પણ થઈ નથી. એટલે આ બાબતે આ ગૃહને આપ માર્ગદર્શન આપો એવી આપને વિનંતી છે. એ જ રીતે આ સમિતિઓના અહેવાલો પણ રાજ્ય સરકારે ગૃહમાં મૂકવા જોઈએ. હું માત્ર ત્રણ સમિતિઓના અહેવાલોનો ઉલ્લેખ કરીશ. સુજલામ્-સુફલામ્ ભ્રષ્ટાચારની તપાસ કરવાની સચિવ કક્ષાની સમિતિનો અહેવાલ, પાટણ ગેંગ રેપની તપાસ સમિતિનો અહેવાલ ....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ આપના મુદ્દા ઉપર રહો. આપનો મુદ્દો બહુ સ્પષ્ટ છે કે ઑડિટ અહેવાલ મૂકાવો જોઈએ કે નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સમિતિના અહેવાલો પણ મૂકાવા જોઈએ એવી માગણી છે.

**અધ્યક્ષશ્રી** : સમિતિના અહેવાલો છે એના માટેનો જુદો પૉઈન્ટ ઑફ ઑર્ડર જ્યારે અહેવાલો રજૂ થાય ત્યારે ચોક્કસ ઉઠાવશો. અત્યારે મુદ્દા ઉપર વળગી રહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નથી મૂકાયા એનો મારો મુદ્દો છે.

**અધ્યક્ષશ્રી** : નથી મૂકાયા એની કાર્યવાહીનું હું મૂલ્યાંકન કરીશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ નિર્ણય આપજો. હું મુદ્દો ઉઠાવું છું એ સૌ પણ ગૃહમાં મૂકાવા જોઈએ. આ સમિતિઓ નીમવામાં આવી તેને  ચાર-પાંચ વર્ષ થઈ ગયા છે. એ અહેવાલો પણ મૂકાય એવી સૂચના આપ આપો એવી વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા:** જે સમિતિઓના અહેવાલની વાત છે એનો સવાલ નથી. કેગનો અહેવાલ હોય એ નિયમ પ્રમાણે જ્યારે અહેવાલ આવ્યા પછી બીજા સત્રમાં મૂકવા માટેની વાત હોઈ એ મૂકવા માટેની વાત છે. મેં પ્રોસિજરની અંદર ત્યાં મોકલાવી દીધો છે. કદાચ આજકાલમાં મળી જશે. એટલા માટે થઈને કોઈ નિયમ વિરૂદ્ધ કાર્યવાહી થઈ નથી અને અત્યાર સુધી બધા અહેવાલો રેગ્યુલર જે નિયમો છે એ નિયમો પ્રમાણે હું મૂકું છું અને આ વખતે પણ નિયમ પ્રમાણે એની કાર્યવાહી થઈ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો એના સંદર્ભમાં આપનું ધ્યાન દોરવા માગું છું કે સી.એ.જી.નો અહેવાલ આવે અને એ અહેવાલ ઉપર વિધાનસભાની જુદી જુદી સમિતિઓ, જેને આપણે મીની હાઉસ કહીએ છીએ એ મીની હાઉસ દ્વારા એની ચકાસણી થાય છે. સી.એ.જી.માં એવા કેટલાક મુદ્દા હોય છે કે ક્યાંક નાની મોટી પૂર્તતા કરી મુદ્દો ઉપસ્થિત થયો હોય છે. માનનીય અર્જુનભાઈએ મુદ્દો ઉપસ્થિત કર્યો કે રિપૉર્ટ સમયસર ન મળવાના કારણે આપણે એનો ઉલ્લેખ નથી કરી શકતા. પરંતુ જ્યાં સુધી આ સમિતિઓ દ્વારા પૂરતી ચકાસણી ન કરવામાં આવે અને ચકાસણી કરીને વિધાનસભાની સમિતિઓ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : રીલેવન્ટ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : મેં કહ્યું કે અહેવાલ આવ્યા પછી નેક્સટ સત્રમાં મારે મૂકવાનો હોય. મેં પ્રોસિજર પ્રમાણે મૂકી દીધો છે અને સત્ર પતવાને ૩૦મી તારીખ બાકી છે એ પહેલા મારો અહેવાલ મૂકાઈ જશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અર્જુનભાઈનો મુદ્દો એકદમ વાજબી છે. પૂર્વ અધ્યક્ષશ્રીઓએ નિર્ણયો આપ્યા છે અને નિર્ણય પાછળના કારણો છે. એક તટસ્થ ઑડિટ કરતી સંસ્થા, સુપ્રીમકોર્ટના જજ જેવી એની પરિસ્થિતિ એને કોઈ રીમૂવ પણ ના કરી શકે. એમનો અહેવાલ સભ્યશ્રીઓ જ્યારે બજેટની ચર્ચામાં ભાગ લે ત્યારે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલનો અહેવાલ એ અમારા માટે એક ગીતા સમાન છે, એક મોટો આધાર છે અને એટલા જ માટે આપના પૂર્વ અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો છે બજેટ રજૂ થાય એના ૮ દિવસની અંદર આ મળી જવું જોઈએ. જેથી સભ્યશ્રીઓ અહીં ચર્ચામાં ભાગ લઈ શકે. માનનીય દંડકશ્રીની વાત તો ઈરરીલેવન્ટ હતી એટલે એમાં હું નહિ પડું. કારણ કે એને અને આને કાંઈ સમજણ વગરનું છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીં મારું કહેવાનું એટલું જ છે કે આપના પૂર્વ અધ્યક્ષશ્રીએ જે નિર્ણય આપ્યો છે એ મુજબ બજેટ રજૂ થાય એ પછી ૮ દિવસમાં હાઉસમાં રજૂ થઈ જાય એ માટેની આપની ટકોર થાય એટલે માનનીય અર્જુનભાઈની જે વાત છે એ ચિંતાનો નિકાલ આવે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈની ચિંતા વાજબી છે પણ આપણે અહીંયા જોઈએ તો કેગનો જે રિપોર્ટ છે એ ત્રણ ભાગની અંદર આવે છે અને એમાં તા. ૧૭-૧૨-૨૦૦૯ ના રોજ કેગનો ઓડિટ મૂલ્કી અહેવાલ રજૂ થઈ ગયો છે અને બે ભાગ બાકી છે એ હવે આવે છે. જે સંપૂર્ણ વાત જશવંતભાઈની પરિસ્થિતિમાં રજૂ થઈ હતી

એમાં ત્રણે ત્રણ અહેવાલ બાકી હતા અને મેં પણ કહ્યું હતું આ વખતે ગયું ત્રણ દિવસનું સત્ર જે મળ્યું એ સત્રની અંદર ૨૦૦૮-૦૯ નો અહેવાલ રજૂ થયો એ આપણી સૌની પાસે છે જેનો ઉપયોગ આપ કરી શક્યા છો અને વિશેષ કરીને કેગનો જે સૌથી અગત્યનો રિપોર્ટ છે એ મૂલ્કી અહેવાલ છે અને મૂલ્કી અહેવાલ રજૂ થયો છે અને બાકીના બે અહેવાલ રજૂ કરવાની પ્રોસેસ ચાલુ છે જેથી પોઈન્ટ ઓફ ઓર્ડરની બાબતમાં આપણે કહીએ કે નાણાં વિભાગે જે કાર્ય કર્યુ છે એન એ કાર્યવાહી માટે સજાગ છે એ હું કહું છું. નેકસ્ટ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, એમનું ધ્યાન (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : અધ્યક્ષશ્રીનું જજમેન્ટ આપ્યા પછી પૂરું થયું પછી બોલવાનું હોય જ નહિ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કારણ કે આપણી પાસે સમયની ખૂબ મર્યાદા છે, શ્રી બાબુભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા**: હું અધ્યક્ષશ્રીના નિર્ણય ઉપર ચર્ચા નથી કરતો. આપે ધ્યાન દોરવું જોએ(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ મારું ધ્યાન દોરવા મારી ચેમ્બરમાં આવી શકો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તે વખતની પરિસ્થિતિમાં પણ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ત્યારે ત્રણ અહેવાલ બાકી હતા. આજે બે બાકી છે એ હું કહું છું અને જે ત્રણ દિવસના સત્રમાં અહેવાલ રજૂ થયો તેનો ઉપયોગ આપ ખૂબ સારી રીતે કરી શક્યા છો. (અંતરાય) ત્યાંથી એ પ્રમાણે આવે એ પ્રમાણે રજૂ કરેને ભાઈ.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ સૂચના આપો..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મેં સૂચના આપેલી જ છે. ગયા સત્રની અંદર સૂચના અપાય. મારી અપાયેલી સૂચનાનો અમલ થયો અને આવતાની સાથે જ ત્રણ દિવસના સત્રની અંદર કેગનો ઓડિટ અહેવાલ મૂલ્કી રજૂ થયો જેનો ઉપયોગ આપ અને આ સભાગૃહના સભ્યોએ પૂરો અભ્યાસ કરીને પોતાની વાત કરી શક્યા છો એટલે આપ જે કહો છો કે અહેવાલ રજૂ થાય અને એનો ઉપયોગ થાય. એ થયો જ છે આ સત્રની અંદર ચર્ચામાં આપે એનો ઉપયોગ કરતા જોયો છે. બે ભાગના અહેવાલો બાકી છે એ રજૂ કરવાની પ્રોસેસ ચાલુ છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી એમના વિભાગની માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭, ૧૮ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે થઈને ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનું નાણા વિભાગ એ રાજ્યની એક કોર સેકટર જેને કહેવાયને કે "કૂવામાં હોય તો હવાડામાં આવે" રાજ્યની આવકો મેળવવા માટેનો સ્રોત છે એનો પૂરે પૂરો ઉપયોગ કરે. એમાંથી કયાંય લીક આઉટ ના થાય કે ખોટી રીતે કોઈ રાજ્યની તિજોરીને જફા ના પહોંચાડે એના માટેની ધ્યાન રાખવાની હોય છે. ખાસ કરીને આપણી વિશેષ આવકો રાજ્યના વેટ વિભાગ તરફથી થતી હોય છે પણ આ વિભાગની જે અસરકારકતા છે એ દુઃખ સાથે કહેવું પડે કે અપ ટુ માર્ચ નથી એના કારણની અંદર આ વિભાગની અંદર સંખ્યાબંધ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૧ ની ૯૧, વર્ગ-૨ ની ૯૨ જગ્યા વર્ગ-૩ ની ૮૪૦ જગ્યા અને વર્ગ-૪ ની ૧૨૬ જગ્યાઓ ખાલી છે એવું માનનીય નાણામંત્રીશ્રીએ આ સન્માનનીય ગૃહમાં આપણા એક માનનીય સભ્યશ્રી પ્રાગજીભાઈ પટેલના જવાબમાં કહ્યું હતું. ૧૧૪૯ જગ્યાઓ જે વિભાગમાં ખાલી હોય, આ ખાલી રહેવાના કારણો શું ? વર્ગ-૧ની ૯૧ જગ્યાઓ ખાલી હોય અને અગત્યના જે વિભાગ હોય એના એક એક અધિકારીને ત્રણ, ત્રણ વિભાગોના ચાર્જ આપણે આપતા હોઈએ અને એના કારણે રાજયને આવકો જે થવી જોઈએ એના પ્રમાણમાં ઓછી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ એમની બજેટ સ્પીચમાં કેન્દ્ર સરકાર ૨૨૦૦ કરોડ રૂપિયા આપતી નથી એનો ઉલ્લેખ કર્યો અને એને પહોંચી વળવા માટે થઈ અને આપણા આંતર રાજય જે વેપાર કરતા હોય એને બે ટકા એમાંથી કાપી લેવા માટેની દરખાસ્ત ટેકસેશનના જે ભાગ-ખ છે એમાં લઈ આવ્યા. એને કારણે રાજયનો વેપાર ઓછો થઈ જશે, બીજા રાજયમાંથી માલ લાવી અને બીજા રાજયમાં મોકલાવવાનો હોય તો એને આપણે પૂરેપૂરું સેટ ઑફ આપીએ પણ અહીંયા આપણે ત્યાં માત્ર ને માત્ર કેન્દ્ર સરકાર આપતી નથી, કેન્દ્ર સરકાર આપતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની એમ્પાવર કમિટી સમક્ષ જવા માટે આપણે ત્યાં વિભાગમાં બે નાણા મંત્રીશ્રીઓ છે. નાણા મંત્રીશ્રી ત્યાં એમ્પાવર કમિટીમાં ત્યાં જતા હોય છે, માનનીય સૌરભભાઈ. અને આ એમ્પાવર કમિટી કોઈ રાજકીય નિમણૂક નથી. એના અસીમ દાસ ગુપ્તા આજે વેટ કમિટીના ચેરમેન છે, અગાઉ પણ એ હતા, પશ્ચિમ બંગાળના માનનીય વિદ્વાન નાણા મંત્રીશ્રી આ કમિટીના, નાણા મંત્રીઓની કમિટીના ચેરમેન છે એમની પાસે આપણે શું, કેવી રજૂઆત કરી ? માનનીય અધ્યક્ષશ્રી, માત્ર કેન્દ્ર આપતું નથી એ વાત કારણ કે, કેન્દ્ર સરકાર જે આપે એ ભારતના લોકોના ટેક્સના ઉઘરાવેલા પૈસા છે એમાંથી એમણે આપવાના હોય છે. નવમું, દસમું, અગિયારમું, બારમું નાણા પંચ અને આ વખતે તેરમા નાણાપંચની ભલામણોના કારણે અને નાણાપંચો પાસે કોંગ્રેસ પાર્ટી પણ હંમેશા રજૂઆત કરવા

જતી હોય છે અને રાજય સરકાર એ દરેક પક્ષોને બોલાવી અને નાણા ખાતું પોતાની વાત કઈ રીતે રજૂ કરવી એની વાત કરતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એમાં કેટલી ઊણપ હોય છે. કેન્દ્ર સરકાર તરફથી જે કરવેરા ઉઘરાવેલા આવેલા હોય એમાંથી નાણા પંચની ભલામણ પ્રમાણે આપણને એલોકેશન થતું હોય છે. અને એમાં એક એલોકેશન કસ્ટમ ડ્યૂટી માટેનું એલોકેશન એ યુ.પી.એ. સરકારની વખતે બારમા નાણા પંચની ભલામણથી શરૂ થયું બારમા નાણા પંચ, આપણે આ વખતે કહ્યું હતું કે, તેરમા નાણા પંચ પાસે આ મુદ્દો રજૂ કરવો જોઈએ કે, જે રાજયો બંદરોની સુવિધા ધરાવે છે અને એ રાજયોમાં આયાત થતા માલ ઉપર કસ્ટમ ડ્યૂટીની આવક જે છે એ રાજયોને વધુ ફાળવવી જોઈએ, પણ એમ કહેવામાં આવ્યું કે ના, કસ્ટમ ડ્યૂટીની આવકો આ કરવેરામાંથી ફાળવવામાં આવતી નથી આવું અજ્ઞાન એ રજૂ કરવામાં આવ્યું. આ વખતની યલો બૂમાં બજૅટની કેન્દ્ર સરકારની તો એની અંદર કસ્ટમ અને એલોકેશનમાંથી ગુજરાતને ૧૦૨૮ કરોડ રૂપિયા બંદરો હોવા છતાં આપણને મળ્યા છે પણ જે રાજયોને બંદર નથી એવા બિહારને ૩૬૯૨ કરોડ રૂપિયા, બિહારમાં કોઈ કોંગ્રેસની સરકાર નથી. પણ આપણે માગીએ તો મળે પણ માગવામાં જ જો આપણી આળશ હોય, આવી બેદરકારી, અક્ષમ્ય બેદરકારી એ ગણાવવી જોઈએ એ તરફ હું નાણા મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. નાણા ખાતાની મંજૂરી વગર કયાંય જઈ શકાય નહીં અને એટલે તો આપણે દરેક વિભાગની અંદર આપણા નાણાકીય એડવાઇઝર મૂકેલા છે. આ અગાઉ કૉમ્પ્ટ્રોલર એન્ડ એકાઉન્ટન્ટ જનરલમાંથી નાણા ખાતાની દરેક કોન્કરન્સ આપવા માટે થઈ, મંજૂરી આપવા માટે થઈ અને એ નાણાકીય એક્સપર્ટને મૂકવામાં આવતા અને એના કારણે આપણી યોજનાઓને ક્લીયર કરતા એના અમલીકરણમાં ખૂબ વિલંબ થતો પણ આ ૨૦૦૦ પછી ખાસ કરીને ૨૦૦૩ પછી આપણા નાણા ખાતાના જે નિષ્ણાતો છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, વિરામ બાદ સભાગૃહ ફરી ૧૧.૦૦ વાગ્યે મળશે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦**
**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણા વિભાગની માગણીઓની દરખાસ્તો ઉપર ચર્ચા આગળ વધારતા રાજયની આવક વધે તે માટે સન્માનનીય ગૃહના તમામ સભ્યોની લાગણી હોય એ સ્વાભાવિક છે અને હું હંમેશા કહું છું કે નાણા ખાતું જે છે એ ઘરરખ્ખુ સ્ત્રી જેવું છે. કોઈપણ પ્રકારની ખામીઓ ન વર્તાય એ રીતે મેનેજ કરતું ખાતું છે એટલા માટે આપણે એને નાણા ખાતુ કહીએ છીએ પણ આ નાણા ખાતાને મુકત રીતે એને એની કામગીરી કરવા દેવી જોઈએ એની અસરકારકતા માટે એની પાસે એને મેનપાવર હોવો જોઈએ અને એને જે આપેલ અધિકારો છે એમાં ગમે તે ચકાસણી કરી શકે એનું અમલીકરણ થવું જરૂરી છે. ટેકસ ફ્રી દરખાસ્તોની અંદર માનનીય વજુભાઈસાહેબે ૧૬ બજેટની અંદર કેટલી રાહતો આપી એનું એ આત્મસંશોધન કરે એવું આપની મારફત કહેવું છે. રાજયની આવક વધતી જતી હોય એ વખતે ટેકસની કેટલીક રાહતો આપવા માટેની હોય તો ઉપભોકતાઓને એની અંદર હાશકારો થાય પણ છેલ્લે ૧૯૯૭ના બજેટમાં જે રાહતો આપેલી એ પછી કોઈ મોટી રાહત માનનીય નાણામંત્રીશ્રી આપી શકયા નથી એ વાતનો એકરાર માનનીય નાણામંત્રીશ્રીએ ભૂતકાળમાં કરેલો છે અને હંમેશા એ કહેતા હોય છે કે આ રાજયને ઓવરડ્રાફ્ટ લેવો પડયો નથી. ૧૯૯૭માં અમે પણ હતા ત્યારે પણ અમે ઓવરડ્રાફ્ટ નહોતો લીધો પણ અત્યારે જે ઓવરડ્રાફ્ટ લેવો પડતો નથી એના કારણની અંદર રાજયની તિજોરીની અંદર આફતગ્રસ્ત વિસ્તારના પૈસા પણ પડેલા છે. ૨૦૦૦કરોડ રૂપિયા જે માર્કેટ બોરોઈંગ કરેલું છે એ કયાંય બતાવવામાં આવતું નથી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ તરફથી જે હિસાબ આવે તેમાં બતાવતા નથી રાજય સરકારના હિસાબોમાં જુદા પડેલા છે પછી કયાંથી લેવો પડે ઓવરડ્રાફ્ટ અને ઓવરડ્રાફ્ટ એ કોઈ પાપ નથી. ૧૪ દિવસ પછી પંદરમા દિવસે રિઝર્વ બેંક તમારા ખાતામાંથી કાપી લે છે પણ આ ૨૦૦૦કરોડ આપણે અન્ય જગ્યાએ વાપરતા હોઈએ અને રાજયનું કરજ દર વર્ષે વધતું જતું હોય ત્યારે રાજયનો આ સેલટેકસ વિભાગ કે વેટ વિભાગ છે એમાં કરજ ઓછું કરવા માટે પૂરક બની શકે એવું હોઈ આ ખાતાએ એની અસરકારતા બતાવવાની જરૂર છે. મેં અગાઉ કહયું એ પ્રમાણે આપણે દરેક વિભાગની અંદર નાણા વિભાગના એકસપર્ટ મુકેલા છે. એ ચકાસણી કરે એ પછી જ ખર્ચ કરવાની નવી યોજનાઓની અંદર નવી બાબતોને મંજૂરી આપીએ છીએ અને જુની બાબતોનું પણ મોનીટરીંગ આ વિભાગ દ્વારા થાય છે. ૨૦૦૫માં કેન્દ્રની યુ.પી.એ. સરકારે કચ્છમાં ભુકંપ પછી બાજપાઈજીએ જે યોજના આપેલ હતી એકસાઈઝની એ પૂરી હતી ત્યારે એક વર્ષ વધારી આપ્યું અને આ એક વર્ષ વધારી આપ્યું એનો ઉપયોગ કરવો જોઈએ એની બદલે રાજયની આવકોમાં કયાંક કયાંક ઈશારો પહોંચે એ રીતે કોઈ ભલામણોને આધારે રાજયના નાણાખાતાએ સેલટેકસ કે વેટની એકઝામ્શન કે ડિપોઝીટની અંદર જે મંજૂરીઓ આપેલી છે એમાં એક જ ગૃપ વેલસ્પાન ગૃપને ૨૦૦૦કરોડ કરતા વધુની મંજૂરીઓ આપેલી છે.એના યુનિટ પહેલા હતા, એ પછીના ૨૦૦૫ ની અંદર વેલ્સ્પન ગુજરાત રોહને ૧૨-૪-૨૦૦૪ નું રજિસ્ટ્રેશન થયેલ અને ૬-૨-૨૦૦૫ નું પ્રોડકશન આવી ગયેલું. એનું રોકાણ હતું ૫૦૩ કરોડ રૂપિયાનું કે ૨૮૯ કરોડ રૂપિયાનું એ પછી બીજુ વેલ્સ્પન ગુજરાત રોહનનું

એક રજિસ્ટ્રેશન ૧૮-૮-૨૦૦૫ ના થયું. તા.૨૨-૧૨-૨૦૦૭ ના રોજ પ્રોડકશનમાં આવ્યું. તો સેલ્સટેકસની એલિજિબિલિટી એને કઈ રીતે મળે? કારણ કે ૩૧-૧૨-૨૦૦૫ પછી આપણે એક્સાઈઝ ડિપાર્ટમૅન્ટે કોઈને અનુમતિ આપી નથી. તો રાજ્યના સેલ્સટેકસ વિભાગે કયા આધારે કે નાણા વિભાગે કયા આધારે એને એલિજિબિલિટી આપી અને એલિજિબિલિટી કેટલા ૧૨૦૦ કરોડ રૂપિયાની ડિફર કે માફીની યોજનામાં એનો સમાવેશ કરવામાં આવ્યો.

**સભાપતિશ્રી** : બાબુભાઈ પૂરું કરવું પડે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ એટલા માટે નાણા ખાતાને લગતી બાબત છે. રાજ્યની આવકને ઘસારો ન પહોંચે એ માટે કેન્દ્ર સરકારને હંમેશા

**સભાપતિશ્રી** : પૂરું કરવું પડે. સમયની મર્યાદા જાળવવી પડે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આપણે હમેશા કેન્દ્ર સરકાર તો આપે છે. મારી પાસે આવ્યું છે કે સુરતના બકરાની નસલને બચાવવા માટે પણ કેન્દ્ર સરકારે તમને પૈસા આપેલા છે. કેન્દ્ર સરકારને માત્ર..

**સભાપતિશ્રી** : હવે પૂરું કરો. બાબુભાઈ તમે સજ્જન સભ્ય છો. સમજી જાવ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ રાજ્યની આવક વધે એના માટે થઈને કોન્સોલીડેટેડ અહેવાલ વાંચતો હતો. એમાં રાજયના બંદરની આવકો ૫૦૦ કરોડ રૂપિયાની આપણે ધારેલી અને ૩૫૦ કરોડ રૂપિયાની(અંતરાય) એ દિશાની અંદર પણ રાજયના બંદરોની આવક હોય.(અંતરાય) આ જમીનોની અંદર..

**સભાપતિશ્રી** : પૂરું કરો. માનનીય ગિલીટવાળા. શ્રી બાબુભાઈ તમારા જેવા સજ્જન માણસ આવી રીતે હઠાગ્રહ ન કરો. બેસી જાઓ. સોરી. સોરી બાબુભાઈ તમારો સમય પૂરો થાય છે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી એમના વિભાગની માગણી ક્રમાંક ૧૫ થી ૧૮ લઈને આવ્યા છે. એને અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું. નાણા વિભાગની આજે માગણી ક્રમાંક પ્રમાણે ૨૦૦૮-૦૯ માં કુલ રૂપિયા ૨૪૪૮ કરોડ ૫૯ લાખ રૂપિયાનો ખરેખર ખર્ચ થયો હતો. તેની સામે ૨૦૦૯-૧૦ ના રિવાઈઝ એસ્ટીમેટમાં ૩૪૬૬ કરોડ ૭૦ લાખ રૂપિયાનું રિવાઈઝ એસ્ટીમેટ મૂકવામાં આવ્યું છે, તેની સામે ૨૦૧૦-૨૦૧૧ માં કુલ ૩૭૩૮ કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. નાણા મંત્રીશ્રીએ ૨૦૦૯-૧૦ ના સંદર્ભે રિવાઈઝ એસ્ટીમેટની સામે ૨૦૧૦-૧૧ માં ૨૭૧ કરોડ ૩૮ લાખ રૂપિયાનો વધારો માગ્યો છે, એટલે કે કુલ ૭.૮૩ ટકાનો વધારો એમણે ગયા વર્ષની રિવાઈઝ બજેટની સામે માગ્યો છે. એમની ૪ માગણીઓ છે, એ પૈકી માગણી ક્રમાંક-૧૮ માં સૌથી વધારે માગણી એ ૨૩૬ કરોડ ૮૦ લાખ ૧૧ હજાર નો વધારો માગવામાં આવ્યો છે, એટલે કે કુલ માગણી વધારાની માગણી આ વર્ષની તેમાં ૮૭.૨૫ ટકાનો વધારો માગવામાં આવ્યો છે. આ માગણી ક્રમાંક ૧૮ શું છે? એમાં કર્મચારીઓના પેન્શનનું રૂપાંતર, ૩૦ વર્ષની મુદતમાં સરખા વાર્ષિક હપ્તામાં કેન્દ્ર સરકારને ચૂકવવા પાત્ર શરૂઆતમાં પેન્શન વગેરેમાં રાજ્ય સરકારનો હિસ્સો, ભવિષ્ય નિધિનો ફાળો, ચોથા વર્ગના કર્મચારીઓનો જુથ વીમો એલ.આઈ.સી. પ્રીમિયમની ચૂકવણી, પેન્શનર તથા તેમના કુટુંબીજનોનો તબીબી ખર્ચ, મની ઑર્ડર ખર્ચ આ બધો ખર્ચ રાજ્ય સરકારે કરવો પડતો હોય છે. This is the committed responsibility and liability of the Government અને એનું સમયસર નિયમોનુસાર પ્રોવિઝન કરવું ખૂબ જરૂરી છે, એટલે આ માગણીઓને મારું અનુમોદન આપું છું. નાણા મંત્રીએ વર્ષ ૨૦૧૦-૧૧ માં કુલ ટેકસ આવક કુલ ૩૬૮૦૭ કરોડ રૂપિયા અંદાજી છે. તેની સામે આ ટેકસ વસૂલ કરવાનો ખર્ચ ૧૫૨ કરોડ રૂપિયાની માગણી મૂકી છે. ૩૬,૮૦૭ કરોડ રૂપિયાની ટેકસની આવક મેળવવા માટે ૧૫૨ કરોડ રૂપિયાનો ફક્ત ખર્ચ ખર્ચ વસૂલાત માગ્યો છે. કરની વસૂલાતની સામે કર વસૂલાતનો ખર્ચ ફક્ત પૉઈન્ટ ૪૧ પર્સન્ટ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ કરકસરયુકત અભિગમ નાણામંત્રીશ્રીએ રાખ્યો છે, નાણાં વિભાગે રાખ્યો છે તેને હું અભિનંદન આપું છું. નાણાં વિભાગ તેની વિવિધ કામગીરી economically, professionally અને effectively કરી રહી છે તે પૈકી કેટલીક બાબતોનો ઉલ્લેખ કરતાં આનંદ અનુભવું છું. વિદ્વાન સભાગૃહમાં રાજયના દેવા માટે ઘણી વખત ચર્ચા થતી હોય છે. આ માટે રાજયના દેવા સાથે દેવાની નિભાવ શકિત debt sustainability તેની પણ ચર્ચા કરવા માગું છું. This is very important, આજે કેન્દ્ર સરકાર આટલી બધી રકમનું દેવુ કરવા માટે રાજય સરકારને શું કામ પરવાનગી આપે છે? આયોજન પંચ શું કામ પરવાનગી આપે છે? તેના મૂળમાં કોઈ હોય તો રાજય સરકારની debt sustainability છે. આ રાજય સરકારે તેનું જાહેર દેવું હંમેશાં વિવેકપૂર્ણ મર્યાદામાં અને નિભાવ ક્ષમતામાં રહે તેવું મકકમપણે નકકી કર્યુ છે. ૨૦૦૮-૦૯ એકંદર દેવું ૭૯,૩૦૯ કરોડ હતું તે ૩૧-૩-૦૯ના રોજ ૩૭,૦૧૦ કરોડનું થયું છે. જાહેર દેવું વધ્યું હોવા છતાં આ લોનો ઉપરનું જે એવરેઝ વેઈટેજ ઈન્ટરેસ્ટ સરેરાશ ભારીત વ્યાજ જે આ સમય દરમ્યાન ૯.૧૯ ટકા હતું તે ઘટીને ૮.૪૧ ટકા થયું. This is rare. How the Finance Department is managing its own funds. કેટલી કરકસરપૂવક કેટલું સસ્તુ નાણું બજારમાંથી મળે તે માટેના નાણા વિભાગના જે પ્રયત્નો છે તેના માટે નાણા વિભાગ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે. આમ તો સરેરાશ વ્યાજ કરતાં ઓછા દરે બજારમાંથી કરજ લેવામાં આવ્યું હોવાના કારણે this is the efficiency of finance department. debt management કારણે આ શકય બન્યું છે. રાજય

સરકાર દ્વારા fiscal product જાળવવાના કારણે sustainable ratio જેવા કે debt to GSDP and interest payment to revenue receipt વધુ સારી રીતે ભરી શકાય શકાય છે. આ રેશીયો જે ગુણાંક છે તે કોઈપણ સંસ્થામાં તમે નાણું લેવા જાઓ, કરજ લેવા જાઓ ત્યારે કોઈપણ સંસ્થા હોય પણ એના ફાઈનાન્સને જુદા જુદા રેશીયો મારફતે ચકાસણી કરવામાં આવતી હોય છે. દરેક બેંકમાં જાઓ, કોઈપણ ફાઈનાન્સીયલ ઈન્સ્ટિટ્યુટશનમાં જાઓ તો તમારા રેશીયો, તમારા એકાઉન્ટના રેશીયો વર્કઆઉટ કર્યા પછી તે રેશીયો ફેવરેબલ હોય તો તમને ફાઈનાન્સ આપવામાં આવે છે. તેના ઉપર તમારા ફાઈનાન્સની એમાઉન્ટ, વ્યાજનો દર અને તમારો ઈન્સ્ટોલમેન્ટ નકકી થાય છે. આ Debt to sustainability રેશીયો માં Debt to GSDP રાજય સરકારના કુલ ઘરગથ્થું ઉત્પાદન સામે દેવું કેટલું છે તેના ઉપર આ દેવુ કરવાની ક્ષમતા હોય છે. ૨૦૦૫ માં આ રેશીયો હતો, આ ગુણાંક હતો ૩૦.૬૩ ટકા તો ઘટીને ૨૦૦૬-૦૭ માં ૨૭.૬૫ થયો અગેઈન ઘટીને ૨૦૦૮-૦૯માં ૨૫.૮૦ થયો અને ૨૦૦૯-૧૦માં આ ૨૫.૮૬ થનાર છે તેવો અંદાજ છે. નાણાં વિભાગના આ Debt Management કારણે ૩૦.૬૩ હતો. maximum ceiling થોડો જ બહાર હતો તે રીડયુસ થઈને ૨૫.૮૩ પર લાવીને મૂકી દેવામાં આવ્યો છે. બીજો એક રેશીયો છે. Interest Payment to Revenue Receipts. આપે જે રેવન્યુ રીસીપ્ટ અને તેની સામે આપણે કેટલું વ્યાજ ચૂકવીએ છીએ આ પણ દેવું કરવાની ક્ષમતા માટેનો એક અગત્યનો માપદંડ છે. ૨૦૦૪-૦૫માં ૨૬.૮૨ ટકા હતો તે ૨૦૦૫-૦૬ ૨૧.૭૫ ટકા અને ૨૦૦૬-૦૭માં ૧૯.૯૭ અને ૨૦૦૮-૦૯ માં ૧૮.૪૬ અને ૨૦૦૯-૧૦નો રીવાઈઝ અંદાજ છે તેમાં ૧૭.૨૮ ટકા થનાર છે. આ બંને રેશીયોની ceiling છે. તેના bench mark તેની સામે રાજય સરકાર ૨૦૦૯-૧૦ ૨૫.૮૬નો રીવાઈઝ એસ્ટીમેન્ટ મૂકયો છે અને બીજો રેશીયો મેં કહયો તેનો bench mark છે ૨૦ તેની સામે રાજય સરકારે ૧૭.૨૮ રેશીયો મેળવી શકયા છીએ. This is rare. Benchmark માં જે નકકી કરેલા માપદંડથી ખૂબ નીચો છે. હજું પણ રાજય સરકારની દેવું કરવાની capacity unused છે. હજું વાપરી શકાય તેટલી ક્ષમતા રાજય સરકારમાં છે. debt sustainability મૂલ્યાંકન માટે મહેસૂલી આવકની ટકાવારીની સામે કુલ દેવાનો ગુણોત્તર અગત્યનો માપદંડ છે. આ પણ અગત્યનો મુદ્દો છે. As per the Review of the Fiscal Reform Facility by the Minister of Finance, a benchmark of ૩ for this ratio index states that the State is highly placed in terms of Debt and Debt Services.જો ત્રણ કરતાં વધી જાય તો સરકાર શ્રેય અનુભવશે એવું કહેવા માગે છે અને મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે રાજય સરકારે ગુજરાત સરકાર આ ગુણોત્તર ત્રણના Benchmark ને કયારેય cross કર્યુ નથી. (અંતરાય) I will conclude as soon as possible. The third debt એટલે કે Public Debt to Revenue Receipt ની વાત કરું તો ૨૦૦૪-૦૫માં ૨.૮૬ હતો, ૨૦૦૬-૦૭માં એ ઘટીને ૨.૩૪ થઈ ગયો અને ૨૦૦૯-૧૦માં ૨.૨૧ થવાનો અંદાજ છે. The Benchmark upper limit is ૩. એની સામે ૨૦૦૯-૧૦માં ૨.૨૧ થવાનો અંદાજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રજૂ કરવામાં આવેલા ત્રણેય benchmark ગુજરાત રાજયના debt sustainability ratio અને debt servicingને આ ચરિતાર્થ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે Debt Management ની ઓફિસની સ્થાપના Consolidated Sinking Fund માં pariticipation તથા બાંયધરી પર મર્યાદા જેવાં પગલાં લઈને debt sustainability ખૂબ ઉભી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક ખાધની પરિસ્થિતિમાં દેવા સાથેની તેની શરત એ છે કે, ચાલુ ભાવે GSDP નો વૃધ્ધિ દર દેવાના જથ્થા પરના ચાલુ ભાવે વ્યાજના દર કરતાં વધારે હોવો જોઈએ.

માનનીય અધ્યક્ષી, મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે, ૨૦૦૪-૦૫થી ૨૦૦૯-૧૦માં ગુજરાતમાં ચાલુ ભાવે GSDP નો વૃધ્ધિ દર ૧૫.૦૪ હતો. જયારે દેવાના જથ્થા પરના ચાલુ ભાવે વ્યાજનો દર સતત ઘ ટીને ૨૦૦૯ના અંતે ૮.૯૧ કર્યો. There is a difference of ૭%. આ difference છે અને એટલે વ્યાજ કરતાં વૃધ્ધિનો દર GSDP નો વૃધ્ધિ દર વધારે હોવો એ પણ આ રાજયના અર્થકરણ માટેની એક પોઝીટીવ મેટર છે. આટલા માટે જે કેન્દ્ર સરકાર આ લોન લેવા માટે, દેવા કરવા માટેની જે પરવાનગી આપે છે બીકોઝ કે આ રાજયની દેવુ sustain કરવાની એક તાકાત છે, ગુજરાતમાં આ તાકાત છે એટલા માટે આપે છે. આ સરકાર પાસે દેવુ કરવા માટેની ક્ષમતા છે, આ સરકાર પાસે દેવુ ચૂકવવાની ક્ષમતા છે અને આ જ સરકાર પાસે એનું વ્યાજ પણ ચૂકવવાની ક્ષમતા છે. એટલા માટે આયોજન પંચે, એટલા માટે કેન્દ્ર સરકાર (અંતરાય) debt નો રેશિયો રાજય સરકાર તેની debt sustainability ratio well below within permissible limits રાખ્યો હોય ત્યારે ભારપૂર્વક કહી શકાય કે debt at the current level and its projected rise is perfect in sustainability. કોઈ ચિંતા કરવાની જરૂર નથી એ sustainable છે, સાહેબ આપનો ખૂબ ખૂબ આભાર.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ રાજયના સ્વર્ણિમ જયંતી વર્ષનું જે વિકાસલક્ષી બજેટ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનું આ સ્વર્ણિમ બજેટ દેશના પ્રથમ પ્રધાનમંત્રીશ્રી જવાહરલાલ નહેરૂ અને પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલબિહારી બાજપેઈ તથા ગુજરાતના પ્રથમ મુખ્ય મંત્રીશ્રી ડો.જીવરાજ મહેતા સમયના બજેટની યાદ અપાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વર્ષ ૨૦૧૦-૧૧ના સ્વર્ણિમ બજેટમાં નાણાકીય માગણીઓ વિવિધ કામોના ખર્ચ અંગેની છે ખર્ચનું જે આયોજન છે તેનું જો ટૂંકમાં વિશ્લેષણ કરીએ તો રાજયના સમગ્રતઃ સર્વાંગિ વિકાસના આયોજનની એક સ્પષ્ટ છબી આમાંથી ઉભરતી આપણને દેખાય છે. ગુજરાતના સ્વર્ણિમ બજેટમાં ખર્ચ માટેના સાત દિશાનું દીર્ઘદૃષ્ટિ પૂર્ણ રાષ્ટ્રિય વીજન આપણને દેખાશે. આ સાત દિશા વીજનના મુદ્દા નંબર એક જણાવવા માગું છું કે, વિકાસ માટે સૌથી વધુ નાણાં ફાળવવા. ગુજરાતનો પાંચ વર્ષથી વિકાસ દર ૧૦ થી ૧૨ ટકાથી પણ વધુ છે જે દેશમાં સર્વોત્તમ છે આ બજેટમાં ૭૦ ટકા નાણાં વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવાયા છે. જયારે આની સામે ભારત સરકાર માત્ર ૩૦ ટકા નાણાં વિકાસ માટે ખર્ચે છે અને તે પણ ઉધાર લઈને, ચાલુ વર્ષે ભારત સરકારે રૂપિયા ચાર લાખ કરોડનું નવું દેવું કર્યું, ત્યારે આ ખર્ચ કરી શકેલ છે. આ બતાવે છે કે ગુજરાત સરકાર એકેએક પૈસાનો વિકાસ કાર્ય માટે સદ્ઉપયોગ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો નંબર બે એ છે કે, ખેતી, ગ્રામ વિકાસ, સિંચાઈ અને સામાજિક સેવામાં બાબત વર્ષ ૨૦૧૦-૧૧ની વાર્ષિક યોજનામાં ૭૪ ટકાની માતબર રકમની ફાળવણી કરી છે. રૂપિયા ૨૯૫૦૦ કરોડની વાર્ષિક યોજનામાં રૂપિયા ૨૧૭૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલી છે. આ તમામ નાણાં ખેડૂતો, ખેતમજૂરો, પીવાનું પાણી, ગ્રામિણ સગવડો, શિક્ષણ અને આરોગ્ય જેવા તમામ ક્ષેત્રોમાં રાજયની ૭૫ ટકા જેટલી આમ જનતાને આવરી લે છે. એટલે કે હકીકતમાં આ સ્વર્ણિમ બજેટ આમ આદમી માટેનું વિકાસલક્ષી બજેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદા નં.૩ એ છે કે, આદિવાસી, દલિત, અન્ય પછાત વર્ગ, અંતરિયાળ, દરિયાઈ, અને પહાડી વિસ્તારોમાં એ તમામ ક્ષેત્રોમાં સારું જીવન-ધોરણ જીવવા માટે જે જે સગવડોની હજુ પણ ખામી છે એ તમામ ખામીઓને દૂર કરી આ બધી સગવડો ઉભી કરવા માટેની અદ્‌ભૂત વિગતો આ બજેટમાં છે. દેશની બધી જ સરકારોએ અત્યારે સુધી આવી સોએ સો ટકા બધી જ સગવડો ઉભી કરવાને બદલે થાગડ થીંગડ પ્રોવિઝનો કરેલા છે જ્યારે આ પહેલી વખત માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાના વહીવટને કારણે ગુજરાતે આ ચીલો દેશમાં પ્રથમ વખત પાડ્યો છે. આનાથી આ પછાત વિસ્તારો અને વંચિતોને બધી જ સગવડો ક્રમશઃ ઉપલબ્ધ થશે. શું નાણા વિભાગનો આ ખર્ચ મંજૂર કરવા માટે કોઈ ચર્ચાની જરૂર લાગે છે આપણને?

માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદા નં.૪ એ છે કે, રાજ્યના ૨૨૫ તાલુકામાંથી અંદાજે લગભગ ૨૦ ટકા તાલુકા એવા છે જે શહેર નથી પરંતુ મોટા ગામડા જેવા છે એના કારણસર વહીવટમાં તેમજ તાલુકાની તમામ વસતિને અનેક મુશ્કેલીઓ પડતી હતી. આ સ્વર્ણિમ બજેટમાં રાજ્યના આવા તમામ તાલુકા મથકો જે શહેર નથી અને અન્ય તાલુકા મથકો જેવી સારી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સગવડ નથી એ તમામ તાલુકા મથકોને તેમની મૂળભૂત જરૂરિયાતોની તમામ સગવડો આ વર્ષે ઉભી કરાશે. આ પણ એક વિશિષ્ટ અને સર્વાંગી વિકાસનું પગલું દેખાશે જેને કારણે આવા તમામ તાલુકાના લગભગ ૩ થી ૪ હજાર ગામોના ગ્રામજનોને આનાથી ખૂબ જ મોટો ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદા નં.૫ નર્મદા યોજનાનો છે. નર્મદા યોજના માટે આ બજેટમાં માતબર એવી રૂા.૩૬૨૫ કરોડની એટલે કે બજેટના આઠમાં ભાગના નાણાની રકમ ફળવાય છે. આ યોજનાના કામોમાં કોઈકને કોઈક બહાના નીચે સરકારની ટીકાઓ કરવામાં આવે છે, પરંતુ હકીકતે વર્ષ ૧૯૪૬માં સરદારશ્રીના સ્વપ્ન જેવી આ યોજના કોંગ્રેસની સરકારોમાં જ અટવાતી રહી છે અને કેન્દ્ર સરકાર ગુજરાતને અંગૂઠો બતાવતી રહી છે. છેક ૨૦૦૦ની સાલમાં સુપ્રીમ કોર્ટનો ચૂકાદો આવ્યા બાદ ભાજપની સરકારમાં આ યોજનાએ સ્પીડ પકડી અને આજે આ બંધ પૂર્ણતાને આરે પહોંચ્યો છે. બંને વીજળી ઘરો તૈયાર થઈ ચાલુ થઈ ગયા છે, બંને ઈરિગેશન બાઈપાસ ટનલો બંધાઈ ગઈ, પીવાના પાણીની પાઈપ લાઈન રાજ્યમાં પથરાઈ ગઈ અને યોજનાના ફૈઝ નંબર એક અને હવે ફૈઝ નંબરમાં પણ સિંચાઈનું પાણી આપવાની શરૂઆત થઈ ગઈ છે, નદીઓના જોડાણની પણ શરૂઆત થઈ ગઈ છે અને માં નર્મદાના નહેરના કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે. છેલ્લા દસ વર્ષમાં ભાજપની સરકારે કરેલી આ કામગીરી અભૂતપૂર્વ છે અને તે માટે બજેટમાં અભૂતપૂર્વ નાણાની ફાળવણીઓ કરેલી છે. ભાજપની આ શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર પોતાની આ કામગીરીનો ઢંઢેરો પીટતી નથી પણ કોંગ્રેસના મિત્રો હંમેશા નર્મદામાં ઢીલનો ઢંઢેરો પીટે છે. એ લોકો અને એમના સાથીઓ પહેલા ૫૦ વર્ષ ક્યાં હતા?

માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદા નં.૬. વિવિધ કામો અંગેની ફાળવણીના આંકડાઓમાં હું જતો નથી પણ આ સ્વર્ણિમ બજેટમાં ખેતી માટે સોઈલ હેલ્થ કાર્ડ, હોલ્ટીકલ્ચર, ડ્રિપ ઈરિગેશન, પશુ આરોગ્ય, તળાવો ઉંડા કરવા, ચેકડેમ, પાણી પુરવઠા તથા દરિયાઈ અને રણ ક્ષેત્રમાં ઘસી આવતા ક્ષારના નિયંત્રણ માટેના ચોક્કસ આયોજનો કરેલા છે. ગામડાના મુસાફરો માટે ૨૦૦૦ નવી બસો, પાંચ લાખ ગરીબોને ઘરોમાં વીજળીકરણ, બે

લાખ શહેરી ગૃહિણીઓને પાઈપ લાઈનથી રાંધણ ગેસ ઘરે બેઠા મળે, શિક્ષણમાં અનેક નવી યુનિવર્સિટીઓ, નવી મેડિકલ કોલેજો, ટેકનિકલ ઈન્સ્ટીટ્યુટ, પોલિટેકનિકો, આરોગ્યમાં હોસ્પિટલોને અદ્યતન બનાવી મોટા પાયે વિસ્તરણ કરવું એવા અનેક પગલાં આ બજેટમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો આ પારદર્શીય શિસ્તબધ્ધ વહીવટ એજ ગુજરાતના વિકાસની મુખ્ય ચાવી છે કર વધાર્યા વગર અને સેંકડો કરોડની કર રાહતો આપ્યા પછી પણ છેલ્લા સાત વર્ષમાં રાજ્યની આવક ૩૫૦ ટકાથી વધી છે એની સામે ખર્ચનું ભારણ ઘણું ઓછું વધ્યું છે આ કારણે રાજ્યની નાણાકીય ખાદ્ય ૩ ટકાથી પણ ઓછી થઈ છે. ગેરંટીઓની જવાબદારીઓ રૂા. ૫ હજાર કરોડ જેટલી ઘટી છે તથા કુલ દેવું રાજ્યનો જી.ડી.પી. એટલે કે રાજ્યના ઘરેલું ઉત્પાદનના ૩૦ ટકાથી પણ ઓછું છે એ નાણાકીય શિસ્ત અંગેના ભારત સરકારના કાયદાની લિમિટની અંદર છે. આ શિસ્તબધ્ધ આયોજન અને કરકસરના પગલાઓને લીધે ગુજરાતે છેલ્લા સાત વર્ષમાં જે અદભૂત વિકાસ સાધ્યો છે એ વિશ્વભરમાં અભિનંદનને પાત્ર બન્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ ઉપરાંત રાજ્યએ તેના ૧૮,૬૦૦ ગામડાઓને વીજળી પહોંચાડી, સુરતના પુરમાં રૂા.૫ હજાર કરોડનો ખર્ચ થયો, નર્મદા યોજના ઉપર છેલ્લા ૮ વર્ષમાં ૨૦ હજાર કરોડથી વધુ નાણા ખર્ચયા તેમજ ખેત ઉત્પાદન છેલ્લા સાત વર્ષમાં ૪૦ હજાર કરોડ જેટલું વધ્યું, કપાસના ઉત્પાદનમાં મહારાષ્ટ્રની મોનોપોલી હટાવી ગુજરાત સમગ્ર દેશમાં નંબર વન બની ગયું, ગુજરાતના માચ્છીમારોની આવક રૂા.૧ હજાર કરોડ જેટલી વધી આમ સાહેબ, આ માગણીઓને હું સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૧મી સદી એ ભારતની સદી છે અને આપણી આ ૧૨મી ગુજરાત વિધાનસભાના તમામ માનવંતા સભ્યશ્રીઓનું પ્રથમ લક્ષ્ય ગુજરાતનો ગગનચુંબી વિકાસ અને બીજું લક્ષ્ય એ પણ બની રહે કે આપણે સૌ સાથે મળી આ વિકાસના ફળ આપણા વંચિતો એવા છેવાડા બંધુ-ભગીનીઓના પરિવાર સુધી પહોંચાડીએ. સબ સમાજ કો લીયે સાથ મે આગે હી બઢતે જાના હૈ, આપણે બધા સાથે મળી ગુજરાતનો જયજયકાર કરીએ.

**શ્રી સી.કે. રાઉલજી (ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી તેમની માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ આ ગૃહમાં લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ જે માગણીઓ લઈને આવ્યા છે એમાં માગણી ક્રમાંક ૧૫ એ માગણી બિલકૂલ નહીવત છે. અગાઉના વર્ષોમાં જે માગણીના અંદાજો હતા એ જોઈએ એના કરતા ૪.૭૯ ટકા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે એ કહેવા માગુ છું કે, આ રાજ્ય સરકાર ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાની ચિંતાની સાથે સાથે ગુજરાતના ૫ લાખ સરકારી અને અર્ધ સરકારી કર્મચારીઓની પણ જો ચિંતા કરી હોત તો મને આનંદ થાત. હું એ વાત કહેવા માગુ છું કે, આ માગણીઓમાં છઠ્ઠાં પગાર પંચના એરિયર્સની રકમ છે એ પાંચ હપતેથી આપવાની વાત છે પણ ૨૦ ટકા જેટલી રકમ જો આમાં વધારી હોત તો પણ આ ૫ લાખ કર્મચારીઓ પોતાના કુટુંબીજનોને સંતોષ આપી શક્યા હોત. આ લાગણીવાળી સરકાર નથી. આ કર્મચારી નાણા વિભાગના હોય કે, રેવન્યુ વિભાગના હોય કે સેલ્સટેકસ વિભાગના હોય એ આ લાગણી વગરની સરકાર છે એવો કર્મચારીઓ પણ અહેસાસ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પાંચમાં પગાર પંચની વાત કરું તો પાંચમાં પગાર પંચના એરીયર્સની રકમ ૧૯૯૭ થી ૨૦૦૧ની એક જ વર્ષમાં કોંગ્રેસના ટેકાથી ચાલતી અમારી રાજપની સરકારે આપી દીધી હતી. આજે આ પાંચ હપતામાં છઠ્ઠાં પગાર પંચના એરીયર્સની રકમ આપવાની છે તો હું તો એમ માનુ છું કે ૨૦૨૦ની સાલ સુધી એ છેલ્લો હપતો ઉપાડી શકશે નહીં અને એમાંય આ કર્મચારીઓને વ્યાજનું કેટલું નુકસાન થયું? સાહેબ, એક વર્ષનો ૨૮૦૦ કરોડનો ડિફરન્સ હોય છે અને બે વર્ષનો ૫૬૦૦ કરોડનો એટલે એમાં ૧ હજાર કરોડ જેટલી વ્યાજની ખાદ્ય આ કર્મચારીઓ ભોગવી રહ્યા છે. આજે આ કર્મચારીઓ ચિંતિત છે રાજ્ય સરકારના વહીવટની અંદર અને આ જોગવાઈઓની અંદર માગણીઓની અંદર તેઓને થાય છે કે અમારું શું થશે? એ એક વિચાર માગી લે એવો પ્રશ્ન દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગના કર્મચારીઓનું વાર્ષિક રીટાર્યમેન્ટ ડ્યુ છે એ પણ આ માગણીઓથી પરિપૂર્ણ થાય એવું નથી. રીટાર્યડ થતા કર્મચારીઓનું રીટાર્યમેન્ટ પણ આ માગણીઓથી સંતોષાય તેમ નથી. હું એ કહેવા માગુ છું કે, આ સરકાર ઉત્સવો પાછળના ખર્ચનું નિયંત્રણ કરી સરકારી કર્મચારીઓની લેણી રકમ વહેલી તકે ચૂકવી દે એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના મારા સાથી ધારાસભ્યશ્રીઓ એમ કહે છે કે, સરકારે ખૂબ વિકાસ કરી નાંખ્યો છે. ૧૯૬૦-૬૧માં વેચાણ વેરાની આવક ૧૯.૭૩ કરોડ હતી આજે ૨૦૦૮-૦૯માં ૧૬૮૧૦ કરોડની છે અને એમાંય આજે ૧૦૪૨૦.૨૩ કરોડની વસૂલાત બાકી છે. આ વસૂલાત નહીં થવાના કારણે, અને જો આ વસૂલાત રેવન્યુ રાહે કરે તો પણ આટલી બધી માગણીઓ લઈને આવવાની જરૂર ન પડે અને ૮૦ ટકા માગણીઓ એનાથી જ સંતોષાય જાય. માનનીય મંત્રીશ્રીને મારી તો વિનંતી છે કે, આ જે વેચાણવેરા વસૂલાત બાકી છે તેની રેવન્યુ રાહે વસૂલાત કરી અને આ માગણીઓમાં વધારો કરવામાં આવે તો અમને આનંદ થશે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ કરીશ (સમય સૂચક ઘંટડી ) આ બહુ અગત્યની વાત છે. આ સરકાર વૃદ્ધો

અને પેન્શનરોની ચિંતા કરતી હોય તો તેનો એક જ દાખલો આપું અગાઉ જિલ્લા અને તાલુકા છુટ્ટા પડ્યાં તેમાં એક દાખલો એટલા માટે આપું કે આજે વિરપુર અને બાલાસિનોર તાલુકો છૂટો પડ્યો બે વર્ષથી અને તેની પેટા તિજોરી તે વિરપુર ચાલતી હતી. આજે એક ગામની અંદર ૨૦૦-૨૦૦, ૩૦૦-૩૦૦ પેન્શનરો હોય છે, રિટાયર્ડ થયેલાં માણસો હોય છે. તે લોકોને આજે ૭૦ થી ૮૦ કિલોમીટર વિરપુરના છેવાડાના ગામથી બાલાસિનોર આવવું પડે છે. આ વિકાસની વાતો થાય છે તો આને પણ ધ્યાનમાં લેવું જોઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી નાણાં વિભાગની જે વાત લઈને આવ્યા છે ત્યારે આ વિભાગ એવો છે માનનીય અધ્યક્ષશ્રી, કે આ વિભાગમાં તમામ વિભાગો ઉપર નાણાંકીય અંકુશ રાખવાની જવાબદારી છે. કયાંય ખોટું થયું હોય તો નાણાં વિભાગ નહીં ના, ના વિભાગ કહેવું પડે બે વખત ના પાડવી પડે કે આ નહીં ચાલે. કમનસીબે પ્રજા ઉપર ટેક્સના ભારણ તો કયારેય ના થયા હોય એવા ભારણો આવ્યાં. પણ નાણાંનો દુર્વ્યય થતો હોય ત્યાં તેને રોકવામાં વિભાગનો કન્ટ્રોલ જતો રહ્યો છે. કેન્દ્ર સરકાર તરફથી આવતી ગ્રાન્ટ એક નહીં અનેક વિભાગોમાં વણ વપરાયેલી અથવા દુર્વ્યય થયા હોય એવા દાખલાઓ કેગ દ્વારા શોધાયા છે. તેને ચેક રાખવાનું કામ નાણાં વિભાગનું છે. આપે સેલ્સટેક્ષની જગ્યાએ વેટ ઇન્ટ્રોડ્યૂસ કરીને ગુજરાતની જનતા ઉપર કેટલો કરબોજ વધાર્યો. આપના પાંચ જ વર્ષનો મારે આંકડો આપવો છે. વેચાણ વેરામાં ૨૦૦૨-૦૩માં ગુજરાત સરકાર ૬૨૫૨ કરોડ રૂપિયા ગુજરાતની જનતા પાસેથી લેતી હતી. પાંચ જ વર્ષમાં ૨૦૦૭-૦૮માં ૬૨૫૨ની જગ્યાએ આપે ૧૫૧૦૫ કરોડ રૂપિયા ટેક્સના માત્ર વેચાણ વેરામાં આપે લીધા. જમીન મહેસૂલ ઓછામાં ઓછી રાખવી જોઈએ. આપ કયાં મહેસૂલના દરો લઈ ગયા. પાંચ વર્ષ પહેલાં ૨૦૦૨-૦૩માં માત્ર ૯૫ કરોડ રૂપિયા જમીન મહેસૂલમાંથી આપ ઉઘરાવતા હતા. આજે ૬૮૩ કરોડ રૂપિયા જમીન મહેસૂલમાંથી આ સરકાર ઉઘરાવતી થઈ છે. કુલ કરવેરા રાજય સરકારના ૨૦૦૨-૦૩ માત્ર ૯૫૨૦ કરોડ રૂપિયાના હતા. આજે ૨૧૮૮૬ કરોડ રૂપિયા ગુજરાતની જનતા પાસેથી આપ ઉઘરાવો છો. નાનો વેપારી છે ને તેને તો આપ દંડો મારીને તરત પૈસા વસૂલ કરી લો છો. પરંતુ જે મોટા છે તેના તરફ આપની ધાક વધતી નથી. મારે એક જ દાખલો આપવો છે ૩૧ માર્ચ, ૨૦૦૮ના રોજ ૮૦૧૫ કરોડ રૂપિયા આપને ઉઘરાવવાના બાકી છે. કેસ કબાડાના કારણે માત્ર ૧૮૦૦ કરોડ છે બીજામાં કેસ નથી આપ તેમ છતાંય તે નાણાં જો ઉઘરાવો તો ૮૦૧૫ કરોડ રૂપિયા તે ગુજરાતની તિજોરીમાં આવે કોઈ નવા ટેક્સ નાંખવાની જરૂરિયાત ના ઉભી રહે. પંચવર્ષીય યોજના આપે દસમી પૂરી કરી. મોટી મોટી વાતો કરીએ છીએ આપણે કૃષિ માટે કૃષિ પ્રધાન દેશમાં આપે જોગવાઈ કરી હતી ૪ લાખ ૧૬ હજાર ૯૦૦ લાખ રૂપિયાની પંચવર્ષીય યોજનામાં. ખર્ચો કેટલો કર્યો? કૃષિમાં જોગવાઈ દસમી પંચવર્ષીય યોજનામાં હતી તેની સામે માત્ર ૨ લાખ ૪૨ હજાર ૭૨૦ લાખ રૂપિયાનો જ આપે ખર્ચ કર્યો. પચાસ ટકાએ જ પહોંચી ગયા કૃષિમાં. કૃષિ રથ કરવાથી નહીં આપણી પ્રસિદ્ધિ થશે કિસાનનું હિત તો આ પૈસા વપરાય તો થાય. સામાજિક સેવાઓ અત્યંત જરૂરી હોય છે માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ૧૭,૭૨,૭૦૦ની જોગવાઈ કરી હતી આપે વાપર્યા કેટલાં ? તો ૧૫,૭૬,૫૮૭ લાખ રૂપિયા જ આપે દસમી પંચવર્ષીય યોજનામાં વધાર્યા. આપે જે સરકારી ખાતામાં નોકરીઓ ભરવાની હોય. આપ કહો છો પગારના કારણે બોજ આવે છે અરે, આપે તો નોકરીઓની સંખ્યા જ ઘ ટાટાડી દીધી. ૧૯૯૫માં ૨,૧૫,૦૦૦ સરકારી કર્મચારી હતા. આપે શું કર્યું? એ આંકડો તો વધવો જોઈએ ને? ૨,૧૫,૦૦૦ની જગ્યાએ ૧,૭૨,૦૦૦ સરકારી કર્મચારીઓ થઈ ગયા. આપે આટલી મોટી સંખ્યામાં વ્યકિતઓ, એ બેરોજગારીમાં વધારો થાય એવું કર્યુ. પરિણામ શું આવ્યું. શિક્ષિત બેરોજગારો, નોંધાયેલા બેરોજગારો, ૨ લાખ જેટલા ગુજરાતમાં વધી ગયા.

આપ ટેકસ ઘટાડો અને આવક વધશે. ટેકસ વધારશો, ચોરી થશે. સ્મગલીંગ થશે. બીજા રાજયમાંથી આવીને માલ અહીંયા વેચાશે. આપણું ટેકસનું સ્ટ્રકચર કેવું થઈ ગયું છે? આપણે ત્યાં મરચું થાય. આપણે ત્યાં ધાણાજીરૂ થાય. આપણે ત્યાં પેકીંગ થાય અને છતાં અમદાવાદ કરતા મુંબઈમાં સસ્તુ મળે. કારણ કે મરચું અને ધાણાજીરૂ એ આમ માણસ વાપરતો હોય, એ પેક થઈને ત્યાં જાય એના પર એક પણ પૈસાનો ટેકસ મહારાષ્ટ્રની સરકાર લેતી નથી. મોંઘવારી વધે છે. વડાપ્રધાનશ્રીએ ચિંતા કરી. મુખ્યપ્રધાનશ્રીઓની મિટિંગ બોલાવી. એ મિટિંગમાંથી આવીને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાને જાહેરાત કરી. કે મોંઘવારીની ચિંતા છે. હું વેલ્યુ એડેડ ટેકસમાં મારા આટલા આટલા આટલા ઘટાડા કરું છું. હરિયાણામાં ડિઝલ પર ૧૨ ટકા ટેકસ હતો. ઘટાડીને ૮ ટકા કર્યો. આપણે શું કર્યુ? ૧૨ રૂપિયાથી પણ વધારે પેટ્રોલ કે ડિઝલમાં આપણો ટેકસ છે. એ ઓછો કરી શકીએ. એક લિટરે ૫, ૧૦ રૂપિયા તો આપ રાહત આપી શકો એવી સ્થિતિ છે. પણ આપ એ કરવા માગતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે તમાકુ પકવતા રાજયોમાં ગુજરાતનું સ્થાન છે અને સૌથી ઓછું સેવન કરનારા લોકોમાં ગુજરાતનું સ્થાન છે. ત્યારે તમાકુ પકવતા બહાર જઈને બહારથી માલ કમાઈને લાવે, આપે રો તમાકુ પર ટેકસ વધાર્યો નથી, હું સહમત છું. પણ ફિનિશ જે છે એમાં આપ એવો ટેકસ કરવાના કે મહારાષ્ટ્રથી સ્મગલ કરીને લાવીને અહીંયા એ તમાકુ વેચાવાની છે અને ખરો નિષ્ઠા અને પ્રમાણિકતાથી વેપાર કરનારો વ્યકિત આપની તિજોરીમાં પૈસા આપનારો વેપારી. એને મુશ્કેલી થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારબલ અને કોટાસ્ટોન. કોટાસ્ટોન તો સામાન્ય માણસ વાપરે છે. અને મારબલ મંદિરોમાં વપરાય છે. રાજસ્થાનમાં જે ટેકસનું સ્ટ્રકચર છે. આપણે અહીંયા એ નથી રાખ્યું. એટલે શું થાય છે? મોટા બિલ્ડરો તો સીધું રાજસ્થાનથી ખરીદી કરે છે. એટલે આપને આવક જ નથી થતી. અને નાનો માણસ જે છે, રાજસ્થાન જઈને જે લાવી ન શકે. જેને ૫, ૧૦ બ્રાસ લાદી નાંખવી હશે, એને હેરાન થવું પડશે. આપણે ત્યાં ટાઈલ્સ બને છે. કેન્દ્ર સરકારે કહ્યું. એન્ટી ડમ્પીંગ ડયૂટી કરીને ચાઈનાથી આવતી ટાઈલ્સને રોકવાનો પ્રયત્ન કર્યો. તો આપણી જવાબદારી નથી? કે આપણે ટાઈલ્સને ટેકસમાંથી કંઈક મૂકિત આપીએ. લોકલ ટાઈલ્સને. કે જેથી કરીને ગુજરાતના વેપારીઓને ફાયદો થઈ શકે.

સેકન્ડ હેન્ડ વાહન આપની નજરે ચડી ગયા. અરે, ગરીબ, મધ્યમ વર્ગનો માણસ જે વાહન વાપરતો હોય, એના ઉપર આપે આજીવન ટેકસ લઈ લીધો હતો. હવે આપને શું અધિકાર છે? ફરી વખત વેચાય ત્યારેય તમારે ટેકસ લેવો છે, અને ફરી વેચાય ત્યારેય ટેકસ લેવો છે. અને એના કારણે શું થશે? મુશ્કેલીઓ વધશે. વાહન વેચનારો છે, એ નામ ટ્રાન્સફર નહીં કરે, કારણ કે મારે ટેકસ ન ભરવો પડે. અને બધા જ કોઈ ફાયનાન્સ એજન્સી મારફત વાહનો નથી હોતા. ફાયનાન્સ એજન્સીઓના હપતાઓ પૂરા થયા પછી વેચાતા વાહનો હોય છે. ત્યારે સામાન્ય અને મધ્યમ વર્ગ પર આપનો કરનો કોરડો વીંઝાય છે અને મોટા છે, એને માલામાલ કરવાની નીતિ છે. આ નીતિ વાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થયો આજે કે ૫૦ વર્ષની પરંપરા તૂટયા પછી વિરોધ પક્ષના નેતાના બંગલાનો ખર્ચ પૂછાયો. માનનીય અધ્યક્ષશ્રી, નીમાબેનને આપના મારફતે કહેવા માગું છું. એમનો પ્રશ્ન હતો. બે વર્ષમાં એક પૈસા માગણી વગર પણ સરકારે એની રીતે ખર્ચ કર્યો ને એ મુખ્યમંત્રીશ્રીના એક દિવસના હવાઈ મુસાફરીનો અડધોયે નથી થતો. માનનીય અધ્યક્ષશ્રી, આ જ સભાગૃહમાં આ જ માનનીય જાગૃત સભ્યશ્રી નીમાબેને જેમણે મારા બંગલાના ખર્ચની ચિંતા કરી, એમણે આ જ સભાગૃહમાં ૮ માર્ચ-૧૯૯૬માં એક શબ્દો વાપર્યા હતા. ૮ માર્ચ-૧૯૯૬, માગણીઓ પર ચર્ચા અને મતદાન. પાના નંબર ૨૨૦ પર. માનનીય નીમાબેનનું પ્રવચન છે, એની ૪ લાઈન વાંચીને મારી વાત પૂરી કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીમાબેન બોલ્યાં હતાં કે, "૩ કરોડ રૂપિયાની રોયલ્ટીની ચોરી થઈ છે એવી મેં ફરિયાદ કરી હતી ત્યારે ટીમ મોકલવામાં આવી હતી, પરંતુ એ ટીમમાં ભાજપના કાર્યકરો સાથે ભળી ગયા, ખાધું, પીધું એમાં પણ ભ્રષ્ટાચાર થયો. ટીમમાં આવેલ અધિકારીઓ અને ભાજપના કાર્યકરો ભ્રષ્ટાચાર કરીને પાછા જતા રહ્યા. સાંઘીએ તેમને રેસ્ટ હાઉસમાં ગાડી પણ પૂરી પાડી. આ સરકાર આ પાર્ટી માટે ફંડ ગુજરાત માટે ભેગું કરે છે એમ લાગતું હતું, પરંતુ હવે તો લોકોને એમ થાય છે કે આ લોકો તો આખા દેશનું ફંડ એ અબડાસાના ઉદ્યોગોમાંથી ભેગું કરવા બેઠા છે. "

માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય નીમાબેનના શબ્દો આ જ પક્ષના લોકો માટે હતા જેમને આજે બે વર્ષે ૭૫ હજાર રૂપિયા નડયા તેમને આપશ્રીની મારફત આ વાત સમર્પિત કરવા માગું છું. ગુજરાત રાજયમાં જે પરિસ્થિતિ ઉભી થઈ છે એમાં..

## પોઈન્ટ ઓફ કલેરિફિકેશન

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ કલેરિફિકેશનનો મુદ્દો છે. મને એમનો ખર્ચ નડતો નથી અને મને વાંધો નથી, પરંતુ તેમણે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીનો હેલિકોપ્ટનો ખર્ચ માગ્યો હતો અને તેમાં કોઈ અજૂગતું કાર્ય થયું નથી અને મને કોઈ એમનો ખર્ચ નડતો નથી. ખાલી બધાને જાણ માટેની જ વાત હતી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું તેમના કલેરિફિકેશનને આવકારું છું. હું માનું છું કે એ કહે છે કે નડતો નથી, પરંતુ નડવો જ જોઈએ. ચાહે વિરોધપક્ષના નેતાશ્રી પણ કોઈ પૈસો વધારાનો વાપરે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એ એકઝિકયુટિવ કલાસમાં જતા હોય તો એ નડવું જોઈએ, મારા ફેમિલીના સભ્યોનું હું મેડીકલ મૂકતો હોય તો એ નડવું જોઈએ, હું સામાન્ય પ્લેનમાં દિલ્હી જતો હોઉ અને સ્પેશ્યલ પ્લેન લઈને જાઉં તો આ સભાગૃહના સભ્યોને એ નડવું જ જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લે એ વાત કરીશ કે આપણે સ્વર્ણીમ ગુજરાતની ઉજવણી કરીએ છીએ એમાં પણ અમે સહકાર આપ્યો છે ત્યારે ગુજરાતનું ગૌરવ એ આપણા સૌના હિતમાં છે, પરંતુ પૂજય રવિશંકરમહારાજ જેમણે ગુજરાતની સ્થાપનાનો પાયો નાખ્યો હતો અને વાત કરી હતી તેમની એ વાતને આપણે ન ભૂલવી જોઈએ કે પ્રજાની તિજોરીનો એકપણ પૈસો એ કોઈપણ ખોટા ખર્ચ કે વૈભવ પાછળ ના વાપરવો. તેમણે કહ્યુ હતું કે મારું કોઈ પ્રતિષ્ઠા નું સ્મારક ના બનાવશો. એવા એ પૂજય શવિશંકર મહારાજને આપણે યાદ કરતા હોઈએ ત્યારે મારી નાણામંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે આપનો વિભાગ આ પૈસા આપે છે ત્યારે સ્વર્ણીમ ગુજરાતની ઉજવણી એ મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં્ આપણે સાદગીપૂર્ણ રીતે કરીએ. મેં મારા પક્ષના સભ્યશ્રીઓને કહ્યું અને એમણે પણ આ વાત સ્વીકારી છે. હમણાં સ્વર્ણીમ ગુજરાત અંગેની ઉજવણીમાં નૃત્યનો એક કાર્યક્રમ થયો એમાં બોમ્બેથી ૧૨ ડાન્સર આવીને પ્લેટફોર્મ ઉપર આવીને ડાન્સ કરે એ બરાબર

નથી. આદિવાસી વિસ્તારમાં આદિવાસી નૃત્યના સંસ્કાર છલકવા જોઈએ એમાં આવી નગ્નતા ના આવે એ સ્વર્ણીમ ગુજરાતની આપણી પ્રતિષ્ઠા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણીમ ગુજરાતમાં આપણે બહારના રાજયોમાં હરવા ફરવા માટે જવાની જરૂર નથી. આપણી પ્રતિષ્ઠા એમ પણ મોટી છે. જો આપણે જવું જ હોય તો એક ધારાસભ્ય બહારના રાજયમાં જાય તો એ પોતાના ઘરની ટિકિટ ખરીદીને જશે અને એ ટિકિટ નહીં ખરીદી શકે અને જો એ સરકારના પૈસે આ રીતે હરવા ફરવા જશે તો એ સ્વર્ણીમ ગુજરાતનું અપમાન છે, પૂજય રવિશંકર મહારાજે ગુજરાતની સ્થાપના સમયે આપણને આપેલ આદર્શોનું અપમાન છે અને એવું અપમાન તો કમસે કમ આપણે સ્વર્ણીમ ગુજરાતની ઉજવણીમાં તો ના જ કરીએ એટલા મારા શબ્દો સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જેમાગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી બબુભાઈ શાહે સી.એસ.ટી. વિશેની વાત કરી હતી અને ઈન્ટર સ્ટેટ મૂવમેન્ટ ગુડઝમાં જે ઈનપૂટ ઓછી કરી એના વિશે થોડીક માહિતી આપી હતી અને તેમણે એમ કહયું હતું કે જે એમ્પાવર કમિટી આટલી બધી કોંગ્રેસથી માંડીને અસીમદાસ ગુપ્તાની સમિતિ છે એ સમિતિ જે નિર્ણય લે એ તો ચોકકસપણે આપણે કહી હકીએ કે સાચો નિર્ણય હશે. મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે સી.એસ.ટી. કોમ્પોન્સેશન માટે એમ્પાવર કમિટીમાં જયાં મોટાભાગના કોંગ્રેસના સભ્યો છે તેમણે યુનેનીમસલી સેન્ટરને રજૂઆત કરી છે કે સી.એસ.ટી. કોમ્પોન્સેશનની જે કેન્દ્ર સરકારે ખાતરી આપી હતી એ રૂપિયા તમે આપી દો એના માટે યુનેનીમસલી રજૂઆત કરી છે અને અમે એપ્રિલમાં વિનંતી કરવાના છીએ કે રાજય સરકારના જે એમ્પાવર કમિટીએ નિર્ણય લીધા છે એ કેન્દ્ર સરકાર મંજૂર કરે અને હજુપણ વિચારીએ છીએ કે જી.એસ.ટી. લાવવા માટે જે ૨ ટકા સી.એસ.ટી.કોમ્પેન્સેશન આપવાની ખાતરી આપી હતી.એ આવતા દિવસોમાં ચાલુ રાખે, અને ચાલુ રાખે એના માટે આપણે ઈન્ટર સ્ટેટ મુવમેનટ ઓફ ગુડસની શરૂઆત જુલાઈ પહેલીથી કરીએ છીએ. ત્રણ મહિના અટલા માટે આપ્યા છે કે સેન્ટરમાં આના માટે વ્યવસ્થિત રીતે રાજયના હિતમાં નિર્ણય લેવાય. એટલે આ મુખ્ય કારણ ગુજરાતની સી.એસ.ટી. માટેનું હતું એટલે આપણે લાવ્યા હતા. વિરોધપક્ષના નેતાશ્રીએ ઘ ણી વાત કરી એમણે એક વાત કરી કે ૨૦૦૩-૦૪ માં ૬ હજાર કરોડની આવક હતી. અને ૨૦૦૭-૦૮માં ૧૫ હજાર કરોડની હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ બાકોરા પુરી પુરીને આવક વધારી છે. મહેનત કરી કરીને વધારી છે. અને આ બતાડે છે કે રાજયનું ડેવલપમેન્ટ કેટલું થાય છે. કેન્દ્રની કસ્ટમ ડયુટી વધી છે. કેન્દ્રનો ઈન્કમટેકસ વધ્યો છે આ બધા વધ્યા છે તે શું બતાડે છે કે કન્ટ્રી ઈઝ ગ્રોઈંગ,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ કલેરીફીકેશન છે. આપે હું બોલતો હતો ત્યારે નીમા બહેનને એલાઉ કર્યા હતા.

**અધ્યક્ષશ્રી** : મેં આપના વકતવ્ય પછી એમને એલાઉ કર્યા હતા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** નહી, સાહેબ, આપે મને બેસાડી દીધો હતો અને એમને એલાઉ કર્યા હતા. નીમા બહેન ઉભા થયા ત્યારે આપે મને બેસાડી દીધો હતો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સમય ખોટો બગાડે છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, સમય નથી બગાડતા, હું સમય આપીશ તમને.

**શ્રી શકિતસિંહ ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર અડધી જ લાઈનમાં મારી વાત પુરી કરીશ. બાકોરા બંધ કરીને ટેકસ વધાર્યો હોય તો ૨૦૦૨-૦૩માં જે ટેકસ હતો અને આજે જે ટેકસ છે, એનું સ્ટ્રકચર સેઈમ રહયું હોય ને તો એ કહી શકાય. આપ મને એટલું જણાવો કે એ ટેકસ સ્ટ્રકચર અને આજનું ટેકસ સ્ટ્રકચર સેઈમ છે ખરું? એકસ્ટ્રા સરચાર્જ નાખ્યો છે, ટેકસીસ બધે જ વધાર્યા છે.

**શ્રી સૌરભ પટેલ** : શકિતસિંહજી, ટેકસ કોને વધાર્યો કહેવાય તેના પણ તમને દાખલા આપું. આ પ્રમાણે સરકારે વારંવાર બાકોરા પુરીને ટેકસ સ્ટ્રકચર વધાર્યુ છે અને એમ્પાવર કમીટીમાં જયારે વેટનું ઈન્ટ્રોડકશન થયું અને વેટના ઈન્ટ્રોડકશન પછી જે રેટ નકકી કર્યા હતા તે રાજય સરકારે અમલમાં મુકયા છે અને અહીયા મોંઘ વારીની ચિંતા કરી. સામાન્ય માણસની અને ગરીબ વર્ગના માણસની ચિંતા કરી, એમણે મારબલની ચિંતા કરી, એમણે ટાઈલ્સની ચિંતા કરી આ સીરામીકની ચિંતા કરી, પણ અમે રોટીની ચિંતા કરીએ છીએ, અમે કપડાની ચિંતા કરીએ છીએ અને અમે મકાનની ચિંતા કરીએ છીએ. અને એના માટે રોટીની વાત કરું, ગુજરાતમાં ઘઉં અને ચોખા પર ટેકસ નાખ્યો હોત તો મોંઘવારી વધી હોત, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, આંધ્ર પ્રદેશમાં ૪ ટકા છે. આ વેટના નિયમો પ્રમાણે છે પરંતુ ગુજરાતે તેને માફી આપી છે. પલ્સીસ ટેકસ ફ્રી છે, દૂધ ટેકસ ફ્રી છે અને મહારાષ્ટ્રમાં ખાંડ પણ કડવી કરી નાખી છે ૪ ટકા લે છે. ગુજરાતમાં ખાંડ પર પણ માફી છે. મમરામાં માફી છે. આપણે ત્યાં. બ્રેડ, ખાખરા, પાપડ, અને તમે જોઈ આવો અનેક રાજય કોંગેસના બતાડીશ કે એમાં ટેકસીસ છે ગુજરાતમાં નથી. આજે અમે મારબલ ઉપર ટેકસ નાખીએ છીએ સીરામીક ઉપર સાડા બાર ટકા નાખીએ છીએ કેમ કે એ લોકોને પોસાય છે અને એ લોકોએ આપવો પડે. અમે કંઈ બૈઝિક જરૂરીયાત પર નાખતા નથી. ડે ટુ ડે વપરાશ, એલ.પી.જી. ગુજરાતે ટેકસ ફ્રી આપ્યો, બીજા રાજયમાં ૪ ટકા છે. કેરોસીન પી.ડી.એસ.નું

આપણે ત્યાં ટેક્સ ફ્રી છે બીજા રાજયમાં ૫ ટકા છે. કેરોસીનના સ્ટવ દિલ્હીમાં ૫ ટકા છે. ચા દિલ્હીમાં ૧૨ાા ટકા છે, કોફી સાડા બાર ટકા છે,. કોકો સાડા બાર ટકા છ, ઘી સાડા બાર ટકા છે, ડ્રાય ફ્રૂટ સાડા બાર ટકા છ,. મારે ફકત એટલું કહેવું છે કે આ સરકાર ગરીબો પર ટેક્સ નહીં નાખે ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી આપણે કપડા ઉપર ટેક્સ નાખ્યો નથી અને ગુજરાતમાં ટેક્સ ફ્રી છે. અને આપણા પડોશી રાજયએ ૪ ટકા કાપડ ઉપર ટેક્સ નાખ્યો, હવે ગરીબોની કોણ ચિંતા કરે છે? આ સરકાર ગરીબોની ચિંતા કરે છે. અમે દાખલો આપીએ છીએ કે જે કોઈ સૂચનો હોય, સલાહ હોય તે અમે પાલન કરીએ છીએ. બ્રીકસથી માંડી તમે એકે એક વિષય પર જુઓ નાના વિષય ઉપર સરકારે ચિંતા કરી છે. અને એના કારણે આપણે ગરીબોનું ધ્યાન રાખ્યું છે. ઘણી વખત વિરોધપક્ષ કહે છે કે સાડા બાર ટકા ઉપર કોઈ ટેક્સ જ નથી. દિલ્હીમાં એરેટેડ વોટર્સ પર ૨૦ ટકા ટેક્સ છે. કયાંથી આવ્યો? બીજું, રાજસ્થાનમાં ૧૪ ટકા છે. આંધ્રપ્રદેશમાં સાડા ચૌદ ટકા છે એટલે આપણે વાત કરીએ કે ગુજરાતમાં ટેક્સ સ્ટ્રકચર વધારે છે તો ખરેખર ગુજરાતમાં સ્ટ્રેકચર વધારે છે જ નહીં અને ગુજરાત એક માત્ર રાજય છે કે ગરીબોન માટે રોટી કપડા અને મકાન પર ધ્યાન રાખીને સૌથી ઓછો ટેક્સ રાખ્યો છે. કરોડપતિઓ જે મારબલ વાપરે કરોડપતિઓને ત્યાં સીરામીકના સારામાં સારા બાથરૂમ થાય તેના ઉપર રાજય સરકાર સાડા બાર ટકા ટેક્સ લે છે અને લેશે. આ જે empower committee unanimously નક્કી કર્યું છે કે આ પ્રમાણે આપણે આગળ વધવું જોઈએ. તેની અંદર ગુજરાત સરકારે ત્રણ વિષયો ઉપર ખાસ ભાર મૂક્યો છે અને ભાર એ છે કે નાના ઉદ્યોગોને પ્રોટેકશન આપવું જોઈએ. આજની તારીખમાં દોઢ કરોડ રૂપિયા સેનવેટની છૂટ મળે છે. એ આવતા દિવસોમાં કેન્દ્ર સરકાર ૧૦ લાખ કરવા માગે છે. ગુજરાત સરકારે અહીં વિરોધ કર્યો છે કે નાના ઉદ્યોગોના રક્ષણ માટે જી.એસ.ટી.માં આની લિમિટ વધારવી જોઈએ. જો એકસાઈઝમાં નાના ઉદ્યોગોને દોઢ કરોડની લિમિટ હોય તો GSTમાં ૧૦ લાખ કરી નાના ઉદ્યોગોને મારી નાખશે, નાના ઉદ્યોગો ખલાસ થઈ જશે. એના માટે આ ગુજરાત સરકારે વિરોધ કર્યો છે. બીજું જે આપણે વિરોધ કર્યો છે તે એ કે આવતા દિવસોની અંદર ટેક્સેશનની ઘણી બધી સત્તાઓ સેન્ટ્રલ પાસે જતી રહે. જો concurrent લિસ્ટમાં આવે તો સેન્ટ્રલનો કાયદો નક્કી કરે. એટલે આ વિધાનસભા સ્ટ્રકચર જે ટેક્સ નક્કી કરે છે એ ટેક્સના માળખાની અંદર આપણે કયારેય વિધાનસભા ટેક્સેશન વિશે ચર્ચા નહીં કરી શકીએ. એટલે આપણે ઓટોનોમી માગી છે કે આપણને થોડી ઓટોનોમી મળવી જોઈએ. કાલ ઉઠીને નેચરલ કેલેમીટીઝ આવે, પૂર આવે, કંઈ પણ આવે અને રાજય સરકારને આવક વધે તો ગુજરાત સરકારની પાસે થોડી ઓટોનોમી હોય તો ટેક્સીસ વધારી શકીએ એ પ્રમાણેની પણ આપણે રજૂઆત કરી છે. ત્રીજું, આપણે goods of local importance માગ્યા છે. આપણે ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી નાની-નાની જગ્યાએ થાય છે. આ બધાને જો GSTના કાયદામાં આવે તો ગૃહ ઉદ્યોગમાં ખૂબ મોટું નુકસાન થાય એટલે આ ત્રણ વિષય ઉપર આપણે GST ઉપર ખાસ ભાર મૂક્યો છે અને કેન્દ્ર સરકારને કહ્યું છે કે ગુજરાત GST માટે પોઝીટીવ છે. પરંતુ આ ત્રણ વસ્તુઓનો તમે ઉકેલ લાવો. જે નાના વ્યકિતઓને અસર થાય છે અને ચોથું compensation formula એવી પારદર્શક હોવી જોઈએ કે જે CST compensationમાં અમારા જે અનુભવ થયા છે એ અમારા અનુભવ બીજી વાર GSTમાં ન થાય એ પણ અમે ભારણ મૂક્યું છે એટલે મારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને સભ્યશ્રીઓને જાણ કરવી છે કે Gujarat economy is on a very sound footing as per RBI guideline, as per center policy and as per finance commission policy. અમે બધા જ નોર્મ્સ પાળીએ છીએ અને તેના કારણે કેન્દ્ર સરકારની નીતિના પ્રમાણે અમને સ્પેશિયલ ગ્રાન્ટ જે મળવાની હતી ૧૨th finance commissionમાં, અમારી economic policyના કારણે, fiscal disciplineના કારણે, અમે જે કામ કર્યું છે એના કારણે બધી જ ગ્રાન્ટ અમે લઈ શક્યા છીએ અને ગુજરાતનો સારો દાખલો ૧૩th finance commission એ અનેક મુદ્દાઓ સજેસ્ટ કર્યા એ એમણે લીધા હતા.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી નાણા વિભાગની માગણીઓ હતી તેના ઉપર શરૂઆતમાં માનનીય બાબુભાઈ શાહે જે રજૂઆત કરી કે કર્મચારીની સંખ્યા ઓછી છે, પણ કર્મચારીની સંખ્યા ઓછી હોવા છતાં કામ ઉપર કોઈ અસર થતી નથી અને જેટલી જગ્યાઓ ઓછી થશે એ રીક્રુટમેન્ટ રૂલ્સ અમારા તૈયાર થાય છે તેના આધારે જરૂરત મુજબ ભરપાઈ કરવામાં આવશે. બીજી આપે વાત કરી કે ૨૨૦૦ કરોડ કેન્દ્ર સરકાર આપતી નથી એવી વાત છે. તેનો ખુલાસો માનનીય સૌરભભાઈએ કરી દીધો છે. આ હાઈ પાવર કમિટીએ જ નક્કી કરેલું છે કે કેન્દ્ર સરકારે આ પૈસા ચૂકવવા જોઈએ અને ખરેખર બાકી છે અને ચૂકવતા નથી એ હકીકત છે એટલે એમાં પણ કંઈ કહેવાનું નથી અને ભાગ-ખમાં આપે જે બે ટકા રિબેટની વાત કરી છે એ મેં સ્પષ્ટ રીતે કહ્યું છે કે જો કેન્દ્ર સરકાર જે એને પ્રોમીસ આપ્યું છે એ પ્રોમીસ મુજબના જો પૈસા ન આપે તો જ આ બે ટકા એ ત્રણ મહિના પછી એની રજૂઆત એને લાગુ પાડવાની વાત છે. એટલે એ પણ કોઈ સવાલ રહેતો નથી. બીજું આપે કહ્યું કે બિહારને વધુ પૈસા અને એ રીતે મળે છે, પરંતુ જે કંઈ કેન્દ્ર સરકાર પૈસા આપે છે એ નાણા પંચની ભલામણ મુજબ કેન્દ્ર સરકાર ફોર્મ્યુલા નક્કી કરે છે કે આખા હિંદુસ્તાનની અંદર જે કસ્ટમનો ટેક્સ મળે, ઈન્કમટેક્સ મળે, કોરપોરેશન ટેક્સ મળે, વેલ્થ ટેક્સ મળે, એકસાઈઝ ડ્યૂટી મળે અને સર્વીસ ટેક્સ એના ટોટલની અંદર ભૂતકાળમાં ૩૦ ટકામાંથી ફાળવણી કરતા હતા, હવે ૧૩મા

નાણાપંચ પ્રમાણે ૩૨ ટકામાંથી ફાળવણી કરશે અને એ મુજબ દરેક સ્ટેટને આપવામાં આવે છે અને એમાં આપણને પણ આપણો ફાળો એ જ પ્રમાણે મળે છે. સ્પેશિયલ ગ્રાન્ટ કોઈ બિહારને આપતા હોય, જુદા કાર્યક્રમ માટે કેન્દ્ર સરકારની તો વાત જુદી છે બાકી તો નિયમ પ્રમાણે જ આપવાની વાત છે. આપે એમ કહ્યું કે ૧૯૯૭માં હું હતો ત્યારે મેં રાહત આપી. ૧૯૯૭નો ફીગર આપણે એટલા જ માટે કહ્યું. હું ૧૯૯૭ના આપને ફીગર કહું કે તમે જ્યારે રજૂઆત કરી ત્યારે આયોજનમાં મૂળ અંદાજ ૩,૮૮૭.૩૫ કરોડનો હતો અને તમે એ પૂર્ણ કર્યો ૩,૫૬૨ કરોડનો એટલે માઈનસ ૩૨૫ કરોડ તમે આયોજનમાં ઓછા વાપર્યા હતા. આયોજનની અંદર ઓછા નહીં પણ આયોજનની બહારનો ખર્ચ હતો એ તમે કર્યો હતો. ૧૦૦૯૦ કર્યો હતો અને એની અંદર વાપર્યા ૧૧૫૬૩ એટલે ૧૫૦૦ કરોડ આયોજન બહાર વધુ વાપર્યા. આયોજનની અંદર ઓછા વાપર્યા. તમારા વખતે રાહતો આપી હશે એ વાત જુદી છે. આપના પ્રવચનમાં જોઈ જજો. એની અંદર રૂ.૧૭૦/- કરોડનો ટેક્સ નાખ્યો હતો. આપ જે ૧૯૯૭ની વાત કરો છો એ કોઈ સવાલ નથી. તમે હો કે હું સત્તા ઉપર હોઉં. રાજયની આવકના પ્રમાણમાં રાજય સરકાર ખર્ચો કરે છે. એટલે હું હતો ત્યારે બહુ સારું શાસન હતું અને હવેનું શાસન સારું નથી એ ભ્રમણામાંથી બહાર નીકળી જવાની જરૂર છે. માનનીય બાબુભાઈ એટલા માટે થઈને ..(અંતરાય)

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દો રદ કરવા બાબત

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. (xxxx) અગાઉ આ શબ્દો અસંસદીય નક્કી થયેલ છે. આપે *(xxxx) બહાર નીકળી જવું જોઈએ. કોઈ સભ્યશ્રી વાત કરે છે એ સત્ય હકીકત છે. આ મંત્રીશ્રી વાત કરે છે એ બરાબર નથી. સભ્યશ્રી કહે છે એ ભ્રમણાથી કહે છે. કોઈપણ સભ્યશ્રી (xxxx) વાત કરે છે. એ બરાબર નથી. સભ્યશ્રી જવાબદારીથી જ બોલતા હોય છે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx) અસંસદીય હોય તો કાઢી નાખો. કોઈ વ્યકિત માટે નથી, અમારામાંથી આખે આખા નીકળી ગયા..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સારો માણસ કોઈ રહી શકે તેમ નથી. શ્રી કેશુભાઈ હોય કે બીજા હોય. તમારે ત્યાં કોણ આવે અને કોણ રહે એ દુનિયા જાણે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx) શબ્દ પાછો ખેંચી નાખજો, કૅન્સલ કરજો. બેસો, હવે બાબુભાઈ, બસ હવે, બોલવા દો.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (xxxx) શબ્દ નથી. આપનું પૂરું કરો. બાબુભાઈ, વચ્ચે ન બોલો. આપ બાબુભાઈ તરફ ધ્યાન ન આપો. આપનું પૂરું કરો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બાકી એમણે વાત કરી કે રાજયનું કરજ દર વર્ષે વધતું જાય છે. રાજયનું કરજ વધે છે. એ અમારી ઇચ્છા મુજબ અમારે વિકાસ માટે થઈને પૈસા વાપરીએ છીએ. કોઈપણ જાતના બીજા ખર્ચ માટે નથી અને આ અમને કેન્દ્ર સરકાર મંજૂરી આપે છે, આયોજન પંચ મંજૂરી આપે છે. બન્નેની મંજૂરી પછી આ કરજ વધે છે અને કરજ વધતું હોય તો અમને કેન્દ્ર સરકાર એપ્રિસેશન ન આપે. પણ કેન્દ્ર સરકાર તમારી ફાઈનાન્સીયલ પરિસ્થિતિ, તમારું જે દેવું છે એ નિયમની મર્યાદામાં છે. એટલા માટે થઈને દર વર્ષે લગભગ રૂ.૪૭૨/- કરોડ જેટલી દેવા નાબૂદી માટે થઈને, તમારી ફાઈનાન્સીયલ પરિસ્થિતિ સારી છે એટલા માટે અને છેલ્લા પાંચ વર્ષની અંદર લગભગ રૂ.૨૨૦૦/- કરોડ કેન્દ્ર સરકારે એપ્રિસેશન આપ્યું છે. આપે કહ્યું કે, તમારી ફાનાન્સીયલ પરિસ્થિતિ સારી છે એટલા માટે આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે શ્રી રાઉલજીએ વાત કરી, એમાં છઠ્ઠા પગાર પંચની વાત કરી. તો એમાં એટલું જ કહેવાનું છે કે, છઠ્ઠા પગાર પંચ માટેની જે સમજૂતી છે એ કર્મચારીઓ સાથે બેસીને કરેલી છે. એમાં જે તા.૧-૪-૨૦૦૯થી જે પગાર આપવાની વાત હતી એ પગાર નિયમિત મળે છે. બાકીના જે નાણા

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કર્મચારીઓને અને પેન્શનરોને આપવાના છે એ પાંચ હપ્તામાં આપવાના છે. એની સમજૂતીમાં કોઈ ભંગ કર્યો નથી. એ જ રીતે આપે કહ્યું કે, રિટાયર્ડ કર્મચારીને ૭૦-૭૦ કિ.મી. સુધી પેન્શન લેવા જવું પડે છે. એવી સ્થિતિ નથી. હવે તમામ લોકોને એના બેંકના ખાતામાં એને પેન્શન આપી દઈએ છીએ. કોઈ ટ્રેઝરીમાં આપવાનું કે જવાનું નથી. દરેક જિલ્લાની અંદર જિલ્લાના જેટલા પેન્શનરો છે એને એના બેંકના ખાતામાં પૈસા જમા થાય છે. એકપણ પેન્શનરને જવાનું નથી અને ગ્રામ્ય વિસ્તારની અંદર બેંકની શાખાઓ નથી ત્યાં અમે મની ઑર્ડરથી પૈસા મોકલીએ છીએ. એટલે હવે પેન્શનરોની કોઈ ફરિયાદ નથી. છતાંય તમારો કોઈ કિસ્સો હોય તો ચોક્કસ કહેજો. એની વ્યવસ્થા કરાવી દઈશું, કોઈ સવાલ નથી. એટલે એ જ રીતે માનનીય શકિતસિંહે વાત કરી કે, કેન્દ્ર સરકાર તરફથી આવેલી ગ્રાન્ટો છે એ વપરાતી નથી. હવે ગ્રાન્ટો આપવાની વાત હોય, ગ્રાન્ટ એ વસ્તુ જુદી છે અને પાર્ટલી હોય તો એ જુદી ગ્રાન્ટ ન હોય એ કેરી ફૉરવર્ડ થાય. એ પૈસા તો આપણને એમાંથી મળી ગયા હોય અને એ જેટલી હશે એ રકમના પ્રમાણની અંદર ઓછી હશે. ઘણીવાર કેન્દ્ર સરકારની ગ્રાન્ટો માર્ચમાં અને ફેબ્રુઆરીમાં આવે છે. અને આપે પહેલા વાત કરી કે આ ૬૨૫૨ કરોડ હતા અને એમાંથી આટલા ટેક્સ વધી ગયા, હવે દિવસે દિવસે રૂપિયાની કિંમત ઘટતી જાય છે. હું અહીં હાઉસમાં આવ્યો તે દિવસે ૩૫૦ રૂપિયા પગાર બધા ધારાસભ્યોને મળતા હતા અને અત્યારે બધાને ૪૦ હજાર- ૪૫ હજાર પગાર મળે છે. દિવસે દિવસે રૂપિયાની કિંમત ઘટતી જાય છે એટલે મારી નહીં કેન્દ્ર સરકારની અંદર પણ આ જ પરિસ્થિતિ છે. અને આપે જે કહ્યું કે જે કરવેરા ઉઘરાવવાના છે, એ આટલા બધા કરવેરા ૧૯૮૫ થી માંડીને અત્યાર સુધીમાં ૧ લાખ ૪૮હજાર સેલટેકસના અને એના જે કરવેરા હતા એમાંથી આજની તારીખે જે કરવેરા બાકી હોય, જેનો ધંધો બંધ હોય અને આવા બાકી તો કોર્ટના સ્ટે પડ્યા છે, એ સિવાય બાકી હોય એવું અત્યાર સુધીના કરવેરામાં માંડ પૉઈન્ટ ૪ ટકા, એક ટકો પણ નહીં, અડધો ટકો પણ નહીં પણ પૉઈન્ટ ચાર ટકા એવી રકમ છે એ બાકી રહી છે અને મેં ભૂતકાળની અંદર પણ આપ્યું છે, આપે જે બાકીની વાત કરી કે સરકારી કર્મચારી છે, પહેલા ૨ લાખ અને ૧૫હજાર હતા અને હવે ૧ લાખ ૭૨ હજાર છે. આ સરકારી કર્મચારી માટે થઈને કોંગ્રેસે જ ઠરાવ કર્યો હતો ૨૦ ટકા કાપ મૂકવાનો. (અંતરાય) ૨૦ ટકા કાપ તમે કરી લોને, ૨ લાખ ૧૫હજાર માંથી ૨૦ ટકા બાદ કરી નાખો એટલે ૪૩ હજાર બાદ કરી નાખો તો પાછળ કેટલા વધે અને આ તો આ ઓછા કરવાનું કામ એ તમે જ સૂચવ્યું હતું કે હવે આ કર્મચારી .. ..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, મારી સાથે જ વાત કરોને.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ થઈને આ રીતે વાત કરે છે. પહેલા કાપ એ મૂકે, એ કામ એ કરો અને એનો અપજશ અમને આપે. છાણવાળો પગ એ કરે અને લુવા અમારા લૂગડા ઉપર આવે આ કેવી રીતે વાત થાય, આ તમારું જ છે. ના હોય તો તમને વાંચી બતાવીશ, છબીલદાસભાઈ મહેતાના વખતની વાત છે. આ તો આ વારસામાં મળેલી વાત છે. એ રીતે જે ટેક્સ ઘટાડવાને અને રાજયની આવક વધારો તો આ ટેક્સ ઘટાડવાની વાત છે એનાથી કોઈ રાજયની આવક નથી હવે તો ટેક્સની અંદર માળખું ઓલ ઓવર ઇન્ડિયાનું વેટ આવવાથી સરખું થઈ ગયું છે એટલે કોઈ ઘટાડવાની વાત નથી છતાં કેન્દ્ર સરકારે મોંઘવારીને કારણે જ્યારે રાજય સરકારને વિનંતી કરી ત્યારે પેટ્રોલ અને ડિઝલની અંદર ગુજરાત રાજયે ૩ ટકા ટેક્સ ઘટાડ્યો છે. (અંતરાય) આમ આમ કરોમાં આ હકીકત છે. આ ૩ ટકા આજની તારીખે ચાલુ છે. (અંતરાય) આજની તારીખે ૩ ટકા ચાલુ છે.

**અધ્યક્ષશ્રી** : આપ શકિતસિંહજીને જવાબ ના આપો આપ મારી સામે જુઓ . શકિતસિંહજી હું આપને તક આપવાનો જ છું. ક્રોસ ટોક ના કરો.

**શ્રી વજુભાઈ વાળા** : આ ૩ ટકા ઘટાડ્યો છે. તમાકુ ઉપર જે ટેક્સ નાખવા માટેની વાત કરે છે ગુજરાતની અંદર રો- તમાકુ ઉપર કોઈ ટેક્સ નથી પણ જે લોકો તમાકુના બંધાણી છે અને સુપ્રિમ કોર્ટે પણ કહ્યું છે કે જે મોઢાના કેન્સર થાય છે એમાં ૯૦ ટકા તમાકુના સેવનથી થાય છે અને આને તમારે કંટ્રોલ કરવું જોઈએ એમ એને પણ કહ્યું છે. તમાકુ ખાવા વાળાની કોઈ દયા રાખવાની જરૂર નથી. બાકી મારબલ ઉપરના ટેક્સની વાત કરી મોટર ઉપર, મધ્યમ વર્ગ મારબલ અને મોટર વાપરે છે? એને તમે મધ્યમ વર્ગ કહેતા હોવ, મોટર વાપરવાવાળાને જો મધ્યમ વર્ગ કહેતા હોય, આપની સામે જ જોઉ છું માનનીય અધ્યક્ષશ્રી, પણ એ સાંભળે છે કે નહીં એટલા માટે એમના સામું જરીક નજર નાખુ છું અને ટાઈલ્સની અંદર મુકિત આપવાની વાત કરી છે. આ વેટના કારણે આખા ભારતમાં એક જ સરખો કાયદો છે એટલે આ કંઈ થઈ શકે નહીં અને એમણે જે વાત કરી કે મુખ્યમંત્રીશ્રીનો એક દિવસનો વિમાનનો પ્રવાસ છે એ મારા બંગલાના ખર્ચ બરાબર છે. મારે એ કહેવાનું છે કે આવું જ હોયને તો માનનીય વિરોધ પક્ષના નેતાને હું કહુ કે આ જ શિખામણ જઈ અને દિલ્હીમાં જઈને આપી આવે. મને રાજકોટમાં ખબર છે કે કોંગ્રેસના મોટા વ્યકિત આવ્યા હતા ત્યારે .. (અંતરાય) શું છે? રાડુ પાડોમાં એમાં કહેવું હોય ને તો રાડુ પાડવાની જરૂર નથી.

**અધ્યક્ષશ્રી** : આપ કેરીઓન કરો. એમણે કોઈ અજુગતું નથી કહ્યું એમણે દિલ્હીમાં કોઈનું નામ દીધા વીના જ કહ્યું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જે વ્યકિત ગૃહમાં હાજર નથી શરૂ જ કર્યુ છે. .. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : .. સતત (અંતરાય) રાજકોટમાં પણ કોઈનું નામ નથી દીધું એમણે

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઈનું નામ જ નથી લેતો. તમારા કોગ્રેસ છે એની વાત કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોંગ્રેસે ઈકોનોમી ક્લાસમાં જવા માટે .. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહ, આપ બેસી જાવ, એમનું પૂરું થવા દો. માનનીય મંત્રીશ્રી આપનું પ્રવચન પૂરું કરો.

**શ્રી વજુભાઈ વાળા** : આ રીતે મુખ્યમંત્રી છે એને ઝેડ કેટેગરી મળે છે. એના માટે થઈને એના ભેગા સાર્જન્ટ હોય એના માટેની વાત હોય તો કોઈ સવાલ નથી. અમે જે કાંઈ ખર્ચ કરીએ છીએ એ ચોપડે માંડીને કરીએ છીએ. (અંતરાય) માંડવો પડે પડે એમ નહીં. આપે એમ કહ્યું કે હું ઈકોનોમી ક્લાસમાં જાઉ છું. તમે જાઓ છો તો અમે ક્યાં જઈએ છીએ? આપને પણ કેબિનેટનું સ્ટેટસ મળ્યું છે. અમને પણ કેબિનેટનું સ્ટેટસ મળે છે. અમે કાંઈ સ્પેશિયલ પ્લેન લઈને નથી જતાં, અમે એક્ઝિકયુટીવ ક્લાસમાં જતા નથી. અમે પણ બાકીના ક્લાસમાં જઈએ છીએ. એ જ પ્રમાણે જ થાય છે. પ્રશ્નોત્તરીનો જવાબ ગમે તે આપ્યો હોય અત્યારે મારો જવાબ સાંભળો. આ જ રીતે જે સ્વર્ણિમ ગુજરાત માટે એક પણ પૈસો ગેરમાર્ગે ગયો છે એમ કહેવું ઉચિત નથી. રવિશંકર મહારાજની આપે વાત કરી. ચોક્કસ બધાને એ રીતે કરીએ છીએ. આ રાજ્ય સરકારનો એક પણ પૈસો ગેરમાર્ગે ક્યાંય વપરાતો હોય તો ધ્યાન દોરજો. એક પૈસો ક્યાંય ગેરમાર્ગે નથી વાપરતા. વિશેષ ન કહેતાં હું એટલું જ કહીશ કે આ ગુજરાત રાજ્યની આર્થિક પરિસ્થિતિ ઘણી સદ્ધર છે અને મેં આ વખતે અંદાજપત્રની અંદર ૬૯,૫૬૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે અને એમાં મારું આયોજનનું ખર્ચ છે એ ૨૩,૦૦૦ કરોડમાંથી ૨૯,૫૦૦ કરોડ રૂપિયા એટલે ૨૫ ટકા મેં વધારો કર્યો છે. આજે હું કહું છું કે કોંગ્રેસનું એક પણ રાજ્ય બતાવો કે જેણે ૨૫ ટકા એના આયોજન ખર્ચની અંદર વધારો કર્યો હોય. વિશેષ કાંઈ કહેવાનું નથી. માનનીય સૌરભભાઈએ બધી વાત કરી દીધી છે. હું માનનીય સભ્યશ્રીઓને કહું છું કે, નાણા વિભાગ, પેન્શન એન્ડ પ્રોવિડન્ડ વિભાગ અને તિજોરી વિભાગ એ તમામની કામગીરી આજે પ્રજા માટે સંતોષકારક રીતે ચાલે છે અને આ સંતોષકારક રીતે જે ચાલે છે અને રાજ્યની આવક પણ દિવસે દિવસે વધતી જાય છે. ફાયનાન્સિયલ પરિસ્થિતિ પણ ગુજરાતની સદ્ધર થતી જાય છે. એટલે માનનીય સભ્યશ્રીઓને એટલી જ વિનંતી કરવાની કે એમની કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને મારી તમામ દરખાસ્તો મંજૂર કરે એવી એમને વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું બે બાબતો જાણવા માગું છું. એક તો એમણે કહ્યું કે અમે જે ટેક્સ લઈએ છીએ એ વેલ્યુએડેડ ટેક્સ છે એ કેન્દ્રએ નક્કી કર્યો એ લઈએ છીએ. કેન્દ્રએ બે સ્લેબ આપ્યા છે. મિનિમમ અને મેક્સિમમ, મિનિમમ સ્લેબ આપણે લેતા નથી. આપણે સ્લેબ વધારે લઈએ છીએ અને ઉપરાંત ૨૫ ટકાનો સરચાર્જ લઈએ છીએ. આપે નાખ્યો ત્યારે એક વર્ષ માટે આપે કર્યું હતું. એ સરચાર્જ નાબૂદ કરવા માગો છો કે કેમ? બીજું કે, વહીવટી જે ગંદકી થાય અને છાણ આપ નાખો અને કોઈનો પગ બગડે તો આપના કપડે જ લૂછવો પડે. બીજે ક્યાં શોધવા જઈએ. કારણ કે આપે ગંદકી કરી છે એટલે મારે આપને એ પૂછવું છે કે જે (અંતરાય) પ્રશ્ન પૂરો થાય ત્યારે કે એમને એમ આપી દેવો છે?

**અધ્યક્ષશ્રી** : એમનો પ્રશ્ન પૂરો થઈ જાય પછી જવાબ આપો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારનું જે ભંડોળ આવેલ છે તે ભંડોળ સમયસર નહીં વપરાવાના કારણે રાજ્યને નુકસાન થયું છે. જે કૉમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલે કરોડોમાં લખ્યું છે. આપ કહો છો કે એ થયું જ નથી. કેગ એ બંધારણીય તટસ્થ સંસ્થા છે એણે લખ્યું છે ત્યારે આપ એના પર કોઈ ચેક મૂકીને રાજ્યના હિતમાં આવેલા પૈસા સમયબદ્ધ રીતે વપરાય એના માટે કોઈ આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પૈસા કેન્દ્ર સરકાર આપે કે રાજ્ય સરકારના પૈસા હોય એ સમયબદ્ધ વપરાય એના માટે થતું જ હોય છે. ન હોય તો એ હકીકત છે કે ભૂતકાળમાં આવતી હતી એ છે. મારું કહેવાનું એ છે કે અમે કરેલું કૃત્ય હોય અને એ તમે જે બતાવો તો ઠીક છે. આ તો ૨૦ ટકા કાપ તમે મૂકો અને પગ અમારા કપડે લૂછવા આવો એના માટેની મેં વાત કરી છે. બાકીનો જે ટેક્સ છે એ અમને મળેલી સત્તા છે અને એના માટે થઈને હાઈ પાવર કમિટીએ પણ અમને નથી કહ્યું કે આવું તમે ન કરશો. આખા હિન્દુસ્તાનમાં વ્યવસ્થિત રીતે જો કોઈ તંત્ર ચાલતું હોય તો એ ગુજરાતની અંદર ચાલે છે.

**શ્રી સૌરભ પટેલ** : મારે એક ખુલાસો આપવો છે. (અંતરાય) ખુલાસો નહીં હકીકત કહું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોઈને સવાલ પૂછવા દેતો નથી એટલે ખુલાસાની પણ જરૂર નથી.

**શ્રી સૌરભ પટેલ :** દેશની અંદર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારે સમયની સાથે ચાલવાનું છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ભાષણ કર્યા પછી શેના ખુલાસા..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે સવાલ નથી પૂછવાનો. (અંતરાય) હવે હું સવાલ માટે સમય નથી આપતો. એમને પણ કહું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## ગિલોટીન કરેલી માગણીઓ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૦-૧૧ ના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ ૧૦૮ માગણીઓ સમાવિષ્ઠ છે એમાંથી ૫૧ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઈ ગઈ છે. આથી બાકીની ૫૭ માગણીઓ પૈકી ૨ માગણીઓ બિનમતદાન હોવાથી તે સિવાયની ૫૫ માગણીઓ હું ગિલોટીથી મતદાન માટે રજૂ કરું છું જેના માગણી ક્રમાંક નીચે મુજબ છે.

**ગિલોટીન થયેલી માગણીઓ**

માગણી ક્રમાંક : ૧, ૩, ૭, ૧૦, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૨, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૭, ૫૮, ૫૯, ,૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ આ માગણીઓ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી હું આપના મારફત વિનંતી કરું છું.

**માગણી ક્રમાંક : ૧, ૩, ૭, ૧૦, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૨, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૭, ૫૮, ૫૯, ,૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી :** હવે હું રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક : ૩૬ અને ૩૭ મત માટે મૂકું છું.

**માગણીઓ મત પર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૧૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ સોમવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૧૦ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૯ માર્ચ,૨૦૧૦**
**ચૈત્ર ૮, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# ટૂંકી મુદતનો પ્રશ્ન

**ટૂં.મુ. ૯૧ શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં માની, ટોકરપાડા તથા આસલોણા આદિવાસી વસ્તી ધરાવતા ગામોમાં નાના બાળકોમાં ભેદી બિમારી લાગુ પડતા બાળકો ટપોટપ મૃત્યુ પામી રહ્યા છે તે હકીકત સાચી છે,
૨. તા. ૧૦ માર્ચથી ૧૮ માર્ચ ૨૦૧૦ સુધીમાં ૭ (સાત) આદિવાસી બાળકો મૃત્યુ પામ્યા છે અને બીજા અસરગ્રસ્ત છે તે ગંભીર હકીકત સરકારે જાણે છે,
૩. આ ભેદી રોગચાળાના શાં કારણો છે અને
૪. આ ભેદી રોગચાળાને કાબુમાં લેવા તથા નિર્દોષ આદિવાસી બાળકોને ઉચ્ચ કક્ષાની તબીબી સુવિધા પુરી પાડવા સરકારે શું આયોજન કર્યું છે?

**આરોગ્ય મંત્રીશ્રી:**

જવાબમાં એક નાનો સુધારો છે. જે વિશ્વ આરોગ્ય સંસ્થાના સહયોગ માટે આ સમગ્ર રોગચાળાની વૈજ્ઞાનિક તપાસ હાથ ધરવા માટે જવાબમાં તારીખ લખી છે ૨૩ જાન્યુઆરી-૨૦૧૦ તેના બદલે અંશતઃ સુધારો કરીને ૨૩ માર્ચ ૨૦૧૦ વંચાણે લેવા નમ્ર વિનંતી છે.

૧. ના,જી.
૨. હા,જી
- તા. ૧૦થી ૧૮ માર્ચ નહીં પરંતુ તા. ૦૬/૦૩/૨૦૧૦થી તા. ૨૪/૦૩/૨૦૧૦ સુધી કુલ ૬ બાળકોના મૃત્યુ થયા છે.

૩. આ રોગચાળાનું કારણ મહદઅંશે વાયરલ ફીવરની સાથે ઓરીની બિમારી હોવાનું જણાયેલ છે.
૪. વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકાના ચીચપાડા, માની, ટોકરપાડા વિસ્તારમાં ઓરીનો રોગચાળો નોંધાતા રાજય સરકારે રોગ નિયંત્રણ માટે લીધેલ ત્વરિત પગલાંની વિગત

- સમગ્ર અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વેલન્સ માટે ૩૬ પેરામૅડિકલ સ્ટાફની ૨૨ ટીમો દ્વારા સર્વેક્ષણ હાથ ધરવામાં આવેલ છે.
- જેમાં એમ.બી.બી.એસ. ત્રણ તબીબી અધિકારીઓ દ્વારા સ્થળ ઉપર ૨૪ કલાક પ્રાથમિક સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- બાળકોની તજજ્ઞ દ્વારા સારવાર માટે કપરાડા-સી.એચ.સી. ખાતે એક પીડીયાટ્રીશન (ડૉ. હિતેશ પટેલ) તેમજ જિલ્લા કક્ષાની વલસાડ હૉસ્પિટલ ખાતે ત્રણ બાળરોગ તજજ્ઞો પ્રતિનિયુકત કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.
  ૧. ડૉ. આશા ચૌધરી, એમ.ડી. (પીડીયાટ્રીકસ)
  ૨. ડૉ. અશ્વની માસ્કર, એમ.ડી. (પીડીયાટ્રીકસ)
  ૩. ડૉ. દિનેશ માંડલ, ડી.સી.એચ. (પીડીયાટ્રીકસ)
- તા.૨૦/૦૩/૨૦૧૦ના રોજ આ રોગચાળો વકરી રહ્યો છે તેવું ધ્યાને આવતા તુરત જ મૅડિકલ કૉલેજ સુરતની રેપીડ રીસ્પોન્સ ટીમ રવાના કરવામાં આવી, જેના સભ્યો નીચે મુજબ છે.
  ૧. ડૉ. મમતા વર્મા, (આસી. પ્રોફૅસર-પી.એસ.એમ.)
  ૨. ડૉ. દર્શન ચૌહાણ, (આસી. પ્રોફૅસર-પીડીયાટ્રીકસ)
  ૩. ડૉ. રાજન વળવી (આસી. પ્રોફૅસર-મૅડિસિન)
  ૪. ડૉ. ગૌરવ ગોયલ, (રેસીડેન્ટ-માઈક્રોબાયોલોજી)
  ૫. ડૉ. સંગીતા રેવડીવાલા, (ટયુટર-માઈક્રોબાયોલોજી)
- તા. ૨૧/૦૩/૨૦૧૦ના રોજ
  - વિભાગીય નાયબ નિયામકશ્રી સુરત,
  - નાયબ નિયામકશ્રી (મોબાઈલ એપેડેમીક ટીમ)

- રેપીડ રીસ્પોન્સ ટીમ સુરત મૅડિકલ કૉલેજના તજજ્ઞો,
- એપીડેમીક રીસ્પોન્સ ટીમ,
  વિનાની સુરતના મૅડિકલ ઑફિસર, ઈ.સી.એસ.એસ,
- જિલ્લાના અધિકારી, સી.ડી.એચ.ઓ,
- જિલ્લા આર.સી.એચ.ઓ.
- જિલ્લા એપેડેમીક મૅડિકલ ઑફિસર,
- કપરાડા બ્લૉક ખાતે બ્લૉક હેલ્થ ઑફિસર, અને અન્ય અધિકારીશ્રીઓમાં પ્રા.આ. કેન્દ્રના એમ.ઓ.શ્રીઓએ તુરત સ્થળ ઉપર પહોંચ્યા. આયોજન કર્યું અને ઈમરજન્સી એકશન પ્લાન તૈયાર કર્યો.

સાથે ચર્ચા કરી તાત્કાલિક વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના જે તે ગામોમાં પહોંચી, સર્વેલન્સ કરી, સા.આ. કેન્દ્ર કપરાડા ખાતે તજજ્ઞો દ્વારા તપાસ કરી, ત્રણ દર્દીને વલસાડ સિવિલમાં મોકલી આપ્યા.-વધુમાં અસરગ્રસ્ત વિસ્તાર મુલાકાત લઈ, જરૂરી તપાસ, સર્વે, વર્બલ ઓટોપસી, તેમજ જરૂરી સ્થળ ઉપર સારવાર આવશ્યક સૂચનાઓ, ગ્રામજનો સાથે ચર્ચા કરવામાં આવેલ. આ મુજબ કામગીરી હાથ ધરેલ છે.

- અસરગ્રસ્ત વિસ્તારોમાં તા. ૨૧-૦૩-૧૦થી ઘનિષ્ઠ સર્વેલન્સની કામગીરી કરી.
- તા. ૨૪-૦૩-૨૦૧૦ સુધીમાં કુલ ૧૫૨૬૨ વસ્તીનું સદર રોગચાળા માટે સર્વેક્ષણ થયેલ છે.
- સદર વિસ્તારમાં ૫ વર્ષથી નાના બાળકો જેમાં ઓરીની રસી અગાઉ ન લીધી હોય તેવા કુલ ૫૦ બધા જ બાળકો માટે ઓરીનું રસીકરણ હાથ ધરેલ છે.
- તેમજ પાંચ વર્ષથી નાના કુલ ૪૩૩ બાળકોને વિટામીન-એ પણ આપવામાં આવેલ છે.
- ઉપરોક્ત ગામોમાંથી મળેલા શંકાસ્પદ કેસોને સા.આ. કેન્દ્ર કપરાડા ખાતે બાળરોગ તજજ્ઞ દ્વારા તે જ દિવસે સારવાર આપી અને આજે પણ આપવામાં આવે છે. જનરલ હૉસ્પિટલ વલસાડ ખાતે ત્રણ બાળરોગ તજજ્ઞ દ્વારા બાળકોની તપાસ કરવામાં આવે છે અને સારવાર આપવામાં આવેલ છે.
- કુલ ત્રણ દર્દીઓ હાલમાં સારવાર હેઠળ જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરેલ છે, જનરલ કન્ડીશન સારી છે.
- સા.અ. કેન્દ્ર કપરાડા ખાતે ડૉ. હિતેશ પટેલ બાળરોગ નિષ્ણાત મૂકવામાં આવેલ છે, સેવા આપે છે અને રોગચાળામાં જરૂરિયાત સુધી ત્યાં મૂકવામાં આવેલ છે.
- વલસાડ હૉસ્પિટલ ખાતે ત્રણ બાળરોગ નિષ્ણાત હાલમાં ફરજ બજાવે છે.
- આરોગ્યની ટીમ દ્વારા ઘરે ઘરે બે માસ સુધી અનુવર્તી તપાસ અને તાવના કેસોની શોધખોળ તથા સંપૂર્ણ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવશે અને જરૂરી સારવાર પૂરી પાડવામાં આવશે.
- સમગ્ર વિસ્તારમાં આ રોગ અટકાયત અંગેનું આરોગ્ય શિક્ષણ ઘરે દ ારે ફરીને પૂરું પાડવામાં આવે છે તે મુજબ અત્યાર સુધીમાં કુલ ૧૨૪૮૭ લોકોનું ઘરે ઘરે ફરીને વ્યકિતગત પરિસંવાદ **(IPC)** અને જૂથ ચર્ચા કરવામાં આવેલ છે.
- વિશ્વ આરોગ્ય સંસ્થાના સહયોગ માટે આ સમગ્ર રોગચાળાની વૈજ્ઞાનિક તપાસ હાથ ધરવા માટે તા. ૨૩/૦૩/૨૦૧૦થી ડૉ. અનીસ સિંહા, વિશ્વ આરોગ્ય સંસ્થાને પત્ર લખવામાં આવેલ છે અને તે મુજબ સર્વેલન્સ મૅડિકલ ઑફિસર, સુરત દ્વારા સ્થાનિક આરોગ્ય ટીમના લાયેઝનથી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

- તા. ૨૧/૦૩/૨૦૧૦ પછી કોઈ બાળકનું મૃત્યુ આ પ્રકારના રોગચાળાથી થયેલ નથી તે જોતા અત્યાર સુધી થયેલ આયોજન અસરકારક હોવાનું જણાય છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શાળામાં ભણતા નાના બાળકો જે રીતે મૃત્યુ પામ્યા તે આપણાં બધા માટે ચિંતાનો વિષય છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કપરાડા તાલુકાના માની, ટોકરપાડા અને આસલોણા ગામોમાં જે સાત બાળકો મૃત્યુ પામ્યા તેમને તબીબી સારવાર શા માટે સમયસર પહોંચાડવામાં આવી નથી? જે બાળકો મૃત્યુ પામ્યાં તેને તબીબી સારવાર પૂરી પાડવામાં નિષ્ફળ જનાર ડૉક્ટરો, અધિકારીઓ સામે કોઈ કાર્યવાહી કરી છે કે કેમ અને મૃત્યુ પામેલા સાતે બાળકોના વાલીઓને કોઈ આર્થિક સહાય પૂરી પાડી છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય સભ્યશ્રીને હું કહેવા માગીશ કે શાળામાં ભણતા બાળકોના મૃત્યુ થયા છે એ વાત હકીકતો સાથે સુસંગત નથી. આ જે મૃત્યુ બતાવ્યા છે, છ બાળકોમાંથી પાંચ બાળકો એક વર્ષ અથવા એક વર્ષથી ઓછી ઉંમરના બાળકો છે અને એક જ બાળક એક વર્ષ કરતાં વધારે ઉંમરનું પણ ચાર વર્ષની ઉંમરનું છે. એટલે શાળામાં ભણતા બાળકોના મૃત્યુ નોંધાયા છે એ વાત હકીકતો સાથે સુસંગત નથી. આ ઉંમર એવી છે કે જેમાં એક વર્ષથી નીચેની ઉંમરના બાળકોને વાઈરલ ફીવર અથવા મેઝલ્સ એટલે કે ઓરીનો જે વાવર થાય છે એ શરૂઆતમાં જ્યારે ઉનાળાની સીઝન સીઝન શરૂ થવાનો સમય છે. જ્યારે ફેબ્રુઆરીથી એપ્રિલ મહિનાની વચ્ચે આ પ્રકારના વાવર થતા હોય છે. આ વાવર સામે રક્ષણ આપવા માટે જે રસી આપવામાં આવે છે એ રસી આપવા માટેની ઉંમર નાની છે. એટલે એ રીતે રસી નીચે બાળકો સુરક્ષિત હોતા નથી. બીજું જે અસરગ્રસ્ત ગામો છે, એમાં સુત્રાપાડા, દાભકલ અને નવકર પી.એચ.સી. હેઠળના, તેની કુલ તપાસ બાળકોની કરી તો ૧૨૧૩ બાળકો ૦થી ૫ વર્ષથી નીચેના છે. તેમાંથી ૧૧૯૯ને અમે તપાસ્યા અને તેમાંથી માત્ર આ છ બાળકો સમેત ૩૦ જ કિસ્સાઓમાં આ પ્રકારનો તાવ અથવા તો કોઈ માંદગી હોય એવું જોવા મળ્યું છે. એટલે રોગચાળો થયો છે, ખૂબ મોટા પ્રમાણમાં થયો છે તેના કારણે મૃત્યુ થયા છે એ વાતોને આ સર્વેક્ષણના આંકડા સાથે મૂકીએ તો એ આંકડાઓ હકીકતને પોષતા નથી. કપરાડા વિસ્તાર એવો છે કે જ્યાં બે પ્રકારના પ્રશ્નો માનનીય સભ્યશ્રીએ કહ્યું કે આરોગ્ય વિભાગની બેદરકારીના કારણે થયું છે તો મારો જવાબ ના,જી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે પ્રશ્ન મારા મતવિસ્તારનો છે અને ૧૧૬ની નોટિસ દાખલ કરત પરંતુ ટૂંકી મુદતનો પ્રશ્ન હોવાને કારણે ચર્ચામાં આવ્યો છે. તો માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કપરાડા વિસ્તાર બિલકૂલ પહાડી વિસ્તાર છે અને આપણાં પી.એચ.સી., સી.એચ.સી.થી ઉંડાણનો વિસ્તાર છે. માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી કરવા માગું છું કે કપરાડા તાલુકા પ્લેસ છે. ૨૦૦૧ની વસતિ પ્રમાણે બે લાખની વસતિ છે. તાલુકા પ્લેસ પર સી.એચ.સી.નું મકાન પણ બની ગયું છે. ત્યાં ડૉક્ટર નથી. ફક્ત એમ.બી.બી.એસ. ડૉક્ટર છે. તો સુપ્રીટેન્ડન્ટની જગ્યા ભરી આપે અને જ્યારે જ્યારે કપરાડા તાલુકામાં આવી કોઈ ઘટના બને ત્યારે ટીમ દોડી જાય છે. તેની સારવાર મળે છે તેની સામે મને કોઈ વાંધો કે સૂચન નથી પરંતુ જ્યારે આવી કોઈ ઘટના બને અને ગરીબ આદિવાસી મૃત્યુ પામે તેના પછી સરકાર દોડતી જાય અને સરકાર સુવિધા આપે, એવી ઘટના ફરી વાર ન બને એ બાબત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે એક તો જે પ્રકારની કાર્યવાહી કરવાની થતી હતી એ મારા તંત્ર દ્વારા કરવામાં આવી છે તે બાબતે માનનીય સભ્યશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો તે માટે સભ્યશ્રીનો આભારી છું. એમણે કહ્યું કે એમ.બી.બી.એસ. ડૉકટરો છે, બાળ રોગ નિષ્ણાત ડૉકટરો નથી. એ સભ્યશ્રીની વાત સાચી છે. અત્યારે આ પ્રકારના વાવડ છે ત્યારે ત્યાં બાળરોગ નિષ્ણાત ડૉકટરો મૂક્યા છે. પણ વહેલી તકે ઉમેદવારો ઉપલબ્ધ થશે ત્યારે કપરાડાને અગ્રીમતા આપવાનું સૂચન આવકાર્ય છે અને એ સ્વીકારું છું. મારે સભ્યશ્રીને એક બીજી વિનંતી કરવી છે કે, અમને અનેક કાગળો મળ્યા છે, સરપંચશ્રીના અને બધાના કે ત્યાં મૃત્યુ થવાનું મોટું કારણે ડૉકટરોની સારવારના અભાવે નહીં પણ અંધશ્રદ્ધાના કારણે આ થાય છે. માતાજીનો પ્રકોપ, ડૉકટરોની દવા નહીં લેવી, દવાખાનામાં દાખલ નહીં થવું, ભૂવા પાસે જવાનું આ પ્રકારની માન્યતા પ્રવર્તે છે. અમે પ્રયત્ન કરીએ છીએ કે લોક જાગૃતિ ઊભી થાય, એ થઈ શકે તે માટે પ્રજાના પ્રતિનિધિ તરીકે સભ્યશ્રી સહકાર આપશે તો લોક જાગૃતિ આવે. તે માટે આપ આયોજન કરવાના હોય તો માનનીય સભ્યશ્રીની સાથે રહીને કરવા અમારો વિભાગ તૈયાર છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને બે સૂચન કરવા છે. એક તો કપરાડામાં સીએચસી તૈયાર થઈ ગયું છે. એ વહેલામાં વહેલી તકે શરૂ કરી પ્રજાને સુવિધા માટે આપે અને ખાસ બાબત એ છે કે, ડુંગરાળ વિસ્તારમાં, કપરાડા વિસ્તારમાં ખાનગી ડૉકટરો, ઈલીગલ ડૉકટરો ખૂબ મોટી સંખ્યામાં છે એના કારણે આવી ઘટનાઓ બને છે. એની અંદર માનનીય મંત્રીશ્રી અંકુશ લાવવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના બન્ને સૂચનો છે અને અમે એને ગંભીરતાથી લઈશું.

# તારાંકિત પ્રશ્નો

## દાંડી યાત્રા હૅરીટેજ માટે આયોજન

***૧૬૬૬૬ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૦૯થી સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાંડી યાત્રા હૅરીટેજ માટે કુલ કેટલી રકમનું આયોજન થયેલ છે.

(૨) આ કાર્યવાહી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) આ યોજનામાં કેન્દ્ર સરકારનો ફાળો કેટલો છે?

**પ્રવાસન મંત્રીશ્રી :**

(૧) રાજયમાં દાંડી યાત્રા હૅરીટેજ માટે કુલ રૂપિયા ૨૦ કરોડ(અંકે રૂપિયા વીસ કરોડ પૂરા)નું આયોજન છે.

(૨) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પૂજ્ય મહાત્મા ગાંધીજીએ સાબરમતી આશ્રમ અમદાવાદથી દાંડી સુધી કરેલ દાંડી કુચ દરમિયાન જે જે સ્થળોએ રાત્રિ રોકાણ કરેલ હતું તે બધી જગ્યાએ જુદા જુદા પ્રકારની પ્રવાસન સુવિધાની કામગીરી માટે આર્કિટૅક્ટ, પ્રોજૅક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને કોન્ટ્રાકટરની પસંદગી કરી રૂ.૧૭૨૭.૪૭ લાખના વર્ક ઑર્ડર આપેલ છે.

(૩) આ યોજનામાં કેન્દ્ર સરકારશ્રીએ રૂ.૨૦.૦૦ કરોડ મંજૂર કરેલ છે. જે પૈકી રૂ.૧૦.૦૦ કરોડ પ્રથમ હપ્તા તરીકે આપેલ છે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, દાંડી ડેસ્ટીનેશન ડૅવલપમેન્ટ શું છે અને તેના માટે કઈ કઈ સુવિધા ઊભી કરવાનું આયોજન છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રશ્ન છે એ દાંડી યાત્રાના હૅરીટેજ માટેના આયોજન અંગેનો છે. દાંડી ડેસ્ટીનેશનનો આ પ્રશ્નમાં સમાવેશ થતો નથી અને એટલા માટે અલગ નોટિસ જોઈશે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દાંડી ઐતિહાસિક સ્થળ મારા મત વિસ્તાર તદ્દન નજીક દરિયા કાંઠે આવેલું સ્થળ છે. દાંડી હૅરીટેજ માટે રૂ.૨૦.૦૦ કરોડનો પ્રોજૅક્ટ મંજૂર થયો છે એ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે અને મારે એ પણ જાણવું છે કે, દાંડી સ્થળ માટે બીજી સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે અન્ય કોઈ દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, દાંડી યાત્રા જે બારમી માર્ચે શરૂ થઈ અને પાંચમી એપ્રિલે દાંડી પહોંચી એ દરમિયાનમાં આ પૂજ્ય મહાત્માજીની આગેવાની નીચે જે દાંડી યાત્રિકો હતા એમણે ૨૧ જેટલી જગ્યાઓએ મુકામ કર્યો હતો એ જગ્યાઓના વિકાસ માટેનું આ સમગ્ર આયોજન માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે ત્યારે મારે આપના થકી માનનીય સભ્યશ્રીને કહેવું છે કે, આ ૨૧ જે સ્થાનો છે એને ચાર ભાગમાં વહેંચ્યા છે. એ- વિભાગ, એ કે જયાં સ્મારક, સ્મારકની સાફ-સફાઈ, રંગકામ, અને સાઈનેજીસ થાય. બી- વિભાગમાં લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનિટી હોલ, ઓફિસ, સોવિનિયર શોપ, પેન્ટ્રી, બે ગેસ્ટ રૂમ, પીવાના પાણીની વ્યવસ્થા, ટોઈલેટ, કેમ્પીંગ અને પાર્કિંગ સહિત વ્યવસ્થા થાય. સી- વિભાગમાં જ્યાં બી-કેટેગરીની સુવિધા ઉપરાંત મ્યુઝિયમ, ઓડિયો-વિઝયુઅલ રૂમ અને ફુડ કાફેટેરીયમની સુવિધા થાય અને ડી - વિભાગમાં આ બધી સુવિધા ઉપરાંત બી ઉપરાંત સી કેટેગરીની સુવિધા સાથે ૧૫ ગેસ્ટ રૂમની સુવિધા થાય. ચાર વિભાગોમાં આ ૨૧ સ્થળોને ચાર કેટેગરીમાં વહેંચ્યા છે. અસલાલી- એ વિભાગ, બોરસદ- એ, કંકાપુર- ડી, નવા ગામ - સી, માતર-બી, નડિયાદ-એ, આણંદ-એ, આમોદ-બી, કારેલી- સી, અણખી- બી, સમની- બી, ડેરોલ-બી, અંકલેશ્વર- એ, માંગરોળ- બી, ઉમરાચી- બી, ભાટગામ-સી, દેલા- બી, છાપરાબાટા-બી, વાંસ-ડી, મટવાડ-કરાડી-ડી, ધામણ-નવસારી-સી વિભાગમાં આવે છે.આ ચાર ભાગમાં ઉપરોક્ત પરિયોજનાને વિભાજીત કરીને પાંચ એજન્સીને વર્કઓર્ડર આપવામાં આવ્યા છે, એમાં પહેલા ગૃપમાં અસલાલી, નવાગામ, નડીયાદ, બોરસદ, આણંદ આમોદ, સમની અને અણખી આવે છે કંકાપુરા અને કારેલી બીજા વિભાગમાં આવે છે. માતર, ડેલોર અંકલેશ્વર માંગરોળ ત્રીજા વિભાગમાં આવે છે. ઉમરાચી ભાટગામ દેલાદ છાપગામ વાંસ ચોથામાં અને નવસારી અને મટવાડ પાંચમા વિભાગમાં આવે છે. આ પાંચેય એજન્સીઓને ફેબ્રુઆરી ૨૦૧૦માં વર્ક ઑર્ડર આપ્યો છે. ૧૮મહીનાની સમયમર્યાદા છે અને આ કુલ કામગીરી પાછળ અંદાજે ૧૭ કરોડ અને ૨૭ લાખનો ખર્ચ થવાની ધારણ છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દાંડી હેરીટેજ રૂટમાં કુલ કેટલા કિલોમીટર છે અને એ પૈકી કેંદ્ર સરકારમાંથી અત્યાર સુધી કેટલી રકમ મળેલી છે અને ભવિષ્યમાં જે પ્રોજૅક્ટ મૂકેલો છે એ પૈકી કેટલી રકમ મળનાર છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, કુલ અંતર ૩૮૬ કિલોમીટર છે. અત્યાર સુધી ૧૦ કરોડની રકમ મળી છે અને ભવિષ્યમાં બાકીની રકમ જે કંઈ કેન્દ્ર સરકાર પાસેથી મળવાપાત્ર હશે તે મળશે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન હતો લંબાઈ માટેનો, કેટલા કિલોમીટર છે, અને આ કેટલા હૅરીટેજ સ્થળો છે એ અંગેનો મારો પ્રશ્ન છે પણ એની સાથે સાથે આ જે યાત્રા છે એ યાત્રાઓમાં કેટલાક નદી નાળા પણ નાના આવે છે ત્યારે એ માટેનું આયોજન છે કે કેમ, અને ન હોય તો એ માટે કેન્દ્ર સરકાર સાથે કોઈ પત્ર વ્યવહાર કરીને એનું આયોજન કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં બે મુદ્દા છે, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે તે પ્રમાણે મેં લંબાઈ તો કહી ૩૮૬ કિલોમીટરની લંબાઈ છે. જ્યાં સુધી મૂળ રૂટને લાગે વળગે છે ત્યાં સુધી એ રૂટ પર આવતા રસ્તા અને નાળા વગેરેને સમા કરી અને મૂળભૂત રૂટને તૈયાર કરવા માટેનું આયોજન છે. એ રૂટની બહાર કેટલાક સજેશનો આવ્યા છે એ મૂળભૂત આનો ઉદ્દેશ જે છે એની સાથે સુસંગત જણાતા નથી એટલે એ સિવાયના બાકીના જે નદી નાળા આવતા હશે તેને આવરી લઈ અને સમગ્ર રૂટને નેશનલ હાઈવે તરીકે તૈયાર કરવાનો છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે પૂજય મહાત્મા ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડી સુધી દાંડીકૂચ કરેલી એમાં મારા મતવિસ્તાર જંબુસર તાલુકામાં કારેલી ગામે રાત્રી રોકાણ કરેલું હતું તો પ્રવાસન સુવિધાની કામગીરી માટે આર્કિટૅક્ટ પ્રોજૅક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જણાવ્યું તેમ અને જુદા જુદા વિભાગમાં કામોને વહેચવામાં આવ્યા છે, અને માનનીય સભ્યશ્રીએ જે કહ્યું કારેલી તે સી વિભાગમાં વહેચાયેલું છે. અને સી વિભાગમાં જે કોઈ ડેસ્ટીનેશન આવતું હોય ત્યાં બી કેટેગરી એટલે લાઇબ્રેરી વગેરે મેં કહ્યું એની પુનરોકિતમાં નથી પડતો પણ તે ઉપરાંત મ્યુઝિમયમ, ઓડીયો વિઝ્યુઅલ રૂમ ઉપરાંત ફુડ કાફેટેરીયાની સગવડ પણ કરવાની છે. માનનીય સભ્યશ્રીએ ખર્ચ કેટલો થશે તે પૂછયું તો અંદાજીત ખર્ચ ૯૪ લાખ ૭૭હજાર થવાની ધારણા છે.

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નડીયાદ સીટીમાંથી આ ગાંધી માર્ગ પસાર થાય છે, ચોમાસાની અંદર આ માર્ગ ઉપર ૩ થી ૪ ફૂટ પાણી ભરાય રહે છે તો ફેઝ-ર ની અંદર આમાં સ્લેબડ્રીંક બનાવીને આ પાણીનો નિકાલ કરીને દાંડી માર્ગ બારેમાસ ચાલુ રહે એવું કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું માનનીય સભ્યશ્રીનો આભારી છું કે સંતરામ આશ્રમને લગતો જે પ્રશ્ન ઘણા સમયથી પડતર હતો એને ઉકેલવામાં એમણે સક્રિય રસ લઈ અને એ સમગ્ર પ્રશ્ન ઉકેલવાને માટે મદદ કરી છે. બાકીનો એમનો જે મુદ્દો છે સૂચન છે. ચકાસી લઈશું.

## રાજકોટ જિલ્લામાં સિંચાઈની સુવિધા વધારવા યોજના

*** ૧૫૫૭૯ શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર તાઃ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંચાઈની સુવિધા વધારવા સરકારે કઈ કઈ યોજના હાથ ધરી છે, અને

(૨) તે પૈકી કેટલા હેકટર જમીનમાં સિંચાઈ થાય છે અને કયા કયા ગામોને તેનો લાભ મળે છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) રાજકોટ જિલ્લામાં સિંચાઈ સુવિધા વધારવા માળીયા (મી.) તાલુકામાં જીંજુડા પુનઃ: પ્રભરણ યોજના અને બોડકી ભરતી નિયંત્રક યોજના, મોરબી તાલુકામાં મચ્છુ- જ. સં. યોજના તેમજ સામેલ પત્રક-૧ મુજબ કુલ ૯૪૭ ચેકડેમોના બાંધકામો હાથ ધરવામાં આવેલ છે.

પત્રક-૧

| ક્રમ | તાલુકો | તાલુકાવાર ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | જસદણ | ૧૯૩ |
| ૨ | કોટડા સાંગાણી | ૪૪ |
| ૩ | પડધરી | ૧૦૧ |
| ૪ | ટંકારા | ૯૪ |
| ૫ | મોરબી | ૩૬ |
| ૬ | માળીયા | ૫ |
| ૭ | વાંકાનેર | ૯૩ |
| ૮ | ગોંડલ | ૫૬ |
| ૯ | જેતપુર | ૨૪ |
| ૧૦ | ધોરાજી | ૭ |
| ૧૧ | ઉપલેટા | ૫૫ |
| ૧૨ | જામકંડોરણા | ૧૭ |
| ૧૩ | રાજકોટ | ૨૦૨ |
| ૧૪ | લોધીકા | ૨૦ |
| | કુલ | ૯૪૭ |

(૨) આશરે ૧૦૧૧૦ હેકટરમાં આડકતરી સિંચાઈનો લાભ મળે છે.

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં સિંચાઈ સુવિધા વધારવા માટે ૯૪૭ ચેકડેમો બાંધવામાં આવ્યા તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો. આ ચેકડેમોમાંથી જે પાણી લીકેજ થાય છે એવી ઘણી ફરિયાદો મળી છે તો સરકાર આવા ચેકડેમોની ક્વોલિટી કન્ટ્રોલ દ્વારા તપાસ કરાવવા માગે છે કે કેમ? આમાં જો કોઈ ચેકડેમો લીક થતા હોય તો એ અધિકારીઓ સામે કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પહેલો પ્રશ્ન પૂછ્યો કે છેલ્લા બે વર્ષમાં જે ૯૪૭ ચેકડેમો બનાવવામાં આવ્યા એ પૈકી ૯૨૨ના કામો પૂર્ણ થયા છે અને જે કામો પૂર્ણ થયા છે એની પાછળ ૨૫ કરોડ ૮૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. માનનીય સભ્યશ્રીએ બીજો જે પ્રશ્ન કર્યો કે આ ચેકડેમો અથવા અગાઉ જે બે વર્ષના સમયગાળા સિવાયના હજારો ચેકડેમો રાજકોટ જિલ્લામાં અથવા અન્ય વિસ્તારમાં બન્યા છે ત્યાં જ્યાં પણ પાણીનું લીકેજ હશે અથવા કોઈ પણ પ્રકારના સમારકામની જરૂરિયાત હશે તો અમારા ધ્યાન ઉપર મૂકજો. અમારી રીતે અમે તપાસ કરતા રહીએ છીએ. સરપંચો, કાર્યકરો અને ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂઆત આવે એ પ્રમાણે અમે મરામત કરીએ છીએ. છતાં ક્યાંય બાકી રહી જતું હોય તો માનનીય સભ્યશ્રી આવા ચેકડેમની જગ્યા કહેશે તો ચોક્કસ આગામી ચોમાસું આવે તે પહેલા પૂર્ણ કરાવી દઈશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન હતો એનો જવાબ આમાં ન મળ્યો. માનનીય સભ્યશ્રીનું કહેવું છે કે આ બે વર્ષમાં થયા છે અને પાણી લીકેજ થાય છે એવી ફરિયાદો આવી છે. આ સંજોગોમાં આપે ક્વોલિટી કન્ટ્રોલ મારફત કેટલા ચેક કરાવ્યા અને ન કરાવ્યા હોય તો રજૂઆત આવી છે ત્યારે આપ રેન્ડમ આમાંથી ૧૦ કે ૨૦ ટકા ક્વોલિટી કન્ટ્રોલ ડિપાર્ટમૅન્ટ આપનું છે એના મારફતે ચેક કરાવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ રાજકોટ જિલ્લામાં સિંચાઈ સુવિધા વધારવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલા કામો કર્યા એ અંગેનો છે. જે પેટા પ્રશ્ન કર્યો એમાં ક્યાંય એમણે એમ નથી કહ્યું કે બે વર્ષમાં નવા બન્યા એમાં લીકેજ છે. છતાં એમાં કહ્યું છે કે ગમે ત્યારે બન્યા હોય છતાં (અંતરાય) શક્તિસિંહ, સાંભળો. કોઈપણ સમયગાળામાં જુદા જુદા ચેકડેમો બન્યા હોય, પાંચ-દસ વર્ષ પહેલા બન્યા હોય કે ગઈકાલે બન્યા હોય, જ્યાં સૂચન કરવામાં આવશે ત્યાં તાત્કાલિક કામ ચકાસવામાં આવશે અને કામ નબળું હશે તો જે અધિકારીની નજર હેઠળ કામ થયું હશે એની સામે પગલા લેવામાં આવશે. ક્વોલિટી કન્ટ્રોલ દ્વારા અમારી કામગીરી સતત ચાલુ હોય છે. હું તો કહું છું કે ચેકડેમોની જ્યાં જ્યાં ફરિયાદ આવી ત્યાં અમે રિપેર કર્યા છે અને પગલા લીધા છે. છતાં જરૂરિયાત હોય તો ધ્યાન દોરે એવી મારી વિનંતી છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં ૯૪૭ ચેકડેમો મંજૂર થયા એમાં કેટલાને વહીવટી મંજૂરી આપી. બીજી વાત એ છે કે મારે દિલથી અભિનંદન આપવા છે.

**અધ્યક્ષશ્રી** : તમે પ્રશ્ન ઉપર આવો.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : મારા વિસ્તારમાં મચ્છુ-૩ ૧૯૮૦થી એની કાર્યવાહી ચાલું હતી. કેટલીય સરકારો જતી રહી પણ આ મચ્છુ-૩ આશરે ૨૦ કરોડના ખર્ચે જે આ સરકારે મંજૂર કરી એ મારા માટે મોટી વાત છે. બીજું જીંજુડા અને બોડકી એ રાઘવજીભાઈ અને મારા બન્નેના વિસ્તારમાં આવે છે. મોટી ૧૨ કરોડની યોજના છે. આવી મોટી યોજના હોય ત્યારે આભાર માનવો જોઈએ. તો કેટલી વહીવટી મંજૂરી આપી અને કેટલાની આપવાની બાકી છે અને કેટલા સમયમાં કરવા માગો છો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીએ જે વાત કરી, મેં અગાઉ પણ કહ્યું કે કુલ ૯૪૭ ચેકડેમોને મંજૂરી આપી એ પૈકી ૯૨૨ ના કામો ઓલરેડી પૂર્ણ થઈ ગયા છે. બાકીના થોડા બાકી છે એ આ વર્ષે પૂર્ણ થશે. માનનીય સભ્યશ્રીએ જે મચ્છુ-૩ યોજનાની વાત કરી. એમણે એમ કહ્યું કે વીસેક કરોડની યોજના છે એમાં થોડો સુધારો કરું લગભગ બત્રીસેક કરોડ અંદાજીત ખર્ચે અમે આ યોજનાનું કામ મંજૂર કર્યુ છે અને મચ્છુ નદીના તેલ વિસ્તારમાં એટલે કે જે માળિયા તાલુકો રાજ્યનો પછાત તાલુકો ગણાય છે એવા તાલુકામાં ત્યાંથી પછી કચ્છનું રણ ચાલુ થાય છે એવા નિર્જળ વિસ્તારમાં આ મચ્છુનું પાણી રોકી ગરીબ વિસ્તારમાં, બક્ષીપંચના વિસ્તારોમાં અને મોટાભાગે જ્યાં મુસ્લિમોની વસ્તી છે એવા વિસ્તારોમાં પાણી આપવાનું આયોજન માનનીય સભ્ય કાંતિભાઈનો ખૂબ આગ્રહ હતો અને રાજ્ય સરકારે મંજૂર કર્યુ છે એની કામગીરી અત્યારે પ્રગતિમાં છે. બીજું, જે એમણે કહ્યું કે બોડકી ભરતી નિયંત્રક યોજના એ પણ ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે એનું કામ પણ અત્યારે ચાલુ છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સિંચાઈને લગતી મારા વિસ્તાર એટલે કે રાજકોટ જિલ્લામાં મારો વિસ્તાર આવે છે

લોધીકા-રાજકોટ અને કોટડાસાંગાણી એમાં કઈ કઈ યોજનાઓ પ્રગતિ હેઠળ છે અને તે યોજનાઓ પૂર્ણ કરવા શું આયોજન છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ યોજનાઓ જુદા જુદા તાલુકાને લાભ આપતી હોય છે. એમાં ધોરાજી, જસદણ, જેતપુર, મોરબી, વાંકાનેર, માળિયા અને બીજું એક માળિયા આ રીતે યોજનાઓ અત્યારે પ્રગતિ હેઠળ છે અને બીજો જે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો એમાં જસદણ, જેતપુર, ગોંડલ, જામકંડોરણા અને ઉપલેટા આટલા વિસ્તારોના તાલુકાઓને લાભ આપતી યોજનાઓ અત્યારે એ સરવે નીચે છે અને ટેકનીકલી અને નાણાકીય રીતે જો યોગ્ય જણાશે તો આના પણ કામો હાથ ઉપર લેવામાં આવેશ. બીજો જે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો એ પ્રમાણે એમના મત વિસ્તારની અંદર ચેકડેમો વગેરેનું કામ ખૂબ મોટા પ્રમાણમાં કરવામાં આવ્યાં છે એનો પણ લાભ લોધીકા તાલુકામાં ૧૮૬ ચેકડેમો બનાવવામાં આવ્યાં છે. એવી રીતે એમનો વિસ્તાર કોટડાસાંગાણીમાં પણ ૨૧૫ ચેકડેમો બનાવવામાં આવ્યાં છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની પ્રશંસનીય કામગીરી છે. કેમકે, વરસાદી પાણી રોકી અને ચેકડેમ બનાવીને એ પાણીને ભૂગર્ભમાં ઉતારવું એ ખૂબ સારું આયોજન છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જેતપુર તાલુકાની અંદર ૨૪ ચેકડેમો બનાવવામાં આવ્યા છે તો એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને નવા ચેકડેમ બનાવવાની કોઈ અરજી મળી છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાઈઝ કેટલો ખર્ચ થયો એના આંકડા મારી પાસે નથી પણ નવી અરજીઓ તો સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં ૮૦ ટકા રાજ્ય સરકારના અને ૨૦ ટકા લોકફાળો એની સતત ચાલતી યોજના છે. જ્યારે જ્યારે પણ ખેડૂતો કે લાભાર્થીઓ દ્વારા કે કાર્યકરો દ્વારા કે ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂઆત કરવામાં આવે તો જ્યાં જ્યાં ચેકડેમ બનાવવા માટે વાયેબલ હોય, યોગ્ય સાઈટ હોય તો અમે એને મંજૂર કરતા જ હોઈએ છીએ.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ અમારાં મતવિસ્તાર જીંજુડા બોડકી ભરતી નિયંત્રક યોજનાનું કામ મંજૂર કરવાની વાત કરી એના માટે હું એમનો આભાર માનું છું અને અભિનંદન પણ આપું છું પણ સાથે સાથે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ યોજના ક્યારે મંજૂર કર્યું, હાલ કયા સ્ટેજે છે અને કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જીંજુડા પુનઃપ્રભરણ યોજના એ કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે અને રૂા.૩૮ લાખનો ખર્ચ થઈ ગયો છે અને આ ચોમાસામાં આપણે એમાં પાણી ભરીશું. બીજું બોડકી ભરતી નિયંત્રક યોજનાની એમણે જે વાત કરી ૧૨ કરોડ ૨૬ લાખના અંદાજીત ખર્ચવાળી યોજના હમણાં ફેબ્રુઆરી મહિનામાં જ એની કામગીરી શરૂ કરવામાં આવી છે અને આમ તો એની ટાઈમ લિમિટ છે એ જુલાઈ ૨૦૧૧ સુધીની છે પણ અમારો પ્રયત્ન છે કે ચોમાસા પહેલા જેટલું નદીની બહાર બાંધકામ થાય તો આપણે એમાં પાણી રોકી શકીએ અને માનનીય સભ્યશ્રીએ સરકારની આવી સુંદર કામગીરીને આવકારી છે એ બદલ હું રાઘવજીભાઈનો પણ આભાર માનું છું.

**અધ્યક્ષશ્રી** : અભિનંદન માનવાની પ્રક્રિયા બાકી રાખીએ. ડો. ભરતભાઈ, હજુ હું બીજા પ્રશ્ન સુધી જ પહોંચ્યો છું. આપને એ જરૂર લાગી હોત તો આપે પ્રશ્ન પૂછયો હોત. (અંતરાય) નહિ, નહિ હવે હું પુરકપ્રશ્ન નહિ આપી શકું. ૨૪ મિનિટ થઈ છે. બે જ પ્રશ્ન થયા છે. બાબુભાઈ હું પુરક પ્રશ્નપ્રશ્ન માટે, ભરતભાઈ પછી હું ત્રીજા પ્રશ્ન માટે જવાનો છું.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જસદણ મત વિસ્તારમાં ૧૯૩ ચેકડેમો બની ગયા અને ૨૦૦ ચેકડેમોનું કામ ચાલું છે તો ખેડૂત વર્ગમાં એક નવો ઉત્સાહ અને આશા જાગી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, જસદણ તાલુકામાં રાજા શાહી વખતથી આલમ સાગર સિંચાઇ યોજના આવેલી છે જેની કેનાલોમાં વીસ-પચ્ચીસ વર્ષોથી ગાંડા બાવળોના જાડા થર થઈ ગયા હતા હવે રાજય સરકારની ઉત્તમ કામગીરીના પરિણામે સાત કિલો મીટર કેનાલમાંથી આ ગાંડા બાવળો નીકળી ગયા છે, બાકીના ચાર કિલો મીટરની કેનાલમાં ક્યાંક નાના મોટા બાવળો છે એને કાઢવાનું રાજય સરકારનું કોઈ આયોજન છે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તમામ સિંચાઈ યોજનાઓની કેનાલોમાંથી ગાંડા બાવળો કાઢવાનું કામ અમે પૂર ઝડપે ઉપાડ્યું છે. જસદણમાં હમણાં થોડું કાઢ્યું છે અને બાકીના જ્યાં હશે, જરૂર હશે એવા તમામ ગાંડા બાવળો અમે વહેલી તકે દૂર કરીશું.

**પાટણ જિલ્લાના જૂથ પાણી પુરવઠા અંતર્ગત આવરી લીધેલ ગામો**

***૧૬૬૩૫ શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લાના કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવાયા છે, અને

(૨) બાકી રહેતા ગામોને કયાં સુધીમાં આવરી લેવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) પાટણ જિલ્લાના તમામ ૫૧૭ ગામોનો નીચે જણાવેલ અલગ અલગ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ થયેલ છે.

| ક્રમ | જુથ યોજનાનું નામ | સમાવિષ્ટ ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધરોઈ જુથ પાણી પુરવઠા યોજના | ૧૨૯ |
| ૨ | સુજલામ સુફલામ પી-૧ જુથ પાણી પુરવઠા યોજના | ૨૦૦ |
| ૩ | નર્મદા મુખ્ય નહેર આધારિત એમ-૨ જુથ પાણી પુરવઠા યોજના (એન.સી.ડી.-૫) | ૫૯ |
| ૪ | સાંતલપુર જુથ પાણી પુરવઠા યોજના. | ૧૨૯ |
| | કુલ | ૫૧૭ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, પાટણ જિલ્લામાં જૂથ યોજનામાં સમાવિષ્ટ ગામો પૈકી કેટલા ગામોમાં જૂથ યોજનાનું પાણી મળે છે, અને બીજું એ પૂછવું છે કે, જિલ્લામાં નર્મદા કેનાલ આધારિત કઈ કઈ યોજનાઓ હાલમાં કાર્યરત છે, અને કેટલા ગામોનો એમાં સમાવેશ થયો છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લાના ૫૧૭ ગામોમાં તમામ ગામોમાં જુદી જુદી જૂથ યોજનાઓ નીચે પીવાનું પાણી પહોંચાડવાનું આયોજન સફળતાપૂર્વક રાજ્ય સરકારે પૂર્ણ કર્યુ છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે કઈ કઈ યોજના નીચે કયા કયા ગામોને પાણી આપવામાં આવે છે, તો એમાં ધરોઈ જૂથ પાણી પુરવઠા યોજના નીચે ૧૦૩ ગામોને પાણી આપવામાં આવે છે. સુજલામ સુફલામ પી-૧ જૂથ પાણી પુરવઠા યોજના નીચે ૧૫૨ ગામોને પાણી આપવામાં આવે છે, નર્મદા મુખ્ય નહેર આધારિત એમ-૨ જૂથ પાણી પુરવઠા યોજના નીચે ૪૧ ગામોને પાણી આપવામાં આવે છે, સાંતલપુર જૂથ પાણી પુરવઠા યોજના નીચે ૧૨૯ ગામોને પાણી આપવામાં આવે છે અને પાટણ જિલ્લાના બાકી જે ગામો છે એ સ્વતંત્ર રીતે પાણી મેળવે છે પણ અમારી યોજના નીચે એ લોકો જોડાઈ ગયેલા છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, નર્મદા યોજનાની કેનાલ આધારિત પીવાના પાણીની જે વ્યવસ્થા કરી છે એના કારણે વર્ષોથી જે હાઈ ટી.ડી.એસ. અને ફ્લૉરાઇડ વાળું પાણી જે પાટણ જિલ્લાના લોકો પીતા હતા અને અનેક બીમારીઓ પાણીના કારણે થતી હતી એમાંથી મુક્તિ મળી, જેના કારણે પ્રજા પણ શુભ આશિષ આપી રહી છે અને માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ ગ્રામ્ય વિસ્તારોમાં આપણે પીવાના પાણીની કેનાલ આધારિત પાણીની યોજનાઓ કરી છે તો શહેરી વિસ્તારો જે આવેલા છે ખાસ કરીને સિદ્ધપુર, પાટણ, ચાણસ્મા અને રાધનપુર તો આ શહેરો માટે કોઈ વિચારી છે કે કેમ ?

બીજું, મારે એ જાણવું છે કે, નર્મદા મુખ્ય કેનાલોમાં અત્યારે રીપૅરીંગ માટેનો તબક્કો આવશે અધુરુ કામ જે બાકી છે એ પૂરું કરવાનું અને કાંપ કાઢવાનું તો એ દરમિયાન કોઈ ઓલ્ટરનેટ વ્યવસ્થા કોઈ એ સત્વરે કરવા માગે છે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે પાટણ જિલ્લાના જે શહેરો છે, કુલ પાંચ શહેરો છે, નગરપાલિકા પાટણ, સિદ્ધપુર, ચાણસ્મા, હારીજ અને રાધનપુર આ પાંચેય શહેરોને જુદી જુદી જૂથ યોજનાઓથી પીવાનું પાણી આપવામાં આયોજન થઈ ગયેલ છે એમાંથી સિદ્ધપુર જૂથ યોજના અત્યારે ધરોઈમાંથી પાણી મેળવે છે, પાટણને સુજલામ સુફલામ પી-૧ જૂથ યોજના હેઠળ આવરી લીધું છે, પાટણ નગરપાલિકા અત્યારે પાણી મેળવતી નથી, ચાણસ્માને એન.સી.ડી.-૫ જૂથ યોજના નીચે આવરી લીધું છે, પાણી મેળવે છે. હારીજ શહેરને સુજલામ સુફલામ પી-૧ જૂથ યોજના નીચે જોડેલું છે અત્યારે પાણી મેળવે છે. રાધનપુર શહેરને સાંતલપુર જૂથ પાણી પુરવઠા યોજના જોડે જોડેલું છે અને સાંતલપુર પણ અત્યારે પાણી મેળવે છે. માનનીય અધ્યક્ષશ્રી, જે બીજો પ્રશ્ન સભ્યશ્રીએ કર્યો કે નર્મદાની જે મેઈન કેનાલ છે એ કેનાલ સાફસુફ કરવા માટે એમાં જે કાંઈ કાપ વગેરે જમા થયુ હોય એને માટે ગેટ મેન્ટેનન્સની કામગીરી માટે અત્યારે દોઢ મહિના માટે મેન્ટેનન્સ માટે બંધ રાખી છે અને તમામ ગામોને, તમામ વિસ્તારોને અમે અવગત કર્યા છે કે આટલા વિસ્તારોને દોઢ મહિના સુધી નર્મદાનું પાણી મળશે નહીં પણ એની સામે અમે જે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે એમાં પાણી પુરવઠાના જે જૂના ટયુબવેલો હતા એ નર્મદાનું પાણી મળવાને કારણે અમે એને બંધ કર્યા હતા એને અમે પુનઃ ચાલુ કર્યા છે. સાત ટયુબવેલ નવા શારકામ કર્યા છે. સાતેસાતનું પાણી મળવાનું ચાલુ થઈ ગયું છે. જે ગ્રામ પંચાયતના પોતાના ટયુબવેલ છે એમાંથી પણ પાણી મેળવી અને જરૂરિયાતવાળા ગામોને અમે આપીએ છીએ અને આગામી ૧૫-૨૦ દિવસમાં નર્મદાનું મેન્ટેનન્સનું કામ પૂર્ણ થશે એટલે આખી કેનાલ પુનઃ ચાલુ થશે અને એના નીચે પાણી મેળવતી જુથ યોજના પુનઃ કાર્યાન્વિત થશે. પ્રજાને કયાંય અમે

પીવાના પાણીની તકલીફ અમે રહેવા દેવા નથી ઈચ્છતા છતાં કાંઈ નાની મોટી તકલીફ હશે તો જરૂર પડે ટેન્કરનો પણ ઉપયોગ કરી વીસેક દિવસ જરૂરિયાત પ્રમાણે પાણી આપવાનું અમે આયોજન કરેલું છે.

**જામનગર જિલ્લાની નગરપાલિકાઓને અનુદાન**

*** ૧૬૬૦૮ શ્રી મૂળુભાઈ હ. આયરબેરા(ભાણવડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદી જુદી નગરપાલિકાઓને જુદી જુદી યોજનાઓ હેઠળ રાજ્ય સરકાર તરફથી કુલ કેટલું અનુદાન (ગ્રાન્ટ) સાધનો આપવામાં / ફાળવવામાં આવેલ છે, અને

(૨) ઉપરોકત ફાળવેલ અનુદાન (ગ્રાન્ટ)માંથી કુલ કેટલા વિકાસના કામો હાથ ધરવામાં આવેલ છે અને તે પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવેલ છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુદી જુદી નગરપાલિકાઓને સામે *પત્રક અ અને બ મુજબ જુદી જુદી યોજનાઓ હેઠળ કુલ ૧૯૧ વિકાસના કામો માટે કુલ રૂ.૧૩૪૪.૨૧ લાખનું અનુદાન ફાળવવામાં આવેલ છે.

(૨) અને તે પૈકી ૬૮ કામો પૂર્ણ થયેલ છે.

**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં ૧૯૧ વિકાસના કામો માટે ૧૩૪૪ લાખ રૂપિયાનું અનુદાન ફાળવવામાં આવ્યું છે એવો જવાબ આપવામાં આવ્યો છે અને હમણાં અમદાવાદમાં માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજનામાં એક જ દિવસમાં આવી નગરપાલિકાઓ માટે અનુદાન ૬૦૦કરોડ રૂપિયા જેટલી રકમના ચેક સરકારે આપ્યા છે તેથી માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો હું આભાર વ્યકત કરું છું અને મારે આપના માધ્યમ દ્વારા એ જાણવું છે કે જામનગર જિલ્લામાં બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ બીજા તબકકામાં ૩૧-૧૦-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમ ફાળવવામાં આવી અને બીજું, બાજપાઈ નગરવિકાસ યોજના હેઠળ બીજા તબકકામાં કુલ કેટલી રકમ ફાળવવામાં આવી?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો તા. ૧-૨-૦૮થી તા.૩૧-૧-૧૦ સુધીના સમયગાળમાં ૧૩૪૪લાખની કુલ ગ્રાન્ટ ૧૦ નગરપાલિકાઓ છે જામનગર જિલ્લાની એને જુદી જુદી ગ્રાન્ટોના સ્વરૂપમાં ફાળવવામાં આવી છે. એમાં માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો બાજપાઈ નગરવિકાસ યોજના તબકકો-૨ એમાં એમણે પુછયા પ્રમાણે ખંભાળીયા તાલુકામાં ખંભાળીયા શહેર માટે રૂ.૯૨૯૫૦૦૦/-, દ્વારકા માટે ૩૯લાખ, ભાણવડ માટે ૨૮લાખ, ધ્રોળ માટે ૯૬૭૦૦૦૦, જામજોધપુર માટે ૪૯લાખ, કાલાવાડ માટે ૯૫લાખ, સલાયા માટે ૯૩લાખ, સિકકા માટે ૭૬૫૦૦૦૦, ઓખા માટે ૭૬૫૦૦૦૦, રાવલગામ ૭૬૪૯૦૦૦ આમ દસ શહેરોને બાજપાઈ નગર વિકાસ યોજના નીચે પાછલા બે વર્ષમાં ૭૨૩લાખની રકમ રાજય સરકારે પોતાની ગ્રાન્ટમાંથી ફાળવી છે.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ખૂબ મોટા પ્રમાણમાં અનુદાનો આપે છે. પ્રજાને સ્થાનિક સુવિધાઓથી સંપન્ન કરવા માટે અગાઉના જમાનામાં ચાર કે પાંચ આંકડામાં ગ્રાન્ટો ફાળવવામાં આવતી હતી પરંતુ આજે આઠ કે નવ આંકડામાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે ત્યારે ખરેખર પ્રજાની લાગણીને વાચા આપવામાં આવે છે ત્યારે મારે આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથીએ જાણવું છે કે અનુસૂચિત જાતિ દરેક નગર વિસ્તારની અંદર આ સમાજ વસે છે અને એ સમાજના ઉત્કર્ષ માટે રાજય સરકાર જે કંઈ વિકાસના સાધનો માટે આવશ્યક યોજનાઓ ઘડે છે તો ખાસ અંગભૂત યોજના હેઠળ નગરપાલિકા વિસ્તારની અંદર કોઈ નાણાકીય જોગવાઈઓ કરવામાં આવે છે?તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષની અંદર આ પ્રકારની યોજના હેઠળ કોઈ નાણાકીય જોગવાઈઓ કરવામાં આવી છે કે કેમ? અને જોગવાઈ કરવામાં આવી હોય તો કેટલાં કામ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે એ અધ્યક્ષશ્રી આપશ્રીના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું? લાખની જોગવાઈ કરી છે, એમાંથી ૨૮ કામો જુદી જુદી નગરપાલિકઓએ જે તે વિસ્તારના ગરીબ વિસ્તારના અનુસૂચિત જાતિ વિસ્તારોને પાયાની પ્રાથમિક સુવિધા મળી રહે તે માટેનું ફરજિયાત આ કામ કરાવીએ છીએ અને રકમ પણ ફાળવીએ છીએ. એવી પણ જોગવાઈ રાખી છે કે બીજાં કામોને મંજૂરી આપતાં પહેલાં દા.ત. કોઈ નગરપાલિકાને ૨ કરોડ રૂપિયા ફાળવ્યા તો ૨ કરોડમાં છેલ્લે અનુસૂચિત જાતિ વિસ્તારનાં કામો કરે તેવું નહિ, પણ વહેલી શરૂઆત અનુસૂચિત જાતિનાં વિસ્તારનાં કામ માટે કરવી પડે, પછી બીજી ગ્રાન્ટ વાપરી શકે તેવી જોગવાઈ અમે દાખલ કરેલી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું કે પહેલા નગરપાલિકાઓ છે એ ઑક્ટ્રૉય લેતી હતી. આપણે વેલ્યુ એડેડ ટેક્સ નાખીને એક જ જગ્યાએથી બધો ટેકસ આપણે વેટના દર લાગુ પાડીને ઉઘરાવવાનો ચાલુ કર્યો, એટલે નગરપાલિકા હવે ઑક્ટ્રૉયના પૈસા લઈ શકતી

નથી. આ સંજોગોમાં આપણે એમને ગ્રાન્ટ આપવાની હોય છે. આપણી ગ્રાન્ટ સમયસર નહિ મળવાના કારણે જો વિદ્યુત બોર્ડના પૈસા મોડા ભરાય તો આપણે એની ઉપર ચોકકસ વ્યાજ લગાડાય છે, લેઈટ ભરાયું તો વ્યાજ. તો સરકાર ગ્રાન્ટ મોડી આપે છે એ વ્યાજ સાથે નથી આપતી. કે ૪ મહિના લેઈટ પૈસા આપીએ છીએ તો ૪ મહિનાનું વ્યાજ આપીએ, તેવું નથી થતું. આ અંગે કોઈ નીતિ નક્કી કરવા માગો છો કે કેમ? કાં તો વિદ્યુત બોર્ડે એના વ્યાજના પૈસા ન લેવા જોઈએ. અથવા આપણે મોડા પડીએ તો આપણે એને એટલું જ વ્યાજ આપવું જોઈએ. એક એ અને આંકડાઓ મોટા થયા છે તો ઑક્ટ્રૉય બંધ કરીને આપણે એના વતી ટેકસ લેતા થયા, એટલે આપવાના થયા છે. કેન્દ્ર સરકારની જે.એન.યુ.આર.એમ. ના પૈસા પણ શહેરી વિસ્તારમાં મળતા થયા છે, ત્યારે એક સરળીકરણ ઉભું થાય અને એમના વહીવટમાં તકલીફ ન પડે, એના માટેનું આયોજન કરવા માગીએ છીએ કે કેમ?

### વિજયનગર તાલુકાના પાલ-ચિતરીયા ગામે ચંચરાઈ માતાના બંધની કામગીરી

***૧૭૭૩૦ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં પાલ-ચિતરીયા ગામે ચંચરાઈ માતાના બંધની કામગીરી તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કયા તબકકે છે,

(૨) ઉકત કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) વર્ષ ૨૦૦૯-૧૦માં ઉકત કામ માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી, અને

(૪) તે પૈકી તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) સર્વેક્ષણ અને ભૂસ્તરીય અન્વેષણ તબકકે છે.

(૨) શકય તેટલી વહેલી તકે.

(૩) રૂ.૮૦ લાખની.

(૪) રૂ.૦.૪૫ લાખ.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછયો હતો કે બંધની મંજૂરી ૧૯૯૫-૯૬માં મળી અને આજે ચૌદ-ચૌદ વર્ષ થયા છતાં આ બાંકામની કામગીરી ચાલુ થઈ નથી. મારો પ્રશ્ન છે કે આ ચૌદ-ચૌદ વર્ષથી આ બાંધકામનું કામ ચાલુ કરવામાં આવેલ નથી? તેને ફોરેસ્ટ ખાતાની મંજૂરી મળી ગઈ છે અને બીજો કોઈ પ્રશ્ન નથી. તો મારો પ્રશ્ન છે કે આ યોજનાનું બાંધકામ સત્વરે કયારે ચાલુ કરવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની અંશતઃ વાત સાચી છે કે ઘણા લાંબા સમયથી આ યોજનાનું કામ હાથ ઉપર લેવામાં આવ્યું છે પણ સિંચાઈ યોજનામાં જે અમારી કામગીરી હોય છે એમાં એમનો જે વિસ્તાર છે એમાં જંગલ વિસ્તાર અને ખાનગી વિસ્તાર એની જમીન જે અમારે સંપાદન કરવાની છે આ યોજનામાં ૧૧૦ હેકટર જમીન જે ડૂબાણમાં જાય છે એ પૈકીની ૩૮ હેકટર જમીન વન વિભાગની છે. વન વિભાગની જમીન મેળવવા માટે નર્મદા યોજના હોય કે નાનામાં નાના આદિવાસી વિસ્તારના લાભાર્થીઓને લાભ આપતી નાની યોજના હોય એની જે પ્રક્રિયા છે એ લગભગ સરખી છે, આની જે જમીન ડૂબાણમાં જાય છે એની સામે ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગના નિયમો પ્રમાણે અમારે વન વિભાગને સામે એટલી જમીનો આપવી પડતી હોય છે, બીજી રકમો પણ આપવી પડતી હોય છે, વન ઉગાડવા માટે, બીજું પ્રોટકશન કરવા માટે વગેરે માટે. માનનીય અધ્યક્ષશ્રી પહેલાં અમે જમીન કલેકટરશ્રી દ્વારા વન વિભાગને સોંપી તો વન વિભાગે વન માટે આ જમીન યોગ્ય નથી એમ કરીને રીજેક્ટ કરી. ત્યાર પછી ફરીથી તરત જ અમે બીજી એક જમીન કલેકટરશ્રી મારફતે વન વિભાગને બતાવી અને એ જમીન મેળવવા માટે વન વિભાગ સહમત થયું, ત્યાર પછી ભારત સરકારના નિયમ પ્રમાણે દશ હેકકટરની જમીન છે એટલે પાંચ હેકટર સુધી ભોપાલની મંજૂરી લેવી પડતી હોય છે ત્યાં ભારત સરકારની સંસ્થા છે, પણ પાંચ હેકટરથી વધુ જમીન હોય તો ભારત સરકારમાં દરખાસ્ત કરવી પડતી હોય છે. માનનીય અધયક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને હવે ખરું કારણ કહું કે કોના કારણે કેમ મોડું થાય છે. અમે વન અને પર્યાવરણ વિભાગ ભારત સરકારને ૨૦૦૫માં આ જમીન સોંપવા માટે અમે સહમત છીએ, ભારત સરકાર એની પરવાનગી આપે, પાંચ કરોડ રૂપિયા સિંચાઈ વિભાગે વન વિભાગને ભરવાના હતા એ પણ અમે ભરી દીધા એ પછી પણ ૨૦૦૫માં અમે દરખાસ્ત મોકલી, એ પછી અમે ૨૦૦૮માં ફરી ફોલોઅપ કર્યુ, ભારત સરકારના વિભાગ સાથે, ફરી ૨૦૦૯માં ફોલોઅપ કર્યુ અને વારંવાર સ્મૃતિપત્રો લખ્યા. ૨૦૦૫થી મોકલેલી દરખાસ્ત આજે ૨૦૧૦ સુધી, આ મિનિટ સુધી ભારત સરકાર પાસે વિચારણા અર્થે પડતર છે એની મંજૂરી નથી મળી, એટલે લાંબો સમય ગાળો આપે કહયો, એના કોણ દોષિત છે, એ અહીંયા બહુ સ્પષ્ટ થઈ જાય છે, ભારત સરકાર અમને પરવાનગી આપશે તો આગળની કાર્યવાહી અમે ઝડપથી કરીશું અને માનનીય અધ્યક્ષશ્રી, આવી તો આવી ઘણી યોજનાઓ, સિંચાઈ યોજનાઓ અને પાણી પુરવઠાના બાબતની કામગીરી જે ભારત સરકારની મંજૂરી લેવા માટે જરૂરી હોય છે

એમાં ઘણા ઘણા પ્રકરણો અમારા ભારત સરકારમાં પેન્ડિંગ છે, વારંવાર ફોલોઅપ કરવા છતાં ભારત સરકાર ગમે તે કારણસર ગુજરાતની આ યોજનાઓને મંજૂર નથી કરતી તો કેમ મંજૂર નથી કરતા એ આપ જરા સમજી અને એને મંજૂર કરાવો એવી મારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્મિંગના સમયમાં પર્યાવરણની રક્ષણની ચિંતા બધાને હોય છે. હું હમણાં જ રિપોર્ટ જોતો હતો આખા દેશમાં સૌથી વધારે પ્રોજેકટ જો કોઈ રાજયમાં પર્યાવરણ માટેના ક્લિયરન્સ છેલ્લા વર્ષોમાં હતા રાજય સભામાં તો આ સત્રના જવાબમાં કહયું કે એ ગુજરાત રાજયને કેન્દ્ર સરકારે આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી આ પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી મારે એ જાણવું છે કે, આ સર્વેક્ષણ અને ભૂસ્તરીય અન્વેષણના તબક્કે છે, તો સર્વેક્ષણ અને ભૂસ્તરીય અન્વેષણ કયારથી શરૂ કરવામાં આવ્યું છે, અને એના માટેનું કોઈ ટાઈમબાઉન્ડ છે ખરું કે કયાં સુધીમાં પૂરું કરવાની ગણતરી આપણી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ પહેલો પ્રશ્ન કર્યો કે ભારત સરકારે સૌથી વધુ મંજૂરીઓ ગુજરાત સરકારને આપે છે પણ માનનીય અધ્યક્ષશ્રી, હું એમ માનું છું કે દેશમાં ગુજરાત જ એક એવું પ્રગતિશીલ, વિકાસશીલ રાજય છે કે આટલા બધા કામો, અબજો રૂપિયાની યોજનાઓ ગુજરાતની પ્રજાના ઉપયોગ માટે અમલમાં મૂકે છે, સિંચાઈ વિભાગ હોય, પાણી પુરવઠા વિભાગ હોય, માર્ગ-મકાન વિભાગ હોય કે અન્ય વિભાગો હોય, અમારી દરખાસ્તો એટલી બધી હોય છે, બીજાં રાજયો કદાચ કામ જ ન કરતા હોય તો એમની દરખાસ્તો ન હોય, દરખાસ્તો ન હોય એટલે મંજૂરી ના આપે, આ તો ભણતો છોકરો હોય એને જ વધારે માર્કસ આવે, ના ભણતો હોય એને માર્કસ આવે જ નહીં, એનું પેપર જ ના જોવાનું હોય, અમને તો વધુ માર્કસ મળે, વધારે યોજનાઓ તમે મંજૂર કરો એ ગુજરાતની પ્રજાના હિતમાં છે અમે વધુમાં વધુ દરખાસ્તો હજુ પણ મોકલીશું, બીજું માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો એ પ્રમાણે અત્યારે એની ત્યાં સરવે કામગીરી બોરવેલ અને ડેટા મેળવવાની ચાલુ જ છે અને જમીનની ભારત સરકાર મંજૂરી આપે પછી ખાનગી જમીનની સંપાદનની કાર્યવાહી અમે કરી ડેમનું બાંધકામ અમે ચાલુ કરી શકીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સર્વેક્ષણ અને ભૂસ્તરીય અન્વેષણની કામગીરી ચાલુ છે એ એમણે જવાબમાં આપ્યું છે પણ ક્યારે શરૂ કરી અને કોઈ ટાઈમ બાઉન્ડ પ્રોગ્રામ પૂરો કરવાનો છે? આ મારો સ્પેસિફિક પ્રશ્ન છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે અમારું કામ પ્રાથમિક ડેટા મેળવવાનું, બોરવેલ કરવાનું, નીચેની ભૌગોલિક સ્થિતિ જાણવાનું ક્યાં પથ્થર છે ક્યાં માટી છે? આમ, ઓલરેડી અત્યારે કામ ચાલુ જ છે.

**અધ્યક્ષશ્રી** : એમને તમે તારીખ આપી શકો એમ છો? કે સમયગાળો કહી શકો એમ છો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નથી. પણ માનનીય અધ્યક્ષશ્રી, ફરી માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકું કે, અમે ગમે તેટલી તૈયારી કરી રાખીએ અને બજેટમાં ગમે તેટલી જોગવાઈ કરી રાખીએ પણ જ્યાં સુધી ભારત સરકાર અને વન પર્યાવરણ વિભાગ આ જમીન સોંપવાનો હુકમ નહીં કરે ત્યાં સુધી અમે કામગીરી કરી શકીએ એમ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જવાબ છે એ સીધો છે આપ વાંચો. ૫ નો પહેલો જવાબ છે સર્વેક્ષણ અને ભૂસ્તરીય અન્વેષણ તબક્કે છે. મારી એટલી જ વાત છે કે આપે આ શરૂ કર્યું હોય અને જ્યારે આપ આ જવાબ લેખિત આપો છો ત્યારે આ એકદમ રિલેવન્ટ સબ ક્વેશ્ચન છે. ન હોય તો એ મેજ પર મૂકે કે આ તારીખથી શરૂ કર્યું છે અને આ તારીખ સુધીમાં પૂરું કરવાનું આયોજન છે. આમાંથી સીધો ઉભો થતો પ્રશ્ન અને એનો જવાબ પણ માનનીય મંત્રીશ્રી ન આપી શકતા હોય તો અમારે આપનું રક્ષણ જોઈએ.

**અધ્યક્ષશ્રી** : ભૂસ્તરીય સર્વેક્ષણની તારીખ એ ક્યારેયથી શરૂ થયું છે એ હોય તો આપો

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાને અમે વહીવટી મંજૂરી આપી જ છે, સર્વેક્ષણ અને ભૂસ્તરણની તારીખ તો નથી હજુ પણ નથી પણ એક વર્ષથી ચાલુ છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ સિંચાઈ યોજના પૂર્ણ થતા ક્યા તાલુકાના ક્યા વિસ્તારોને આનો લાભ મળશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાથી જે લાભાર્થી છે એમાં વિજયનગર તાલુકો અને ભીલોડા તાલુકો છે. વિજયનગરના આમોદરા મહોબતપુરા, ધુસાવાડા, ચીત્રોડી, મસોતા, પરવઠ અને કડાદ્રા અને ભીલોડા તાલુકાના ચોરીમાલા, જીંજુડી અને રાયસીંગપુરા આટલા વિસ્તારોને સિંચાઈનો લાભ મળશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આદિવાસી વિસ્તારની મોટાભાગની યોજનાઓ લાંબાસમય સુધી ચાલુ થતી નથી. (અંતરાય) મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ યોજનાને ચાલુ કરવાની મંજૂરી મળી એને ૧૪ વર્ષ જેટલો સમય થયો છે પણ છેલ્લા વર્ષમાં એટલે કે ૩૧-૧-૨૦૧૦ની સ્તિતિએ ફક્ત ૪૫ હજાર એટલે પોઈન્ટ અર્ધો ટકો પણ ખર્ચ થયો નથી ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આના પ્રોજેક્ટની કોસ્ટ શું છે અને ૨૦૧૦-૧૧માં શું જોગવાઈ કરી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી કહું કે જ્યા સુધી અમને જમીન ન મળે, કારણ કે આ તો ૧૪ વર્ષ થયા હજુ પણ ભારત સરકાર દબાવી રાખે ફાઈલ અને બીજા ચાર વર્ષ કાઢી નાંખે તો બજેટ જોગવાઈનો મતલબ નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બજેટ જોગવાઈને કારણે યોજના નહીં ઉભી રહે, ભારત સરકાર કાલે મંજૂરી આપે તો અમે અમારા બજેટની જોગવાઈમાં ફેરફાર કરી કાલે જ બજેટ જોગવાઈ કરીશું માટે એની આપ ચિંતા નહીં કરો.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગયે વખતે પણ મારો આજ પ્રશ્ન હતો અને ગૃહની અંદર આવ્યો હતો અને ગયે વખતે પણ મને એવી રીતે જવાબ આપવામાં આવ્યો હતો કે, આ સરકારે આટલું કર્યું છે હવે કેન્દ્ર સરકારની મંજૂરી તમે લઈ આવો એટલે મંજૂરી અમારે લઈ આવવાની છે કે રાજ્ય સરકારે મંજૂરી લાવવાની છે? (અતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં. મંજૂરી સરકાર જ લાવશે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બાબતમાં એક બીજો પ્રશ્ન એ પૂછવા માગુ છું કે ૧૯૯૫-૯૬ની અંદર આ યોજના મંજૂર થઈ છે તો આ પહેલા એન.ડી.એ. સરકાર જ્યારે હતી ત્યારે આ યોજનાની મંજૂરી કેમ ન લાવ્યા? આ મારો સીધો પ્રશ્ન છે. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આનો જવાબ આપવો છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં એમને એમ કહ્યું કે ૨૦૦૫થી આ દરખાસ્તો મોકલેલી છે અને ૧૯૯૬માં તો પ્રાથમિક મંજૂરી મળી. માનનીય શકિતસિંહજી આપ સમજો, જંગલ વિભાગની જમીન લેવી હોય તો પહેલા રાજ્યની પ્રક્રિયા પૂરી કરવી પડે અને સામે નવી જમીન આપવી પડે. સામે અમે નવી જમીન આપી વન વિભાગે એક વાર રિજેક્ટ કરી વન વિભાગે એકવાર રિજેક્ટ કરી, પછી ભારત સરકારે જણાવ્યા મુજબ સુપ્રીમ કોર્ટના નોર્મ્સ પ્રમાણે પાંચ કરોડ રૂપિયા ભરવા પડે, અમે પાંચ કરોડ રૂપિયા ભર્યા, પછી બધી ગુજરાતની પ્રક્રિયા કરી અને ૨૦૦૫થી ભારત સરકારમાં એટલે કે છેલ્લાં પાંચ વર્ષમાં પેન્ડિંગ છે અને પાંચ વર્ષ પહેલાંથી સતત કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર ચાલુ છે. એટલે હજી જો મંજૂરી નહિ આવે તો ભવિષ્યમાં આનો આ જ જવાબ ચાલુ રહેશે.

**આણંદ જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવા બાબત**

*** ૧૬૬૩૧ શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તારીખ ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજય સરકાર દ્વારા આણંદ જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવી છે કે કેમ?,

(૨) જો હા, તો આ કોલેજ કોના દ્વારા સ્થાપવામાં આવશે અને ક્યારથી, અને

(૩) ઉક્ત કોલેજની બેઠક ક્ષમતા કેટલી હશે?

**આરોગ્ય મંત્રીશ્રી**

(૧) નાજી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : ગુજરાત સરકારે મેડિકલની એકસામટી ૫૦૦ સીટો વધારીને ગુજરાતના વિદ્યાર્થીઓ માટે આવકારદાયક પગલું ભર્યુ છે, હું મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ગુજરાત મેડિકલ એજ્યુકેશન અને રિસર્ચ સોસાયટીની રજીસ્ટ્રેશનની ફી, એની રજીસ્ટ્રેશનની તારીખ અને એના બંધારણની જે વિગતો છે એ માનનીય મંત્રીશ્રી આપે અને બીજું સ્વનિર્ભર કોલેજોની ફી નક્કી કરવાનું કયું ધોરણ છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : પ્રશ્ન માત્ર આણંદ જિલ્લામાં મેડિકલ કોલેજની મંજૂરી પૂરતો મર્યાદિત છે આમ છતાં માનનીય સભ્યશ્રીએ એ મુદ્દો ઉપસ્થિત કર્યો છે ત્યારે હું એમને ચોકકસ કહીશ કે ગુજરાત સરકારે છેલ્લાં બે વર્ષમાં

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ખૂબ મર્યાદિત છે એટલે એની મર્યાદાની બહાર જશો એટલે આખા રાજયની પરિસ્થિતિ પાછી આવશે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : તો બસ સાહેબ મારે એટલો જ જવાબ આપવાનો છે કે આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન પુછનારે પણ એ જ જોવું જોઈતું હતું કે આણંદ જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવા માટેની મંજૂરી અંગેનો કોઈ પૂરક પ્રશ્ન હોય તો કહો પછી ફી અને બાકીની વાત પુછવાની જરૂર નથી.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : આણંદ જિલ્લામાં સ્વનિર્ભર કોલેજ માટે મંજૂરી માગવામાં આવી છે કે નહિ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આણંદ જિલ્લામાં ચાંગા ખાતે ૧૦૦ સીટની નવી ડેન્ટલ કોલેજ શરૂ કરવા માટે શ્રી ચારૂતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ, વલ્લભવિદ્યાનગર, આણંદ તરફથી દરખાસ્ત કરવામાં આવેલ છે અને એની પૂર્તતાની પ્રક્રિયા ચાલે છે, એ મળ્યા બાદ ટ્રસ્ટને જરૂરી એસેન્શીયલીટી સર્ટીફિકેટ આપવામાં આવશે.

## આણંદ જિલ્લામાં નગરપાલિકા દીઠ બી.પી.એલ. કુટુંબો

***૧૬૭૦૫ શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નગરપાલિકા દીઠ બી..પી.એલ. કુટુંબો નોંધાયેલા છે

(૨) નગરપાલિકાવાર સદર બી.પી.એલ. કુટુંબો માટેની નોંધણી સર્વે કયા વર્ષમાં કરવામાં આવેલ, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા નામ ઉમેરવામાં આવ્યા, કેટલા કમી કરવામાં આવ્યા?

**શહેરી વિકાસ મંત્રીશ્રી**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નગરપાલિકા દીઠ બી.પી.એલ. કુટુંબો નીચે મુજબ નોંધાયેલા છે.

| ક્રમ | ન.પા.નું નામ | તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નોંધાએલ કુટુંબ |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૦૧૭ |
| ૨ | ખંભાત | ૧૨૨૫૮ |
| ૩ | પેટલાદ | ૫૦૭૯ |
| ૪ | બોરસદ | ૫૮૧૭ |
| ૫ | ઉમરેઠ | ૨૦૨૦ |
| ૬ | આંકલાવ | ૨૧૭૬ |
| ૭ | બોરીઆવી | ૨૯૮૦ |
| ૮ | કરમસદ | ૨૧૮૯ |
| ૯ | ઓડ | ૧૫૬૩ |
| ૧૦ | વિદ્યાનગર | ૧૨૬૩ |
| ૧૧ | સોજીત્રા | ૭૪૩ |
| **કુલ** | | **૪૦૧૦૫** |

(૨) નગરપાલિકાવાર સદર બી.પી.એલ. કુટુંબની નોંધણી-સરવે નીચે મુજબના વર્ષમાં કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **ન.પા.નું નામ** | **સર્વે ક્યા વર્ષમાં કરવામાં આવેલ છે.** |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૦૦૦-૦૧<br>૨૦૦૫-૦૬ |
| ૨ | ખંભાત | ૨૦૦૦-૦૧<br>૨૦૦૧-૦૨<br>૨૦૦૬-૦૭<br>૨૦૦૭-૦૮ |
| ૩ | પેટલાદ | ૨૦૦૩-૦૪ |
| ૪ | બોરસદ | ૨૦૦૧ અને ૨૦૦૪ |
| ૫ | ઉમરેઠ | ૨૦૦૩-૦૪ |
| ૬ | આંકલાવ | ૨૦૦૧ અને ૨૦૦૪ |
| ૭ | બોરીઆવી | ૨૦૦૧ અને ૨૦૦૪-૨૦૦૫ |
| ૮ | કરમસદ | ૨૦૦૧ |
| ૯ | ઓડ | ૨૦૦૧ અને ૨૦૦૮ |
| ૧૦ | વલ્લભ વિદ્યાનગર | ૨૦૦૧ |
| ૧૧ | સોજીત્રા | ૨૦૦૨-૨૦૦૩ |

(૩) ભારત સરકારના આયોજન પંચે તા.૧૨-૧-૦૪થી ગુજરાતના બી.પી.એલ. લાભાર્થીઓની માથાદીઠ આવક વધારવાના કારણે ઉકત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૮૭૭૩ નામો ઉમેરવામાં આવેલ છે, જ્યારે કોઈ નામ કમી કરવામાં આવેલ નથી.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ જોઈને લાગે છે કે રાજય સરકાર શહેરી વિસ્તારના ગરીબોને ન્યાય આપવા માટે તત્પર નથી. મારે એમને એટલું જ પુછવું છે કે, આ શહેરી વિસ્તારના બી.પી.એલ. કુટુંબો માટેના સરવે માટેના નિયમો શા છે અને જવાબમાં જે રીતે વિસંગતતા જોઈ શકાય છે એના કારણો શા છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : શહેરી વિસ્તારના બી.પી.એલ. લાભાર્થીઓ નક્કી કરી અને જુદા જુદા પ્રકારના લાભ આપવા, એના ધોરણો, એની પદ્ધતિ અને એની વ્યવસ્થા, એ બધું જ ભારત સરકારના નોર્મ્સ પ્રમાણે આખા દેશની અંદર અમલમાં મૂકવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પુછ્યો કે આના માપદંડો શું છે તો એમાં નગરપાલિકાએ જે સમાજ સંગઠકો નીમ્યા હોય એના દ્વારા ઘરે ઘરે સરવે કરીને જેમણે જેમણે બી.પી.એલ. લાભ લેવો હોય એવી વ્યક્તિઓ પોતે ફોર્મ ભરે સમાજ સંગઠક એમને સમજાવે અને એનું ફોર્મ ભરાવે, એ ફોર્મની અંદર જુદા જુદા પ્રકારના જે પ્રશ્ન પુછવામાં આવે છે એમાં પરિવારના સભ્યોની સંખ્યા

કેટલી છે? કેટલા લોકો શિક્ષિત છે, ઘરમાં કઈ કઈ વ્યવસ્થાઓ છે કે નથી? પીવાનું પાણી ક્યાંથી લાવવું પડે છે, શૌચાલયની સુવિધા છે કે કેમ? ઘરમાં લાઈટ, પંખો કે ટી.વી. વિગેરે છે કે કેમ? ઘરમાં કેટલા લોકોને રોજગારી મળે છે, આ બધું જોયા પછી, ભારત સરકારે જે ૧૯૯૭માં નિયમો નક્કી કર્યા હતા કે ઘરમાં જેટલી વ્યકિતઓ હોય એની વ્યકિતદીઠ માસિક આવક રૂ.૩૭૩.૧૬ પૈસા હોય એટલે પાંચ માણસ હોય તો એને ગુણ્યા પાંચ, એ પ્રમાણેની કુલ જે આવક થાય એ આવકથી નીચેની આવક પરિવાર ધરાવતું હોય તો એ પરિવારને ભારત સરકારના નિયમો પ્રમાણે બી.પી.એલ. લાભાર્થી તરીકે નોંધવામાં આવે છે હમણાં તારીખ ૧૨-૧-૨૦૦૪ના રોજ ફરીથી ભારત સરકારે પરિપત્ર કરી અગાઉ જે રૂા. ૩૭૩.૧૬ પૈસાનો આર્થિક માપદંડ વ્યકિતદીઠ નક્કી કરેલ એ સુધારીને ગુજરાત માટે રૂા.૫૦૧.૧૪ પૈસાનો કર્યો છે એટલે કે ઘરમાં જેટલી વ્યકિત હોય એ તમામની આવક રૂા.૫૦૧.૧૪ પૈસાથી વધારે આવક હોય તો એને લાભાર્થી તરીકે લાભ નથી મળતો એનાથી ઓછી આવક હોય તો ..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### અમદાવાદ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

૧૬૬૭૨**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

(૨) આ માટે રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લાના પ્રવાસન સ્થળોએ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

**વર્ષ ૨૦૦૭-૦૮**

(૧) ઘોડાસર : ઘોડાસર તળાવ ખાતે વોક-વે ફુટપાથની કામગીરી.
(૨) બુટભવાની મંદિર અરણેજ : એપ્રોચ રોડના મજબુતીકરણની કામગીરી.
(૩) સારંગપુર : સારંગપુર એપ્રોચરોડ તથા અંડરગ્રાઉન્ડ ગટરની કામગીરી.
(૪) કેસરડી : જોધલપીર મંદિરની આગળના ચોગાનમાં બેસવા તથા ફરવા માટે પત્થર પેવીંગની કામગીરી.
(૫) ઝાંઝરકા : ઝાંઝરકા ખાતે કોમ્યુનીટી હોલની કામગીરી.
(૬) ભડીયાદ : ભડીયાદ એપ્રોચ રોડની કામગીરી.
(૭) વિરમગામ : વિરાંજલી વન બનાવવાની કામગીરી.

**વર્ષ ૨૦૦૮-૦૯**

(૧) લોથલ : લોથલ, ગણેશપુરા તથા અરણેજ મંદિર સ્થળના અંતર દર્શાવતા જુદા જુદા બોર્ડની કામગીરી. લોથલ તળાવને ઉંડુ કરવાની કામગીરી, એપ્રોચ રોડ, ગટર વ્યવસ્થા તથા વોક-વે અને પાર્કીંગની કામગીરી.

અમદાવાદ જિલ્લામાં આવેલ લોથલ, વિરમગામ, સાબરમતી આશ્રમ અને સરખેજ રોજા ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફત કાર્ય યોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

(૨) આ માટે રાજ્ય સરકારે રૂપિયા ૩૪૬.૩૯ લાખની ગ્રાન્ટ ફાળવી છે.

(૩) તે માટે રૂપિયા ૨૧૮.૧૫ લાખનો ખર્ચ કર્યો છે.

------------

**રાજકોટ જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૬૬૬૧૩ડો. **ભરતભાઈ બોઘરા(જસદણ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, | (૧) (અ) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.<br>(૧) ઘેલા સોમનાથ મહાદેવ મંદિર, સોમ પીપડીયા ખાતે ઘેલા સોમનાથ મંદિરના જીર્ણોધ્ધાર, ગાર્ડન, કમ્પાઉન્ડ વોલ તથા તથા મીનળદેવી મંદિર જવા માટે બુગદાનું કામ<br>(૨) વાઇલ્ડ ફ્લાવર પ્રોજેક્ટ (ઇશ્વરીયા પાર્ક) માધાપર ખાતે પીક્નીક પોઇન્ટનો વિકાસ.<br>(૩) સંત પાલનપીરની જગ્યા મુ. હડમતીયા ખાતે પ્રવાસી ભક્તજનો માટે કમ્પાઉન્ડ વોલ, ટોઇલેટ બ્લોક તથા ગ્રાઉન્ડની ભરતી, આર.સી.સી. સ્લેબ વારા શેડમાં વાવેતર તળાવની બોર્ડ ઉપર વાયર ફેન્સીંગ, વનકુટીર તેમજ વનકુટીરની આજુ-બાજુ વૃક્ષા રોપણનું કામ.<br>(૪) ઓસમ ડુંગર (પાટણ વાવ)-આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે તળેટીમાં બગીચો, બાળક્રીડાંગણ, ડુંગર ઉપર જતા પગથીયા, રેલીંગ, લાઇટીંગ, જાળીકામ તળાવ વિકાસ, ટોઇલેટ બ્લોક, ડુંગર ઉપર નાનો બગીચો તથા નાનું બાળક્રીડાંગણ, બેસવા માટેની બેંચીસ, એન્ટ્રી પ્લાઝા વગેરેની કામગીરી પ્રગતિમાં છે.<br>(૫) બુધ્ધિસ્ટ સાઇટ, ખંભાલીડા, પહોંચવા માટેના રસ્તાઓનું અપગ્રેડેશનની કામગીરી, સ્થળને જોડતો એપ્રોચ રોડ, આ સ્થળે ગુફાની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે પ્રાર્થના હોલ, સ્થળની સાફસુફી અને ગ્રાઉન્ડ લેવલીંગનું કામ સ્થળ દર્શાવતા સાઇનબોર્ડ, જાહેર સુવિધા જેવી કે ટોઇલેટ, પીવાના પાણીની સગવડતા, આરામગૃહ, બાગ-બગીચા અને ભોજનાલય જેવી કામગીરી હાથ ઉપર લેવામાં આવનાર છે.<br>(૧) વીરપુર ખાતે રસ્તા પરની સુવિધા ઉભી કરવામાં આવેલ છે જેમાં બે રેસ્ટરૂમ, ૪ દુકાન, ડાઇનીંગ હોલ, કીચન, સ્ટોલ, ટોઇલેટ, લેન્ડસ્કેપીંગ, બેસવા તથા પાર્કીંગની વ્યવસ્થા (૨) મહાત્મા ગાંધી વિદ્યાલય માટે સંસ્થા દ્વારા કાર્યયોજના આધારીત અહેવાલ તેયાર કરવાની કામગીરી હાથ ધરેલ છે. (૩) ખાસ અંગભૂત યોજના હેઠળ સંતશ્રી દાજી જીવણ સાહેબની જગ્યા ઘોઘાવદર ખાતે પ્રવાસન સુવિધાઓ માટે સાઇનેજીસ, બેઠક વ્યવસ્થા, પેવર બ્લોકનું ફ્લોરીંગ, પીવાની પાણીની વ્યવસ્થા, ટોઇલેટ બ્લોક, પાર્કીંગ, સ્થાન દર્શાવતા સાઇનીંગ વોર્ડ, યાત્રાળુઓને આરામ માટે શેડ, યાત્રાળુઓ માટે હાર્ટની કામગીરી હાથ ધરેલ છે. |
| (૨) આ માટે છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે, અને | (૨) આ માટે છેલ્લાં બે વર્ષમાં રૂપિયા ૭૦૩.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૩) તે પેકી કેટલો ખર્ચ કર્યો | (૩) તે પેકી રૂપિયા ૨૧૨.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

## અમદાવાદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના કોલ

૧૬૬૫૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ-૨૦૦૮ અને ૨૦૦૯ના કેલેન્ડર વર્ષમાં "૧૦૮"ની એમ્બ્યુલન્સ સેવાના કેટલા કોલ અમદાવાદ જિલ્લામાં મળ્યા, અને

(૨) તે પૈકી અકસ્માત, સર્પદંશ અને પ્રસૂતિ સાથે સંકળાયેલ કેટલા કોલ હતા ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૮માં ૫૬૯૫૪ કોલ, અને ૨૦૦૯માં ૮૭૩૭૬ કોલ મળ્યા.

(૨)

| વર્ષ | તે પૈકી અકસ્માત, સર્પદંશ અને પ્રસૂતિ સાથે સંકળાયેલ કોલની વિગત | | |
|---|---|---|---|
| | અકસ્માત | સર્પદંશ | પ્રસૂતિ |
| ૨૦૦૮ | ૧૫૪૪૧ | ૧૫૭ | ૫૨૮૧ |
| ૨૦૦૯ | ૧૭૪૦૭ | ૧૩૭ | ૧૨૩૨૭ |

## પ્રવાસન વિકાસ કાર્યક્રમ અન્વયે સુરત જિલ્લાના સમાવિષ્ટ સ્થળો

૧૬૬૫૧ **શ્રી કિરીટભાઈ ગં. પટેલ** (ઓલપાડ) **: માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રવાસન વિકાસ કાર્યક્રમ અન્વયે સુરત જિલ્લામાં કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) તે સ્થળોના વિકાસના કામો માટે વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે કે કેમ,

(૩) જો હા, તો ફાળવેલ ગ્રાન્ટમાંથી ઉક્ત સ્થિતિએ ક્યા ક્યા સ્થળ માટે કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧) ૧. તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પ્રવાસન વિકાસ કાર્યક્રમ અંતર્ગત કલેકટરશ્રી સુરત દ્વારા સુરત જિલ્લામાં સુવાલી બીચ તા. ચોર્યાસીનો સમાવેશ કરવામાં આવેલ છે.

૨. આ ઉપરાંત પૂજ્ય ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડી સુધી કરેલ યાત્રામાં જે જે જગ્યાએ રાત્રીરોકાણ કરેલ છે, તે પૈકી સુરત જિલ્લામાં આવેલ નીચે મુજબના સ્થળોનો પ્રવાસન વિકાસ કાર્યક્રમ અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે. જે અંગે નિગમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

૧. ઉમરાવીર. ૨. ભાટગામ ૩. દેલાદ ૪. તાપી નદીનો ક્નિારો (છાપરા ભાટા) ૫. વાંઝ

(૨) ૧. તે અન્વયે વિકાસ કામો માટે જિલ્લા કલેકટરશ્રી સુરતને સુવાલી બીચ ખાતે આંતરમાળખાકીય સુવિધા અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે કુલ રૂ.૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

૨. આ ઉપરાંત વર્ષ ૨૦૦૯-૧૦માં દાંડી હેરીટેજ કોરીડોર અંતગર્ત સુરત જીલ્લા માટે રૂ. ૩૮૯.૦૨ લાખની ગ્રાન્ટ નિગમ દ્વારા ફાળવવામાં આવેલ છે.

(૩) ૧. ફાળવેલ ગ્રાન્ટ અન્વયે કલેકટરશ્રી, સુરત દ્વારા સુવાલી બીચના વિકાસ માટે સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી સુરતને ડીટેઈલ પ્રોજેકટરીપોર્ટ તેયાર કરવાની કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે, આ રીપોર્ટ મળ્યા બાદ કાર્યવાહી અંગે વિચારણા કરવામાં આવશે. જેથી હાલ કોઈ ખર્ચ થયેલ નથી.

૨. ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા સુરત જિલ્લામાં આવેલ નીચે મુજબના સ્થળોનો દાંડી હેરીટેજ કોરીડોર અંતર્ગત કામગીરી હાથ પર લેવામાં આવેલ છે. આ કામગીરી માટે કોન્ટ્રાકટરની પસંદગી કરી તાજેતરમાં વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જેથી હજુ કોઈ ખર્ચ થયેલ નથી.

| | |
|---|---|
| ૧. ઉમરાવી | રૂ.૪૪.૬૨ લાખ (ચાલુ) |
| ૨. ભાટગામ | રૂ.૫૧.૨૮ લાખ (ચાલુ) |
| ૩. દેલાદ | રૂ.૩૩.૧૩ લાખ (ચાલુ) |
| ૪. તાપી નદીનો ક્નિારો (છાપરાભાટા) | રૂ. ૩૪.૦૧ લાખ (ચાલુ) |

૫. વાંઝ રૂ. ૨૨૫.૯૮ લાખ (ચાલુ)

(૪) અધૂરા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૪) ૧. સુવાલી બીચના વિકાસ માટે સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી સુરતને ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી કલેક્ટરશ્રી સુરત દ્વારા સુપ્રત કરવામાં આવેલ છે. આ રિપોર્ટ મળ્યા બાદ કાર્યવાહી અંગે વિચારણા કરવામાં આવશે.
૨. દાંડી હેરીટેજ કોરીડોર અંતર્ગતના કામો ઓગષ્ટ-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**ખેડા જિલ્લામાં પ્રવાસન વિકાસ માટે પસંદ કરેલ સ્થળો**

૧૬૬૬૭ **શ્રી પંકજકુમાર દેસાઈ(નડિયાદ)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા આપવામાં આવનાર છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરવામાં આવ્યા.
૧. ગલતેશ્વર ઠાસરા
૨. સાબરમતી આશ્રમ અમદાવાદથી દાંડી સુધી કરેલ દાંડીકુચ દરમ્યાન જે જે ૨૧ સ્થળોએ રાત્રિ રોકાણ કરેલ હતું તે પૈકી ખેડા જિલ્લામાં આવેલ નવાગામ, માતર, નડિયાદ, ડાકોર અને રૈયોલી (બાલાસીનોર) ખાતે ફોસીલ પાર્ક

(૨) પસંદ કરેલ સ્થળને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવામાં આવનાર છે.
૧. ગલતેશ્વર મહાદેવ - નદી સાઈડ પ્રોટેક્શન વોલ, હટ (કુટીર), વોશ રૂમ (સંડાસ-બાથરૂમ), પ્લોટ લેવલીંગ, બગીચો, ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી, પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા, મુખ્ય રસ્તાથી મંદિર સુધીનો સી.સી. રોડ, મેઈનગેટ, ચેન્જીંગ રૂમ, રીવર ફ્રન્ટ ઉપર બગીચામાં તેમજ રોડ ઉપર લાઈટીંગ સુવિધા.
૨. નવાગામ - સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બીલ્ડીંગનું રંગકામ, લાઈબ્રેરી, મેડીટેશન રૂમ કોમ્યુનીટી હોલ, સોવેનીયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઈડ, મ્યુઝીયમ, ઓડીયોવીઝીયુલ, ફુડ કાફેટેરીયા.
૩. માતર - સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બીલ્ડીંગનું રંગકામ, લાઈબ્રેરી, મેડીટેશન રૂમ કોમ્યુનીટી હોલ, સોવેનીયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઈડ,
૪. નડીયાદ - સાઈનેજીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બીલ્ડીંગનું રંગકામ.
૫. ડાકોરના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે મંદિરને જોડતા રસ્તાના સુધારા વધારા, પરિક્રમા પથ, ગોમતીઘાટ અને આસપાસનો વિસ્તાર, યાત્રાળુઓ માટે રીક્રિએશન માટેના સ્થળોનો વિકાસ, ગામતળ સુધારણા, પરિક્રમા પથમાં પુલનું નિર્માણ વગેરેની કામગીરી.
૬. રૈયોલી (બાલાસીનોર) ખાતે ઈન્ફરમેશન રીસેપ્શન સેન્ટર, ઈન્ટરપ્રીટેશન સેન્ટર અને મ્યુઝીયમ, પ્રદર્શન

હોલ, સાઉન્ડ સ્ટેશન, લાઈફ સાઈઝ ફાયબર ગ્લાસ મોડેલ્સ ઓફ ડાયના સોર, કાફેટેરીયા, ડાઈનીંગ હોલ, લેબોરેટરી, ઓફીસ, કેમ્પીંગ સાઈડ, લોગહટ, ટ્રેક એન્ડ ટ્રેઈલ, કંપાઉન્ડ વોલ, ગેટ, વોચમેન કેબીન, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, આર્ટીફીસીયલ વોટર ફોલ, પાર્કીંગ લેન્ડ સ્કેપીંગ અને પ્લાન્ટેશન, બોરવેલ પંપરૂમ, ટોયલેટ તથા વિજળી અને પાણી પુરવઠાની કામગીરી.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે નીચે મુજબના નાણા ફાળવવામાં આવ્યા છે.
ગલતેશ્વરની કામગીરી માટે
વર્ષ ૨૦૦૮-૦૯માં રૂપિયા ૫૫.૦૦ લાખ
વર્ષ ૨૦૦૯-૧૦માં રૂપિયા ૧૦૦.૦૦ લાખ
વર્ષ ૨૦૦૯-૧૦માં
નવાગામની કામગીરી માટે રૂપિયા ૪૯.૮૧ લાખ
માતરની કામગીરી માટે રૂપિયા ૨૮.૯૮ લાખ
નડીયાદની કામગીરી માટે રૂપિયા ૧.૮૦ લાખ
રેયોલીની કામગીરી માટે રૂપિયા ૪૫૨.૪૧ લાખ

(૪) તેની સામે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) ઉપરોક્ત ગ્રાન્ટ પેકી રૂપિયા ૪૭૬.૯૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

------------

## સંગમ નારાયણથી ગાયત્રી મંદિર સુધી દરિયા કાંઠાનું ધોવાણ અટકાવવા પગલાં

૧૬૬૩૮**શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દ્વારકા ખાતે સંગમ નારાયણથી ગાયત્રી મંદિર સુધી દરીયાકાંઠાનું ધોવાણ થાય છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

## ભરૂચ જિલ્લામાં આરોગ્ય વિષયક જાણકારી આપવા સંમેલનો

૧૫૬૯૫**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આરોગ્ય વિષયક જાણકારી આપવા માટે કેટલા કેમ્પ/શિબિર તાલુકાવાર કર્યા, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કુલ ૩૩૮ કેમ્પ/શિબિર કરવામાં આવેલ છે. તાલુકાવાર કેમ્પ શિબિરની વિગતો નીચે મુજબની છે.

| અ.નં. | તાલુકાનું નામ | કેમ્પ/શિબિરની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | ભરૂચ | ૩૭ | ૨૨ |
| ૨ | વાગરા | ૨૦ | ૨ |
| ૩ | આમોદ | ૧૬ | ૧ |
| ૪ | જંબુસર | ૨૦ | ૧૪ |
| ૫ | હાંસોટ | ૨૦ | ૪ |
| ૬ | અંકલેશ્વર | ૩૦ | ૧૧ |
| ૭ | ઝગડીયા | ૪૫ | ૩૨ |
| ૮ | વાલિયા | ૫૦ | ૧૪ |
| | **કુલ** | **૨૩૮** | **૧૦૦** |

(૨) તે અન્વયે કેટ કેટલો ખર્ચ થયો ?

(૨) તે અન્વયે કુલ રકમ રૂ.૧,૬૮,૯૮૫/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**ચોટીલાના ચામુંડા માતાજીના મંદિરને પ્રવાસન તેમજ યાત્રાધામ તરીકે વિક્સાવવા અંગે**

૧૬૬૪૦**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના પ્રસિધ્ધ યાત્રાધામ ચામુંડા માતાજીના મંદિરને રાજ્યના પ્રવાસન તેમજ યાત્રાધામ તરીકે વિક્સાવવા સરકારે કોઈ યોજના કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના પ્રસિધ્ધ યાત્રાધામ ચામુંડા માતાજીના મંદિરને રાજ્યનું પ્રવાસન તેમજ યાત્રાધામ તરીકે વિક્સાવવા માટે ભક્તિવનની સુવિધા ઉભી કરવા સને ૨૦૦૮-૦૯માં રૂપિયા ૧૪૩.૫૦ લાખ અને ઈકો ટુરિઝમ રૂ. ૨૫.૦૦ લાખ એમ મળ્યે કુલ રૂ.૧૬૮.૫૦ લાખ ક્લેકટરશ્રી સુરેન્દ્રનગરને ફાળવવામાં આવેલ હતા આ અન્વયે ભક્તિવન સંકુલ ઉભુ કરી પેવર બ્લોક, કર્બિંગ, બ્યુટીફીકેશન, ટાઈલ્સ, ઈલેકટ્રીફીકેશન, ગાર્ડન, વૃક્ષારોપણ ડ્રેનેજ, રોડ, કેનાલ, લેન્ડ સ્કેપ, ટેરીંગબ્લોક, વોટર ટેન્ક, ટોયલેટ બ્લોક, પાણીના બોર, પાઈપલાઈન, તુલશીકુંડ, સ્ટ્રોન પીચીંગવર્ક, સીક્યોરીટી અને ઓફીસ, શેડ અને શેલ્ટર વગેરેની કામગીરી ઉભી કરવામાં આવી રહેલ છે. જેમાં અત્યાર સુધી રૂ.૧૧૯.૬૩ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) જો ના, તો તેને પ્રવાસન સ્થળ તરીકે ન વિક્સાવવાના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ જિલ્લામાં બાજપાઈનગર વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ**

૧૬૪૯૪ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ(વિરમગામ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બાજપાઈનગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બાજપાઈનગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કુલ રૂા. ૨,૭૨,૨૨,૬૭૪/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. |
| (૨) આ સમયગાળા દરમ્યાન કેટલા કામોને મંજૂરી આપવામાં આવી ? | (૨) આ સમયગાળા દરમ્યાન ૨૭ કામોને મંજૂરી આપવામાં આવી. |

**બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોન વિસ્તાર જાહેર કરવા બાબત**

૧૪૬૦૭ **શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ક્યા ક્યા તાલુકાને ડાર્કઝોન વિસ્તાર જાહેર કરેલ છે,<br>(૨) આ ડાર્કઝોન વિસ્તાર ક્યારથી જાહેર કરેલ છે, અને | (૧) અને (૨) : સરકારશ્રીના તા.૧૬-૧૨-૨૦૦૩ ના ભૂગર્ભ જળના ખેંચાણ પરના નિયંત્રણ અંગેના ઠરાવ મુજબ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, અમીરગઢ, દાંતીવાડા, ધાનેરા તથા ડીસા તાલુકાઓને ડાર્કઝોન વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. |
| (૩) આ ડાર્કઝોન સરકાર ઉઠાવવા માંગે છે કે કેમ ? | (૩) જે વિસ્તારમાં ભૂગર્ભ જળ સિંચાઈના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.<br>આવા વિસ્તારોમાં જ્યારે સાતત્યપૂર્ણ રીતે ભૂગર્ભ જળના ખેંચાણના પ્રમાણમાં સુધારો નોંધાય ત્યારે ભારત સરકારે આપેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વર્ગીકરણની કાર્યવાહી કરવામાં આવે છે. |

------------

**આણંદ જિલ્લામાં પ્રવાસન સ્થળો તરીકે વિકાસ પામનાર સ્થળો**

૧૬૬૬૮**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં નીચેના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા<br>(૧) વહેરા ખાડી આણંદ<br>(૨) સાબરમતી આશ્રમ અમદાવાદથી દાંડી સુધી કરેલ દાંડીકુચ દરમ્યાન જે જે સ્થળોએ રાત્રી રોકાણ કરેલ હતુ તે પૈકી આણંદ જિલ્લાના નીચેના સ્થળોના વિકાસ કરવા સમાવેશ કરવામાં આવેલ છે.<br>(૧) આણંદ (૨) બોરસદ (૩) કંકાપુરા |
| (૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવામાં આવનાર છે, | (૨) પસંદ કરેલ સ્થળને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવામાં આવનાર છે.<br>૧. વહેરાખાડી ખાતે હનુમાન ટેકરીથી રસ્તા રેલીંગ સાથે સંગમતીર્થ રોડની કામગીરી, સાઈડવોટર ડ્રેઈન પ્રોટેકશન વર્ક, બ્રીક પેવીંગ રોડની કામગીરી વનીકરણની કામગીરી, પથિકવિશ્રામભવન (હોલ) કીચન શેડ, તથા અન્ય સુવિધા, ચેકડેમ, તળાવનો વિકાસ, સ્ટ્રીટલાઈટ, વીજળીકરણની કામગીરી.<br>૨. આણંદ ખાતે સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ<br>૩. બોરસદ ખાતે સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ<br>૪. કંકાપુરા ખાતે સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન રૂમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીગસાઈટ, મ્યુઝીયમ, ઓડીયોવીઝયુલ, ફુડ કાફેટેરિયા, ૧૫ ગેસ્ટરૂમની વ્યવસ્થા. |
| (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને | (૩) વર્ષ ૨૦૦૮-૦૯<br>વહેરાખાડીના કામ માટે રૂપિયા ૫૫.૦૦ લાખ<br>વર્ષ ૨૦૦૯-૧૦<br>(૧) આણંદના કામ માટે રૂપિયા ૧.૮૧ લાખ<br>(૨) બોરસદના કામ માટે રૂપિયા ૧.૮૬ લાખ<br>(૩) કંકાપુરાના કામ માટે રૂપિયા ૭૩૩.૮૮ લાખ |
| (૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) તેની સામે રૂપિયા ૧૦.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

**રાજ્યની સરકારી મેડીકલ કોલેજોમાં પ્રોફેસરોની મંજૂર જગ્યાઓ**

૧૬૦૫૦**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની સરકારી મેડીકલ કોલેજોમાં પ્રોફેસરોની મંજૂર થયેલી જગ્યાઓ કેટલી છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૪) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની સરકારી મેડીકલ કોલેજોમાં પ્રોફેસરોની મંજૂર થયેલી જગ્યાઓ ૨૦૬ છે.

(૨) તે અન્વયે કુલ-૩૧ જગ્યાઓ ખાલી છે જેની વિગતો નીચે મુજબ છે.

| ખાલી જગ્યાઓની સંખ્યા | સમયગાળો |
|---|---|
| ૧૩ | ૧ થી ૬ માસ |
| ૦૬ | ૭ માસથી ૧ વર્ષ |
| ૦૪ | ૧ વર્ષથી ૨ વર્ષ |
| ૦૮ | ૨ વર્ષથી ૩ વર્ષ |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા સીધી ભરતી/બઢતી અને પ્રતિનિયુક્તિથી ભરવા કાર્યવાહી કરવામાં આવી છે.

(૪) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે.

**મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજના**

૧૫૭૦૯ **શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ ભરૂચ જિલ્લાના ૧૦૫ ગામો પૈકી કેટલા ગામડાઓને ઉક્ત જૂથ યોજના અંતર્ગત પાણી આપવામાં આવે છે,

(૨) કેટલા ગામોને પાણી આપવામાં આવતું નથી, અને

(૩) છેલ્લાં બે વર્ષમાં મધ્યબારા જૂથ યોજનાની સુધારણા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૪૧ ગામોને પાણી આપવામાં આવે છે.

(૨) ૪૨ ગામો અન્ય સોર્સમાંથી પાણી પુરવઠા બોર્ડની પાઈપ લાઈન દ્વારા પાણી મેળવે છે અને ૨૨ ગામો સ્વતંત્ર પાણી પુરવઠા યોજનામાંથી પાણી મેળવે છે.

(૩) રૂા. ૭૪૯.૦૮ લાખ.

------------

**આમરણ ચોવીસી વિસ્તારમાં "૧૦૮" ની એમ્બ્યુલન્સ સેવા**

૧૬૦૮૩**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના આમરણ ચોવીસી વિસ્તારમાં "૧૦૮" ની એમ્બ્યુલન્સ સેવા ૪૦ કિ.મી. દૂરથી આવતી હોવાથી લાંબો સમય પસાર થઈ જાય છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના લોકોને "ગોલ્ડન અવર" માં તાત્કાલિક તબીબી સારવાર મળી રહે તે હેતુથી રાજ્ય સરકારે "૧૦૮" એમ્બ્યુલન્સ સેવા સમગ્ર રાજ્યમાં ઉપલબ્ધ કરેલ છે. જેમાં જામનગર જિલ્લાના

(૨) આ વિસ્તારમાં ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા નજીકથી અને ઝડપથી ઉપલબ્ધ થાય તે માટે શું આયોજન થયું છે ?

જોડીયા તાલુકાના આમરણ ચોવીસી વિસ્તારને પણ આવરી લીધેલ છે. આ વિસ્તારને જોડીયા ઉપરાંત નજીકના સ્થળ મોરબી અને માળીયા ખાતેની એમ્બ્યુલન્સની પણ તાત્કાલિક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

સન ૨૦૧૦-૧૧ ના વર્ષમાં સમગ્ર રાજ્યમાં વધુ ૫૦ એમ્બ્યુલન્સનો ઉમેરો કરવાનું આયોજન કરાયેલ છે. જેમાં એમ્બ્યુલન્સની ઉપલબ્ધી તેમજ આમરણ ચોવીસી વિસ્તારની જરૂરિયાતને લક્ષમાં લઇ, ૧૦૮ ની એમ્બ્યુલન્સ સેવા નજીકથી અને ઝડપથી ઉપલબ્ધ કરવામાં આવશે.

------------

## કરજણ ડેમ ખાતે બી.ઓ.ટી. ધોરણે મીની હાઈડ્રોપાવર સ્ટેશન

૧૫૬૪૫**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કરજણ ડેમ ખાતે બી.ઓ.ટી.ના ધોરણે મીની હાઈડ્રોપાવર સ્ટેશન બનાવવાની કોઈ યોજના બનાવવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો આ યોજના હાલ ક્યા તબક્કે છે ?

(૨) બે વર્ષ પહેલાં તા.૦૬-૦૯-૦૭ના રોજ કરાર કરી ૩.૦ મેગાવોટ હાઇડ્રોપાવર ઉત્પન્ન કરવાની યોજના બી.ઓ.ટી.ના ધોરણે હાથ ધરવામાં આવી છે. અને તેની કામગીરી પ્રગતિમાં છે.

------------

## સુરત જિલ્લામાં તાપી કાંઠાની પાળા યોજના માટે જોગવાઈ

૧૬૫૭૮**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં તાપી કાંઠાની પાળા યોજના માટે કેટલી રકમની જોગવાઈ થયેલ છે, અને

(૧) સુરત જિલ્લામાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂ. ૫૫૦૦-૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી.

(૨) આ પેકી કઈ કઈ પાળા યોજના માટે કેટલી રકમ ડીસે. ૦૯ સુધીમાં ખર્ચવામાં આવી છે ?

(૨) માટીપાળા અને રીટેઇનીંગ વોલની યોજના પાછળ ડીસેમ્બર-૦૯ સુધી નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| અ.નં. | પેકેજ નંબર | થયેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|
| અ | ૧. રાંદેર-જહાંગીરપુરા | ૭૧૯.૪૯ |
| | ૨. જહાંગીરપુરા<br>૨.અ-અમરોલી બ્રીજ | ૧૦૫૯.૬૪<br>૨૩૫.૭૨ |
| | ૩. વરીયાવ | ૧૭૦૦.૦૦ |
| | ૪. અમરોલી છાપરાભાઠા | ૧૯૪૬.૦૩ |
| | ૫. રાંદેર - અડાજણ | ૧૪૭૭.૫૮ |
| | ૬. આંબોલી | ૬૫૭.૪૫ |
| | ૭. સીંગોણપોર | ૬૭૧.૪૩ |
| | ૮. ડભોલી | ૭૭૧.૪૩ |
| | ૯. વેડ | ૧૩૬૨.૨૨ |
| | ૧૦. ક્તારગામ-ફુલપાડા | ૧૩૫૮.૦૮ |
| બ | રીટેઇનીંગ વોલ | ૨૧૬૪.૩૭ |
| | **કુલ :** | **૧૪,૧૨૩.૭૪** |

------------

## સાબરકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરેલ સ્થળો

૧૬૬૭૫ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં નીચેના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.

(૧) શામળાજી, વિષ્ણુમંદિર અને આસપાસનો વિસ્તાર.

(૨) શામળાજી ખાતે બુધ્ધિસ્ટ સાઇટ દેવનીમોરી.

(૩) શામળાજી, ઇડર અને વિજયનગરની પોળોને જોડતી પ્રવાસન સર્કીટ માટે કાર્યયોજના આધારીત અહેવાલ સેપ્ટ સંસ્થા મારફતે તૈયાર કરાવવામાં આવેલ છે.

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધાઓ પૂરી પાડવાની સરકારની યોજના છે.

(૧) શામળાજી વિષ્ણુ મંદિર અને આસપાસના વિસ્તાર ખાતે લેક, પાથવેનો વિકાસ, ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ, કંપાઉન્ડ વોલ તથા ધજા સ્થળના વિકાસની કામગીરી.

(૨) શામળાજી વિષ્ણુ મંદિર અને આસપાસના વિસ્તાર ખાતે બોટીંગ, ગ્રામહાટ, એમ્ફી થીયેટર, પંપરૂમ સાથેનો બોર, ઓવરહેડ ટેન્ક, બગીચો, માઉન્ટેનીયર તાલીમ સંસ્થા, માહિતી ગેલેરી, હોસ્ટેલ, ટ્રાયબલ મ્યુઝીયમ માટે હાઇવે સમાંતર પુરાણ અને પ્રોટેક્શન વોલ, રેસ્ટોરન્ટ, સેનેટરી અને લાઇટની સુવિધા, મેળાના સ્થળે (નાગધરા) ટોયલેટ, ચેન્જરૂમ અને આરોપ્લાન્ટ, રસ્તાનું આધુનિકરણ, પ્રવેશ દ્વાર, સાઇનેજીસ, હાઇમાસ્ટ ઇલ્યુમીનેશન.

(૩) દેવની મોરી બુદ્ધિસ્ટ સાઇટ ખાતે રસ્તાની સુધારણા, પુરૂષ તથા સ્ત્રીના ટોયલેટ, બોરરૂમ, મોટરરૂમ, લેન્ડસ્કેપીંગ, વોચીંગ ટાવર, મુખ્ય પ્રવેશ દ્વાર, સાઇનેજીસ, ઇમારતની જાળવણી, પ્રવાસી માહિતી કેન્દ્રની કામગીરી.

(૪) શામળાજી : ટુરીસ્ટ રીસેપ્શન અને ઇન્ટરપ્રીટેશન સેન્ટર, મંદિર વિસ્તારની સુધારણા અને નવીનીકરણ, ગામના અંદરના વિસ્તારની સુધારણા, વાવ શીવમંદિર ખાતે પ્રકાશવ્યવસ્થા.

(૫) ઇડર : તળેટીનો વિકાસ, કુંડનું રીપેરીંગ, ધાણીતળાવ કિનારાનો વિકાસ, રાજચંદ્ર વિહાર તરફના એપ્રોચ રોડની સુધારણા અને વિકાસ, આંતરીક રસ્તા અને વિસ્તારનો વિકાસ, દિશા સુચક તથા માહિતી દર્શાવતા બોર્ડ.

(૬) વિજયનગર પોળો : જુદી જુદી સાઇટને સાંકળતા મુળભુત રસ્તાનો વિકાસ, સ્મારકની આસપાસ આંતરમાળખાકીય સવલતનો વિકાસ, હરણાડેમનો વિકાસ, ટ્રાયબલ મ્યુઝીયમનો વિકાસ, સાહસપૂર્ણ રમતગમતનો વિકાસ, ગ્રીનરૂમ અને ઓડીયોવીઝયુલની વ્યવસ્થા સાથેનું એમ.પી. થીયેટર, ગ્રામ્ય પ્રવાસન અંતર્ગત સ્થાનિક લોકોને પગભર થવા ટ્રેનીંગ પ્રોજેક્ટ.

(૭) દેવની મોરી (બુધ્ધિસ્ટ સાઇટ) ખાતે આતંરમાળખાકીય અને પ્રવાસન સુવિધા વિકસાવવા કેન્દ્રને દરખાસ્ત મોકલવામાં આવેલ હતી. જે કેન્દ્ર સરકારે મંજુર કરેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે નીચે મુજબના નાણાં ફાળવવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૦૮-૦૯**

(૧) શામળાજી વિષ્ણુ મંદિર અને આસપાસના વિસ્તારના વિકાસ માટે રૂપિયા ૯૫.૦૦ લાખ.

| | |
|---|---|
| | **વર્ષ-૨૦૦૯-૧૦**<br>(૧) શામળાજી વિષ્ણુ મંદિર અને આસપાસના વિસ્તારના વિકાસ માટે રૂપિયા ૪૬૫.૧૨ લાખ.<br>(૨) બુધ્ધિસ્ટ સાઇટ-દેવની મોરી માટે રૂપિયા ૨૮૭.૦૪ લાખ. |
| (૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) તેની સામે હાલમાં ઉપરોક્ત કામગીરી પ્રગતિમાં હોઇ કોઇ ખર્ચ થયેલ નથી. |

------------

**પંચમહાલ જિલ્લામાં પાણીની તકલીફ નિવારવા માસ્ટર પ્લાન**

૧૬૦૩૬**શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧-૧૦ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં વરસાદ ઓછો પડતા આગામી ઉનાળામાં પીવાના પાણીની તક્લીફ નિવારવા રાજ્ય સરકારે કોઈ માસ્ટર પ્લાન તૈયાર કરેલ છે કે કેમ, | (૧) પીવાના પાણીની સંભવિત તંગી દુર કરવા યોગ્ય આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને<br>(૩) તાલુકાવાર પીવાના પાણીની સમસ્યા હલ કરવા સરકારનું શુ આયોજન છે ? | (૨) અને (૩) : પંચમહાલ જિલ્લાના તાલુકાઓમાં જ્યાં અને જ્યારે જરૂરિયાત ઉપસ્થિત થશે ત્યાં યોગ્ય વ્યવસ્થા-કામગીરી કરવામાં આવશે. |

------------

**જામનગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૬૬૪૭ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, | (૧) (અ) જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>(૧) પીરોટન ટાપુ : પ્લેટફોર્મ, આવાસ માટે પ્લાસ્ટીક ડોમ, એન્ટ્રરપ્રીટેશન ક્મ પ્રોજેકટ રૂમ, ઓડીયોવીઝયુઅલ સાધનો, જનરેટર સેટ, ફાઇબર ગ્લાસના મુવેબલ શેડ, પોર્ટેબલ ટોયલેટ, ટેલિસ્કોપ, ફર્નીચર સાથે રહેવા માટે કોટેજ, સોલાર લાઇટ, મુવેબલ બેન્ચીસ, બોટીંગ જેટી, સાઇનબોર્ડ, પ્રોટેક્શન વોલ અને મીઠા પાણીના સ્ટોરેજ માટેની ટાંકીની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.<br>(૨) ભારત સરકાર દ્વારા નાગેશ્વર ખાતે હાર્ડવેર, કોમ્પોનન્ટ અન્વયે હટ, દુકાનો, સ્ટેજ, રેસ્ટોરન્ટ, ડોરમેટરી, સેનેટરી રૂમ, વીન્ડમીલ, સોલાર સીસ્ટમ, પાર્કીંગ, મુખ્ય દરવાજો, લેન્ડસ્કેપ સોફટવેર કોમ્પોનન્ટ અન્વયે પ્રમોશન અને માર્કેટીંગ વર્ક, વર્કશોપ અને ઇવેન્ટ, ટ્રેનીંગ અને કેપેસીટી બિલ્ડીંગ, વહીવટી સર્પોટ અને પ્રાવસન સાહિત્યની કામગીરીનો સમાવેશ થાય છે.<br>(૩) અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત જોડીયા તાલુકાના આમરણ ગામે સંતશ્રી ભીમસાહેબની જગ્યા ખાતે મુખ્યપ્રવેશ દ્વાર, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડ વોલ, બાગબગીચા, બેઠક વ્યવસ્થા, પેવરબ્લોક્નું પેવીંગ, યાત્રાળુઓ માટે શેડ, પાર્કીંગ, સ્થળનું મહત્વ દર્શાવતુ બોર્ડ અને સાઇનેજીસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>(૪) દ્વારકા નાગેશ્વર, બેટ દ્વારકા ટુરીસ્ટ સર્કીટ અન્વયે |

સંકલિત વિકાસ માટે સેપ્ટ મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં દ્વારકામાં પરિક્રમા પથનો વિકાસ, રાવલા તળાવનો વિકાસ, મંદિરચોક અને બલભદ્રશેરીનો વિકાસ, સનસેટ પોઇન્ટ અને ભડકેશ્વર મંદિરનું જોડાણ, ગોમતી નદીના ઘાટનું રીપેરીંગ, તહેવાર દરમ્યાન સર્વિસ એરિયા તથા શેરીનો વિકાસ, સમુદ્રનારાયણ મંદિરની નજીકના દરિયાકાંઠાનો વિકાસ, નાગેશ્વર ખાતે તળાવ પ્રાવાસન પથ અને ગ્રામ્ય હાટનો વિકાસ સમરાસર (ગોપીતળાવ) ખાતે વોક્વે, તળાવ અને ગામચોકનો વિકાસ, ઓખામઢીનો વિક એન્ડ ડેસ્ટીનેશન તરીકે વિકાસ, શીવરાજપુર ખાતે કેમ્પીંગ સાઇટનો વિકાસ, પોશીત્રા ખાતે ઇકો ટુરીજમ માટે કેમ્પીંગ સાઇટનો વિકાસ, ચરખલા મેઇનરોડ ઉપર સાઇનેજીસ, બેટદ્વારકા ખાતે પદમેશ્વર મહાદેવની મંદિરની પ?િમ સાઇડના દરિયાકાંઠાનો રણછોડ તળાવનો વિકાસ.

(૫) જામનગર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં સાડી માર્કેટ અને બાંધણીશેરીમાં સુધારા વધારા, વેલીન્ગટન ડેમથી ગ્રેન માર્કેટ સુધીની ફુટપાથ, હેરીટેજ એરિયાના પ્રમોશન માટે સાઇનેજીસ, પાર્કીંગ, વેલીન્ગટન ડેમના સુધારા-વધારા, રણજીત સાગર ડેમની આજુબાજુનો વિકાસ જેવી કામગીરીનો સમાવેશ થાય છે. જે માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી આર્કીટેક્ની પસંદગી કરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

| | |
|---|---|
| (૨) આ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે, અને | (૨) આ માટે રાજ્ય સરકારે રૂપિયા ૨૭૩.૫૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૩) તે પૈકી કેટલો ખર્ચ થયો ? | (૩) આ માટે રૂપિયા ૩૬.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

## પંચમહાલ જિલ્લાના ડાર્કઝોન તાલુકામાં વીજજોડાણ

૧૫૬૧૪**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં જે તાલુકાઓ ડાર્કઝોનમાં આવેલા છે, તેવા ડાર્કઝોનમાં ખાસ કિસ્સામાં વીજ જોડાણ આપવા સરકારે શું આયોજન કરેલ છે ? | તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કોઇપણ તાલુકામાં ડાર્કઝોન અમલમાં નથી, તેથી ખાસ કિસ્સામાં વીજ જોડાણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## સોનગઢ તાલુકામાં "૧૦૮" એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ

૧૬૫૦૨**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ)**:**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં સોનગઢ તાલુકામાં "૧૦૮" એમ્બ્યુલન્સની સેવાનો વ્યાપ સમગ્ર તાલુકામાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો ના, તો આ સેવા ન મળવાના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ સેવા મળે એ માટે સરકાર શું આયોજન કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજકોટ જિલ્લામાં બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ**

૧૬૪૯૧ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં રાજકોટ જિલ્લામાં બાજપાઈનગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓને બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ બીજા તબક્કામાં કુલ રૂા. ૬૪૨.૫૮ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી. |
| (૨) બીજા તબક્કામાં કેટલા કામોને મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) બીજા તબક્કામાં કુલ ૨૧૫ કામોને મંજૂરી આપવામાં આવેલ છે. |

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં સિંચાઈને લગતા ધારાસભ્યોના મંજૂર કામો**

૧૫૬૮૯**શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં સિંચાઈની સુવિધા પૂરી પાડવા માટે ધારાસભ્યો પાસેથી ૯૦ : ૧૦ ભાગીદારી હેઠળ કામોની માંગણી કરેલ તે વાત સાચી, | (૧) હા, જી. તળાવો ઉંડા કરવાની કામગીરી માટે માંગણી અને ગ્રાન્ટ ફાળવણી થયેલ છે. |
| (૨) જો હા, તો તે અન્વયે ક્યા ક્યા ધારાસભ્યોના કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) નીચે દર્શાવ્યા મુજબના ધારાસભ્યો તરફથી થયેલ ભલામણ મુજબ તળાવ ઉંડા કરવાના કામો મંજૂર કરવામાં આવેલ હતા. |

| અ.નં. | ધારાસભ્યોના નામ |
|---|---|
| ૧ | શ્રી હર્ષદભાઇ વસાવા |
| ૨ | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૩ | શ્રી અમરસિંહ વસાવા |
| ૪ | શ્રી ઇશ્વરભાઇ ટી. પટેલ |
| ૫ | શ્રી દુષ્યંતભાઇ પટેલ |
| ૬ | શ્રી ઇકબાલભાઇ પટેલ |
| ૭ | શ્રી કિરણભાઇ મકવાણા |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) મંજૂર થયેલ કામોની કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૩) ૧૧૩ તળાવો પૈકી ૯૨ તળાવો ઉંડા કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

------------

**પાટણ જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરેલ સ્થળો**

૧૬૬૭૩**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પાટણ જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના નીચેના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યા. |

૧. આલુવાસ તાલુકો સાંતલપુર.
૨. કોડધા તા.સમી.
૩. વરાણા તા. સમી.
૪. લોટેશ્વર તા.સમી.
૫. ખોખલા તા.ચાણસ્મા.
૬. પંચાસર તા.ચાણસ્મા.
૭. શંખેશ્વર તા.સમી.
૮. વટેશ્વર મહાદેવ દેથલી.
૯. સીધ્ધેશ્વરી મંદિર ગામ : મંડલોપ તા.ચાણસ્મા.
૧૦. પાટણ ખાતે વીર મેઘમાયા સ્મારક.

૧૧. સિધ્ધપુર ખાતે આવેલ રાવત રામજી મંદિર.
૧૨. પાટણ શહેરના ગાંધી ગાર્ડન, કાલકા ગાર્ડન, ખાન સરોવર, સિધ્ધિ સરોવર, બારોટ વાવ, કણસણા ગેટ, સહસ્ત્રલીંગ તળાવ.
૧૩. સિધ્ધપુર શહેરમાં આવેલ બીંદુ સરોવર.

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધાઓ પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૨) પસંદ કરેલ સ્થળોએ નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે.
૧. આલુવાસ તાલુકો સાંતલપુર ખાતે ચંદેશ્વર મહાદેવ નજીક પ્રવાસન સ્થળ ખાતે કપીલા નદી સ્નાન ઘાટની સુવિધા.
૨. કોડધા તા.સમી વાડીલાલ સરોવરના વન વિભાગમાં આવતા રસ્તાઓનું કામ, પ્રવાસી ટેન્ટ ખાતે રસોડાની સુવિધા, વાડીલાલ ડેમના ડબલ્યુબીએમ એપ્રોચ રોડ નાળાનું કામ.
૩. વરાણા તા. સમી ખોડીયાર માતાના મંદિર તરફથી એક મીટર રોડ વાઈડનીંગનું કામ.
૪. લોટેશ્વર મહાદેવ મંદિર (તા.સમી) ની બહાર પે એન્ડ યુઝ શૌચાલયની સુવિધા.
૫. ખોખલા તા.ચાણસ્મા મહાદેવજીના મંદિરના એપ્રોચ રોડનું કામ.
૬. પંચાસર તા.ચાણસ્મા વિશ્વેશ્વર મહાદેવમાં હોલના મકાનનું કામ.
૭. રાષ્ટ્રીય/રાજ્યધોરી માર્ગ ઉપર જુદા જુદા સ્થળોએ પ્રવાસન સ્થળોને લગતા સાઈનેજીસ બનાવી મુકવાની કામગીરી.
૮. શંખેશ્વર તા.સમી ખંડીયા રોડ તથા પાડલા રોડ ઉપર પે એન્ડ યુઝ શૌચાલય, શંખેશ્વર પાડલા રોડથી શંખેશ્વર કુવારદ રોડને જોડતો સી.સી. રોડ, શંખેશ્વર ગામે મંદિરથી ગ્રામ્ય પંચાયત ઓફીસ સુધીના સી.સી. રોડનું કામ અને સ્ટેટ હાઈવેથી મંદિર સુધીના સી.સી. રોડની કામગીરી, જાહેર રસ્તાઓ ઉપર વનીકરણ, રીંગરોડ, ટ્રીગાર્ડ સાથેનું કામ, હાલારી ધર્મશાળાથી પાડલા રોડને જોડતો સી.સી. રોડ, ગ્રામ પંચાયતની બાજુમાં કોમ્યુનીટી હોલ.
૯. પાટણ ખાતે આવેલ વીર મેઘમાયા સ્મારક પાસે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે યાત્રાળુઓ માટે શેડ, હાટ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, દિશા સૂચક બોર્ડ, પ્રવેશદ્વાર, કંપાઉન્ડવોલ, ટોયલેટ બ્લોક, ઈલેક્ટ્રીક કામ, બાગ બગીચા, પાણીની વ્યવસ્થા, પેવર બ્લોક ફ્લોરીંગવાળા પાથવેની કામગીરી.
૧૦. સિધ્ધપુર ખાતે આવેલ રાવત રામજી મંદિર માટે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે યાત્રાળુઓ માટે શેડ, હાટ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, દિશા સૂચક બોર્ડ, પ્રવેશદ્વાર, કંપાઉન્ડવોલ, ટોયલેટ બ્લોક, ઈલેક્ટ્રીક કામ, બાગ બગીચા, પાણીની વ્યવસ્થા, પેવર બ્લોક ફ્લોરીંગવાળા પાથવેની કામગીરી.
૧૧. વટેશ્વર મહાદેવ (દેથલી)-સિધ્ધપુર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા પૂરી પાડવાની યોજના.
૧૨. સિધ્ધેશ્વરી મંદિર (મંડલોપ ગામ) ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા પૂરી પાડવાની યોજના.
૧૩. પાટણ ખાતે આવેલ ગાંધી અને કાલકા ગાર્ડનનો વિકાસ, માનસરોવર થી સિધ્ધિ સરોવરનો રોડ, ત્રિકમ બારોટ વાવનું રીનોવેશન, સિધ્ધિ સરોવરનો વિકાસ, કનસણા ગેટથી સહસ્ત્રલીંગ તળાવના રોડની કામગીરી.
૧૪. સિધ્ધપુર શહેરમાં આવેલ બીંદુ સરોવર ખાતે એમીનીટી સેન્ટર, પીંડભવન, પાર્કીંગ, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડવોલ, સીક્યોરીટી કેબીન, ઈલેક્ટ્રીક રૂમ અને આંતરીક રસ્તાઓની કામગીરી.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે ફાળવવામાં આવેલ નાણાંની વિગત નીચે મુજબ છે.

**વર્ષ ૨૦૦૭-૦૮**

| | |
|---|---|
| આલુવાસ | રૂ.૪.૭૯ લાખ. |
| કોડધા | રૂ.૧૨.૯૮ લાખ. |
| વરાણા | રૂ.૨.૮૫ લાખ. |
| પંચાસર | રૂ.૭.૦૦ લાખ. |

| | |
|---|---|
| પંચાસર | રૂ.૭.૦૦ લાખ. |
| ખોખલા | રૂ.૩.૦૦ લાખ. |
| લોટેશ્વર | રૂ.૬.૧૬ લાખ. |
| જિલ્લામાં જુદી જુદી જ્યાએ સાઈનેજીસ | રૂ.૧૦.૦૦ લાખ. |
| **વર્ષ ૨૦૦૮-૦૯** | |
| શંખેશ્વર | રૂ.૭૩.૫૦ લાખ. |
| વીર મેઘમાયા સ્મારક માટે | રૂ.૧૩૦.૮૦ લાખ. |
| સિધ્ધપુર ખાતે આવેલ રાવત રામજી મંદિર માટે | રૂ.૬૩.૮૫ લાખ. |
| **વર્ષ ૨૦૦૯-૧૦** | |
| પાટણ શહેર માટે | રૂ.૬૯૧.૦૦લાખ. |
| સિધ્ધપુર શહેર માટે | રૂ.૧૦૬૦.૩૬ લાખ. |

(૪) તેની સામે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) તેની સામે રૂપિયા ૧૫૭.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

## પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. પ્રમાણપત્ર અંગે

૧૬૬૫૦**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખોરાક અને ઓષધ નિયંત્રણ તંત્ર દ્વારા રાજ્યમાં કેટલી પ્રયોગશાળાઓને એન.એ.બી.એલ. પ્રમાણપત્ર મળે તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૨) આ કાર્યવાહી તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે ?

**જવાબ**

(૧) રાજ્યની ૨ પ્રયોગશાળાઓને એન. એ. બી. એલ. હેઠળ મંજૂરી મળે તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

(૨) (૧) ભૂજની પ્રયોગશાળા માટે એન.એ.બી. એલ. **પ્રમાણપત્ર** મેળવવા **ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી નવી દિલ્હીને અરજી** કરવા માટે નોર્મ્સ મુજબ સાધનોનું કેલીબ્રેશન, ડોક્યુમેન્ટેશન, ક્વોલીટી પોલીસી, મેન્યુઅલ તેયાર કરાવવા, આધુનિક સાધનોના વપરાશ માટે તાલીમ, ઉપકરણોની લોગબુક તથા થર્ડ પાર્ટી કેલીબ્રેશન, અંગેની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

(૨) વડોદરા પ્રયોગશાળાના ઓષધ રસાયણ વિભાગમાં **૨૦ ટેસ્ટનો સ્કોપ** વધારવા માટે **તા.૩-૧૧-૨૦૦૯** ના રોજ અરજી **ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી નવી દિલ્હીને** મોકલવામાં આવેલ છે.

------------

## લીમખેડા, ધાનપુર અને ગરબાડા તાલુકામાં ચેકડેમો

૧૫૮૧૨**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લાના લીમખેડા-ધાનપુર અને ગરબાડા તાલુકાઓમાં ક્યા ક્યા ગામોએ ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) સામેલ **પત્રક** મુજબ ૧૫૬ ગામોમાં ૩૯૯ ચેકડેમ બનાવ્યા.

**૫ ત્ર ક**

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧. | ધાનપુર | બીલાયા |
| ૨. | | લીલીઆંબા |
| ૩. | | સીંગાસર |
| ૪. | | કાણાકુવા |
| ૫. | | નાનસલાઈ |
| ૬. | | ગુપણી |
| ૭. | ધાનપુર | ઉમરીયા |
| ૮. | | સુરપુર |
| ૯. | | હરખપુર |
| ૧૦. | | ભાણપુર |
| ૧૧. | | વાસીયાડુંગરી |
| ૧૨. | | આંબાકાચ |
| ૧૩. | ધાનપુર | ગાંગરડી ફળીયા |
| ૧૪. | | ખોપરા (ગણિયારી) |
| ૧૫. | | ટોકરવા |
| ૧૬. | | કાળખૂંટ |
| ૧૭. | | રાછવા |
| ૧૮. | | બેડાત |
| ૧૯. | | ડભવા |

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૨૦. | | વેડ |
| ૨૧. | | ગોહેલવાધા |
| ૨૨. | | ધનારપાટીયા |
| ૨૩. | | હોલ્કાધરા |
| ૨૪. | | કાકડખીલા |
| ૨૫. | | વાંકોટા |
| ૨૬. | | મોટીમલુ |
| ૨૭. | | ગઢવેલ |
| ૨૮. | | અલીન્દ્રા |
| ૨૯. | | ડુંગરપુર |
| ૩૦. | | ખજુરી |
| ૩૧. | | મેધરી |
| ૩૨. | | ચોરબારીયા |
| ૩૩. | | ચારી |
| ૩૪. | | ધડા |
| ૩૫. | | નાનીમલુ |
| ૩૬. | | પાનમ |
| ૩૭. | | પુનાકોટા |
| ૩૮. | | અંદરપુરા |
| ૩૯. | | લીમડી-મેંધરી |
| ૪૦. | | મંડોર |
| ૪૧. | | ભીન્ડોલ |
| ૪૨. | | ડુમકા |
| ૪૩. | | સીમામોઈ |
| ૪૪. | | રામપુર |
| ૪૫. | | ખલતા |
| ૪૬. | | પીપરગોટા |
| ૪૭. | | પીપેરો |
| ૪૮. | | માંડવ |
| ૪૯. | | લખણા ગોજીયા |
| ૫૦. | | ઝાબુ |
| ૫૧. | | કંજેટા |
| ૫૨. | | વાખસીયા |
| ૫૩. | ધાનપુર | સીંગાવલી |
| ૫૪. | | આમલીમેનપુર |
| ૫૫. | લીમખેડા | પરમારના ખાખરીયા |
| ૫૬. | | રઈ |
| ૫૭. | | ડુંગરા |
| ૫૮. | | ગોરીયા |
| ૫૯. | | પાલ્લી |
| ૬૦. | | દાંતીયા |
| ૬૧. | | પીપપી |
| ૬૨. | | ચીલાકોટા |
| ૬૩. | | પ્રતાપપુરા |
| ૬૪. | | ઝરોલ (દુ) |
| ૬૫. | | વીસલંગા |
| ૬૬. | | નીનામાની વાવ |
| ૬૭. | | પાડા |
| ૬૮. | | પોલીસીમળ |
| ૬૯. | | જુના વડીયા |
| ૭૦. | | અંધારી |
| ૭૧. | | પરપટા |
| ૭૨. | | ખીરખાઈ |
| ૭૩. | | કાંકરી ડુંગરી |
| ૭૪. | | મોટામાળ |
| ૭૫. | | ધાનપુર (દુ) |
| ૭૬. | | કુન્લી |
| ૭૭. | | ઉસરા |
| ૭૮. | | ખીરખાઈ |
| ૭૯. | | બાર |
| ૮૦. | | માન્લી |
| ૮૧. | | ઘુંટીયા |
| ૮૨. | | નાનમાળ |
| ૮૩. | | તારમી |
| ૮૪. | | મલેકપુર |
| ૮૫. | | અગારા |
| ૮૬. | | અનોપપુરા |
| ૮૭. | | માતાના પાલ્લા |
| ૮૮. | | પાતા |
| ૮૯. | | રાઠોડના ડુંગરપુર |
| ૯૦. | | પાડલીયા |
| ૯૧. | | ખુમપુર |
| ૯૨. | | કેશરપુરા |
| ૯૩. | લીમખેડા | છાપરી |
| ૯૪. | | નાની સંજેલી |
| ૯૫. | | નવીપરી |
| ૯૬. | | સીંગાપુર |
| ૯૭. | | જામદરા |
| ૯૮. | | મુનાવાણી |
| ૯૯. | | કાલીયારાઈ |
| ૧૦૦. | | ચાચકપુર |
| ૧૦૧. | | દાસા |
| ૧૦૨. | | હાંડી |

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧૦૩. | | સરજુમી |
| ૧૦૪. | | પીસોઈ |
| ૧૦૫. | | મોટીવાવ |
| ૧૦૬. | | સુડીયા |
| ૧૦૭. | | મંડેર |
| ૧૦૮. | | પીપલીયા |
| ૧૦૯. | | નાનીવાવ |
| ૧૧૦. | | મોટી બાંડીબાર |
| ૧૧૧. | | પહાડ |
| ૧૧૨. | | લુખાવાડા |
| ૧૧૩. | | ઢબુડી |
| ૧૧૪. | | ઝરોલો |
| ૧૧૫. | | મછેલાઈ |
| ૧૧૬. | | નાની બાંડીબાર |
| ૧૧૭. | | અગારા (ઉ) |
| ૧૧૮. | | ધુઠીયા |
| ૧૧૯. | | દાભડા |
| ૧૨૦. | | ખુટા |
| ૧૨૧. | | ધાનપુર (દુ) |
| ૧૨૨. | | દાંતીયા (સરપંચ ફ.) |
| ૧૨૩. | | વડાપીપળા |
| ૧૨૪. | | વડેલા |
| ૧૨૫. | લીમખેડા | અંતરસુબા |
| ૧૨૬. | ગરબાડા | માતવા |
| ૧૨૭. | | વજેલાવ |
| ૧૨૮. | | નેલસુર |
| ૧૨૯. | | અભલોડ |
| ૧૩૦. | | પાંદડી |
| ૧૩૧ | | દેવધા |
| ૧૩૨. | | પાંચવાડા |
| ૧૩૩. | | સાહડા |
| ૧૩૪. | | ટુંકીવજુ |
| ૧૩૫. | | નઢેલાવ |
| ૧૩૬. | | વડવા |
| ૧૩૭. | | આંબલી |
| ૧૩૮. | | છરછોડા |
| ૧૩૯. | | ભેં |
| ૧૪૦. | | પાટીયાઝોલ |
| ૧૪૧. | | દાદુર |
| ૧૪૨. | | નાંદવા |
| ૧૪૩. | | ભરસડા |
| ૧૪૪. | | ટુંકીઅનોપ |
| ૧૪૫. | | સીમલીયા બુઝર્ગ |
| ૧૪૬. | | બોરીયાલા |
| ૧૪૭. | | ગાંગરડા |
| ૧૪૮. | | જાંબુઆ |
| ૧૪૯. | | ગરબાડા |
| ૧૫૦. | | ચંદલા |
| ૧૫૧. | | મીનાક્યાર |
| ૧૫૨. | | ભુતરડી |
| ૧૫૩. | | પાટીયા |
| ૧૫૪. | | ઝરીબુઝર્ગ |
| ૧૫૫. | | ગુલબાર |
| ૧૫૬. | | નઢેલાવ (બુરવા) |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૧૦૩૩.૭૫ લાખ.

## પોરબંદર જિલ્લામાં નર્મદા પાઈપ લાઈન આધારીત પાણી પુરવઠા યોજનામાં થયેલ ખર્ચ

**૧૬૭૨૭ શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં નર્મદા પાઈપલાઈન આધારીત પાણી પુરવઠા યોજના હેઠળ વિતરણ વ્યવસ્થા સહિત કુલ કેટલા કામોનું આયોજન છે, કુલ કેટલો ખર્ચ અંદાજેલ છે, અને

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયેલ છે અને કેટલા કામો પ્રગતિમાં છે ?

**જવાબ**

(૧) કુલ ૪ કામોનું આયોજન છે. રૂ.૧૨૯.૦૩ કરોડનો ખર્ચ અંદાજેલ છે.

(૨) **(અ) ફેઈઝ-૧**

ટ્રંક પાઈપ લાઈનથી ગૃપોને જોડતી પાઈપ લાઈન અને આનુસાંગિક કામો ૭૦ ટકા પૂર્ણ થયેલ છે.

**(બ) ફેઈઝ-૨**

પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા ડીસ્ટ્રીબ્યુશન ગૃપોના કામોના ટેન્ડરો મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

## વર્ષ ૨૦૦૯ના રણોત્સવ અંગે

૧૬૬૪૫**ડૉ. નીમાબેન આચાર્ય(અંજાર) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૯માં રણોત્સવ કાર્યક્રમ ક્યા સ્થળે યોજવામાં આવ્યો હતો, | (૧) વર્ષ ૨૦૦૯ માં રણોત્સવ કાર્યક્રમ કચ્છ જિલ્લાના ભૂજ તાલુકાના ધોરડો મુકામે તા.૧-૧૨-૨૦૦૯ થી તા.૩-૧૨-૨૦૦૯ સુધી યોજવામાં આવ્યો હતો. |
| (૨) આ ઉત્સવમાં કેટલા વિદેશી મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા, અને | (૨) આ ઉત્સવમાં ૧૮ વિદેશી મહાનુભાવો હાજર રહયા હતા. |
| (૩) ઉત્સવ પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) આ ઉત્સવ પાછળ રૂપિયા ૫,૭૧,૨૭,૮૪૩-૦૦ નો ખર્ચ થયેલ છે. આ જ સવલતનો ઉપયોગ તા.૪-૧૨-૨૦૦૯ થી તા.૭-૧૨-૨૦૦૯ સુધી ચિંતન શીબીર અને તા.૮-૧૨-૨૦૦૯ થી તા.૧૨-૧૨-૨૦૦૯ સુધી સોરાષ્ટ્ર યુનિવર્સિટીના એન.એસ.એસ. વિદ્યાર્થીઓ માટે પણ કરવામાં આવેલ છે. |

## સાબરકાંઠા જિલ્લામાં મંજૂર મીની પાણી પુરવઠા યોજનાઓ

૧૬૬૪૨**શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯સુધીમાં કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, | (૧) ૨૮૬ મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) આ પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરી, અને | (૨) ૨૨ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી. |
| (૩) આ કામગીરી પેટે કેટલો ખર્ચ થયો? | (૩) રૂ. ૧૬૪.૯૬ લાખ. |

------------

## મહેસાણા જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવેલ સ્થળો

૧૬૬૪૬**શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦દરમ્યાન તા. ૩૧/૧/૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરવામાં આવેલ છે.<br>વર્ષ ૨૦૦૮-૦૯<br>૧. વડનગર.<br>વર્ષ ૨૦૦૯-૧૦<br>૧. વડનગર ખાતે આવેલ બુધ્ધિષ્ટ સાઇટ<br>૨. મોઢેરા<br>૩. વડનગર<br>૪. બહુચરાજી<br>૫. અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જગ્યા. |
| (૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવનાર છે, | (૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધાઓ પુરી પાડવામાં આવનાર છે.<br>૧ તાનારીરી ગાર્ડન વડનગરના પરિસર તથા પેરીફરી ડેવલોપ કરવા સંરક્ષણ દિવાલ બનાવવા તથા વનીકરણની કામગીરી.<br>૨ વડનગર મુકામે શર્મિષ્ઠા તળાવના બેટ |

ઉપર જવાના માર્ગ ઉપર નવીન ગેટ બનાવવાનું કામ.

૩ વડનગર ખાતે તાનારીરી ગાર્ડન તથા હાટકેશ્વર મહાદેવ મંદિરના બેક્લેટ બોર્ડ બનાવવાનું કામ.

૪ માર્ગ અને મકાન કચેરી વડનગરના વહીવટી સંકુલના આગળના તરફ બગીચા ફરતે ચેઇનલીક ફેનસીંગનું કામ.

૫ વડનગર મુકામે વિષ્ણુ પુરી તળાવ વિક્સાવવાનું કામ.

૬ મોઢેરા ખાતે તળાવનો વિકાસ, પાથવે, પાર્કીંગ, ટોઇલેટ બ્લોક, ટુરિસ્ટ રીસેપ્શન સેન્ટર, લેન્ડ સ્કેપ, સાઇનેજીસ વગેરે.

૭ વડનગર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેમાં એપ્રોચ રોડ આવેલ છે. એપ્રોચ રોડ, હાટકેશ્વર મંદિરના આસપાસના વિસ્તારનો વિકાસ, ગોરીકુંડની નજીક મેલા ગ્રાઉન્ડનો વિકાસ, નરસિંહ મહેતાની વાવનું રેસ્ટોરેશન અને આસપાસનો વિકાસ, આમથેર માતાના મંદિરની આસપાસના વિસ્તારનો વિકાસ, ઝાંઝરીયો કુવાનું રેસ્ટોરેશન, ઋષિઆરાનું રેસ્ટોરેશન, ધરા અને નાગમંદિરનો વિકાસ, મહાકાલેશ્વર, સોમનાથ મહાદેવ મંદિરનો વિકાસ, અમલકુંડ, અંબાજીમાતા, અમરતળ ગેટથી શર્મિષ્ઠા તળાવ ઘાટથી મુખ્ય માર્ગનો સુધારો.

૮ બહુચરાજી ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ જેમાં મંદિર સંકુલના સામેના સ્વાગત એરિયાનો વિકાસ, કિલ્લાની દિવાલ અને ગેટનું રેસ્ટોરેશન, બંધાણીયા તળાવની વાવનું રેસ્ટોરેશન અને વિકાસ, ગામના આંતરિક વિસ્તાર, બસ સ્ટેન્ડ આસપાસનો વિસ્તાર, મેડાસર તળાવ અને વલ્લભ ભટ્ટની વાવ અને તેની આસપાસના વિસ્તારનો વિકાસ.

૯ મોઢેરા ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ જેમાં બસ સ્ટેન્ડથી પ્રવાસી આવકાર કેન્દ્ર સુધીના રોડનો વિકાસ, બસ ટર્મિનસ અને તેની આસપાસના વિસ્તારનો વિકાસ, ગામની જાહેર જગ્યાનો સંકલિત વિકાસ, મહેસાણા મોઢેરા રોડનો વિકાસ, ઘાટ બનાવવો, તળાવનો વિકાસ, ટોયલેટ, સાઇનેજીસ, તળાવ અને સુર્યમંદિરની સામેના વિસ્તારનો વિકાસ.

૧૦ અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત ગાંભુ ગામે સંતશ્રી કાનપેડની જગ્યા, પીવાના પાણીનો રૂમ, ટોયલેટ, યાત્રાળુઓ માટે શેડ, કંપાઉન્ડ વોલ, બોરવેલ, ઇલેક્ટ્રીફીકેશન, પેવર બ્લોક્નું પેવીંગ વગેરે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે નીચે મુજબના નાણાં ફાળવવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૦૮-૦૯**

(૧) વડનગર ખાતે રૂ. ૭૩.૫૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(૨) વડનગર ખાતે બુધ્ધિસ્ટ સાઇટના વિકાસ માટે રૂ.૧૦૦.૦૦ લાખ ફાળવવામાં આવે છે.

આમ વર્ષ ૨૦૦૮-૦૯ કુલ રૂ. ૧૭૩.૫૦ લાખ ફાળવવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૦૯-૧૦**

(૧) મોઢેરા પ્રથમ તબક્કો રૂ. ૩૯૭.૯૯ લાખ

(૨) અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપેડની જગ્યા ખાતેની કામગીરી માટે રૂ. ૪૮.૨૭ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

આમ વર્ષ ૨૦૦૯-૧૦ કુલ રૂ. ૪૪૬.૨૬ લાખ ફાળવવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૪) રૂ. ૪૧૦.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

## યાત્રાધામ/પ્રવાસન વિકાસ અંતર્ગત જુનાગઢ જિલ્લાના સામેલ સ્થળો

૧૬૬૫૯**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યાત્રાધામ/પ્રવાસન વિકાસ અન્વયે જુનાગઢ જિલ્લામાં કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે, | (૧) જુનાગઢ જિલ્લામાં યાત્રાધામ/પ્રવાસન વિકાસ અન્વયે નીચે મુજબના સ્થળોનો સમાવેશ કરેલ છે.<br>(૧) ભવનાથ-ગીરનાર તળેટી વિસ્તારનો વિકાસ.<br>(૨) બુધ્ધિસ્ટ સાઇટ ખાતે પ્રવાસન સુવિધાનો વિકાસ - અશોક શિલાલેખ - બાવા પ્યારેની ગુફા - ખાપરાકોડીયાની ગુફા - સાણા કેવ્ઝ - સાણા વાંકયા - બોધ ગુફા ઉપરકોટ - લાઇટ એન્ડ સાઉન્ડ શો ઉપરકોટ.<br>(૩) જુનાગઢ સ્થળનો વિકાસ.<br>(૪) સોમનાથ સ્થળનો વિકાસ.<br>(૫) અહેમદપુર માંડવી - સાસણગીર.<br>(૬) અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત સંતશ્રી રોહીતદાસ મહારાજ સ્થાન - સરસાઇ તા.વિસાવદર. |
| (૨) તે અન્વયે ૨૦૦૯-૨૦૧૦ના નાણાંકીય વર્ષે તારીખ ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલી રકમ વિકાસના કામો માટે ફાળવવામાં આવી, | (૨) તે અન્વયે વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧૨-૦૯ સુધીમાં રૂ. ૭૨૪.૭૯ લાખ ફાળવવામાં આવેલ છે. |
| (૩) ફાળવેલ રકમમાંથી ક્યા સ્થળ પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૩) સંતશ્રી રોહીતદાસ મહારાજ સ્થાન - સરસઇ માટે રૂ. ૫૬.૨૪ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૪) અધૂરા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) આ કામો શક્ય તેટલા વહેલા પુરા કરવામાં આવશે. |

## રાજ્ય હસ્તકના દેવસ્થાનો

૧૬૦૩૦ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કેટલા દેવસ્થાનો રાજ્ય સરકાર હસ્તક છે, | (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં ૩૩૯ દેવસ્થાનો રાજ્ય સરકાર હસ્તક છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષ દરમ્યાન વર્ષવાર કેટલી આવક થયેલ છે, અને | (૨) તે અન્વયે સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ દરમ્યાન અનુક્રમે રૂ.૮૪૪.૩૦ લાખ અને રૂ.૬૯૪.૫૩ લાખની આવક થયેલ છે. |
| (૩) આ આવકનો સરકાર ક્યા ક્યા હેતુ માટે ઉપયોગ કરે છે? | (૩) આ આવકનો ઉપયોગ દેવસ્થાનના વિકાસમાં, ધાર્મિક તહેવારોને ઉજવણી, દિવા ખર્ચ, દર્શનાર્થીઓની સુવિધા માટે કરવામાં આવે છે. |

## જૂનાગઢ જિલ્લામાં પી.પી. યુનીટ અંગે

૧૬૬૨૬**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરકારી દવાખાનામાં તેમજ સી.એચ.સી. અને પી.એચ.સી.માં પી.પી. યુનિટની સુવિધા અસ્તિત્વમાં છે કે કેમ, અને

(૨) જો ના, તો ઉક્ત સી.એચ.સી. અને પી.એચ.સી.માં પી.પી. યુનિટની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનું આયોજન છે?

**જવાબ**

(૧) હા, જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ નીચેની સંસ્થાઓ ખાતે પી.પી. યુનીટની સુવિધા અસ્તિત્વમાં છે.

| ક્રમ | સંસ્થાનું નામ | તાલુકો |
|---|---|---|
| ૧ | જનરલ હોસ્પિટલ, જૂનાગઢ | જૂનાગઢ |
| ૨ | સા.આ.કેન્દ્ર, માણાવદર | માણાવદર |
| ૩ | સા.આ.કેન્દ્ર, મેંદરડા | મેંદરડા |
| ૪ | સા.આ.કેન્દ્ર, માંગરોળ | માંગરોળ |
| ૫ | સા.આ.કેન્દ્ર, ઉના | ઉના |

(૨) હા, જી.

## બાળસખા યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં લાભાર્થીઓ

૧૬૬૨૪ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાળસખા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ કેટલા લાભાર્થીઓએ લાભ લીધો,

(૨) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત યોજનાના અસરકારક અમલ માટે સરકાર શાં પગલાં લેવા માંગે છે?

**જવાબ**

(૧) બાળસખા યોજના અમલમાં આવ્યા બાદ તા. ૨૨-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ નીચે મુજબના લાભીર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોટાદ | ૧૩૨ |
| ૨ | શીહોર | ૦ |
| ૩ | ભાવનગર | ૦ |
| ૪ | તલાજા | ૦ |
| ૫ | પાલીતાણા | ૦ |
| ૬ | મહુવા | ૩૯ |
| ૭ | વલ્લભીપુર | ૦ |
| | **કુલ :** | **૧૭૧** |

(૨) બાળસખા યોજના હેઠળ તાલુકાવાર કુલ રકમ રૂા. ૨,૭૩,૬૦૦નો ખર્ચ કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે પ્રમાણેની છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ ખર્ચ |
|---|---|---|
| ૧ | બોટાદ | રૂા. ૨,૧૧,૨૦૦/- |
| ૨ | શીહોર | -- |
| ૩ | ભાવનગર | -- |
| ૪ | તલાજા | -- |
| ૫ | પાલીતાણા | -- |
| ૬ | મહુવા | રૂા. ૬૨,૪૦૦/- |
| ૭ | વલ્લભીપુર | -- |
| | કુલ : | રૂા. ૨,૭૩,૬૦૦/- |

(૩) - જિલ્લા કક્ષાએ અસરકારક અમલ માટે બાળરોગ નિષ્ણાંતોની વધુ સેવાઓની ગોઠવણ થાય તેવા પ્રયત્નો કરેલ છે.
- બાળકોને વધુમાં વધુ સેવાઓ મળી રહે તે માટેના જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવેલ છે.

------------

**બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈની સુવિધા**

૧૬૭૧૨ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સિંચાઈની સુવિધા વધારવા કઈ કઈ યોજનાઓ હાથ ધરી છે, અને

(૨) આ યોજનાઓ પૂર્ણ થયેથી કેટલા હેક્ટર જમીનને લાભ મળશે?

**જવાબ**

(૧) તાલુકો — યોજનાની વિગત નાની સિંચાઇ

| તાલુકો | યોજનાની વિગત નાની સિંચાઇ |
|---|---|
| અમીરગઢ | (૧) ટાઠોડી (૨) બાલારામ |
| દાંતા | (૧) કણબીયા વાસ |

આ ઉપરાંત સિંચાઇનો લાભ મળે તે માટે (૧) ચેકડેમો (૨) તળાવો ઉંડા કરવાની અને (૩) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ જેવી કામગીરીઓ કરવામાં આવેલી છે.

(૨) ૩૮૮૨૦ હેક્ટર.

**રાજકોટ અને અમરેલી જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કેસો**

૧૫૯૮૦ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને અમરેલી જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કેટલા કેસો નોંધાયેલ,

(૨) તેમાંથી પોઝિટીવ કેસો કેટલા, અને

(૩) તે પૈકી કેટલા દર્દીઓના અવસાન થયા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટમાં કુલ-૪૪૫ અને અમરેલી જિલ્લામાં સ્વાઇન ફ્લૂના કુલ-૩૬ કેસો નોંધાયેલ છે.

(૨) જે પૈકી રાજકોટમાં કુલ-૧૦૯ અને અમરેલી જિલ્લામાં સ્વાઇન ફ્લૂના કુલ-૧૬ પોઝીટીવ કેસો નોંધાયેલ છે.

(૩) તે પૈકી સ્વાઇન ફ્લૂથી રાજકોટમાં કુલ-૨૦ અને અમરેલી જિલ્લામાં કુલ-૪ દર્દીઓના અવસાન થયેલ છે.

**તાપી જિલ્લામાં ચેકડેમો બનાવવા પાછળ ખર્ચ**

૧૬૬૯૭ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને

(૨) આ ચેકડેમો પાછળ તાલુકાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) કૂલ ૧૮૭ ચેકડેમો બાંધવામાં આવેલ છે.

(૨) આ ચેકડેમો પાછળ તાલુકાવાર કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧. | વાલોડ | ૧૩.૯૩ |
| ૨. | વ્યારા | ૩૬૪.૮૧ |
| ૩. | સોનગઢ | ૭૪૨.૧૯ |
| ૪. | ઉચ્છલ | ૪૧૦.૨૭ |
| ૫. | નિઝર | ૦૫૭.૯૨ |
| | **કુલ :** | **૧૫૮૯.૧૨** |

**ભાવનગર જિલ્લાના યાત્રાધામોના વિકાસ માટે ગ્રાન્ટ**

૧૫૫૭૦ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના ક્યા ક્યા યાત્રાધામોના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) : ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યાત્રાધામો અને દેવસ્થાનના વિકાસ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને ખર્ચની વિગત નીચે દર્શાવેલ પત્રકમાં દર્શાવેલ છે.

## સને ૨૦૦૮-૦૯ની વિગત

| ક્રમાંક | યાત્રાધામની વિગત | ફાળવેલ રકમ | કરવામાં આવેલ ખર્ચની રકમ |
|---|---|---|---|
| ૧ | શ્રી મોટા ગોપનાથ રેલીયા, તાલુકો-તળાજા | ૯,૮૫,૦૦૦.૦૦ | ૯,૫૬,૦૦૦.૦૦ |
| ૨ | શ્રી ભવાની મંદિર, મહુવા | ૧૪,૮૩,૦૦૦.૦૦ | ૧૪,૧૮,૦૦૦.૦૦ |
| ૩ | શ્રી તખતેશ્વર મહાદેવ, ભાવનગર | ૧૯,૮૦,૦૦૦.૦૦ | ૯,૩૭,૫૨૦.૦૦ |
| | **સને ૨૦૦૯-૧૦ની વિગત** | | |
| ૧ | પાલીતાણા | ૪૭,૮૦,૦૦૦.૦૦ | ૪૭,૮૦,૦૦૦.૦૦ |
| ૨ | બુધ્ધ ગુફાઓ, તળાજા | ૧,૨૩,૨૦,૦૦૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | શ્રી માતાજી ગંગાદેવી મંદિર, ભાવનગર | ૧૬,૦૦૦.૦૦ | ૧૬,૦૦૦.૦૦ |
| ૪ | શ્રી તખતેશ્વર મહાદેવ, ભાવનગર | ૮૦,૦૦૦.૦૦ | ૮૦,૦૦૦.૦૦ |
| ૫ | શ્રી જશોનાથ મહાદેવ ભાવનગર | ૫૦,૦૦૦.૦૦ | ૫૦,૦૦૦.૦૦ |
| ૬ | શ્રી રાધા કૃષ્ણ મંદિર, ભાવનગર | ૩૪,૦૦૦.૦૦ | ૩૪,૦૦૦.૦૦ |
| ૭ | શ્રી થાપનાથ મહાદેવ, ભાવનગર | ૧૫,૦૦૦.૦૦ | ૧૫,૦૦૦.૦૦ |
| ૮ | શ્રી જુવાનેશ્વર મહાદેવ, ભાવનગર | ૫,૦૦૦.૦૦ | ૫,૦૦૦.૦૦ |
| | **કુલ :** | **૧,૬૭,૬૮,૦૦૦.૦૦** | **૩૩,૧૧,૫૨૦.૦૦** |

બુધ્ધ ગુફાઓ, તળાજા માટે તા. ૮-૧૨-૨૦૦૯ના રોજ ફાળવણી કરવામાં આવી છે.

પાલીતાણા માટે લોક ભાગીદારીથી યાત્રાધામના વિકાસ માટે વિવિધ કામો ચાલુ છે.

------------

### સાપુતારા ગીરી મથકના વિકાસ માટે આયોજન

૧૬૬૭૧ **શ્રી વિજયભાઈ ર.પટેલ(ડાંગ-વાંસદા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાપુતારા ગીરી મથકના વિકાસ માટે શું આયોજન કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાપુતારા ગીરીમથકના વિકાસ માટે નીચે મુજબનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

(૧) સાપુતારા ગિરિમથકના વિકાસ માટે ભારત સરકારશ્રી દ્વારા ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ સાપુતારાનો વિકાસ કરવાની પરિયોજના મંજુર કરવામાં આવેલ છે જેમાં સાપુતારા ખાતેના તળાવનો વિકાસ જેમાં તળાવને ફરતે રીટેઈનવોલ, પાથવે, લેન્ડસ્કેપ ગાર્ડન, બેઠક વ્યવસ્થા, પાર્કીંગ, એમ્ફીથીયેટર, ફુડકોર્ટ, જેટી, ઈલેક્ટ્રીફીકેશન વગેરેની કામગીરી કરવામાં આવેલ છે. જ્યારે સનસેટ પોઈન્ટના વિકાસની કામગીરી જેમાં પાથવે, લેન્ડસ્કેપ, ગાર્ડન, પ્લાન્ટેશન, બેઠક વ્યવસ્થા, વ્યુઈંગડેક વગેરેની કામગીરી શરૂ કરવા માટે એજન્સી નક્કી કરવામાં આવેલ છે.

(૨) સાપુતારા ગીરી મથકના વિકાસ માટે દર વર્ષે સાપુતારાની પ્રચાર પ્રસિધ્ધિ માટે ગ્રીષ્મ મહોત્સવ/મોનસુન ફેસ્ટીવલ ઉજવવાનું આયોજન છે. જિલ્લા વહીવટી તંત્રને આર્થિક સહાય યોજના હેઠળ જિલ્લામાં આવેલ પ્રવાસન સ્થળ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તે હેઠળ સાપુતારા ખાતે ગર્વનર હીલ ખાતે બાગ-બગીચા તથા બેઠક વ્યવસ્થા, સનસેટ હીલ નીચેના હીલ પર રેલીંગ, રસ્તો અને કુટીર બનાવાનું કામ સનરાઈઝ હીલ ખાતે રેલીંગ, કુટીર તથા બગીચાની કામગીરી, સાપુતારા ખાતે ફુવારો, સ્ટેપ ગાર્ડન સુધારણા તથા ગાર્ડન બનાવવો, વનકુટીર, ઈકો પોઈન્ટ વૃક્ષારોપણ, તારની વાડ, બ્રીક રોડ, પાથવે તથા ઝાડને ફરતે ઓટલા તથા વન તલાવડીનું કામ, નવાગામ ખાતે પીવાના પાણીની સુવિધા, માછલીઘરની કામગીરી,

વારલીપેઈન્ટીંગ-શોકેસની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) સાપુતારા ગિરિમથકના વિકાસ માટે કલેકટરશ્રી આહવા-ડાંગ દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવેલ જેમાં નીચે મુજબના સુચિત વિકાસના કામો કરવાનું વિચારણા હેઠળ છે.

(૧) નવાગામ ખાતે બીજા તબક્કાના તળાવનું કામ
(૨) એમ્યુઝમેન્ટ પાર્ક
(૩) વોટર પાર્ક
(૪) ટોયટ્રેન-માલેગાંવ સાપુતારા
(૫) સ્નોપાર્ક
(૬) હરણ તથા સસલા પાર્ક અને લેપર્ડ સફારી પાર્ક-માલેગાંવ
(૭) શોપીંગ કોમ્પલેક્ષ
(૮) મીની થીયેટર
(૯) એર કંડીશન ટાઉનહોલ
(૧૦) રેન બસેરા
(૧૧) ડોમ શેપ સ્નેક્સ આઉટલેટ
(૧૨) તારામંડળ (પ્લેનેટોરીયમ)
(૧૩) એન્ટ્રન્સ તથા આઉટગેટ
(૧૪) ઈકો પોઈન્ટ
(૧૫) સ્નેક અને બર્ડપાર્ક
(૧૬) ઈન્ટરપ્રીટેશન પાર્ક
(૧૭) વિન્ડ ફાર્મ
(૧૮) સ્વીમીંગ પુલ
(૧૯) સ્કેટીંગ રીંગ
(૨૦) માઉન્ટેનીયરીંગ સંસ્થા
(૨૧) બામ્બુ કેન ક્રાફટ સેન્ટર
(૨૨) લાયબ્રેરી
(૨૩) સાપુતારાને વાઈફાઈ બનાવવાની કામગીરી.
(૨૪) આંતરીક રસ્તાઓના સુધારા વધારાનું કામ

(૨) ઉક્ત સમયગાળામાં આ માટે કોઈ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) હા, જી.

(૩) જો હા, તો કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને

(૩) રૂપિયા ૬૫૬-૦૦ લાખની રકમ ફાળવવામાં આવેલ છે.

(૪) તે પૈકી તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં કેટલી રકમનો ખર્ચ કર્યો?

(૪) રૂપિયા ૨૬૪-૦૦ લાખની રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

## મહુધા, ઠાસરા અને કઠલાલ તાલુકાના ગામોને પીવાનું પાણી

૧૬૬૨૧**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મહુધા-ઠાસરા અને કઠલાલ તાલુકાના ૪૨ ગામોને પીવાનું શુધ્ધ પાણી મળતું નથી તે હકીકત સાચી છે, અને

(૧) રજૂઆત મુજબના ત્રણેય તાલુકાના ગામો પૈકી ૧૦ ગામોમાં તાજેતરમાં સુધારેલ ધોરણ કરતા નાઈટ્રેટની મર્યાદા વધારે જણાયેલ છે.

(૨) જો હા, તો ઉક્ત ગામોને પીવાનું શુધ્ધ પાણી મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

(૨) સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓના સોર્સ સુધારણા તથા જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવા લાયક પાણી આપવાનું આયોજન છે.

------------

## દાહોદ અને ઝાલોદ તાલુકામાં નાની સિંચાઈ યોજના હેઠળ પિયત વિસ્તાર

૧૬૭૦૮**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ અને ઝાલોદ તાલુકામાં નાની સિંચાઈ યોજના હેઠળના કુલ સિંચાઈ તળાવો કેટલાં છે,

(૨) આ સિંચાઈ તળાવોનો તળાવવાર સિંચાઈ વિસ્તાર (ક્માન્ડ વિસ્તાર) કેટલો, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં ખરેખર કેટલા વિસ્તારમાં પિયત થયું?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નાની સિંચાઈ યોજના હેઠળ દાહોદ તાલુકામાં કુલ ૮ તળાવો અને ઝાલોદ તાલુકામાં કુલ ૨૧ તળાવો આવેલા છે.

(૨) દાહોદમાં ૧૧૨૫ હેક્ટર અને ઝાલોદમાં ૩૯૯૯ હેક્ટર ક્માન્ડ વિસ્તાર છે. આ હયાત તળાવોનો તળાવવાર સિંચાઈ વિસ્તાર (ક્માન્ડ વિસ્તાર) આ સાથે સામેલ **પત્રક** મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં દાહોદ અને ઝાલોદ તાલુકામાં નીચે મુજબના વિસ્તારમાં પિયત થયેલ છે.

| અ.નં. | તાલુકો | છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ સિંચાઈ હેક્ટરમાં | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ (તા.૩૧-૧૨-૦૯ અંતિત) |
| ૧ | દાહોદ | ૨૨૧.૫૦ | ૪૫.૦૦ |
| ૨ | ઝાલોદ | ૬૦૨.૮૮ | ૫૬૩.૦૦ |
| | કુલ : | ૮૨૪.૩૮ | ૬૦૮.૦૦ |

### પત્રક

| અ.નં. | તાલુકો | નાની સિંચાઈ તળાવનું નામ | સી.સી.એ.(ક્માન્ડ વિસ્તાર) |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ગડોઈ સિંચાઈ તળાવ | ૧૨૨ |
| ૨ | દાહોદ | રાબડાલ સિંચાઈ તળાવ | ૨૭૧ |
| ૩ | દાહોદ | બાવકા સિંચાઈ તળાવ | ૩૫૫ |
| ૪ | દાહોદ | ખરેડી સિંચાઈ તળાવ | ૭૧ |
| ૫ | દાહોદ | ભાઠીવાડા સિંચાઈ તળાવ | ૧૦૧ |
| ૬ | દાહોદ | ખરોદ્યા સિંચાઈ તળાવ | ૬૩ |
| ૭ | દાહોદ | રેટીયા સિંચાઈ તળાવ | ૧૨૧ |
| ૮ | દાહોદ | ચોસાલા સિંચાઈ તળાવ | ૨૧ |
| | | **દાહોદ કુલ :** | **૧૧૨૫** |
| ૯ | ઝાલોદ | ટીંટોડી સિંચાઈ તળાવ | ૬૦૦ |
| ૧૦ | ઝાલોદ | સુધી સિંચાઈ તળાવ | ૩૨૦ |
| ૧૧ | ઝાલોદ | કાળીયાહીલ સિંચાઈ તળાવ | ૩૭૬ |
| ૧૨ | ઝાલોદ | કારઠ વાંગીવાડ સિંચાઈ તળાવ | ૨૦૨ |
| ૧૩ | ઝાલોદ | મોટી હાંઠી સિંચાઈ તળાવ | ૧૫૦ |
| ૧૪ | ઝાલોદ | ધાસીયા સિંચાઈ તળાવ | ૨૧૬ |
| ૧૫ | ઝાલોદ | ઠેરકા સિંચાઈ તળાવ | ૧૪૭ |
| ૧૬ | ઝાલોદ | ઘોડીયા સિંચાઈ તળાવ | ૧૬૨ |
| ૧૭ | ઝાલોદ | પરથમપુર સિંચાઈ તળાવ | ૨૨૨ |
| ૧૮ | ઝાલોદ | કુંડા ધામેણા સિંચાઈ તળાવ | ૨૦૧ |
| ૧૯ | ઝાલોદ | દાંતીયા સિંચાઈ તળાવ | ૧૧૦ |
| ૨૦ | ઝાલોદ | થાલા સિંચાઈ તળાવ | ૪૨૫ |
| ૨૧ | ઝાલોદ | લાખાના મુવાડા સિંચાઈ તળાવ | ૧૦૧ |
| ૨૨ | ઝાલોદ | મલવાસી સિંચાઈ તળાવ | ૧૨૧ |
| ૨૩ | ઝાલોદ | સારમારીયા સિંચાઈ તળાવ | ૧૮૮ |
| ૨૪ | ઝાલોદ | મલવાસી દેવક્મલા સિંચાઈ તળાવ | ૯૦ |
| ૨૫ | ઝાલોદ | દેવજીની સરસવાણી સિંચાઈ તળાવ | ૪૮ |
| ૨૬ | ઝાલોદ | વાંકોલ સિંચાઈ તળાવ | ૬૮ |
| ૨૭ | ઝાલોદ | સુથારવાસા સિંચાઈ તળાવ | ૭૬ |
| ૨૮ | ઝાલોદ | કાળીગામ સિંચાઈ તળાવ | ૩૬ |
| ૨૯ | ઝાલોદ | ધોળીદાતી સિંચાઈ તળાવ | ૧૪૦ |
| | | **ઝાલોદ કુલ :** | **૩૯૯૯** |
| | | **એકંદરે કુલ :** | **૫૧૨૪** |

## આણંદ અને ખેડા જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળના નમૂના

૧૬૬૯૮**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા કઈ કઈ ચીજોમાં ભેળસેળ અંગેના નમૂના લીધાં,

**જવાબ**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ ચકાસવા માટે નીચે મુજબની ચીજોના નમુના લીધા.

| નમૂનાની વિગત | લીધેલ નમુના | |
|---|---|---|
| | આણંદ જિલ્લો | ખેડા જિલ્લો |
| ઠંડા પીણા | ૨ | ૨ |

| | | |
|---|---|---|
| મરી મસાલા | ૯૬ | ૧૫૦ |
| સ્વીટનીંગ એજન્ટ | ૬ | ૨૬ |
| ચા-કોફી | ૩ | ૮ |
| દૂધ | ૧૩ | ૩૦ |
| ઘી | ૩૦ | ૨૪ |
| માખણ, આઈસ્ક્રીમ તથા દુધની બનાવટો | ૧૬ | ૨૫ |
| ખાદ્યતેલ અને વનસ્પતિ | ૭૫ | ૮૬ |
| અનાજ અને કઠોળ | ૪૮ | ૩૯ |
| ફ્રુટ પ્રોડક્ટ | ૧૨ | ૧૭ |
| પેકેજ્ડ ડ્રીન્કીંગ વોટર, મીઠાઈ, ફરસાણ તથા અન્ય ખાદ્યચીજો | ૧૦૦ | ૯૧ |
| **કુલ :** | **૪૦૧** | **૪૯૮** |

(૨) જિલ્લાવાર કેટલા સામે ફરિયાદ કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સામે શી કાર્યવાહી થઈ?

(૨) અને (૩) : આણંદ જિલ્લામાં ૧૭ કિસ્સામાં ૪૨ કસૂરદારો અને ખેડા જિલ્લામાં ૧૧ કિસ્સામાં ૧૮ કસુરદારો સામે નામદાર કોર્ટમાં પી.એફ.એ. એકટ નીચે કેસ દાખલ કરવામાં આવ્યા.

**બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૬૬૬૨ **શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૮-૦૯.

૧. પાલનપુર-મીરાગેટ ડેવલોપમેન્ટ
૨. પોલીસ અધિક્ષક અને કલેકટર કચેરી વચ્ચેની જગ્યાનો વિકાસ
૩. હેરીટેજ વોકનો વિકાસ
૪. અનુસૂચિત જાતિ પેટા યોજના તળે માલણ દરવાજા બહાર આવેલ બાબા રામદેવ મંદિરના વિકાસનું કામ
૫. મીઠીવાવ ડેવલોપમેન્ટની કામગીરી
૬. માણેકનાથ-લોટોલ-માણેકનાથ ગુફા ખાતે કોમ્યુનીટી હોલ બનાવવાનું કામ.
૭. કપાસીયા (ચોટીલા)-ચામુંડા માતા મંદિર ખેતલા બાપજી મંદિર પાસે માળખાગત સુવિધા અંગેનો વિકાસ.
૮. ખુણીયા-અષ્ટભૂજા અંબાજી મંદિરના વિકાસ માટે પ્રવેશ ધ્વારા.
૯. બેઠક વ્યવસ્થા (બેન્ચીસ) સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ
૧૦. યાત્રાળુઓ માટે શેડ, પેવર બ્લોક ફ્લોરીંગ, પીવાના પાણીની વ્યવસ્થા, ટોઈલેટ બ્લોક, પાર્કીંગ, બાગ બગીચો, ઈલેકટ્રીફીકેશન, હોડીંગ્સ અને સાઈનેજીસની કામગીરી. અંબાજી-અંબાજી મુકામે સુચિતા અંબાવન નેચરપાર્ક બાઉન્ડ્રીવોલ સહીતના જુદા જુદા કામો.

(૨) ચાલુ વર્ષે આ માટે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી રકમ આપી, અને

(૩) તે અંગે કેટલો ખર્ચ કર્યો?

(૨) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ કુલ રૂપિયા ૩૦૯.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(૩) રૂપિયા ૨૮.૭૭ લાખ

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના ગામોને પીવાનું પાણી**

૧૫૮૩૭ **શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં ધંધુકા-બરવાળા અને રાણપુર તાલુકામાં આવેલ જૂથ અને વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાઓ અંતર્ગત ક્યા ક્યા ગામોને પીવાનું પાણી મળતું નથી કે અનિયમિત મળે છે, અને

(૨) ઉક્ત ગામો સુધી નિયમિતપણે પાણી પહોંચે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં ધંધુકા-બરવાળા અને રાણપુર તાલુકાના દરેક ગામને સાત પાણી પુરવઠા યોજના દ્વારા પીવાનું પાણી યાંત્રિક ખામી કે પાઇપમાં લીકેજ ઉદભવે તે સિવાય નિયમિત આપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**નવસારી જિલ્લામાં ""બ"" વર્ગની નગરપાલિકાઓને ટાઉન પ્લાનીંગ હેઠળ આવરી લેવા બાબત**

૧૬૭૪૧ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ""બ"" વર્ગની કેટલી નગરપાલિકાઓને ટાઉન પ્લાનીંગમાં આવરી લેવામાં આવી છે, અને

(૨) ""બ"" વર્ગની કેટલી નગરપાલિકાઓને ટાઉન પ્લાનીંગથી વંચીત રાખવામાં આવી છે ?

**જવાબ**

(૧) બ-વર્ગની બીલીમોરા તથા વિજલપોર એમ બે નગરપાલિકા પેકી બિલીમોરામાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇ મુજબ નગર રચના યોજના તથા વિકાસ યોજના બનાવેલ છે. પરંતુ વર્ષ ૨૦૦૯-૧૦માં કોઇ વિકાસ યોજના / નગર રચના યોજના બનાવેલ નથી.

(૨) બ-વર્ગની વિજલપોર નગરપાલિકાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઇ મુજબ સત્તામંડળ જાહેર કરવામાં આવેલ ન હોઇ, વિકાસ યોજના/નગર રચના યોજના બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ભાવનગર જિલ્લામાં ગોપનાથ બંધારા અંગે**

૧૬૬૩૬ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ગોપનાથ બંધારાની કામગીરી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબકકે છે, અને

(૨) આ બંધારો પૂર્ણ કરવા સરકારે શાં પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) અંદાજે રૂા. ૨ કરોડ ૭૦ લાખનાં ખર્ચે થનાર આ બંધારાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) ૨૮ ટકા કામ થયેલ છે.
નવેમ્બર-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**વડોદરા જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા પસંદ થયેલ સ્થળો**

૧૬૬૪૩**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમિયાન તા.૩૧-૧-૧૦ સુધીમાં વડોદરા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧-૧૦ સુધીમાં વડોદરા જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરવામાં આવેલ છે.

(૨)

**વર્ષ ૨૦૦૮-૦૯**

(૧) ડભોઇ

(૨) વઢવાણા બર્ડ સેન્ચયુરી, વઢવાણા, તા. ડભોઇ
(૩) ચાંદોદ, તા. ડભોઇ
(૪) અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત કરજણ તાલુકાના હરસુંડા ખાતે આવેલ સંતશ્રી કબીર મંદિર
**વર્ષ ૨૦૦૯-૧૦**
(૧) વડોદરા દર્શન બસ સેવા
(૨) વડોદરા શહેરમાં આવેલ પુરાતત્વ વિભાગ હસ્તકના મકાનો ખાતે ઇલ્યુમીનેશન, ધ્વની અને પ્રકાશ શો તથા સીટી મ્યુઝીયમ ખાતે સુધારા વધારા

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.
1. ૧) વઢવાણા બર્ડ સેન્ચયુરી, વઢવાણા તા. ડભોઇ ખાતે પ્રવાસીઓ માટે પાર્કીંગ, ટોઈલેટ અને પ્રવાસીઓ માટે વિવિધ સુવિધાઓ કામગીરી પ્રગતિમાં છે. ચાંદોદ, તા. ડભોઇ ખાતે યાત્રાળુઓ માટે ટુરીસ્ટ એકોમોડેશનની કામગીરી.
2. ૨) વડોદરા દર્શન માટે બસ સેવા, વડોદરા શહેરમાં આવેલ પુરાતત્વ વિભાગ હસ્તકની બિલ્ડીંગ્સનું ઇલ્યુમીનેશન, સાઉન્ડ એન્ડ લાઇટ શો, સીટી મ્યુઝીયમ ખાતે સુધારા વધારા.
3. ૩) અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત કરજણ તાલુકાના હરસુંડા ખાતે આવેલ સંતશ્રી કબીર મંદિર ખાતે રોડ વર્ક, યાત્રાળુઓ માટે શેડ તથા હાટ, તળાવનો વિકાસ, ટોઇલેટ બ્લોક, પીવાના પાણી માટે રૂમની કામગીરી કરવામાં આવનાર છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ નાણાં ફાળવેલ છે.
વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂપિયા ૩૨૮.૩૩ લાખ
વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂપિયા ૧૦૦.૦૦ લાખ

(૩) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) તેની સામે રૂપિયા ૧૬૫.૮૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

------------

## આણંદ જિલ્લામાં કાંસોની ખોદાઇ તથા સફાઇ

૧૫૬૯૨**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યા ક્યા કાંસોની ખોદાઇ તથા સફાઇ કરવામાં આવેલ છે,<br>(૨) તે અન્વયે કાંસ દીઠ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, | (૧) અને (૨) : સામેલ પત્રક મુજબના કાંસની સફાઇ કરેલ છે. |
| (૩) જે કાંસોનું કામ બાકી છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૩) તબક્કાવાર કામ કરવાનું આયોજન છે. |
| (૪) તે પેટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે ? | (૪) કામના પ્રમાણમાં અને ફંડની ઉપલબ્ધિ મુજબ રકમ ફાળવવામાં આવશે. |

## પત્રક

| અ.નં. | તાલુકો | કાંસનું નામ | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ખંભાત | રંગપુર ટુ કે.બી. ડ્રેન | ૦.૬૩ |
| ૨ | તારાપુર | તારાપુર મોરજ જિચ્કા કાંસ | ૩૦.૮ |
| ૩ | સોજીત્રા | દુનિયા ક્યારી લેટરલ કાંસ | ૨.૦ |
| ૪ | સોજીત્રા | ગાડા સિંજીવાડા કાંસ | ૫.૬ |
| ૫ | તારાપુર | અલંગ-૪ કાંસ | ૧.૪૮ |
| ૬ | તારાપુર | પેરેલલ ટુ રીંઝા રોડ કાંસ | ૫.૩૨ |
| ૭ | તારાપુર | અલંગ - ૧ કાંસ | ૧.૯૩ |
| ૮ | ખંભાત | કે. બી. ડ્રેન | ૨૦.૭૦ |
| ૯ | ખંભાત | નેજા લુણેજ આઉટફોલ કાંસ | ૩.૧૯ |
| ૧૦ | તારાપુર | હેણની ક્યારી લેટરલ કાંસ | ૦.૩૬ |
| ૧૧ | | મિલરામપુરા લેટરલ કાંસ | ૦.૧ |
| ૧૨ | | હડમતિયા લેટરલ કાંસ | ૦.૧૯ |
| ૧૩ | | ઇન્દ્રણજ લેટરલ કાંસ | ૦.૬૫ |
| ૧૪ | | મેઘલપુર લેટરલ કાંસ | ૦.૩ |
| ૧૫ | સોજીત્રા | લાલાની ક્યારી લેટરલ કાંસ | ૦.૨૨ |
| ૧૬ | | બળીયાકાકાની ક્યારી લેટરલ કાંસ | ૦.૦૯ |
| ૧૭ | | ભલાડા બાલીંટા લેટરલ કાંસ | ૦.૭ |
| ૧૮ | ખંભાત | બેઝીન-૩ કાંસ | ૫.૯૮ |
| ૧૯ | | બેઝીન-૨ કાંસ | |
| ૨૦ | | ઝીણજ દહેડા રોડ પેરેલલ કાંસ | |
| ૨૧ | ખંભાત | સોખડા ટુ અલંગ | ૫.૫૩ |
| ૨૨ | | પાદડ ટુ ખારલેંડ કાંસ | |
| ૨૩ | | ભાલ ડીસ્ટ્રી પાર્ટ ૧ ટુ બેજીન ૩ કાંસ | |
| ૨૪ | | વેણજ ટુ ખારલેંડ કાંસ | |
| ૨૫ | | નવી આખોલ ટુ ખારલેંડ કાંસ | |
| ૨૬ | | અલંગ - ૫ ટુ ભીમતલાવ લુણેજ આઇટફોલ કાંસ | |
| ૨૭ | ખંભાત | હરીયાણ માલુ ઇમર્જટ કાંસ | ૫.૩૭ |
| ૨૮ | | નગરા સબલેટરલ કાંસ | |
| ૨૯ | | મોતીપુરા સબલેટરલ કાંસ | |
| ૩૦ | | માલવણ ક્યારી સબલેટરલ ટુ જહાજ ઇમર્જંટ કાંસ | |
| ૩૧ | | જલુંધ ટુ જહાજ ખટનાલ કાંસ | |
| ૩૨ | | બનેજડા વટાદરા કાંસ | |
| ૩૩ | | વટાદરા લેટરલ કાંસ | |
| ૩૪ | | વિલેજ ક્યારી સર્વે નં. ૩૨૯ મીટીંગ ટુ ખામા ક્યારી કાંસ | |
| ૩૫ | | રસોની ક્યારી ટુ ફીણાવ કાંસ | |
| ૩૬ | | બામણવા નંદેલા કાંસ | |
| ૩૭ | | ફીણાવ ક્યારી સબલેટરલ કાંસ | |
| ૩૮ | ખંભાત | ભવેલ વત્રા કાંસ | ૪.૪૭ |
| ૩૯ | | અલંગ - ૫ કાંસ | |
| ૪૦ | | જહાજ ખટનાલ કાંસ | |
| ૪૧ | | ન્યુ ડ્રેન ફ્રોમ માલપુર વિલેજ | |
| ૪૨ | | ન્યુ ડ્રેન ફ્રોમ કમરા તલાવડી ટુ જે. એફ. ડ્રેન | |
| ૪૩ | | ન્યુ ડ્રેન ફ્રોમ કણજટ વિલેજ ટુ ધના તલાવડી | |
| ૪૪ | | ન્યુ ડ્રેન ફ્રોમ કણજટ રોડ ટુ ડોરનાલા ક્યારી | |
| ૪૫ | તારાપુર | વાળંદાપુરા સબલેટરલ કાંસ | ૪.૧૮ |
| ૪૬ | | સોજીત્રા ડાલી પલોલ કાંસ | |
| ૪૭ | તારાપુર | પલોલ તારાપુર કાંસ | ૬.૦૦ |
| ૪૮ | | બેઝીન ૧ કાંસ | |
| ૪૯ | તારાપુર | તારાપુર ક્યારી ટુ ટી.એમ. ઝેડ કાંસ | ૫.૮ |
| ૫૦ | | પલોલ ક્યારી સબલેટરલ કાંસ | |
| ૫૧ | | એસ્કેપ ઓફ ટી.એમ.ઝેડ કાંસ | |
| ૫૨ | | આદરુજ ટુ ટી. એમ. ઝેડ કાંસ | |
| ૫૩ | | જીચ્કા સબલેટરલ કાંસ | |
| ૫૪ | | જીચ્કા લેટરલ કાંસ | |
| ૫૫ | તારાપુર | કે. ડી. પાર્ટ ૪ અને ૫ કાંસ | ૫.૮૧ |
| ૫૬ | સોજીત્રા | એમ. ડી. એમ. ઇ. કાંસ | ૫.૦૮ |
| ૫૭ | | સોજીત્રા લેટરલ નં. ૧ કાંસ | |
| ૫૮ | | દેવા ભડકદ સબ લેટરલ કાંસ | |
| ૫૯ | | મલાતજ દેવા સબલેટરલ કાંસ | |
| ૬૦ | | અદના ક્યારી લેટરલ કાંસ | |
| ૬૧ | | રેલ ટુ નાવીડા કાંસ | |
| ૬૨ | | લીંક ડ્રેન મલાતજ | |
| ૬૩ | સોજીત્રા | ડેમોલ પેટલી દેવા કાંસ | ૪.૫૦ |
| ૬૪ | | નવાગામ લેટરલ કાંસ | |
| ૬૫ | | લીંક ડ્રેન ડેમોલ | |
| ૬૬ | | રૂણ લેટરલ નં. ૧ ટુ ૪ કાંસ | |
| ૬૭ | | હેજપુરા લેટરલ કાંસ | |
| ૬૮ | | વડીયા ક્યારી મેઘલપુર લેટરલ કાંસ | |
| ૬૯ | સોજીત્રા | લીંબાલી દેવાતજ ગાડા કાંસ | ૪.૮૨ |
| ૭૦ | | દેવા લવાલ કાંસ | |
| ૭૧ | | દેવા ભડકદ કાંસ | |
| ૭૨ | આણંદ | આણંદ મોગરી કાંસ | ૮.૮૩ |
| ૭૩ | | સંદેસર સિંહોલ લે. કાંસ | ૬.૦૮ |
| ૭૪ | | ભોલુપીર ટુ બોરીયાવી લે. ડ્રેઇન | ૦.૧૬ |
| ૭૫ | | ભોલેજ મદની કોલોની ટુ મલાવ ટેન્ક કાંસ | ૦.૬૬ |
| ૭૬ | | એક્સ્ટેનશન રામપુરા બાકરોલ ડ્રેઇન | ૦.૫૯ |

| અ.નં. | તાલુકો | કાંસનું નામ | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|---|
| ૭૭ | | રીસ્ટોરેશન ઓફ રાસનોલ વઘાસી લે. ડ્રેઇન | ૫.૧૬ |
| ૭૮ | | કન્સ્ટ્રકટીંગ ડ્રેઇન ફ્રોમ નવાપુરા ટુ જીટોડીયા વિલેજ ટેન્ક | ૬.૩૦ |
| ૭૯ | | ઝોલ ટુ કે. બી. કાંસ | ૬.૮૪ |
| ૮૦ | આણંદ | સામરખા-લાંભવેલ ડ્રેઇન | |
| ૮૧ | | બોરીયાવી સબ લે. ડ્રેઇન | |
| ૮૨ | | ગામડી-આણંદ-વીવીનગર ટ્રેઇન | |
| ૮૩ | | રામપુરા-બાકરોલ ડ્રેઇન | |
| ૮૪ | સોજીત્રા | ત્રંબોવાડ-સોજીત્રા ડ્રેઇન | |
| ૮૫ | પેટલાદ | ભવાનીપુર-પેટલાદ ડ્રેઇન | |
| ૮૬ | પેટલાદ | ચાંગા કાસોર લે. કાંસ | ૧૫.૮૭ |
| ૮૭ | પેટલાદ | થોરીયા ટેન્ક ટુ જલ્લા ભંડેરજ લે. કાંસ | ૦.૦૮ |
| ૮૮ | પેટલાદ | માનપુરા ક્યારી સહ લેટરલ કાંસ | ૦.૧૬ |
| ૮૯ | પેટલાદ | ડ્રેઇન ફ્રોમ સલુન ટેન્ક ટુ ગજા ટેન્ક એટ વીલેજ બામરોલી | ૨.૦૫ |
| ૯૦ | પેટલાદ | નાર-રામોદડી લે. ડ્રેઇન | ૬.૫૬ |
| ૯૧ | | પેટલાદ-શેખડી લે. ડ્રેઇન | |
| ૯૨ | | પંડોળી-માણેજ લે. ડ્રેઇન | |
| ૯૩ | | ધર્મજ-વીરસદ લે. ડ્રેઇન | |
| ૯૪ | પેટલાદ | માનપુર ક્યારી સબ લે. ડ્રેઇન | ૬.૮૬ |
| ૯૫ | | ધર્મજ-વીરસદ લે. ડ્રેઇન | |
| ૯૬ | | ખડાણા-ભુરાકોઇ લે. ડ્રેઇન | |
| ૯૭ | | કાસોર ટુ કે. બી. ડ્રેઇન | |
| ૯૮ | | પેટલાદ-ઝાખલા લે. ડ્રેઇન | |
| ૯૯ | પેટલાદ | નાર વીલેજ ટુ કે. બી. ડ્રેઇન | ૬.૨૪ |
| ૧૦૦ | | ખોડીયાદ ક્યારી ટુ નાર-રામોદડી લે. ડ્રેઇન | |
| ૧૦૧ | | કસારી ટેન્ક ટુ પંડોળી નાર વીલેજ કે. બી. ડ્રેઇન | |
| ૧૦૨ | | સુણાવ સબ લે. ડ્રેઇન | |
| ૧૦૩ | | કણીયા-વડદલા લે. ડ્રેઇન | |
| ૧૦૪ | બોરસદ | પામોલ બોરસદ લે. કાંસ | ૦.૯૦ |
| ૧૦૫ | બોરસદ | દેદરડા-વ્હેરા લે. ડ્રેઇન | ૬.૪૦ |
| ૧૦૬ | | કસારી-રાસ-વાસણા ડ્રેઇન | |
| ૧૦૭ | | કસારી-રાસ-વાસણા ડ્રેઇન | |
| ૧૦૮ | | વ્હેરા બોરસદ ડ્રેઇન | |
| ૧૦૯ | બોરસદ | સીંગલાવ-બોરસદ લે. ડ્રેઇન | ૫.૯૨ |
| ૧૧૦ | | બોરસદ-યુવા-ઉનેલી ડ્રેઇન | |
| ૧૧૧ | આંક્લાવ | આંક્લાવ સબ લે. ડ્રેઇન | |
| ૧૧૨ | ઉમરેઠ | કન્સ્ટ્રકટીંગ ડી.-૧, ઇ-૧ ડ્રેઇન | ૫.૫૧ |
| ૧૧૩ | ઉમરેઠ | ઓડ રાસનોલ લે. ડ્રેઇન | ૬.૮૧ |
| ૧૧૪ | | ચીખોદરા લે. ડ્રેઇન | |
| ૧૧૫ | | ભાલેજ સામરખા ડ્રેઇન | |
| ૧૧૬ | | સુરેલી બેચરી ડુંગરીપુરા લે. ડ્રેઇન | |
| ૧૧૭ | | ઉંટખરી સબ લે. ડ્રેઇન | |
| | | | રૂા. ૨૨૯.૭૮ લાખ. |

## સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઊંડા કરવા પાછળ ખર્ચ

**૧૬૬૯૪ ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે (૨) વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર લોકફાળા વગર ૧૦૦ % સરકારી ગ્રાન્ટથી કેટલા તળાવો ઉંડા કરવા માટે મંજૂરી મળી,

(૨) એની પાછળ કેટલા ખર્ચનું આયોજન હતું, અને

(૩) તા.૩૧-૧-૧૦ સુધીમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ ઉક્ત તળાવો ઉંડા કરવા પાછળ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

| | | તળાવની સંખ્યા | ખર્ચનું આયોજન (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| (૧) | ન્યુ ગુજરાત પેટર્નમાંથી | ૧૦૦ | ૫૦૦.૦૦ |
| (૨) | જળસંપત્તિ વિભાગના મોટા તળાવ | ૪૧ | ૯૪૧.૦૦ |

(૩)

વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન તાલુકાવાર તળાવો ઉંડા કરવા પાછળ થયેલ ખર્ચ.

| તાલુકો | ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|
| મોડાસા | ૧૧.૩૨ |
| માલપુર | ૩.૦૫ |
| મેઘરજ | ૫૩.૧૦ |
| હિંમતનગર | ૮૮.૦૦ |
| ઈડર | ૧૯.૨૮ |
| ભિલોડા | ૫૨.૦૧ |
| ખેડબ્રહ્મા | ૫૯.૫૬ |

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તાલુકાવાર તળાવો ઉંડા કરવા પાછળ થયેલ ખર્ચ

| તાલુકો | ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|
| મેઘરજ | ૬૨.૭૮ |
| વડાલી | ૩.૮૮ |
| ભિલોડા | ૧૮.૧૫ |
| વિજયનગર | ૧૫.૬૭ |

## વડનગરને બુધ્ધિઝમ પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા બાબત

૧૬૭૩૭**શ્રી કાંતિલાલ ૨ા.પટેલ(વિજાપુર) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના વડનગર ખાતે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બુધ્ધ ભગવાનના અવશેષો મળી આવેલા તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સ્થળને બુધ્ધિઝમ પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા માંગે છો કે કેમ ? | (૨) હા, જી. |

------------

## કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક એકમોને ફાળવેલ પાણીના જથ્થાના બીલો

૧૬૭૫૧**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના કેટલાક ઓદ્યોગિક એકમોને ફાળવવામાં/મંજૂર કરેલ પાણીનો જથ્થો આપવામાં આવતો નથી કે ઉપાડવામાં આવતો નથી, તે હકીક્ત સાચી છે, | (૧) હા, અશંતઃ સાચી છે. |
| (૨) છેલ્લાં ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ પ્રતિદિન પાંચ લાખ લીટર કે વધુ જથ્થાની ફાળવણીવાળા ઓદ્યોગિક એકમોને નિર્ધારીત જથ્થાના પ્રમાણમાં વાર્ષિક/માસિક કે દૈનિક પાણીનો જથ્થો પૂરો પડાયાની વિગત શું છે, | (૨) સામેલ પત્રક*-૧ મુજબ. |
| (૩) આ સમયગાળા દરમ્યાન નર્મદા પાઇપ લાઇનમાંથી પાણી મેળવતા ઓદ્યોગિક એકમો ધ્વારા મીનીમમ ઉપયોગીતાના નકકી કરાયેલા દરો પ્રમાણે દૈનિક પાંચ લાખ કે વધુ પાણીનો જથ્થો ફાળવેલ ઉદ્યોગ ધ્વારા વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ કે/અને ગુજરાત પાણી પુરવઠા બોર્ડને કેટ કેટલી રકમના બીલો સામે કેટલી ચૂકવણી કરી ? | (૩) સામેલ પત્રક*-૨ મુજબ. |

### પત્રક-૧

| ક્રમ | ઓદ્યોગિક એકમોનું નામ | મંજૂર જથ્થો (એમએલડીમાં) | વર્ષ - ૨૦૦૭ | | |
|---|---|---|---|---|---|
| | | | ટોટલ | માસ વાર સરેરાશ | સરેરાશ પ્રતિ દિવસ |
| ૧ | અનુશક્તિ કેમીકલ લી. | ૦.૫૦૦ | ૮૪.૪૪૭ | ૭.૦૩૭ | ૦.૨૩૧ |
| ૨ | એક્વાજેલ કેમીકલ્સ પ્રા.લી. | ૦.૮૦૦ | ૨૦૦.૦૬૩ | ૧૬.૬૭૨ | ૦.૫૪૮ |
| ૩ | કારગીલ ઇન્ડીયા પ્રા.લી. | ૦.૮૦૦ | ૨૩૧.૮૦૬ | ૧૯.૩૧૭ | ૦.૬૩૫ |
| ૪ | ગુજરાત એનઆરઇ કોક લી. | ૧.૩૫૦ | ૨૨૪.૭૩૨ | ૧૮.૭૨૮ | ૦.૬૧૬ |
| ૫ | ઇન્ડીયન સ્ટીલ કોર્પોરેશન લી. | ૧.૨૫૦ | ૮૭.૨૩૭ | ૭.૨૭૦ | ૦.૨૩૯ |
| ૬ | જે.એમ.ડી. ઓઇલસ પ્રા.લી. | ૦.૮૩૦ | ૧૫૩.૪૨૦ | ૧૨.૭૮૫ | ૦.૪૨૦ |
| ૭ | કચ્છ કેમીકલ લી. | ૧.૨૧૦ | ૨૯૫.૧૧૦ | ૨૪.૫૯૩ | ૦.૮૦૯ |
| ૮ | રત્નમણી મેટલ્સ એન્ડ ટયુબ્સ લી. | ૦.૬૦૦ | ૧૦૦.૫૭૫ | ૮.૩૮૧ | ૦.૨૭૬ |
| ૯ | વેલસ્પન ઇન્ડિયા લી. | ૨૦.૫૦૦ | ૪૨૪૦.૧૬૪ | ૩૫૩.૩૪૭ | ૧૧.૬૧૭ |
| ૧૦ | મીડ ઇન્ડીયા એન્જીનીયરીંગ કુ.લી. | ૧.૭૫૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૧૧ | ઓસ્ટ્રોલ કોક એન્ડ પ્રોજેકટસ લી. | ૦.૮૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૧૨ | લુઇસ ડ્રેડફસ કોમોડીટીઝ ઇન્ડીયા પ્રા. લી. | ૦.૬૫૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૧૩ | ડેવુ એન્કર ઇલેક્ટ્રોનીક્સ લી. | ૧.૫૦૦ | ૨૧.૯૫૪ | ૭.૩૧૮ | ૦.૨૩૯ |
| ૧૪ | પારલે પ્રોડકટસ લી. | ૦.૪૮૦ | ૩૧.૭૭૪ | ૨.૬૪૮ | ૦.૦૮૭ |
| ૧૫ | આશાપુરા વોલક્લેય લીમીટેડ. | ૦.૭૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૧૬ | જીન્દાલ સો.લી. પ્રાગપર | ૨.૦૦૦ | ૨૦૦.૩૧૯ | ૧૬.૬૯૩ | ૦.૫૪૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭ | જીન્દાલ સો.લી. સમાઘોઘા | ૮.૫૦૦ | ૬૯૫.૭૦૦ | ૫૭.૯૭૫ | ૧.૯૦૬ |
| ૧૮ | મહાશક્તિ કોક | ૫.૦૦૦ | ૩૫૩.૪૪૧ | ૩૨.૧૩૧ | ૦.૯૬૮ |
| ૧૯ | ગુજરાત અદાણી પોર્ટ લી. (એમએસઇઝેડ) | ૧૧.૦૦૦ | ૮૨૩.૫૯૯ | ૬૮.૬૩૩ | ૨.૪૬૬ |
| ૨૦ | નીલકંઠ કોનકાસ્ટ પ્રા.લી. | ૧.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૨૧ | સાલ સ્ટીલ લી. | ૧.૫૦૦ | ૪૨૩.૯૪૨ | ૪૨.૩૯૪ | ૧.૩૯૦ |
| ૨૨ | ફીલીપ્સ કાર્બન બ્લેક લી. | ૧.૨૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૨૩ | અદાણી પાવર લી. | ૩.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૨૪ | કોસ્ટલ ગુજરાત પાવર લી. | ૧.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૨૫ | સુર્યા ગ્લોબલ સ્ટીલ ટયુબ લી. | ૦.૫૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૨૬ | અજન્ટા મેન્યુફેક્ચર્સ લી. | ૨.૫૦૦ | ૧૭૦.૬૮૪ | ૧૪.૨૨૪ | ૦.૪૬૮ |
| ૨૭ | એએસઆર મલ્ટી મેટલ્સ | ૦.૫૪૦ | ૩૬.૪૩૪ | ૩.૦૩૬ | ૦.૧૦૦ |
| ૨૮ | ઇલેક્ટ્રોથર્મ લી. | ૬.૦૦૦ | ૫૧૬.૬૩૭ | ૪૩.૦૫૩ | ૧.૪૧૫ |
| ૨૯ | ગેલેન્ટ મેટલ્સ લી. | ૧.૧૫૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૩૦ | યુરો સીરામીક પ્રા.લી. | ૧.૨૦૦ | ૮.૬૮૨ | ૦.૭૨૪ | ૦.૦૨૪ |
| ૩૧ | પરમ ઓઇલ ઇન્ડ. | ૦.૭૦૦ | ૧૦૨.૨૯૩ | ૮.૫૨૪ | ૦.૨૮૦ |
| ૩૨ | અન્નાઇ બાલાજી | ૦.૫૦૦ | ૪૦.૭૨૦ | ૩.૩૯૩ | ૦.૧૧૨ |
| ૩૩ | ભારત ફુડ કો-ઓપ. લિ. | ૦.૫૦૦ | ૪૬.૬૯૭ | ૩.૮૯૧ | ૦.૧૨૮ |
| ૩૪ | વી.વી.એફ. | ૦.૫૦૦ | ૭૭.૯૦૪ | ૬.૪૯૨ | ૦.૨૧૩ |
| | કુલ :- | ૮૨.૦૧૦ | ૯૧૬૮.૩૩૫ | ૭૭૯.૨૬૦ | ૨૫.૭૩૫ |

| વર્ષ - ૨૦૦૮ | | | વર્ષ - ૨૦૦૯ | | |
|---|---|---|---|---|---|
| ટોટલ | માસ વાર સરેરાશ | સરેરાશ પ્રતિ દિવસ | ટોટલ | માસ વાર સરેરાશ | સરેરાશ પ્રતિ દિવસ |
| ૧૦૯.૦૭૫ | ૯.૦૯૦ | ૦.૨૯૯ | ૧૦૧.૧૬૯ | ૮.૪૩૧ | ૦.૨૭૭ |
| ૨૦૭.૨૦૦ | ૧૭.૨૬૭ | ૦.૫૬૮ | ૨૭૧.૪૯૯ | ૨૨.૬૨૫ | ૦.૭૪૪ |
| ૨૬૯.૨૫૫ | ૨૨.૪૩૮ | ૦.૭૩૮ | ૩૧૩.૯૫૦ | ૨૬.૧૬૩ | ૦.૮૬૦ |
| ૩૦૯.૩૨૩ | ૨૫.૭૭૭ | ૦.૮૪૭ | ૩૭૬.૨૩૯ | ૩૧.૩૫૩ | ૧.૦૩૧ |
| ૧૧૧.૨૨૪ | ૯.૨૬૯ | ૦.૩૦૫ | ૧૪૫.૪૬૦ | ૧૨.૧૨૨ | ૦.૩૯૯ |
| ૨૧૫.૮૧૭ | ૧૭.૯૮૫ | ૦.૫૯૧ | ૧૫૪.૧૮૦ | ૧૨.૮૪૮ | ૦.૪૨૨ |
| ૨૮૫.૯૩૯ | ૨૩.૮૨૮ | ૦.૭૮૩ | ૧૮૮.૯૭૫ | ૧૫.૭૪૮ | ૦.૫૧૮ |
| ૧૩૯.૭૨૦ | ૧૧.૬૪૩ | ૦.૩૮૩ | ૨૦૮.૪૯૧ | ૧૭.૩૭૪ | ૦.૫૭૧ |
| ૫૫૬૨.૯૪૯ | ૪૬૩.૫૭૯ | ૧૫.૨૪૧ | ૫૪૨૭.૫૮૦ | ૪૫૨.૨૯૮ | ૧૪.૮૭૦ |
| ૨૩૩.૪૯૮ | ૨૩.૩૫૦ | ૦.૭૬૬ | ૫૨૧.૮૯૧ | ૪૩.૪૯૧ | ૧.૪૩૦ |
| ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ |
| ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૮૯.૦૯૭ | ૭.૪૨૫ | ૦.૨૪૪ |
| ૧૭૦.૫૨૪ | ૧૪.૨૧૦ | ૦.૪૬૭ | ૨૦૭.૨૦૧ | ૧૭.૨૬૭ | ૦.૫૬૮ |
| ૩૨.૮૦૩ | ૨.૭૩૪ | ૦.૦૯૦ | ૧૨.૫૧૭ | ૧.૦૪૩ | ૦.૦૩૪ |
| ૪૪.૬૦૨ | ૮.૯૨૦ | ૦.૨૯૩ | ૧૬૮.૧૦૨ | ૧૪.૦૦૯ | ૦.૯૨૪ |
| ૨૫૨.૫૨૦ | ૫૦.૫૦૪ | ૧.૬૬૧ | ૨૨૩.૮૯૯ | ૧૮.૬૫૮ | ૧.૨૩૦ |
| ૭૬૭.૧૯૦ | ૬૩.૯૩૩ | ૨.૧૦૨ | ૭૮૪.૫૪૬ | ૬૫.૩૭૯ | ૨.૧૪૯ |
| ૪૫૮.૮૫૮ | ૩૮.૨૩૮ | ૧.૨૫૭ | ૪૪૨.૫૪૩ | ૩૬.૮૭૯ | ૧.૨૧૨ |
| ૧૦૮૦.૦૪૫ | ૯૦.૦૦૪ | ૨.૯૫૯ | ૧૫૪૬.૮૬૧ | ૧૨૮.૯૦૫ | ૪.૨૩૮ |
| ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૨૯.૩૩૫ | ૫.૮૬૭ | ૦.૧૯૩ |
| ૧૭૮.૯૭૪ | ૨૯.૮૨૯ | ૦.૯૮૩ | ૩૧૫.૨૨૬ | ૨૬.૨૬૯ | ૦.૮૬૪ |
| ૪.૭૫૧ | ૦.૯૫૦ | ૦.૦૩૧ | ૧૬૩.૫૯૭ | ૧૩.૬૩૩ | ૦.૪૪૮ |
| ૧૨૭.૦૯૮ | ૨૧.૨૮૩ | ૦.૬૯૮ | ૨૮૯.૫૮૮ | ૨૬.૩૨૬ | ૦.૮૭૨ |
| ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૧૦૨.૦૦૩ | ૧૦.૨૦૦ | ૦.૩૩૭ |
| ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૦.૦૦૦ | ૨૧.૭૮૫ | ૩.૬૩૧ | ૦.૦૬૦ |
| ૨૩૯.૫૮૬ | ૧૯.૯૬૬ | ૦.૬૫૬ | ૪૪૩.૮૯૫ | ૩૬.૯૯૧ | ૧.૨૧૬ |
| ૭૫.૬૬૭ | ૬.૩૦૬ | ૦.૨૦૭ | ૬૭.૪૬૮ | ૫.૬૨૨ | ૦.૧૮૫ |
| ૮૩૪.૧૧૯ | ૬૯.૫૧૦ | ૨.૨૮૫ | ૮૭૯.૧૮૬ | ૭૩.૨૬૬ | ૨.૪૦૯ |
| ૧૧૪.૧૦૪ | ૧૯.૦૧૭ | ૦.૬૨૭ | ૨૯૩.૯૦૧ | ૨૪.૪૯૨ | ૦.૮૦૫ |
| ૧૨.૬૮૮ | ૧.૦૫૭ | ૦.૦૩૫ | ૬.૭૦૫ | ૦.૫૫૯ | ૦.૦૧૮ |
| ૭૮.૮૪૫ | ૬.૫૭૦ | ૦.૨૧૬ | ૭૧.૯૧૮ | ૫.૯૯૩ | ૦.૧૯૭ |
| ૪૭.૪૫૭ | ૩.૯૫૫ | ૦.૧૩૦ | ૭૩.૩૬૬ | ૬.૧૧૪ | ૦.૨૦૧ |
| ૩૩.૧૧૧ | ૨.૭૫૯ | ૦.૦૯૧ | ૧૯.૨૪૮ | ૧.૬૦૪ | ૦.૦૫૩ |
| ૮૪.૧૯૨ | ૭.૦૧૬ | ૦.૨૩૧ | ૧૩૬.૬૩૨ | ૧૧.૩૮૬ | ૦.૩૭૪ |
| ૧૨૦૮૧.૧૩૪ | ૧૦૮૦.૮૮૬ | ૩૫.૫૪૧ | ૧૪૦૯૮.૦૫૩ | ૧૧૮૩.૯૬૯ | ૩૯.૯૫૩ |

# પત્રક-૨

| ક્રમ | ઔદ્યોગિક એકમનું નામ | વર્ષ - ૨૦૦૭ | | | |
|---|---|---|---|---|---|
| | | અગાઉની બાકી રકમ | બીલની રકમ | જમા થયેલ રકમ | બાકી રકમ |
| ૧ | અનુશક્તિ કેમીકલ લી. | ૧૫૦૦૦.૦૦ | ૧૩૭૭૯૨૩.૦૦ | ૧૩૯૨૯૨૩.૦૦ | ૦.૦૦ |
| ૨ | એક્વાજેલ કેમીકલ્સ પ્રા.લી. | ૦.૦૦ | ૩૦૯૮૦૯૧.૦૦ | ૩૦૯૮૦૯૧.૦૦ | ૦.૦૦ |
| ૩ | કારગીલ ઇન્ડીયા પ્રા.લી. | ૧૮૭૬.૦૦ | ૩૫૬૨૪૬૪.૦૦ | ૩૫૬૪૩૪૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | ગુજરાત એનઆરઇ કોક લી.. | ૦.૦૦ | ૪૩૫૦૧૮૯.૦૦ | ૪૩૫૦૧૮૯.૦૦ | ૦.૦૦ |
| ૫ | ઇન્ડીયન સ્ટીલ કોર્પોરેશન લી. | ૦.૦૦ | ૧૨૯૭૬૧૮.૦૦ | ૧૨૯૭૬૧૮.૦૦ | ૦.૦૦ |
| ૬ | જે.એમ.ડી. ઓઇલસ પ્રા.લી. | ૦.૦૦ | ૨૩૧૪૬૬૨.૦૦ | ૧૪૬૧૧૧૨.૦૦ | ૮૫૩૫૫૦.૦૦ |
| ૭ | કચ્છ કેમીકલ્સ લી. | ૦.૦૦ | ૪૪૩૦૨૨૯.૦૦ | ૪૪૩૦૨૨૯.૦૦ | ૦.૦૦ |
| ૮ | રત્નમણી મેટલ્સ એન્ડ ટયુબ્સ લી. | ૦.૦૦ | ૧૫૨૯૩૧૩.૦૦ | ૧૫૨૯૩૧૩.૦૦ | ૦.૦૦ |
| ૯ | વેલસપ્ન ઇન્ડિયા લી. | ૦.૦૦ | ૬૩૬૧૨૦૩૬.૦૦ | ૬૩૬૧૨૦૩૬.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | મીડ ઇન્ડીયા એન્જીનીયરીંગ કુ.લી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | ઓસ્ટ્રોલ કોક એન્ડ પ્રોજેકટસ લી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૨ | લુઇસ ડ્રેડફ્સ કોમોડીટીઝ ઇન્ડીયા પ્રા. લી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | ડેવુ એન્કર ઇલેક્ટ્રોનીક્સ લી. | ૧૨૬૯૦૦૦.૦૦ | ૨૭૦૦૭૭૧.૦૦ | ૩૯૬૯૭૭૧.૦૦ | ૦.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪ | પારલે પ્રોડક્ટસ લી. | | ૭૪૦૩૨૦.૦૦ | ૭૪૦૩૨૦.૦૦ | ૦.૦૦ |
| ૧૫ | આશાપુરા વોલક્લેય લીમીટેડ. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | જીન્દાલ સો.લી. પ્રાગપર | | ૪૯૯૨૮૦૪.૦૦ | ૪૯૯૨૮૦૪.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | જીન્દાલ સો.લી. સમાઘોઘા | | ૧૧૦૯૮૪૪૧.૦૦ | ૧૧૦૯૮૪૪૧.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | મહાશક્તિ કોક | ૧૧૫૭૬૨૫૦.૦૦ | ૭૫૫૫૨૫૧.૦૦ | ૪૭૩૧૦૧૮.૦૦ | ૧૪૪૦૦૪૮૩.૦૦ |
| ૧૯ | ગુજરાત અદાણી પોર્ટ લી. (એમએસઇઝેડ) | ૦.૦૦ | ૧૨૮૯૫૮૬૫.૦૦ | ૧૨૮૯૫૮૬૫.૦૦ | ૦.૦૦ |
| ૨૦ | નીલકંઠ કોનકાસ્ટ પ્રા.લી. | ૩૧૭૨૫.૦૦ | ૨૪૧૫૦૮.૦૦ | ૨૫૫૩૬૬.૦૦ | ૧૭૮૬૭.૦૦ |
| ૨૧ | સાલ સ્ટીલ લી. | ૦.૦૦ | ૬૮૭૦૨૫૨.૦૦ | ૬૪૭૮૨૧૮.૦૦ | ૩૯૨૦૩૪.૦૦ |
| ૨૨ | ફીલીપ્સ કાર્બન બ્લેક લી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૩ | અદાણી પાવર લી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૪ | કોસ્ટલ ગુજરાત પાવર લી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૫ | સુર્યા ગ્લોબલ સ્ટીલ ટયુબ લી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૬ | અજન્ટા મેન્યુફેક્ચર્સ લી. | ૦.૦૦ | ૫૪૬૨૪૧૭.૦૦ | ૪૩૧૪૫૬૨.૦૦ | ૧૧૪૭૮૫૫.૦૦ |
| ૨૭ | એએસઆર મલ્ટી મેટલ્સ | ૦.૦૦ | ૬૬૩૯૭૭.૦૦ | ૬૨૯૩૬૬.૦૦ | ૩૪૬૧૧.૦૦ |
| ૨૮ | ઇલેક્ટ્રોથર્મ લી. | ૦.૦૦ | ૧૦૦૨૫૧૮૧.૦૦ | ૧૦૦૨૫૧૮૧.૦૦ | ૦.૦૦ |
| ૨૯ | ગેલેન્ટ મેટલ્સ લી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૦ | યુરો સીરામીક પ્રા.લી. | ૦.૦૦ | ૧૨૯૫૭૬.૦૦ | ૧૨૯૫૭૬.૦૦ | ૦.૦૦ |
| ૩૧ | પરમ ઓઇલ ઇન્ડ. | ૦.૦૦ | ૧૭૨૫૧૦૫.૦૦ | ૧૬૦૨૯૦૦.૦૦ | ૧૨૨૨૦૫.૦૦ |
| ૩૨ | અન્તાઇ બાલાજી | ૦.૦૦ | ૮૧૦૨૪૦.૦૦ | ૮૧૦૨૪૦.૦૦ | ૦.૦૦ |
| ૩૩ | ભારત ફુડ કો-ઓપ. લિ. | ૦.૦૦ | ૯૫૦૧૪૫.૦૦ | ૮૮૨૬૪૫.૦૦ | ૬૭૫૦૦.૦૦ |
| ૩૪ | વી.વી.એફ. | ૦.૦૦ | ૧૫૧૭૩૧૦.૦૦ | ૧૪૪૨૭૬૦.૦૦ | ૭૪૫૫૦.૦૦ |
| | ટોટલ :- | ૧૨૮૯૩૮૫૧.૦૦ | ૧૫૩૯૫૧૬૮૮.૦૦ | ૧૪૯૭૩૪૮૮૪.૦૦ | ૧૭૧૧૦૬૫૫.૦૦ |

| વર્ષ - ૨૦૦૮ | | | | વર્ષ - ૨૦૦૯ | | | |
|---|---|---|---|---|---|---|---|
| અગાઉની બાકી રકમ | બીલની રકમ | જમા થયેલ રકમ | બાકી રકમ | અગાઉ ની બાકી રકમ | બીલની રકમ | જમા થયેલ રકમ | બાકી રકમ |
| ૦.૦૦ | ૧૬૩૬૪૬૭.૦૦ | ૧૬૩૬૪૬૭.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૫૧૯૭૮૯.૦૦ | ૧૫૧૯૭૮૯.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૩૧૪૮૫૧૨.૦૦ | ૩૧૪૮૫૧૨.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૦૮૬૭૩૧.૦૦ | ૪૦૮૬૭૩૧.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૪૦૩૯૨૩૩.૦૦ | ૪૦૩૯૨૩૩.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૭૨૯૩૬૫.૦૦ | ૪૭૨૯૩૬૫.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૪૭૪૦૯૬૦.૦૦ | ૪૭૪૦૯૬૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૬૬૨૫૮૯૪.૦૦ | ૬૬૨૫૮૯૪.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૧૮૪૨૧૯૭.૦૦ | ૧૮૪૨૧૯૭.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૩૬૯૩૫૧.૦૦ | ૨૩૬૯૩૫૧.૦૦ | ૦.૦૦ |
| ૮૫૩૫૫૦.૦૦ | ૩૩૨૦૫૧૭.૦૦ | ૩૭૯૭૮૩૭.૦૦ | ૩૭૬૨૩૦.૦૦ | ૩૭૬૨૩૦.૦૦ | ૨૩૩૯૭૯૧.૦૦ | ૨૭૧૬૦૨૧.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૪૩૩૧૦૫૩.૦૦ | ૪૩૩૧૦૫૩.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૮૩૬૮૮૮.૦૦ | ૨૮૩૬૮૮૮.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૨૧૮૪૫૭૭.૦૦ | ૨૧૮૪૫૭૭.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૩૩૮૫૫૨.૦૦ | ૩૩૩૮૫૫૨.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૮૩૪૭૦૧૫૩.૦૦ | ૮૩૪૭૦૨૧૩.૦૦ | -૬૦.૦૦ | -૬૦.૦૦ | ૮૧૪૧૩૭૦૦.૦૦ | ૮૧૪૧૩૬૪૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૩૮૬૬૨૩૯.૦૦ | ૩૮૬૩૨૬૯.૦૦ | ૨૯૭૦.૦૦ | ૨૯૭૦.૦૦ | ૮૦૪૮૯૮૨.૦૦ | ૭૨૪૦૦૯૨.૦૦ | ૮૧૧૮૬૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૫૬૨૫૦.૦૦ | ૦.૦૦ | ૩૫૬૨૫૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૯૩૪૧૯૬.૦૦ | ૧૯૩૪૧૯૬.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૨૭૮૮૦૯.૦૦ | ૨૭૮૮૦૯.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૧૯૧૮૩૬.૦૦ | ૩૧૯૧૮૩૬.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૬૦૬૮૮૭.૦૦ | ૬૦૬૮૮૭.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૯૯૧૫૪.૦૦ | ૨૯૯૧૫૪.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૭૧૫૩૪૯.૦૦ | ૭૧૫૩૪૯.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૬૬૫૧૨૫.૦૦ | ૨૬૬૫૧૨૫.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૪૭૪૩૬૧૨.૦૦ | ૪૭૪૩૬૧૨.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૪૮૧૭૨૬.૦૦ | ૪૪૮૧૭૨૬.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૧૧૫૧૦૩૬૬.૦૦ | ૧૧૫૧૦૩૬૬.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨૧૩૪૨૬૭.૦૦ | ૧૨૧૩૪૨૬૭.૦૦ | ૦.૦૦ |
| ૧૪૪૦૦૪૮૩.૦૦ | ૭૪૮૫૨૮૨.૦૦ | ૭૫૯૯૩૬૮.૦૦.૦૦ | ૧૪૨૮૬૩૯૭.૦૦ | ૧૪૨૮૬૩૯૭.૦૦ | ૧૩૪૨૩૩૭૨.૦૦ | ૮૮૬૬૮૪૪.૦૦ | ૧૮૮૪૨૯૨૫.૦૦ |
| ૦.૦૦ | ૨૦૦૫૭૬૦૮.૦૦ | ૨૦૦૫૭૬૦૮.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૪૧૨૦૫૪૯.૦૦ | ૨૪૧૨૦૫૪૯.૦૦ | ૦.૦૦ |
| ૧૭૮૬૭.૦૦ | ૧૭૯૭૨૦૨.૦૦ | ૧૧૨૬૦૯૨.૦૦ | ૬૮૮૯૭૭.૦૦ | ૬૮૮૯૭૭.૦૦ | ૨૩૦૭૬૮૮.૦૦ | ૧૧૨૩૯૭૭.૦૦ | ૧૮૭૨૬૮૮.૦૦ |
| ૩૯૨૦૩૪.૦૦ | ૩૮૬૨૧૪૪.૦૦ | ૨૦૯૧૪૮૦.૦૦ | ૨૧૬૨૬૯૮.૦૦ | ૨૧૬૨૬૯૮.૦૦ | ૫૧૦૨૦૮૬.૦૦ | ૪૯૨૫૪૩૦.૦૦ | ૨૩૩૯૩૫૪.૦૦ |
| ૦.૦૦ | ૧૬૯૫૧૮૦.૦૦ | ૧૬૯૫૧૮૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૪૯૦૨૦૨.૦૦ | ૩૪૯૦૨૦૨.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૩૨૪૦૦૦૦.૦૦ | ૩૨૪૦૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૬૫૯૩૪૧૯.૦૦ | ૬૫૯૩૪૧૯.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૨૧૪૯૦૨.૦૦ | ૨૨૧૪૯૦૨.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૦૬૨૫૦.૦૦ | ૫૦૬૨૫૦.૦૦ | ૦.૦૦ |
| ૧૧૪૭૮૫૫.૦૦ | ૪૩૧૭૮૬૧.૦૦ | ૪૧૫૫૧૫૦.૦૦ | ૧૩૧૦૫૬૬.૦૦ | ૧૩૧૦૫૬૬.૦૦ | ૭૧૧૧૮૬૮.૦૦ | ૮૦૪૪૪૪૦.૦૦ | ૩૭૭૯૯૪.૦૦ |
| ૩૪૬૧૧.૦૦ | ૧૨૩૨૫૯૯.૦૦ | ૧૦૨૦૮૮૫.૦૦ | ૨૪૬૩૨૫.૦૦ | ૨૪૬૩૨૫.૦૦ | ૧૨૩૧૪૮૫.૦૦ | ૧૧૪૨૩૮૫.૦૦ | ૩૩૫૪૨૫.૦૦ |
| ૦.૦૦ | ૧૩૧૦૬૯૮૫.૦૦ | ૧૩૧૦૬૯૮૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૩૧૮૭૭૯૦.૦૦ | ૧૩૧૮૭૭૯૦.૦૦ | ૦.૦૦ |
| ૦.૦૦ | ૨૩૧૧૫૬૦.૦૦ | ૨૨૮૧૫૬૦.૦૦ | ૩૦૦૦૦.૦૦ | ૩૦૦૦૦.૦૦ | ૪૪૦૮૫૧૫.૦૦ | ૪૪૦૮૫૧૫.૦૦ | ૩૦૦૦૦.૦૦ |
| ૦.૦૦ | ૧૯૪૭૬૬.૦૦ | ૧૬૨૧૬૭.૦૦ | ૩૨૫૯૯.૦૦ | ૩૨૫૯૯.૦૦ | ૧૧૪૮૦૬.૦૦ | ૧૫૨૪૭૯.૦૦ | -૫૦૭૪.૦૦ |
| ૧૨૨૨૦૫.૦૦ | ૧૦૮૫૫૫૦.૦૦ | ૧૦૮૪૭૫૫.૦૦ | ૧૨૩૦૦૦.૦૦ | ૧૨૩૦૦૦.૦૦ | ૮૧૪૫૦૦.૦૦ | ૯૦૯૦૦૦.૦૦ | ૨૮૫૦૦.૦૦ |
| ૦.૦૦ | ૬૦૭૫૧૫.૦૦ | ૬૦૭૫૧૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૬૭૦૦૦.૦૦ | ૬૪૮૦૦૦.૦૦ | -૮૧૦૦.૦૦ |
| ૬૭૫૦૦.૦૦ | ૬૮૪૫૪૦.૦૦ | ૬૮૪૫૪૦.૦૦ | ૬૭૫૦૦.૦૦ | ૬૭૫૦૦.૦૦ | ૫૫૩૨૯૦.૦૦ | ૫૪૦૦૦૦.૦૦ | ૮૦૭૯૦.૦૦ |
| ૭૪૫૫૦.૦૦ | ૧૦૨૬૫૭૦.૦૦ | ૧૩૩૬૨૯૦.૦૦ | -૨૩૫૧૭૦.૦૦ | -૨૩૫૧૭૦.૦૦ | ૭૬૪૮૯૫.૦૦ | ૯૧૦૦૦૦.૦૦ | -૩૮૦૨૭૫.૦૦ |
| ૧૭૧૧૦૬૫૫.૦૦ | ૧૯૫૬૫૦૨૯૩.૦૦ | ૧૯૩૬૬૮૯૧૬.૦૦ | ૧૯૦૯૨૦૩૨.૦૦ | ૧૯૦૯૨૦૩૨.૦૦ | ૨૨૮૮૮૪૨૧૪.૦૦ | ૨૨૩૩૬૬૮૦૯.૦૦ | ૨૪૬૦૯૪૩૭.૦૦ |

-----------

## બોરસદ-દેઘડીયા જુથ પાણી પુરવઠા યોજનાનું કામ

**૧૫૬૭૨શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાનાં માંગરોળ તાલુકામાં આવેલ બોરસદ-દેઘડીયા જુથ પાણી પુરવઠા યોજનાનું કામ તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલું થયેલ છે, આ કામ ક્યારે પૂર્ણ થાય તેમ છે,

(૨) આ યોજનાનો લાભ કેટલા ગામોને મળે તેમ છે, અને

**જવાબ**

(૧) આ જૂથ યોજના બે ભાગમાં છે. ભાગ-૧ના બધા અને ભાગ-૨ના ૫૦ ટકા કામો પૂર્ણ થયેલ છે. બાકીના કામો માહે જૂન-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) ૬૬ ગામોને

(૩) માંગરોળ તાલુકાના સુરાલી ગામને ઉક્ત યોજના કે અન્ય કોઇ સ્ત્રોત દ્વારા પીવાલાયક પાણી મળે તે માટે સરકારે શું પગલાં લીધેલ છે કે લેવા ધારેલ છે ?

(૩) સુરાલી ગામને હાલ સ્વતંત્ર યોજના તથા હેન્ડપંપ યોજનાથી પાણી મળે છે. જરૂરિયાત જણાયે જૂથ યોજનામાં જોડવાનું આયોજન કરેલ છે.

## વડોદરા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

૧૬૬૭૪**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ દરમ્યાન જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) આ માટે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે અને તે પૈકી જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ દરમ્યાન પ્રવાસન સ્થળોના વિકાસ કરવા માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૮-૦૯

૧. ડભોઈને કેન્દ્ર સ્થાને રાખી તેની આજુબાજુમાં આવેલ ધાર્મિક અને પ્રવાસન સ્થળોનો વિકાસ કરવાનું નિયત કરવામાં આવેલ છે.

૨. વઢવાણા બર્ડ સેન્ચ્યુરી, વઢવાણા તા. ડભોઈ ખાતે પ્રવાસીઓ માટે પાર્કીગ, ટોઈલેટ અને પ્રવાસીઓ માટે વિવિધ સુવિધાઓ

૩. ચાંદોદ, તા. ડભોઈ ખાતે યાત્રાળુઓ માટે ટુરીસ્ટ એકોમોડેશન

૪. કરજણ તાલુકાના હરસુંડા ગામ આવેલ સંતશ્રી કબીર મંદિરખાતે આંતર માળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે રોડ વર્ક, યાત્રાળુઓ માટે શેડ તથા હાટ, તળાવનો વિકાસ, ટોઈલેટ બ્લોક, પીવાના પાણી માટે રૂમની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રૂપિયા ૩૨૮.૩૩ લાખની ગ્રાન્ટફાળવવામાં આવેલ છે. તે પૈકી રૂપિયા ૧૬૫.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## વર્ષ-૨૦૦૭ની ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં પ્રવાસન ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

૧૬૬૪૮**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૭ના વર્ષ દરમ્યાન યોજાએલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં કેટલી કંપનીઓએ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કર્યા,

(૨) આ અંતર્ગત કેટલું મૂડી રોકાણ થયું,

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી કંપનીઓ કાર્યરત છે, અને

(૪) એમ.ઓ.યુ. કર્યા પછી કેટલી કંપનીઓ ખસી ગઈ?

**જવાબ**

(૧) ૨૦૦૭ના વર્ષ દરમ્યાન યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટમાં ૩૩ કંપનીઓએ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કર્યા.

(૨) આ અંતર્ગત રૂ. ૨૪૧.૦૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે.

(૩) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ૧ કંપની કાર્યરત છે. જ્યારે ૨૩ કંપનીઓના ૩૫ પ્રોજેક્ટ વિવિધ સ્તરે પ્રગતિમાં છે.

(૪) એમ.ઓ.યુ. કર્યા પછી ૯ કંપનીઓ ખસી ગઇ.

## કલોલ તાલુકામાં સેકટર રીફોર્મ યોજના અંતર્ગત મંજૂર કામો

૧૬૬૩૯ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલાં કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ૨૩ ગામોની યોજનાના કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ૧૬ ગામોની યોજનાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) બાકીના કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

(૩) બાકી રહેતા ૭ ગામોની યોજનાના કામો હાલ પ્રગતિના વિવિધ તબક્કા હેઠળ છે. જે સંલગ્ન પાણી સમિતિઓ દ્વારા ક્રમશઃ જુલાઇ-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**જામનગર જિલ્લામાં નર્મદાનું પાણી પીવા માટે આપવા બાબત**

૧૬૭૪૭ **પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લાના બાકી રહેતા ગામો અને શહેરોમાં પીવાના પાણી માટે નર્મદા યોજના કેનાલ આધારિત યોજના ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) તા.૨૭-૧૧-૨૦૦૬ થી શરૂ કરવામાં આવી. |
| (૨) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, | (૨) ટૂંક સમયમાં. |
| (૩) તે યોજનાથી કેટલા શહેરો અને ગામોને લાભ મળશે, અને, | (૩) ૪૭૯ ગામો અને ૭ શહેરોને. |
| (૪) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે? | (૪) અંદાજે કુલ રૂા. ૧૩૮.૬૪ કરોડ. |

**ભદ્રના કિલ્લાના જીર્ણોધ્ધાર માટે જે.એન.યુ.આર.એમ. અંતર્ગતના પ્રોજેક્ટને મંજૂરી**

૧૫૬૯૪**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદના ભદ્રકાળી મંદિરથી ત્રણ દરવાજા સુધીના વિસ્તારો તેમજ ભદ્રના કિલ્લાના જીર્ણોધ્ધાર માટે કેન્દ્ર સરકારના જે.એન.યુ.આર.એમ. હેઠળના પ્રોજેકટને સેન્ટ્રલ સેક્શનીંગ એન્ડ મોનીટરીંગ કમિટી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. પ્રથમ તબક્કાની મંજૂરી તા.૨૨-૧-૨૦૧૦ ના રોજ આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ કામ હેઠળ કેટલી રકમનો ખર્ચ થઈ શકે,<br>(૩) રાજ્ય સરકારનો તેમાં કેટલો હિસ્સો છે, અને | (૨) અને (૩) : આ કામે કુલ રૂા. ૭૪.૩૯ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જેમાં રાજ્ય સરકારનો હિસ્સો ૧૧.૧૬ કરોડ તથા અમદાવાદ મહાનગરપાલિકાનો હિસ્સો ૩૭.૧૯ કરોડનો રહેશે. |
| (૪) આ કામગીરી ક્યારે શરૂ કરી અને ક્યારે પૂરી કરવાનું આયોજન છે? | (૪) મંજૂર થયેલ ફેઇઝ-૧ ના પ્રોજેક્ટના સદરહુ ડીટેઇલ ટેન્ડર બનાવવાની કાર્યવાહી ચાલુ છે તથા સદરહુ પ્રોજેક્ટ ડીસે.૨૦૧૧માં પૂરો કરવાનું આયોજન છે. |

**કપરાડા તાલુકામાં મીની પાણી પુરવઠા યોજના**

૧૬૬૪૧ **શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી મીની પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવી, | (૧) ૧૩૦ મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ કરી, અને | (૨) ૧૦૦ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી. |
| (૩) બાકી રહેલ મીની યોજના ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) માહે મે-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**કચ્છ જિલ્લામાં સુજલામ-સુફલામ યોજના અંતર્ગત ચેકડેમો**

૧૫૮૭૧ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૯-૧૦ના વર્ષમાં કચ્છ જિલ્લામાં સુજલામ-સુફલામ યોજના હેઠળ ક્યા ક્યા તાલુકાની કઈ કઈ નદીઓ ઉપર ચેકડેમ બાંધવાનું આયોજન કરવામાં આવેલ,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલા ચેકડેમો કેટલા ખર્ચે પૂરા કરવામાં આવ્યા, અને

(૩) કેટલા ચેકડેમોનું કામ અધુરૂ છે અને તે ક્યારે પુરૂં કરવામાં આવશે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં નવ તાલુકામાં સામેલ *પત્રક-૧ અને ૨ મુજબ અલગ અલગ નદીઓ ઉપર ૧૪૯ ચેકડેમો બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી તા.૩૧-૦૧-૧૦ની સ્થિતિએ સામેલ પત્રક-૧ મુજબ ૯૨ ચેકડેમ રૂ.૪૬૩૯.૧૭ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) હાલે ૩૯ કામો પ્રગતિ હેઠળ છે અને ૧૮ કામો ટેન્ડર તબક્કામાં છે. આ તમામ કામો માહે ૧૨-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**કચ્છ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૬૬૬૩**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન નીચેના પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**૧. સંતશ્રી ત્રિકમ સાહેબની સમાધી સ્થળ ચિત્રોડ, તાલુકો રાપર** - આ સ્થળે યાત્રાળુઓ માટે શેડ, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, પાણીની પાઇપ લાઇન, એપ્રોચ રોડ, મુખ્ય પ્રવેશદ્વાર, પેવર બ્લોકનું પેવીંગ અને ટોયલેટ બ્લોકનું કામ.

**૨. નારાયણ સરોવર - કોટેશ્વર** - આ સ્થળના વિકાસ માટે સ્થળને જોડતા રસ્તાનો વિકાસ, રસ્તાપર સાઇનેજીસ, મેઇન ગેઇટ, ટ્રી પ્લાન્ટેશન, બેસવાના બાંકડા, નારાયણ સરોવર તળાવનો વિકાસ, નારાયણ સરોવર ખાતે પે એન્ડ યુઝ, ચેન્જ રૂમ, મેળા અને ઉત્સવો માટે ગ્રાઉન્ડનો વિકાસ, કોટેશ્વર મંદિરની પાછળના ભાગે દરિયા તરફ રસ્તાનો વિકાસ, કોટેશ્વર ખાતે જેટી એરીયાનો વિકાસ, નારાયણ સરોવર ખાતે બસ સ્ટોપનો વિકાસ, કોટેશ્વર ખાતે પોલીસ ચોકીની કામગીરી, નારાયણ સરોવર ખાતે વોશીંગ ઘાટનો વિકાસ, નારાયણ સરોવર ખાતે સ્ટાફ ક્વાટર્સની કામગીરી, નારાયણ ટેમ્પલ કોમ્પલેક્ષના સુધારા વધારા, કોટેશ્વર ટેમ્પલ કોમ્પલેક્ષના સુધારા વધારા, કોટેશ્વર ખાતે સનસેટ પોઇન્ટનો વિકાસ, પે એન્ડ યુઝ પબ્લીક ટોયલેટ, ટુરીસ્ટ કોમ્પલેક્ષ નારાયણ સરોવર ખાતે પ્રવાસીઓની સગવડતા માટે વધારાના રૂમોનું કામ, નારાયણ સરોવર ખાતે ટુરીસ્ટ ઇન્ફરમેશન સેન્ટરનું કામ, ચંપલેશ્વર મહાદેવને જોડતા એપ્રોચ રોડનો વિકાસ, હાઇવેથી ચેતન્ય મહાપ્રભુજીના સ્થળ સુધી જવાના રસ્તાના વિકાસ માટેની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.

**૩. કચ્છ જિલ્લામાં આવેલ અગત્યના સ્થળોના વિકાસ માટે** - નીચે મુજબના સ્થળો માટે કાર્યયોજના આધારીત

અહેવાલ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૧) નારાયણ સરોવર-કોટેશ્વર (૨) માતાનો મઢ (૩) માંડવી કચ્છ (૪) ધોળાવીરા (૫) હેરીટેઝ વિલેજ-તેરા (૬) ભુજ (૭) શરદ ઉત્સવ (ધોરડો)

આ અહેવાલ અન્વયે (૧) નારાયણ સરોવર-કોટેશ્વર માટે કામગીરી હાથ પર લેવામાં આવેલ છે. (૨) માતાના મઢ ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૨૭-૧૦-૦૯ના રોજ મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે આર્કિટેકો પાસેથી ઓફરો મેળવી આઇડીયા લેવલનું પ્રેઝન્ટેશન કરવામાં આવેલ છે. (૩) માંડવી કચ્છ ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૨૭-૧૦-૦૯ના રોજ મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે આર્કિટેકો પાસેથી ઓફરો મેળવવામાં આવેલ છે. (૪) ધોળાવીરા ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૨૭-૧-૦૯ના રોજ મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે આર્કિટેકો પાસેથી ઓફરો મેળવવામાં આવેલ છે. (૫) તેરા ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટે તા.૨૬-૬-૦૯ના રોજ રૂ.૯૮૪.૨૦ લાખની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલ છે. જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ.૭૫૭.૦૮ લાખનો સમાવેશ થાય છે. જેની મંજુરી રાહમાં છે. (૬) ભૂજ ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટેની કામગીરી વિચારણા હેઠળ છે. (૭) શરદ ઉત્સવ (ધોરડો) ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે આર્કિટેકટની પસંદગી કરવામાં આવેલ છે અને જમીન મેળવવા અંગે કાર્યવાહી ચાલુ છે.

(૨) આ માટે રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવી, અને

(૨) આ માટે રાજ્ય સરકારે રૂ.૧૨૪૯.૬૮ લાખની રકમ ફાળવેલ છે.

(૩) તે પૈકી કેટલો ખર્ચ કર્યો?

(૩) તે પૈકી રૂ.૧૨૩૬.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**ધરમપુર તાલુકામાં સરદાર સહભાગી જળસંચય યોજના હેઠળ બનેલ ચેકડેમોના બાકી ચૂકવણાં**

૧૫૮૨૫ **શ્રી છનાભાઈ ચૌધરી(ધરમપુર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સરદાર સહભાગી જળસંચય યોજના હેઠળ ૮૦:૨૦ના બનેલ ચેકડેમોનાં કેટલા નાણાં ચૂકવવાનાં બાકી છે, અને

(૨) ઉક્ત બાકી નાણાં ચૂકવવા શી કાર્યવાહી કરવામાં આવી છે?

**જવાબ**

(૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ત્રીજા તબક્કાના વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૫ દરમ્યાન બનેલા ચેકડેમોના કુલ રૂ.૫૪,૧૪,૬૮૪-૦૦ ચૂકવવાના બાકી છે.

(૨) સદર ચેકડેમો ઉતરતી ગુણવત્તાવાળા હોઇ ક્ષતિઓનું નિરાકરણ પ્રયોજકો દ્વારા થયેલ ન હોવાથી ચૂકવણું કરવામાં આવેલ નથી.

------------

## રવાલીયા તથા તેના પેટા પરાને પીવાલાયક પાણી મળે તે માટે વ્યવસ્થા

૧૫૬૮૪ **શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના રવાલીયા તથા તેના પેટા પરાને હાલમાં પીવાનું કડવું/ખારૂં પાણી કુવાઓમાંથી આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ગામો અને પેટાપરાને પીવા લાયક પાણી મળે તે માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબોને ઘરથાળના પ્લોટ અને આવાસ આપવાની યોજના

૧૬૫૬૯ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી વિસ્તારમાં વસ્તા બી.પી.એલ. કુટુંબોને ઘ રથાળના પ્લોટ અને આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબોને મહેસૂલ વિભાગના તા.૨૫-૨-૧૯૯૩ના ઠરાવમાં દર્શાવ્યા મુજબની ૬૨ નગરપાલિકાઓમાં ઘરથાળના પ્લોટ આપવાની યોજના અમલમાં છે.<br>શહેરી વિસ્તારમાં વસતા શહેરી ગરીબો અને સ્લમ વિસ્તારમાં રહેતા લોકો માટે જેમાં બી.પી.એલ. કુટુંબોનો સમાવેશ હોઇ શકે તેમને જુદી જુદી યોજના હેઠળ આવાસો આપવાની યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ખેડા જિલ્લાની નગરપાલિકા દીઠ કેટલા પ્લોટ અને આવાસ મંજૂર કરવામાં આવ્યા છે? | (૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાની નગરપાલિકાઓમાં કુલ ૨૭૦ ઘરથાળના પ્લોટ મહેસૂલ વિભાગની યોજના હેઠળ ફાળવવામાં આવેલ છે.<br>નડીયાદ નગરપાલિકા - ૪૩ પ્લોટ<br>કપડવંજ નગરપાલિકા - ૧૯૦ પ્લોટ<br>બાલાસિનોર નગરપાલિકા - ૩૭ પ્લોટ<br>આવાસ અંગેની શહેરી વિકાસ વિભાગની યોજના હેઠળ ખેડા જિલ્લાની કોઇ નગરપાલિકા તરફથી દરખાસ્ત આવેલ નથી. |

## વડોદરા જિલ્લામાં બનાવેલ ચેકડેમો

૧૫૮૭૭**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૧૫-૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમ તાલુકાવાર બનાવવામાં આવ્યા, તેમાં ૮૦:૨૦ યોજના હેઠળના કેટલા, | (૧) સામેલ પત્રક મુજબ કુલ ૮૪૧ ચેકડેમ બનાવ્યા, તે પૈકી ૮૦:૨૦ યોજના હેઠળ ૭૮૦ ચેકડેમ બનાવ્યા. |

**પ ત્ર ક**

| તાલુકો | કુલ બનાવેલ ચેકડેમ | તે પૈકી ૮૦:૨૦ યોજના અંતર્ગત બનાવેલ ચેકડેમ |
|---|---|---|
| પાવી જેતપુર | ૨૬૯ | ૨૬૮ |
| ક્વાંટ | ૧૭૫ | ૧૫૯ |
| નસવાડી | ૭૫ | ૫૪ |
| સંખેડા | ૮૩ | ૭૩ |
| પાદરા | ૬ | ૬ |
| કરજણ | ૨૩ | ૨૩ |
| છોટાઉદેપુર | ૯૦ | ૮૧ |
| વાઘોડીયા | ૩૪ | ૩૩ |
| સાવલી | ૪૫ | ૪૨ |
| વડોદરા | ૨૨ | ૨૨ |
| શિનોર | ૧૯ | ૧૯ |
| **કુલ..** | **૮૪૧** | **૭૮૦** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત ચેકડેમોનું પેમેન્ટ સમયમર્યાદામાં કરવામાં આવેલ છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) ઉક્ત ચેકડેમો પૈકી કેટલા તૂટી ગયેલા છે, | (૩) ૨ ચેકડેમને આંશિક નુક્સાન થયેલ છે. |

અને

(૪) તેનું રીપેરીંગ ક્યારે કરવામાં આવશે?

(૪) ચોમાસા-૨૦૧૦ પહેલાં.

**બનાસકાંઠા જિલ્લામાં પી.એચ.સી. તથા સી.એચ.સી.ના મકાનો**

૧૫૬૬૧**શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનોની સંખ્યા કેટલી,

(૨) તે પેકી આ મકાનો/બિલ્ડીંગ ફરતે સંરક્ષણ દિવાલ હોય તેવા કેટલા કેન્દ્રો છે,

(૩) કેટલા કેન્દ્રોમાં સંરક્ષણ દિવાલ નથી, અને

(૪) આ મકાનો/બિલ્ડીંગોમાં ઉક્ત સુવિધા પૂરી પાડી મકાનોની જાળવણી કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ૬૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર અને કાર્યાન્વિત થયેલ છે. તે પેકી તાલુકાવાર મકાનોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પ્રા.આ. કેન્દ્રોના મકાનોની સંખ્યા | સા.આ. કેન્દ્રોના મકાનોની સંખ્યા |
|---|---|---|
| પાલનપુર | ૭ | ૧ |
| અમીરગઢ | ૪ | ૧ |
| વડગામ | ૬ | ૨ |
| દાંતા | ૬ | ૧ |
| ડીસા | ૧૧ | ૦ |
| ધાનેરા | ૫ | ૧ |
| દાંતીવાડા | ૧ | ૧ |
| થરાદ | ૫ | ૨ |
| વાવ | ૬ | ૧ |
| દિયોદર | ૩ | ૧ |
| ભાભર | ૩ | ૦ |
| કાંકરેજ | ૭ | ૧ |
| કુલ. | ૬૪ | ૧૨ |

**નોંધ :-** ત્રણ સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાનગી મકાનોમાં કાર્યાન્વિત છે.

(૨) ૬૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પેકી ૬૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો પેકી ૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંરક્ષણ દિવાલો છે.

(૩) સાત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ત્રણ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંરક્ષણ દિવાલો નથી.

(૪) ખાનગી મકાનોમાં કાર્યાન્વિત છે તેવા ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે નવા સરકારી મકાનો સંરક્ષણ દિવાલની સુવિધા સાથે વર્ષ ૨૦૧૦-૧૧ માં વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ સ્ટેટ બજેટમાં જોગવાઈ સુચવવામાં આવેલ છે. તેમજ ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો ખાતે ફક્ત સંરક્ષણ દિવાલ બનાવવા માટે આગામી વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ નાણાકીય પ્લાન સીલીંગની મર્યાદા ધ્યાને લઈને આયોજન કરવામાં આવશે.

ખાનગી મકાનોમાં કાર્યાન્વિત છે તેવા ત્રણ સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો પેકી એક સામુહિક આરોગ્ય કેન્દ્રનું નવું સરકારી મકાન સંરક્ષણ દિવાલની સુવિધા સાથે વર્ષ ૨૦૦૮-૦૯ માં નવી બાબત હેઠળ સ્ટેટ બજેટમાં, એક સામુહિક આરોગ્ય કેન્દ્રનું નવું સરકારી મકાન સંરક્ષણ દિવાલની સુવિધા સાથે વર્ષ ૨૦૦૯-૧૦ માં એન.આર.એચ.એમ. પ્રોગ્રામ હેઠળ અને એક સામુહિક આરોગ્ય કેન્દ્રનું નવું સરકારી મકાન સંરક્ષણ દિવાલની સુવિધા સાથે વર્ષ ૨૦૧૦-૧૧ માં નવી બાબત હેઠળ વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ સ્ટેટ બજેટમાં જોગવાઈ સુચવવામાં આવેલ છે અને

**મકાનોની જાળવણી માટે સરકારે કરેલ આયોજન :**

આ મકાનોની જાળવણી માટે એન. આર.

એચ.એમ. પ્રોગ્રામ અંતર્ગત ચાલુ વર્ષ ૨૦૦૯-૧૦ ના વાર્ષિક બજેટમાં પ્રત્યેક સા.આ. કેન્દ્ર માટે જાળવણી અને ભૌતિક સુવિધાઓ માટે રૂ.૧.૦૦ લાખ લેખે, પ્રત્યેક સામુહિક આરોગ્ય કેન્દ્રની રોગી કલ્યાણ સમિતિમાં રૂ.૧.૦૦ લાખ લેખે, પ્રત્યેક સામુહિક આરોગ્ય કેન્દ્રના અનટાઈડ ફંડમાં રૂ.૫૦.૦૦૦ લેખે, પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જાળવણી અને ભૌતિક સુવિધાઓ માટે રૂ.૫૦,૦૦૦/- લેખે, પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની રોગી કલ્યાણ સમિતિમાં રૂ.૧.૦૦ લાખ લેખે, પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અનટાઈડ ફંડમાં રૂ.૨૫,૦૦૦/- લેખે જરૂરી ફંડ સંબંધિત રોગી કલ્યાણ સમિતિને ફાળવી આપવામાં આવેલ છે. તેમજ આ અંગે આગામી વર્ષ ૨૦૧૦-૧૧ માં પણ ઉપર જણાવ્યા મુજબનું આયોજન કરેલ છે.

------------

### અમદાવાદ મહાનગરમાં માળખાગત વિકાસના કામોના પ્રોજેક્ટ

૧૬૭૪૨**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે કેટલા પ્રોજેકટો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ પ્રોજેકટ પાછળ કેટલી રકમનો ખર્ચ થશે, અને

(૩) તે અંગે રાજ્ય સરકાર અને મહાનગરપાલિકા ધ્વારા કેટલો ફાળો આપવામાં આવનાર છે?

**જવાબ**

(૧) સરકાર દ્વારા તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મહાનગરપાલિકામાં માળખાગત વિકાસના કામો માટે કુલ ૩ (ત્રણ) પ્રોજેકટસ રૂ.૩૬૮.૧૨ કરોડના અંદાજ સાથે મંજૂર કરવામાં આવેલ છે.

(૨) આ પ્રોજેકટસ પાછળ અંદાજીત રૂ.૩૬૮ કરોડની રકમનો ખર્ચ થશે.

(૩) આ અંગે રાજ્ય સરકાર મારફત ૧૫ ટકા હિસ્સા મુજબ રૂ.૫૫.૧૨ કરોડ તથા મહાનગરપાલિકાના ૫૦ ટકા હિસ્સા મુજબ રૂ.૧૮૪.૦૬ કરોડનો ફાળો આપવામાં આવનાર છે.

------------

### ગીરનાર ખાતે રોપ-વે બનાવવાનું કામ

૧૬૬૫૬**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં જૂનાગઢ ખાતે આવેલ ગીરનાર પર્વત ઉપર રોપ-વે બનાવવાનું કામ કેટલા ખર્ચે ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૨) કામની એજન્સી નક્કી થઈ ગઈ છે તે હકકીત સાચી છે,

(૩) જો હા, તો ક્યારે અને કઈ એજન્સીને આ કામ આપવામાં આવ્યું છે,

(૪) રોપવેનું કામ શરૂ કરવામાં આવેલ છે કે કેમ,

(૫) જો હા, તો કેટલા સમયમાં ઉક્ત કામ પૂરું થશે, અને

(૬) જો ના, તો રોપ-વેનું કામ શરૂ ન થવાનાં શાં કારણો છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ ખાતે આવેલ ગીરનાર પર્વત ઉપર રોપ-વે બનાવવાનું કામ મંજૂર કરેલ નથી. પરંતુ ગીરનાર પર્વત ઉપર રોપ-વે બનાવવાનું કામ તા.૧૭-૧-૯૬ના રોજ મંજૂર કરવામાં આવેલ છે. અને તે માટે રૂ.૮૯.૩૧ કરોડનો અંદાજીત ખર્ચ મેસર્સ ઉષાબ્રેકો કંપની કરનાર છે.

(૨) હા, જી.

(૩) આ કામગીરી તા.૧૬-૭-૯૪ના રોજ કરારથી મેસર્સ ઉષાબ્રેકો લીમીટેડને આપવામાં આવેલ છે.

(૪) રોપ-વેનું કામ હજુ શરૂ કરવામાં આવેલ નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) વન અને પર્યાવરણ વિભાગ ભારત સરકારની પર્યાવરણ અને વાઈલ્ડ લાઈફ ક્લીયરન્સની મંજૂરી

રાહમાં હોઈ રોપ-વેની કામગીરી શરૂ કરી શકાયેલ નથી.

## અમદાવાદ મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે પ્રોજેક્ટ

૧૬૫૦૧ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મહાનગરમાં માળખાગત વિકાસના કામો માટે કેટલા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) સરકાર દ્વારા તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મહાનગરપાલિકામાં માળખાગત વિકાસના કામો માટે કુલ ૩ (ત્રણ) પ્રોજેક્ટસ રૂ.૩૬૮.૧૨ કરોડના અંદાજ સાથે મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ પ્રોજેક્ટ પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થશે, અને | (૨) આ પ્રોજેક્ટ પાછળ અંદાજીત રૂ.૩૬૮ કરોડની રકમનો ખર્ચ થશે. |
| (૩) તે અંગે રાજ્ય સરકાર અને મહાનગરપાલિકા દ્વારા કેટલો ફાળો આપવામાં આવનાર છે? | (૩) જે અંગે રાજ્ય સરકાર તરફથી ૧૫ ટકા ફાળા તરીકે રૂ.૫૫.૨૨ કરોડ તથા મહાનગરપાલિકાના ૫૦ ટકા હિસ્સા મુજબ રૂ.૧૮૪.૦૬ કરોડ આપવામાં આવનાર છે. |

## સાવલી જૂથ પાણી પુરવઠા યોજનાની ટાંકીઓમાં પાણી ન ચડવા બાબત

૧૬૧૪૩**શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાની સાવલી જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે જે ગામોમાં પાણી પૂરૂં પાડવા પાણીની ટાંકીઓ બનાવી છે તેમાં સાવલી-મેવલી-પાન્ડું ગામની ટાંકીઓમાં પાણી ચડતું નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે; અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) આ ટાંકીઓમાં પાણી ચડે તે માટે સરકારે શાં પગલાં, કેટલા સમયમાં ભરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

## અમરેલી જિલ્લામાં મોટા ચેકડેમો

૧૬૬૩૨ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા(ધારી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોટી નદીઓ ઉપર કેટલા ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૬૫ ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) આ ચેકડેમની કામગીરી તા.૩૧-૦૧-૧૦ની સ્થિતિએ ક્યા તબકકે છે ? | (૨) આ ૬૫ ચેકડેમોની કામગીરી નીચેના તબક્કે છે.<br>૩૩ ચેકડેમોના કામો પૂર્ણ થયેલ છે.<br>૧૩ ચેકડેમોના કામો પ્રગતિ હેઠળ છે.<br>૧૯ ચેકડેમો વર્ક ઓર્ડર સ્ટેજે છે. |

## ગાંધીનગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

૧૬૬૬૯**શ્રી કલ્યાણસિંહ ચૌહાણ(દહેગામ ) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧-૧૦ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, | (૧) ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૧-૧૦ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળો માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.<br>વર્ષ ૨૦૦૭-૦૮<br>(૧) ગાંધીનગર જીલ્લામાં આવેલ અંબાપુર, ઉવારસદ, સાંપા અને હાલીસા વાવની સફાઈ અને જળસંગ્રહના હેતુસર વાવમાં ખોદાણ અને સફાઈની કામગીરી.<br>(૨) વરદાયી માતા મંદિર રૂપાલમાં કંપાઉન્ડ વોલ, પ્રવેશ પેસેજનું રીનોવેશન તથા હાઈમાસ્ટ લાઈટની કામગીરી. |

(૩) સાંપા વાવનો વિકાસ
(૪) ઉવારસદ વાવની આસપાસની જમીનમાં કંપાઉન્ડ વોલ તથા બગીચાની કામગીરી
(૫) કેસરેશ્વર મહાદેવ મંદિર માણસા ખાતે હાઈમાસ્ટ લાઈટની કામગીરી.
(૬) કંથારપુરા વર્ડ ખાતે પ્રવાસીઓ માટે બાંકડા તથા જુદી જુદી જગ્યાએ દિશા નિર્દેશન માટે સાઈનબોર્ડ મુકવા.
સને ૨૦૦૮-૦૯
(૧) સાદરા ગામના મુખ્ય રસ્તાથી જક્ષણી માતાના મંદિર સુધી એપ્રોચ રોડનું આર.સી.સી કામ તથા સંરક્ષણ દિવાલની કામગીરી, એતિહાસિક ટાવરના રીનોવેશનની કામગીરી, વાહનો માટે પાર્કીંગ, હાઈમાસ્ટ લાઈટીંગ તથા ટોયલેટ બ્લોક બનાવવાની કામગીરી, રામજી મંદિર ટેકરીથી ગામ સુધીના કાચા રસ્તાની સુધારણા તથા રેલીંગની કામગીરી.
વર્ષ ૨૦૦૯-૧૦ :
(૧) અડાલજ ખાતે થીમ પાર્કનો વિકાસ : સાઈટ ક્લીનીંગ, રેસ્ટોરન્ટ, કીયોસ્ક નંગ-૩, દુકાનો નંગ-૩, તળાવનો વિકાસ, પાર્કીંગ, ગાર્ડન, બોટીંગ વ્યવસ્થા, ટુરીસ્ટ રીસેપ્શન સેન્ટરની સાથે વાવની એતિહાસિક વિગતો પ્રદર્શિત કરી છે. વોટર હટ નંગ-૩, મેઈનગેટ, પાણીની વ્યવસ્થા પધ્ધતિ, કંપાઉન્ડ વોલ, આર.સી.સી. પીલર સાથે બોરવેલ, અંડરગ્રાઉન્ડ ટાંકી, કોબરસ્ટોનથી ઈન્ટર રોડનો વિકાસ, એરીયા લાઈટીંગ, એન્ટ્રસપ્લાઝા, હવેલી સ્ટ્રક્ચર જેવી કામગીરી કરવામાં આવેલ છે.
(૨) અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત સંત ગેબી મંદિર કલોલ ખાતે ટોયલેટ બ્લોક, શેડ પીવાના પાણીની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, સ્થળોનું મહત્વ દર્શાવતુ બોર્ડ, સાઈનેજીસ, પેવરબ્લોકનું પેવીંગ તથા બાગ-બગીચાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) આ માટે રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવેલ છે, અને

(૨) રાજ્ય સરકારે રૂપિયા ૧૧૩૩.૮૪ લાખ આ કામગીરી માટે ફાળવેલ છે.

(૩) તે પેકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૩) આ માટે રૂપિયા ૯૭૯.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## સાવરકુંડલા શહેરમાં શહેરી ગૃહ નિર્માણ હેઠળ આવેલ માગણી

૧૬૫૫૬**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા શહેરમાં રહેતા મકાન-વિહોણા લોકો દ્વારાની સંખ્યા ખૂબજ મોટી છે. તો સરકાર દ્વારા શહેરી ગૃહનિર્માણ નીચે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા મકાનો બાંધવા માટેની માગણી આવેલ છે, | (૧) સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ પાસે તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાવરકુંડલા શહેરમાં મકાન વિહોણા લોકો માટે મકાનો બાંધવા માટેની કોઈ માગણી આવેલ નથી. |
| (૨) તે પેકી કેટલા ઇસમોને મકાન સહાય ચૂકવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો સહાય ન ચૂકવાયેલ હોય તો તેના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## વડોદરા જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે જોગવાઇ

૧૫૬૮૬**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં અને જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા યાત્રાધામોના વિકાસ માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી હતી, અને | (૧) વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જેતપુર પાવી તાલુકાના કુલ ચાર દેવસ્થાનોને કુલ રૂા.૪.૦૦ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જ્યારે વઢવાણ (બર્ડ સેન્ચ્યુરી) અને ચાંણોદ ખાતે યાત્રાળુઓ માટે પ્રવાસી આવાસની સુવિધા માટે રૂપિયા ૧૧૩.૫૦ લાખ ફાળવવામાં આવેલ છે.અંગભૂત યોજના અંતર્ગત કરજણ તાલકાના હરસુંડા ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે રૂપિયા ૨૧૪.૮૩ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી વડોદરા જિલ્લામાં માલસર-મોટીકોરલ-કાયાવરોહણ-ચાંદોદ કરનાળી જેવા યાત્રાધામો માટે કેટલી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) માલસર, મોટી કોરલ, કાયાવરોહણ, ચાંદોદ, કરનાલી જેવા યાત્રાધામો રાજ્ય સરકાર હસ્તકના દેવસ્થાનો પૈકીના ન હોય, આ માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. પરંતુ જેતપુર તાલુકાના ચાર દેવસ્થાનોને ફાળવેલ ગ્રાન્ટમાંથી રૂપિયા ૩.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે વઢવાણ (બર્ડ સેન્ચ્યુરી) અને ચાંણોદ તા. ડભોઈ માટે ફાળવેલ ગ્રાન્ટમાંથી રૂા. ૩૭.૫૨ લાખનો તેમજ કરજણ તાલુકાના હરસુંડા ખાતે અંગભૂત યોજના અંતર્ગત કરેલ જોગવાઈ પૈકી રૂપિયા ૧૨૮.૪૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

## સાબરકાંઠા જિલ્લામાં બાજપાઇ નગરવિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ

૧૬૫૪૦ **શ્રી દિલિપસિંહજી પરમાર(મોડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં બાજપાઇ નગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) સાબરકાંઠા જિલ્લાની આઠ નગરપાલિકાઓને સને ૨૦૦૯ના વર્ષમાં કુલ રૂ. ૪,૫૪,૩૭,૦૯૬ ની ચૂકવણી કરવામાં આવેલ છે. |
| (૨) બીજા તબકકામાં કેટલા કામોને મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) બીજા તબક્કામાં કુલ ૩૭૪ કામોને મંજૂરી આપવામાં આવેલ છે. |

------------

## પંચમહાલ જિલ્લામાં મોટા ચેકડેમો

૧૬૬૩૩ **શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા મોટા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા છે, | (૧) ૫૭. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કેટલા મોટા ચેકડેમો ની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, અને | (૨) ૧૨. |
| (૩) કેટલા કામ બાકી છે ? | (૩) ૪૫. |

------------

## પંચમહાલ જિલ્લામાં જનની સુરક્ષા યોજનાનો લાભ આપવા બાબત

૧૬૭૨૫ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર જનની સુરક્ષા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જનની સુરક્ષા યોજના અંતર્ગત કુલ-૨૫૯૦૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | બ્લોક્નું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ (તા.૩૧-૧૨-૨૦૦૯ અંતિત) |
|---|---|---|---|
| ૧ | ઘોઘંબા | ૯૭૮ | ૧૩૦૩ |
| ૨ | ગોધરા | ૧૦૦૫ | ૧૧૮૬ |
| ૩ | કાલોલ | ૧૩૭૭ | ૧૪૯૨ |
| ૪ | હાલોલ | ૧૪૩૦ | ૧૬૫૭ |
| ૫ | શહેરા | ૧૪૩૮ | ૧૪૪૨ |
| ૬ | લુણાવાડા | ૧૧૩૪ | ૧૪૯૩ |
| ૭ | સંતરામપુર | ૨૭૮૫ | ૨૭૬૫ |
| ૮ | કડાણા | ૧૧૪૭ | ૧૩૪૬ |
| ૯ | મોરવા (હ) | ૯૯૧ | ૯૬૧ |
| | **કુલ :** | **૧૨૨૮૫** | **૧૩૬૨૩** |

(૨) તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જનની સુરક્ષા યોજના અંતર્ગત **કુલ રૂ. ૧,૩૯,૪૩,૧૦૦/-** નો ખર્ચ કરવામાં આવેલ છે.

## નર્મદાનું પીવાનું પાણી બનાસકાંઠા જિલ્લાના શહેરો અને ગામોને પૂરું પાડવા બાબત

૧૪૭૬૪**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કેટલા શહેરો અને ગામોને નર્મદાનું પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવે છે, અને

(૨) આ જિલ્લામાં બાકીના શહેરો અને ગામો ને નર્મદાનું પીવાનું પાણી પહોંચાડવાની કોઇ યોજના વિચારણામાં છે કે કેમ, ?

**જવાબ**

(૧) ૧૦૫ ગામોને.

(૨) હા, જી. બનાસકાંઠા જિલ્લાના બાકી રહેતા ગામો પૈકી ૩૫૮ ગામો અને ૨ શહેરોને નર્મદાનું પાણી પહોંચાડવા માટેની યોજનાઓના કામો પ્રગતિમાં છે.

## શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લામાં ચકાસણી

૧૬૩૧૩ **શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકોની તપાસ કરવામાં આવી,

(૨) શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન તાલુકાવાર કેટલા બાળકોને વધુ સારવાર જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં આપી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ સારવાર આપવામાં આવી.

| તાલુકાનું નામ | સારવાર આપેલ બાળકો |
|---|---|
| અમરેલી | ૧૮૩૬૧ |
| બાબરા | ૮૫૮૪ |
| લાઠી | ૫૩૭૬ |
| ખાંભા | ૪૦૧૯ |
| ધારી | ૨૬૪૯૫ |
| લીલીયા | ૪૯૨૭ |
| કુંકાવાવ | ૬૦૭૭ |
| બગસરા | ૪૫૨૯ |
| રાજુલા | ૯૯૩૭ |
| જાફરાબાદ | ૪૫૭૯ |
| સાવરકુંડલા | ૧૦૩૯૬ |
| **કુલ :** | **૧૦૩૨૮૦** |

(૩) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન તાલુકાવાર નીચે મુજબ બાળકોને વધુ સારવાર જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં આપી.

(૪)

| તાલુકાનું નામ | સારવાર આપેલ બાળકો |
|---|---|
| અમરેલી | ૨૯૩૪ |
| બાબરા | ૪૦૧ |
| લાઠી | ૭૬૫ |
| ખાંભા | ૨૦૨ |
| ધારી | ૧૧૩૨ |
| લીલીયા | ૨૬૬ |
| કુંકાવાવ | ૮૯૯ |
| બગસરા | ૧૩૦૧ |
| રાજુલા | ૪૦૮ |
| જાફરાબાદ | ૧૮૨ |
| સાવરકુંડલા | ૧૩૬૪ |
| **કુલ :** | **૯૮૫૪** |

(૩) તેમાં ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવેલ અને તેનો કેટલો ખર્ચ થયો ?

(૩) શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન બાળરોગ, આંખરોગ, ચામડી તેમજ કાન, નાક, ગળાની સારવાર આપવામાં આવી, જેમાં જિલ્લા કક્ષાએ **કુલ રૂ. ૪,૩૭,૬૦૨** નો ખર્ચ થયેલ છે.

## મહાનગરોમાં બી. આર. ટી. એસ.ની યોજના શરૂ કરવા બાબત

૧૬૭૪૪**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના મહાનગરોમાં વધતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા અમલી કરાયેલ બી. આર. ટી. એસ. યોજના અંતર્ગત કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) આ પૈકી અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલી રકમનાં પ્રોજેક્ટ મંજૂર થયેલ છે, અને

(૩) આ પ્રોજેક્ટોની કેટલી પ્રગતિ થયેલ છે અને તેની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) બી. આર. ટી. એસ. યોજના હેઠળ કુલ ૪ મહાનગરો પૈકી અમદાવાદ માટે ૩, રાજકોટ માટે ૧, સુરત માટે ૧ એમ કુલ ૫ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે.

(૨) આ પૈકી અમદાવાદ મહાનગરપાલિકામાં કુલ રૂા. ૯૮૧૪૫ લાખ રકમના પ્રોજેક્ટ મંજૂર થયેલ છે.

(૩) અમદાવાદ મહાનગરપાલિકામાં ત્રણ પ્રોજેક્ટ પૈકી એક પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે, બીજો પ્રોજેક્ટ ૪૫ ટકા પૂર્ણ થયેલ છે, ત્રીજો પ્રોજેક્ટ ટેન્ડર પ્રક્રિયામાં છે.

## વેલણ, માઢવાડ, કોટડી અને છારા ગામોની ટાંકી અને સમ્પમાં પાણી પહોંચાડવા અંગે

૧૫૬૮૧ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર)** :**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ, માઢવાડ, કોટડી અને છારા ગામોમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સ્વજલધારા યોજના નીચે બનાવેલ ઉંચી ટાંકી, સમ્પમાં પાણી પહોંચતું નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત ગામોને નિયમિત પીવાનું પાણી મળી રહે તે માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

માઢવાડ, કોટડી ગામોમાં ઉંચી ટાંકી, સમ્પના કામો પ્રગતિમાં છે. વેલણ ગામે યોજના મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. છારા ગામે ઉંચી ટાંકી સમ્પનું કામ પૂર્ણ થયેલ છે અને તેમાં પાણી ચડાવીને ટેસ્ટીંગ કરેલ છે.

(૨) ઉપરોક્ત ગામોને હયાત કોડીનાર જૂથ પાણી પુરવઠા યોજનામાંથી હયાત સુવિધા મારફતે પાણી આપવામાં આવે છે. પ્રગતિ હેઠળની માઢવાડ અને કોટડી ગામની યોજનાના કામો ક્રમશઃ ૦૫/૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

વેલણ ગામની યોજનાને તાજેતરમાં ૦૨/૨૦૧૦માં મંજૂરી આપેલ છે.જે આગામી એક વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળના વિકાસ માટે મંજૂર કામો

૧૬૬૧૦**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જુદા જુદા પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા છે, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જુદા જુદા પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ ૧૬૨ કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી કુલ ૧૦૩ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) તેની પાછળ કુલ રૂપિયા ૪૪૨.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ

૧૬૭૩૧**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલી જગ્યાઓ કેડરવાર ખાલી છે,

(૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર, કેડરવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ગ-૨ | વર્ગ-૩ |
|---|---|---|---|
| ૧ | મોડાસા | ૦ | ૨ |
| ૨ | મેઘરજ | ૧ | ૬ |
| ૩ | ખેડબ્રહ્મા | ૧ | ૭ |
| ૪ | ભિલોડા | ૦ | ૧૦ |
| ૫ | વિજયનગર | ૦ | ૭ |
| ૬ | તલોદ | ૦ | ૧ |
| ૭ | ઈડર | ૧ | ૪ |
| ૮ | વડાલી | ૧ | ૦ |
| ૯ | માલપુર | ૦ | ૨ |
| | કુલ | ૪ | ૩૯ |

(૨) પત્રક-અ સામેલ છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા માટે દર મંગળવારે એડહોક ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૩ ની જગ્યાઓ જીલ્લા પંચાયત સંવર્ગની છે. જીલ્લા પંચાયત, સાબરકાંઠાએ જુનીયર ફાર્માસીસ્ટ અને લેબ.ટેક્ની. ની જગ્યા ભરવા સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદને માંગણા પત્રકો મોકલી આપેલ છે. જે લાયક ઉમેદવાર મળેથી જગ્યાઓ ભરવામાં આવશે.

**પત્રક--અ**

| અ.નં. | તાલુકાનું નામ | ક્રમ | પ્રા.આ. કેન્દ્રનું નામ | એમ.ઓ. ક્યારથી ખાલી | સંખ્યા | લેબ. ટેક. ક્યારથી ખાલી | સંખ્યા | ફાર્માશીસ્ટ ક્યારથી ખાલી | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧ | હડીયોલ | | - | | - | | - |
| ૨ | | ૨ | વિરાવાડા | | - | | - | | - |
| ૩ | | ૩ | દેસાસણ | | - | | - | | - |
| ૪ | | ૪ | ચાંદરણી | | - | | - | | - |
| ૫ | | ૫ | ઈલોલ | | - | | - | | - |
| ૬ | | ૬ | જામળા | | - | | - | | - |
| ૭ | મોડાસા | ૭ | મોડાસા | | - | | - | ૩૦-૪-૦૯ | ૧ |
| ૮ | | ૮ | લીંભોઈ | | - | | - | | - |
| ૯ | | ૯ | શીણાવાડ | | - | | - | | - |
| ૧૦ | | ૧૦ | સરડોઈ | | - | | - | | - |
| ૧૧ | | ૧૧ | ટીંટોઈ | | - | ૩૦-૪-૦૯ | ૧ | | - |
| ૧૨ | ધનસુરા | ૧૨ | વડાગામ | | - | | - | | - |
| ૧૩ | | ૧૩ | આકરૂન્દ | | - | | - | | - |
| ૧૪ | બાયડ | ૧૪ | આંબલીયારા | | - | | - | | - |
| ૧૫ | | ૧૫ | ગાબટ | | - | | - | | - |
| ૧૬ | | ૧૬ | ચોઈલા | | - | | - | | - |
| ૧૭ | | ૧૭ | સાઠંબા | | - | | - | | - |
| ૧૮ | | ૧૮ | ડેમાઈ | | - | | - | | - |
| ૧૯ | પ્રાંતિજ | ૧૯ | મોયદ | | - | | - | | - |

| અ.નં. | તાલુકાનું નામ | ક્રમ | પ્રા.આ. કેન્દ્રનું નામ | એમ.ઓ. ક્યારથી ખાલી | સંખ્યા | લેબ. ટેક. ક્યારથી ખાલી | સંખ્યા | ફાર્માશીસ્ટ ક્યારથી ખાલી | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | | ૨૦ | મજરા | | - | | - | | - |
| ૨૧ | | ૨૧ | પોગલુ | | - | | - | | - |
| ૨૨ | મેઘરજ | ૨૨ | રામગઢી | ૮-૦૩-૨૦૦૯ | ૧ | ૩૧-૫-૦૬ | ૧ | | - |
| ૨૩ | | ૨૩ | ઈસરી | | - | ૩૧-૮-૦૫ | ૧ | | - |
| ૨૪ | | ૨૪ | શણગાલ | | - | ૩૧-૮-૦૭ | ૧ | | - |
| ૨૫ | | ૨૫ | પટેલ ઢુંઢા | | - | ૧-૬-૦૫ | ૧ | ૧-૦૬-૦૫ | ૧ |
| ૨૬ | | ૨૬ | કસાણા | | - | ૨૫-૧-૦૧ | ૧ | - | - |
| ૨૭ | ખેડબ્રહ્મા | ૨૭ | દેરોલ | | - | | - | | - |
| ૨૮ | | ૨૮ | મટોડા | | - | ૩૧-૩-૦૩ | ૧ | | - |
| ૨૯ | | ૨૯ | ઉંચી ધનાલ | | - | ૩૧-૫-૦૫ | ૧ | | - |
| ૩૦ | | ૩૦ | દંત્રાલ | | - | ૩૦-૬-૦૫ | ૧ | ૩૦-૬-૦૭ | ૧ |
| ૩૧ | | ૩૧ | ખેરોજ | | - | | - | | - |
| ૩૨ | | ૩૨ | લાંબડીયા | | - | | - | ૩૦-૬-૦૫ | ૧ |
| ૩૩ | | ૩૩ | દેલવાડા | ૩૧-૧૨-૦૯ | ૧ | ૨૫-૧-૦૧ | ૧ | ૨૫-૧-૦૧ | ૧ |
| ૩૪ | ભિલોડા | ૩૪ | ખેરાડી | | - | | - | | - |
| ૩૫ | | ૩૫ | મુનાઈ | | - | ૧૨-૪-૦૫ | ૧ | ૩૧-૧-૨૦૦૦ | ૧ |
| ૩૬ | | ૩૬ | લુસડીયા | | - | | - | ૨૧-૨-૨૦૦૦ | ૧ |
| ૩૭ | | ૩૭ | ટોરડા | | - | | - | | - |
| ૩૮ | | ૩૮ | બામણા | | - | | - | | - |
| ૩૯ | | ૩૯ | વાંકાનેર | | - | ૫-૬-૦૫ | ૧ | ૨૯-૨-૨૦૦૦ | ૧ |
| ૪૦ | | ૪૦ | કીશનગઢ | | - | ૨૫-૧-૦૧ | ૧ | ૨૫-૧-૦૧ | ૧ |
| ૪૧ | | ૪૧ | જાબચીતરીયા | | - | ૨૫-૧-૦૧ | ૧ | ૨૫-૧-૦૧ | ૧ |
| ૪૨ | | ૪૨ | ચોરીમાલા | | - | | - | ૩૧-૩-૦૩ | ૧ |
| ૪૩ | વિજયનગર | ૪૩ | કોડીયાવાડા | | - | ૨૫-૧-૦૧ | ૧ | ૨૫-૧-૦૧ | ૧ |
| ૪૪ | | ૪૪ | સરસવ | | - | ૨૫-૧-૦૧ | ૧ | ૨૫-૧-૦૧ | ૧ |
| ૪૫ | | ૪૫ | આંતરસુંબા | | - | ૩૦-૬-૦૬ | ૧ | ૩૧-૩-૦૫ | ૧ |
| ૪૬ | | ૪૬ | ચિઠોડા | | - | | - | ૨૮-૨-૦૬ | ૧ |
| ૪૭ | તલોદ | ૪૭ | પુંસરી | | - | | - | | - |
| ૪૮ | | ૪૮ | આંત્રોલી | | - | | - | | - |
| ૪૯ | | ૪૯ | ખેરોલ | | - | | - | ૩૧-૩-૨૦૦૯ | ૧ |
| ૫૦ | | ૫૦ | અણીયોડ | | - | | - | | - |
| ૫૧ | ઈડર | ૫૧ | જસવંતગઢ | | - | | - | ૩૦-૬-૦૫ | ૧ |
| ૫૨ | | ૫૨ | દાવડ | ૪-૧-૧૦ | ૧ | | - | | - |
| ૫૩ | | ૫૩ | કડીયાદરા | | - | | - | | - |
| ૫૪ | | ૫૪ | નવા રેવાસ | | - | ૩૧-૧-૦૬ | ૧ | | - |
| ૫૫ | | ૫૫ | મુડેટી | | - | ૨૫-૧-૦૧ | ૧ | ૨૫-૧-૦૧ | ૧ |
| ૫૬ | | ૫૬ | ચિત્રોડા | | - | | - | | - |
| ૫૭ | | ૫૭ | વેરાબર | | - | | - | | - |
| ૫૮ | વડાલી | ૫૮ | થેરાસણા | | - | | - | | - |
| ૫૯ | | ૫૯ | ડોભાડા | ૧૦-૧૨-૨૦૦૯ | ૧ | | - | | - |
| ૬૦ | માલપુર | ૬૦ | જીતપુર | | - | | - | | - |
| ૬૧ | | ૬૧ | સાતરડા | | - | ૩૦-૬-૦૫ | ૧ | ૩૦-૪-૦૪ | ૧ |
| | | | કુલ :- | | ૪ | | ૨૦ | | ૧૯ |

------------

## રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ થયેલ ગામોનો સમાવેશ

**૧૬૭૪૫ડો. ભરતભાઈ બોઘરા(જસદણ ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ કેટલા ગામોનો સમાવેશ કરેલ છે, અને

(૨) રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સ્વજલધારા યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨૪૭ ગામોનો સમાવેશ કરેલ છે.

(૨) રૂા. ૧૨૭૮.૩૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## ભરૂચ જિલ્લા આર.સી.એચ. સોસાયટીને ફાળવેલ રકમ

**૧૫૭૦૦શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ભરૂચ જિલ્લામાં આર.સી.એચ. સોસાયટીને કેટલી રકમ ફાળવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ભરૂચ જિલ્લામાં આર.સી.એચ. સોસાયટીને કુલ રૂ.૧૧,૮૮,૪૪,૯૫૪-૦૦ ની રકમ ફાળવવામાં આવેલ છે.

(૨) તે અન્વયે ખરેખર કેટલી દવાની ખરીદી થઈ ?

(૨) રાજ્ય પાસે દવાઓનો જથ્થો ઉપલબ્ધ હોવાથી તેમજ ભારત સરકાર તરફથી દવાઓ આવવાથી ખરેખર રૂા.૧૭,૦૩,૧૧૦/- ની ખરીદી છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ છે.

------------

**વર્ષ-૨૦૦૯ના નવરાત્રી મહોત્સવ અંગે**

૧૬૬૪૪**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ-૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત નવરાત્રી મહોત્સવ ક્યા સ્થળે યોજવામાં આવ્યો હતો,

(૨) આ ઉત્સવમાં ક્યા ક્યા રાજ્યો અને દેશોના ક્લાકારોએ ભાગ લીધો,અને

(૩) ઉત્સવ પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯ માં વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત નવરાત્રી મહોત્સવ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ (યુનિવર્સિટી ગ્રાઉન્ડ) અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો.

(૨) આ ઉત્સવમાં ફક્ત ભારત દેશના ગુજરાત રાજ્ય સહિત મણીપુર, ઓરિસ્સા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, કેરાલા, ગોવા, હરિયાણા, તામિલનાડુ અને મહારાષ્ટ્રના ક્લાકારોએ ભાગ લીધો હતો.

(૩) આ ઉત્સવ પાછળ રાજ્ય સરકારે રૂપિયા ૫૨૫-૦૪ લાખનો ખર્ચ કરેલ છે.

------------

**રાજ્યમાં થેલેસેમીયાથી પીડાતા બાળકો અંગે**

૧૬૦૫૧**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર થેલેસેમીયાના રોગથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) આવા બાળકોને આ રોગ સામે લડવા રાજ્ય સરકાર તરફથી કઈ કઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર થેલેસેમીયા રોગથી પીડાતા બાળકોની સંખ્યાનું **પત્રક** આ સાથે સામેલ રાખેલ છે.

**પ ત્ર ક**

| ક્રમ | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૬૨૬ |
| ૨. | સુરત | ૫૨૩ |
| ૩. | ભૂજ | ૧૧૬ |
| ૪. | વલસાડ | ૯૭ |
| ૫. | જામનગર | ૨૩ |
| ૬. | પાટણ | ૨૦ |
| ૭. | પાલનપુર | ૨૭ |
| ૮. | ગાંધીનગર | ૨૦ |
| ૯. | પોરબંદર | ૧૦ |
| ૧૦. | સુરેન્દ્રનગર | ૧૬ |
| ૧૧. | ભાવનગર | ૨૨૪ |
| ૧૨. | મહેસાણા | ૩૯ |
| ૧૩. | દાહોદ | ૩૨ |
| ૧૪. | જૂનાગઢ | ૨૯૮ |
| ૧૫. | નડીયાદ | ૮૨ |
| ૧૬. | વડોદરા | ૧૧૩ |
| ૧૭. | રાજકોટ | ૧૦૧ |
| ૧૮. | ભરૂચ | ૩૧ |
| ૧૯. | સાબરકાંઠા | ૧૦૩ |
| ૨૦. | પંચમહાલ | ૩૩ |
| ૨૧. | અમરેલી | ૧૨૩ |
| ૨૨. | રાજપીપળા-નર્મદા | ૧૩ |
| ૨૩. | આણંદ | ૫ |
| | કુલ.. | ૩૬૭૫ |

(૨) આ બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર નીચે મુજબની સુવિધાઓ પૂરી પાડે છે.

(૧) ઉક્ત બાળકોને રાહત દરે લોહી મળી રહે તે માટે સરકારી હોસ્પિટલ, રેડક્રોસની બ્લડ બેંક અને એન.જી.ઓ. ખાતે વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૨) થેલેસેમીયાથી પીડાતા બાળકને તેમજ એક સહાયકને સારવાર દરમ્યાન એસ.ટી. બસમાં મુસાફરી ભાડામાં ૫૦ ટકાની રાહત આપવામાં આવે છે.

**ભરૂચ જિલ્લામાં ડાર્કઝોન તાલુકા**

૧૫૭૧૦**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ક્યા ક્યા તાલુકાઓ ડાર્કઝોનમાં આવેલા છે, અને | (૧) સરકારશ્રીના તા.૧૬-૧૨-૨૦૦૩ ના ભૂગર્ભ જળના ખેંચાણ પરના નિયંત્રણ અંગેના ઠરાવ મુજબ ઓવર એક્ષ્પ્લોઈટેડ કેટેગરી અંતર્ગત ભરૂચ જિલ્લાના આમોદ, જંબુસર તથા અંક્લેશ્વર તાલુકાઓને ડાર્કઝોન હેઠળ આવરી લેવામાં આવેલા છે. |
| (૨) આ તાલુકાઓમાં ભૂગર્ભના જળ ઊંચા લાવવા સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૨) જે વિસ્તારમાં ભૂગર્ભ જળ સિંચાઈના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.<br>આવા વિસ્તારોમાં જ્યારે સાતત્યપૂર્ણ રીતે ભૂગર્ભ જળના ખેંચાણના પ્રમાણમાં સુધારો નોંધાય ત્યારે ભારત સરકારે આપેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વર્ગીકરણની કાર્યવાહી કરવામાં આવે છે. |

**જામનગર, ધ્રોલ, જોડીયા અને કાલાવડ તાલુકામાં આવેલા ડેમોમાં કાંપ દૂર કરવા અંગે**

**શ્રી** ૧૬૦૮૪ **રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જામનગર, ધ્રોલ, જોડીયા અને કાલાવડ તાલુકામાં આવેલા ક્યા ક્યા મોટી તથા મધ્યમ સિંચાઈના ડેમોમાંથી કાંપ દૂર કરવાનો ડીસે-૨૦૦૯ની સ્થિતિએ બાકી છે,<br>(૨) ડેમવાર કેટલા મીટર કાંપ દૂર કરવાનો થાય છે, અને<br>(૩) ભરાયેલ કાંપ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ? | (૧), (૨) અને (૩) : હાલમાં કોઈ આયોજન નથી. પરંતુ જો ખેડૂતો તેમના સાધનોથી માટી લઈ જવા તૈયાર હોય તો સિંચાઈ વિભાગ મશીનો ફાળવીને તળાવમાંથી માટી ખોદીને ખેડૂતોના સાધનોમાં ભરી આપશે તેવી નીતિ અમલમાં મૂકી છે. |

**વડોદરા જિલ્લામાં બાજપાઈ નગર વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ**

૧૬૫૦૯ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં વાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એટલે કે તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ સુધીમાં વડોદરા જિલ્લામાં વાજપાઇ નગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં કુલ રૂા. ૨૭૯.૪૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) કેટલા કામોને મંજૂરી આપવામાં આવી ? | (૨) તે અંતર્ગત રસ્તા, ગટર, પાણી પુરવઠા અને નાળાના કુલ ૪૩ કામોને મંજૂરી આપવામાં આવેલ છે. |

**સુરતની સચિન જી.આઈ.ડી.સી.માં પાણીનો જથ્થો ફાળવવા અંગે**

૧૬૫૭૯ **શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સિંચાઈ ખાતા દ્વારા સચીન જી.આઈ.ડી.સી.ના ઉદ્યોગોને ૨૦૦૮ અને ૨૦૦૯ની સાલમાં પાણીનો કેટ કેટલો જથ્થો ફાળવવામાં આવેલ છે, અને | (૧) સિંચાઇખાતા દ્વારા સચિન જી.આઇ.ડી.સી. ના ઉદ્યોગોને ૨૦૦૮ અને ૨૦૦૯ ની સાલમાં નીચે મુજબનો પાણીનો જથ્થો ફાળવવામાં આવેલ છે. |

(૨)

| વર્ષ | ખરેખર આપવામાં આવેલ પાણીનો જથ્થો (ઘન મીટરમાં) |
|---|---|
| ૨૦૦૮ | ૫૧,૩૦,૭૯૦ |
| ૨૦૦૯ | ૪૧,૭૬,૯૭૦ |

(૨) પાણીનો આ બે વર્ષ દરમ્યાન કેટલો ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે ?

(૨) સચિન જી.આઇ.ડી.સી. પાસેથી આ બે વર્ષ દરમિયાન વસૂલ લેવામાં આવેલ પાણીનો ચાર્જ નીચે મુજબ છે.

| વર્ષ | વસૂલ લેવામાં આવેલ ચાર્જ (રૂા.) |
|---|---|
| ૨૦૦૮ | ૫,૦૮,૪૦,૧૯૦ |
| ૨૦૦૯ | ૪,૨૪,૩૧,૮૧૦ |

------------

**દેવની મોરીને પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા બાબત**

૧૬૭૩૪**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સાબરકાંઠા જિલ્લાના દેવની મોરી ખાતે બુધ્ધ ભગવાનના મળી આવેલ અવશેષોને ધ્યાને લઈ પ્રવાસન વિભાગ ધ્વારા આ સ્થળને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન બુધ્ધિઝમ પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના દેવની મોરી ખાતે બુધ્ધ ભગવાનના મળી આવેલ અવશેષોને ધ્યાને લઇ પ્રવાસન વિભાગ દ્વારા આ સ્થળને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન બુદ્ધિઝમ પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા માટે નિર્ણય કરવામાં આવેલ છે. આ સ્થળ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં રૂપિયા ૨૮૭.૦૪ લાખની ગ્રાન્ટ જિલ્લા કલેકટરશ્રી સાબરકાંઠાને ફાળવવામાં આવેલ છે.

**ઓખા મંડળ વિસ્તારને નર્મદાનું પીવાનું પાણી આપવા બાબત**

૧૬૭૪૬ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લાનાં ઓખા મંડળ વિસ્તારને નર્મદાનું પાણી પીવા માટે મળી રહે તે માટે સરકારે કોઈ યોજના બનાવેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનાથી કેટલા ગામો અને શહેરોને પાણી પુરવઠો મળશે,

(૩) આ યોજના માટે અંદાજે કેટલો ખર્ચ થશે, અને

(૪) આ યોજના ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજનાથી કલ્યાણપુર તાલુકાના ૨૨ ગામો તથા ઓખામંડળ તાલુકાના ૪૦ ગામો તથા ૪ શહેરોને નર્મદાનું પાણી આપવાનું આયોજન છે.

(૩) રૂા. ૧૪.૧૮ કરોડ.

(૪) જૂન-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**મચ્છુ-૨, ડેમી-૧ અને ૨ માં લીફટ ઈરીગેશન કરવાની માગણીઓ**

૧૬૭૪૯**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના મચ્છુ-૨, ડેમી-૧ અને ડેમી-૨ જળાશયોની કેનાલોમાંથી લીફ્ટ ઈરીગેશન કરવા માટે માગણી આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦માં ક્યા ધોરણે મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) કેટલા સમયમાં કામ પૂર્ણ થશે અને કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કોઇ મંજૂરી આપવામાં આવેલ નથી.

(૩) હજુ કોઇ નિર્ણય કરવામાં આવેલ નથી. તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ જણાયે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

**અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ બાંધેલા આવાસો**

૧૬૭૨૯ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ શહેરોમાં કેન્દ્ર સરકારની જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ દરેક શહેરમાં ક્યા ક્યા સ્થળે કેટલાં આવાસો બાંધવાની યોજના છે, | (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના અમદાવાદ શહેરમાં કુલ ૧૮૯૭૬ આવાસો વડોદરામાં કુલ ૧૨૩૩૨ સુરતમાં ૪૪૦૭૨ તથા રાજકોટમાં કુલ ૬૦૨૪ આવાસો બાંધવાનું મંજુર થયેલ છે, દરેક મહાનગરપાલિકાએ અનુકૂળ તથા ઉપલબ્ધ જગ્યા પર મકાન બનાવેલ છે, તથા બનાવશે. |
| (૨) કુલ કેટલા રૂપિયાનો ખર્ચ અંદાજેલ છે, | (૨) કુલ રૂા. ૧,૪૩૭ કરોડનો ખર્ચ અંદાજેલ છે, જેમાં ગુજરાત સરકારનો હિસ્સો રૂા. ૨૮૭.૪૦ કરોડ તથા મહાનગરપાલિકાનો હિસ્સો રૂા. ૪૩૧.૧૦ કરોડનો રહેશે. |
| (૩) એક આવાસ દીઠ આશરે કિંમત કેટલી છે, અને | (૩) એક આવાસ દીઠ આશરે કિંમત રૂા. ૨ લાખથી ૨.૪૫ લાખની અંદાજીત કિંમત છે. |
| (૪) આ પૈકી કેટલા આવાસો પૂર્ણ થયેલ છે અને કેટલા આવાસો પ્રગતિમાં છે ? | (૪) આ પૈકી કુલ ૩૫૩૦૨ આવાસો પુર્ણ કરેલ છે તથા ૪૫૧૩૪ આવાસો પ્રગતિમાં છે. |

**દેવની મોરીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

૧૬૭૩૫ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સાબરકાંઠા જિલ્લાના દેવની મોરી ખાતે બુધ્ધ ભગવાનની મળી આવેલ અવશેષોને ધ્યાને લઈ પ્રવાસન વિભાગ ધ્વારા આ સ્થળને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન બુધ્ધિઝમ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માગે છે કે કેમ ? | સાબરકાંઠા જિલ્લાના દેવની મોરી ખાતે બુધ્ધ ભગવાનના મળી આવેલ અવશેષોને ધ્યાને લઇ પ્રવાસન વિભાગ દ્વારા આ સ્થળને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન બુધ્ધિઝમ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે નિર્ણય કરવામાં આવેલ છે. આ સ્થળ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં રૂપિયા ૨૮૭.૦૪ લાખની ગ્રાન્ટ જિલ્લા કલેક્ટરશ્રી સાબરકાંઠાને ફાળવવામાં આવેલ છે. |

**ભૂજની હોસ્પિટલમાં ચાલતી મેડિકલ કોલેજ ખાનગી કંપનીને સોંપવા બાબત**

૧૬૦૩૧ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભૂજ ખાતે ધરતીકંપ બાદ નવી ઉભી કરવામાં આવેલ સરકારી હોસ્પિટલમાં ચાલતી મેડીકલ કોલેજ વડાપ્રધાનશ્રીના ફંડમાંથી ઊભી કરવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ મેડીકલ કોલેજ રાજ્ય સરકાર ખાનગી કંપનીને સોંપવા માંગે છે તેના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાજ્ય સરકાર પોતે જ આ મેડીકલ કોલેજ ચલાવવા માંગે છે કે કેમ ? | (૩) ના, જી. |

**વિસાવદર તથા ભેંસાણના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ થી વર્ગ-૪ની ખાલી જગ્યાઓ**

૧૬૭૨૧ **શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તથા ભેંસાણ ખાતે આવેલા સી.એચ.સી. કેન્દ્રમાં વર્ગ-૧ -૨ - ૩ અને ૪ સંવર્ગવાર | (૧) અને (૨) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના વિસાવદર તથા ભેંસાણ ખાતે આવેલા સી.એચ.સી. કેન્દ્રમાં વર્ગ-૧, ૨, ૩ અને ૪ સંવર્ગવાર |

મહેકમ કેટલું છે,

મહેકમની વિગત અને કેટલી ખાલી જગ્યા ક્યારથી ખાલી છે તે અંગેની વિગત આ સાથે **પત્રક-અ** માં સામેલ રાખવામાં આવેલ છે.

(૨) તેમાં કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માગે છે ?

(૩) (૧) વર્ગ-૧ના તબીબી અધિકારીઓની જગ્યા ભરવા માટે કમિશ્નરશ્રી (આ)ની કચેરી ખાતે દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી થયેથી નિમણૂંક આપી શકાશે.

(૨) વર્ગ-૩ના કર્મચારીઓની સીધી ભરતીથી/ નિમણુંક ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા આપવામાં આવે છે. ઇન્ડીયન રેસક્રોસ સોસાયટી ધ્વારા કરાર આધારીત નિમણુંક પણ આપવામાં આવે છે. બઢતીથી ભરવાપાત્ર ખાલી જગ્યાઓ ખાતાકીય બઢતી સમિતિની ભલામણ મેળવી કમિશ્નરશ્રી કચેરી ધ્વારા ભરી શકાશે.

(૩) વર્ગ-૪ની ખાલી જગ્યાઓ આઉટ સોર્સથી એજન્સી મારફતે સેવકોની કરારના ધોરણે સેવા લેવાનું આયોજન કરવામાં આવે છે.

**પત્રક-અ**

## સામુહિક આરોગ્ય કેન્દ્ર ભેંસાણ

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી ? | ખાલી પડવાનું કારણ | વૈકલ્પિક વ્યવસ્થાની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૬-૧-૦૩ | રાજીનામું આપવાથી | સામુહિક આરોગ્ય કેન્દ્ર, વંથલીના અધિક્ષક અઠવાડિયામાં બે દિવસ પ્રતિનિયુક્તિ પર ફરજ બજાવે છે. |
| ૨ | ત. અ. વર્ગ-૨ | ૨ | ૨ | ૦ | | | |
| ૩ | સીની. આસી. વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | | | |
| ૪ | એક્સ-રે ટેક્નીશ્યન | ૧ | ૧ | ૦ | | | |
| ૫ | લેબ. ટેક્નીશ્યન | ૧ | ૧ | ૦ | | | |
| ૬ | જુ. ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ૦ | | | |
| ૭ | સ્ટાફ નર્સ | ૭ | ૭ | ૦ | | | |
| ૮ | ડ્રાઇવર | ૧ | ૧ | ૦ | | | |
| ૯ | ઓપ્થલમીક આસી. | ૧ | ૦ | ૧ | ૨૨-૭-૦૫ | બદલીથી | સામુહિક આરોગ્ય કેન્દ્ર, વિસાવદરના ઓપ્થલમીક આસી. અઠવાડિયામાં બે દિવસ પ્રતિનિયુક્તિ પર ફરજ બજાવે છે. |
| ૧૦ | ડ્રેસર | ૧ | ૧ | ૦ | | | |
| ૧૧ | પટાવાળા | ૧ | ૧ | ૦ | | | |
| ૧૨ | વોર્ડ સર્વન્ટ | ૨ | ૨ | ૦ | | | |
| ૧૩ | વોર્ડ આયા | ૧ | ૧ | ૦ | | | |
| ૧૪ | સ્વીપર | ૧ | ૧ | ૦ | | | |
| ૧૫ | પાર્ટ ટાઇમ સ્વીપર | ૨ | ૨ | ૦ | | | |
| ૧૬ | પાર્ટ ટાઇમ ચોકીદાર | ૨ | ૨ | ૦ | | | |
| | કુલ : | ૨૬ | ૨૪ | ૨ | | | |

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી ? | ખાલી પડવાનું કારણ | વૈકલ્પિક વ્યવસ્થાની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૬-૬-૦૬ | બદલી થતાં | સામુહિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ચાર્જ સંભાળે છે. |
| ૨ | ત. અ. વર્ગ-૨ | ૩ | ૩ | ૦ | | | |
| ૩ | સીની. ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | | | |
| ૪ | એક્સ-રે ટેક્નીશ્યન | ૧ | ૧ | ૦ | | | |
| ૫ | લેબ. ટેક્નીશ્યન | ૧ | ૧ | ૦ | | | |
| ૬ | જુ. ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ | ૮-૧૦-૦૩ | બદલી થતાં | સામુહિક આરોગ્ય કેન્દ્ર, ભેંસાણના જુ. ફાર્માસીસ્ટ અઠવાડિયામાં બે દિવસ પ્રતિનિયુક્તિથી ફરજ બજાવે છે. |
| ૭ | સ્ટાફ નર્સ | ૭ | ૭ | ૦ | | | |
| ૮ | ડ્રાઇવર | ૧ | ૧ | ૦ | | | |
| ૯ | ઓપ્થલ. આસી. | ૧ | ૧ | ૦ | | | |
| ૧૦ | ડ્રેસર | ૧ | ૧ | ૦ | | | |
| ૧૧ | પટાવાળા | ૧ | ૧ | ૦ | | | |
| ૧૨ | વોર્ડ સર્વન્ટ | ૨ | ૨ | ૦ | | | |
| ૧૩ | વોર્ડ આયા | ૧ | ૧ | ૦ | | | |
| ૧૪ | સ્વીપર | ૧ | ૧ | ૦ | | | |

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી ? | ખાલી પડવાનું કારણ | વૈકલ્પિક વ્યવસ્થાની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | પાર્ટ ટાઇમ સ્વીપર | ૨ | ૨ | ૦ | | | |
| ૧૬ | પાર્ટ ટાઇમ ચોકીદાર | ૨ | ૧ | ૧ | ૧-૧-૦૧ | | વર્ગ-૪ના અન્ય કર્મચારી પાસેથી કામગીરી લેવામાં આવે છે. |
| | કુલ : | ૨૭ | ૨૪ | ૩ | | | |

------------

## ડીસા સિવિલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ

૧૬૭૧૩ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ડીસા સીવીલ હોસ્પીટલમાં મંજૂર મહેકમ પ્રમાણે કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં પૂરવામાં આવશે ?

**જવાબ**

(૧) મંજૂર થયેલ ૪૫-જગ્યાઓ પૈકી ૩૦ ભરેલી અને ૧૫ ખાલી.

(૨) બનતી ત્વરાએ.

------------

## બાબરા-વડિયા-કુકાવાવમાં ફાળવવામાં આવેલ દવા

૧૫૯૮૧**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાબરા-વડિયા-કુંકાવાવમાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી કિંમતની દવાઓ ફાળવવામાં આવી,

(૨) આ ફાળવવામાં આવેલ દવા વસ્તીની દૃષ્ટિએ પૂરતી છે કે નહીં, અને

(૩) સરકાર આ દવાઓના જથ્થામાં વધારો કરવા માંગે છે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબની દવાની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| અ.નં. | સા.આ.કેન્દ્રનું નામ | કુલ ગ્રાન્ટ રૂા. |
|---|---|---|
| ૧ | બાબરા | ૪,૫૦,૦૦૦ |
| ૨ | વડીયા | ૪,૫૦,૦૦૦ |
| ૩ | કુંકાવાવ | ૪,૫૦,૦૦૦ |

(૨) હા, જી. પૂરતી છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ભાવનગર જિલ્લામાં આયુર્વેદિક હોસ્પિટલો

૧૫૫૭૧ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી અને કઈ કઈ જગ્યાએ આયુર્વેદિક હોસ્પિટલ કાર્યરત છે, અને

(૨) પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં નવી આયુર્વેદિક હોસ્પિટલો શરૂ કરવા માટે સરકાર દ્વારા વિચારણા કરવામાં આવેલ છે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કાર્યરત છે જે પૈકી એક ભાવનગર ખાતે અને બીજી તળાજા ખાતે આવેલ છે.

(૨) ના, જી.

## દાહોદ જિલ્લામાં યાત્રાધામ માટે ફાળવેલ ગ્રાન્ટ

૧૬૭૦૯**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ૩ (ત્રણ) વર્ષમાં વર્ષવાર યાત્રાધામ પાછળ કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તકનું કોઈ પણ યાત્રાધામ કે દેવસ્થાન આવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ પ્રવાસન સ્થળોએ આંતરમાળખાકિય અને પ્રવાસન સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૭-૦૮ રૂપિયા ૧૨૦.૦૦ લાખ

વર્ષ ૨૦૦૮-૦૯ રૂપિયા ૨૫૩.૦૫ લાખ

વર્ષ ૨૦૦૯-૧૦ શૂન્ય

(૨) આ પૈકી કેટલી ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ઉપરોક્ત ગ્રાન્ટ પૈકી રૂપિયા ૧૦૨.૬૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ પ્રસૂતિ અંગે**

૧૬૬૯૯ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલી સગર્ભા બહેનોએ ચીરંજીવી યોજના હેઠળ દવાખાનામાં પ્રસૂતિ કરાવી, અને

(૨) પ્રસૂતિ દરમિયાન કેટલી મહિલાઓના મૃત્યુ થયા ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં તાલુકાવાર કુલ ૧૨,૨૪૦ સગર્ભા બહેનોએ ચીરંજીવી યોજના હેઠળ દવાખાનામાં પ્રસૂતિ કરાવેલ છે, જેની વિગતો નીચે મુજબની છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (તા.૩૧-૧૨-૨૦૦૯ અંતિત) |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૯૨૭ | ૧૦૫૪ | ૫૮૫ |
| ૨ | આંકલાવ | ૧૩૪૫ | ૩૯૯ | ૪૧૧ |
| ૩ | બોરસદ | ૨૭૪ | ૨૨૬૭ | ૨૩૯૪ |
| ૪ | પેટલાદ | ૩૩૮ | ૨૯૩ | ૧૭૫ |
| ૫ | સોજીત્રા | ૨૨૩ | ૧૫૬ | ૮૪ |
| ૬ | ખંભાત | ૩૦૪ | ૧૩૯ | ૧૦૩ |
| ૭ | તારાપુર | ૧૩૮ | ૨૫૩ | ૧૧૪ |
| ૮ | ઉમરેઠ | ૮૩ | ૧૩૬ | ૦ |
| | **કુલ** | **૩૬૭૭** | **૪૬૯૭** | **૩૮૬૬** |

(૨) પ્રસૂતિ દરમ્યાન એક (૧) મહિલાનું મૃત્યુ થયેલ છે.

------------

**આણંદ જિલ્લાની સિંચાઈ યોજનાની કાચી કેનાલો**

૧૫૬૯૩**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાની તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કઈ કઈ સિંચાઈ યોજનાની કેનાલો કાચી છે,

(૨) આ કાચી કેનાલોને પાકી બનાવવા કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) કઈ કઈ કેનાલો માટે તે અન્વયે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) મહી જમણા કાંઠા નહેર યોજનામાં કેટલીક નહેરો કાચી છે.

(૨) નાણાકીય જોગવાઈ પ્રમાણે જરૂરીયાત મુજબ તબક્કાવાર નહેર સુધારણાના કામો હાથ ધરવાનું આયોજન છે.

(૩) તબક્કાવાર કામો હાથ ધરવાના થતા હોઈ જરૂરીયાત મુજબની નહેરોના કામના ખર્ચના અંદાજો બનાવવામાં આવે છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ**

૧૬૬૯૫ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લાં બે (૨) વર્ષમાં પીવાના પાણી માટેની કઈ કઈ મોટી યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૨) એની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તાલુકાવાર કેટલા ગામો માટે પીવાના પાણીની સગવડ કરવામાં આવી ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, મેઘરજ અને વિજયનગર તાલુકાના કુલ ૧૮૮ ગામોને આવરી લેતી સુજલામ સુફલામ એસ.કે.-૪ (ભાગ-૧ અને ભાગ-૨) જૂથ પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) અને (૩) આ યોજનાના કામો હવે પછી હાથ ધરવાના હોઈ ખર્ચ હવે કરવાનો થશે અને આ યોજના દ્વારા ઉક્ત ત્રણ તાલુકાના ૧૮૮ ગામોને પીવાના પાણીની સગવડથી આવરી લેવામાં આવનાર છે.

------------

## સુરત જિલ્લામાં પૂરના અસરગ્રસ્ત ગામોને પ્રોટેક્ટીવ વોલ બનાવવા અંગે

૧૪૬૪૩**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના ગામોમાં તા. ૩૧-૧૨-૦૯ના પહેલા ચોમાસાના સતત પૂરના કારણે કિનારા ધોવાઈ ગયેલ હોઈ ગામના લોકોનાં દ ારના રક્ષણ માટે ફ્લડ પ્રોટેક્ટીવ વોલ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા સમયમાં આ કામ શરૂ થશે, અને

(૩) જો ના, તો કેટલા સમયમાં મંજૂર કરી પ્રોટેક્ટીવ વોલ બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) વર્ષ ૨૦૧૦-૧૧માં કામ શરૂ કરવાનું આયોજન છે.

------------

## વડનગરને બુધ્ધિઝમ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત

૧૬૭૩૬ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના વડનગર ખાતે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બુધ્ધ ભગવાનના અવશેષો મળી આવેલા તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ સ્થળને બુધ્ધિઝમ પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

------------

## રાજ્યમાં મચ્છરદાનીઓ પૂરી પાડવા અંગે

૧૫૮૫૫**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા લોકોને જંતુનાશક દવાથી પ્રક્રિયા કરેલી મચ્છરદાનીઓ પૂરી પાડવામાં આવી,

(૨) આ મચ્છરદાની પૂરી પાડવા માટે રાજ્ય સરકારી કેટલો ખર્ચ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કરેલ છે, અને

(૩) એક મચ્છરદાનીની કિંમત શું થાય છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર લોકોને જંતુનાશક દવાથી પ્રક્રિયા કરેલી મચ્છરદાનીઓ પૂરી પાડવામાં આવેલ છે જે અંગેનું પત્રક-૧ આ સાથે સામેલ રાખેલ છે.

(૨) આ મચ્છરદાની પૂરી પાડવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રૂા. ૧૪,૬૩,૩૬,૩૫૨/-નો ખર્ચ થયેલ છે.

(૩) રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન પ્રતિ નંગ રૂા. ૯૦.૪૮ પેસા અને વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રૂા. ૧૦૧.૯૨ પેસાના ભાવે પ્રતિ નંગ મચ્છરદાની ખરીદ કરેલ છે.

### પત્રક

| ક્રમ | જીલ્લા | લોકો પાસે ઉપલબ્ધ/લોકોને વિતરણ કરેલ મચ્છરદાનીની સંખ્યા | | ઉપલબ્ધ પેકી દવાયુક્ત કરેલ મચ્છરદાની / દવાયુક્ત કરી વિતરણ કરેલ મચ્છરદાનીની સંખ્યા | | આવરી લીધેલ વસ્તી |
|---|---|---|---|---|---|---|
| | | જન સમુદાય (પોતાની) | કુલ | જન સમુદાય (પોતાની) | કુલ | |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૯૧૫૯૪ | ૧૪૫૦૦૯ | ૯૧૫૯૪ | ૧૧૬૫૯૪ | ૨૯૧૪૮૫ |
| ૨ | નડીયાદ | ૧૬૧૦૦૫ | ૨૬૧૦૦૫ | ૧૬૧૦૦૫ | ૨૬૧૦૦૫ | ૬૫૨૫૧૩ |
| ૩ | આણંદ | ૮૩૨૮૮ | ૧૮૩૨૮૮ | ૫૬૭૦૦ | ૧૪૧૯૯૪ | ૩૫૪૯૮૫ |
| ૪ | સુરેન્દ્રનગર | ૭૬૫૦૫ | ૧૩૨૩૦૫ | ૩૦૦૨૧ | ૬૫૯૬૮૦ | ૧૪૯૨૦૦ |
| ૫ | ગાંધીનગર | ૨૮૫૩૬ | ૨૮૫૩૬ | ૨૮૫૩૬ | ૨૮૫૩૬ | ૭૧૩૪૦ |
| ૬ | મહેસાણા | ૪૯૭૭૦ | ૪૯૭૭૦ | ૪૯૭૭૦ | ૪૯૭૭૦ | ૧૨૪૪૨૫ |
| ૭ | પાટણ | ૦ | ૧૦૦૦૦૦ | ૦ | ૧૦૦૦૦૦ | ૨૫૦૦૦૦ |
| ૮ | સાબરકાંઠા | ૧૭૧૬૨ | ૬૭૬૪૮ | ૧૭૧૬૨ | ૬૭૬૪૮ | ૧૬૯૧૨૦ |
| ૯ | બનાસકાંઠા | ૦ | ૧૦૬૩૨૩ | ૦ | ૧૦૬૩૨૩ | ૨૬૫૮૦૮ |
| ૧૦ | વડોદરા | ૨૨૪૭૫ | ૪૬૧૮૨ | ૨૧૭૫૩ | ૪૫૪૭૦ | ૧૧૩૬૭૫ |
| ૧૧ | પંચમહાલ | ૪૫૩૫૮ | ૧૭૬૩૫૯ | ૩૪૭૨૯ | ૧૬૫૭૩૦ | ૪૧૪૩૨૫ |
| ૧૨ | દાહોદ | ૪૮૭૩૫ | ૧૭૫૯૮૫ | ૪૮૭૩૫ | ૧૭૫૯૮૫ | ૪૩૯૯૬૩ |
| ૧૩ | ભરૂચ | ૨૫૧૫૪ | ૪૯૯૮૦ | ૧૩૧૧૬ | ૩૭૯૪૨ | ૯૪૮૫૫ |
| ૧૪ | નર્મદા | ૦ | ૪૫૭૮૩ | ૦ | ૪૫૭૮૩ | ૧૧૪૪૫૮ |

| ક્રમ | જીલ્લા | લોકો પાસે ઉપલબ્ધ/લોકોને વિતરણ કરેલ મચ્છરદાનીની સંખ્યા | | ઉપલબ્ધ પેકી દવાયુક્ત કરેલ મચ્છરદાની / દવાયુક્ત કરી વિતરણ કરેલ મચ્છરદાનીની સંખ્યા | | આવરી લીધલ વસ્તી |
|---|---|---|---|---|---|---|
| | | જન સમુદાય (પોતાની) | કુલ | જન સમુદાય (પોતાની) | કુલ | |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૫ | સુરત | ૭૬૪૮૨ | ૧૧૦૪૦૦ | ૬૬૮૬૮ | ૯૯૭૯૨ | ૨૪૯૪૮૦ |
| ૧૬ | તાપી | ૪૩૬૦૦ | ૬૮૭૭૭ | ૪૪૫૯૪ | ૬૬૦૦૦ | ૧૬૫૦૦૦ |
| ૧૭ | વલસાડ | ૮૩૧૨૪ | ૧૧૩૫૫૦ | ૫૮૭૭૫ | ૮૬૫૦૧ | ૨૧૬૨૫૩ |
| ૧૮ | નવસારી | ૮૫૧૭૬ | ૧૩૫૦૨૬ | ૮૫૧૭૬ | ૧૩૫૦૨૬ | ૩૩૭૫૬૫ |
| ૧૯ | આહવા-ડાંગ | ૦ | ૮૮૧૦૦ | ૦ | ૮૮૦૫૨ | ૨૨૦૧૩૦ |
| ૨૦ | રાજકોટ | ૮૧૧૩ | ૭૦૧૧૩ | ૨૧૮૮ | ૪૦૧૮૦ | ૧૦૦૪૫૦ |
| ૨૧ | જામનગર | ૯૬૭૫ | ૬૧૬૭૫ | ૨૦૪૬ | ૨૩૦૯૬ | ૫૭૭૪૦ |
| ૨૨ | ક્ચ્છ | ૨૬૭૮ | ૫૭૫૩૫ | ૨૬૭૮ | ૪૩૭૧૯ | ૧૦૯૨૯૮ |
| ૨૩ | ભાવનગર | ૨૩૪૯૦ | ૫૭૬૦૫ | ૪૧૦૯ | ૩૮૨૨૪ | ૯૫૫૬૦ |
| ૨૪ | જુનાગઢ | ૯૭૬૧ | ૭૦૯૬૧ | ૯૭૬૧ | ૩૮૬૪૬ | ૯૬૬૧૫ |
| ૨૫ | પોરબંદર | ૩૬૬૦ | ૬૫૪૦૪ | ૩૬૬૦ | ૬૫૪૦૪ | ૧૬૩૫૧૦ |
| ૨૬ | અમરેલી | ૨૪૫૨૭ | ૧૨૩૮૦૦ | ૨૪૫૨૭ | ૧૨૩૮૦૦ | ૩૦૯૫૦૦ |
| ૨૭ | અમદાવાદ કોર્પો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | વડોદરા કોર્પો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સુરત કોર્પો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | જામનગર કોર્પો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | રાજકોટ કોર્પો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | ભાવનગર કોર્પો | ૪૭ | ૪૭ | ૪૭ | ૪૭ | ૧૧૮ |
| ૩૩ | જુનાગઢ કોર્પો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ...** | **૧૦૧૯૯૧૫** | **૨૫૯૧૧૭૬** | **૮૫૭૫૫૦** | **૨૨૫૦૯૪૭** | **૫૬૨૭૩૬૮** |

## ચિરંજીવી યોજના અંતર્ગત ક્ચ્છ જિલ્લામાં લાભાર્થી બહેનો

૧૫૮૭૨**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ક્ચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ચિરંજીવી યોજના હેઠળ તાલુકાવાર ગરીબ પરિવારની બહેનો માટે વિના મૂલ્યે પ્રસૂતિ માટેની યોજનાનો લાભ કેટલી બહેનોએ લીધો ?

**જવાબ**

ક્ચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ચિરંજીવી યોજના હેઠળ તાલુકાવાર ગરીબ પરિવારની કુલ ૬૧૪૯ બહેનોએ વિના મુલ્યે પ્રસુતિ માટેની યોજનાનો લાભ મેળવેલ છે.

છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર યોજનાનો લાભ આપેલ બહેનોની વિગત નીચે મુજબ છે.

| તાલુકાના નામ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧૨-૦૯ અંતિત) |
|---|---|---|
| ભુજ | ૨૬૬૪ | ૧૬૬૨ |
| અંજાર | ૫૨ | ૭ |
| ગાંધીધામ | ૧૨૯ | ૦ |
| ભચાઉ | ૪ | ૦ |
| રાપર | ૦ | ૦ |
| માંડવી | ૬૯૯ | ૧૮૨ |
| મુન્દ્રા | ૫ | ૦ |
| નખત્રાણા | ૪૪૧ | ૧૩૧ |
| નલીયા | ૦ | ૧૭૩ |
| **કુલ** | **૩૯૯૪** | **૨૧૫૫** |

## ક્ણી ગામે નવી નગરમાં પીવાના પાણી માટે સગવડ

૧૫૬૮૫**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ક્ણી ગામે ટેકરાની નવી નગરમાં પીવાના પાણી માટે કોઈ સગવડ નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો સરકાર દ્વારા આ અંગે સર્વે કામ ક્યારે હાથ ધરવામાં આવ્યું, અને

(૩) કેટલા સમયમાં આ કામગીરી હાથ ઉપર લેવાશે ?

**જવાબ**

(૧) ટેકરાની નવી નગર વિસ્તાર ઉંચાણવાળો હોઈ આ લોકો કુણી ગામતળની (નીચાણવાળા) વિસ્તારની યોજનામાંથી પાણી મેળવે છે.

(૨) ઓક્ટોબર-૨૦૦૯માં

(૩) આ કામગીરી ટૂંક સમયમાં હાથ ધરવાનું આયોજન છે.

## નર્મદા યોજનામાંથી વધારાના વહી જતા પાણી બાબત

૧૫૦૩૫ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાંથી વધારાના વહી જતા પાણીને ઉત્તર ગુજરાતના ક્યા ક્યા વિસ્તારમાં લઈ જવાનું આયોજન છે,

**જવાબ**

(૧) નર્મદા યોજનામાંથી ઉત્તર ગુજરાતના નીચેના જિલ્લાઓમાં પાઈપ લાઈનો અને નહેર વડે પાણી લઈ જવાનું આયોજન છે.

(૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ તે અંતર્ગત કેટલી કામગીરી કરવામાં આવી છે, અને

(૩) આ કામ પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૧) સાબરકાંઠા (૨) ગાંધીનગર (૩) મહેસાણા (૪) પાટણ (૫) બનાસકાંઠા (૬) અમદાવાદ

(૨) કુલ આઠ ઉદ્‌વહન પાઈપ લાઈનોની અને ફતેવાડી કેનાલ માટે પાણી છોડવા માટેના બે એસ્કેપોની કામગીરી પૂર્ણ કરવામાં આવી.

(૩) રૂા. ૨૫૦૭.૮૨ કરોડ

------------

**છોટા ઉદેપુર અને પાવી જેતપુર તાલુકામાં મીની વોટર વર્ક્સ**

૧૫૮૭૮**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર અને પાવી જેતપુર તાલુકામાં તા. ૨૮-૨-૨૦૧૦ની સ્થિતિએ સન ૨૦૦૯-૧૦ના વર્ષે મીની વોટર વર્ક્સ માટે કેટલા ગામો પસંદ કરવામાં આવ્યા,

(૨) તેની સામે તા. ૨૮-૨-૧૦ની સ્થિતિએ ગામવાર કેટલો ખર્ચ થયો,

**જવાબ**

(૧) છોટા ઉદેપુર અને પાવી જેતપુર તાલુકામાં અનુક્રમે ૩૭ અને ૨૪ ગામો પસંદ કરવામાં આવ્યા.

(૨) ગામવાર થયેલ ખર્ચનું પત્રક સામેલ છે.

**પત્રક**

| અનુ. નં. | તાલુકા | પસંદ કરેલ ગામ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | છોટાઉદેપુર | પુનીયાવાંટ | ૧.૭૧ |
| ૨ | છોટાઉદેપુર | સીંગલા | ૧.૭૧ |
| ૩ | છોટાઉદેપુર | ચીચોડ | ૧.૭૧ |
| ૪ | છોટાઉદેપુર | સીમળફળિયા | ૧.૭૧ |
| ૫ | છોટાઉદેપુર | ઝીઝરવાણી | ૧.૭૧ |
| ૬ | છોટાઉદેપુર | અંબાલા | ૧.૬૬ |
| ૭ | છોટાઉદેપુર | નાલેજ | ૧.૬૬ |
| ૮ | છોટાઉદેપુર | બંદલા | ૧.૬૬ |
| ૯ | છોટાઉદેપુર | મોટારામપુરા | ૩.૦૩ |
| ૧૦ | છોટાઉદેપુર | નાનારામપુરા | ૩.૦૩ |
| ૧૧ | છોટાઉદેપુર | ભોરદા | ૨.૩૦ |
| ૧૨ | છોટાઉદેપુર | ઝોઝ | ૧.૬૬ |
| ૧૩ | છોટાઉદેપુર | ઘોઘાદેવ | ૧.૬૬ |
| ૧૪ | છોટાઉદેપુર | કોલી | ૧.૬૬ |
| ૧૫ | છોટાઉદેપુર | ગુનાટા | ૧.૬૬ |
| ૧૬ | છોટાઉદેપુર | કીંકાવાડા | ૧.૬૬ |
| ૧૭ | છોટાઉદેપુર | એકલબારા | ૧.૬૬ |
| ૧૮ | છોટાઉદેપુર | વસેડી | ૧.૬૬ |
| ૧૯ | છોટાઉદેપુર | મલાજા | ૧.૬૬ |
| ૨૦ | છોટાઉદેપુર | સુરખેરદા | ૨.૩૧ |
| ૨૧ | છોટાઉદેપુર | ઝેર | ૧.૬૬ |
| ૨૨ | છોટાઉદેપુર | સુરસી | ૧.૬૬ |
| ૨૩ | છોટાઉદેપુર | મીઠીબોર | ૨.૮૨ |
| ૨૪ | છોટાઉદેપુર | માલુ | ૬.૩૯ |
| ૨૫ | છોટાઉદેપુર | ક્નાસ | ૧.૩૭ |
| ૨૬ | છોટાઉદેપુર | ફેરકુવા | ૧.૩૭ |
| ૨૭ | છોટાઉદેપુર | જોડાવાંટ | ૧.૩૭ |
| ૨૮ | છોટાઉદેપુર | કાનાવાંટ | ૨.૭૯ |
| ૨૯ | છોટાઉદેપુર | બાલાવાંટ | ૨.૭૪ |
| ૩૦ | છોટાઉદેપુર | ઓઢી | ૧.૩૭ |
| ૩૧ | છોટાઉદેપુર | રોજવા | ૧.૩૭ |
| ૩૨ | છોટાઉદેપુર | ટુંડવા | ૧.૩૭ |
| ૩૩ | છોટાઉદેપુર | ડુંગરભીત | ૧.૩૭ |
| ૩૪ | છોટાઉદેપુર | અલસીપુર | ૧.૩૭ |
| ૩૫ | છોટાઉદેપુર | જાંબલી | ૧.૩૭ |
| ૩૬ | છોટાઉદેપુર | છોટાઉદેપુર-૧ | ૨.૭૭ |
| ૩૭ | છોટાઉદેપુર | કોલ | ૧.૩૭ |
| ૩૮ | પાવીજેતપુર | મોટીઆમરોલ | ૫.૦૪ |
| ૩૯ | પાવીજેતપુર | ઝાબ(વા) | ૩.૩૮ |
| ૪૦ | પાવીજેતપુર | વડાતળાવ | ૧.૭૧ |
| ૪૧ | પાવીજેતપુર | રતનપુર | ૧.૭૧ |
| ૪૨ | પાવીજેતપુર | મુવાડા | ૧.૭૧ |
| ૪૩ | પાવીજેતપુર | ઉટકોઈ | ૧.૭૧ |
| ૪૪ | પાવીજેતપુર | ગુંદી | ૧.૭૧ |
| ૪૫ | પાવીજેતપુર | મોટીખાંડી | ૧.૭૧ |
| ૪૬ | પાવીજેતપુર | લુણાજા | ૧.૭૧ |
| ૪૭ | પાવીજેતપુર | ગઢ | ૧.૭૧ |
| ૪૮ | પાવીજેતપુર | કદવાલ | ૬.૭૧ |
| ૪૯ | પાવીજેતપુર | ઓલીયાકલામ | ૧.૭૧ |
| ૫૦ | પાવીજેતપુર | વડોથ | ૧.૭૧ |
| ૫૧ | પાવીજેતપુર | ખેડા | ૧.૭૧ |
| ૫૨ | પાવીજેતપુર | પાવી | ૦.૨૯ |

| | | | |
|---|---|---|---|
| ૫૨ | પાવીજેતપુર | પાવી | ૦.૨૯ |
| ૫૩ | પાવીજેતપુર | વાધવા | ૧.૭૧ |
| ૫૪ | પાવીજેતપુર | મોટાકાંટવા | ૧.૭૧ |
| ૫૫ | પાવીજેતપુર | લીંબાની | ૧.૭૧ |
| ૫૬ | પાવીજેતપુર | બામરોલી | ૩.૩૮ |
| ૫૭ | પાવીજેતપુર | ઝાંપા | ૩.૩૮ |
| ૫૮ | પાવીજેતપુર | જીતનગર | ૩.૩૮ |
| ૫૯ | પાવીજેતપુર | ઝોઝ | ૩.૩૮ |
| ૬૦ | પાવીજેતપુર | ખાડીયાઆમધરા | ૩.૩૮ |
| ૬૧ | પાવીજેતપુર | ખેરકુવા | ૧.૭૧ |
| | | **કુલ :** | **૧૨૯.૯૮** |

(૩) કેટલા ગામના કામ બાકી છે, અને

(૪) બાકી કામો ક્યારે પૂરા થશે ?

(૩) ૫૭ ગામોના કામો પ્રગતિ હેઠળ છે.

(૪) મે-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## ઓરેટ કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની હોસ્પિટલમાં તબીબી સાધન સહાય

૧૫૬૬૨**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓરેટ પ્રોગ્રામ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની ક્યા ક્યા તાલુકાની કેટલી હોસ્પિટલમાં કેટલી રકમના તબીબી સાધનો આપવામાં આવ્યા,

(૨) આ પેકી કેટલા સાધનો ઉક્ત સ્થિતિએ બંધ હાલતમાં છે, અને

(૩) આ સાધનો પુનઃકાર્યાન્વિત કરવા અંગે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓરેટ પ્રોગ્રામ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાની કોઈપણ હોસ્પિટલમાં તબીબી સાધનો આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સાવલી જૂથ પાણી પુરવઠા યોજનાથી પાણી મેળવતા ગામો

૧૬૧૪૪ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ(સાવલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાની સાવલી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા ગામોને પાણી પૂરૂં પાડવામાં આવે છે, અને

(૨) તે અન્વયે સાવલી-ઉકરડી ગામોમાં પાણી પહોંચતું નથી તે પાણી પહોંચતું કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ૪૯ ગામોને પાણી પુરૂં પાડવામાં આવે છે.

(૨) હાલમાં સાવલી નગરપાલિકા પોતાના સ્થાનિક સોર્સમાંથી જરૂરિયાત મુજબનું પાણી મેળવે છે. સાવલી નગરપાલિકાની માંગણી આવ્યે જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી આપવાનું આયોજન કરવામાં આવશે.

------------

## સાવરકુંડલા સી.એચ.સી.માં ર્ડાકટરોની ખાલી જગા પૂરવા કાર્યવાહી

૧૬૫૫૭**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા શહેરમાં સરકારી સી.એચ.સી. એક જ છે તેમાં (૧) ઓર્થોપેડીક (૨) ગાયનેક (૩) એમ.બી.બી.એસ. ર્ડાકટરોની જગ્યા બે વર્ષથી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ખાલી હોવાથી ગરીબ અને પછાત વર્ગના લોકોને સારવાર માટે ખૂબજ મુશ્કેલી થાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ખાલી જગ્યાઓ પૂરવા માટે કેવા પ્રકારની કાર્યવાહી કરેલ છે, અને

(૩) સરકાર કેટલા સમયમાં આ ખાલી જગ્યા પૂરવા માંગે છે?

**જવાબ**

(૧) ના, જી.

ઓર્થોપેડીક સર્જનની જગ્યા મંજૂર થયેલ નથી.

ઓર્થોપેડીક સર્જન અને ગાયનેકોલોજીસ્ટની સેવા આંતરીક વ્યવસ્થા કરીને લેવામાં આવે છે અને તબીબી અધિકારી, વર્ગ-૨ની ૨-જગ્યા ભરેલી છે.

(૨) દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુ યોજીને એડહોક ધોરણે તેમજ રાજ્યની મેડીકલ કોલેજો તરફથી પી.જી.બોન્ડેડ ઉમેદવારોની યાદી મળતાં બોન્ડેડ નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે, પરંતુ ઉમેદવારો હાજર થયેલ નથી.

(૩) બનતી ત્વરાએ.

## વડોદરા સિવીલ હોસ્પિટલને એન.એ.બી.એચ. અંતર્ગત અનુદાનની રકમ બાબત

**૧૫૬૮૭ શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એન.એ.બી.એચ.ના માપદંડ હાંસલ કરવા વડોદરા સિવીલ હોસ્પિટલને તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી અનુદાનની રકમ ફાળવી, અને

(૨) આ ફાળવેલ અનુદાનની રકમમાંથી કઈ કઈ સેવાઓની ગુણવત્તા સુધારવા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ રૂપિયા ત્રણ ક્રોડ અનુદાનની રકમ નીચે મુજબ ફાળવી છે.

| વર્ષ | અનુદાનની રકમ |
|---|---|
| ૨૦૦૭-૦૮ | શૂન્ય |
| ૨૦૦૮-૦૯ | રૂા. ૧.૭૦ કરોડ એન.આર.એચ.એમ. તરફથી ચેકથી મળેલ છે. |
| ૨૦૦૯-૧૦ | રૂા. ૧.૩૦ ક્રોડ પ્લાન સદરે ફાળવવામાં આવ્યા. |

(૨) અનુદાનની રકમમાંથી જે સેવાઓની ગુણવત્તા સુધારવા માટે ખર્ચ કરવામાં આવ્યો છે તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સેવાની વિગતો | ખર્ચ (રૂપિયા) |
|---|---|---|
| ૧. | હાઉસ કીપીંગ (સફાઈ કોન્ટ્રાકટ) | ૬,૬૮,૨૦૪ |
| ૨. | લોન્ડ્રી કોન્ટ્રાકટ | ૧૩,૧૦,૪૮૦ |
| ૩. | સીક્યુરીટી કોન્ટ્રાકટ | ૪,૯૭,૪૪૨ |
| ૪. | એન.એ.બી.એચ. ગેપ એનાલીસીસ અંતર્ગત પેરામેડીકલ, વર્ગ-૪ની જગાઓ | ૫,૨૧,૦૦૦ |
| ૫. | બાયોમેડીકલ વેસ્ટ માટે સાધનો | ૨૬,૬૬,૮૬૫ |
| ૬. | એન.એ.બી.એચ. ગેપ એનાલીસીસ અંતર્ગત પાવલર બેડ, બેડ સાઈડ લોકર, ટ્રોલી, વ્હીલચેર અન્ય સાધન સામગ્રી | ૭૩,૦૦,૦૦૦ |
| ૭. | હોસ્પીટલના વોર્ડો, વિભાગો, ઓપરેશન થીયેટર માટે સાધન સામગ્રી, ફર્નિચર | ૩૭,૩૩,૬૧૨ |
| ૮. | હોસ્પીટલના કેમ્પસમાં જુદી જુદી જગ્યાએ સાઈન બોર્ડનું ડીસપ્લે. | ૧૪,૯૧,૦૦૦ |
| | **કુલ ખર્ચ** | **૧,૮૧,૮૮,૬૦૩** |

## પંચમહાલ જિલ્લામાં અધૂરી ઉદ્વહન સિંચાઈ યોજના

**૧૬૭૨૬ શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી ઉદ્વહન સિંચાઈ યોજનાઓ અધૂરી છે,

(૨) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) હાલ જે અધૂરી યોજનાઓ છે તેની પાછળ સરકારે કેટલો ખર્ચ કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ ૭ ઉદ્વહન સિંચાઈ યોજનાઓના કામો અધૂરા છે. જેની તાલુકાવાર વિગતો નીચે પ્રમાણે છે.

| અ.નં. | તાલુકો | અધૂરી ઉદ્વહન સિંચાઈ યોજનાની સંખ્યા |
|---|---|---|
| (૧) | લુણાવાડા | ૨ |
| (૨) | શહેરા | ૨ |
| (૩) | ગોધરા | ૨ |
| (૪) | ખાનપુર | ૧ |
| | કુલ : | ૭ |

(૨) અને (૩) : આવી અધૂરી યોજનાઓ અંગે થયેલ ખર્ચની વિગતો તેમજ કામ પૂર્ણ થવાની આયોજિત તારીખની વિગતો સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

### પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | ઉદ્વહન સિંચાઈ યોજનાનું નામ | કામ પૂર્ણ થવાની આયોજિત તારીખ | ખર્ચની વિગત (રૂા. લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧. | લુણાવાડા | ૧. હાડોદ | યોજનાનું સીવીલ કામ પૂર્ણ થયેલ છે. | રૂા. ૨૦.૯૫ | વીજજોડાણ મધ્ય ગુજરાત વીજ નિગમ ધ્વારા મળ્યેથી યોજના કાર્યાન્વિત થઈ શકે તેમ છે. |
| | | ૨. ભમરા | યોજનાનું સીવીલ કામ પૂર્ણ થયેલ છે. | રૂા. ૨૨.૬૫ | વીજજોડાણ મધ્ય ગુજરાત વીજ નિગમ ધ્વારા મળ્યેથી યોજના કાર્યાન્વિત થઈ શકે તેમ છે. |
| ૨. | શહેરા | ૧. ગેગડીયા | યોજનાનું સીવીલ કામ પૂર્ણ થયેલ છે. | રૂા. ૧૫.૮૭ | વીજજોડાણ મધ્ય ગુજરાત વીજ નિગમ ધ્વારા મળ્યેથી યોજના કાર્યાન્વિત થઈ શકે તેમ છે. |
| | | ૨. રેણા | જૂન-૨૦૧૦. | રૂા. ૨૦.૫૭ | વીજજોડાણ મળેલ ન હોઈ, વિદ્યુત જોડાણને લગતી કામગીરી બાકી છે. |
| ૩. | ગોધરા | ૧. ગોઠડા | ડિસેમ્બર-૨૦૧૦ | રૂા. ૧૬.૦૦ | - |
| | | ૨. વડેલાવ | જૂન-૨૦૧૦ | રૂા. ૯.૬૭ | યોજના આદિજાતિ વિસ્તારમાં આવતી ન હોઈ ડીઝલ એન્જીન માટે વર્ષ ૦૯-૧૦ના આયોજનમાં મુકાવેલ છે જે મંજુર થયેથી સદર યોજના સિંચાઈ હેઠળ મુક્વામાં આવશે. |
| ૪. | ખાનપુર | રહેમાન | જૂન-૨૦૧૦ | રૂા. ૨૧.૩૫ | - |

## થરા નગરપાલિકાને બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ

૧૫૮૩૫ **શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકાર તરફથી બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ થરા નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકાર તરફથી બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ થરા નગરપાલિકાને રૂા. ૯૨.૪૬/- લાખની ગ્રાન્ટ/લોન ફાળવવામાં આવેલ છે. |
| (૨) ઉપરોક્ત ફાળવાયેલ ગ્રાન્ટમાંથી કેટલી ગ્રાન્ટ ક્યા ક્યા કામો પાછળ વાપરવામાં આવી, અને | (૨) ઉપરોક્ત ફાળવાયેલ ગ્રાન્ટ/લોન વાપરવાની બાકી છે. |
| (૩) કેટલી ગ્રાન્ટ વાપરવાની બાકી છે અને ગ્રાન્ટ બાકી રહેવાના કારણો શાં છે? | (૩) પુરેપુરી ગ્રાન્ટ/લોન વાપરવાની બાકી છે. દરખાસ્ત બનાવવાની પ્રક્રિયા નગરપાલિકા કક્ષાએ ચાલુ છે. |

------------

## શિંગોડા સિંચાઈ યોજનાનો કમાન્ડ વિસ્તાર

૧૫૬૮૨**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કોડીનાર તાલુકાની શિંગોડા સિંચાઈ યોજનાનો કમાન્ડ વિસ્તાર કેટલો છે, | (૧) ૬૭૨૫ હેક્ટર. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર ખરેખર કેટલાં કમાન્ડ વિસ્તારમાં પિયત થયેલ છે, | (૨) ખેડૂતોની માગણી મુજબના પુરેપુરા વિસ્તારમાં પાણી આપવામાં આવેલ છે.<br>વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૫૮૫ હેક્ટર,<br>૨૦૦૭-૦૮માં ૯૩૩ હેક્ટર અને<br>૨૦૦૮-૦૯માં ૧૬૫૧ હેક્ટર વિસ્તારમાં પિયત થયેલ છે. |
| (૩) ઉપરોક્ત સિંચાઈ યોજનાનો કમાન્ડ વિસ્તાર વધારવામાં આવે તો સિંચાઈ વિસ્તાર વધી શકે તેમ છે તે હકીકત સાચી છે, અને<br>(૪) જો હા, તો કમાન્ડ વિસ્તાર વધારવાનું સરકારનું શું આયોજન છે? | (૩) અને (૪) : ડેમમાં સંગ્રહ થતાં પાણીના મહત્તમ ઉપયોગ માટે કમાન્ડ વિસ્તારની પુનઃ સમીક્ષા વિચારણા હેઠળ છે. |

## મોજ સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવા અંગે

૧૬૬૩૭**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લાની મોજ સિંચાઈ યોજનાની નહેરો પાકી કરવાની કોઈ યોજના સરકારે અમલમાં મૂકી છે તે હકીક્ત સાચી છે, અને<br>(૨) જો હા, તો આ કામગીરી હાલમાં ક્યા તબક્કે છે ? | (૧) અને (૨)<br>હા, જી. મોજ સિંચાઈ યોજના જામનગર જિલ્લામાં નહીં પણ રાજકોટ જિલ્લામાં આવેલ છે.<br>મોજ સિંચાઈ યોજનાની કેનાલોનું લાઈનીંગ કામ રૂા. ૫૪૩.૭૫ લાખનાં ખર્ચે મંજૂર થયેલ છે અને હાલમાં કામો પ્રગતિ હેઠળ છે. |

## સાબરકાંઠા જિલ્લામાં યાત્રાધામ તરીકે સ્થળોનો વિકાસ

૧૬૭૩૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ક્યા ક્યા સ્થળોને પ્રવાસન અને યાત્રાધામ તરીકેના વિકાસ તળે આવરી લેવામાં આવેલ છે,

(૨) તે માટે વર્ષ ૨૦૦૯-૧૦માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૩) તે પેકી તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન અને યાત્રાધામ તરીકે વિકાસ કરવા માટે આવરી લેવામાં આવેલ છે.

(૧) શામળાજી મંદિર અને આસપાસનો વિસ્તાર

(૨) દેવની મોરી (શામળાજી ખાતે બુધ્ધિસ્ટ સાઈટ)

(૩) પ્રવાસન વિકાસ માટે શામળાજી ઈડર, વિજ્યનગરની પોળોને જોડતી પ્રવાસન સર્કીટ માટે કાર્યયોજના આધારિત અહેવાલ ""સેપ્ટ"" સંસ્થા પાસેથી તેયાર કરવામાં આવેલ છે.

(૪) દેવની મોરી ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે કેન્દ્ર સરકારની સહાય માટે રૂપિયા ૩૨.૩૦ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) અને (૩)

શામળાજી મંદિર તથા આસપાસના વિસ્તાર માટે રૂપિયા ૪૬૫.૧૨ લાખ અને દેવની મોરી ખાતે બુધ્ધિસ્ટ સાઈટ માટે રૂપિયા ૨૮૭.૦૪ લાખ અનુક્રમે તા. ૩-૧૧-૨૦૦૯ અને તા. ૧૨-૧૧-૨૦૦૯ના રોજ ફાળવેલ હોઈ, તે અંગે જરૂરી વિધિઓ પ્રગતિમાં છે.

## બનાસકાંઠા જિલ્લામાં સી.એચ.સી.નું મહેકમ

૧૬૭૧૫**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર મથકે સી.એચ.સી.માં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલું મહેકમ કાર્યરત છે, અને

(૨) આ મહેકમ મંજૂર થયેલ જ્ગ્યાઓ પ્રમાણે બરાબર છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર મથકે સી.એચ.સી.માં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ ૨૨નું મહેકમ કાર્યરત છે.

(૨) સા.આ.કેન્દ્ર દિયોદરની રોજની સરેરાશ ઓ.પી.ડી. -૧૧૭, અને ઈન્ડોર-૮ની છે. જે ધ્યાને લેતાં કાર્યરત મહેકમ પુરતું છે. આમ છતાં, ખાલી જ્ગ્યાની કામગીરી માટે વેકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

------------

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ ગરીબો

૧૬૦૫૨**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગરીબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે ?

**જવાબ**

તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ આણંદ જિલ્લાનો સમાવેશ થયેલ નથી.

------------

## ભરૂચ સિવિલ હોસ્પીટલનું બાંધકામ પૂર્ણ કરવાનું આયોજન

૧૬૭૦૧ **શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ સિવિલ હોસ્પીટલના વિસ્તૃતિકરણના બાંધકામ માટે તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ

**જવાબ**

(૧) રૂા. ૧૬૯.૦૦ લાખ.

છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) આ પેકી કેટલી રકમનનો ખર્ચ તા. ૩૧ ડીસે-૨૦૦૯ સુધીમાં થયો, અને

(૨) કોઈ ખર્ચ થયેલ નથી.

(૩) ઉક્ત બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) ઓક્ટોબર-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**જામનગર જિલ્લામાં ઉન્ડ-૧ સિંચાઈ યોજના હેઠળ તળાવ ભરવા અંગે**

૧૬૭૦૩**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં આવેલ ઉંડ-૧ સિંચાઈ યોજના દ્વારા જોડીયા તાલુકાના વાવડી ગામનું તળાવ ૯ એમ.સી.એફ.ટી. પાણીથી ભરવાની યોજના બનાવી હતી તે પાણી તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ભરવામાં આવ્યું નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે, અને

(૩) વાવડી ગામનું તળાવ ઉન્ડ-૧ સિંચાઈ યોજના દ્વારા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) આવી કોઈ યોજના બનાવેલ નથી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ભાવનગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૬૬૭૦**શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**વર્ષ ૨૦૦૭-૦૮**

(૧) ગોપનાથ : પ્રવાસીઓને શુધ્ધ પીવાના પાણી માટેનો આર.ઓ. પ્લાન્ટ, સોલાર લાઈટ નં. ૧૦, પ્રવાસી નિવાસમાં સુવિધાઓમાં સુધારો-વધારો કરવાની કામગીરી, દરિયા કિનારે બેઠક વ્યવસ્થા બેન્ચીસ-પેવીંગની કામગીરી.

(૨) કતપર ભવાની બીચ : ભવાની મંદિરથી મહુવા શહેરને જોડતા રસ્તાની કામગીરી, પ્રવાસી સુવિધાઓ માટે વિસામા કુટીરની કામગીરી.

(૩) હાથબ બંગલો : પ્રવાસી સુવિધાઓનું આધુનિકરણ, સોલારલાઈટ, પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટ, ટોઈલેટની કામગીરી.

(૪) વિક્ટોરીયા પાર્ક, ભાવનગર : વિક્ટોરીયા પાર્ક ખાતે ટ્રેક્સ, વોક્સ, નેચર ક્લબના બાળકો માટે પીવાનું પાણી, ટોઈલેટ, બેઠક વ્યવસ્થાની કામગીરી.

(૫) કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન : વેરાવદર ખાતે સોલાર લાઈટ નંગ-૧૦, કાળીયાર માટે રેઈઝ પ્લેટફોર્મની કામગીરી.

(૬) તખ્તેશ્વર મંદિર ભાવનગર : ગ્રીલ, વનીકરણ, પથ્થર લાઈનીંગ, ક્લરકામની કામગીરી. જ્યારે તખ્તેશ્વર મંદિર ખાતે સુશોભન માટે પ્રકાશ વ્યવસ્થા.

(૭) પાલીતાણાઃ શહેરમાં સાઈનેજીસની કામગીરી.

**વર્ષ ૨૦૦૮-૦૯**

(૧) કુડા-કોળીયાક-હાથબ : મોબાઈલ ટોઈલેટ, બેરીકેટીંગ અને દોરડાઓ, મોબાઈલ વોચ ટાવર અને હાઈ માસ્ટ ટાવરની કામગીરી.

**વર્ષ ૨૦૦૯-૧૦**

(૧) કુડા-કોળીયાક-હાથબ : કુડા કોળીયાક હાથબને વનકેડી, ગ્રીન ઝુંપડી, ગ્રીન હટમાં બેઠક, કાંટાની વાડ, સીટીંગ પ્લેસીસ ૧૦૦ નંગ, હાઈ માસ્ટર, મોબાઈલ જનરેટર સેટ તથા માઈક સેટ, પાર્કિંગ સ્પોટ તથા દરિયા કિનારાનો એપ્રોચ રોડ પાણી માટે સંપ, સબ મર્શીબલ પંપ તથા ઓવરહેડ ટાંકી, પાણીની પરબો તથા પાણીની પાઈપલાઈન તથા કચરાપેટીની કામગીરી.

(૨) બુધ્ધ ગુફાઓ તળાજા : ગુફા ખાતે આવતા પ્રવાસીઓ માટે આંતરમાળખાકીય અને પ્રવાસી સુવિધાની કામગીરી. આ ઉપરાંત પ્રવાસન નિગમ દ્વારા પાલીતાણા તથા વેરાવદર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે ""સેપ્ટ"" સંસ્થા મારફત કાર્યયોજના આધારીત અહેવાલ તેયાર કરવામા આવેલ છે, જે અનુસારની કામગીરી વિચારણા હેઠળ છે.

(૨) આ માટે રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) આ માટે રાજ્ય સરકારે રૂપિયા ૬૧૭.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

(૩) તે પેકી કેટલો ખર્ચ કર્યો ?

(૩) તે માટે રૂપિયા ૬૫.૮૫ લાખનો ખર્ચ થયેલ છે.

### દાહોદ જિલ્લામાં ચેકડેમોની મરામત પાછળ ખર્ચ

૧૬૭૧૦**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ચેકડેમો મરામત (રીપેર) માટે મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૧૧૩ સામેલ પત્રક મુજબ.

(૨) આ પેકી કેટલા ચેકડેમોની મરામત કરવામાં આવી, અને

(૨) ૧૦૬

(૩) આ મરામત પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂા. ૩૭.૭૦ લાખ.

પત્રક

| ક્રમ | તાલુકો | મરામત માટે મંજુર કરેલ ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૪ |
| ૨ | ગરબાડા | ૧૩ |
| ૩ | ધાનપુર | ૨૨ |
| ૪ | દે.બારીયા | ૮ |
| ૫ | લીમખેડા | ૫૬ |
| | **કુલ** | **૧૧૩** |

### આણંદ અને ખેડા જિલ્લામાં વર્મિકમ્પોસ્ટ ખાતરનું ઉત્પાદન

૧૬૭૦૦**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે

વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લાની કઈ કઈ નગરપાલિકામાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા,

વર્ષમાં
(૧) આણંદ જિલ્લાની આંક્લાવ, બોરયાવી, કરમસદ, ઓડ અને ખંભાત એમ કુલ ૫ (પાંચ) નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે.
(૨) ખેડા જિલ્લાની બાલાસિનોર, ચકલાસી, ડાકોર, કપડવંજ, ખેડા અને મહેમદાવાદ એમ કુલ ૬ (છ) નગરપાલિકાઓમા વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે.

(૨) જિલ્લાવાર કઈ કઈ નગરપાલિકા દ્વારા વર્મિકમ્પોસ્ટ ખાતરનું ઉત્પાદન શરૂ કરેલ છે,

(૨) (૧) આણંદ જિલ્લાની આંક્લાવ, બોરયાવી, કરમસદ અને ઓડ નગરપાલિકાઓ, અને
(૨) ખેડા જિલ્લાની બાલાસિનોર, ચકલાસી, કપડવંજ, ખેડા અને મહેમદાવાદ નગરપાલિકાઓએ વર્મિકમ્પોસ્ટ ખાતરનું ઉત્પાદન શરૂ કરેલ છે.

(૩) પ્લાન્ટ બન્યા પછી કઈ કઈ નગરપાલિકાએ ઉત્પાદન શરૂ કર્યુ નથી, અને

(૩) આણંદ જિલ્લાની ખંભાત અને ખેડા જિલ્લાની ડાકોર નગરપાલિકાએ ઉત્પાદન શરૂ કર્યુ નથી.

(૪) ઉત્પાદન શરૂ ન કરવાના શાં કારણો છે ?

(૪) (૧) આણંદ જિલ્લાની ખંભાત નગરપાલિકાએ ઉત્પાદન શરૂ કરેલ નથી, કારણકે આ વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટનું બાંધકામ થોડા સમય પહેલા જ પૂર્ણ થયેલ છે.
(૨) ખેડા જિલ્લાની ડાકોર નગરપાલિકા હાલમાં ઉત્પાદન શરૂ કરેલ નથી. કારણકે નગરપાલિકાએ જણાવ્યા અનુસાર વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ પર જવાનો કાચો રસ્તો વરસાદ આવવાથી ધોવાઈ ગયેલ છે.

------------

## આણંદ જિલ્લામાં આશા વર્કરોની ભરતી

૧૫૭૧૮**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા સહાયિત આશા વર્કરોની આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી ભરતી કરવામાં આવેલ છે, અને

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કુલ-૧૪૩૪ આશા વર્કર બહેનોની ભરતી કરવામાં આવેલ છે.
તાલુકાવાર સંખ્યા નીચે પ્રમાણેની છે.
(૧) આણંદ-૨૯૨ (૨) આંક્લાવ-૧૧૭
(૩) બોરસદ-૩૦૨ (૪) ખંભાત-૨૨૪
(૫) તારાપુર-૬૨ (૬) પેટલાદ-૨૨૦
(૭) સોજીત્રા-૮૧ (૮) ઉમરેઠ-૧૩૬.

(૨) તેમનું માનદ્ વેતન સરકારશ્રીએ કેટલું નક્કી કરેલ છે ?

(૨) તેઓને માનદ્ વેતન આપવામાં આવતું નથી. પરંતુ પ્રવૃત્તિ દીઠ મહેનતાણાંની નિયત રકમ ચૂકવવામાં આવે છે. **(પત્રક-૧ મુજબ)**

**પત્રક-૧**

| પ્રવૃત્તિ | વળતર રૂા. | ટીપ્પણી |
|---|---|---|
| સંસ્થાકીય સુવાવડ માટે તેમના વિસ્તારની વસ્તીને પ્રોત્સાહીત કરવી. (સરકારી કે ખાનગી સંસ્થામાં સુવાવડ) | રૂા. ૨૦૦/- | પ્રતિ કેસ |
| મમતા દીવસ<br>એ.એન.એમ. દ્વારા પુરી પાડવામાં આવેલ યાદી અનુસાર ધાત્રી માતા, સગર્ભા માતા, નવજાત શીશુને મમતા દીવસે રસીકરણ માટે ભેગા કરવા | રૂા. ૫૦ /- | એક મમતા દીવસ માટે |
| મમતા તરુણી<br>મમતા તરુણી સેશનમાં હાજરી આપવી/ભાગ લેવો. | રૂા. ૫૦ /- | પ્રતિ માસ |
| રસીકરણ<br>પોલીયોના રસીકરણની કામગીરી (એક દીવસ બુથ ઉપર અને બે દીવસ ગૃહ મુલાકાત) | રૂા. ૭૫ /- | પ્રતિ દીન |
| આઈ.એફ.એ. તેમજ કેલ્શીયમ કમ્પ્લાયન્સ (એ.એન.સી.)<br>(૧) સગર્ભા માતાને આઈ.એફ.એ. તેમજ કેલ્શીયમની ગોળીઓનો કોર્ષ પુર્ણ કરવા પ્રોત્સાહીત કરવા.<br>(૨) અપુરતા પોષણવાળી માતાને ઉચ્ચકક્ષાની સારવાર માટે ઉપરના સ્તરની સારવાર માટે સાથે જવું. | રૂા.૫૦ /- પ્રતિ ૩૦ ગોળી<br>રૂા. ૨૫/- | પ્રતિ સગર્ભા માતા<br>પ્રતિ માતા |
| પોષણ | રૂા. ૨/- | પ્રતિ બાળક |

| પ્રવૃત્તિ | વળતર રૂા. | ટીપ્પણી |
|---|---|---|
| ૦-૩૬ મહીના સુધીના બાળકોનું પ્રતિમાસ વજન | | |
| મેનેજમેન્ટ ઈન્ફોરમેશન સીસ્ટમ (એમ.આઈ.એસ.)<br>કુટુંબ સ્વાસ્થ્ય સર્વે (ફેમીલી હેલ્થ સર્વે તેમજ ગ્રામ્ય કક્ષાએ અન્ય પ્રવુત્તિ માટે) | રૂા. ૫૦/- | પ્રતિ સર્વે |
| જન્મ અને મરણની નોંધણી<br>(૧) ધાત્રી માતાનું મૃત્યુના ૧૦ દીવસની અંદર નોંધણી<br>(૨) નવજાત શીશુંનું (૦ થી ૧ વર્ષ) મૃત્યુની નોંધણી<br>(૩) ૧૦૦ ટકા જન્મની નોંધણી તેમજ જન્મ નોંધણીનું પ્રમાણપત્ર મેળવવાનો પત્ર | રૂા. ૫૦ /-<br>રૂા. ૫૦/-<br>રૂા. ૧૦૦ | પ્રતિ કેસ<br>પ્રતિ કેસ<br>પ્રતિ કેસ |
| કુટુંબ કલ્યાણ<br>(૧) પુરુષ નસબંધી તેમજ ઓપરેશન માટે પ્રોત્સાહક રકમ<br>(૨) સ્ત્રી કુટુંબ કલ્યાણના ઓપરેશન માટે પ્રોત્સાહીત રકમ<br>(૩) પ્રથમ બાળક પછી આંકડી મુકવા માટે પ્રોત્સાહીત કરવાની રકમ તેમજ ત્રણ ફોલો-અપ મુલાકાત કરવા માટે | રૂા. ૨૦૦/-<br>રૂા. ૧૫૦/-<br>રૂા. ૧૨૫/- | પ્રતિ કેસ<br>પ્રતિ કેસ<br>પ્રતિ કેસ |
| ગ્રામ્ય સ્વાસ્થ્ય તેમજ સ્વચ્છતા સમિતિ<br>(૧) સદર સમીતીની મીટીંગ ૩ મહીનામાં એક વખત નિયમિતપણે મળે તે જોવું તેમજ તેમાં મદદરૂપ થવું.<br>(૨) સહભાગી ચર્ચા દ્વારા ગ્રામ્યકક્ષાના પ્રશ્નોની ચર્ચા તેમજ તેના નિકાલ માટે ચર્ચા | રૂા. ૨૦૦/- | પ્રતિ મીટીંગ |
| સરકારની સ્વચ્છતા, સ્વાસ્થ્ય તેમજ અન્ય યોજનાઓમાં યોગદાન<br>(૧) ટી.બી.ની સંપૂર્ણ સારવાર માટે ડોટ આપનાર તરીકેનું વળતર<br>(૨) મેલેરીયા સ્લાઈડઝનું એકત્રીકરણ કરી પ્રા.આ. કે. ખાતે તપાસ અર્થે સોંપવું.<br>(૩) શારીરીક તેમજ માનસીક વીકલાંગ વ્યક્તિનું સંદર્ભીત સેવાઓ પુરી પાડવામાં મદદ.<br>(૪) સરકારી કે સ્વેચ્છીક સંસ્થામાં મોતીયાના ઓપરેશન માટે પ્રોત્સાહીત કરવા માટેનું વળતર | રૂા. ૨૫૦/-<br>રૂા. ૫/-<br>જે તે પ્રોગ્રામના ધારાધોરણ પ્રમાણે<br>રૂા. ૧૭૫/- | પ્રતિ કેસ<br>પ્રતિ સ્લાઈડ<br>પ્રતિ કેસ |
| જનની સુરક્ષા યોજના<br>(૧) સગર્ભા માતાને ૪ પૂર્વ પ્રસુતી સંભાળ મુલાકાત માટે પ્રોત્સાહીત કરવી, બી.પી. ચેક કરાવવું, ટી.ટી. ઈન્જેકશન અપાવવું, આઈ.એફ.એ. ગોળીઓનો કોર્ષ પુરો કરાવવો.<br>(૨) પ્રસુતિ બાદ ૦-૩ અને સાતમા દીવસે પ્રસુતા માતાની મુલાકાત<br>(૩) ૬, ૧૦ તેમજ ૧૪મા અઢવાડીયામાં નવજાત શીશુ રસીકરણ | રૂા. ૧૦૦/-<br>રૂા. ૫૦/-<br>રૂા. ૫૦/- | પ્રતિ કેસ<br>પ્રતિ કેસ<br>પ્રતિ કેસ (ટોટલ પેકેજ રૂા. ૨૦૦/- થી વધવું જોઈએ નહીં) |
| રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના<br>આર.એસ.બી.વાય. અંતર્ગત સરકારી/ખાનગી સંસ્થામાં દર્દીને રીફર કરી લાભ અપાવવો. | રૂા. ૫૦/- | પ્રતિ કેસ |
| વહીવટી કાર્ય<br>(૧) સરકારી કચેરીમાં જવા, સેટકોમની વીડીયો કોન્ફરન્સમાં ભાગ લેવા માટે થતું ભાડું/ભથ્થું<br>(૨) કોમ્યુનીકેશન ખર્ચાઓ જેવા દર્દીને રીફર કરવા માટે થતા ફોનના ખર્ચા, અન્ય સરકારી કામ અર્થે ફોનના ખર્ચા. | સરકારી ધારાધોરણ મુજબ | |
| પેટા કેન્દ્ર તેમજ ગ્રામની સ્વચ્છતા<br>ગામની સ્વચ્છતા જાળવવામાં મદદરૂપ થવુ ઘરમાં સંડાસ બનાવ્યાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું. | સરકારી ધારાધોરણ મુજબ | |

## જે. એન. અર્બન રિન્યુઅલ મિશન અંતર્ગત મળેલ રકમ

**૧૬૬૯૯૬ ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ જવાહરલાલ નહેરૂ અર્બન રિન્યુઅલ મિશન અંતર્ગત છેલ્લા ત્રણ (૩) વર્ષમાં વારંવાર રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કેટલા રૂપિયા મળ્યા,

(૨) એમાંથી અમદાવાદ શહેર માટે કેટલા રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૩) વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મિશન અંતર્ગત છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબ રૂપિયા મળ્યા.

(રૂા. કરોડમાં)

| વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ ગ્રાન્ટ | રાજ્ય સરકાર તરફથી ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૪૧૮.૨૩ | ૧૨૬.૨૦ |
| ૨૦૦૮-૦૯ | ૭૪૦.૬૨ | ૨૦૨.૭૦ |
| ૨૦૦૯-૧૦<br>(તા. ૩૧-૧-૧૦ સુધી) | ૫૫૧.૬૯ | ૪૪૭.૯૦ |
| કુલ | ૧૭૧૦.૫૪ | ૭૭૬.૮૭ |

(૨) એમાંથી અમદાવાદ શહેર માટે યુ.આઇ.જી. યોજના અંતર્ગત રૂા. ૪૧૨.૬૦ કરોડ તથા બી.એસ.યુ.પી. યોજના અંતર્ગત રૂા. ૧૨૭.૦૧ કરોડ એમ કુલ રૂા. ૫૩૯.૬૧ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે.

(૩) વર્ષવાર કરેલ ખર્ચની મહિતી નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| વર્ષ | કરેલ ખર્ચની વિગત |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૬૮.૦૧ |
| ૨૦૦૮-૦૯ | ૫૧૪.૭૩ |
| ૨૦૦૯-૧૦<br>(તા. ૨૮-૨-૧૦ સુધી) | ૬૪૮.૫૩ |
| કુલ : | ૧૫૩૧.૨૭ |

## સુરત મહાનગરપાલિકાને જે.એન.યુ.આર.એમ. અંતર્ગત એવોર્ડ

૧૬૫૦૭ **શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તાજેતરમાં સુરત મહાનગરપાલિકાને જે.એન.યુ.આર.એમ. યોજના હેઠળ ક્યા ક્યા ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિઓ અંગે એવોર્ડ આપવામાં આવેલ છે ?

**જવાબ**

તાજેતરમાં સુરત મહાનગરપાલિકાને જે.એન.એન. યુ.આર.એમ. યોજના હેઠળ મળેલ એવોર્ડની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | એવોર્ડનું નામ | જે પ્રવૃત્તિ કામગીરી માટે એવોર્ડ મળેલ હોય તેની વિગતો. |
|---|---|---|
| ૧ | ઇમ્પ્લીમેન્ટેશન ઓફ સેવન પોઇન્ટ ચાર્ટર ઓફ અર્બન પુઅર | શહેર ગરીબી ઉન્મૂર્લન માટે |
| ૨ | બેસ્ટ ઇમ્પ્રુવમેન્ટ ઇન ફાયનાન્સીયલ મેનેજમેન્ટ | મ્યુનીસીપલ ફાઇનાન્સ મેનેજમેન્ટ માટે. |
| ૩ | બેસ્ટ પર્ફોર્મીંગ સીટી | શહેરી વિકાસમાં સર્વોત્તમ કામગીરી માટે |
| ૪ | પ્રો. પુઅર રીફોર્મ્સ ઇન જે.એન.એન.યુ.આર.એમ. | શહેરી ગરીબી ઉન્મૂર્લન કામગીરી માટે. |

## રાજ્યમાં થેલેસેમીયાથી પીડિત બાળકો

૧૫૮૫૬**શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર થેલેસેમીયા રોગથી પીડાતા કેટલા બાળકો છે,

(૨) આ બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર કઈ કઈ સુવિધાઓ પૂરી પાડે છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે કેટલો ખર્ચ ક્ર્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર થેલેસેમીયા રોગથી પીડાતા બાળકોની સંખ્યાનું **પત્રક** આ સાથે સામેલ રાખેલ છે.

**પત્રક**

| ક્રમ નં. | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૬૨૬ |
| ૨ | સુરત | ૫૨૩ |
| ૩ | ભુજ | ૧૧૬ |
| ૪ | વલસાડ | ૯૭ |
| ૫ | જામનગર | ૨૩ |
| ૬ | પાટણ | ૨૦ |
| ૭ | પાલનપુર | ૨૭ |
| ૮ | ગાંધીનગર | ૨૦ |
| ૯ | પોરબંદર | ૧૦ |
| ૧૦ | સુરેન્દ્રનગર | ૧૬ |
| ૧૧ | ભાવનગર | ૨૨૪ |
| ૧૨ | મહેસાણા | ૩૯ |
| ૧૩ | દાહોદ | ૩૨ |
| ૧૪ | જુનાગઢ | ૨૯૮ |
| ૧૫ | નડિયાદ | ૮૨ |
| ૧૬ | વડોદરા | ૧૧૩ |
| ૧૭ | રાજકોટ | ૧૦૧ |
| ૧૮ | ભરૂચ | ૩૧ |
| ૧૯ | સાબરકાંઠા | ૧૦૩ |
| ૨૦ | પંચમહાલ | ૩૩ |
| ૨૧ | અમરેલી | ૧૨૩ |
| ૨૨ | રાજપીપળા-નર્મદા | ૧૩ |
| ૨૩ | આણંદ | ૫ |
| | કુલ : | ૩૬૭૫ |

(૨) આ બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર નીચે મુજબની સુવિધાઓ પૂરી પાડે છે.

(૧) ઉક્ત બાળકોને રાહત દરે લોહી મળી રહે તે માટે સરકારી હોસ્પિટલ, રેડક્રોસની બ્લડ બેંક અને એન.જી.ઓ. ખાતે વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૨) થેલેસેમીયાથી પીડાતા બાળકને તેમજ એક સહાયકને સારવાર દરમ્યાન એસ.ટી. બસમાં મુસાફરી ભાડામાં ૫૦ ટકાની રાહત આપવામાં આવે છે.

(૩) આ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે રૂા. ૧૩૧.૭૦ લાખ ખર્ચ કરેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં આયુર્વેદિક દવાખાના**

૧૫૮૭૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલાં આયુર્વેદિક દવાખાના કાર્યરત છે, અને

(૨) ઉક્ત દવાખાનામાં ઉક્ત સ્થિતિએ મંજૂર અને ભરાયેલ ડોક્ટરો અને સ્ટાફ કેટલો છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કુલ-૨૦ આયુર્વેદ દવાખાના કાર્યરત છે. જે નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ક્રમ | દવાખાનું |
|---|---|---|---|
| ૧ | ભૂજ | ૧ | સુખપર |
| | "" | ૨ | લોડાઇ |
| | "" | ૩ | હાજાપર |
| ૨ | અંજાર | ૪ | ચંદીયા |
| | "" | ૫ | વરસામેડી |
| ૩ | નખત્રાણા | ૬ | રામપર રોહા |
| | "" | ૭ | નખત્રાણા |
| ૪ | અબડાસા | ૮ | ભારાપરધુફી |
| | "" | ૯ | ચીયાસર |
| | "" | ૧૦ | જખો |
| | "" | ૧૧ | સાંધવ |
| ૫ | મુન્દ્રા | ૧૨ | દેશળપરકંઠી |
| | "" | ૧૩ | કુંદરોડી |
| ૬ | ભચાઉ | ૧૪ | કંથકોટ |
| | "" | ૧૫ | મેઘપર |
| ૭ | લખપત | ૧૬ | લખપત (સ્થગિત) |
| | લખપત | ૧૭ | બરંદા |
| ૮ | રાપર | ૧૮ | સણવા |
| ૯ | માંડવી | ૧૯ | મોટારત્તાડીયા |
| ૧૦ | ગાંધીધામ | ૨૦ | ગાંધીધામ |

(૨) ઉક્ત દવાખાનામાં ઉક્ત સ્થિતિએ મંજુર અને ભરાયેલ ડૉકટરો અને સ્ટાફ કેટલો છે ? વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર | ભરાયેલ |
|---|---|---|
| મેડીક્લ ઓફીસર વર્ગ-૨ | ૨૦ | ૩ |
| કમ્પાઉન્ડર વર્ગ-૩ | ૯ | ૦ |
| પટાવાળા વર્ગ-૪ | ૧૧ | ૪ |

------------

**ભૂજની હોસ્પિટલમાં ચાલતી મેડિક્લ કોલેજ ખાનગી કંપનીને સોંપવા બાબત**

૧૬૦૬૨ **શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડાપ્રધાનશ્રીના ફંડમાંથી રાજ્યના કચ્છ જિલ્લાના ભૂજ ખાતે ધરતીકંપ બાદ નવી ઉભી કરવામાં આવેલ હોસ્પિટલમાં ચાલતી મેડીક્લ કોલેજ ખાનગી કંપનીને સોંપવામાં આવી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેનાં કારણો શાં છે, અને

(૩) રાજ્ય સરકાર પોતે આ મેડીક્લ કોલેજ ચલાવવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ના, જી.

------------

**વડોદરા જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરેલ સ્થળો**

૧૫૮૭૯**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૮-૨-૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૨૮-૨-૨૦૧૦ સુધીમાં છેલ્લાં ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.

૧. પંચકુબેર મહાદેવ મંદિર, મોટી કોરલ-કરજણ
૨. અંબાજી મંદિર-નસવાડી
૩. ડભોઈ કરણેટ બાયપાસ રોડ

૪. આમરોલીથી પાલા મંદિરનો રસ્તો તા. નસવાડી
૫. ડભોઈ
૬. વઢવાણા બર્ડ સેન્ચ્યુરી
૭. ચાંદોદ, તા. ડભોઈ
૮. વડોદરા દર્શન બસ સેવા
૯. વડોદરા શહેરમાં આવેલ પુરાતત્વ વિભાગ હસ્તકના બિલ્ડીંગો, સાઉન્ડ એન્ડ લાઈટ શો અને સીટી મ્યુઝીયમ
૧૦. અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત કરજણ તાલુકાના હરસુંડા ખાતે આવેલ સંતશ્રી કબીર મંદિર.

(૨) તેના વિકાસ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેવી સુવિધા આપવામાં આવી,

(૨) તેના વિકાસ માટે રૂપિયા ૩૨૬.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો, અને

પસંદ કરવામાં આવેલ સ્થળોએ નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.

૧. પંચકુબેર મહાદેવ મંદિર, વઢવાણા બર્ડ સેન્ચ્યુરી ખાતે પ્રવાસીઓ માટે પાર્કીંગ, ટોઈલેટ તથા વિવિધ સુવિધાઓ
૨. ચાદોદ ખાતે યાત્રાળુઓ માટે પ્રવાસન આવાસની સુવિધા
૩. વઢવાણા બર્ડ સેન્ચુરી ખાતે પ્રવાસીઓ માટે પાર્કીંગ, ટોઈલેટ તથા વિવિધ સુવિધાઓ અને ચાદોદ ખાતે યાત્રાળુઓ માટે પ્રવાસન આવાસની સુવિધા
૪. વડોદરા દર્શન માટે બસની સેવા, શહેરમાં આવેલ પુરાતત્વ વિભાગ હસ્તકના મકાનો ખાતે ઈલ્યુમિનેશન ધ્વનિ અને પ્રકાશ શો તથા સીટી મ્યુઝીયમ ખાતે સુધારા-વધારા.
૫. અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત કરજણ તાલુકાના હરસુંડા ખાતે આવેલ સંતશ્રી કબીરમંદિર ખાતે રોડ વર્ક, યાત્રાળુઓ માટે શેડ તથા હાટ, તળાવનો વિકાસ ટોયલેટ બ્લોક, પીવાના પાણી માટે રૂમની કામગીરી કરવામાં આવનાર છે.

(૩) તા. ૨૮-૨-૧૦ની સ્થિતિએ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે ક્યા ક્યા નવા સ્થળોની માગણી સરકારમાં આવી છે, અને

(૩) તા. ૨૮-૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે કોઈ નવા સ્થળોની માગણી કરવામાં આવેલ નથી.

(૪) ઉક્ત સ્થિતિએ આ માગણીઓને લગતી કાર્યવાહી ક્યા તબક્કામાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બી.પી.એલ. લાભાર્થીને સરકારી હોસ્પિટલમાં મફત સારવાર/દવા આપવા બાબત

૧૫૬૬૩ **શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલમાં કોઈ ગરીબ ઈસમ બી.પી.એલ. કાર્ડ ધરાવતો નથી ખરેખર તે ઈસમ બી.પી.એલ. કાર્ડ ધરાવતો નથી ખરેખર તે ઈસમ બી.પી.એલ. કાર્ડ ધરાવવાની પાત્રતા ધરાવે છે પરંતુ સર્વે દરમ્યાન તેને એ.પી.એલ.માં ખોટી રીતે સમાવવામાં આવેલ છે તો આવા ઈસમો સ્થાનિક પંચાયતનો કે અન્ય કોઈ અધિકૃત વ્યક્તિનો દાખલો રજૂ કરે તો તેઓને સરકારી

**જવાબ**

(૧) ગરીબીની રેખા નીચેની વ્યક્તિઓને દવાના કે અન્ય ખર્ચમાં સહાય આપવા બી.પી.એલ. રેશનકાર્ડ રજૂ કરવાનો આગ્રહ નહી રાખતાં તેની જગ્યાએ નિયામકશ્રી, ગ્રામ વિકાસ એજન્સી અને તાલુકા પંચાયતમાં ઉપલબ્ધ હોય તેવા બી.પી.એલ. લાભાર્થીના દાખલાને માન્ય ગણવા સર્વે સિવિલ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોને કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી

હોસ્પિટલમાં મફત સારવાર તથા દવા આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો ના, તો આવા ઈસમોને મફત સારવાર/દવા આપવા બાબતે સરકારનું શું આયોજન છે ?

શિક્ષણે તા. ૧૧-૯-૨૦૦૯ના પરિપત્રથી સૂચનાઓ આપેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બનાસકાંઠા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં મંજૂર મહેકમ**

૧૫૮૩૬**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સી.એચ.સી. અને પી.એચ.સી.માં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તાલુકાવાર સંવર્ગવાર મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકો | સંવર્ગવાર મંજુર મહેકમ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સી..એચ.સી. | | | | પી.એચ.સી. | | |
| | | વર્ગ -૧ | વર્ગ -૨ | વર્ગ -૩ | વર્ગ -૪ | વર્ગ -૨ | વર્ગ -૩ | વર્ગ -૪ |
| ૧ | દાંતા | ૦૧ | ૦૩ | ૧૩ | ૧૦ | ૦૭ | ૨૧ | ૨૮ |
| ૨ | ધાનેરા | ૦૧ | ૦૨ | ૧૪ | ૧૦ | ૦૫ | ૧૫ | ૨૦ |
| ૩ | વડગામ | ૦૨ | ૦૪ | ૨૬ | ૨૦ | ૦૬ | ૧૮ | ૨૪ |
| ૪ | દિયોદર | ૦૩ | ૦૩ | ૧૯ | ૨૦ | ૦૩ | ૦૯ | ૧૨ |
| ૫ | કાંકરેજ | ૦૬ | ૦૫ | ૨૭ | ૨૦ | ૦૭ | ૨૧ | ૨૮ |
| ૬ | થરાદ | ૦૨ | ૦૭ | ૩૨ | ૩૨ | ૦૬ | ૧૮ | ૨૪ |
| ૭ | વાવ | ૦૦ | ૦૨ | ૧૪ | ૧૦ | ૦૬ | ૧૮ | ૨૪ |
| ૮ | અમીરગઢ | ૦૦ | ૦૨ | ૧૪ | ૧૦ | ૦૪ | ૧૨ | ૧૬ |
| ૯ | ભાભર | ૦૦ | ૦૨ | ૧૪ | ૧૦ | ૦૩ | ૦૯ | ૧૨ |
| ૧૦ | ડીસા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧ | ૩૩ | ૪૪ |
| ૧૧ | પાલનપુર | ૦૧ | ૦૨ | ૧૩ | ૧૦ | ૦૭ | ૨૧ | ૨૭ |
| ૧૨ | દાતીવાડા | ૦૧ | ૦૩ | ૧૩ | ૧૦ | ૦૩ | ૦૯ | ૧૨ |

(૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|
| | | સી.એચ.સી. | પી.એચ.સી. |
| ૧ | વર્ગ-૧ | ૧૫ | ૦૦ |
| ૨ | વર્ગ-૨ | ૦૨ | ૦૦ |
| ૩ | વર્ગ-૩ | ૪૪ | ૧૧૭ |
| ૪ | વર્ગ-૪ | ૭૪ | ૧૧૨ |

ખાલી જગ્યાની તારીખની વિગત દર્શાવતા ***પત્રક અ** અને **બ** સામેલ છે.

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૩ તથા વર્ગ-૪ ની જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે અને જરૂર જણાય તથા આઉટસોર્સથી કામગીરી લેવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જગ્યાઓ જીલ્લા પંચાયત સંવર્ગની હોઈ જીલ્લા પંચાયતના કાર્યક્ષેત્ર હેઠળ કાર્યવાહી કરવાની થાય છે. જુનિયર ફાર્માસીસ્ટ તથા લેબોરેટરી ટેક્નેશીયનની જગ્યાઓ ભરવા સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદને જિલ્લા પંચાયત, બનાસકાંઠાએ તા. ૧૩-૦૩-૦૨ અને તા. ૧૬-૩-૦૯ થી માંગણા પત્રકો મોકલી આપેલ છે. ડ્રાઈવર અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવા જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ, બનાસકાંઠાને તારીખ ૬-૨-૨૦૦૯થી માંગણા પત્રકો મોકલી આપેલ છે. જે ઉમેદવારો ફાળવેથી ભરવામાં આવશે. ડ્રાઈવર તથા વર્ગ-૪ ની ખાલી જગ્યા સામે આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**પીંછવા તળાવના વિસ્તારને રક્ષિત જાહેર કરવા અંગે**

૧૫૬૮૩ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના પીંછવા ગામે ગાયકવાડ સ્ટેટ વખતનું ૧૦ થી ૧૫ ગામોને સિંચાઈને ફાયદો કરાવતું વિશાળ કુદરતી રીતે બનેલ તળાવ ગીર અભયારણ્ય વિસ્તારની ૫ કી.મી. હદની અંદર આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કુદરતી તળાવની કીનારાની પાળ નજીકથી તળાવના સર્વે નં. ૭૬, સર્વે નં. ૭૧/૬, ૭૬/૧, ૭૬/૩, ૪૨/૨, ૭૨/૪, ૭૧/૭, ૭૧/૫ માંથી ગેરકાયદેસર પથ્થર કાઢવાની પ્રવૃત્તિ ચાલતી હોવાથી આ તળાવના અસ્તિત્વ સામે જોખમ ઊભું થયેલ છે તે હકીક્ત સાચી છે, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો આ કુદરતી તળાવના વિસ્તારને રક્ષિત જાહેર કરી તળાવને બચાવવા માંગો છો કે કેમ, અને | (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક : જીએ-૧/૧/૫૨ચ/ ૧૦૨૦૦૨/૩૨૧૮/આઈ પ્રમાણે પીંછવી તળાવ વોટર બોડીઝ પ્રમાણે નોટીફાઈડ કરવામાં આવેલ છે. |
| (૪) જો હા, તો તેની વિગતો શી છે ? | |

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**સિંહ દ્વારા મજૂર પર હુમલો કરવા અંગે**

**સચિવશ્રી** : શ્રી કનુભાઈ મે.ભાલાળા ( થોડીવાર બાદ ) માનનીય સભ્યશ્રી ગેરહાજર. શ્રી રાજસીભાઈ જોટવા ( થોડીવાર બાદ ) માનનીય સભ્યશ્રી ગેરહાજર. શ્રીમતી વંદનાબેન મકવાણા ( થોડીવાર બાદ ) માનનીય સભ્યશ્રી ગેરહાજર. શ્રી મોહનભાઈ કુંડારીયા ( થોડીવાર બાદ ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૬ની નોટિસ એક નહીં ચાર સભ્યશ્રીઓના ક્લબ થયેલાં છે. ભૂતકાળના માનનીય અધ્યશ્રીઓના ઓબ્ઝર્વેશન છે. મારા દંડકશ્રી ચિંતા કરતા હોય છે કે, ટૂંકી મુદ્દત કે ૧૧૬ આવે તો તેને બોલાવીને હાજર રાખવામાં આવે છે. આજે ચારમાંથી એક પણ સત્તાધારી પક્ષના સભ્યશ્રી ૧૧૬ નોટિસ આપ્યા પછી હાજર રહ્યા નથી આની ગંભીરતા ધ્યાને લેવાવી જોઈએ અને ભૂતકાળમાં જે ઓબ્ઝર્વેશન થયા છે તે રીતનું ઓબ્ઝર્વેશન થાય તે અપેક્ષિત છે.

**અધ્યક્ષશ્રી** : આપણે ત્યાં કોઈ પણ પ્રસ્તાવ જ્યારે રજૂ થાય ત્યારે પછી ૧૧૬ હોય, ટૂંકી મુદ્દતનો પ્રશ્ન હોય કે પ્રશ્ન હોય પ્રશ્ન પૂછનાર પ્રભારી સભ્યશ્રીએ હાજર રહેવું જોઈએ મારા અગાઉના અધ્યક્ષશ્રીઓએ પણ રૂલિંગ આપેલું છે અને કોઈ પણ સંજોગો અનિવાર્ય કે આકસ્મિક સંજોગો સિવાય નોટિસ આપ્યા પછી ગેરહાજર રહેવાતું નથી.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૮-૦૯નો ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવલા**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવઆલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી જયનારાયણ વ્યાસ ( પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ,ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું **ગુજરાત** રાજય નાણાકીય નિગમનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**પોલીસ આવાસ નિગમનો અહેવાલ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચના**

**શ્રી જયનારાયણ વ્યાસ ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા. ૩-૩-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચટી-૨૦૧૦-૪-એમએનઆર-૧૦૨૦૦૯-૧૬૯૧-એ સભાગૃહના મેજ ઉપર મૂક્વાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ ( વિકાસ અને નિયમન) અધિનિયમ અન્વયેની તા. ૩-૩-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીયુ-૨૦૧૦-૧૧-એમસીઆર-૧૦૨૦૧૦-૧૬૩-છ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૧૮૦૩ ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૪-૩-૨૦૧૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલના " રાજયમાં ડાર્કઝોન તાલુકા" બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૧૮૦૩ (અગ્રતા ક્રમ-૩) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રી આત્મારામ મ. પરમાર(સમિતિના પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પાંચમો, છઠ્ઠો અને સાતમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

**સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫**

## ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૦

**સન ૨૦૧૧ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૦નુંગુજરાત વિનિયોગ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૦નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલુ વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી :** હવે વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. આ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૧૬ સભ્યોએ પોતાના મુદ્દા આપેલા છે. આજે વિનિયોગ વિધેયકની સાથે સરકારી અને બિન સરકારી વિધેયકો પણ હાથ ધરવાના હોવાથી વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યોને બે

* **વિધેયક તારીખ ર૬મી માર્ચ, ૨૦૧૦ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

મિનિટનો સમય ફાળવું છું. તદ્નુસાર તે મુદ્દા પરની ચર્ચા સમાપ્ત થયા બાદ વિનિયોગ વિધેયક સભાગૃહના મત માટે મૂકવામાં આવશે.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિનિયોગ વિધેયક લઈને આવ્યા છે એમાં ઉત્તર ગુજરાતના આદિવાસી વિસ્તારમાં સિંચાઈની સગવડ બિલકુલ નથી. વારંવાર દુષ્કાળ પડે છે. સરકારને વારંવાર રજૂઆતો કરવામાં આવે છે, કે લીફટ ઈરિગેશનની યોજના બનાવો અથવા મોટા તળાવો બનાવો. આમાંથી કોઈ યોજના મંજૂર કરવામાં આવતી નથી. દુઃખની વાત એ છે કે સાબરકાંઠા જિલ્લો જે છે, ઉત્તર ગુજરાતમાં એક હજાર કરોડની સિંચાઈ યોજનાઓ મંજૂર કરવામાં આવી, એમાં મોટા ભાગે મહેસાણા, પાટણ અને બનાસકાંઠા. એમાં ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાનું નામ કયાંય આવતું નથી. ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ઉત્તર ગુજરાત માટે આયોજન કરે ત્યારે સાબરકાંઠાનું પણ ધ્યાન રાખે. એમાંયે ખાસ કરીને આદિવાસી વિસ્તારનું ધ્યાન રાખે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારની એક યોજના ઘણા સમય પહેલા મંજૂર કરી હતી. એમાં પણ પરિસ્થિતિ એ છે કે ખરેખર આદિવાસી વિસ્તારોને જે પાણી મળવું જોઈએ, એવા કોઈ ગામો સીલેકટ કરવામાં આવતા નથી. બીજી પણ મારી વિનંતી છે કે મોટા ભાગનું, ટ્રાયબલ બજેટ ખૂબ મોટું બજેટ છે, છેલ્લા ત્રણ વર્ષનું ૧૮૭૫ કરોડનું બજેટ છે. પરંતુ એમાંથી મોટાભાગના છેલ્લા ત્રણ વર્ષના આંકડા કહું તો ૮૦૦ કરોડ રૂપિયા નર્મદા નિગમ દ્વારા શેર મૂડી ભંડોળમાં જાય છે અને આ આદિવાસી વિસ્તારને કોઈપણ ફાયદો નથી. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આવા જે પૈસા છે એ ટ્રાયબલ બજેટમાં ન બતાવવામાં આવે અને ખરેખર એ વિકાસના કામમાં લેવાય તો એ વિસ્તારનાં ચોકકસ કામ થશે કારણ કે ચોખ્ખું બજેટ હોય.

**સભાપતિશ્રી દોલતભાઈ દેસાઈ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ગઈ વખતનું આદિવાસી વિસ્તારનું બજેટ હતું એમાં પણ ૬૫૦ કરોડ રૂપિયાનું હતું અને આ વખતે એમાં કાપ મૂકીને ૮૬ કરોડ રૂપિયા ઓછા ફાળવવામાં આવ્યા છે. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ ટ્રાયબલ બજેટ પણ વધારે આપવામાં આવે અને અમારા આદિવાસી વિસ્તારમાં પણ ઉત્તર ગુજરાતની જે લિફટ ઈરિગેશન અને તળાવો ભરવાની યોજનાઓ છે એ મંજૂર કરે એવી વિનંતી છે.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન જે છે એમાં મૂળ તો મધ્યબારા જૂથ પાણી પુરવઠા યોજના ૨૫ વર્ષ પહેલાં ભૂરચ જિલ્લાના મારા મત વિસ્તારના ત્રણ તાલુકા ભરૂચ, વાગરા અને આમોદના ૧૦૫ ગામો માટે બનાવવામાં આવેલ છે. આ યોજનાના ૧૦૫ ગામો પૈકી માત્ર ૪૯ ગામો છે એને પાણી પહોંચાડવામાં આવે છે. પ્રભારી મંત્રીશ્રી આ વિભાગના એ અમારા જિલ્લાના છે, પરંતુ ૪૯ ગામો સિવાય ૧૦૫ ગામો મધ્યબારા પાણી પુરવઠા યોજનામાં હોવા છતાં પણ પાણી મળતું નથી. ઓ.એન.જી.સી., આઈ.પી.સી.એલ અને જી.આઈ.ડી.સી.ના સ્ત્રોતો દ્વારા ગેરકાયદેસર રીતે પાણી મેળવવું પડે છે. એટલું જ નહીં, પરંતુ નર્મદા નદીમાંથી પાણી લિફટ કરીને ૮૦ કિલોમિટરનો દૂરનો વિસ્તાર છે એ વિસ્તારમાં દબાણથી પાણી પહોંચતું નથી કારણ કે દૂરનો વિસ્તાર છે. જે પાઈપો પહેલાં નાંખવામાં આવી હતી એ સી.સી. પાઈપો છે અને આ સરકાર ઘણીબધી સિધ્ધિઓની વાતો કરી રહી છે, પરંતુ બજેટમાં જોગવાઈ એની કોઈ કરેલ નથી. તો આ પાઈપો બદલવા માટે જોગવાઈ કરી નથી, ટાંકીઓ માટે જોગવાઈ કરી નથી અને આજેપણ ઘણાંબધાં ગામોમાં ટેન્કરો દ્વારા પાણી આપવું પડે છે. એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ મધ્યબારાની ૧૨ વર્ષથી જોગવાઈ કરવામાું આવતી નથી. તો આ જૂની પાઈપો બદલીને નવી પાઈપો નાંખવામાં આવે તો આ વિસ્તારને પૂરતા દબાણથી પાણી મળે એટલી જોગવાઈ કરવા માટે તેમને વિનંતી કરું છું.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિજર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારી થોડીક વિનંતી કરવા માગું છું કે મારા ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકાઓનો કોલગી સમિતિમાં સમાવેશ થયે છે અને વિકસીત તાલુકા તરીકે ૨-૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે. એ જ રીતે સમગ્ર આદિવાસી વિસ્તારનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે મારી તો વિનંતી છે કે ગઈ વખત સને ૨૦૦૮-૦૯ માં અહીંથી સચિવશ્રીએ આવીને અમારા તાલુકા આયોજનમાં બેસીને, જિલ્લા આયોજનમાં બેસીને રકમ મંજૂર કરીને બજેટ મંજૂર કર્યુ હતું, પરંતુ આ સમય પછી પછી ચાર વખત સચિવશ્રીએ મને બોલાવ્યો, તાલુકા અને જિલ્લામાં બે વખત આવ્યા અને તેમછતાં પણ અમે જે વખતે મિટિંગ લઈને બજેટ નકકી કર્યુ અને એમાં પેરામિટર આવે છે કે કયા કયા તાલુકાના કયા કયા પેરામિટરર્સમાં શું સમાવેશ કરવો એ પેરામિટર પ્રમાણે જે આયોજન અમે નકકી કરતા હતા, પરંતુ ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકા એ ત્રણે ત્રણ તાલુકાના પેરામિટર્સ નકકી કર્યા એ સિવાય ત્યાંના કલેકટરશ્રીએ અમને પણ સાઈડ ઉપર મૂકીને વિશ્વાસમાં લીધા વિના મંજૂર કર્યા છે. એટલ મારી વિનંતી છે કે આમાં અમને કોઈ સૂચન કરીને નવી રાહ બતાવે એવી અપેક્ષા રાખું છું.

**શ્રી નિરંજન પટેલ(પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો રાજયમાં ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરાવવામાં તંત્રની સંપૂર્ણ નિષ્ફળતા અંગેનો છે. આજે દિવસે દિવસે ટ્રાફિક વધતો જાય છે, નાનામાં નાનો માણસ પણ આજે સ્કૂટર જેવું વાહન રાખતો થયો છે. આ ગુજરાતની પ્રજાની કમાણી વધી એની સાથે સાથે વાહનોમાં

પણ વધારો થયો છે. રોડો થોડા પહોળા થયા અને બધી રીતે આપણે આગળ વધી રહ્યા છીએ, પરંતુ જે ટ્રાફિક સેન્સ માટેની વસ્તુ હોવી જોઈએ એ નથી.જો આપણે પ્રજામાં ટ્રાફિક સેન્સ નહીં લાવીએ તો આપણે બધી વસ્તુમાં પ્રગતિમાંથી અધોગતી તરફ જઈ રહયા છીએ, એવું મારું માનવું છે. કારણે કે નાની નાની ઉમરની બાલીકાઓ, બાળકો આજે સ્કૂટર લઈને નીકળી પડે લાયસન્સ હોતું નથી. એમનું કોઈ ચેકીંગ થતું નથી, આર.ટી.ઓ.ને કહીએ તો કહે કે અમારી પાસે સંખ્યા નથી, પોલીસને પૂછીએ તો કહે કે અમારી પાસે સંખ્યા નથી આજે બે ગાડીઓની વચ્ચે દસ ફૂટનું અંતર રાખવાનો નિયમ છે તે બે ગાડીઓની વચ્ચેથી બાઈક કાઢતા હોય છે. અને એ વખતે ગાડીને બ્રેક મારવી પડે છે. આગલી ગાડીને બ્રેક લાઈટ હોતી નથી. ખુદ સકારની એસ. ટી. ને પણ બ્રેક લાઈટ કે સાઈડલાઈટ હોતી નથી. તો પાછળની આપણે જે ગાડીઓ ચલાવીએ છીએ એને કેવી રીતે મેન્ટેન કરવી તે મુશ્કેલી છે. રોંગ સાઈડે ગાડીઓ ચાલે છે, વિકાસની વાતો થાય છે. . આજે રોડ પહોળા થઈ ગયા છે પણ પાર્કિંગના પ્રશ્નો બહુ જ છે. ગમે તે જગ્યાએ ગમે તે સાઈડ ઉપર પાર્ક કરી દે છે. ખુમચાવાળા ઉભા હોય છે,. ચોકડીઓ પહોળી કરી પણ એન્ક્રોચમેન્ટ એટલું બધું થઈ ગયું છે કે ટ્રાફિકની બહુ મુશ્કેલી :ઉભી થઈ છે. અહીંથી બેઠેલા ઘણાં ધારાસભ્યોને આનો અનુભવ થયો હશે. અધિકારીઓ પણ ગાડીમાં જાય છે ત્યારે અનુભવ થાય છે. અમે ડી.એસ.પી.ને કહીએ છીએ કે તમે નીકળો છો ત્યારે પણ કેટલી રોંગ સાઈડમાં ગાડીઓ ચાલે છે જે તમે રસ્તામાં જોઈ હશે. આટલું હોવા છતાં ટ્રાફિકના નિયમન માટે ખુદ સરકારે શિક્ષણની અંદર ટ્રાફિક સેન્સ આવે તેવા પ્રકારનું શિક્ષણ જેમ વિદેશમાં બાળકોને શિક્ષણમાં ટ્રાફિક સેન્સ આપવાની જે પ્રક્રીયા થાય છે તે અહીં ચાલુ કરશે તો હું માનું છું કે આવનારા દિવસોમાં ટ્રાફિકની જે મુશ્કેલી ઉભી થવાની છે અને મોટામાં મોટી મુશ્કેલી ઉભી થશે અને જે અકસ્માતો થવાના છે અને જે મરવાના છે ગરીબ લોકો રસ્તે ચાલતા હોય અને વૃધ્ધ લોકો જે રસ્તે ચાલતા હોય તેમને રોડ ક્રોસ કરવાની પણ બહુ મુશ્કેલી પડે છે અમારા આણંદ જેવા શહેરમાં ટ્રાફિકની સમસ્યાને કારણે બહુ મોટી મુશ્કેલી ઉભી થઈ છે.

**સભાપતિશ્રી** : નિરંજનભાઈ, બસ હવે તમારો સમય પૂરો થઈ ગયો છે. માનનીય રાઘવજીભાઈ.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો એ છે કે ધ્રોળ તાલુકામાં નાની અને મધ્યમ કદની સિંચાઈ યોજનાઓ મંજૂર કરવામાં બેદરકારીના કારણે તાલુકાની જનતા અને ખેડૂતોને થયેલ અન્યાય દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. અમારા ધ્રોળ તાલુકામાં વર્ષોથી ૩ સિંચાઈ યોજનાની માગણી લોકો તરફથી કરવામાં આવી રહી છે. પણ અમારી કરુણતા એ છે કે ૨૦૦૨ની સાલમાં વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે ધ્રોળ તાલકાના ખારવા ગામ પાસે બાવની નદી ઉપર સિંચાઈ યોજનાનું ખાતમહૂર્ત થયું પણ આજ સુધી એ સિંચાઈ યોજનાનું કામ આગળ વધ્યું નથી. તેની સાથે સાથે સુધાગુના ગામ પાસે મોરગુના સિંચાઈ યોજનાનો વર્ષોથી બજેટમાં સમાવેશ થતો હતો. ટેન્ડરીંગ પણ થઈ ગયું હતું, પણ હમણાં મને માહિતી મળી છે કે સરકારે આ યોજના વાયેબલલ ન હોવાને કારણે પડતી મુકી છે. એ જ રીતે અમારા ધ્રોલ તાલુકાના હરીપર ગામે જે વાગુદડીયો વીંકળો છે તેના ઉપર નાની સિંચાઈ યોજનાની વર્ષોની માગણી પડતર છે ઉપરાંત ધ્રોળ તાલુકાના લતીપર ગામે આઝીની કેનાલ, આઝી-૩ સિંચાઈ યોજનાની જે કેનાલ જાય છે, એ કેનાલ માટે ખેડૂતોએ વીના મૂલ્યે જમીન આપી, અને વરસાદના કારણે ડેમ જયારે ઓવરફલો થાય ત્યારે કેનાલ ભરી દેવા માટેની માગણી કરે છે તે માગણી પણ અમારી પડતર છે ત્યારે માનનીય સિંચાઈ મંત્રીને મારી નમ્ર વિનંતી છે કે અમારા પછાત અને સિંચાઈની સુવિધા વિહોણા ધ્રોળ તાલુકાની અમારી સિંચાઈ યોજનાના કામો પ્રત્યે પુરતું લક્ષ્ય આપે અને ચાલુ વર્ષમાં તમામ યોજનાઓ કે જેની મેં માગણી કરી છે તે યોજનાઓ મંજૂર કરે તેવી મારી નમ્ર વિનંતી છે.

**શ્રી કુંવરજીભાઈ હળપતિ (બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે મુદ્દો આજના વિનિયોગ વિધેયક ઉપર છે એ આદિવાસીઓને જંગલ, જમીન વહેલી તકે અને હકકો વહેલી તકે આપવા જોઈએ, ભારત સરકારે કાયદો બનાવ્યો કે જંગલની જમીન જે વર્ષોથી ખેડતા હોય તેમને આપી દેવી જોઈએ, છતાં આ ગુજરાત રાજયમાં મારા આદિવાસી ભાઈઓ જે જંગલમાં વસે છે તેમને હજુ સુધી જંગલની જમીન આપી શકાતી નથી. અને જંગલ અને જમીન માટે જે માગણીઓ કરે છે તેવા અમારા આદિવાસીઓને નકસલવાદી ગણીને ધરપકડ કરવામાં આવે છે. લોકશાહી દેશમાં જે જુલમ કરવામાં આવે છે તેને વહેલી તકે બંધ કરવો જોઈએ. તેવા પ્રકારનો હું અનુરોધ કરું છું. આ આદિવાસીભાઈઓ પાસે જમીનના આધાર પુરાવા હોવા છતાં આપવામાં આવતી નથી. બે-બે પુરાવા જોઈએ એના બદલે આઠ-આઠ પુરાવા છે, છતાં આપણે એને જમીન આપી શકતા નથી. તો વહેલામાં વહેલી તકે અમારા આદિવાસીભાઈઓને જમીન મળે તેવો હું અનુરોધ કરુ છું.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થું ચૂકવવા અંગેનો છે. કેન્દ્ર સરકાર તરફથી મોંઘવારી ભથ્થાની જાહેરાત થાય છે અને તે મુજબ રાજય સરકાર દ્વારા કેન્દ્રના ધોરણે રાજયના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાંની રકમ ચૂકવાય છે. મોંઘવારી ભથ્થાંની ચૂકવણી અંગેનો પરિપત્ર રાજય સરકાર દ્વારા ખૂબ જ મોડો થાય છે. મોડો થાય છે તે પછી પણ એ રકમ રોકડમાં ચૂકવવાને બદલે જી.પી.એફ.માં જમા કરાવવામાં આવે એ યોગ્ય નથી. કેટલીક વખત એ રકમ જી.પી.એફ.માં જમા થયા પછી પાંચ વર્ષ સુધી એ રકમ ઉપાડી શકાતી નથી. મારી માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી છે કે કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થાની જાહેરાત કરવા વિનંતી છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતી સેન્ટ્રલ જેલમાં ૨૦ વર્ષથી સજા ભોગવતા કેદીઓની સજાની મુદત પૂરી થવા છતાં તેમને છોડવામાં આવતા નથી. જે રીઢા ગુનેગારો છે એને ન છોડો તો એ બરાબર છે પરંતુ જે નિર્દોષ માણસો પુરાઈ ગયા હોય અને એમની મુદત પૂરી થતી હોય તો એમને છોડી મૂકવા જોઈએ. પોલીસ ખાતા પાસે એની ચાલ ચલગતનો અભિપ્રાય મેળવવો જોઈએ. એ સારો માણસ છે કે રીઢો ગુનેગાર છે એની માહિતી મેળવીને જો સારો હોય તો એને છોડી મૂકવો જોઈએ. અમારી સરકારમાં માનનીય શંકરભાઈ વાઘેલા મંત્રીશ્રી હતા અને માનનીય બાબુભાઈ પટેલ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે આવો અભિપ્રાય મંગાવીને કેદીઓને છોડી મૂક્યા હતા. તો સારા માણસો હોય તો એને સુધારવાની વાત કરો પરંતુ વધુ એને ગુનેગાર બનાવવાની વાત કરો છો એને લીધે વધારે મુશ્કેલી ઊભી થશે. સારા માણસો સામે ખોટા પુરાવા ઊભા કરીને એ પૂરાય ગયા છે એમની મુદત પણ પૂરી થઈ ગઈ છે એને માટે કંઈક વિચારો. આવું ને આવું કરશો તો બધું ઉંધુ વળી જશે. જેની ચાલ ચલગત સારી છે, વર્તણૂક સારી છે એને છોડવા જોઈએ. શંકરભાઈ વાઘેલા વખતે સારા ગુનેગારો હતા એને છોડી મૂક્યા હતા, ખોટા પુરાવા ઊભા કરીને જેને જેલમાં પૂરી દીધા છે અને જેમની સજાની મુદત પૂરી થઈ ગઈ છે તેમને છોડી મૂકવા જોઈએ તેવી મારી વિનંતી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિનિયોગ વિધેયક લઈને આવ્યા છે એમાં ૬૯ હજાર કરોડ રૂપિયા વાપરવા માટે આ ગૃહ પાસે અનુમતિ માગવા આવ્યા છે.

મારો મુદો પાણી પુરવઠા ખાતા દ્વારા પાઈપોની ખરીદીનો ખર્ચ કરવા છતાં પાણી પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતાનો છે. પાણી પુરવઠા ખાતું પાઈપોની ફેકટરી માટે જ ચાલતું હોય તેવી પ્રતીતિ થાય છે. ગુજરાતના ૮૪૦૦ ગામોમાં નર્મદાનું પાણી પહોંચાડવા માટે બલ્ક પાઈપ લાઈનો તથા પેટા લાઈનો નંખાઈ છે. અમારા કચ્છમાં ૭૦૦ ગામોને જોડવામાં આવ્યા છે તેમ છતાં પાણી તો ફક્ત ૧૯૦ ગામોમાં જ જાય છે. નર્મદાનું મીઠું પાણી ઉદ્યોગોને આપવામાં આવે છે જ્યારે પ્રજાને ખારુ પાણી આપવામાં આવે છે તેમ છતાં આ વખતના બજેટમાં ૪ હજાર કરોડ રૂપિયાનું બજેટ પાઈપ લાઈન માટે ફાળવેલ છે. ઢાંકીથી માળિયા, ઢાંકીથી રાજકોટ, ઢાંકીથી નાવડા અને ધ્રાંગધ્રા સુધી નાખવામાં આવશે. ૪૦૦ કિલોમીટરની પાઈપ લાઈન નાખવાની છે એમાં એક કિલોમીટર માટે દસ કરોડ રૂપિયાનો અંદાજ કરવામાં આવ્યો છે. આ પાઈપ લાઈનના પૈસા પાણીમાં જવાના છે કારણે કે પાણી આપવાની કોઈ ઇચ્છા કે વૃત્તિ કે અમલીકરણ કરવા માટે આ તંત્ર તદન નિષ્ફળ ગયું છે એ તરફ આપના મારફત માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. પાણી પુરવઠા બોર્ડનો હિસાબ લે કે આ પાઈપો કોન અને કેટલી આપવામાં આવે છે કારણ કે આ પાઈપ લાઈનનો ખર્ચ સામાજિક સેવાઓ અનુસાર થાય છે. સામાજીક સેવાઓ અન્વયે ઉદ્યોગોને આપવા માટેની કોઈ જોગવાઈ નથી. તેમ છતાં ઉદ્યોગોને મીઠું પાણી અને ગામડાંના લોકોને, શહેરના લોકોને ખારું પાણી આપવાની આ જે વૃત્તિમાંથી પાણી પુરવઠા બોર્ડને બહાર નીકળવા માટે અનુરોધ કરું છું.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા (જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ વિસ્તારોના પરા વિસ્તારના ગામોમાં પીવાના પાણીની તંગી નિવારવામાં પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં ગામથી ત્રણથી ચાર કિલોમીટર દૂર અનેક પરાઓ આવેલા છે. પીવાના પાણી માટેની ખૂબ જ તંગી છે. મારા વિસ્તારમાં હાલની તારીખે અત્યારે ઉનાળાની હજુ તો શરૂઆત જ થાય છે. ત્રણથી ચાર દિવસના આંતરે પાણી આપવામાં આવે છે. મેં માનનીય પાણી પુરવઠા-ગાંધીનગર વિભાગને લખીને પણ આપેલું છે પણ ત્યાંથી મને લેખિતમાં એવો જવાબ આપવામાં આવ્યો કે આ પાણીનો ખરેખર પીવાનો ઉપયોગ નહીં થાય. તેનો પણ કંઈક તો નિકાલ કરવો પડે. લોકો પીવાના પાણીની પરબો બાંધે છે. શા માટે? પૂણ્ય કમાવવા માટે. મંત્રીશ્રી મારા જિલ્લાના પ્રભારી છે. મારે તેમને વિનંતી કરવી છે કે આપ પણ પૂણ્ય લેવાનું નહીં ચૂકતા. એટલા માટે હું વિનંતી કરું છું કે મારા વિસ્તારમાં અત્યારે પાણીની ખૂબ જ જરૂરિયાત છે. તો તાકીદે લોકોને પીવાના પાણીની તંગી છે એ નિવારવા માટે કંઈક પણ પ્રયત્ન કરીને વહેલામાં વહેલી તકે પાણી આપે.

**શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે વિનિયોગ વિધેયકનો મુદ્દો છે, જંગલની જમીન ખેડતા ખેડૂતોની કાયદા અન્વયે હક્ક આપવા અંગેની અંદાજે એક લાખ ચોર્યાસી હજાર જેટલી પડતર માગણીઓનો નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે ૨૦૦૬નો કાયદો બનાવ્યો. આખા દેશમાં તેનું અમલીકરણ થાય છે. ગુજરાતમાં જ્યારે જંગલની જમીન જે ખેડૂતો ખેડે છે તેને આપવા માટે ગુજરાતના જે જિલ્લાઓ છે તેમાં ૧,૮૪,૩૨૮ વ્યકિતઓએ દાવા કર્યા અને સામુહિકના ૮૦૮૭ દાવા થયા છે પણ આ કાયદાનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. એટલા માટે કે જ્યારે આ જંગલની જમીન આપવા માટે સરકાર અને તંત્રની એટલી મોટી ઉદાસીનતા છે કે એ કામગીરી નહીં કરતી હોવાથી સેન્ટ્રલે જંગલ વિભાગને તેમાંથી ખસેડીને આદિજાતિ વિભાગને કામગીરી સોંપી તેમ છતાં પણ ગુજરાતના ખેડૂતોને એ લાભ આપવામાં આવતો નથી અને ઉપરથી આદિવાસીઓને હેરાન કરવામાં આવે અને હમણાં મારા મિત્રએ કહ્યું તેમ આ જે ખેડૂતો છે એ જંગલની જમીન

માગે તો તેને નકસલવાદી ગણીને તેની ધરપકડ કરવામાં આવે અને તંત્ર એટલી બધી ઉદાસીનતા દાખવે કે તેની અરજીઓ છે તેની ખરેખર તપાસણી જિલ્લા વાઈઝ થવી જોઈએ અને જે ખેડૂતો જંગલની જમીન ખેડે છે તેને પૂરતી જમીન ચાર હેકટર આપવામાં આવે એવી મારે આ તબક્કે વિનંતી કરવી છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ (નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી વિનિયોગ વિધેયક લઈને આવ્યા છે. મારા વડોદરા જિલ્લાના નસવાડી-કવાંટ-છોટા ઉદેપુર અને સંખેડા તાલુકામાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થઈ છે. માનનીય મંત્રીશ્રીને વારંવાર રજૂઆતો કરી છે. આ રજૂઆતો મારા નસવાડીની વાત કરું તો નસવાડીના ૨૧૨ ગામ છે અને ત્યાં નર્મદાની મુખ્ય કેનાલ પસાર થાય છે. પણ નસવાડી તાલુકાના કોઈ ગામડાંમાં આ પાણી પુરવઠાની યોજનાનો લાભ મળેલો નથી અને પાણીના તો અમારે માત્ર દર્શન જ કરવાના હોય છે. કવાંટમાં પણ એ જ પરિસ્થિતિ છે. જેતપુરમાં પણ એ જ પરિસ્થિતિ છે. જે હેન્ડપંપ બનાવવામાં આવેલ છે એ આજે ૮૦ ટકા નિષ્ફળ છે એમ કહું તો પણ ખોટું નથી. કારણ કે હેન્ડપંપમાં પાણીના તળ છે તે ૨૦૦ ફૂટથી નીચા જતા રહ્યા છે. પાણીના તળ નીચા જવાથી ૫૦ ટકા પાણીના હેન્ડપંપ બગડેલા છે. ૫૦ ટકા પાણી પુરવઠા વિભાગ દ્વારા રીપૅરીંગ કરવામાં આવે છે તેની પણ નિષ્ફળતા થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રીને એક જ વિનંતી છે કે નસવાડી અને કવાંટ માટે તમે પાણી પુરવઠાની યોજના કોઈ કરીને વહેલામાં વહેલી તકે, કારણ કે આ પ્રશ્ન શરૂઆતથી ૧૯૯૫થી ચાલતો આવે છે. એટલે માનનીય મંત્રી સાહેબને અમારા પ્રભારી મંત્રી પણ છે. એટલે આપ સાહેબને વિનંતી કરીએ છીએ કે નસવાડી-કવાંટ અને છોટા ઉદેપુર, જેતપુર-પાવીમાં જ્યાં જ્યાં પીવાના પાણીનો આજે પ્રશ્ન ઉપસ્થિત છે. પીવાના પાણીનો પ્રશ્ન આજે ઊભો થયો છે. કારણ કે, ગામડાઓમાં જઈએ છીએ ત્યારે પહેલાં લોકો પીવાનું પાણી માગે છે. આ બાબતે સત્વરે ધ્યાન આપે એટલી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

**શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, કોડીનાર નગરપાલિકા અને ઉના નગરપાલિકાને જે સરકારી ગ્રાન્ટ મળે છે એના દૂરપયોગ બાબતે મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી કૉમ્યૂનિટિ હૉલ બનાવ્યો અને હૉલ છેલ્લા કેટલાય વખતથી એક હજાર રૂપિયાના ભાડાથી પોતે નગરપાલિકાના સંચાલકોએ લઈ લઈને હમણાં જ કલેકટરશ્રીએ એમનો ચુકાદો આપ્યો છે એની અમલવારી ક્યારે થશે એ હું જાણતો નથી. આવી જ પરિસ્થિતિ મહિલા કૉલેજ માટે આગળની નગરપાલિકાએ જમીન આપેલી જ્યાં એનું મકાન બનાવવાનું હતું. આ લોકો આવ્યા ત્યારે આ જમીન એમણે ફેરવી અને એની પાસેથી આંચકી લીધી અને એમાં શોપીંગ સેન્ટરો બનાવ્યા અને એનો દૂરપયોગ કરીને સરકારી ગ્રાન્ટનો દૂરપયોગ કર્યો છે. આવી સરકારી જમીનમાં ઉના નગરપાલિકા હોય કે કોડીનાર નગરપાલિકા હોય એમાં એના સંચાલકોએ આ સરકારી મિલકત અને સરકાર તરફથી મળતી ગ્રાન્ટનો, સરકારી મકાનનો દૂરપયોગ કરીને પોતાની માલિકીનું મકાન હોય એ રીતે એનો ઉપયોગ કરે છે એ રીતે એનો દૂરપયોગ કર્યો છે. આયોજન મંડળની ગ્રાન્ટમાંથી પ્રાથમિક શાળાનું મકાન બન્યું છે આ મકાન નગરપાલિકાએ પોતાની માધ્યમિક શાળા ચલાવવા માટે ભાડે લઈ લીધેલ છે અને એનો ઉપયોગ આજેપણ કોઈપણ જાતના ઠરાવ સિવાય નગરપાલિકા પોતે કરે છે અને પ્રાથમિક શાળા પાસે એનો કબજો નથી. એટલે મારો અનુરોધ છે કે આ બાબતે સત્વરે નગરપાલિકાઓ ઉપર કાર્યવાહી કરવામાં આવે તેવી વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ જે પોતાની રજૂઆતો કરી છે એમાં શ્રી અનિલભાઈ જોષીયારાએ એમના આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સુવિધાઓ નથી. એમાં ખાસ કરીને સાબરકાંઠા જિલ્લાની વાત કરી અને ઉત્તર ગુજરાતની અંદર સાબરકાંઠા જિલ્લામાં નથી કરતા અને બીજા બધા જિલ્લાની અંદર થાય છે. તો સાબરકાંઠા જિલ્લામાં આજની તારીખે હાથમતી, મેશ્વો, હરણાવ-૧, હરણાવ-૨ બેડી સિંચાઇ યોજના આ પૂર્ણ કરી છે. કુલ ૬૪ નાની સિંચાઇ યોજનાઓ પૂર્ણ કરેલ છે. ૧૯૩૦ નાના ચેકડેમ પૂર્ણ કરેલ છે. ૨૦૭ તળાવો ઊંડા કરેલ છે, ૭ મોટા ચેકડેમ મેઘરજ તાલુકામાં પૂર્ણ કરેલ છે. ૪૭૫ અનુશ્રવણ તળાવો આ ચાર તાલુકામાં પૂર્ણ કરેલ છે. ૩૧૪ ગામોના તળાવો સલામત તબક્કા સુધી પૂર્ણ કરેલ છે. આ કરેલ કામગીરી છે એ ઉપરાંત જે આયોજન છે એમાં કહ્યું કે, કોઈ નવું આયોજન થતું નથી. એમાં ૧૨ મોટા ચેકડેમો અને ૧૨ ભૂગર્ભ ચેકડેમો તથા ૨૦૪ નાના ચેકડેમના કામો એ આયોજન હેઠળ છે. આગામી સમય માટે. ૧૮ તળાવો ઊંડા કરવાનું કામ આયોજન હેઠળ છે. નર્મદા મુખ્ય નહેર આધારિત વાત્રક, માઝમ અને મેશ્વો જળાશયમાં નર્મદાના પાણી નાખવા માટે ઉર્ધ્વવહન સિંચાઇ યોજના અમલમાં મૂકી છે. જેનાથી ૬૦૯ ગામોને પીવાનું પાણી મળી રહે એ રીતે સાબરકાંઠાની અંદર જે કાંઈ સિંચાઇ માટેની કામગીરી છે જે હતી અને ભવિષ્યમાં હજીપણ સભ્યશ્રીને કહું છું કે, આદિવાસી વિસ્તારની અંદર પીવાના પાણી માટે કે ખેતીના પાણી માટેની જે કોઈ યોજના હોય એમાં આજે કહ્યું છે એની તો નોંધ લીધી છે અને બીજી કોઈ ભવિષ્યમાં કોઈ યોજના હોય તો આદિવાસી વિસ્તાર માટે આપ ચોક્કસ કહી શકશો.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઈકબાલભાઈએ વાત કરી છે. ભરૂચ જિલ્લાની અંદર મધ્યબારા પાણી પુરવઠા યોજનાની નિષ્ફળતાના કારણે પડતી હાડમારી. મધ્યબારા જૂથ યોજના ૧૯૭૩માં થઈ હતી. એ પાતાળકૂવા આધારિત હતી. એ પાતાળકૂવાનું પાણી બગડી ગયું એટલે એ યોજનાને નર્મદા યોજના આધારિત નાંદ ખાતેના

ઈન્ટેક મારફતે કરવાની વાત કરી છે.અને ત્યાર પછી એમાંથી ૩૨ એમ.એલ.ડી. ફીલ્ટર પ્લાન્ટમાંથી ફીલ્ટર કરીને પાણી આપવાની વાત કરી પણ એનાથી પણ આપે કહ્યું કે જે ૧૦૫ ગામોને જે આ પાણી મળવું જોઈએ એ પૂરેપૂરા ગામોને પાણી મળતું નથી એટલા માટે આપણે મધ્યબાળા સુધારણા યોજના અને મીસીંગ લીંક માટેની ૩૧-૧-૨૦૧૦ સુધી ૯૮૧ લાખ ખર્ચ કરેલ છે, આ નવી યોજના છે અને આ જે નવું છે એ લગભગ આ જૂન મહીનાના આ વર્ષ ૨૦૧૦ની જૂન મહીનાની અંદર આ યોજના પૂરી થઈ જશે એટલે ૧૦૫ ગામોને પાણી મળતું થઈ જશે છતાં પણ એની અંદર કંઈક તૃટી રહે કે કંઈક ખામી રહે અથવા આ ૧૦૫ ગામો અને ૪ તાલુકા છે, પછાત વિસ્તારના જ છે, ભરૂચ છે, આમોદ અને વાગરા છે એની અંદર કંઈ મુસીબત હોય તો ચોક્કસ આમાં ધ્યાન દોરજો એમાં સરકાર એ રીતે કરશે. માનનીય પરેશભાઈ વસાવાસાહેબે વાત કરી છે કે કોલગી સમિતિ મુજબ પછાત તાલુકામાં ગ્રાન્ટની ફાળવણીમાં ધારાસભ્યને વિશ્વાસમાં લેવામાં આવતા નથી તો આ રીતે એમાં જે આ તાલુકાના જે પૈસા વાપરવાના હોય એના માટે એક કમિટી પણ બની છે કે જેની અંદર જિલ્લાના પ્રભારી સચિવશ્રી હોય છે, જેની અંદર જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી હોય છે, જિલ્લા કલેકટર હોય છે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હોય છે, તાલુકા પંચાયતના અધ્યક્ષશ્રી, હોય છે અને ધારાસભ્યશ્રી પણ એની અંદર હોય છે અને સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ પણ આ કમિટીની અંદર કામગીરી કરવા માટે હોય છે, .. .. અંતરાય, .. .. તમે ના પાડોમાંને હું જવાબ આમને આપુ છું. (અંતરાય) એક મિનિટ, આપણે માનનીય અધ્યક્ષશ્રી, અને છતાંય આની અંદર કોઈપણ ફરિયાદ હોય તો આપ કલેક્ટરને કહી શકો છો અને બીજી વાત કે સામાન્ય રીતે જે આ ગ્રામ્ય વિસ્તારના કામ માટેનો ધારાસભ્યનો પોતાનો વિસ્તાર હોય એના માટે માનનીય વિપક્ષના નેતાશ્રીએ પણ ૨૫-૨-૧૦ના રોજ પત્ર લખી અને એ પ્રમાણે વાત કરી છે કે ધારાસભ્ય જે વાત કરે એ ધારાસભ્યની નોંધને ગંભીરતાથી લઈને. એને અગ્રતા આપવી જોઈએ તો એની અંદર પણ અમે કલેક્ટરને સૂચના આપશું કે ધારાસભ્યનો પત્ર છે એના માટે આ રીતે એ કરવું જોઈએ. એમાં કોઈ સવાલ નથી અને આપણું કામ એ છે કે કોલગી સમિતિ મુજબના જે ૫૦ તાલુકા છે ત્યાં આપણી ગ્રાન્ટ બરાબર વ્યવસ્થિત વપરાય એના માટે આપણે પ્રયત્ન કરીશું. ભાઈશ્રી નિરંજનભાઈ એ વાત કરી

**અધ્યક્ષશ્રી** : એમને જવાબ આપવાની જરૂર નથી કારણ કે મુદ્દો ઉપસ્થિત કર્યા પછી જે સભ્ય જવાબ સાંભળવા માટે ના ઉપસ્થિત હોય એમને જવાબ આપવામાં આવતો નથી. નિરંજનભાઈ નથી, એટલે એમને જવાબ નહીં આપવાનો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય રાઘવજીભાઈએ જે વાત કરી છે કે અમારે ધ્રોળ તાલુકાની અંદર નાની અને મધ્યમ સિંચાઈ યોજનામાં બેદરકારીને કારણે પ્રજાને મુસીબત છે. હવે ધ્રોળ તાલુકાની અંદર ઉંડ-૧ સિંચાઈ યોજના, હમાપર નાની સિંચાઈ યોજના, ગઢડા નાની સિંચાઈ યોજના, ડાંગરા નાની સિંચાઈ યોજના આ બધી છે અને ઉંડ-૨ યોજના એ પણ પૂર્ણ થવા માટેની છે. આપે જે વાત કરી કે બાવની માટેની વાત કરી તો બાવની સિંચાઈ યોજના એ જમીન સંપાદન થયે, સંપાદનનું કામ ચાલુ છે એ સંપાદન થયે થઈ જશે અને બીજી પણ એક યોજના છે કે વાગોદળ સિંચાઇ યોજના એ ખેડૂતોના વાંધાને કારણે પડી છે, ક્ષેડૂતો એમાં એ પ્રમાણે કહે છે કે અમારી જે ડૂબતમાં જમીન જાય છે તો આ યોજના કરવાને બદલે તમે નાની નદી પર મોટા ચેકડેમો બનાવો કે જેના કારણે અમારી જમીન ડૂબતમાં ના જાય અને બધા ખેડૂતોને લાભ મળે એટલે એના માટે થઈને પણ સરકાર આ બાબતમાં વિચારે છે. ચંદુભાઈ ડાભીએ જે વાત કરી કે મોંઘવારી ભથ્થું ચૂકવવામાં નિષ્ફળ છે. માનનીય ચંદુભાઈને એટલું જ કહેવાનું કે મોંઘવારીી ભથ્થુ કેન્દ્રએ ડીકલેર કર્યા પછી આપણે કર્મચારીને જે મોંઘ ıવારી ભથ્થું આપીએ છીએ એ વધારે પ્રમાણે અને વધુ ચૂકવણી હોય તો આપણે પી.એફ.માં જમા કરીએ છીએ, ઓછું હોય તો રોકડમાં આપીએ છીએ. એની અંદર કોઈને કંઈ અસંતોષ નથી અને પી.એફ.માં જમા થાય એ બચત રહેશે. રોકડમાં હશે તો એ વહેલા વાપરી નાખશે એટલા માટે આપણે આપીએ છીએ, આપવામાં આપણે જરાય કસર કરતા નથી. માનનીય નટવરસિંહભાઈએ જે વાત કરી કે ૨૦ વર્ષની સજા પૂરી થાય કેદીઓને એવાને છોડવામાં આવતા નથી. સાબરમતી જેલની અંદર સામાન્ય રીતે ૧૪ વર્ષ જેને પુરા થઈ ગયા હોય એવા લોકોને ૧૪ વર્ષની કોરી સજા જો ભોગવી લે ત્યારબાદ સી.આર.પી.સી.ની ૪૩૩(૧) કલમ મુજબ એને સરકારને બાકીની સજા માફ કરવાની સત્તા છે.એ સત્તાને રૂએ કમિટી બનાવી છે. એ કમિટીમાં જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, જેલ સુપ્રિટેન્ડેન્ટ અને સામાજિક કાર્યકર એના માટે અભિપ્રાય આપે છે કે આ વ્યક્તિને ૧૪ વર્ષ પૂરા થઈ ગયા છે હવે છોડવા જેવો છે કે નહીં? લગભગ તો એને છોડી દે છે. જ્યારે છોડે ત્યારે અમુક શરતોએ છોડવામાં આવે છે કે તમારે વહેવાર અને વર્તન કેવા રાખવા. એમાં ખામી હોય તો થાય. આવો સાબરમતી જેલમાં એક જ વ્યક્તિને છોડ્યા પછી ફરીથી એણે ગુનો કર્યો એટલે એક જ વ્યકિતને લાવ્યા છે. બાકી ૧૪ વર્ષ થયા હોય એવા તમામ લોકોને છોડી દીધા છે. નામ આપતો નથી નહીં તો ઊહાપોહ થાય.

કિરણભાઈએ જે વાત કરી કે ગ્રામીણ પરા વિસ્તારમાં પીવાનું પાણી મળતું નથી. આજે ૧૦૨૪૦ ગામો અને ફળિયાઓને ૩૧૬ જૂથ યોજનાઓથી પાણી પૂરું પાડવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તાર માટે સરદાર સરોવર નર્મદા કેનાલ આધારિત સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, પંચમહાલના ગામો માટે ૯૬૩૩ ગામો અને ૧૩૧ શહેરો માટે ૮૨૦૦ કરોડની યોજનાના કામો અત્યારે ચાલે છે. સુજલામ્-સુફલામ્ યોજના હેઠળ ૧૦ જિલ્લા અને

૪૯૦૪ ગામો માટે ૨૪૦૦ કરોડની યોજના પણ અત્યારે ચાલું છે અને ખરાબ પાણીવાળા ગામો હતા ત્યાં સારું પાણી મળે એટલા માટે કુલ ૭૬૭૫ ગામો અને ફળિયા એવા હતા કે જ્યાં પીવાનું પાણી સારું ન હતું. એમાંથી આપણે ૭૪૫૦ને શુદ્ધ પાણી આપેલ છે અને બાકીના આ મહિનાના અંત સુધીમાં આ કામો પૂરા થવાના છે અને પાણી મળતું થઈ જશે. એટલે ખરાબ પાણી મળશે નહીં. છતાં પણ એકેએક ગામમાં પીવાનું પાણી મળે, પીવાનું પાણી જૂથ યોજનાનું મળતું થાય, સરફેસ વોટર મારફતે થાય અને ખરાબ પાણી હોય એવું હોય તો ક્યારેય પણ વિભાગનું ધ્યાન દોરજો. એના માટે રાજ્ય સરકાર પૂરેપૂરા પ્રયત્નો કરશે.

માનનીય બાબુભાઈ સાહેબે પાઈપ લાઈનની ખરીદીની વાત કરી કે આ યોજનાઓ કોન્ટ્રાકટર માટે થઈને કામો રખાતા હોય એવી રીતે વાત કરી. બાબુભાઈ, આજે જો લોકોને પાણી પહોંચાડવું હોય તો પાણીના સ્થળથી જે સ્થળે પાણી પહોંચાડવાનું હોય ત્યાં પાઈપ લાઈન નાખવાની હોય. કચ્છમાં પીવાનું પાણી આપ્યું એ નર્મદાનું પાણી પાઈપ લાઈન મારફતે આપ્યું. કચ્છમાં પાણી આપવાથી આપણે કાંઈ પાઈપ લાઈનના કારખાના વાળા સાથે કોઈ સમજૂતી કરી હોય એવી વાત નથી. એટલા માટે પાઈપ લાઈન ખરીદીમાં ખર્ચ કરીએ છીએ એનું પૂરેપૂરું વળતર મળે છે. પૂરેપૂરું પાણી લોકોને મળે છે એટલે આ બાબતમાં મેં હમણાં કિરણભાઈને વાત કરી એ જ વાત છે. આજે ખરાબ પાણી મળતું હતું, પીવા લાયક ન હતું ત્યાં પણ પાઈપ લાઈન મારફતે પાણી આપેલ છે. એટલે પાણીની પાઈપ લાઈન કરવા માટે એનો ધંધો ચાલે એના માટે યોજના કરીએ છીએ એ વાજબી નથી. છતાં આપ માનતા હોય તો તમારી માન્યતાને મારે દૂર કરવી નથી.

એ જ રીતે અમરસિંહભાઈએ જે વાત કરી એમાં રાજ્ય સરકારે જે વન અધિકાર નિયમો ૨૦૦૬ના નિયમો આવ્યા..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અમરસિંહભાઈ હાજર નથી.

**શ્રી વજુભાઈ વાળા** : ધીરૂભાઈએ વાત કરી કે નસવાડી, કવાંટ, છોટા ઉદેપુર, સંખેડા તાલુકામાં પીવાના પાણીની ગંભીર સમસ્યા છે તો નસવાડીમાં ૨૧૧ ગામો માટે ૧૬૯ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના છે અને ૧૩૭ પંપ છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી એક વિનંતી છે કે ઘણા સભ્યશ્રીઓ રજૂઆત કર્યા પછી હાજર રહેતા નથી. આપ કહો છો એનો જવાબ આપવાની જરૂરિયાત નથી. પરંતુ થાય એવું છે કે આરોપ રેકર્ડ ઉપર રહે છે. કાં તો રેકર્ડ સરખું કરવું હોય (અંતરાય) મને સાંભળો તો ખરાં. જો ખરેખર નિર્ણય કરવો હોય તો એવો કરવો જોઈએ કે એમનો પ્રશ્ન પણ રેકર્ડ ઉપરથી કાઢી નાખવો જોઈએ. (અંતરાય) મારી વાત તો પૂરી થવા દો.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ. જરૂર હશે તો આપને કહીશ.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યશ્રીએ મુદ્દો ઉપાડયો છે એ મુદ્દો રાજ્ય સરકારના વહીવટને લગતી ઉણપનો છે. ઉણપને લગતો મુદ્દો ઊભો કર્યો હોય અને રાજ્ય સરકારના મંત્રીશ્રી ઉણપ છે કે નહિ એની જો ચોખવટ ના મૂકી શકતા હોય, કાં તો પછી એમનો મુદ્દો પણ રદ કરવો પડે, કાં તો મંત્રીશ્રીને જવાબ આપવા દેવો પડે. આપણે પ્રણાલિકાના નામે માનનીય અધ્યક્ષશ્રી, ફકત આરોપ રેકર્ડ ઉપર રહે એ રીતની વ્યવસ્થા કરવા માગીએ તો આ સરકારના વહીવટ સાથે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : આઈ એમ રેડી ટુ લિસન યુ. એમનું પૂરું થાય એટલે હું આપને કહીશ.

**શ્રી અમિત શાહ** : જવાબ રેકોર્ડ ઉપર મુકવાની મંજૂરી આપવી જોઈએ. આનાથી કામની રચના એ રીતે થાય છે કે ફકત આરોપો જ એનાથી આવે છે.

**અધ્યક્ષશ્રી** : મૂળ પ્રશ્ન માનનીય મંત્રીશ્રી સંસદીય બાબતોના એ જે મુદ્દો ઉપાડયો તે વિરોધપક્ષ માટે નથી. પ્રશ્ન એ છે કે (અંતરાય) આપ બેસી જશો. જે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો હોય અને એમણે જે મુદ્દા ઉપસ્થિત કર્યા હોય સામાન્ય રીતે આપણે ત્યાં પ્રણાલિકા રહી છે કે એમણે હાજર રહેવું જોઈએ અને એ જો હાજર ના રહે તો મંત્રીશ્રી એનો જવાબ ના આપે. પરંતુ જો મંત્રીશ્રી ઉપસ્થિત થયેલા મુદ્દાનો જવાબ રેકર્ડ ઉપર આપવો હોય તો મને વાંધો હોતો નથી પ્રણાલિકા આ છે. (અંતરાય) નહિ, મનેય વાંધો નથી, એમને પણ વાંધો નથી. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે કહ્યું ના આપે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મેં કહ્યુ એવો કોઈ સવાલ નથી.

**શ્રી અમિત શાહ** : વજુભાઈ સાહેબ જવાબ નથી આપતા એટલે મારું એટલું જ કહેવું છે કે જવાબ આપવો હોય તો વજુભાઈ સાહેબ આપે શકે એટલી આપ સ્પષ્ટતા કરી દો.

**અધ્યક્ષશ્રી** : મારું તો આટલું જ છે કે હું સ્પષ્ટ છું. આ બાબતની અંદર જે સભ્યો પ્રશ્ન ઉપસ્થિત કરે એણે સાંભળવા ઊભા રહેવું એ એનો વિવેક પણ છે અને એ એની જરૂરિયાત પણ છે. પરંતુ જે સભ્યો ગેરહાજર હોય અને એનો જવાબ મંત્રીશ્રીએ આપવો કે ના આપવો એ મંત્રીશ્રીના અધિકાર ઉપર રહે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હવે તો લગભગ મુદ્દા પતવા આવ્યાં છે જે ગયાં એ પૂરું થયું. ધીરૂભાઈએ જે ચાર તાલુકા માટેની વાત છે એમાં નસવાડીમાં ૨૧૧ ગામો છે ત્યાં ૧૬૯ સ્વતંત્ર પાણી પુરવઠા

યોજનાઓ ચાલુ છે, ૧૩૭ હેન્ડપંપો છે અને પાંચ કૂવાઓ છે. એ જ રીતે કવાંટ તાલુકાની અંદર ૧૩૩ ગામો વચ્ચે ૧૮ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના છે. પરંતુ ત્યાં ડંકીઓ છે, હેન્ડપંપ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે એ ૩૩૦૯ હેન્ડપંપો છે એ બે કૂવાઓ છે. છોટાઉદેપુરની અંદર ૧૪૩ ગામો છે ત્યાં સ્વતંત્ર પાણી પુરવઠા યોજના ૮ જ છે પણ હેન્ડપંપો ત્યાં છે ૩૩૭૩ છે અને એજ રીતે સંખેડા તાલુકાની અંદર ૧૮૧ ગામો છે એની અંદર જૂથ યોજના છે એ ૫૯ છે, સ્વતંત્ર પાણી પુરવઠા યોજના ૮૭ છે અને ૧૨૯૨ હેન્ડપંપો છે. આ રીતે ચારે ચાર તાલુકાની અંદર હેન્ડપંપો મારફત થાય છે અને આ ઉપરાંત કવાંટ તાલુકામાં હાફેસ્વર પાણી પુરવઠા જૂથ યોજનામાં ૧૨૧.૨૨ કરોડ આપણે મંજૂર કર્યા છે અને આ કવાંટના ૯૬ અને જેતપુર પાવી તાલુકો છે એના ૪૨ ગામો મળીને ૧૩૮ ગામોને પાણી મળે એ પ્રકારની આ નવી યોજના પણ કવાંટ તાલુકામાં કરી છે અને છતાં કોઈ તાલુકાની અંદર હજી પીવાના પાણી માટેની યોજના અંગે આપનું સૂચન હોય તો એ ચોક્કસ કહેજો. તમામ ગામોને પાણી મળે એના માટે રાજ્ય સરકાર કટ્ટીબદ્ધ છે. એ જ રીતે માનનીય સભ્યશ્રી ધીરસિંહભાઈએ વાત કરી નગરપાલિકામાં જે ગ્રાન્ટ મળે છે એની અંદર દૂરુપયોગ થાય છે. નગરપાલિકાને મળતી ગ્રાન્ટોનો દૂરપયોગ થતો હોય તો એના માટે સુપરવિઝન માટેના પાવર્સ એ કલેકટરશ્રીને હોય છે. કલેકટરશ્રીને ફરિયાદ કરે, કલેકટરશ્રી એની તપાસ કરે છે એ તપાસ કર્યા પછી અહીંયા નિયામકશ્રી નગરપાલિકાને પણ મોકલે છે. અને રાજ્ય સરકારને પણ મોકલે છે આવી કોઈ પણ ફરિયાદ હોય તો એ રીતે ચોક્કસ કહેજો હું પણ કલેકટરને સૂચના આપીશ. અહીંયાથી ફોરવર્ડ કરીને રાજ્ય સરકાર નગરપાલિકાને એ રીતે મોકલે અને ધારાસભ્યને પણ ફરિયાદ કરવા માટેનો આપણને હક અને અધિકાર છે. આ રીતે જે જુદા જુદા મુદ્દાઓ છે એને મેં મારો જવાબ આપ્યો છે. આ મારું પહેલું વાંચન છે એ મંજૂર રાખે. (આ તકે માનનીય સભ્યશ્રી નિરંજનભાઈ પટેલ હાઉસમાં આવી પોતાની બેઠકેથી કાંઈક બોલતાં)

**અધ્યક્ષશ્રી** : આપ હાજર નહતા, આપને જો પ્રશ્નની ગંભીરતા હોત ને તો પ્રશ્નનો જવાબ સાંભળવા તમે હાજર હોત. (અંતરાય)

**શ્રી નિરંજન પટેલ** : સાહેબ, કુદરતી હાજતે ગયો હતો.

**અધ્યક્ષશ્રી** :: નહીં, એ કયાં ગયા એ મારા માટે અગત્યનું નથી ભાઈ, (અંતરાય) નહીં, ના. મંત્રીશ્રીએ, પ્રભારી મંત્રીશ્રીએ જવાબ આપવાનો છે એમના ઉપર રહે છે, શ્રી નિરંજનભાઈ કે શ્રી અમરસિંહભાઈ પ્રશ્ન ઉપસ્થિત કરીને ગેરહાજર રહ્યા, કે કુંવરજીભાઈ ગેરહાજર રહ્યા, જે ગેરહાજર રહ્યા એને એના જવાબ પછીથી માગવાનો કોઈ અધિકાર રહેતો નથી (અંતરાય) નહીં, મેં બહું સ્પષ્ટ નિર્ણયમાં કહ્યું છે કે, મંત્રીશ્રીએ એનો જવાબ આપવો હોય તો એ સ્વતંત્ર છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પાઈપ લાઈન માટે કહ્યું કે, ઢાંકીથી માળિયા, ઢાંકીથી રાજકોટ, ઢાંકીથી નાવડા અને ઢાંકીથી ધાંગધ્રા અત્યારે હયાત નર્મદા નહેરને અને માળિયા શાખાને વલ્લભીપુરથી પાણી જાય છે અને રાજકોટમાં માત્ર પાંચ કરોડ લિટર પાણીનું વહન કરવા માટે થઈ અગિયારસો કરોડ રૂપિયાની નવી પાઈપ લાઈનનની દરખાસ્ત એ વ્યવહારું છે કે કેમ એના ઉપર નાણા મંત્રીશ્રી એનું મોનેટરીંગ કરે, એની તપાસ કરે અને આ ખર્ચો ફાજલ થવાનો હોય તો આ ખર્ચ ન કરવા માટેની મેં વાત સજેશન રૂપે કરેલી છે. એટલા માટે થઈને પાઈપ લાઈનના માત્ર ઑર્ડર જ આપવાના અને પાઈપ લાઈનને પાણી વહન કરવા માટેની જરૂરી વ્યવસ્થા હોવા છતાં પણ આ પેરેલર પાઈપ લાઈનનું આ વધારાનું ખર્ચનું જે આયોજન કરેલું છે એટલા તરફ મેં આપનું ધ્યાન દોરેલું છે.

**શ્રી વજુભાઈ વાળા** : આપનું ધ્યાન દોર્યુ (અંતરાય) ધ્યાનમાં લીધું છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી મોહનભાઈ, આપને વચ્ચે ડિસર્ટબ કરવાનો અધિકાર નથી. હવે આપ આપની જગ્યા ઉપર બેસી જાઓ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૫- સન ૨૦૧૦નું ગુજરાત વિનિયોગ વિધેયક ક્રમાંક-૧૫નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૫- સન ૨૦૧૦નું ગુજરાત વિનિયોગ વિધેયક ક્રમાંક-૧૫નું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક -૧૫નું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૧.
# મુંબઈ મોટર વાહન વેરા(ગુજરાત સુધારા)વિધેયક,૨૦૧૦
### મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૦ના મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયકને દાખલ કરવામાં આવે છે.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૦ના મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક માનનીય નાણામંત્રીશ્રીએ બજેટમાં વાહન વ્યવહાર વિભાગને લગતી જે જોગવાઈ કરી છે એને આનુષાંગિક સુધારા વિધેયક છે એમાં ત્રણ મુખ્ય સુધારાઓ છે એક તો વાહનના વેચાણ બાદ ફરીવાર જો માલિક એને વેચે તો અત્યારે એની ઉપર ટેક્સ નથી લેવાતો એટલે એના લીધે અનેક વાર વેચાણ થયા પછી પણ રેકોર્ડ સુધારવામાં તકલીફ પડે છે. આની જો કોઈ સુચારુ વ્યવસ્થા ગોઠવવી હોય અને એક ટોકન ટેકસ પણ હોવો જોઈએ અને એ ૨૫ટકાની અપર મર્યાદામાં જે મુળ વેચાણ વખતે ટેકસ લેવામાં આવ્યો હોય એની અપર મર્યાદામાં આ ટેકસ લેવાય એના માટે સુધારા કરતું આ વિધેયક છે અને માનનીય નાણામંત્રીશ્રીએ એના માટે અમુક પ્રકારના વાહનોને મુકિત આપવાની જાહેરાત પણ બજેટમાં કરી છે એટલે ખેતી કાર્યકર્તા ટ્રેકટર, ત્રણ મુસાફરો વહન કરવાની ઓટોરીક્ષા અને વિકલાંગો માટેના વાહનો અને એની સાથેસાથે જે ખૂબ જૂના વાહનો છે દસ કે પંદર વર્ષથી જૂના એ પણ સરકાર વિચારણા કરીને એની ઉપર પણ ટેકસના દરોમાં ફેરફાર કરીને એકદમ ટોકન પ્રકારનો ટેકસ લે એવું નોટીફીકેશન વખતે ધ્યાનમાં રાખવાની અમે વિચારણા કરી છે. એની સાથે ૬ થી ૧૨ સીટના કોન્ટ્રેકટ કેરેજ વાહનોને પણ જે હાલ અત્યારે વેરો ભરવાની વ્યવસ્થા છે એ માસિક છે એની જગ્યાએ વાર્ષિક કરવા માગીએ છીએ જેથી વારેઘડીએ આર.ટી.ઓ. કચેરી ઉપર આવવું ન પડે અને વહિવટી ભારણ ઘટે. એ જ પ્રમાણે ત્રણથી સાડાસાત ટન સુધીના માલવાહક વાહનો જે છે એના ઉપર ઉચ્ચક વેરો લેવાની અમે જોગવાઈ કરી છે જેથી દર વર્ષે છ મહિને આ વેરો ભરવા માટે આવવું ન પડે અને એની ઉપર ૬ટકા વેરો લેવાની દરખાસ્ત છે અને છટકા નકકી કરતી વખતે વાહનનું આયુષ્ય, કિંમત, એની એવરેજ કાઢીને એની ઉપર વેરાનું ભારણ ના વધે એના માટે પુરતી ચિંતા કરવામાં આવી છે એટલે આ ત્રણ ટેકનીકલ સુધારાઓ લઈને હું આ બીલ સાથે ઉપસ્થિત થયો છું. મારી વિનંતી છે કે સૌ સભ્યો આ સરળતા ખાતરના સુધારા છે અને વ્યવસ્થા વધુ સારી થાય એ માટેના સુધારા છે એને સ્વીકારે એવી મારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આ સુધારા વિધેયક લઈને આવ્યા છે એ કોના ઉપર આપણે કરનો ભાર નાખવા જઈ રહ્યા છીએ? કોઈ સંજોગોમાં એને સમર્થન એટલા માટે ન આપી શકાય સામાન્ય પરિસ્થિતિ જયારે આપણો કરનો કોરડો વિંઝાય ત્યારે જે શ્રીમંત લોકો છે, જે પૈસા વધારે ભરી શકે તેમ છે, જે લકઝરી ભોગવે છે એના ઉપર ટેકસનું ભારણ વધવું જોઈએ. સામાન્ય માણસ, મધ્યમ વર્ગની વ્યકિત એને ટેકસેસનમાં રાહત આપવી જોઈએ. આ વિધેયક કોને માર પાડવાનું છે? નવા વાહન ઉપર આપણે નથી વધારતા. જયારે વાહનની ખરીદી થાય છે ત્યારે આપણા કાયદા મુજબ આપણે એમના પાસેથી વેરો લઈએ છીએ. આજીવન વેરા તરીકે વેરો લઈએ છીએ. પંદર વર્ષનું આયુષ્ય ગણીને લઈએ છીએ. નવા વાહન ખરીદનારે એ વાહનનો આજીવન કર ભરી દીધો છે. એક કર ભરાયા પછી એ માણસ એ વાહન વેચે છે એ ટ્રાન્ઝેકશનને કારણે રાજય સરકારને પેલા મુળ ભરાયેલા કરમાં કોઈ ફેર પડવાનો નથી જયારે મુળ ભરાયેલો કર છે એના ઉપર સેકન્ડ હેન્ડ જયારે વેચાણ થાય છે ત્યારે આપની આ કર માટેની દરખાસ્ત હું માનું છું કે આ દરખાસ્ત પહેલો મારો વિરોધ એ છે કે કાયદાકીય રીતે પણ અલ્ટ્રાવાયરસ છે એટલા માટે કે એક વખત આપે પ્રોમીસ કર્યું, આપના કાયદાથી પ્રોમીસ કર્યું.કે જે વાહન ખરીદાયું છે, એનો હું ટેક્સ લઉં છું અને એ આજીવન લઉં છું. એ વાહન પર ફરી ટેક્સ નથી લેવાનો. એ ધોરણે એ વ્યક્તિ વાહન ખરીદે છે. આપનું પ્રોમીસ અને આપના કાયદા મુજબ એ પૈસા ભરે છે. આજે આપણે સંશોધન લઈને આવીએ છીએ કે હવે ભલે તે વાહન ખરીદ્યું, ત્યારે મારું પ્રોમીસ હતું, ભલે વાહન ખરીદ્યું ત્યારે મારો કાયદો હતો તે પ્રમાણે આજીવન કર રૂપે પૈસા ભર્યા છે, પણ હવે સૅકન્ડ સેલ થાય છે, તેમાં પણ મારે ટેક્સ લવો છે. મને લાગે છે કે આ સંશોધન આ

* વિધેયક તા. ૧૬મી માર્ચ, ૨૦૧૦ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટરમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સુધારાઓ એ રાજ્ય સરકાર માટે પણ સારા નથી. રાજ્ય સરકારે બનાવેલ કાયદામાં આ પ્રકારના સુધારાઓ એ કાયદાની પરિભાષા માટે પણ અલ્ટ્રાવાયર્સ થઈ શકે તેવા છે. આ પ્રકારના સુધારા એ સામાન્ય માણસ ઉપર બોજો નાખનારા છે. સૅકન્ડ હેન્ડ કાર કોણ ખરીદે છે? સૅકન્ડ હેન્ડ કાર એ કોઈ શ્રીમંત માણસ નથી ખરીદતો. ગુજરાતમાં મધ્યમવર્ગ મોટો છે અને તે મધ્યમવર્ગની ચિંતા આ સભાગૃહમાં આપણે સૌએ કરવી જોઈએ. મધ્યમવર્ગની વ્યકિત સૅકન્ડ હેન્ડ વાહન ખરીદે છે. એના બે છેડા માંડ માંડ ભેગા કરીને એ વાહન ખરીદે છે. જો એની પાસે સાધન સંપન્ન હોત તો એ નવું જ વાહન ખરીદેત અને કદાચ આપને જરૂરિયાત પડી હોય તો આપના ટેક્સનું ભારણ આપના સુધારાઓ, આપની આવક વધારવી હોય તો આપ ત્યાં લાવોને? ત્યાં આપણે નથી લાવતા. રાજ્યના કરના માળખામાં કર વધારવો હોય તો આપ એક ઝાટકે ત્યાં સુધારો કરીને લાવી શક્યા હોત. દા.ત. કોઈ એસ.ઈ.ઝેડ બનાવે તો આપણે એમને સ્ટૅમ્પ ડ્યૂટીમાંથી માફી આપીએ છીએ, પણ એ જ સ્ટૅમ્પ ડ્યૂટીનો લાભ લીધા પછી એ વ્યકિત પાછો પોતે જમીન એ રાખતો નથી. એ બીજાને આપી દે છે, તો ત્યાં આગળ આપણે એમ નથી કહેતા તને જ્યારે મેં સ્ટૅમ્પ ડ્યૂટી માફ કરી હતી, તે સ્ટૅમ્પ ડ્યૂટીના પૈસા લાવ વ્યાજ સાથે ભર. વ્યાજ સાથે ગણત. અમે એને સમર્થન આપત. આવા લોકો પાસેથી ટેક્સ લઈએ છીએ. એક માણસ એસ.ઈ.ઝેડ માટે જમીન લે છે. તેને સ્ટૅમ્પ ડ્યૂટીમાં આપણે માફી આપી દઈએ છીએ. જમીન લઈ લીધા પછી જાહેર કરે છે કે I am withdrawing from SEZ. હું એસ.ઈ.ઝેડ માંથી વિથડ્રો થઈ જાઉ છું. આપણે એના ઉપર ટેક્સ નથી લેતા. એ મોટો માણસ છે, જેના કારણોસર આપણે એને સ્ટૅમ્પ ડ્યૂટીની માફી આપી છે, એમાં નથી પડતા. અહી મધ્યમ વર્ગનો માણસ છે. એના ઉપર આપણા ટેક્સનું ભારણ વધે છે. એક તારણ છે. I May be wrong. કોઈકે તારણ કાઢીને આપ્યું છે કે અમદાવાદ શહેરમાં આર.ટી.ઓ.માં ટ્રાન્સફર માટે વાર્ષિક ૪ લાખ સૅકન્ડ હેન્ડ વાહનો રજિસ્ટર્ડ થાય છે. ગુજરાતમાં લગભગ ૧૫ લાખ કરતાં વધારે વાહનો સૅકન્ડ હેન્ડ વાહનો એ રજિસ્ટર્ડ થાય છે. આપ પહેલા ટેક્સના ૧૫ ટકા લેવાના છો, એના કારણે. ગુજરાતની જનતા ઉપર કરોડોનો ટેક્સ વધશે અને આ કોના ઉપર વધશે? એ આમ આદમી, મધ્યમ વર્ગના માણસ ઉપર. આપણે ગુજરાતમાં એમ નહિ કહી શકીએ બે પૈડાવાળું વાહન લેનારો કે ચાર પૈડાવાળું વાહન લેનારો એની વકીલાત તમે નહિ કરો. એ ગરીબ નથી એ તો શ્રીમંત કહેવાય. ગુજરાત મધ્યમ વર્ગથી ભરેલું પડેલું છે અને ગુજરાતના વિકાસમાં મોટાઓનું યોગદાન કરતા આ મધ્યમવર્ગનું મોટું યોગદાન છે. એનું આઉટપૂટ ક્યારે વધે? જ્યારે દ્વી ચક્રી કે ચાર ચક્રી વાહન લઈને ગુજરાતના વિકાસમાં યોગદાન આપતો થશે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાતના વિકાસમાં વધારે ફાયદો થવાનો છે તે સંજોગોમાં આ વર્ગ ઉપર શા માટે ટેક્સનો કોરડો વીંઝીએ છીએ અને તે પણ કેવી રીતે? એક વખત લાઈફ ટાઈમ ટેક્સ લઈ લીધા પછી અને આપણે વાહન ખરીદયું હતું ત્યારે પ્રોમીસ આપ્યા પછી આજે આપણે તેના પર મૂળ વેરાના ઉપર ટેક્સ લાવવાની વાત કરીએ છીએ તેને કોઈ સંજોગોમાં ન્યાયી ન ઠરાવી શકીએ. વાહન લે છે ત્યારે ટ્રાન્સફર ફી દ્વિચક્રી વાહનો માટે, બાઈક માટે, સ્કૂટર માટે, બે પૈડાના વાહનો માટે આપણે ૫૦ રૂપિયા ટ્રાન્સફર ફી લઈએ છીએ અને એલ.એમ.વી. લાઈટ મોટર વ્હીકલ માટે, પાર પૈડાવાળી નાની ગાડીઓ માટે આપણે ૧૦૦ રૂપિયા ટ્રાન્સફર ફી લઈએ છીએ. નિયમ મુજબ આર.ટી.ઓ. લાઈફ ટાઈમનો ટેક્સ ૧૫ ટકાનો કર લાગુ પાડે છે. તે ૧૫ ટકા પણ આપણે ભરીએ છીએ. આ બધું જ હોવા છતાં આપણી નજરમાંથી સેકન્ડ હેન્ડ સેલ પણ આપણી નજરમાં ચડી જાય અને તેમાં પણ પૈસા લેવા જોઈએ. સેકન્ડ હેન્ડ વાહનોના ૬૦ ટકા, જે સરવે થયો છે તેમાં ૬૦ ટકા વાહનો તે મીડલ કલાસ કે અપર મીડલ કલાસ નહીં પણ ગુજરાતના લોઅર મીડલ કલાસનો માણસ લેતો થયો છે. તે તેના બાળકોને ભણવા માટે મોકલવામાં રીક્ષાનું ભાડુ નથી પોષાતું એટલે સેકન્ડ હેન્ડ વાહન લે છે. તેના બાળકને સ્કૂલે મૂકવા અને લેવા જાય છે. પાછો તે તેમાં જઈને પાછો નોકરી જાય છે અને ફરી લેવા જાય છે. આ રીતે તેના બે છેડા ભેગા કરનારો માણસ છે. એવા વર્ગના લોકો લોઅર મીડલ કલાસ સેકન્ડ હેન્ડ પરચેઝ ૬૦ ટકા લોઅર મીડલ કલાસના લોકો કરે છે. આ સર્વેક્ષણ આપણે આપના ટેકસનો કોરડો નાંખતી વખતે ન દેખાયું. ૪૦ ટકા રુરલ એરીયામાં સેકન્ડ હેન્ડ સેલ થાય છે. શહેરી લોકો નહીં. ગ્રામીણ વિસ્તારના લોકો છે તે મોટાભાગે સેકન્ડ હેન્ડ વાહન લે છે. આપણે કદાચ કોઈ ભાષણ માટે કહેતા હોઈશું કે મારા રાજયનો ખેડૂત દરવર્ષે નવી મારુતિ લે છે. ભાષણ માટે કહેતા હોઈશું. આવો તો ખરા ગામડાના આમ ખેડૂતની પરિસ્થિતિ પૂછો તો ખરા? એ બે પૈડા કે ચાર પૈડાવાળું વાહન મંડળીની લોન લઈને લે છે. તે ઉછીના પાછીના કરીને લે છે. તે માણસ સેકન્ડ હેન્ડ વાહન ખરીદે છે. તે પણ આપણી નજરમાં ચડી ગયો. આવા ઓછા લોકો નથી ૪૦ ટકા લોકો છે. આપ રીસેલના આંકડાઓ ચકાસો તો ખાપને ખ્યાલ આવશે કે ૪૦ ટકા ગ્રામીણ વિસ્તારના લોકો તે સેકન્ડ હેન્ડ વાહન ખરીદે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દસ ટકા લોકો તે અપર મીડલ કલાસ છે. અપર મડલ કલાસના લોકો છે. સેકન્ડ હેન્ડ વાહન ખરીદે છે. લકઝુરીયસ ગાડી સેકન્ડ હેન્ડ સેલમાં લેતા હશે તે દસ ટકા લોકો છે. ૯૦ ટકા લોકો તે લોઅર મીડલ કલાસ, મીડલ કલાસ તેમાંથી આવનારા લોકો છે. આપણા ટેક્સના ભારણ તેના પર નહીં હોવા જોઈએ. ચાણકયની અર્થનીતિ કહે છે કે રાજય સરકારની અર્થ વ્યવસ્થા તે કમંડર જેવી હોવી જોઈએ. જેનો ઉપરનો ભાગ વિશાળ ખુલ્લો હોય, ફટાક દઈને ભરાઈ જાય અને વિતરણ કરવાનું આવે ત્યારે કમંડરનું નાળચુ

નાની કટોરીમાં પીરસે તેમ સમાજના છેડે બેસેલા માણસને મહત્તમ લાભ તે અર્થ વ્યવસ્થાનો મળવો જોઈએ. આપણે તો ઉંધુ કરીએ છીએ કે નાનામાં નાના માણસ પાસેથી લઈલો અને મોટાઓ માટે ખુલ્લું રાખો કે જાઓ તમે જલસા કરો. તમને એસઈઝેડમા્ તેમને એસઈઝેડમાં સ્ટૅમ્પ ડ્યૂટીમાંથી મુકિત, તમને જમીન મફતના ભાવે આપું પણ સેકન્ડ હેન્ડ વાહન ખરીદનારો મધ્યમ વર્ગનો, લોઅર મીડલ કલાસનો જે સેકન્ડ હેન્ડ વાહન ખરીદે છે તેની પાસેથી મારે ટેકસ લઈ લેવો છે. તેના પર મારે ભારણ નાંખવું છે. નવું વાહન હોય એ આરટીઓ ઓફિસમાં રજીસ્ટ્રેશન માટે આવે છે એ જ વખતે જે ટેક્સ લેવાય છે એની સમય મર્યાદા પણ છે, એ સમય મર્યાદા આપે નકકી કરેલી છે આપના કાયદાથી નકકી કરેલી છે. એ પ્રમાણે પંદર વર્ષનું આયુષ્ય ગણીને લાઈફ ટાઈમ ટેક્સ વસુલ કરીએ છીએ. સર્વેક્ષણ કહે છે અને આપણા સૌના અનુભવ પણ કહે છે કે, પંદર વર્ષ દરમિયાન આ વાહન છ થી દશ વખત રિસેલ થતું હોય છે. મેઈન વ્યકિત જે ખરીદનાર છે, ઘણા શ્રીમંતો એવા પણ છે કે જે દર વર્ષે વાહન બદલાવે છે, ઘણા એવા લોકો હોય છે કે દર બેસતા વર્ષના દિવસે નવું વાહન લાવે અને જુંનું વાહન કે જેને એક વર્ષ થયું હોય એને વેચી કાઢે. આવા શ્રીમંતો પણ છે. લક્ઝરીયસ લાઈફ જીવનારા લોકો છે એના ઉપર આપે ટેક્સનું ભારણ નાખવું જોઈએ. છ થી દશ વખત જે વાહન પંદર વર્ષમા વેચાવાનું છે.આજ સુધી કોઈ સરકારે આવું નહીં વિચાર્યુ, કારણ કે રિસેલ થાય છે એમાં આપણી ટેક્સ સ્ટ્રકચરની પ્રોમીસ મુજબ આપણે પંદર વર્ષનો ટેક્સ તો લઈ લીધો છે. Now, we have right to impose tax again and again, અને એ પણ કોના ઉપર? મીડલ કલાસ અને લોઅર મીડલ કલાસ. વાહનની કિંમતના ૭૦ ટકા રકમ કયા ટેક્સના ભરાય છે એના આંકડા મારે આપવા છે. નવું વાહન શોરૂમમાં હોય એની કિંમત ત્રણ લાખ રૂપિયા હોય, આરટીઓનો ટેકસ સાત ટકા લાગે, શું પરિસ્થિતિ થાય? ૨૧૦૦૦ રૂપિયા આરટીઓ ટેકસના ભરાય, હવે વાહન ટ્રાન્સફર કરીએ તો ૨૧૦૦૦ના પંદર ટકા, આપના નવા સ્લેબ મુજબ મૂળ ટેકસ જે ભરાયો છે ત્રણ લાખના સાત ટકા પ્રમાણે આપ ટેકસ લો છો એટલે એકવીસ હજાર, એકવીસ હજારના પંદર ટકા આ બિલથી આપ વધારશો એટલે આપનો ટેકસ ૩૧૫૦ રૂપિયા બીજો થવાનો. આ વાહન દશ વર્ષના સમય ગાળામાં એવરેજ, દશ વખત હું નથી કહેતો, છ થી દશ વખત છે એમાં એવરેજ એમ કહું કે સાત વખત ટ્રાન્સફર થાય. સાત વખત આ વાહન ટ્રાન્સફર થાય એટલે પરિસ્થિતિ શું થવાની? કુલ ૩૯૯૦૦ રૂપિયા ટેકસ પેટે જમા થવાના. વાહનની વેલ્યુએશન કયાં પહોંચવાની? ૬૦૦૦૦ રૂપિયા અને આપનો ટેકસ કયાં પહોંચવાનો? ૩૯૯૦૦ રૂપિયા સુધી, મતલબ વાહન જયારે વેચાતું વેચાતું છેડા ઉપર પહોંચવાનું અને એની કિંમત થાય ત્યારે એના ૭૦ ટકા પૈસા તો રાજયની તિજોરીમાં ટેક્સ માટે જતા રહેવાના. શું આ નાણાકીય વ્યવસ્થા, શું આ ટેકસનું સ્ટ્રકચર એને આપણે જસ્ટીફાઈ કરી શકીએ ખરા? અરે, હું તો કહું છું ઉદારતા રાખો એક વર્ગ માટે, કે જેને ખરેખર જરૂરિયાત છે અને મુશ્કેલીઓ વધવાની કયાં? થશે શું? અવ્યવસ્થા વધવાની. બધા જ વાહનો લીઝ ફાઈનાન્સવાળા નથી. હા, હું સમજી શકું કે ૧૦૦ ટકા લીઝ ફાઈનાન્સવાળું વાહન હશે એમાં ટ્રાન્સફરમાં ગરબડ નહીં આવે કારણ કે એ લીઝ ફાઈનાન્સવાળું વાહન છે. એ વેચાશે એના ઉપર લીઝ ફાઈનાન્સીંગના પૈસા છે એ પેસા છે એટલા માટે લીઝ ફાઈનાન્સીંગવાળું વાહન ટ્રાન્સફર થશે તો એનો રેકોર્ડ પણ મેઈન્ટેન થશે, આપનો ટેકસ પણ ભરાશે પણ આવા વાહનોની સંખ્યા કેટલી? આપને શહેરનો દેખાશે મોટો આંકડો, શહેરનું પ્રતિનિધિત્વ કરતા હોય એને કદાચ લાગે કે લીઝ ફાઈનાન્સવાળા વાહનો વધારે છે, ગ્રામિણ વિસ્તારમાં લીઝ ફાઈનાન્સીંગના વાહનો નથી હોતા. એ તો પોતાની રીતે વાહન ખરીદે છે અને પોતાની રીતે જ્યારે વાહન ખરીદતો હોય છે એ મંડળીના વ્યાજે પૈસા ઉપાડીને લે કે આઘું પાછું ઉછીનું કરીને ગામમાંથી કરીને લેતો હોય છે. લિઝ ફાઈનાન્સનું વાહન એની પાસે સેકન્ડ હેન્ડ નથી હોતું. એ વાહન છે એક તો એ ગામડાનો વ્યકિત કાયદાકીય અજ્ઞાન વ્યકિત એ તો એમ માને કે, હું નામ ફેરવવા જઈશને તો વળી પાછા મૂળ ટેક્સના ૧૫ ટકા પૈસા ભરવા પડશે કાંઈ વાંધો નહીં મેં તો મોહનસિંહભાઈને વાહન વેચ્યું મોહનસિંહભાઈએ મને પૈસા આપ્યા અને વાહન લઈ ગયા ભલે ઠીક છે ભલેને ચાલનું હોય મારા નામે કે એમના નામે શું ફેર પડવાનો છે? મોહનસિંહભાઈએ વાહન ત્રીજા ભાઈને વેચ્યું પેલો માણસ પણ નામ ટ્રાન્સફર નહીં કરાવે કારણ કે, નામ ટ્રાન્સફર કરાવવા જાય તો મૂળ વેરાના ૧૫ ટકા વેરો એણે ભરવાનો છે.૧૫ ટકા વત્તા ૧૫ ટકા એટલે ૩૦ ટકા વેરો બે વખત ટ્રાન્સફરમાં ભરવો એના કરતા ભલેને ઓરિઝિનલ માણસના નામે વાહન ચાલતું. It will be very difficult for the Department also to have a check on it. એ નહીં થઈ શકવાનું. પ્રોબ્લેમ ક્યારે થવાનો? એ ત્રીજા છેડાવાળો માણસ છે એ કોઈ અકસ્માત સર્જશે ગામડાના માણસને તો ખબર જ નથી પણ એ અકસ્માત થશે ત્યારે એ વાહન ઈન્સ્યોર્ડ નહીં હોય, જેણે અકસ્માત કર્યો છે, જેના કબજામાં છે એણે પોતાના કબજામાં છે એણે પોતાના નામે નહીં ચડાવ્યું હોય કારણ કે નામે ચડાવે તો સેકન્ડ હેન્ડ સેલના ૧૫-૧૫ ટકા પૈસા ભરવા પડે. ઈન્સ્યોર્ડ નહીં હોય એવું વાહન અકસ્માત સર્જશે એ પછી જ્યારે કોર્ટમાં કેસ થશે એ કોર્ટના કેસમાં એવોર્ડ નક્કી થશે કે પાંચ લાખ કે દસ લાખ રૂપિયા વળતર આને ચૂકવો. એ વળતર ચૂકવવાનો વારો આવશે ત્યારે શું થશે? પેલો અભણ જે ગામડાનો માણસ છે જેને એમ હશે કે મારે તો કોઈ હવે ચિંતા નથી વાહન લઈ ગયા છે પૈસા આપી દીધા છે મેં સ્ટેમ્પ ઉપર લખાવી લીધું છે કે આજથી જવાબદારી મારી. કાયદો તો એ સ્ટેમ્પને સ્વીકારશે નહીં. એ લાખો રૂપિયામાં એવોર્ડ થાય ત્યારે પેલો ગામડાના માણસના ઘર ખોરડા

વેચાઈ જશે એની ચિંતા આપણે કરી છે ખરી? કારણ કે કોર્ટ બીજું કાંઈ નહીં સમજે વાહન કોના નામે છે ડીક્રી એના પર કરો અને ગામડાના માણસ પાસે નાની મોટી કંઈક મિલકત હોવાની એ નાદાર પણ નહી થઈ શકે. શહેરનો માણસ તો નાદારી પણ નોંધાવી શકતો હોય છે કારણ કે એને તો સીમમાં જમીન નહીં ને ગામમાં ખોરડું નહીં એવી અમારે સૌરાષ્ટ્રમાં કહેવત છે એમ એ આઘું પાછું કરીને કરી નાંખે. પણ ગામડાનો માણસ છે એની ખેતીની આવક માટે એ નાનુ મોટું ખેતર લઈને બેઠો હોય છે, જમીન લઈને બેઠો હોય છે અને કાયદાની આંટીઘૂંટી સમજનારો માણસ નથી. મહેનત કરીને સવારનું લાવીને સાંજે ખાનારો માણસ છે. એક સેકન્ડ હેન્ડ વાહન લીધું હતું થોડા સમયમાં વેંચી નાંખ્યું આ એનો માત્ર ગુનો. પહેલી વખત લેનાર એ તો કાબેલ હોવાનો નવી ગાડી ખરીદનારો he will make sure કે આ માણસના નામે ટ્રાન્સફર થાય, ટ્રાન્સફર થયું એ પછીના સેકન્ડ અને થર્ડ સેલ વાળા એની દાનત એ વખતે ખરાબ નથી. એને ખબર નથી કે મારે આ બચાવવું છે એટલે હું કરું છું, પણ એમને એટલી ખબર છે કે જો હું મારા નામે વાહન ચડાવીશ તો મારે મૂળ ટેક્સના ૧૫ ટકા ટેક્સ ભરવો પડશે. એ ટેક્સ બચાવવો છે તો હું શું કામ મારા નામે ચડાવું? અને એ કારણસોર આપના આ કાયદાથી સેકન્ડ હેન્ડ સેલ પરના ટેક્સના ધોરણોથી ઘણું નુકસાન એ રાજ્યના લોકોને થવાનું છે, સામાન્ય માણસોને થવાનું છે. મેં આપને કહ્યું એમ લોઅર મીડલ ક્લાસ જેમાં વધારે છે ૬૦ પરસન્ટ લોઅર મીડલ ક્લાસ છે એ લોઅર મીડલ ક્લાસને આના કારણે તકલીફ થવાની છે એની ચિંતા આપણે કરવી જોઈએ. એવું પણ બનશે કે, આપના આર.ટી.ઓ. એજન્ટ છે એજ સલાહો આપશે.એ જ સલાહો આપશે, સેકન્ડ હેન્ડ વાહન ખરીદનારો છે એ ઘણી વખત એવું વિચારે કે આઠ દસ મહિના મારે આ વાહન વાપરવું છે, પછી થોડીક વ્યવસ્થા થાય એટલે મારે તો નવું વાહન ખરીદવું છે, આજે આ સેકન્ડ હેન્ડ બાઈક લીધું છે, નવું મોડલ આવવાનું છે એ મારે બાઈક લેવું છે, આ સેકન્ડ હેન્ડ વાહન મારે છ મહિના વાપરવાનું છે, એ છ મહિના દરમ્યાન પેલો એજન્ટ જ સૂચના આપશે કે રહેવા દોને ભાઈ, ટી.ટી.ઓ. ફોર્મમાં સહી લઈ લ્યોને, ટ્રાન્સફર કરવાની જરૂર નથી, પૈસા ચૂકવી આપો, છ મહિના પછી જેને વેચો, એને સીધું આના નામેથી આના નામે ટ્રાન્સફર થશે, તમારા નામે ટ્રાન્સફર કરવાની જરૂર નથી, આ પરિસ્થિતિ દરમ્યાનના એ છ મહિનામાં ધારોકે કોઈ એન્ટી સોશિયલ એક્ટિવીટીમાં તે વાહન વપરાયું તો, અમે જ ધારાસભ્યશ્રી છીએ, વાહન કોઈને વેચ્યું હોય, ખરીદનારાને કહ્યું હોય કે તારા નામે ટ્રાન્સફર કરી દેજે. એ ખરીદનાર ટ્રાન્સફર કરે અને એનું મોનીટરીંગ વેચનાર કરે જાગૃતિથી આ ગૃહના સભ્ય અને સતત ચિંતા રાખે, એવું પણ કેટલા અંશે હોય છે એ શંકાસ્પદ છે. હવે શું થવાનું?, પહેલાં તો એના માટેનો કોઈ ખર્ચ નહોતો. છતાં નામ ટ્રાન્સફર નહોતા થતાં એ હકીકત છે, આપણા વાહનો વેચ્યા હોય તો આપણને ખબર છે કે સેકન્ડ હેન્ડ વાહન તરીકે જેના નામે ચડાવવાનું હોય તે, કોઈ ખર્ચ નથી હોતો છતાં આપણે મોનીટરીંગ કરવું પડે છે કે લેનારના નામે ટ્રાન્સફર થયું કે નહિ. માત્ર થોડીક વિધિમાંથી પસાર થવું પડે, સામાન્ય વાત હોય, ટી.ઓ. ટી.ટી.ઓ. માં સાઈન કરીને આર.ટી.ઓ. માં એન્ટ્રી કરાવવાની છે, આટલું જ હોવા છતાં, આજની તારીખમાં સેકન્ડ હેન્ડ સેલમાં એના નામે વાહન ચડવાની ચિંતા ના સેવીએ તો મુશ્કેલી ઉભી થતી હોય છે, હવે આ કાયદાથી, પેલી તો મુશ્કેલી હતી એને દૂર કરવાની વ્યવસ્થા ન કરી આપણે, એમાં વધારો કર્યો, કેરલેસ રહેતા હતા અને નહોતું થતું, એની સંખ્યા તો હતી જ, હવે તો માણસનો ઈન્ટેન્શન ઉભો થશે કે શું કામ મારા ખાતે ચડાવવું, અમસ્તું, અમસ્તું, એક વખત તો આર.ટી.ઓ. નો કર ભરાયેલો હતો, પાછું મારા નામે ચડાવું, એટલે ભરાયેલા આજીવન કરના ૧૫ ટકા પાછા ફરીથી ભરવાના. એટલે એ નહિ ચડાવે અને લીઝ ફાઈનાન્સીંગ સિવાયના વાહનોમાં આપનું મોનીટરીંગ કોઈ સંજોગોમાં શક્ય નહિ રહેવાનું, અને જો આપ એ મોનીટરીંગ કરવાનું તંત્ર ઉભું પણ કરવા માગશોને તો એ તંત્ર એટલું ખર્ચાળ હોવાનું કે આપણી મહેચ્છા રાજયની તિજોરીમાં આવક વધારવાની છે એ આવક ના વધી શકે, એ પ્રેકટીકલી આ વસ્તુ શક્ય નથી, મારે આપનું એ પણ ધ્યાન દોરવું છે, જુનું વાહન ખરીદવા માટે વિચારતો વર્ગ એ એવો વર્ગ નથી કે જેના પાસે એડવાઈઝર્સ છે, એ વર્ગ એવો નથી કે જે એના ત્રાજવા પર પ્લસ-માઈનસ બન્નેને મૂકીને નિર્ણય કરી શકે. આ માણસને મિડિયેટર, એટલે કે યુઝ્ડ કાર ડિલર્સ પાસેથી કાર ખરીદવા ઈચ્છતો હોય, આવો પણ એક વર્ગ છે અને આજકાલ આ બિઝનેસ વધારે ચાલ્યો છે, સેકન્ડ હેન્ડ યુઝ્ડ કારને રિસેલ કરવા માટેના એક મિડિયેટર્સનો વર્ગ ઉભો થયો છે, એ મિડિયેટર, પેલો જે માણસ જેની પાસે ટેકનીકલ જ્ઞાન નથી, વર્ષોથી પોતાના ઘરમાં વાહન હતું નહિ હવે એ વ્યવસ્થા ઉભી થઈ છે, વિકાસશીલ દેશ છે એ કારણે..

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલની ચર્ચા ચાલે છે તે અને ત્યારબાદનું મૂલ્ય વર્ધિત વેરા સુધારા વિધેયક એ બન્નેની ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાંસુધી રિશેષનો સમય લંબાવવા માટે હું દરખાસ્ત કરૂં છું. :

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નહિ એ રીતે નહિ, રિશેષ ટૂંકાવવાની જરૂર નથી.

**અધ્યક્ષશ્રી** : નહિ, રિશેષનો સમય રાખીએ એ પછી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : (મુખ્ય દંડકશ્રી) : પછી બિન સરકારી વિધેયકો છે ૩-૧૫ થી ૫-૧૫ દરમ્યાન.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ રીતે નહિ, રિશેષ તો રાખવી પડે.

**અધ્યક્ષશ્રી** : નહિ નહિ રિશેષ રિશેષના સમયે રાખીશું

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ પછી બિન સરકારી વિધેયકો માટે હાઉસનો સમય વધારીશું આપણે.

**અધ્યક્ષશ્રી** : આપણે બન્ને બિલો આજે પાસ કરવાના છે. રીસૅસની અંદર સી.પી.એ.ની બેઠક પણ છે, સામાન્ય સભા પણ છે. રીસૅસ પછી આપણે સરકારી બિલો લઈશું. સરકારી બિલો પૂરાં થયા પછી બિન સરકારી સભ્યો માટેનું કામકાજ લઈશું અને એ સમયે જે સમય ગયો હશે એટલો સમય બિન સરકારી સભ્યોના કામકાજમાં આપણે વધારીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક કહેતો હતો કે આ જે એક વર્ગ ઉભો થયો છે જે સેકન્ડ હેન્ડ કારને વેંચવા માટે એક મધ્યસ્થી બને છે. તેના કારણે વાહન ટ્રાન્સફર, ઈન્સ્યોરન્સ, ફિટનેસ, પરમિટ, સી.પી.આઈ., ડીલર, એકસ્પેન્સીઝ આ બધુ કરીને મેં ગઈકાલે જ અમદાવાદમાં આવા બે લોકો પાસે આજે આ વિધેયક આવતું હતું એટલા માટે જાતે મુલાકાત લઈને તેની પાસેથી જાણ્યું કે તમે શું, કેવી રીતે તમારું સ્ટ્રકચર છે ? અને મને કહ્યું even in two-wheelers or four-wheelers, સેકન્ડ હેન્ડ વ્હીકલ માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખર્ચ મેં ગણાવ્યો ખરીદ્યા પછીની વાહન ખરીદનાર ઉપરની જવાબદારી તે પાંચ હજારથી લઈને દસ હજાર રૂપિયાની થાય છે. જેની અંદર આ સામાન્ય વાહનો, હું લકઝરીયસ વાહનની તો ચિંતા જ નથી કરતો હું સામાન્ય વાહનની ચિંતા કરું છું. અને તેના ઉપર પાંચ હજારથી લઈને દસ હજાર સુધીનું ભારણ થાય છે. તેના ઉપર હવે પાછો આપણો ૧૫ ટકા જો વધારે આવશે તો મોટાભાગે સેકન્ડ હેન્ડ વાહન ખરીદનાર લોકોની મૅન્ટાલિટી ઉપર આ વિધેયકથી વિપરીત અસર પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી અડચણો છે. અને આપણે ટેરેરીઝમની વાત કરીએ છીએ, આપણે બીજી ત્રીજી વાત કરીએ છીએ. થવાનું શું? એક સામાન્ય શિરસ્તો પડી જવાનો છે કે ભઈ, રહેવા દોને તમારા નામે રાખો હું લખી આપું છું કંઈ થાશે તો હું જવાબદારી લઈશ. જેની કાયદામાં કોઈ કિંમત નથી. લીગલ પ્રોસેસમાં વાહન કોના નામે બોલે છે તે જ મહત્ત્વનું રહેવાનું. એફિડેવિટ કરેલાની કોઈ કિંમત રહેવાની નહીં. તેની કોઈ વેલ્યુ રહેવાની નહીં. અને આ રીતે વાહનો જે વેંચાવાના શરૂ થશે ટ્રાન્સફર થયા વગરના તેમાંનું કોઈ વાહન ટેરેરીઝમ એકટીવીટી માટે વપરાશે આપણે કોને પકડવાના? કોના નામે વાહન છે? લઈ આવો પૂરી દો. ત્યારે આ બોજ છે તે સામાન્ય માણસને નુકસાનકર્તા બોજ થવાનો. આપણું અત્યારનું ટેક્સનું સ્ટ્રકચર શું છે? I may be wrong, Hon&ble Minister in his reply will correct me if I am wrong, But, my information shows કે ગુજરાત સરકારના વાહનો ઉપરનો જે કર છે તે દેશમાં બીજા રાજયોની સરખામણીમાં ઘણો વધારે છે. આપણે ત્યાં પેટ્રોલના વાહનમાં છ ટકા છે, ડિઝલના વાહનમાં સાત ટકા છે. હું ફરી વખત કહું છું if I am wrong, Hon&ble Minister may correct me if he will have an opportunity to reply. મારી માહિતી છે તે પ્રમાણે દિલ્હીમાં ૧ ટકા છે, હરિયાણામાં ૨ ટકા છે, પંજાબમાં ૨ ટકા છે, ચંડીગઢમાં ૧ ટકો છે, છત્તીસગઢમાં ૧ ટકો છે, અને premium segment ની કાર જે છે તે આજે આપણને અહીંયા આપણે જોઈએ છીએને, ફરતી હોય રોજ અમદાવાદમાં પણ તેનું પાસીંગ હરિયાણાનું બોલે. તેનું પાસીંગ બીજા રાજયનું બોલે. શું કામ બોલે છે ? કારણ કે ટેક્સ સ્ટ્રકચર જે ત્યાં છે તેના કરતાં ગુજરાતમાં ટેક્સ સ્ટ્રકચર જે છે પેટ્રોલના વાહનમાં..

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી** : મારે જાહેરાત કરવાની કે આજરોજ વિરામના સમયની શરૂઆતમાં ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભાના ચોથા માળે આવેલા સમિતિ ખંડમાં રાખવામાં આવી છે, તો દરેક સભ્યોએ અચૂક હાજર રહેવા વિનંતી છે.

### વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫
### અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ( વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે જે પરિસ્થિતિ રાજયમાં છે એ આજની દ્રષ્ટિએ પણ પરિસ્થિતિ ચિંતાજનક છે કારણ કે આપણે અન્ય રાજયો કરતાં, પાડોશી રાજયો કરતાં પણ આપણું ટેકસ સ્ટ્રકચર વધારે છે. આપે કયારેય પણ જોયું છે ખરું વલસાડ જિલ્લામાં જઈને કે એ બોર્ડરિંગ જિલ્લામાં કે જયાં તમામે તમામ વાહનો આપણી યુનિયન ટેરેટરીના પાસિંગવાળાં શામાટે જોવા મળે છે? કારણ કે આપણું ટેકસ સ્ટ્રકચર છે એ અન્ય રાજયો કરતાં વધારે છે. વેલ્યુ એડેડ ટેકસનો બેઈઝ પણ કયો હતો? તો એ હતો કે ટેકસ વોર કરટેઈલ થાય, આંતર રાજય ટેકસ વોરના કારણે જે સ્મગલ થતું હતું એને કંટ્રોલ કરવાનો આશય હતો. આપણે એમાં તો નથી કરી શકયા, પરંતુ હવે શું થશે કે જે વલસાડ જેવા જિલ્લામાં નવી ગાડીઓ જ ભલે યુનિયર ટેરેટરીના પાસિંગવાળી જોવા મળતી હતી, પરંતુ હવે સેકન્ડ હેન્ડ વાહનો પણ ગુજરાતના પાસિંગવાળાં નહીં જોવા મળે. પહેલાં કમસે કમ એટલું તો થતું હતું કે એકવાર લાઈફ

ટાઈમ ટેક્સ ભર્યા પછી એ વાહન ટ્રાન્સફર થતું હતું. હવે તો આવી સેકન્ડ હેન્ડ વ્હીકલને પણ આ ટેક્સના દાયરામાં લાવીને રાજયને નુકસાન થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બે ભાગમાં વાત કરવા માગું છું કે આપણે ત્યાં અર્થશાસ્ત્રના નિષ્ણાત લોકો કહે છે કે ટેક્સ કેવી રીતે લેવો જોઈએ? બહુ સારી રીતે એમણે સમજાવ્યું છે કે મધમાખી મધ બનાવવા માટે ફૂલમાંથી પરાગ ખેંચે છે, એ પોતાના ફાયદા માટે એકીત્રત કરે છે, પરંતુ એ ફૂલને નુકસાન કરતી નથી. ઉલટાનું એને મદદરૂપ બને છે કે એ માત્ર પોતાના સ્વાર્થ માટે મધ ખેંચે છે એમ નહીં, ફૂલને નુકસાન ન થાય એની ચિંતા રાખે અને એનું પ્રજનન વધે એના માટે સહાયક પરિબળ બને છે. આપણી ટેક્સની વ્યવસ્થા પણ કંઈક અંશે એ મધમાખી વાળી હોવી જોઈએ. ટેક્સનું ધોરણ એવું હોવું જોઈએ કે ટેક્સ ભરનારને ચોરી કરવાની મરજી ન થાય અને વાસ્તવિક રીતે આપણે કર ભરીએ ત્યારે એની કમર તૂટવી ના જોઈએ. આપણા ટેક્સના ભારણને કારણે એને નુકસાન ન થવું જોઈએ. શું આપણે આ વ્યવસ્થા જાળવીશું ખરેખર આ કરીને? એક વખત નવું વાહન ખરીદનાર ૧૫ વર્ષનો પૂરેપૂરો ટેક્સ ભરી દે છે એ પછી પણ આપણા બીજા બધા ટેક્સ લાગે છે. આની ઉપરાંત આ વાહનનું બર્ડન સામાન્ય માનવી ઉપર આપ વધારવા જાઓ છો એના કારણે આમ આદમીને નુકસાન થવાનું છે. આપણે ગુજરાતને વિકાસમાં આગળ વધનાર રાજય કહીએ છીએ એ હકીકત છે અને આજકાલથી નહીં વર્ષોથી ગુજરાતે એ સ્થિતિ અને ગતિ જાળવી રાખી છે અને એમાં સહાયક પરિબળ કોઈ થતું હોય તો માણસનું આઉટપૂટ વધવાનું છે. એની પાસે વ્હીકલ ન હોય તો તો એ બે છેડા ભેગા કરીને વ્હીકલ લે છે. ચાર છ માણસનું કુટુંબ હોય અને એમની પાસે બે પૈડાવાળાં બે વાહનો હોય તો એ બે પૈડાવાળાં બે વાહનો વેચીને ગમે તેમ કરીને ભેગું કરીને એક સેકન્ડ હેન્ડ મારૂતી ખરીદે, એના મનમાં એમ થાય કે આખું કુટુંબ કયારેક સાથે બેસીને જઈ શકશે એટલા માટે એ મારૂતી ખરીદે,, એ ભાવ સાથે એ આ વાહન ખરીદવા જાય છે ત્યારે એને એના માટેનો ટાંગા મેળ કરતાં, એના આંકડા સુધી પહોંચતાં નેવાનાં પાણી મોભારે ચઢાવવા જેવી પરિસ્થિતિ થાય છે. તો આપની નજરમાં એ સામાન્ય માનવી આવી ગયો કે તું સેકન્ડ હેન્ડ વાહન કેમ લઈ શકે છે? ભલે મં નવી ગાડી વખતે ટેક્સ નાંખ્યો છે, પરંતુ તું સેકન્ડ હેન્ડ વાહન લે છે તો પણ મારે ટેક્સ નાંખવો છે. આ અન્યાય કર્તા છે. અને એટલા માટે હું વિરોધ કરું છું. આપ લઈને આવો એવો ટેક્સ કે જે ટેક્સ કરોડપતિઓની પાસેથી ઉઘરાવવાનો હોય, આ વિધાનસભા ગૃહમાં અમે તેને સમર્થન આપીશું કે બરાબર છે, લો. કોઈ ઉદ્યોગપતિને આપણે જો એક વિઘો પણ ગૌચરની જમીન આપીએ તો તેને જરૂર હોય અને ગૌચરની જમીન લેવી હોય તો બીજી એક એકરની સામે દસ એકર ગૌચરની જમીન ઉભી થાય, જમીનનું પુરેપૂરું નવિનીકરણ થાય અને ઘાસ ઉગે નહીં ત્યાં સુધી એ જમીન અમે નહીં વેંચીએ એવું બિલ લઈને તમે આવો, અને તેના પરના ટેક્સ લઈને આવો આપ કે અમે આટલો ટેક્સ એના ઉપર લઈશું, તો આપણે સર્વસંમત્તિથી કાયદો પસાર કરીશં આ વિધાનસભા ગૃહમાં કારણ કે એ મોટા ધીકતાઓ પાસેથી થોડુંક લઈએ તો રાજયની શાસન વ્યવસ્થા અને અર્થ વ્યવસ્થા માટે કશું જ નુકસાનકારક નથી. અને તે એમના સ્વાર્થથી આવતો હોય છે. કંઈ સેવા માટે આવતા નથી. પણ સામાન્ય માણસ જે આ ગુજરાતની ગરીમા છે તેની ચિંતા આપણે કરવી પડશે. આ જ કાયદામાં આપ એક બીજો સુધારો લઈને આવ્યા છો, મને ખબર નથી કે આવા સુધારાથી અથવા આવા સુધારાનું કોણ સૂઝાડે છે. અથવા કોને સૂઝયું છે. I was going through the statement of objects and reasons ઉદેશ અને કરણો હું વાંચતો હતો. શું લખ્યું છે? હાલમાં ૩ હજાર કિલોગ્રામ થી સાડા સાત હજાર કિલોગ્રામ સુધીના એકંદર વજન ધરાવતા માલ વાહન પરનો વેરો ઉચ્ચક, વાર્ષિક અને અર્ધ વાર્ષિક ધોરણે ભરી શકાય છે. શું આ પહેલા જેમણે વિકલ્પ આપ્યા હતા આ વિધાનસભા ગૃહમાં પસાર કર્યા હતા એમણે શું બરાબર વિચાર્યુ નહોતું? Was there not proper application of mind? I must say, there wos proper application of mind. અને એટલા માટે આ વાજબી જોગવાઈ હતી. કારણ કે માણસ આપને કર ભરે તે તેમની આર્થિક વ્યવસ્થાને અનુરૂપ ઉચ્ચક ભરવો, અર્ધ વાર્ષિક ભરવો કે વાર્ષિક ભરવો તે એની પોતાની ઈચ્છા ઉપર છોડયું હતું. અને એટલીસ્ટ ટેક્સ પેયર જે છે તેમની કેટલીક સુવિધાઓની ચિંતા તો આપણે કરવી જ જોઈએ. આ જ વિધાનસભાગૃહમાં એ કાયદો પસાર કરીને, એ ચિંતા સેવીને આ ત્રણ વસ્તુ આપી હતી. આ સુધારાથી આપ શું લાવો છો, આપ ટેક્સ પેયરની આ સુવિધા છીનવી લેવા માગો છે. અને આપ શું કરવા માગો છો કે આ વિધેયકની જોગવાઈને સુધારવા ધાર્યુ છે જેથી કરીને વાહન પરનો વેરો ફકત ઉચ્ચક ધોરણે જ ભરી શકશે. શા માટે ? વસુલાતનો ખર્ચ વધારે છે એટલા માટે. અરે સાહેબ, આ ટેક્સ પેયર પાસેથી વસુલાત કરવો તે આપણી જવાબદારી છે. અને વસુલાત કરવામાં આપને થોડોક ખર્ચ પડે તો એ ખર્ચ પણ જાઈજ છે. પણ જે ટેક્સ પેયર જે સુવિધા ભોગવતો હતો અર્ધ વાર્ષિક, વાર્ષિક કે ઉચ્ચક, શું એ પણ આપણે આંચકી લેવાનું છે? મને લાગે છે કે આ જે જોગવાઈ છે તે અન્યાયકર્તા જોગવાઈ્છે. અગાઉ આ જ વિધાનસભાગૃહે કાયદો પસાર કર્યો ત્યારે સૂઝ બૂઝથી આ ત્રણ વસ્તુ આપી હતી. કે ઉચ્ચક વેરો ભરે, વાર્ષિક ભરે કે અર્ધ વાર્ષિક ભરે, ટેક્સ ભરનારની સગવડતા પણ કેટલીક વખત જોવી પડે. એમની મુશ્કેલી પણ સમજવી પડે. અને એટલા માટેઆ કાયદો વિધાનસભા ગૃહે પસાર કર્યો હતો. એક ત્રીજી જોગવાઈ પણ આ જ બિલમાં સુધારા માટે લઈને આવ્યા છે, અને તે ત્રીજી જોગવાઈ માટે તો હું આ વિધાનસભા ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને આપના મારફત

કહેવા માગું છું કે આપ આપના વિસ્તારના અનુભવ જોઈને આપ વિચારજો, અને જો આપનો આત્મા એમ કહે કે આ વાજબી છે તો આપ મને કહેજો.એક પણ આ સભાગૃહનો માનનીય સભ્યશ્રી પાર્ટી પૉલિટિક્સથી પર ઊઠીને પોતાના વિસ્તારમાં રહેતા નાના માણસો સાથે વાત કરીને અથવા તો વાત પણ કરવાની જરૂર નથી. વાસ્તવિકતા છે કે ગામડાંમાં આપણી વ્યવસ્થામાં કે શહેરમાં આપણી વ્યવસ્થામાં આપણે આજે પણ અમુક ચોક્કસ પ્રકારની માન્યતા સાથે જીવીએ છીએ. મે બી પણ તે વખતે કલ્ચર ઊભું થયું એની પાછળ લૉજિક પણ હશે, કેટલું રીલેવન્ટ હશે કેટલું આજે નહિ હોય. કમૂરતાનો સમય આવે ત્યારે એક પણ કામ આપણે કરતા નથી, કહેવામાં આવે કે અત્યારે કમૂરતા ચાલે છે એટલે કોઈ કામ હાથ ઉપર ન લેવા. આજે મિસાઈલ છોડવી હોય તો પણ મૂહર્ત જોઈને છોડતા હોઈએ છીએ. વૈજ્ઞાનિકો પણ આમાં માનતા હોય છે. આ એક વાસ્તવિકતા છે. હું એની ટીકા ટિપ્પણીમાં નથી પડવા માગતો. વાજબી છે કે ગેરવાજબી છે, મારી પણ કેટલીક માન્યતા હોય, મારી પણ કેટલીક શ્રદ્ધાઓ હોય. આ બિલનો સ્કોપ નથી એટલા માટે હું એમાં જવાની ચેષ્ટા નહિ કરુ. મારે તો બિલમાં રહેલી વાત કરવી છે. જ્યારે આ વિધાનસભા ગૃહે ઓમ્ની બસનો કાયદો કર્યો. છ થી બાર બેઠકવાળી જે બધા વિસ્તારમાં ચાલે છે. અમારા સૌરાષ્ટ્રમાં જીપડા ચાલે છે. સરકારી તંત્ર જ્યાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા નથી આપી શકતું ત્યાં ઉત્તમ સુવિધા કોઈ પૂરી પાડી શકતું હોય તો એ ઓમ્ની બસવાળા, નાની જીપો લઈને ચાલનારા છ થી બાર માણસો લઈ જનાર માણસો નાનો મોટો પ્રસંગ હોય, ગામડે ગામડે આવી વ્યવસ્થા ઊભી થઈ છે. સારા ખરાબ પ્રસંગે જવું હોય તો ગામડાંનો માણસ એ ઓમ્ની બસ ભાડે કરી લે છે. ગામડાંમાં જીપડા શબ્દ પ્રચલિત છે. ઓમ્ની બસ છે એ આમ આદમી વચ્ચે પ્રચલિત શબ્દ નથી. છ થી બાર પેસેન્જર લઈને જનાર ગામડાંના ઉપયોગમાં આવતું આ વાહન છે. આ વાહનના ટેક્સ માટે આ વિધાનસભા ગૃહે બહુ જ સમજપૂર્વક વ્યવસ્થા કરી હતી કે એને વાહન ન વાપરવાનું હોય એટલા સમય માટે એને ટેક્સ ન ભરવો પડે. વાહનને ઉપયોગમાં ન લેવાય અને છતાં ટેક્સ ભરવો પડે તો પરિસ્થિતિ શું થાય કે પોષણક્ષમ રીતે ગામડાંમાં વાહન ન ચાલી શકે અને મેં જોયું છે અને આ સભાગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને અનુભવ હશે કે વર્ષમાં અમુક પિરિયડ એવો આવતો હોય છે. કમૂરતાનો પિરિયડ હોય, ચોમાસાનો પિરિયડ હોય, ખેતીની સીઝનનો પિરિયડ હોય ત્યારે ગામમાં ઓમ્ની બસ રાખનાર લોકો કે આવી જીપ રાખનાર લોકો એને જૅક મારી પથ્થર મારી ટાયરને નુકસાન ન થાય એટલે એને ઉપર ચઢાવી બિન વપરાશમાં રાખે. કોઈ મહિનો રાખે, ચોમાસા દરમિયાન કે ખેતીની સીઝનમાં લોકો રોકાયેલા હોય, મારા સિવાયના કોઈ ઉપયોગ નહિ કરે, અને હું લઈ જઈશ તો ઘસારો વધશે એટલે વાહનને જૅક ચડાવી નીચે પથ્થર મૂકી ટાયરને નુકસાન ન થાય એ રીતે ઉચાં રાખી સેઈફ મૂકી દઉં છું. I am not using the vehicle and I am not supposed to pay the tax. હું વાહન વાપરવાનો નથી. વાહનનો કર ભરવાની મારી જવાબદારી નથી એટલે વર્ષના ત્રણ-ચાર મહિના એ વાહન નોનવ્યૂઝ રહે એ સમય દરમિયાન એ ટેક્સ પણ ના ભરે એ એક સગવડ હતી અને એટલા માટે ગામડે ગામડે નાની ઓમ્નીબસ એટલે જુદી જુદી કંપનીઓની આવી જીપો ગામે ગામ ઉપલબ્ધ થઈ. આશીર્વાદ સમાન થઈ. ગામડાંના માણસને શહેરથી વાહન ભાડે મગાવવાનું ન પોસાય. પણ ગામે ગામ નાના મોટા દરેક સમાજને મોટા ભાગે અમારા સૌરાષ્ટ્રમાં માલધારી સમાજના ભાઈઓ, ઓ.બી.સી. વર્ગના ભાઈઓ ગમે તેમ કરીને, કોઈક લોન લઈને ઉછીનું પાછીનું કરીને, મંડળીઓમાંથી વ્યવસ્થા ઉભી કરીને વાહનો લેતા થયા. વર્ષમાં સાત-આઠ મહિના તેનો ધંધો કરે. કેટલાક એવા લોકો પણ ખરા કે જેની પોતાની ખેતીની જમીન હોય અને ઓમ્ની બસ પણ વસાવે. ખેતીની જમીનમાં વધારે સમય હોય ત્યારે પેલી બસ નૉન યુઝ કરીને મૂકે ત્રણ મહિના. તે દરમ્યાન તેને કામ પણ ન મળવાનું હોય, પોતાની ખેતીની જમીનમાં કામમાં રોકાયેલા હોય. એ ન વાપરે, તેનો ટેક્સ પણ નહોતો લેવાતો, કારણ કે આપણે કાયદાથી આ વિધાનસભા ગૃહે એવી વ્યવસ્થા કરી આપી હતી કે માસિક વેરો ભરવો હોય તો પણ ભરી શકાય. ત્યારે જે મહિનામાં મારું વાહન ન વપરાય ત્યારે હું ટેક્સ ન ભરું. આપના સુધારાથી આજે આપ શું કરવાના છો? આ સુવિધા છીનવી લેવાના છો. માસિક વેરો નહીં, વાર્ષિક વેરો ફરજીયાત તમારે ભરવો પડશે. શું આને આપણે ન્યાયકારક જોગવાઈ કરી શકીશું ખરા? અધિનિયમની વિદ્યમાન જોગવાઈ પ્રમાણે maxicabs એટલે કે ૬ થી ૧૨ ઉતારૂઓ લઈ જવાની ક્ષમતા ધરાવતી મુકરર ઓમ્ની બસ પરનો વેરો માસિક ધોરણે ભરી શકાય છે. રીઝન કેવું આપ્યું છે આપે? Why this amendment? What is the Statement of Objects & Reasons? આનાથી વસૂલાતનું કામ વધે છે અને પરિણામે વેરો ન ભરવાના મોટા પ્રમાણમાં વધારો થાય છે. આપનું વાહન ન વાપરે તો વેરો ન ભરે. What is wrong in it? અને વસૂલાત માટે આપનું ભારણ કયાં વધવાનું છે? આપે વસૂલાત લેવા તેને ઘેર તો જવાનું નથી. ટેક્સ પેયરે આપની આર.ટી.ઓ. કચેરીમાં આવીને આપનો ટેક્સ ભરવાનો છે. મુશ્કેલી હોય તો તેને મુશ્કેલી હશે, મને અગવડ પડે છે. મારે મહિને ટેક્સ ભરવા જવાનો છે. તો વર્ષનો ટેક્સ ભરો. આપણાં કાયદામાં જોગવાઈઓ છે જ કે મારે માસિક ટેક્સ નથી ભરવો તો છ મહિને ભરું, વર્ષનો ટેક્સ ભરું. ટેક્સ પેયરને આ સુવિધા વન મંથ, સીકસ મંથ, ટવેલ મંથની આ વિધાનસભા ગૃહે જ કાયદાથી આપી છે. આપનું રીઝન છે એ કોઈ પણ પ્રુડન્ટ મેનને ગળે ન ઉતરે એવું છે કે અમારી વસૂલાતની કામગીરી વધે છે. આપની કામગીરી જ નથી. આમાં આપની ઑફિસે ટેક્સ પેયર સામેથી આવવાના છે કે મારું વાહન કાલથી મારે

ચલાવવું છે. આ મારો ટેક્સ સ્વીકારો અને મારું વાહન ટેક્સ ભર્યા વગરનું ફરે તો આપે નવો કોઈ સ્ટાફ રાખવાનો નથી. You have your own staff. આપની ચૅકીંગ સ્કવોર્ડ ઉભી રહે છે. ઠીક પડે ત્યાં કેસ પણ કરે છે અને ઠીક પડે ત્યાં વ્યવસ્થા પણ ગોઠવી લે છે. પરંતુ આ ઓમ્નીના ઑપરેટરને મળેલ સુવિધા આજના સુધારાથી આપ ખૂંચવી લો છો. હું તો બન્ને પક્ષના માનનીય સભ્યશ્રીઓને આપના દ્વારા વિનંતી કરું છું કે ખાસ કરીને જે ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે, આપને ત્યાં જે ચલાવતા હોય એ ઓમ્ની બસવાળા, તેને બોલાવીને પૂછજો તો ખરા? તે કહેશે કે સાહેબ, માંડ માંડ બે છેડા ભેગા કરું છું. આ તો ઠીક, નવરાશની સીઝનમાં થોડું કામ ધંધો મળે. એટલે રહું છું. છોકરો કયાંય રખડે નહીં એટલે એક વાહન લીધું છે. આમાં હું કંઈ નફો નથી કરી લેતો. ગામને એક સુવિધા મળે અને કુટુંબમાં મારો મોભો દેખાય કે ભાઈને એક વાહન છે. આ કોઈ લાખો રૂપિયા કમાઈ લેનારા લોકો નથી. આ કોઈ એવા શ્રીમંત લોકો નથી કે જે આ સરકારની આંખે ચડે કે વાહ, બહુ કમાય છે. આમાંથી મારે કંઈક લઈ લેવું જોઈએ. કંઈક ટેક્સ વધારવો જોઈએ. આની કોઈક સુવિધા મારે ઓછી કરવી જોઈએ. મેં હમણાં જ દાખલો આપ્યો કે આપે સુવિધા ઓછી કરવી હોય અને આવક વધારવી હોય તો છે આપની પાસે મોટા માથાઓ. એક નાનો સુધારો લઈને આવશો ને, રાજય સરકારની તિજોરી કરોડોથી છલકાઈ જશે. કરોને ત્યાં? એની એકાદ સુવિધા તો ખૂંચવી લો. એ નથી કરી શકતા આપણે, એ આપણે કરતા નથી. હું દોષારોપણ વહોરીને પણ કહું છું કે, સરકારે જેમને બેનિફિટ જેના માટે આપ્યા છે એ બેનિફિટ આપ્યા પછી એ હેતુ માટે કામ ન કરતા હોય એની પાસેથી પેનલ્ટી ટેક્સ લો. આપની તિજોરી નાણાથી છલકાઈ ન જાય તો કહો. છથી બાર પેસેન્જર બેસાડીને ઓમની આવે તો એની સામે મારો વિરોધ છે. આ બિલમાં ત્રણ સુધારા છે. ત્રણેય સુધારા બાબતે હું માનું છું અને મેં આંકડાઓ, હકીકતો અને દલીલો સાથે કહ્યું છે કે, આ ત્રણેય સુધારાઓ એ સામાન્ય માણસને, મધ્યમવર્ગને નુકસાન કરનારા છે. આ રાજય સરકાર મધ્યમવર્ગના હિતમાં, ગુજરાતના હિતમાં પુન:વિચારણા કરે, જરૂર પડે તો આ બિલને પ્રવર સમિતિને સોંપે, જરૂર પડે તો લોકોની વચ્ચે ફેરવીને અભિપ્રાય મેળવવા આ વિધાનસભાની સમિતિ પ્રયત્ન કરે. પરંતુ બહુમતીના જોરે આ બિલને પાસ કરાવવાની પ્રવૃત્તિમાં ન પડે. મુખ્ય બે ભય સ્થાનો છે. નાના માણસો છે. એટલે no one will be able to challenge this. આને ચેલેન્જ કરનાર નાના માણસોનું કોણ સંગઠન કરે? સૅકન્ડ હેન્ડ વાહન ખરીદનાર માણસોનું સંગઠન કરીને સુપ્રીમ કોર્ટ સુધી જવું એ નાના માણસ માટે શકય નથી. નાના માણસો માટે આ કાયદો અલ્ટ્રા વાયરસ ઠરશે. નાના વાહનોનો આજીવન ટેક્સ લઈ લીધા પછી તમારા આપેલા તમારા પ્રોમીસથી આ જોગવાઈઓથી વીથડ્રો થઈ જાય અને ૧૫ ટકા ફરી વેરો ભરો. એટલે એ અલ્ટ્રા વાઈરસ ડીકલેર થશે. તો આ બિલ સરકાર પસાર કરતી નથી, સત્તાધારી પક્ષ પસાર કરતો નથી આ વિધાન સભાગૃહ પસાર કરે છે અને એના ઔચિત્યને, એના ગૌરવને જાળવવાની ચિંતા બન્ને પક્ષોએ કરવી પડે. એક ચિંતા મારી એ છે કે, કદાચ આના માટે કોઈ કોર્ટમાં જાય તો આ અલ્ટ્રા વાઈરસ બની શકે. Basic principle tax collection કરવામાં આવે છે. આ જે છે એનાથી વિપરીત ત્રીજી વસ્તુ નાના લોકો માટેનો ટેક્સ છે. ૬૦% of second hand car users are lower middle class. અને ઓમની બસના ઓનર છે એ કોઈ મોટી ટ્રાન્સપૉર્ટ એજન્સી બસના માલિક નથી. એકાદ નાનું વાહન લઈને બેસનારો એ એનો માલિક છે. એની પાસેથી આખા વર્ષનો ટેક્સ લઈ લો છો. ત્યારે એની કમર તોડી નાખો છો. તેથી આ બિલને સમર્થન કરી શકાય નહીં. આ અહીં પસાર કરવાના બદલે સરકાર એના ઉપર પુન: વિચાર કરે એ જ વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ હું જે બિલ લઈને આવ્યો છું એ બિલ ઉપર વિસ્તૃત છણાવટ કરી છે. એમના કહેવા પ્રમાણે આ બિલ બાબતમાં જે જોગવાઈઓ છે એ બધી જોગવાઈઓ તર્ક સંગત રીતે મૂકી છે અને કઈ રીતે આ જોગવાઈઓ ગરીબ વિરોધી છે, મધ્યમવર્ગના માનવીની વિરોધી છે એ પણ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. એમણે વારંવાર કહ્યું કે, આનાથી સરકારની આવક વધશે. સરકારે ટેક્સની બાબતમાં શું અભિગમ રાખવો જોઈએ એ બાબતમાં ચાણક્યના અર્થશાસ્ત્રના બે ઉદાહરણ રજૂ કર્યા. પરંતુ હું એ સ્પષ્ટતા કરવા માગું છું કે આ બિલ લઈને જે હું આ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. આ બિલને અને આવકને સ્નાન સૂતકનો સંબંધ નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ જે બજૅટ રજૂ કર્યુ એમાં સરકારની ટોટલ રીસીવડ ૪૯હજાર કરોડ કરતાં વધારે બતાવી છે અને ગયા વખતે જે બતાવી હતી એ પૂરી થઈ છે એટલે મને આશા છે કે આ વખતે પણ આ આકડો માનનીય નાણામંત્રીશ્રીના નેતૃત્વમાં રાજય સરકાર એચીવ કરી શકશે. ૪૯હજાર કરોડ કરતા વધુ આવક જે રાજયની સરકારની હોય એ ૧૫કરોડ રૂપિયાનો સુધારો આવકનો લઈને આવી શકે? (અંતરાય) સાંભળો .. માનનીય અધ્યક્ષશ્રી જે સરકારની અંદર બજેટની વ્યવસ્થામાંથી ૪૯હજાર કરોડ રૂપિયા આવતા હોય એ સરકાર એ પ્રકારનો વિચાર કરી જ ના શકે કે મધ્યમ વર્ગની જનતા જોડેથી ૧૫કરોડ રૂપિયા માટે કોઈ નવો ટેક્સનો ભારણ નાખી શકાય? આ વાત સાથે આ આ દાખલા સાથે આ દલીલ સાથે કોઈપણ હિસાબે સહમત થઈ શકાય તેમ નથી. આ બિલની અંદર સુધારો કરવાનો કોઈ એક માત્ર આશય હોય તો કેવળ અને કેવળ વ્યવસ્થા ઉભી કરવાનો છે. રાજયની અંદર અનેક પ્રકારના વાહનો ફરતા હોય અને એના માલિક બદલાઈ જાય અને કોઈ ઓફીસરને એકનોલોજમેન્ટ ન થતો હોય એ વખતે જ્યારે આવી વ્યવસ્થા ઉભી થઈ છે,

વાહન વેચાણની કેન્દ્રીય વ્યવસ્થાઓ ધીરે ધીરે ઉભી થતી જાય છે. કયાંક કારમેળાઓ થાય છે, ક્યાંક સેકન્ડ હેન્ડ ડીલરો થાય છે, ક્યાંક કંપનીઓ પોતે સેકન્ડ હેન્ડ વાહનો વેચવાની વ્યવસ્થા ઉભી કરે છે તો આને ટોકન કર નાખીએ એના કરના માળખાના માધ્યમથી એક જેને કહેવાય કે કાયદેસરની વ્યવસ્થા ઉભી કરવાનો આ પ્રયાસ માત્ર છે. એમણે કહ્યું કે એક વાહન હોય, ૧૫ વર્ષનું આયુષ્ય હોય, ૭ થી ૧૦ વાર વેચાય છે, એવરેજ કાઢીએ તો ૮ થાય, ૬ થાય, ૭ થાય જે થાય તે થાય, મને ખબર નથી આ આકડો કયાંથી આપે છે, હું વિભાગના આંકડા આપવા માગુ છું. અત્યારે ૧ કરોડ ૧૪ લાખ વાહનો કુલ ગુજરાતની અંદર નોંધાયેલા છે. બધા સભ્યશ્રીઓના ધ્યાન પર મારે મૂકવું છે કે છેલ્લા ૩ વર્ષની અંદર રીસેલ થયા હોય એવા વધુમાં વધુ વાહનો ૪ લાખ છે, એના આગળના વર્ષે ૩.૭૦, એના આગલા વર્ષે ૩.૨૪ હવે જે એક વાહન એની આયુષ્ય મર્યાદાની અંદર ૭ થી ૧૦ વખત વેચાતુ હોય, ૧૫ વર્ષનું આયુષ્ય ગણી દઈએ તો દર વખતે ૭૫ લાખ વાહન વેચાવા પડે એટલે એમની જે ગણતરી છે એ એવી છે કે એક ફકીર કાંકરીયાની પાળ ઉપર સૂતો હતો. એને ખૂબ ભૂખ લાગેલી, પછી ભૂખ્યો જ સુઈ ગયો, કંઈ મેળ ન પડયો બિચારાનો એટલે એ ભૂખ્યો જ સુઈ ગયો, એને સ્વપ્ન આવ્યું કે કાંકરીયા કા પાણી સબ ઘી હો જાયે ઔર પૈડ કે પત્તે સબ રોટીયા હો જાયે તો મીયાં ઝબોળ ઝબોળ કે ખાયે, ગુણાકાર કરી કરી, કરી કરી એક ભ્રમ ઉભો કરવાનો પ્રયત્ન કર્યો છે કે આમાંથી આટલા રૂપિયા થઈ જવાના છે, આમાંથી આટલી આવક ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્ય જ્યારે કઈ પણ વાત આ ગૃહમાં કહેતા હોય એ સભ્ય ભ્રમ પેદા કરે છે એ આપણા ત્યાં ચાલી શકતું નથી અને એ સંસદીય બાબતોના મંત્રીશ્રી કોઈપણ સભ્યને કહે, આપને ચલાવવું હોય તો મને વાંધો નથી.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ ચોપડી ના જોશો, એમને દુ:ખ થતું હોય તો હું શબ્દ પાછા ખેચું છું. એમણે આ રીતે ગુણાકાર કરી કરીને સત્યથી વેગળી હોય એવી વાતોની સભાગૃહને જાણકારી આપી છે. મારે એટલા માટે સ્પષ્ટતા કરવી પડે છે કારણ કે આ બિલને હું જ્યારે પાયલોટ કરી રહ્યો હોવ એ વખતે ઓફીસીયલ આકડાઓ અને ઓફીસીયલ આકડાઓ જે નોંધાયેલા છે રાજયના ચોપડે, એ મારે આપવા જોઈએ, એટલે ખૂબ મોટું ભારણ થઈ જવાનું છે એવું ચિત્ર છે નહીં હકીકત એવી છે કે આ વ્યવસ્થા ગોઠવવાનો પ્રયત્ન છે.એમણે કહ્યું કે અકસ્માત થશે તો ગામડા વાળો ફસાઈ જશે. ટેરરિસ્ટ વાહન વાપરશે તો બીજો ફસાઈ જશે. એણે ક્લેઈમ કરવાનો થશે તો એનું શું થશે? મારે નાનકડો પ્રશ્ન એમને પૂછવો છે કે એમણે પોતે જ એમના વક્તવ્યમાં કહ્યું હતું કે આજે પણ લોકો આળસના કારણે નોંધાવતા નથી. એક માલિક પાસેથી વાહન બીજા પાસે વેચાય તો એ નોંધાતું નથી. આ એમણે એમના વક્તવ્યમાં કહ્યું. મારે પૂછવું છે કે આજે નથી નોંધાતા એનું આજે શું થાય છે? લોક શિક્ષણ કરીને વધુને વધુ ટ્રાન્ઝેકશનો ઓફિશિયલી કરે એની વ્યવસ્થા કરવી જોઈએ. એના આધારે કાયદાના પ્રોવિજન ઉપર ચર્ચા ન થાય, જો વાહનો ન નોંધાતા હોય તો એના માટે વાહનો નોંધવાના પ્રયત્નો કરવા પડે. હું ચોક્કસ એમને વિશ્વાસ આપવા માગું છું કે આપના સૂચનો તરફ મારો વિભાગ વધારે ધ્યાન આપશે. વધુને વધુ વાહનો ઓફિશિયલ આર.ટી.ઓ.ના ચોપડે નોંધાય એના માટે સઘનતાથી કાર્યવાહી કરીશું. જે એમનું સૂચન છે કે કાયદામાં ફેરફાર ન કરવો એની સાથે હું સહમત નથી. એમણે એવું કહ્યું કે આ કાયદો અલ્ટ્રા વાયરસ થશે. કારણ કે આપણે લાઈફ ટાઈમ લઈએ છીએ અને પછી ફરીવાર ટેક્સ લઈએ છીએ. એમણે કાયદો ધ્યાનથી જોયો હોત તો કદાચ એમણે આ ન કહ્યું હોત. આપણે ક્યાંય લાઈફ ટાઈમ ટેક્સ એવો શબ્દ વાપર્યો નથી. ઉચ્ચક વેરો એટલે લમસમ એવો શબ્દ વાપર્યો છે. કોઈ કાયદામાં કે સુધારામાં કે મૂળ કાયદામાં લાઈફ ટાઈમ ટેક્સ શબ્દ નથી એટલા માટે અલ્ટ્રા વાયરસ થવાનો પ્રશ્ન નથી. આપ ચિંતા ન કરો, પૂરેપૂરું ચેક કરીને બિલ લઈને આવ્યો છું. આપ નિ:શંકપણે મત આની તરફેણમાં આપજો. આપનો મત અલ્ટ્રા-વાયરસ કોર્ટમાં સાબિત નહીં થાય એની હું ખાતરી આપવા માગું છું. એમને શંકા છે કે વિધાનસભા સર્વાનુમતે પસાર કરે અને કાયદો અલ્ટ્રા વાયરસ થાય તો શું? પરંતુ કાયદો અલ્ટ્રા વાયરસ થાય એવી કોઈ વ્યવસ્થા આમાં નથી. એમાં લાઈફ ટાઈમ ટેક્સ એવો શબ્દ પ્રયોગ પણ વપરાયો નથી. એમણે કહ્યું કે ગુજરાતની અંદર પડોશી રાજ્યો કરતાં વધારે ટેક્સ છે. આ હકીકત પણ સત્યથી વેગળી છે. હું થોડા આંકડા આપવા માગું છું કે ગુજરાતમાં ટુ વ્હીલર ઉપર ૬ ટકા છે, મહારાષ્ટ્રમાં ૭ ટકા છે, મધ્યપ્રદેશમાં ૫ ટકા છે, રાજસ્થાનમાં ૭ ટકા છે, આંધ્રપ્રદેશમાં ૯ ટકા છે. કાર ઉપર ગુજરાતમાં ૬ ટકા, આંધ્રમાં ૯ ટકા, મહારાષ્ટ્રમાં ૭ ટકા, મધ્યપ્રદેશમાં ૫ ટકા છે. રાજસ્થાનમાં ૭ ટકા છે. પડોશી રાજ્યોની વ્યાખ્યા કઈ રીતે કરવી એ પ્રશ્ન છે. ગુજરાતને અડીને રાજ્યો આવેલા છે એ રાજ્યોની વાત કરું છું. હું સંઘ પ્રદેશની વાત કરતો નથી. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ આ ત્રણ રાજ્યો આપણી આજુબાજુમાં આવેલા છે. મને કહેતા ગૌરવ થાય છે કે સરવાળો કરીએ તો ગુજરાતનો ટેક્સ ઓછો છે. એટલે એમની એ વાત સાચી નથી કે આ ટેક્સ વધારે છે અને ફરી વાર મોટો વધારો કરવા માગીએ છીએ. કોઈ મધ્યમવર્ગની વ્યક્તિ ઉપર બોજો પડી નહીં શકે. એમણે કહ્યું કે ખરીદવાવાળા ઉપર બોજ પડશે. આપણે બધા અનેક પ્રકારના ટ્રાન્ઝેક્શનમાંથી પસાર થઈએ છીએ. ખરીદવાવાળો અને વેચવાવાળો બન્ને કિંમત નક્કી કરતા હોય છે ત્યારે ખરીદવાવાળાએ ૧૦૦ રૂપિયાનું ગણવાનું હોય તો એની અંદર ટેક્સ ગણી લેતો હોય છે. જો સરકાર એના અંદર ટેક્સ નાખશે તો વેચવાવાળાને ૯૭ મળશે અને ખરીદવાવાળો ત્રણ ગણીને

૧૦૦ આપશે. વેચવાનું છે ત્યારે ટેક્સ વેચવાવાળાના ખિસ્સામાંથી જવાનો છે. જે શક્તિસિંહભાઈની વ્યાખ્યા પ્રમાણે માલેતુજાર છે. હું ખરીદવાવાળો કે વેચવાવાળો કોઈને માલેતુજાર ગણતો નથી. જે છે એ ગુજરાતનો નાગરિક છે. એમણે એવી વાત કરી કે ટેક્સ નાખવો હોય તો નવા વ્હીકલ ઉપર નાખો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ પોતે ખોટા શબ્દો મારા મોઢામાં મૂકે છે. વેચનારા માલેતુજારો છે એવું મેં નથી કહ્યું. લકઝુરિયસ કારના માલિકો માલેતુજાર છે એવું કહ્યું છે. વેચનાર સૅકન્ડ, થર્ડ ફોર્થ એ સામાન્ય માણસ જ વેચતો હોય છે અને વાહન વેચનાર માલેતુજાર છે એવું કહ્યું નથી. just to clearify and keep the record straight મારા મોઢામાં શબ્દો મૂકે છે એટલે.

**શ્રી અમિત શાહ** : એમણે એવું કહ્યું કે વેચવાવાળા ઉપર ટેક્સ નાખો, ખરીદવાવાળા ઉપર શા માટે ટેક્સ નાખો છો? ખરીદવાવાળા ઉપર કોઈ બોજો પડ્યો નથી. માણસો ખરીદતા હોય છે ત્યારે ટેક્સ સહિત કુલ કેટલી કિંમત થાય છે, અને જ્યારે ખાસ કરીને સેકંડહેન્ડ વસ્તુ, વપરાયેલ વસ્તુ ખરીદવામાં આવતી હોય છે ત્યારે ટેક્સનો ભાગ સ્વાભાવિક રીતે જે વેચવાવાળો છે એની કિંમતની અંદરથી કપઈને, ગણતરી કરીને ખરીદતો હોય છે એટલે આમાં કોઈ પ્રકારની ખરીદવાવાળા ઉપર મોટો બોજો પડવાનો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજી વાત કરી મેકસી, કેબ અને એની. હું એવું ચોક્કસ માનું છું કે ૧૦૦ રૂપિયાની ગાડી આવતી હોય અને એની ઉપર જે વેરો લેવાતો હોય, આ વેરો જો વર્ષમાં એક વાર લઈએ તો એમના પણ સમયનો બચાવ થવાનો છે અને આર.ટી.ઓ.ના કામનું ભારણ ઘટવાનું જ છે. એમના વિપક્ષના નેતાશ્રીએ એવી રજૂઆત કરી કે કારનો માલિક, ટેક્ષીનો માલિક જઈને આર.ટી.ઓ.માં ટેકસ ભરી આવે છે એમની વાત સાચી છે જઈને ભરવાની વ્યવસ્થા છે એનો સમય પણ બચાવવો છે અને જે ભર્યા વગર ચલાવે છે એને પકડવાની એવી કોઈ દિવસ વ્યવસ્થા ના થઈ શકે કે ૧૦૦ ટકા લોકોના વ્હીકલ્સ રોડ ઉપર ઊભા રાખીને ચેક કરીએ નહિ તો નિરંજનભાઈ ટ્રાફિકનો પ્રશ્ન ફરી એકવાર આ ગૃહની અંદર ઉઠાવે કે આ વ્હીકલનો ટેક્સ જોવા ઊભા રહે છે અને ટ્રાફિક જામ થઈ જાય છે અને મારી ગાડી પાછળ અટકી ગઈ છે સાહેબ, એમની ગાડી ના અટકે એની આ વ્યવસ્થા છે કે જે ભરવા જાય છે અને જે ના ભરે એને પકડવા બહુ અઘરા હોય છે એટલે એક વર્ષની અંદર આ જમાનાની અંદર વારંવાર આર.ટી.ઓ.ની ઓફિસમાં ટેક્સ ભરવા જવું એ ખરેખર યોગ્ય નથી અને એવું થઈ પણ ના શકે. આ તો જેમ સમય બદલાતો જાય છે, જેમ ઉપલબ્ધતા વધી જાય છે એમ આની અંદર નાના નાના ફેરફારો કરી કાયદો આપણે સુધારતા જઈએ. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ કાયદો ચિરકાળ સુધી પરિવર્તનશીલ ના હોય એવું ના હોઈ શકે. સાંપ્રત સમયની અંદર સમય અને સંજોગો પ્રમાણે જે ફેરફાર થાય, દેશ-કાળ પ્રમાણે જે ફેરફાર થાય એ પ્રમાણે જો કાયદો ના બદલાય તો કાયદો પણ ઈરરિલેવન્ટ થઈ જાય અને વ્યવસ્થા પણ ઈરરિલેવન્ટ થઈ જાય. વ્યવસ્થા ઈરરિલેવન્ટ ના થઈ જાય એના માટેની આ મથામણ છે. સહેજ વધુ રચનાત્મક રીતે આ વાત માનનીય શકિતસિંહજી જોશે તો મને લાગે છે કે હું મારી વાત સમજાય શક્યો છું. આ બંને પક્ષના સભ્યો ભેગા થઈ આ બિલને ટેકો આપે અને બિલને સર્વાનુમતિથી મંજૂર કરે એવી વિનંતી કરી મારી વાત પુરી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહ્યું કે આટલા મોટા બજેટમાં ૧૫ કરોડ રૂપિયા અને પૈસા માટે થઈને અમે આ બિલ લાવ્યાં નથી, વ્યવસ્થા માટે લાવ્યા છીએ. એ જ પરિસ્થિતિ હોય તો આપણે આ બિલને સર્વસંમતિથી પસાર કરીએ. માત્ર એટલું જ કે આ ટેક્સ માટે થઈને આપણે આ લાવ્યા નથી, પૈસા ભેગા કરવા માટે લાવ્યા નથી માટે ૧૫ ટકા છે એનો અડધો ટકો કે એક ટકો રાખો. વ્યવસ્થા માટે જ જો રાખ્યા હોય તો. મૂળ કિંમતના ૧૫ ટકા નહિ જો આપણે આટલો સુધારો કરી શકીએ એમ હોઈએ તો સર્વસંમતિથી પસાર કરીએ અને અત્યારે જે આપણી જોગવાઈ ઓમ્નીબસમાં છે. આપે કહ્યું કે દર મહિને ભરવા ના આવવું પડે એટલે એનો પણ સમય બચાવવા માગીએ છીએ. જૂની જોગવાઈ પ્રમાણે આપના બિલમાં આ જોગવાઈ છે જ. વાર્ષિક ટેક્સ જેને ભરવો હોય એ વર્ષનો આવીને ભરી જ શકે છે, ૬ મહિનાનો ભરવો હોય એ ભરી જ શકે છે અને મહિનાનો પણ ભરી શકે છે તો એ વ્યવસ્થા છે એને ફેરફાર ના કરીએ કારણ કે મને મારો સમય દર મહિને ભરવાનો નથી બગાડવો તો વર્ષનો એક સાથે ટેક્સ ભરવાની જોગવાઈ અત્યારે હયાત કાયદામાં છે જ અને આ ૧૫ કરોડ એ કોઈ મોટી વાત નથી. એના માટે બિલ લાવ્યા નથી તો આપ જે સેકન્ડ હેન્ડ સેલ માટે પણ ૧૫ ટકા લેવાના છો એ એક ટકો કરી દઈએ તો આપણે સર્વસંમતિથી પસાર કરીએ.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સૂચન કર્યુ એ બાબત હું સ્પષ્ટતા કરી દઉં કે માનનીય નાણામંત્રીશ્રીએ જ્યારે પ્રવચનની અંદર વિગતો મૂકી એ વખતે જ આની અંદરથી ટેકટર, રિક્ષા અને અપંગ નાગરિકોના વાહનોને બાદ આપ્યા હતા. એ પછી જ્યારે હું બિલ લઈને આવ્યો ત્યારે મેં પણ કહ્યું કે જે વધારે વપરાયેલા વાહનો છે એના માટે ૧૫ ટકા ટેક્સ નથી રાખવાનો એના માટે અમે ટોકન ટેક્સ રાખવાનું વિચારી રહ્યા છીએ. એ દર નક્કી થાય એટલે નોટિફિકેશનની અંદર અમે બહાર પાડીશું અને હું એવું ચોક્કસ માનું છું કે જે વાહન ૧૦ વર્ષ વપરાય ગયું હોય એની પર ૧૫ ટકા ટેક્સ ના લઈ શકાય અને એના માટે સરકાર વિચારી જ રહી છે. એટલા માટે કાળજીપૂર્વકની વિચારણા પછી બિલની અંદર મેં અપ ટુ ૨૫ પર્શન્ટ લખ્યું છે. બિલની અંદર ૨૫ પર્શન્ટ કર્યુ હોય એટલે વન ટુ ૨૫ થાય. એટલે જે વધુ વપરાયેલા વાહનો છે એ વધુ વપરાયેલા

વાહનો પર સરકાર ચોક્કસ વિચાર કરીને ઓછો દર રાખવાનું વિચારી રહી છે. મેં ગૃહમાં પહેલા બિલ પાયલોટ કરતી વખતે સ્ટેટમેન્ટ કર્યુ અને જે લોકો માત્ર ડેફિશિએસન માટે વાહન ખરીદે છે. વાહન ખરીદવાનો પરપઝ જેમનો ઈન્કટેક્સમાંથી ડેફિશિએસન બાદ લેવાનો છે અને ઈન્કટેક્ષ બચાવે છે. એ લોકો જોડેથી મૂળ ટેક્ષના ૧૫ ટકા લેવા એમાં નૈતિક રીતે મને કોઈ તકલીફ જણાતી નથી.એટલે એમનું જે સૂચન છે એ પાર્સીયલી મેં સ્વીકારેલું જ છે અને એ બાબતમાં મેં પહેલેથી મારા બીલના પાયલોટ કરતી વખતે વાત કરી છે. અને એમણે બીજી વાત કરી કે, અત્યારે બંને ઓપશન ખુલ્લા છે. એમની વાત તદ્દન સાચી છે. અત્યારે બંને ઓપશન ખુલ્લા છે પરંતુ જયારે દર મહિને ભરવાનો અને બાર મહિને ભરવાનો બંને ઓપશનો ખુલ્લા હોય ત્યારે કોઈ પણ નાગરિક સ્વાભાવિક રીતે ટેક્સ મોડો ભરવો પડે એવી વ્યવસ્થા કરતો હોય છે. જો બાર મહિને એકવાર લઈ લઈએ તો હું એવું ચોકકસ માનું છું કે, એનો સમય પણ બચે, ચોરી પણ ઘટશે અને અમારા સ્ટાફની હાલાકી પણ ઓછી થવાની છે એટલે જોગવાઈઓ સંપૂર્ણપણે બધા જ પાસાઓનો વિચાર કરીને કરવામાં આવી છે, હું ફરી એક વાર વિનંતી કરું છું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને કે સર્વસંમતિથી બીલ મંજૂર કરે તો આભાર.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૧- સન ૨૦૧૦નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈકેનટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૧- સન ૨૦૧૦નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન-૨૦૧૦ના વિધેયક ક્રમાંક- ૧૧નું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક.૧૦.

## ગુજરાત મૂલ્યવર્ધિત વેરા(સુધારા) વિધેયક,૨૦૧૦

### ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૦.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૧૦ - સન ૨૦૧૦નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા ( સુધારા ) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક-૧૦ - સન ૨૦૧૦નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા ( સુધારા ) વિધેયકનું પહેલુ વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જયારે બજેટ રજૂ કર્યુ, બજેટ સ્પીચ ત્યારે એમાં કહયું હતું કે, તમાકુની બનાવટ ઉપર ૫ ટકા ટેક્સનો વધારો થાશે. આજે જે ૧૨.૫ વત્તા ૨.૫ લઈએ છીએ એના બદલે ૧૭.૫ વત્તા ૨.૫ લેવાશે અને આના માટે થઈને કાયદાની અંદર જે ૭૬(ક) કલમ છે એ વધારાની ઉમેરી અને એનો રેઈટ ૧૭.૫ ટકા રાખવો એ પ્રમાણેની વાત કરી છે અને માલના વેચાણ અંગેની કલમ-૭ છે એની પેટા કલમ- ૧(ક)માં અને માલની ખરીદી અંગેની કલમ- ૯ છે એની પેટા કલમ- ૬માં નોંધ ૭૬(ક) દાખલ કરતો સુધારો કરવો એટલી મેં આ વાત કરી છે. તમાકુ છે એ વ્યસન માટેની ચીજ છે. તમાકુ છે એ આરોગ્યને હાનીકારક છે એટલા માટે થઈને આ ટેક્સનો વધારો કર્યો છે. આ બીલની અંદર બીજું કાંઈ વિશેષ છે નહીં એટલે તમામ સભ્યશ્રીઓ આ બીલ સ્વીકારે એવી હું વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય નાણામંત્રીશ્રીએ એમના બજેટ પ્રવચનમાં અને અત્યારે પણ એવું કહયું કે તમાકુ હાનિકારક છે. તમાકુનું સેવન રોકવા માટેનો મારો[ આ પ્રયત્નો છે અને એ માટે હું આ ટેકસ વધારવાની દરખાસ્ત કરું છું. તમાકુનું સેવન શું ટેકસ વધારવાથી અટકાવી શકાશે ખરું? આપણે જો એ અટકાવવું હોય તો એના બીજા અનેક ઉપાયો આપણે લાવી શકીએ તેમ છીએ. આપણી એ કરવાની ઈચ્છા નથી. આપણે તો મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં તમાકુ કરતા પણ વધારે માત્ર આરોગ્યને નહીં સમાજને પણ હાનિકારક છે એવા દારૂની છુટ થાય એવી વ્યવસ્થા ગોઠવીએ છે ત્યારે

* વિધેયક તા.૧૫મી માર્ચ, ૨૦૧૦ના ગુજરાત ગવર્નમેન્ટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આરોગ્યની ચિંતા નથી પણ ટેકસનું સ્ટ્રકચર તમાકુ ઉપર વધારવાથી આપણે શું કરવા જઈએ છીએ એનો આપણે અભ્યાસ કર્યો છે ખરો? આવા અખતરા કોઈકે કરેલા છે અને જે રાજયોએ આ અખતરા કર્યા હતા કે ટેકસ ટોબેકો ઉપર વધારીએ તો સેવન ઘટે સાથેસાથે એની બાયપ્રોડકટ રાજયની તિજોરીમાં આવક વધે. શું થયું એ રાજયોનું એમાં આપે એનો અભ્યાસ કર્યો ખરો કે જે રાજયોએ આ કરવા ધાર્યું હતું અને કર્યું હતું. ટેકસ ખૂબ ઉપર લઈ ગયા સેવન ન ઘટયું. રાજયની તિજોરીની આવક પણ ન વધી. ટેકસ વધારો છો અને તિજોરીની આવક વધતી નથી. કારણ એટલું જ કે બાજૂના રાજયમાં એ જ વસ્તુનો ટેકસ ઓછો છે પરિણામે સ્મગલીંગ વધ્યું. દાણચોરીથી એ રાજયમાંથી એ પ્રોડકટ આવે, એ પ્રોડકટ વેચાય.

**સભાપતિશ્રી દોલતરાય ના.દેસાઈ, અધ્ય ક્ષસ્થાને**

આપ એને કન્ટ્રોલ કરવા પુરતુ તંત્ર રાખી ન શકો અથવા આપના તંત્રમાં એવી વ્યકિત ગોઠવાય કે રાજયની તિજોરીમાં જે આવક આવવી જોઈએ એ આવકના ભાગલા પડી જાય. કાળાબજારથી વેચનાર સ્મગલર પણ કમાય, તંત્રનું ચેકીંગ રાખનાર પણ કમાય, રાજયની આવક ન વધે. ટેકસ વધારવાથી દંડાય કોણ? જે દાણચોરી કરવા ટેવાયેલા નથી જેને નિષ્ઠા અને પ્રમાણિકતાથી વેપાર કરવો છે એ માણસ એનો ધંધો મુશ્કેલીમાં આવે. તમાકુના સેવનની આપણે વાત કરીએ છીએ. આખા દેશમાં સૌથી વધારે તમાકુ પકવતુ રાજય ગુજરાત છે અને આખા દેશમાં ઓછામાં ઓછી તમાકુનું સેવન કરનાર રાજયમાં પણ ગુજરાત છે અને એ તમાકુનું સેવન ઓછું થાય એને માટે આપણે પગલાં લેવા હોય તો લાવોને આપણે કાયદો. ચકાસી લો અને જો થઈ શકતું હોય તો કરો. આખા દેશમાં કયાંય ન હોય એવી દારૂબંધીનું આપણે ગૌરવ લઈએ છીએ. એમાં હમણા જ આપણી આવક દેખાઈ પ્રશ્નોત્તરીની એક ચોપડીમાં આંકડા આવ્યા કે ગુજરાતમાં કેટલા કરોડ રૂપિયાનો ઈંગ્લીશ દારૂ વેચાયો, પરમિટથી વેચાયો મોટા લોકોએ પીધો એમની વ્યવસ્થા અને પેલો મજુર સાંજે ઉંઘ ન આવે અને કોથળી પીને પકડાય તો એ ગુનેગાર પણ આ વ્યવસ્થા આપે કહયું છે જે આપે જે ઓબ્જેકસ અને રીઝન્સ બિલમાં બતાવ્યું છે એ આપના દિલમાં છે ખરું? દિલમાં ભાવના કાંઈક છે. બીલમાં કાંઈક જુદી છે (અંતરાય) હા. બાપુને દિલ વાંચતા આવડે.અને એટલે જ આ બિલની સાથે સહમત નથી થઈ શકાતું, એટલા માટે દિલમાં ઉતરે નહિ તેવી વ્યવસ્થા છે. આપ લાવો કાયદો. આપને તમાકુનું સેવન બંધ કરવુ છે ને. આપ લાવો કાયદો. લડી લો સુપ્રીમ સુધી, કે નહિ અમારા રાજ્યમાં તમાકું ઉપર સંપૂર્ણ પ્રતિબંધ કરવાનો અમારો પ્રયત્ન છે. અમે આ કાયદો લઈને આવ્યા છીએ. ગુટકા પણ નહિ મળે, સિગારેટ પણ નહિ મળે મારા રાજ્યમાં અને આમાં પહેલા જેવી વ્યવસ્થા નહિ કે દારૂબંધીને પાછળના બારણેથી હળવીબંધી કરી દેવાની. મોટા લોકો માટે છૂટ. કરોડો રૂપિયાનો ઈંગ્લીશ દારૂ વેચાય અને આ આંકડાઓ ભૂતકાળમાં હતા, એની સાથે સરખાવીએ તો આપણને ખબર પડે કે પહેલા હેલ્થ પરમીટ હતી. આજે વેલ્થવાળાને પરમીટ આપતા થઈ ગયા છીએ. હેલ્થ પરમીટ નહિ, વેલ્થવાળાની પરમીટ. અહી આપણે જો બંધ કરાવવું હોય તો જનજાગૃતિ માટે આપ આગળ લાવો લોકોને કે તમાકુનું સેવન ઘ ટે. ટેક્સ સ્ટ્રકચર બદલાવવાથી આપે અભ્યાસ કર્યો છે. ટેક્સ સ્ટ્રકચર બદલાવવાથી શું તમાકુંનું સેવન ઘટવાનું છે? આપે ક્યાંક કોઈ જગ્યાએ આ પ્રકારના ટેક્સથી વ્યસનમુકિત થઈ હોય તેવું સાંભળ્યું છે ખરું. સિગારેટ પીનારો કે ગુટકા ખાનારો કે તમાકુનું સેવન કરનારો એને આપ ટેક્સના ભારણથી બંધ કરવાનું વિચારો છો. આપના પાડોશી રાજ્યોનું અભ્યાસ કરીને ટેક્સનું સ્ટ્રકચર શું છે એ જોવાનો આપણે પ્રયત્ન કર્યો છે ખરો? વેલ્યુ એડેડ ટેક્સ એના બેઈઝને સમજવાનો આપણે પ્રયત્ન કર્યો છે ખરો? ઈમ્પ્લીમેન્ટેશન ઑફ વેટ એની ભાવના હતી એ ભાવનાને આપણે રોળીચોળી નાખવાનો પ્રયત્ન કરીએ છીએ. બધા જ રાજ્યના નાણા મંત્રીશ્રીઓએ ચિંતા કરી હતી કે ઈન્ટર સ્ટેટ ટેક્સ વોર ચાલે છે, એ ટેક્સ વોરના કારણે કેટલાક રાજ્યોને મુશ્કેલીઓ પડે છે, એટલું જ નહિ જેન્યુઈન વેપારી છે, એ સફર કરે છે અને જે વેપારીને અવળા રસ્તે જવું છે, એ આનો પ્રોફિટ લે છે. રાજ્યની તિજોરી પર નુકસાની આવે છે અને અવળા રસ્તે ચાલનારાઓના ઘર ભરાય છે. આ ટેક્સ વોરને નાથવા માટે લેટ અસ હેવ અ ફોર્મ્યુલા. કે જેમાં ટેક્સ વોર ના હોય, જેમાં એક સરખી કરની વ્યવસ્થા હોય. જ્યાં સાચો વેપારી દંડાય નહિ અને દાણચોરી કરનારને ઉત્તેજન ન મળે. આ ભાવના હતી. આપણી એ ભાવનાને અનુરૂપ ગુજરાત રાજ્યે ખાસ કરીને ટેક્સ સ્ટ્રકચર ઊભું કરવાનો પ્રયત્ન કર્યો ખરો? જવાબ છે ના. કારણ કે આપણે એના હાર્દને જ અનુસરતા નથી. આજે આપણે તમાકું ઉપરનો ટેક્સ એના જે વધારાની વાત લઈને આવ્યા છીએ. મુખ્ય અધિનિયમ અનુસૂચિ-૨ માં અનુક્રમાંક ૭૬(ક) પછી જે નોંધ દાખલ કરી છે. તમામ પ્રકારની તમાકું અને તમાકું ધરાવતી બીડી, સિગારેટ, ગુટકા, પાનમસાલા, છીકણી જેવી તમાકુંની બનાવટો રૂપિયા ૧૭.૫ પૈ. મૅડિકલ સાયન્સ એ વાત સ્વીકારે છે કે કાગળમાં નંખાયેલી તમાકુંથી બનેલી સિગારેટ કરતા કુદરતી પાંદડામાં થોડી ભરાયેલી તમાકુંવાળી બીડી એ ઓછી નુકસાનકારક છે અને આ તમાકું કે જેને સિગારેટના ઉત્પાદન માટે ફૅકટરીઓ ચલાવાય છે. માનનીય અધ્યક્ષશ્રી, બીડી માટે સામાન્ય કામદાર રોકાયેલો હોય છે અને આપણે સાડા સત્તર પૈસા બંને માટે કરી નાંખ્યા. સાડા સત્તર પૈસા, એક રૂપિયે સાડા સત્તર પૈસા. સારામાં સારી સિગારેટ પીનારા માટે એ જ અને માત્ર રોજીરોટી કરનાર માણસ જે બીડી પીનાર હોય તેના ઉપર પણ સાડા સત્તર પૈસા. આપનું આ ટેક્સ સ્ટ્રકચર આપ કોને ધ્યાનમાં રાખીને લાવો છો? એક તરફ આપ એમ કહીએ છીએ કે મારું બજેટ એટલું મોટું છે કે મારે નાની

નાની આવકની ચિંતા નથી. દસ-પંદર કરોડ માટે હાથ જ નાંખતો નથી. બીજી તરફ વાસ્તવિકતા જોઈએ તો નાની નાની વસ્તુઓને છોડતા નથી. તેને પહેલાં પકડીએ છીએ. થશે શું? આ ટેક્સ સ્ટ્રકચર પછી ન તો તમાકુંનું સેવન ઘટશે નહીં, ન તો રાજયના તંત્રની આવક વધશે. કારણકે બાજૂના રાજયોમાં આ ટેક્સ સ્ટ્રકચર નથી. વેચાણ વેરો જે આપણને અહીંયાંથી વેચાણથી મળવાનો હતો તે ત્યાંથી ખરીદાઈ સીધો આપણા રાજયમાં આવશે અને આ જ્યારે આવશે ત્યારે અહીંયાં આપણે તેને રોકી નહીં શકીએ. આપણા તંત્રની એટલી બધી મજબૂરી છે કે આઠ હજાર કરોડ રૂપિયાનો વેરો આપણે વસૂલ કરવાનો બાકી છે તે વસૂલ કરવા માટે આપણું તંત્ર નથી. માત્ર તેમાંથી ૧૬૪ કરોડ રૂપિયા કોર્ટ કેસીસના કારણે પેન્ડિંગ છે. બાકીના જે કરોડો રૂપિયા છે, આપના અધિકારના છે તે પણ વસૂલ કરતા નથી. તો શું તમાકુંની વસ્તુઓ સ્મગલ થવાની છે તે રોકી શકવાના છો ખરા? તેને નહીં રોકી શકો? તેનો ફાયદો કોને મળશે? તેનો ફાયદો ઈલીગલ એકટીવીટી કરનારો માણસ છે તેને મળશે. આપણા રાજયનો ટેક્સ નિયમિત ભરતો નથી તે ફાયદો લેશે. એટલા માટે આપના માધ્યમથી માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આપે જે રાજયોમાં આ અખતરા કર્યા છે, આપણા પહેલાં નથી. આ પ્રકારનો પ્રયોગ કરનારા અન્ય રાજયો પણ આ પ્રયોગ કરી ચૂક્યા છે અને એક વર્ષના અંતે તે રાજયોને સમજાયુ છે કે આ ટેક્સ વધારવાથી ન તમાકુંનું સેવન ઘટે છે. ટેક્સ વધારવાથી ન રાજયની તિજોરીમાં આવક વધે છે. ટેક્સ વધારવાથી ન તો બીજો ફાયદો થાય છે. હા, નુકસાન થાય છે. રાજયની તિજોરીને નુકસાન થાય છે. પ્રમાણિકતાથી કામ કરનારા વેપારીના વ્યવસાયને નુકસાન થાય છે. એટલે એક વર્ષના અંતે આવો સ્લેબ રાખનાર રાજયોએ પુનઃ ટેક્સ ઘટાડવાનું નક્કી કર્યુ. આનાથી ફાયદો ન થાય. આપણે તેમાંથી શીખવું નથી, તેના અનુભવમાંથી શીખવું નથી. ડાહ્યો માણસ એને કહેવાય જે બીજાના અનુભવમાંથી જ્ઞાન લે. ત્યારે તે સંજોગોમાં માનનીય અધ્યક્ષશ્રી, આ સંજોગોમાં આ વ્યવસ્થા જેનાથી રાજયની તિજોરીને કે રાજયના પ્રમાણિક વેપારીઓને કોઈને પણ ફાયદો થવાનો નથી તેવા બિલને હું સમર્થન આપી શકતો નથી. અપેક્ષા રાખું છું કે માનનીય નાણામંત્રી આ અંગે પુનઃ વિચારણા કરે. તે સંજોગોમાં આ બિલમાં પુનઃ વિચારણા કરી બીજા રાજયો, પડોશી રાજયોએ અનુભવે ભોગવવું પડયું છે તેવી પરિસ્થિતિ આપણી ન થાય તેની ચિંતા કરે તે શબ્દો સાથે વિરમું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૦ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તમાકુનો ઉપયોગ ન થાય એ ઈચ્છનીય છે, એ વધે નહીં એના માટેના જરૂરી પગલાં પણ ઈચ્છનીય છે અને એટલા માટે ૧૯૯૭ની અંદર, માનનીય નાણા મંત્રીશ્રીને યાદ કરાવું કે દશ ટકામાંથી વીસ ટકાનો વધારો કરેલો હતો. વીસ ટકા કર્યો હતો પછી એમાંથી પંદર ટકા કોણે કર્યા? એ પછી તો નાણા મંત્રી તરીકે માનનીય વજુભાઈ અને થોડા વખત માટે માનનીય નીતિનભાઈ આવેલા હતા અને આજે આ વધારો એ કોના લાભાર્થે કરવામાં આવે છે? એ તરફ આ સન્માનનીય સભાગૃહ અને માનનીય નાણા મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દશ ટકાના વીસ ટકા થયા એ ઓછા કરવા માટેના ખૂબ દબાણો આવેલા અને એમ પણ કહેવામાં આવતું હતું કે, અમારો ધંધો બંધ થઈ જશે, ત્યારે મેં સ્પષ્ટ કહયું હતું કે તમારો ધંધો કાલે બંધ થતો હોય તો ભલે આજે બંધ થઈ જાય પણ ગુજરાતની પ્રજાના આરોગ્યને નુકસાન કરે એવા ગુટકા અને તમાકુના જુદા જુદા પ્રકારના સેવનથી અમારે પ્રજાને અટકાવવી છે અને એટલા માટે પુનઃવેરાનું ભારણ અમે વધારેલું છે, રાજયની આવકો માટે નહીં. એમાં પછી વેપારીઓ હંમેશાં થોડુક આગળ વિચારતા હોય છે, આપણે બુધ્ધિશાળી વાણિયો કહીએ છીએ એ રીતે. માનનીય અધ્યક્ષશ્રી, પુનામાં અને બીજાં રાજયોમાં ઉત્પાદન લેતા હતા એમણે ઉત્પાદન અહીં ગુજરાતની અંદર શરૂ કર્યુ અને આપણે ઉત્પાદન, ઉદ્યોગો આવેને એટલે કયાંક આપણી દ્દષ્ટિ છેને, એમાં આપણાં પડળ ઉપર થઈ જતાં હોય છે. આપણે એમ વિચારી નથી કરતા કે, આ તમાકુના ઉદ્યોગ આવશે અને એના કારણે આરોગ્યને કેટલું નુકસાન થશે અને એ વખતે જે ઈન્વેસ્ટમેન્ટની

અંદર ૧૯૯૫, ૨૦૦૦ અને ૨૦૦૫ની અંદર પોલીસીની અંદર રોકાણ કર્યુ અને ડીફર્ડ પેમેન્ટ અને ટેક્સ માફીની સગવડ હતી એનો ઉપયોગ આ તમાકુના ગુટકાના ઉત્પાદકોએ કરીને આ ગુજરાતની અંદર એમણે ઉત્પાદન શરૂ કર્યુ.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ભોગવટો બદલાયો, ઉપભોકતા છે એ એની ઉપર ટેકસ ભરે, આપણી રાજયની તિજોરીમાં એ ટેકસ જયારે ના આવે માફી હોય તોય ન આવે અને ડીફર્ડ હોય તોય ના આવે અને નિર્યાપ્ત સમય પછી આવે અને ત્યાં સુધી આ ટેકસની રકમ છેને એ આ ઉત્પાદકો ભોગવે અને એમાં સો કરોડ સુધી હોય તો સાત વર્ષ, બસો કરોડ સુધી હોય તો દશ વર્ષ (અંતરાય) અને બસો કરોડથી ઉપર હોય તો ૧૪ વર્ષ સુધીનો ભોગવટું કરવા માટેનું આ કેટલાક તમાકુના ઉત્પાદકોએ લાભ લીધો છે એની માનનીય નાણા મંત્રીશ્રી અહીં જાણ કરે તો ખબર પડે કે આ તમાકુ - ગુટકા ખાનારા આરોગ્યને નુકસાન કરનારાના ટેકસના પૈસા છે એ રાજયની તિજોરીમાં આવે તો એ આપણે નથી જોઈતા, પણ આ વધારો કરવાથી આ ઉત્પાદકોને તો લાભ નથી થવાનોને? ટેકસ માફી આપતી વખતે આપણે કયાંય વિચાર કરતા નથી હોતા, એ આ બિલને સુસંગત નથી પરંતુ એકસાઈઝ માફીના કેટલાક યુનિટોને જે ટેકસ માફી રાજય સરકારે આપી છે (અંતરાય) ત્યારે એના ઉપર બોલવાનો માનનીય અધ્યક્ષશ્રી, આપે આ જે ટેકસ વધારો કર્યો છે એના ઉપર બોલવાનો સ્કોપ હોય. રાજયએ એમને ટેકસ માફી આપી છેને એની પણ જાણ મેળવવાનો આ ગૃહને અધિકાર છે અને જયારે બિલ ઉપર બોલતા હોઈ ત્યારે સ્પષ્ટતા કરે કે અમે કોઈ વધારો કર્યો નથી. એમ કહી શકે અને એમ પણ કહી શકે કે આ પૈસા રાજયની તિજોરીમાં આવે છે અને કયારે કયારે જમા થયા છ એ પણ કહે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે કહેવાનું એ છે કે, બધે જ ઠેકાણે આપણે ટેક્સમાં વધારો કરી અને વ્યસનને રોકવા માટેની વાત કરતા હોઈએ ત્યારે મારે કહેવું છે કે, આ ટેક્સનો વધારો છે એના બદલે સંપૂર્ણપણે આ તમાકુંના ઉત્પાદનો ઉપર પ્રતિબંધ મૂકવાની આપણા રાજ્યની તૈયારી છે ખરી? બીજા રાજ્યોમાંથી અહીં આવે અને ટેક્સ વધે એ બાબતમાં નહીં પરંતુ રાજ્યની અંદર તમાકુની પેદાશોની વેલ્યુએડેટ વસ્તુઓ એમાં ખાસ કરીને ગુટકાના ઉત્પાદકો ઉપર પ્રતિબંધ મૂકવા માગીએ છીએ ખરા? આજે દાખલા તરીકે દારૂબંધી જે છે એને ક્યાંય હળવી ન કરાય એ માટેની લોક લાગણી છે. દારૂ ઉપરનો જે ટેક્સ છે એ ૬૦ ટકા સુધીનો ટેક્સ આપણે લઈએ છીએ એમાં કાંઈ ઓછું કરવાની વાત આપણે કરતા નથી, તમાકું ઉપરનો ટેક્સ પણ ઓછો કરવાની વાત કરતા નથી પણ વધારો કરવાની વાત લઈને આવ્યા છે ત્યારે મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આપણે ૨૦ ટકાનો ટેક્સ નાંખેલો એમાંથી ૫ ટકા ઘટાડ્યો કોણે અને ક્યારે કર્યો આ ૫ ટકાનો ઘટાડો એની સ્પષ્ટતા માનનીય નાણા મંત્રીશ્રી કરે અને હવે આ ઘટાડો કરવાની ભૂલ સમજાય હોય અને જો એકરાર કરતા હોય અને ૨૦ ટકા કરવાનું આ બિલ લાવ્યા હોય તો અમે એને આવકારીએ. પણ આરોગ્યને નુકસાન કરે એવા માદક દ્રવ્યો જે તમાકુ સેવન આ બધાને અટકાવવા ખૂબ જરૂરી છે અને જો ઉત્પાદકો પાછલા બારણેથી જો આ રાજ્યમાંથી લાભ લઈ જતા હોય તો રાજ્ય સરકાર એમને આપેલી સવલતો પણ બંધ કરી શકે છે. આ વાત મારે આ બિલ ઉપર કહેવી છે અને આ બાબતમાં માનનીય નાણામંત્રીશ્રી સ્પષ્ટતા કરે એવી અપેક્ષા રાખુ છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈએ જે વાત કરી કે આ ૫ ટકાનો ઘટાડો કરેલો. વેલ્યુએડેટ ટેક્સ આવ્યા પછી જે ચાર ટકા અને સાડા બાર ટકા આજ રેટ હતો એ પહેલા જે સેલ્સટેકસ હતો, સેલ્સટેક્સનું તો આખે આખું માળખું જ બદલાઈ ગયું છે વેટની અંદર આપણે વધારો કર્યા પછી આપણે કોઈ ઘટાડો કર્યો નથી આ પહેલી જ વાર આપણે પાંચ ટકાનો વધારો કરીએ છીએ. (અંતરાય) જે દિવસે આ કાયદો જ ન હતો વેલ્યુએટેડ ટેકસનો એટલે જે વેલ્યુએડેટનો કાયદો જ ન હોય એના પ્રમાણમાં લેવાની આ વાત છે. બીજી આપે વાત કરી કે ગુટકા ઉપર પ્રતિબંધ મૂકવા માગો છો કે નહીં? અમે સ્પષ્ટ રીતે માનીએ છીએ કે આરોગ્યને હાનિકારક જેટલી વસ્તુ હોય એના ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ પણ ગુજરાત રાજ્યને આના કોઈ પાવર્સ નથી આના માટે પ્રતિબંધિત કરવા માટેના એની પણ કાયદાકીય રીતે ચકાસણી કરી લીધી છે. આ પ્રતિબંધિત કરવું હોય તો કેન્દ્ર સરકાર જ આ કરી શકે છે. અમે તો હિંમતથી કહીએ છીએ કે આપ સૌ બધા અહીં બેઠા છો, મહાત્મા ગાંધીજીએ તો એમ કહ્યું હતું કે દારૂ વિશે કે 'મને જો ફકત લીંબૂ ઉછાળવા જેટલો પણ સમય મળે તો મારૂ પહેલું કામ એ હશે કે હું આ દેશમાંથી દારૂબંધી કરી દઈશ.' છતાં પણ આ કોંગ્રેસી એકેય રાજ્યમાં દારૂબંધી નથી અને આ ભાજપના રાજયમાં દારૂબંધી છે.

(અંતરાય) અહીં દારૂબંધી છે જ બાપુ. અહીં દારૂબંધી ગુજરાતમાં છે જ. અહીં તમે મૂકી છે તો આજે કેન્દ્રમાં તમે જ બેઠા છો મૂકી દો ને આખા હિન્દુસ્તાનમાં. મહાત્મા ગાંધીજીએ ગુજરાતનું જ નહોતુ કહ્યું, (અંતરાય) મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું એ ગુજરાતની જ વાત ન હતી આખા હિન્દૂસ્તાનની વાત હતી. ફરીથી કહું છું કે તમામ કોંગ્રેસભાઈઓ કાન ખોલીને સાંભળી લે કે, આ મહત્મા ગાંધીજીની લાગણી અને આ એની ઈચ્છા હતી એ ઈચ્છા કોઈ ફળીભૂત કરી નથી. અમે માનીએ છીએ કે રાજ્ય સરકાર એમ માને છે કે, આરોગ્યને હાનિકારક જેટલી વસ્તુઓ હોય અથવા લકઝરીયર્સ આઈટેમ હોય એના ઉપર ટેક્સ વધારવો જ જોઈએ. ટેક્સ વધારવાથી બાજૂના જે રાજ્યો છે  ત્યાંથી દાણચોરી થશે ને આ થશે એ તો દાણચોરી કરવાવાળા તો ચાર ટકાના ટેક્સમાં પણ કરે છે. અરે સોનામાં એક ટકાનો ટેકસ હોય તો પણ એની દાણચોરી કરે છે. ટેકસ વધારવાથી દાણચોરી અટકે કે ન અટકે એ વાત જુદી છે એટલા જ માટે થઈને આ જે વેટ છે એમાં માનનીય સભ્યશ્રીએ વાત કરી કે તમાકુમાં તમે સિગારેટ કરતા બીડીની અંદર જર્દો નાંખીને પીએ તો ઓછી નુકસાનકારક છે. પણ ઓછી નુકસાનકારક હોય એટલે શું? નુકસાનકારક તો છે જને? ગાંજા કરતા અફીણ ઓછું નુકસાનકારક હોય પણ એ નુકસાનકારક તો છેને? એ કમ્પેરેટીવલી જે હોય તે પણ આરોગ્યને નુકસાનકારક હોય એના ઉપર કરવું જોઈએ અને આ રાજ્ય સરકારે જે કાંઈ વિચાર કર્યો છે આને માટે તમાકુની બનાવટ ઉપર એના માટે સંપૂર્ણ વિચાર કરીને જ કર્યુ છે.એના માટે સંપૂર્ણ વિચાર કરીને જ કર્યુ છે. ગુજરાત રાજય તમાકુ પકવતું રાજ્ય છે, ગુજરાત રાજયમાં તમાકુનો મોટા પ્રમાણમાં વેપાર થાય છે, એ સાદી તમાકુ પર ટેક્સ નથી, બીડીના પત્તા જ્યાં ઉત્પાદન થાય છે એના પર પણ ટેક્સ નથી, આ જે ટેક્સ લખ્યો છે એ બરાબર જ ટેક્સ કર્યો છે અને માનનીય સભ્યશ્રીએ વાત કરી આ ટેકસના પૈસા જોઈતા હોય તો આઠ હજાર કરોડ રૂપિયાનો ટેકસ વસૂલ કરવાનો બાકી છે તો આ વેરો કંઈ અમારા વખતનો નથી, વારસામાં આવ્યો છે, તમને બતાવું આંકડા આપીને, આ તમારી વાત અમારા ગળામાં શું કામ ભરાવો છો. એટલે કોઈ એ રીતે એનો સવાલ નથી, માનનીય સભ્યશ્રીને કહુ છું કે જે કંઈ આરોગ્યને નુકસાનકારક હોય આવી આઈટેમો છે, એ આઈટેમો પર વેરો વધારેલ છે એમાં કોઈ બીજી ખોટી વસ્તુ થતી નથી, માટે મારું આ બિલ છે જે મંજૂર કરે એવી સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું બે બાબત જાણવા માગતો હતો, એક તો આપે કહ્યું કે એક ટકાનો જ ફરક હોય તો દાણચોરી કરનારા દાણચોરી કરે, હું આપની વાત સાથે સહમત છું, વેટનો અભ્યાસ કરીને, બહારના બાજૂના રાજયની સાથોસાથ જ વેટ રાખીએ તો દાણચોરીનો સવાલ જ રહેતો નથી, વચ્ચે ફરક છે એટલા માટે જ થાય છે. વેટનો બેઝ જ એ હતો, બીજું દારૂબંધી કોંગ્રેસ લાવી હતી આપ એને લિબરલાઈઝ ન કરો એ મારી માગણી હતી, દારૂબંધી આપ નહોતા લાવ્યા, આપનું શાસન નવ વર્ષ રહ્યું ત્યારે આપે આખા દેશમાં દારૂબંધી નથી કરી એ પણ હકીકત છે, મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ તરીકે ગુજરાતની એક અલગ ભૂમિકા છે, એ ભૂમિકામાં આ ભાગ ભજવાય એના માટેની લાગણી છે, જે ટેકસ આઠ હજાર કરોડ બાકી છે એમાં મારી પાસે ફિગર્સ છે, છેલ્લાં આપના શાસન દરમ્યાન ૧૯૯૫ પહેલાંનો જે ટેકસ છે એ બિલકુલ નહિવત્ છે આપના શાસન પછીનો આઠ હજાર કરોડનો આ ટેકસ  છે અને એના માટેના ઓથેન્ટિક ફિગર્સ મારી પાસે છે, આ વાત આપ સ્વીકારશો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : પહેલાં તો જે આઠ હજાર કરોડનો ટેકસ છે એ વાત આ બિલ સાથે કોઈ રિલેવન્ટ હતી જ નહિ છતાંય એમણે એ વાત કરી છે એના માટે મારે એ કહેવું છે કે એ જે કંઈ આંકડા હશે

એ જોઈ લઈશું. અમારા દર વર્ષના ઓડિટેડ હિસાબો છે એની અંદર આવેલી વાત છે, બાકી જે વાત કરી કે દારૂબંધી માટે થઈને રિલેકસેશન કર્યુ છે ગુજરાત રાજયએ દારૂબંધી માટે થઈને ક્યાંય રિલેકસેશન કર્યુ નથી એનું ઈન્ટરપ્રિટેશન ના સમજી શકે અને એને રિલેક્સેશન કહેતા હો તો અમે કંઈ ન કરી શકીએ અમે સલાહ આપી શકીએ બાકી બીજું તો કંઈ ન કરી શકીએ. એટલા માટે એ કોઈ સવાલ નથી અને વેટનો જે મુળ હેતુ છે એ અમે જાળવી રાખ્યો છે આજે અમે ગુજરાત રાજયમાં ચાર ટકાનો પાંચ ટકા ટેક્સ કર્યો છે, ૧૨.૫ ટકાનો ૧૫ ટકા ટેક્સ કર્યો, છતાં પણ ગુજરાત રાજયની આવકમાં કોઈ ફેર પડ્યો નથી, એની આવક બરાબર જળવાઈ રહેલ છે અને જે માલ જે રાજયની અંદર કન્ઝમ્શન થતો હોય એ થવાનો જ છે એટલે આ જે મારી વાત કરી છે એ વાતને હું વળગી રહું છું અને મારું બિલ મંજૂર કરે એવી તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય નાણામંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી કે વેટ આવ્યો એના કારણે ૨૦ ટકામાંથી ૧૨.૫ અને ૨.૫ ટકા થઈ ગયું, વેટના ધોરણો પ્રમાણે દરેક વસ્તુની અંદર બેઝ સ્ટાન્ડર્ડ રાખવાનું કંઈ નથી હોતું પેટ્રોલિયમની અંદર આપણે ભાવ ઉંચા લઈએ છીએ, લિગ્નાઈટની અંદર પણ આપણે ભાવ ઉંચા લઈએ છીએ તો આ તમાકુવાળી વસ્તુના ભાવ ઘટાડવા માટેનું કોઈ દબાણ નહોતું તેમ છતાં તમે ૨૦ ટકાના ૧૫ ટકા કર્યા છે, અત્યારે જે ટેકસનો વધારો આવવાનો છે, એ આ ડિફોલ્ટ પેમેન્ટની સગવડો ધરાવતા એકમો પૈકીના અહીંના ગુટકા ઉત્પાદકોની આપની પાસે જો કોઈ માહિતી હોય તો એ માહિતી આપ હાઉસને આપવા માટે તૈયાર છો કે કેમ? આ જે ગુટકાના ઉત્પાદકોએ અહીંયા પ્રોડકશન શરૂ કર્યુ અને પાંચ વર્ષ, દસ વર્ષ કે ૧૪ વર્ષ સુધી એમને મળનારો ટેકસ છે એ પોતાની પાસે રાખવાની જે સગવડ છે એ પૈકીના કોઈ તમાકુ ઉત્પાદકો ગુજરાતની અંદર કોઈ એકમ ધરાવે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : તમાકુની બનાવટની તમામ આઈટેમ ગુટકા હોય, સિગારેટ હોય કે બીડી હોય, બધા ઉપર તો ટેકસ સરખો જ છે આપે જે રીતે વાત કરીને કે ૨૦ ટકામાંથી ૫ ટકા ઓછો કરવાની વાત એ પહેલાં હિંદુસ્તાનના તમામ રાજયોએ ભેગા થઈને ફલોરરેઈટ સરખો કર્યો, ફલોરરેઈટ કર્યો પછી વેટ કર્યો, વેટ કર્યો ત્યારે બધા રાજયોમાં અમલવારી હતી પછી બીજા રાજયો વેટને મિનિમમ રેઈટ ગણીને અને ત્યાર પછી આ બીજા રાજયોની અંદર પણ ૧૫ ટકાના ૨૦ ટકાની રીતે કર્યા છે. ૨૦ ટકામાંથી ૧૫ ટકા ફરીથી કરવાવાળાના કારણો શું હશે, અને ક્યુ રાજય છે, શેના કારણે કર્યુ એ ડિટેલમાં હું જતો નથી. પણ ગુજરાત રાજય એવી રોકડી કરવામાં માનતું નથી એટલે હિંમતથી આ ટેક્સ વધારે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૧૦નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૪, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૧૦નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૧૦નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

# બિન સરકારી વિધેયકો

## દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦નું ગુજરાત તકેદારી આયોગ વિધેયકને દાખલ કરવાની આ સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.
મારી મુશ્કેલી એ થાય છે કે, વિધેયક દાખલ કરવાની અને તેની મતદાનની જે પ્રક્રિયા હોય છે તેનું કોનસેન્ટ્રેશન ના રહે તો એ થાય છે. આપ જ્યારે જ્યારે આજુ બાજુમાં વાતચીત થાય છે, જે લોકો કરતાં હોય તેનો અવાજ અહીં સુધી આવે છે. આપને ફરીથી વિનંતી કરું છું કે એટલો સમય રાખશો. ..(અંતરાય) કોઈ ના હોય એમ ના ઇચ્છું પણ બન્ને જણાં પ્રેમ કરે છે અને પછી ઉપાધિ મારા ઘેર.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦ના ગુજરાત સામાજીક સુરક્ષા વિધેયકને દાખલ કરવાની આ સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦નું ગુજરાત સામાજીક સુરક્ષા વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦ના ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦ના ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦ના ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

# પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો.

(૧) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૭ સન ૨૦૦૮નું ગુજરાત અશ્લિલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પર પ્રતિબંધ વિધેયક - માનનીય સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે... (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

(૨) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૮, સન ૨૦૦૮નું ગુજરાત ભૂંડ સંરક્ષણ અને વસતિ નિયંત્રણ વિધેયક - માનનીય સભ્ય શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ... (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

(૩) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૬, સન ૨૦૧૦નું ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક - માનનીય સભ્ય શ્રી સાબીરભાઈ ખેડાવાળા.. (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.
.

(૪) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૫- સન ૨૦૦૮નું ગુજરાત કાળા જાદુ અને અનિષ્ટ અને અઘ ાોરીના વ્યવસાયનું નિર્મૂલન કરવા બાબત વિધેયક (પ્રભારી સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયા) - માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૩૮ કલાકે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ મંગળવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૧૦ના રોજ સવારના ૮-૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૩૦મી માર્ચ ૨૦૧૦**
**ચૈત્ર ૯, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ધાનપુર તાલુકાના વીજળીકરણ વિનાના ગામો

***૧૬૭૫૭ શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ધાનપુર તાલુકાના કેટલા ગામો હજી વીજળીકરણ કર્યા વગરના છે, અને

(૨) ઉક્ત ગામોનું વીજળીકરણ ક્યારે કરવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) :-

(૧) અને (૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ધાનપુર તાલુકાના ૨૦૦૧ની વસ્તી ગણતરી પત્રક મુજબના વસ્તીવાળા ૯૦ ગામો પૈકી ૮૭ ગામોનું પરંપરાગત રીતે વીજળીકરણ કરેલ છે અને અરક્ષિત જંગલમાં આવતા ૩ ગામોનું સૌર ઊર્જાથી વીજળીકરણ કરવામાં આવ્યું છે. આમ ધાનપુર તાલુકામાં વીજળીકરણ કર્યા વગર કોઈ ગામ બાકી નથી.

સૌર ઊર્જાથી વીજળીકરણ થયેલ આ ત્રણ ગામોનું પરંપરાગત રીતે વીજળીકરણ કરવા માટે સર્વે કરી, ગ્રામ સભાનો ઠરાવ મેળવી જિલ્લાના સ્થાનિક વન વિભાગને ઑક્ટોબર-૦૯માં દરખાસ્ત મોકલેલ છે. વન વિભાગની મંજૂરી મળ્યે, પરંપરાગત રીતે વીજળીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ૬૦ વર્ષ પછી પણ ધાનપુર તાલુકાના ૩ ગામ આજની તારીખમાં અંધારામાં જંગલ વિસ્તારમાં જંગલી જાનવરોના ભય નીચે રાત્રી પસાર કરે છે. ઝાડ ઉપર ઘર બાંધ્યા છે. આજની તારીખમાં એમને આપેલ સૌર ઊર્જાથી એટલે કે વીજળીથી અથવા પાવરની બૅટરીથી ચાલતી લાઈટો આપેલ હતી. એમાં એક એક ગોળો લગાવ્યો હતો. એટલામાં પૂરું અજવાળું મળતું નથી. ૧૫ દિવસે બૅટરી ડાઉન થયા પછી કોઈ સુધારવા આવતું નથી. આજની તારીખે તમામ લાઈટો બંધ છે. આવા સંજોગોમાં સૌર ઉર્જાની વાત કરીને, આ બાબતે બચાવ કરવામાં આવે છે. આ ત્રણેય ગામના લોકો રાત્રે ઊંઘી શકતા નથી. આવી પરિસ્થિતિ છે. વારંવાર આંદોલન કરવા છતાં આજની તારીખમાં કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. માત્ર નવૅમ્બર-૦૯માં હમણાં વીજળીની દરખાસ્ત કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, અમે કદાચ સાઈઠ વર્ષ પચાસ વર્ષમાં ૮૭ ગામોને વીજળી આપી, આ ત્રણ ગામોને વીજળી આપવાની બાકી છે. આપ ૧૫ વર્ષથી વીજળી નથી આપી તો કેટલા સમયમાં વીજળી આપવા માગો છો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર વર્ષોથી કૉન્ગ્રેસ શાસન કરે છે. ગુજરાતની અંદર છેલ્લા દસ બાર વર્ષથી ભારતીય જનતા પક્ષનું શાસન છે. આખા દેશના મોટા ભાગના ગામડાઓમાં અંધારપટ છે. ગુજરાતમાં જ્યોતિ ગ્રામ યોજના હેઠળ ૧૮૦૦૦ ગામડાઓને વીજળી આપી છે. જે માત્ર એક રાજય છે. બીજું, આ સરકારે સોલર એનર્જી આપીને ૨૦૦૪માં સોલર એનર્જી આપીને વીજળી આપવાનું નક્કી કર્યું છે. ૫૦ વર્ષમાં નહોતું કર્યું અને બીજું સોલરથી આપ્યા પછી એની જવાબદારી માત્રને માત્ર પ્રજાની થાય છે. બૅટરી ઑપરેશન માટેની જવાબદારી પ્રજાની થાય છે. કોઈ પોલીસીમાં આરજીજીવાય મફત આપે પણ વીજળીના પૈસા ભરવા પડે, આરજીજીવાય પછી બલ્બ પ્રજાએ ભરવા પડે. માનનીય ધારાસભ્યશ્રીને આટલી ચિંતા છે પણ આની અંદર કયારેય ફરિયાદ કરી નથી. પરંતુ મેં ઓલરેડી વિભાગને સૂચના આપી દીધી છે. આ જે સોલર પાવરની વીજળી આપવામાં આવે છે એમાં સુધારો લાવીને જે કાંઈ મેઈન્ટેનન્સ કરવાનું હોય એ તાત્કાલિક કરી લે. બીજી બાજુ ફૉરેસ્ટ ડિપાર્ટમૅન્ટને અરજી આપી દીધી છે. એમાં મોટા ભાગે કેન્દ્રના કાયદા આધારિત થઈ રહ્યું હોય છે અને એ લોકોએ એમ કહયું છે કે, આ અભયારણ્ય વિસ્તારને ક્રિટિકલ વાઈલ્ડ લાઈફ હેબીટેટ જાહેર કરવાની કાર્યવાહી આગળ ચાલી રહી છે. એટલે જ્યાં સુધી આ કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી અમે કન્વેન્શન વીજળી આપી શકીશું નહીં.

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી હું જાણવા માગું છું કેમારા દાહોદ તાલુકામાં કુસરી ગામના ડાહ્યા ફળિયાના ૫૫ લાભાર્થીઓએ છેલ્લા ત્રણ વર્ષથી અરજી કરેલ છે. પણ છતાંય તેમને વીજળી આપવામાં આવતી નથી. તો આ ૫૫ લાભાર્થીઓને વીજળી આપવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, આ પ્રશ્નની વિગતો છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ધાનપુર પૂરતો સીમિત છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આ ગામના લોકો વીજળીના બિલ પણ ભરી શકતા નથી. માનનીય મંત્રીશ્રીએ કહયું. તો આવા સંજોગોમાં સરકારશ્રી એમને મફતમાં વીજળી આપવા માગે છે કે કેમ? એમના માટે કાંઈક વિચારવામાં આવે તેવી વિનંતી છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી સભ્યશ્રીને વિનંતી છે કે, કેન્દ્ર સરકાર એવી નીતિ બનાવે કે જેથી આખા દેશના આદિવાસીઓને મફત વીજળી આપવાની નીતી બનાવે તો રાજય સરકાર એને ટેકો આપશે.

**કોડીનાર શહેરમાં શાકમાર્કેટના ઇજારદારના માણસો અને રેકડીવાળાઓ સાથે બનેલ બનાવ**

***૧૫૮૪૪ શ્રી ધીરસિંહ ક. બારડ (કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) જુનાગઢ જિલ્લાના કોડીનાર શહેરમાં તા.૧૯-૯-૨૦૦૯ના રોજ શાક માર્કેટના ઇજારદારના માણસો અને રેકડીવાળાઓ સાથે બનેલ બનાવની રેકડીવાળાઓએ કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવા છતાં ફરિયાદ નોંધવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૨) ઉપરોક્ત બનાવમાં જે વ્યકિતઓ સ્થળ ઉપર હાજર ન હતી છતાં તેને આરોપી બનાવેલ છે જેની સી.ડી. જિલ્લા પોલીસ અધિક્ષક તથા કલેક્ટરને આપવા છતાં બનાવની તટસ્થ તપાસ થયેલ નથી અને સાચા ગુનેગારોની ધરપકડ કરેલ નથી તે હકીકત સાચી છે, અને

(૩) રેકડીવાળાની ફરિયાદ નહીં લેવા અંગે અને બનાવની તટસ્થ તપાસ ફરી થાય તે માટે સરકાર કોઈ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) :-

(૧) ના, જી.

(૨) ના, જી.

(૩) સદરહુ બનાવ અંગે તા.૧૯-૯-૦૯ના રોજ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ ગુનાની તટસ્થ તપાસને અંતે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં એક પહેલા પ્રશ્નના જવાબમાં એમ કીધું છે કે આવો કોઈ બનાવ બન્યો નથી. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આવવા છતાં ફરીયાદ નોંધાયેલ નથી તો એમાં આવો બનાવ બન્યો નથી અને બીજામાં પણ ના, જી.કહીને આ પ્રશ્નનો જવાબ આપ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે બે પ્રશ્નો પૂછવા છે. ૧૯ તારીખે આ બનાવ રેકડીવાળાનો બનેલો છે અને રેકડીવાળા સાથે તકરાર થઈ છે. એને માર્યો છે, અને એનું ડૉકટરી સર્ટિફીકેટ પણ ૨૪ તારીખે ઈશ્યુ થયું છે અને આ ફરીયાદ ૧૯ તારીખે ન લેવામાં આવી એટલે ૨૦ તારીખે તાલુકાના કેટલાક આગેવાનો સાથે મામલતદાર અને પોલીસ સ્ટેશન કોડીનારની અંદર આવેદન પણ આપેલું અને એની સાથે સાથે એની ફરીયાદ પણ આપેલી, આ ફરીયાદની આજ દિવસ સુધી જ નહીં, આજે પણ આ ફરીયાદની કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ થયેલી નથી અને જે લોકોને એમાં હાજર નથી, જે લોકો હાજર નથી એ ડી.એસ.પી. કચેરીમાં હાજર છે એમ છતાં એના ઉપર ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવે છે. તો હું એ પ્રશ્ન પૂછવા માગુ છું કે કોડીનાર પોલીસ સ્ટેશનની અંદર આજની તારીખે પણ પોલીસ સ્ટેશનમાં સામાન્ય રીતે સામાન્ય માણસની કોઈ ફરીયાદ લેવામાં આવતી નથી અને એમને ત્યાંથી ટાળવામાં આવે છે તો આપ આ પ્રશ્નમાં જે ના જવાબ આપ્યો છે એની તટસ્થ તપાસ કરી, એમની સી.ડી. પણ આપવામાં આવી છે તો આ તપાસ આ જે ફરીયાદ કરનાર રમેશ ઉર્ફે લખમણ પૂજા નામની વ્યકિતએ જે ફરીયાદ નોંધાવી છે આ ફરીયાદ નોંધવા માગે છે કે કેમ? અને આ ફરીયાદ ઉપર તટસ્થ તપાસ કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ તટસ્થ જ કરી છે. ફરીયાદ ખોટી છે એટલે નોંધી નથી અને આ વાત બિલકુલ સાચી છે.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, સી.ડી. પણ છે, આ ..

**અધ્યક્ષશ્રી** :નહીં આપ બાકીના નિયમોનો આધાર લઈને કહી શકો. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક: ૩

## પંડિત દીન દયાળ યુનિવર્સિટીમાં નવા અભ્યાસક્રમો

***૧૬૪૯૨ શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તાજેતરમાં પંડિત દીનદયાળ યુનિવર્સિટીમાં કોઈ નવા અભ્યાસક્રમો ઉમેરવામાં આવ્યા છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા કયા નવા અભ્યાસક્રમો ઉમેરવામાં આવ્યા છે?

**મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ):

(૧) હા, જી.

(૨)

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | શરૂ થયાનું વર્ષ | કુલ સીટો | કુલ વિદ્યાર્થીઓ |
|---|---|---|---|---|
| ૧ | લિબરલ સ્ટડીઝમાં સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ | ૨૦૦૯-૧૦ | ૬૦ | ૪૭ |
| ૨ | ન્યુકિલયર એન્જીનીયરીંગમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ | ૨૦૦૯-૧૦ | ૨૦ | ૨૦ |
| ૩ | સોલાર એનર્જીમાંા ાશિક્ષણ વિશારદ (પી.એચ.ડી.) કક્ષાનો અભ્યાસક્રમ (પી.એચ.ડી. સોલારના અભ્યાસક્રમમાં કોઈ સીટ નકકી હોતી નથી તે રીસર્ચ એરીયા અને રીસર્ચ ગાઈડ ઉપર આધારીત છે. | ૨૦૦૯-૧૦ | ૦૭ | ૦૭ |

**શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત જાણવા માગુ છું કે દીનદયાળ યુનિવર્સિટીમાં કોઈ આંતરરાષ્ટ્રીય જોડાણો કરેલ છે કે કેમ અને તેમાં વિદ્યાર્થીઓને વિદેશ મોકલવામાં આવે છે કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે દેશમાં કુલ કેટલી પેટ્રોલિયમ યુનિવર્સિટી આવેલી છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીનું પેટ્રોલીયમ ક્ષેત્રની અંદર જૂદા જૂદા વિષય ઉપર જે પ્રમાણે કોર્સીસ કર્યા છે તેના માટે સારામાં સારી યુનિવર્સિટી તરીકેનું નામ છે. આજની તારીએ આ યુનિવર્સિટીએ ચાર ઈન્ટરનેશનલ કોલાબ્રેશન કર્યા છે. પહેલું કોલાબ્રેશન છે University of Houston બીજુ University of Tulsa, ત્રીજું University of Okhlahama, ચોથું Georgia Institute of Technology જોડે, માનનીય અધ્યક્ષશ્રી, આ કોલાબ્રેશનના આધારે ફેકલ્ટીને એકસચેન્જ થાય છે અને જોઈન્ટ રીસર્ચ અને ડેવલમપેન્ટ ના પ્રોગ્રામ થાય છે. આ કોલાબ્રેશનના કારણે ત્રીજા વર્ષના બી.ટેકના વિદ્યાર્થીને ત્રણ અઠવાડિયા માટે આ બધી જુદી જુદી યુંનિવર્સિટીના ઓરીએન્ટેશન પ્રોગ્રામમાં મોકલવામાં આવે છે એટલે ત્યાં જે કોર્સીસ આપવામાં આવે છે, પ્રેકટીકલ ટ્રેનીંગ મળે છે અને એના કારણે એ લોકોનો exposure વધે છે. દેશની અંદર આજની તારીખમાં બે યુનિવર્સિટી બીજી હાજર છે, એક યુનિવર્સિટી ઓફ Petroleum Management, Dehra Dun અને બીજી રાજીવ ગાંધી ઈન્સ્ટીટયુટ ઓફ Petroleum Technology, રાયબરેલી, પરંતુ મને આનંદ થાય છે એ વાત કહેતા કે ટૂંક સમયની અંદર પંડિત દીનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટીએ દેશની અંદર ખૂબ સારું નામ મેળવ્યું છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીન દયાળ યુનિવર્સિટીની સ્થાપના કયારે થઈ? આ યુનિવર્સિટીની સ્થાપના કરવા પાછળના હેતુઓ કયા છે, અને આ યુનિવર્સિટીમાં હાલ કેટલી કોલેજો સંલગ્ન છે? અને ગુજરાતના વિદ્યાર્થીઓ જયારે ગુજરાતમાં આની સ્થાપના થઈ છે ત્યારે એના માટે કોઈ સ્પેશિયલ પ્રોવિઝન રાખવામાં આવેલ છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેશનું Petrocapital of the Nation અને આ ધ્યાનમાં રાખીને જે પ્રમાણે ઓઈલ અને ગેસનું આપણે exploration કરી રહ્યા છીએ, જે પ્રમાણે ગેસ Grid બનાવી રહ્યા છીએ એ પ્રમાણે ધ્યાનમાં રાખીને રાજય સરકારે એ નિર્ણય લીધો કે દેશની અંદર જો સારામાં સારી યુનિવર્સિટી પૅટ્રોલિયમ ક્ષેત્રે કરવાની હોય .તો એ ગુજરાતે પહેલ કરવી પડે એ ધ્યાનમાં રાખીને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પંડિત દીન દયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી ૪થી એપ્રિલ, ૨૦૦૭માં જર્મી દ્વારા એસ્ટાબ્લિસ કરવાનો નિર્ણય લીધો. આ યુનિવર્સિટી નીચે સારામાં સારા વર્લ્ડ કલાસ એનર્જી એજ્યુકેશન અને રીસર્ચનું સ્પેશિયલ ફોકસ કરવામાં આવ્યું અને ઓઈલ અને ગેસ સેકટરની અંદર જે પ્રમાણે દુનિયામાં રીસર્ચ કરવામાં આવે છે અને આવતા દિવસોમાં નવી નવી રોજગારીની તકો આ ક્ષેત્રમાં ઊભી થવાની છે એમાં ગુજરાતી છોકરાઓને સારામાં સારો લાભ મળે એ પ્રમાણેની વ્યવસ્થા આ એજ્યુકેશન સંસ્થા દ્વારા કરવામાં આવી છે. આની અંદર પાંચ સ્કૂલો નક્કી કરવામાં આવી છે. પહેલી સ્કૂલ છે સ્કૂલ ઑફ પૅટ્રોલિયમ ટૅક્નૉલૉજી, બીજી સ્કૂલ ઑફ પૅટ્રોલિયમ મેનેજમેન્ટ, ત્રીજી સ્કૂલ ઑફ ન્યુક્લિયર એનર્જી, ચોથી સ્કૂલ ઑફ સોલાર એનર્જી અને પાંચમી સ્કૂલ ઑફ લિબરલ સ્ટડીઝ. આ સ્કૂલ ઑફ પૅટ્રોલિયમ મેનેજમેન્ટથી માંડીને બધામાં બી.ટેક,

એમ.ટેક, પી.એચ.ડી. અને એમ.બી.એ. સુધીના અભ્યાસક્રમ કરવા માટેના કોર્સ છે. એટલું જ નહીં પણ ન્યુક્લિયર એનર્જીમાં એમ.ટેક કરવાના કોર્સિસ આ યુનિવર્સિટીની અંદર છે. સ્કૂલ ઓફ સોલર એનર્જીમાં પી.એચ.ડી. કરવાના કોર્સ છે. વધારામાં માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે આ ગુજરાતી છોકરાઓનું શું? તો મારે ખાસ માહિતી આપવી છે કે સ્કૂલ ઑફ પૅટ્રોલિયમ ટૅક્નોલૉજીમાં ૫૦ ટકા ગુજરાતી છોકરાઓ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. એની અંદર ગુજરાત બોર્ડની પરીક્ષા પાસ થયેલ હોય એવા ૫૦ ટકા છોકરાઓ માટે વ્યવસ્થા કરી છે. બીજું કે, સ્કૂલ ઑફ લિબરલ સ્ટડીઝમાં મહિલાઓને વધારે ફાયદો કઈ રીતે થાય એ માટે ૫૦ ટકા સીટો ફીમેલ કેટેગરી માટે કરવામાં આવી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : પંડિત દીન દયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટીમાં હાલમાં અધ્યક્ષ કોણ છે? આની અંદર કેન્દ્ર સરકારની કોઈ ગ્રાન્ટ મળે છે કે કેમ? અને આની નીચેની પાંચ કૉલેજો છે એમાં કેટલા વિદ્યાર્થીઓ હાલમાં અભ્યાસ કરે છે?

**શ્રી સૌરભ પટેલ** : આપણી આ ઈન્સ્ટિટ્યૂટને સારામાં સારી રીતે સુવિધા મળે એ પ્રમાણે નિષ્ણાંત લોકોનો આમાં સમાવેશ કર્યો છે. આના મુખ્ય બોર્ડના અધ્યક્ષ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને રાખવામાં આવ્યા છે. આજની તારીખમાં ૯૫૩ છોકરાઓ ૨૨ રાજ્યોમાંથી આ યુનિવર્સિટીમાં ભણી રહ્યા છે અને વધારે માહિતી આપવી છે કે જે વિદ્યાર્થીઓ ભણે છે એ વિદ્યાર્થીઓને સારામાં સારું પ્લેસમેન્ટ આજની તારીખમાં મળી રહે છે. વધારે ઉદ્યોગો જે આની સાથે એસોસિએટ થયા છે એમાં જી.એસ.પી.સી., ઓ.એન.જી.સી., એસ્સાર ઑઈલ રિફાઈનરી, રિલાયન્સ પૅટ્રોલિયમ, આઈ.ઓ.સી., સેલ હજીરા, એલ.એન.જી. પૅટ્રોનેટ, ગુજરાત ગેસ, જીન્દાલ ડ્રીલીંગ છે અને અન્ય કેન્દ્ર અને દેશની સારામાં સારી યુનિવર્સિટીઓ, કૉલેજો અને કંપનીઓ આની સાથે એસોસિએટ છે.

## મહેસાણા જિલ્લામાં ફિડરોનું વિભાજન

* ૧૬૭૮૦ **શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન મહેસાણા જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા) :**

(૧) અને (૨) જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન મહેસાણા જિલ્લામાં કુલ રૂા. ૨૯૨.૯૧ લાખના ખર્ચે ૨૬ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

**શ્રીઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં ફિડર બાઈફરગેશનના કેટલા કામો મંજૂર થયા અને કેટલા બાકી છે?

**શ્રી સૌરભ પટેલ** : મહેસાણાની અંદર ૨૦૦૮-૦૯માં મહેસાણા તાલુકામાં કુલ ૫ ફિડરો, વિસનગરમાં ૩ ફિડરો, વિજાપુરમાં ૧૦ ફિડરો, કડીમાં ૫ ફિડરો, સતલાસણામાં ૩ ફિડરો એમ કુલ ૨૬ ફિડરોનું કામ કુલ ૨ કરોડ ૯૨ લાખના ખર્ચે કરવામાં આવ્યું હતું. જે કામો અત્યારે પેન્ડીંગ છે અને હાથમાં લીધા છે એમાં મહેસાણા તાલુકાના ૨ ફિડરો ૬૦ લાખના ખર્ચે, વિજાપુર તાલુકાના ૪ ફિડરો ૫૫ લાખના ખર્ચે, કડી તાલુકાના ૫ ફિડરો ૨૮ લાખના ખર્ચે ૧૧ કામો આજની તારીખે કરવાના બાકી છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વીજ ગ્રાહકોને વીજ પુરવઠો પૂરો પાડવા ફિડરોનું વિભાજન કરવાની શું જરૂર પડી અને બીજું કે આ ફિડરો વિભાજન કરતાં પહેલા જર્જરિત થઈ ગયેલા વાયરો દરેક ફિડરમાં કેટલા નાખવામાં આવ્યા?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફિડર બાયફરકેશન કરવાનું મુખ્ય કારણ એ છે કે એક ફિડરના બે ફિડર કરવામાં આવે અને જે એકિઝસ્ટીંગ ફિડર ૧૫૦ એમ્પિયરથી વધારે લોડ થતો હોય ત્યારે આનું બીજું ફિડર કરવામાં આવે છે અને એજ ક્રાઈટેરિઆ બીજું ફિડર કરવા માટેનો છે અને જ્યારે ફિડર ઉપર લોડ ઈન્ક્રીઝ થાય ત્યારે એના કન્ડક્ટર ઓવર હિટીંગના કારણે તૂટી જતા હોય છે ત્યારે અને ખૂબ મોટા પ્રમાણમાં લાઈન ટ્રીપિંગ થતી હોય છે અને વોલ્ટેઝમાં પણ મોટા પ્રમાણમાં વેરિએશન આવે છે અને છેવાડાના લોકોને વીજળી પુરતી ના મળવાના કારણે લાંબી લાઈનોને ટૂંકી કરવા માટે આ બાયફરકેશન હાથમાં લેવામાં આવે છે એટલે frequent triping અને inadequate voltage ના પ્રશ્નો દૂર કરવા માટે ઘરાકોને સારી સુવિધા આપવા માટે high maintenance cost ઘટાડવા માટે અને લાઈન લોસ બધું ઘટાડવા માટે આ ફિડર બાયફરકેશન રાજ્ય સરકારની GUNL કંપની પોતાના ખર્ચે કરવામાં આવે છે અને એના સંપૂર્ણપણે બાયફરકેશનનો ખર્ચ કંપની દ્વારા પોતે ખર્ચ કરવામાં આવે છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે જો તાંત્રિક કારણોસર ફિડર વિભાજન કરવાની જરૂર પડે તો તેનો ખર્ચ કોણ ભોગવે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ મેં પહેલા કહ્યું એમ ઘરાકોને સારી સુવિધા આપવા માટે, ગુણવત્તાવાળી વીજળી આપવી એ રાજ્ય સરકારનો અભિગમ છે અને વર્ષો જૂના ઓવરલોડના પ્રશ્નો હોય, ફિડર બાયફરકેશનના પ્રશ્નો હોય એ પ્રશ્ન દૂર કરવા માટે સંપૂર્ણપણે બધો જ ખર્ચો રાજ્ય સરકાર આપે છે.

**સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં સબસિડી**

***૧૬૭૯૪શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસિડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી સબસિડી આપવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** :

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે, વખતો વખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે તથા વીજ બળતણના ભાવો, વીજ બળતણ સપ્લાય કરતી કેન્દ્ર સરકારના અંકુશ હેઠળની એજન્સીઓ જેવી કે, કોલ ઈન્ડિયા, ગેઈલ, ઓએનજીસી તથા પરિવહનના દરો રેલ્વે ઈન્ડિયા દ્વારા નક્કી કરાય છે. તેમ છતાં ખેડૂતોના હિતમાં ખેતી વિષયક વીજ ગ્રાહકો પર આવતો ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસિડીરૂપે વહન કરવામાં આવે છે.

તદુપરાંત, મંજૂર થયેલ ખેતી વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂત પર નાખવામાં નથી આવતો પરંતુ સરકાર દ્વારા સબસિડી સ્વરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદનુસાર, રાજ્યના માત્ર સુરેન્દ્રનગર જિલ્લામાં જ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રૂા.૨૬૨.૬૫ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે.

**શ્રી ભરતભાઈ વ.ખોરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્ય સરકારે સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન જે સબસિડી આપી છે તેમાં ખેડૂતોને કેટલો લાભ થયો છે અને કેટલા રૂપિયાનો? બે, રાજ્ય સરકારે ખેડૂતોના વીજ બિલમાં ભારણ ના પડે તે માટે કઈ કઈ રાહતો આપી છે અને તેનો લાભ રાજ્યના કેટલા ખેડૂતોને મળ્યો છે?

**અધ્યક્ષશ્રી** : જિલ્લાની વિગત આપો રાજ્યની નહિ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : તો બરાબર છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર ખેડૂતોની ચિંતા કરે છે અને વીજળીના વધતા જતા ભાવોનું ભારણ ખેડૂતોને ના પહોંચે એના માટે કાયમ ચિંતિત છે. માનનીય અધ્યક્ષશ્રી, GERC આજની તારીખમાં ૧૬૮૦ રૂપિયા Horse power per year કર્યો છે અને એ રાજ્ય સરકાર ૭.૫ horse power contract load હોય ત્યાં સુધી ૬૫૫ હોર્સ પાવર લોડ લે છે અને ૭.૫૦ હોર્સ પાવરથી વધારે contract load હોય એનો ૮૦૭ અને ૫૦ રૂપિયા લે છે એટલે એનો અર્થ એમ કહેવાય કે ૧૬૮૦ Regulator એ જે ભાવ નક્કી કર્યા છે અને જે રાજ્ય સરકાર જે લે છે એનો તફાવત ખેડૂતોને સબસિડી આપીને રાજ્ય સરકાર કરે છે. બીજું, ૫૦ પૈસા પર યુનિટ અને ૭૦ પૈસા પર યુનિટ જે agricultural consumer છે એનો પણ તફાવત રાજ્ય સરકાર ભોગવે છે. ત્રીજું, Electricity Act ના નિયમો પ્રમાણે કોલસામાં વધતું જતું ભારણ, ગેસમાં વધતું જતું ભારણ, ઓઈલના ભાવમાં વધતું જતું ભારણ બધો જે વધારો થાય છે એ સંપૂર્ણપણે વધારો **GERC** ના નિયમો પ્રમાણે રાજ્ય સરકાર ખેડૂતોના ઉપર ભારણ નાખી શકે છે. પરંતુ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે કે કોઈપણ જાતનું ભારણ આપણે ખેડૂતો ઉપર નાખવું નથી. એટલે આજની તારીખમાં આખા રાજ્યની વાત કરીએ તો છેલ્લા બે વર્ષની અંદર ૨૦૦૭-૦૮માં ૧૬૭૪ કરોડ રૂપિયાની સબસિડી આપી હતી. એ ઉપરાંત સુરેન્દ્રનગરમાં ૧૦૯ કરોડ આપી હતી. ૨૦૦૮-૦૯ ની વાત કરીએ તો આ સબસિડીનો ફ્યુઅલ સરચાર્જના કારણે વધારો થઈને ૨૪૧૭ કરોડ રૂપિયા થયો હતો અને સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટને ૧૫૨ કરોડ રૂપિયા હતી એટલે સંપૂર્ણપણે સબસિડીનું પ્રમાણ ખેડૂતોને ભાવોમાં ના વધે એના માટે રાજ્ય સરકાર પોતે બેર કરે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બે ભાગમાં પ્રશ્ન છે, એક તો રાજયમાં ખેડૂત વીજળી આપવાની બાબતમાં જે જૂની નીતિ હતી, ખેડૂતોના કૂવા કે બોર સુધી કનૅક્શન આવે ત્યાં સુધી એની પાસેથી એક પણ રૂપિયો લેવાતો નહતો, ટ્રાન્સ્ફૉર્મરના એસ્ટિમેટ કશું જ નહીં, કૂવાના કે બોરના છેડા સુધી લાઈટ મળતી હતી એ પછી હવે જુદા જુદા ભાગ નીચે એના ઉપર ભારણ મૂકાયું છે એ દૂર કરવા માગો છે કે કેમ ? એ એક અને બીજું ખેડૂતોને મીટર વગરનું કનૅક્શન આપવાની એપ્લીકશનો ઘણા સમયથી પેન્ડીંગ છે. હવે અત્યારે શું થાય છે કે, અનેક જાતની ટપક પદ્ધતિથી લેવાથી માંડીને અનેક મુદ્દાઓમાં ખેડૂતના ઉપર ભારણ વધે છે ત્યારે જે જૂની નીતિ હતી એ પ્રમાણે કોઈ પણ જાતના ખેડૂત પર ભારણ વગર બોર કે એના કૂવા સુધી

વીજળી મળે અને જે બેકલોગ ઊભો થયો છે, મીટર વગરના રૂટિન લાઈટ કનૅક્શનો એ પૂરું કરવા કોઈ આયોજન આપનું છે કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન રાજયના ખેડૂતોને સબસીડીનો પ્રશ્ન છે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરું કે બીજી નોટિસ આપે, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી વર્ષાબેન. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્કોપની અંદર રેગ્યુલેટરી કમિશને, (અંતરાય) માનનીય શક્તિસિહજી મારી વાત સાંભળો, આ સ્કોપની અંદર સબસિડી માટે રાજય સરકાર, જી.ઈ.આર.સી.એ. ભાવો નક્કી કરેલા છે એ ભાવથી, ભાવ ઓછા થયા છે એ સબસિડી વિશેની વાત કરી છે એ નંબર વન, ફયુઅલ સરચાર્જમાં જીઈઆરસીએ જે ભાવ નક્કી કર્યા છે એની ખેડૂતોને સબસીડી આપવાની વાત વાત કરી છે નંબર ટુ, આના સિવાય મેં આ સવાલના રાજયની બહાર હું નીકળ્યો નથી, એમણે જે સવાલ પૂછ્યો છે એ માત્ર કનૅક્શનોનો પૂછ્યો છે, કનૅક્શનોનો પૂછ્યો હોય તો બીજી નોટિસ આપવી જરૂરી છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ ફયુઅલ સરચાર્જ કોસ્ટમાં વારંવાર ફેરફારો શા માટે થાય છે અને એનું ભારણ ખેડૂતોના વીજ બીલમાં વસૂલ કરવામાં આવે છે કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ પહેલા કહ્યું એમ દેશની અંદર, મારે આજે જ મેં સવારે છાપું વાંચ્યું અને એમાં માહિતી મળી છે,

**અધ્યક્ષશ્રી** : છાપાના આધારે પ્રશ્નનો જવાબ ન અપાય, આપ આપની વિગતોના આધારે આપો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોલસાના ભાવોના વધારાના કારણે, રેલવેના ભાડાના વધારાના કારણે, ગેસના વધારાના ભાવના કારણે, ઑઈલ પ્રાઈસીસના વધારાના ભાવના કારણે , આની અંદર રાજય સરકારનો કોઈ રોલ હોતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, એના કારણે છેલ્લા ચાર વર્ષની અંદર ૭,૭૭૧/- કરોડનું ભારણ આવ્યું છે અને એ ભારણના કારણે જે ફયુઅલ સરચાર્જમાં વધારો થયો છે અને એ ફયુઅલ સરચાર્જમાં જે વધારો થયો છે એની પણ હું માહિતી આપું, કે જુલાઇ થી સપ્ટેમ્બર,૨૦૦૭માં જીઈઆરસીએ ૧૨ પૈસાનો વધારો આપ્યો એમાં ખેડૂતોને ૨૩ કરોડ રૂપિયાની સબસીડી રાજય સરકારે ભોગવી છે, ઑકટોબર થી ડિસૅમ્બર,૨૦૦૭માં બીજો ૧૨ પૈસાનો વધારો આપ્યો, ૩૯ કરોડ રૂપિયાની સબસીડી રાજય સરકારે ભોગવી છે, જાન્યુઆરી થી માર્ચમાં ૩૦ પૈસાનો વધારો આપ્યો એમાં ૧૦૪ કરોડની ખેડૂતોની સબસીડી રાજય સરકારે ભોગવી છે, એપ્રિલ થી જૂનમાં બીજો એક રૂપિયાનો વધારો આપ્યો, ૨૬૮ કરોડ રૂપિયાની સબસીડી રાજય સરકારે ભોગવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે છેલ્લા સાત ક્વાર્ટરમાં રાજય સરકારે ૧,૩૭૯/- કરોડ રૂપિયાની ખેડૂતોની સબસીડી, ખેડૂતોને ભાવ વધારો નથી કર્યો અને રાજય સરકારે પોતે આની સબસીડી કરી છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણો જે આપવામાં આવે છે એ સ્વ.શ્રી અમરસિંહ ચૌધરી સાહેબના સમયથી હોર્સ પાવર આધારિત વીજ જોડાણો આપી અને કિસાનોને ઝડપી વીજળી આપવામાં આવે, કનૅક્શનો આપવામાં આવે અને ઉત્પાદન ખેતીનું વધી શકે એ હેતુથી સસ્તા દરે વીજળી આપવાનું નક્કી કરેલું, આપણે એને બંધ કરેલું છે. આ હોર્સ પાવર આધારિત વીજ જોડાણો આપી અને સબસીડી સ્વરૂપે જે રાજય સરકાર ખર્ચ ભોગવે છે એ કનૅક્શનો ફરી રાજય સરકાર ખેડૂતોને આપવા માગે છે કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કનૅક્શનો માટેની એમણે બીજી નોટિસ આપવી પડશે. ભાવની વાત કરી લઉં કે કાયદાની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર એનું અમલીકરણ કરી રહી છે.

## સુરત જિલ્લામાં લીઝ મેળવવા માટેની અરજીઓ

***૧૬૭૭૧ શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં લીઝ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલાને મંજૂરી આપવામાં આવી,

(૨) હજુ લીઝ અંગેની કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) આ અરજીઓનો કયાં સુધી નિકાલ કરવામાં આવશે

**મુખ્ય મંત્રીશ્રી ( ખાણ અને ખનીજ ) :**

(૧) ૪૭૨ અરજીઓ મળી અને તે પૈકી ૭ અરજીઓને મંજૂરી આપવામાં આવી.

(૨) આ પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ૩૦૯ અરજીઓ.

(૩) પારદર્શક પદ્ધતિઓ તથા નિયમોની જોગવાઈની મર્યાદામાં ઝડપથી નિકાલ થાય તે મુજબ આયોજન છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૭૨ અરજીઓમાંથી છેલ્લા ત્રણ વર્ષમાં માત્ર સાત અરજીઓ મંજૂર કરવામાં આવી છે આ સાત પૈકી સહકારી મંડળીઓની કેટલી, મજૂર મંડળીઓની કેટલી અને

બીજો પ્રશ્ન છે ૩૦૯ અરજીઓ જે પડતર છે એ કેટલા સમયથી પડતર છે અને કેટલા સમયમાં નિકાલ કરવા માગો છો ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે કંપનીઓના નામ છે. હું એ સાત નામ આપને આપું છું. જે સ્ટેટસ એપ્લીકેશન ગ્રાન્ટ કરી છે. વેરા ખાદી માંગરોળ તાલુકામાં ખોડીયાર સ્ટોનને બ્લેકટ્રેપ માટેની આપી છે. કાંતવાવ ગામની અંદર માંગરોળની અંદર પ્રિમિયર કોડીને આપવામાં આવી છે. કાંતવાવ માંગરોળની અંદર થાલીયા વસાવાને આપવામાં આવી છે. જામ/માંડવીને ધરતીધર સ્ટોનને આપવામાં આવી છે. બોરીગાલા ગામની અંદર માંડવી તાલુકામાં ન્યુકાલ્પિન સ્ટોનને આપવામાં આવી છે. પછી કાંતવાવ ગામમાં ફુલસિંહ ચૌધરીને બ્લેકટ્રેકની આપવામાં આવી છે. રાણકાપરમાં સેન્ડી જીતુભાઈ અંબાલાલ પટેલને આપવામાં આવી છે અને જે બાકીની પેન્ડીંગ એપ્લીકેશન છે એ અમે સરકારના નિયમો પ્રમાણે અમે આગળ વધીશું.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મારી પાસે એ માહિતી નથી કે આ સહકારી મંડળી છે કે નહીં. આ સાત નામો આપ્યા. સભ્યશ્રીને વધારે માહિતી હું ચોકકસ મોકલી આપીશ.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ એ જવાબ આપ્યો છે કે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં જે લીઝની પરિસ્થિતિ છે એમાં ૪૭૨ કુલ અરજીઓ આવી. સાત મંજૂર અને ૩૦૯ પડતર તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બાકી રહેતી ૬૫ અરજીઓની શું સ્થિતિ છે? તેમાંથી કોઈ નામંજૂર કરવામાં આવી છે અને જો નામંજૂર કરવામાં આવી હોય તો તેના કારણો શાં છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર ૧૫૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એના કારણો છે ઓવરલેપીંગ થતું હોય એ એક કારણ છે. બીજું વોટર બોડીઝ હોય એવા ઓપીનીયન આવ્યા હોય એ કારણ હોય. ત્રીજું અરજી કરનારે માહિતી બરાબર આપી ન હોય એ કારણ હોઈ શકે, રેવન્યુ ઓપીનીયન બરાબર ન આવ્યો હોય એના કારણે થઈ શકે, ફોરેસ્ટ ઓપીનીયન બરાબર ન આવ્યો હોય આ બધા કારણોસર અને બીજું ૨૫ આડેથી ઓછી જગ્યા હોવાને કારણે પણ અરજીઓ નામંજૂર થઈ છે આમ કરીને કુલ ૧૫૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, રેતી લીઝ અને માઈન્સ લીઝનું વિભાજન કરીને જાહેર હરાજીથી આપવાનો સરકારે નિર્ણય કરેલો છે આવી પરિસ્થિતિમાં અમારા સ્થાનિક આદિવાસી જાહેર હરાજીમાં ટકી શકે નહીં તો આના માટે સ્થાનિક આદિવાસીને રેતી લીઝ મળે એ માટે સરકારશ્રી શું કરવા માગે છે એ હું આપની મારફત જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર હરાજીનો વિષય પૂછયો છેને? ફરીથી પૂછે એવી વિનંતી.

**અધ્યક્ષશ્રી** : હા. એમણે એમ પૂછયું છે કે સ્થાનિક આદિવાસીને હરાજીમાંથી મુકિત મળે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર હરાજી માટે વિષય એવો નીકળ્યો છે કે રાજય સરકારે પહેલી વખત આ પ્રયોગ ગુજરાતની અંદર કર્યો છે અને એની અંદર સુરતની જે રેતી અને બ્લોકસ હતા એ બ્લોકની અંદર પચાસલાખ રૂપિયા વર્ષે રોયલ્ટી મળતી હતી. આપણે બ્લોકસ પાડયા અને બ્લોકસની અંદર આપણે એમ કરીએ છીએ સંપૂર્ણપણે એનું આઈડેન્ટીફીકેશન બ્લોકસની અંદર નકકી કરવામાં આવે છે. એનું ડિમાર્કેશન કરવામાં આવે છે પછી એક સાથે ડિમાર્કેશન કર્યા પછી કેટલો જથ્થો હોય એનો અપ્રોકસીમેટલી સરવે કરવામાં આવે છે. એ સરવે કર્યા પછી એક સાથે આખા બ્લોકનું ટેકનીકલનું રેવન્યુનો ઓપીનીયન લેવામાં આવે છે. આના કારણે શું થાય છે કે જુદાજુદા ઓપીનીયનો દા.ત. એક વિસ્તારમાં પચાસ જણની અરજીઓ આવી હોય તો પચાસ જણની જુદીજુદી મંજૂરી માટે મોકલવી ન પડે પણ આખા બ્લોકનો એક સાથે આપણે ઓપીનીયન લઈ શકીએ છીએ અને એના કારણે આખા બ્લોકને ફોરેસ્ટથી માંડીને, પંચાયતથી માંડીને બધાનો ઓપીનીયન લઈને બધી આ બ્લોક આપણે પારદર્શક રીતે મૂકવા માગીએ છીએ. સુરતની અંદર આપણે પહેલો પ્રયોગ કર્યો કે આ બ્લોકને આપણે ઓકશન તરીકે મુકયો અને ઓકશન તરીકે મૂકીને આપણે એ કયૂં કે એના કારણે આપણે પચાસલાખ રૂપિયાની જે આવક આવતી હતી એ ઓકશનના કારણે એક જ વર્ષમાં સાડાબાર કરોડ રૂપિયાની આવક થઈ એટલે આટલો સારો અનુભવ આવ્યો છે સુરતમાંથી અને આનો લાભ જિલ્લા પંચાયતને મળવાનો છે. રાજય સરકારની નીતિ પ્રમાણે રોયલ્ટીની આવક ગ્રામ પંચાયતો અને જિલ્લા પંચાયતોને મળતી હોય છે એટલે પચાસ લાખની જગ્યાએ આટલી મોટી ઈન્કમ સુરત જિલ્લા પંચાયતને આવતા દિવસોમાં મળશે આ ધ્યાનમાં રાખીને રાજય સરકારે ફેઝીસમાં એક સાથે નકકી કરવાનું નકકી નથી કર્યું પણ ફેઝીસની અંદર આવતા દિવસોની અંદર એક સાથે ૩૦ થી ૫૦ બ્લોકો અમે આખા રાજયની અંદર જયાં ઓકશન કરી શકાય એ ઓકશનની અંદર અમે લઈશું. બીજું કે સભ્યશ્રીની જે ચિંતા છે કે આદિવાસી વિસ્તારોની અંદર ઓકશનની અંદર આદિવાસીભાઈઓ ભાગ ન લઈ શકે એની એમને ચિંતા છે. હું ચોક્કસપણે એનો વિચાર કરીશ અને કેવી રીતે રસ્તો કાઢીને આદિવાસી ભાઈઓને એની અંદર ભાગ મળે તે પ્રમાણે આવતા દિવસોમાં વ્યવસ્થા કરીને વિચારણા કરીશું.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મુખ્ય અને ગૌણ ખનીજો માટેની લીઝ મંજૂર કરવાની પ્રક્રિયા શું છે?

**શ્રી સૌરભ પટેલ** : પ્રક્રિયા ખૂબ લાંબી હોય છે અને એના માટે આ જે નવી નીતિ કરીએ છે. એનો મૂળ હેતુ આ જ છે. આજની તારીખમાં અરજી માઈનર બીડરની અંદર કલેકટરને ત્યાં કરવામાં આવે છે. કલેકટર એ અરજીને સંપૂર્ણપણે ચકાસીને એના માટે જે એરિયા હોય, એ એરિયા વિલેજ મેપ ડી.આઈ.એલ.આર.ને બેસિંગ કરવામાં આવે છે. જે મેપ અરજી કરી તેની સાથે ટેલી થાય છે કે કેમ એ જોવામાં આવે છે. ઓવરલેપિંગ ન થતું હોય, એનો એક્ઝિસ્ટિંગ બેઈઝ પણ જોવામાં આવે છે. સ્કુટિની કર્યા પછી પબ્લિક પ્લેસીસ પણ નથી કે વોટરબોડી નથી આ બધાનો વિચાર કરવામાં આવે છે. પછી મામલતદારશ્રીને આનો રિપૉર્ટ મોકલવામાં આવે છે. મામલતદારશ્રી અભ્યાસ કરીને કલેકટરશ્રીને મોકલવામાં આવે છે. ફોરેસ્ટ લેન્ડ તો એની પણ મંજૂરી કરવામાં આવે છે. ફોરેસ્ટ લેન્ડ ન હોય તો એ કલેકટરશ્રી માઈનર મીનરલની અંદર મંજૂરી આપી શકતા હોય છે. વધારે જો મેજર મીનરલ હોય તો કલેકટરશ્રીએ ટોટલ દરખાસ્ત અહીયા સી.જી.એમ. ઑફિસે મોકલે છે. આખી પ્રક્રિયા ફરીથી સી.જી.એમ. ઑફિસ એની ચકાસણી કરે છે અને ચકાસણી કર્યા પછી સરકારમાં મોકલવામાં આવે છે અને ઈન્ડસ્ટ્રિયલ એન્ડ માઈન્સ ડિપાર્ટમૅન્ટ કેન્દ્ર સરકાર નિયમો પ્રમાણે એને એ મંજૂરી આપતી હોય છે.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : આટલી બધી અરજીઓ જ્યારે પડતર હોય ત્યારે સુરત જિલ્લાની અંદર ડીલે પ્રૅક્ટિસ કરવામાં આવે છે, જે અરજી કરનાર છે, એને જલ્દી નિકાલ ન કરવો પડે, હપ્તો લઈને એને પ્રૅક્ટિસ કરાવે છે. મારે જાણવું છે કે જે જગ્યાએ અરજી કરી છે. એ અરજીની જગ્યાએ હાલ લીઝ ખનન કરવામાં આવે છે કે કેમ? બીજું એમ કહ્યું કે પારદર્શક અને નિયમની જોગવાઈ સાથે અરજીનો નિકાલ કરવામાં આવે છે તો ભૂરિયા પંચનો અમલ થયો છે, ત્યારે ભૂરિયા પંચનો એમાં કાયદાનો અમલ કરવામાં આવે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : મેં વિગતવાર માહિતી આપી છે. આ પ્રોસીજર સિમ્પલીફિકેશન કરવા માટે આ નવી પદ્ધતિ અપનાવી છે. આ પદ્ધતિને પારદર્શિતા લાવીશું. પારદર્શિતા વેલ્યુ એડિશનને પહેલા પ્રાધાન્ય આપીશું. સભ્યશ્રીએ ચિંતા કરી આદિવાસી વિસ્તારો ઓક્શનમાં ન લઈ શકે તો એના માટે ઓક્શન વગરના બ્લોક્સો રાજ્ય સરકાર વિચારણા કરશે અને પ્રાધાન્ય પ્રમાણે જે પ્રાધાન્ય નક્કી કરશે એ પ્રમાણે અમે આગળ વધીશું. બીજું જે સુચન કર્યુ છે એ સૂચનને સ્વીકારીશું.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦૯ પડતર છે, એને કેટલા સમયમાં મંજૂરી આપવા માગો છો?

**શ્રી સૌરભ પટેલ** : મેં હમણાં કહ્યું કે ઘણા બધા કેસીસ ઓવરલેપિંગ છે. આ ઓવરલેપિંગ કરવા માટે રેવન્યુ ડિપાર્ટમૅન્ટ સાથે બેસીને ઘણી પ્રાઈવેટ લેન્ડ છે. પ્રાઈવેટ લેન્ડની અંદર એન.એ. કરાવવી પડે. અને એન.એ. ડીમ્ડ એન.એ. માટે આવતા દિવસોમાં મીટિંગ કરાવવા માગીએ છીએ. જે એમણે કમિશનની વાત કરી. કમિશનના અહેવાલની મારી પાસે માહિતી નથી, પરંતુ રાજય સરકારના નિયમો પ્રમાણે અને કેન્દ્ર સરકારના નિયમો પ્રમાણે અમે આજની તારીખમાં કાયદાની જોગવાઈ પ્રમાણે આગળ વધી રહ્યા છીએ.

### કલેકટર કચેરી ખેડા દ્વારા નેશનલ રોજગાર ગૅરન્ટી યોજના

***૧૬૬૧૮ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે :

કલેકટર કચેરી, ખેડા દ્વારા તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ નેશનલ રોજગાર ગૅરન્ટી યોજના અન્વયે સંકલન સમિતિમાં પ્રશ્નો નહીં પૂછવા તે બાબતો પરિપત્ર ક્યારે કરવામાં આવ્યો?

**મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) :**

કલેકટર કચેરી ખેડા દ્વારા આવો કોઈ પરિપત્ર કરવામાં આવેલ નથી.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ રોજગાર ગૅરન્ટી યોજના અન્વયે સંકલન સમિતિમાં પ્રશ્ન પૂછી શકાય કે કેમ? આ અંગે રાજ્ય સરકારનો એક પરિપત્ર છે આ પ્રશ્ન પૂછી શકાય કે કેમ? હા કે ના? પ્રશ્ન પૂછી શકાતો હોય તો વાંધો શું છે? આ ધારાસભ્યશ્રીનો અધિકાર છે. ધારાસભ્યશ્રી એ સરકારનો ભાગ છે. આવો પરિપત્ર હોય તો રદ કરી ધારાસભ્ય પ્રશ્ન પૂછી શકે કે કેમ? હા કે ના?

**શ્રી વજુભાઈ વાળા** : હા કે ના હોય તો ના છે. કેમ નથી કારણ કહું તો કારણમાં ૧૬મી જાન્યુઆરી ૧૯૯૫ ના રોજ એક પરિપત્ર બહાર પાડ્યો. જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારનો જ પરિપત્ર છે. એમાં લખેલ છે કે નીચેના પ્રશ્નો સમિતિની બેઠકમાં વિચારણા માટે કાર્યસૂચિમાં લેવાય નહિ અને ન લેવાય એમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તકની સંકલન ગ્રામ વિકાસ યોજનાને લગતા પ્રશ્નો વિચારણામાં લેવા નહિ. આ રીતે પરિપત્રમાં છે અને કરવાનું કારણ એ છે કે જે ગ્રામ વિકાસ એજન્સી નેશનલ રોજગાર ગૅરન્ટી યોજનાની કામગીરી એ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તક થાય છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગવર્નીંગ બોડીની અંદર તમામ ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓ પણ તેના સભ્યો હોય છે. એટલે આ ગવર્નીંગ બોડીની

અંદર તમે પ્રશ્નની રજૂઆત કરી શકો છો એટલે આ ૧૬ જાન્યુઆરી ૧૯૯૫ના પરિપત્રની અંદર લખ્યું છે કે આ પ્રશ્ન આપણે ત્યાં કરી શકે નહીં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસ એજન્સી ગવર્નીંગ બોડી મળવાની મર્યાદાઓ હોય છે. ભૂતકાળમાં ૧૯૯૫માં એન.આર.ઈ.જી.પી. ન હતું. આ પરિપત્ર કર્યો ત્યારે એન.આર.ઈ.જી.પી. નહીં હોવાના કારણે ધારાસભ્યોના આ અંગેના વધારે પ્રશ્નો ઉભા થતા ન હતા. ધારાસભ્યો માટે બેસ્ટ પ્લેટફોર્મ વિધાનસભા પછીનું હોય તો તે સંકલન સમિતિ છે. તે સંજોગોમાં એન.આર.ઈ.જી.પી. પૂરતું ભલે બીજા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ન પૂછીએ. કારણકે તે ગવર્નીગ બોડીમાં પૂછીએ. પરંતુ એન.આર.ઈ.જી.પી.ના પ્રશ્નો સંકલન સમિતિમાં ચર્ચાય તે અત્યંત જરૂરી છે. એટલે જે પ્રશ્નો વિધાનસભામાં આવે છે તેનું મોનીટરીંગ ત્યાં થઈ શકશે. માટે આવો કોઈ સુધારો સરકારશ્રી કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સુધારાનો સવાલ એટલા માટે નથી કે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગવર્નીગ બોડી તથા કારોબારી સમિતિનું કાર્યની વાત છે તેમાં ગવર્નીગ બોડીની બેઠક ઓછામાં ઓછા ત્રણ મહિને એક વખત, કારોબારી સમિતિની બેઠક મહિને તે રીતે વાત છે. ગવર્નીગ બોડીની અંદર જયાં એક જગ્યાએ ચર્ચા થતી હોય તે પ્રકારની ચર્ચા બીજી જગ્યાએ ન થઈ શકે એટલા માટે થઈને છે. આ નિયમો અને તે છે એટલે આપનું સૂચન છે એટલું કહીશ.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : સાહેબ ચાર મહિને ગવર્નીગ બોડી ભરાય છે. તો મહિને મહિને ભરાય તેવું કરવા માગો છો કે કેમ? કારણકે ચાર મહિને બધુ બગડી જાય પછી શું કરવાનું. કશું પૂછાય નહીં. તો આ પરિપત્ર રદ કરી કઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યને અધિકાર છે. તે તેના સભ્ય છે. એક ને એક વાતનું ઈન્સપેકશન બે જગ્યાએ ન થઈ શકે. એક જ જગ્યાએ થાય એટલા માટે અને આ જે ગ્રામ વિકાસ માટેનું કામ નરેગા યોજનાનું અને તે છે તે પંચાયત ક્ષેત્રની અંદર ગ્રામ વિકાસ એજન્સીએ કરવાનું હોય છે. એટલે એક કામના ક્ષેત્રની અંદર બે સુપરવિઝન કે બે સંકલન યોગ્ય નથી. એટલા માટે એક જ જગ્યાએ સંકલન કરવું તે રીતે આ ઠરાવ અને પરિપત્રનો અર્થ થાય છે.

### વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ અરજીઓ

***૧૬૭૮૭ શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે,

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

**કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજય કક્ષા):**

(૧), (૨) અને(૩): તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ કુલ-૫૬૬૭ અરજીઓ આવી. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓની સંખ્યા | મંજૂર અરજીઓની સંખ્યા | નામંજૂર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૧૧૪૧ | ૯૩૪ | ૭૨ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૨૪૫ | ૨૩૫ | ૦૭ |
| ૩ | છોટાઉદેપુર | ૬૩૫ | ૫૨૮ | ૬૫ |
| ૪ | પાવી જેતપુર | ૪૨૫ | ૩૩૪ | ૫૨ |
| ૫ | સંખેડા | ૪૮૬ | ૨૩૨ | ૧૦ |
| ૬ | કવાંટ | ૩૦૪ | ૨૧૭ | ૦૬ |
| ૭ | નસવાડી | ૩૮૪ | ૨૬૫ | ૦૦ |
| ૮ | શિનોર | ૮૨ | ૬૭ | ૦૩ |
| ૯ | ડભોઈ | ૨૫૩ | ૧૪૭ | ૬૯ |
| ૧૦ | કરજણ | ૨૧૮ | ૨૧૫ | ૦૦ |
| ૧૧ | પાદરા | ૩૫૨ | ૨૭૫ | ૨૪ |
| ૧૨ | સાવલી | ૮૮૬ | ૭૫૮ | ૨૩ |
| ૧૩ | વાઘોડીયા | ૨૫૬ | ૨૧૦ | ૦૮ |
| | કુલ:- | ૫૬૬૭ | ૪૪૧૭ | ૩૩૯ |

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વડોદરા જિલ્લામાં જે અરજીઓ માનવ કલ્યાણ યોજનાની પડતર છે તેની તાલુકાવાર સ્થિતિ શું છે અને આ અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ તાલુકા વાઈઝ પેન્ડિગ છે તેમાં વડોદરા શહેર ૧૩૫, વડોદરા રુરલ-૦૩, છોટાઉદેપુર-૪૨, પાવી જેતપુર-૩૯, સંખેડા-૨૪૪, કવાંટ-૮૧, નસવાડી-૧૧૯, શિનોર-૧૨, ડભોઈ-૩૭, કરજણ-૦૩, પાદરા-૫૩, સાવલી-૧૦૫ અને વાઘોડીયાની ૩૮ એમ કરીને ૯૧૧ અરજીઓ પેન્ડિગ છે. આ બધી અરજીઓ આજની તારીખમાં બને એટલી ઝડપી વિચારણા કરવા અને મંજૂરી

આપવા માટેની વ્યવસ્થા કરી છે. બીજું જે ૩૩૯ અરજી જે રીજેકટ કરી છે છેલ્લા એક વર્ષમાં તેના મુખ્ય કારણોમાં વ્યકિત અન્ડર એજ હોય તેવા ૧૨ છે, ઓવર એજ હોય તેવા ૫૪ છે. બીજું કે જે પ્રોફાઈલ નકકી કરવાની ટુલ્સ કીટની બહાર અરજી કરી હોય તેવા છે અને બી.પી.એલ. યાદીમાં ન હોય તેવા સભ્યો આમાં આવે છે.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ મંજૂર કરાયેલ અરજીઓ પૈકી એસ.સી. અને એસ.ટી.ના કેટલા લાભાર્થીઓ છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯ની અંદર એસ.સી.૬૯૭, એસ.ટી. ૧૬૪૮, બીજા ૨૦૭૨ એમ કુલ ૪૪૧૭નો સમાવેશ થાય છે. તેમાં મહિલા ૧૨૧૨ અને હેન્ડીકેપ ૧૫નો સમાવેશ કરવામાં આવ્યો છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, માનવ કલ્યાણ યોજનામાં નસવાડી તાલુકામાં ૩૮૪ અરજીઓ આવી છે તેમાંથી ૨૬૫ અરજીઓ મંજૂર થઈ છે. નામંજૂરમાં કઈ જણાવેલ નથી તો આ અરજીઓ નામંજૂર કરવાના કારણો શું અને કુલ કેટલા કેસ નામંજૂર કરવામાં આવ્યા અને માનવ કલ્યાણ યોજનામાં મંજૂર થયેલ કેસોમાં કીટસ વિતરણ કયારે કરવામાં આવ્યું?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નસવાડી તાલુકાની અંદર કોઈપણ એપ્લીકેશન રિજેકટ કરવામાં આવી નથી અને બીજું, જે માનનીય સભ્યશ્રીએ વાત કરી કે નસવાડી તાલુકામાં આજની તારીખમાં જેટલી અરજી મંજૂર થઈ છે એનું કીટ્સનું વિતરણ થઈ ગયું છે અને કોઈ એપ્લીકેશન નસવાડી તાલુકાની અંદર બાકી નથી. આખા જિલ્લાની વાત કરીએ તો જે કુલ અરજીઓ મંજૂર થઈ હતી એ ૪૪૧૭માંથી ૩૫૨૯ ગ્રીમકો દ્વારા કીટ્સ મળી ગઈ છે અને ૩૪૦૭ કીટ્સની ફાળવણી થઈ ગઈ છે, બાકીની કીટ્સ ધીમેધીમે મારા ખ્યાલ પ્રમાણે આજની તારીખમાં ઘણી બધી કિટ્સોનું વિતરણ પણ થઈ ગયું છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે દરેક તાલુકાવાર જે આ માનવ કલ્યાણની યોજના હેઠળ જે સહાય આપીએ છીએ એ દરેક તાલુકાવાર લક્ષ્યાંક કેટલો અને હાલ જે માનવ કલ્યાણ યોજના હેઠળ જે રકમ મળે છે એ રકમમાં વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખની અંદર જે ૫૦૦૦ રૂપિયાનો ટારગેટ મૂકયો છે અને ૫૦૦૦ રૂપિયાના ટારગેટની અંદર ૧૫૫ કિટ્સોનો સમાવેશ કરવામાં આવ્યો છે, બીજું, સભ્યશ્રીએ વધારો કરવાની વાત કરી તો જરૂર પડશે તો ચોકકસપણે વધારીશું. ત્રીજું, જે ટારગેટની વાત કરી તો આજની તારીખમાં જેટલી અરજીઓ આવી છે એને અમે પોઝીટીવલી જોઈએ છીએ. બીપીએલ કુટુંબના લાભાર્થીઓ હોય અને એની ૧૬ થી ૬૦ વર્ષની મર્યાદા હોય એની આવક ૨૭૦૦૦ રૂપિયા રૂરલ એરિયા માટે અને ૩૬૦૦૦ રૂપિયાની એરિયાની અંદર એનો સમાવેશ થતો હોય તો આની અંદર જે કોઈ અરજીઓ આવે છે એને રાજય સરકાર પોઝીટીવલી જુએ છે. બને એટલી જેટલી અરજીઓ આવે છે એને પોઝીટીવલી મળે અને અરજદારને લાભ થાય એ પ્રમાણેની સરકારની નીતિ છે.

### મહેસાણા જિલ્લામાં જર્જરિત વીજ વાયરો બદલવા અંગે

***૧૬૭૮૪ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર (જોટાણા) : માનનીય માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર મહેસાણા જિલ્લામાં ડિસેમ્બર- ૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા):**

(૧) અને (૨) : રાજયના વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ડિસેમ્બર-૦૯ની સ્થિતિએ રૂા. ૧૫.૯૭ લાખના ખર્ચે ૫૨.૭૪૦ કી.મી. જર્જરિત વીજવાયરો બદલવામાં આવ્યા.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લાના વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન રૂા. ૧૫.૯૭ લાખના ખર્ચે ૫૨.૭૪૦ કિલોમીટર જર્જરિત વીજવાયરો બદલવામાં આવ્યા, તો આ વીજ વાયરો બદલવાથી શું ફાયદા થાય છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાની અંદર મહેસાણા તાલુકામાં ૩૧.૪૦ કિલોમીટર, વીસનગરમાં ૨.૭૦, ઉંઝામાં ૮.૦૪, કડીમાં ૯, વિજાપુરમાં ૧.૬૦, માનનીય અધ્યક્ષશ્રી, આ વાયરો બદલવાનું મુખ્ય કારણ એ છે કે, ઘણી વખતે જયારે લોડ વધી જતો હોય ત્યારે overheating થતું હોય છે, બીજું atmosphere ના કારણે પણ વાયરોની અંદર વર્ષો સુધી રહયા હોય તો એની કવોલિટી બગડતી જતી લાઈફ ઓછી જતી જાય છે, અને આના કારણે વાયરો તૂટી થવાથી નુકસાન પણ થતું હોય છે અને એ નુકસાનના કારણે અકસ્માતો ન થાય એટલા માટે આપણે વાયરો બદલીએ છીએ. રાજય સરકાર આપણી જે

GUNL System Improvement Scheme છે એમની અને આ સ્કીમના આધારે આપણે આ કામગીરી કરીએ છીએ અને આ કારણે ગુણવત્તાવાળી વીજળી બધા જ લોકોને મળે એ પ્રમાણેનો આપણો પ્રયાસ છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં વર્ષ ૦૮-૦૯ દરમિયાન તાલુકાવાર કેટલા જર્જરિત વાયરો બદલવામાં આવ્યા અને એનું કુલ ખર્ચ કેટલો થયો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૦૮-૦૯ની અંદર ૬૦.૩૮ કિલોમીટરના વાયરો બદલ્યા છે. અને એને કારણે ૭૯.૮૮ લાખનો ખર્ચો છે. એમાં મહેસાણાની અંદર ૩૩.૬૦ કિલોમીટર, વીસનગરની અંદર ૧.૮૦ કિલોમીટર, કડીની અંદર ૧૨.૪૫ કિલોમીટર, બહુચરાજીની અંદર ૧૧.૫૩ કિલોમીટર, વિજાપુરની અંદર ૧ કિલોમીટર એમ કરીને ૬૦.૩૮ કિલોમીટરની લાઈનો બદલી અને આ જે પહેલાં મેં કહયું એમ overheatingના પ્રશ્નો અને વાયરો જુના થઈ જવાના પ્રશ્નોના કારણે જે નુકસાન થાય છે એ હલ કરવા માટે આ કરવામાં આવે છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

### ભાવનગર જિલ્લામાં ડ્રીપ ઈરીગેશનની અરજીઓ

***૧૬૫૩૩ શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૯માં ભાવનગર જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન માટે વિવિધ કંપનીઓની કેટલી અરજીઓ મળી,
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી,
(૩) તેનાથી કેટલા હેકટર જમીનને લાભ મળશે?

**મુખ્ય મંત્રીશ્રી (નર્મદા):**

(૧) ડ્રીપ ઈરીગેશન માટે જિલ્લાવાર અરજીઓ કંપની માટે મંગાવવામાં આવતી નથી, પરંતુ રાજય કક્ષાએ ડ્રીપ સિંચાઈ માટે કુલ ૩૩ કંપનીઓ રજિસ્ટર થયેલી છે.
(૨) મળેલ તમામ ૧૧૩૩ અરજીઓ મંજૂર કરેલ છે.
(૩) તેનાથી ૧૪૮૮.૦૧ હેકટર જમીનને લાભ મળશે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ડ્રીપ ઈરીગેશન યોજના પાણી બચાવવા માટે ખૂબ જ મહત્વની છે માટે માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, આ યોજના શું છે, અને ભાવનગર જિલ્લામાં ૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાઈસ કેટલી અરજી આવી?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા રાજયમાં સિંચાઈ માટેના પાણીની કરકસર કરી ખેડૂતો પાણીનો પૂરેપૂરો સક્ષમ ઉપયોગ કરી શકે અને વધુને વધુ જમીનમાં ઓછા પાણીથી સારી સિંચાઈ થાય અને ખેડૂતો વધુ સારું ઉત્પાદન મેળવી શકે એ માટે રાજ્ય સરકારે ગુજરાત સરકારની આપણી કંપની જી.જી.આર.સી. દ્વારા ડ્રીપ ઈરીગેશન સિસ્ટમની યોજના અમલમાં મૂકી છે અને આ યોજના નીચે ખેડૂતોને ૫૦ ટકા સબસીડી આપી ૪૫ ટકા ઓછા વ્યાજની લોન અને ફક્ત ૫ ટકા ખેડૂતોનો લાભાર્થી ફાળો એ પ્રમાણેની આ યોજના નીચે તમામ વિસ્તારોમાં રાજ્યમાં ખેડૂતોને માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકારશ્રીના માધ્યમ દ્વારા સતત પ્રોત્સાહન આપી વધુને વધુ ખેડૂતો આ યોજનાનો લાભ મેળવે અને ગુજરાતમાં વધુ સારી સિંચાઈ વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થાય એ માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના માટે ભાવનગર જિલ્લામાં ભાવનગર તાલુકામાં ૮૭, બોટાદ તાલુકામાં ૮૨, ગઢડા તાલુકામાં ૮૨, ગારિયાધાર તાલુકામાં ૫૭, ઘોઘા તાલુકામાં ૧૩૮, મહુવા તાલુકામાં ૨૪૩, પાલિતાણા તાલુકામાં ૯૦, શિહોરમાં તાલુકામાં ૯૬, તાળાજા તાલુકામાં ૧૮૨, ઉમરાળા તાલુકામાં ૫૧ અને વલ્લભીપુર તાલુકામાં ૪૫ એમ ભાવનગર જિલ્લામાં ૧૧૩૩ અરજીઓ ખેડૂતો દ્વારા કરવામાં આવી છે આ યોજના અને આ પધ્ધતિનો લાભ લેવા માટે અને તમામ અરજીઓ રાજ્ય સરકારે સ્વીકારી છે અને એ અંગેની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અનુસૂચિત જાતિ અને અનુસૂતિ જનજાતિના ખેડૂતો માટે સબસીડી કે કોઈ વધારાની સહાય આ ડ્રીપ ઈરીગેશન યોજના નીચે આપવામાં આવે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા સામાન્ય વર્ગના ખેડૂતો માટે જ્યારે આ યોજના અમલમાં મૂકી ત્યાર પછી ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, ધારાસભ્યશ્રીઓ વગેરે દ્વારા રજૂઆતો આવી કે અનુસૂચિત જાતિ અને જનજાતિના ખેડૂતોને આ યોજનામાં વધુ લાભ આપવો જોઈએ. વધારે સબસીડી આપવી જોઈએ કારણ કે, ગરીબ વર્ગના અને પછાત વર્ગના હોવાથી એમને પ્રોત્સાહન આપવા માટે વધારાની સબસીડી જરૂરી છે અને એટલા માટે રાજ્ય સરકારે જે સામાન્ય ખેડૂતોને ૫૦ ટકા સબસીડી આપીએ છીએ એમાં આ વર્ગના ખેડૂતોને વધારાની ૨૫ ટકા સબસીડી આપવામાં આવે છે. એટલે કે અનુસૂચિત જાતિ અને

જનજાતિના ખેડૂતો આ યોજનાનો લાભ મેળવે તો એમને ૭૫ ટકા સબસીડી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈના જવાબમાં જે વિગતો આવી છે એનાથી મને આનંદ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન છે એ પાણીનો કરકસર યુક્ત રીતે ઉપયોગ થાય અને જે વિસ્તારમાં પાણીની જરૂર છે ત્યાં પાણી મળે એ માટે ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ ખેતી માટે ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યા પ્રમાણે ૩૩ જેટલી કંપીઓ રજિસ્ટ્રર થઈ છે એ કઈ કઈ કંપનીઓ છે, અને બીજું છેલ્લા પાંચ વર્ષમાં ડ્રીપ ઈરીગેશન કેટલા વિસ્તારમાં ઈન્સ્ટોલ થયું છે, અને કેટલા ખેડૂતોને એનો લાભ મળ્યો છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, કંપનીઓના નામનું લિસ્ટ તમે ટેબલ ઉપર મૂકજો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ભાવનગર જિલ્લા પૂરતો જ પ્રશ્ન છે. રાજ્ય સરકારે ૩૩ કંપનીઓને આના માટે માન્ય કરી છે. આ કંપનીઓ આખા રાજ્યમાં ખેડૂતોને સમજાવટ કરી પરામર્શ કરી એમને આ યોજનામાં પ્રોત્સાહન આપી આ યોજનાનો લાભ લેવા માટે સમજાવટ કરે છે. આ ૩૩ કંપનીઓ ટેકનિકલી સાઉન્ડ અને વાયેબલ હોવાથી એને માન્ય કરી છે. કોઈ પણ કંપની રાજ્યમાં ગમે ત્યાંથી પ્રોત્સાહન ખેડૂતોને આ માટે અરજી કરાવે એને અમે મંજૂરી આપીએ છીએ અને આપના આદેશ પ્રમાણે આ ૩૩ કંપનીઓની યાદી ટેબલ ઉપર મૂકીશ.

### અમરેલી જિલ્લામાં જર્જરિત વીજ વાયરો બદલવા અંગે

***૧૬૭૯૯શ્રી મનસુખભાઈ પાં. ભુવા (ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વીજ ગ્રાહકોને વિના વિક્ષોતે વીજ પુરવઠો મળી રહે તે હેતસર અમરેલી જિલ્લામાં ડિસેમ્બર ૨૦૦૯ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા) :-**

(૧) અને (૨) વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ડિસેમ્બર ૨૦૦૯ની સ્થિતિએ કુલ રૂા.૧૩૩.૭૬ લાખના ખર્ચે ૭૭૧.૬૬ કી.મી. જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : અમરેલી જિલ્લામાં જે વીજ વાયરો બદલ્યા છે એ વીજ વાયર બદલવાનો ખર્ચ કોણ ભોગવે છે અને અમરેલી જિલ્લામાં ૨૦૦૮-૦૯માં જે વીજ વાયરો બદલ્યા છે એ તાલુકાવાઈઝ કેટલા બદલ્યા છે અને એમાં તાલુકાવાઈઝ કેટલો ખર્ચ થયો છે?

**શ્રી સૌરભ પટેલ** : ૨૦૦૯-૧૦નો સવાલ છે એટલે એની માહિતી પહેલાં આપું છું. અમરેલીમાં ૧૧૬ કિલોમીટર ૨૦ લાખ રૂપિયા, બાબરામાં ૩૯.૫ કિલોમીટર ૭ લાખ રૂપિયા, કુકાવાવમાં ૧૬૩ કિલોમીટર ૧૬૩ લાખ રૂપિયા, લાઠીમાં ૨૦ કિલોમીટર ૩.૫૭ લાખ રૂપિયા, લીલીયામાં ૩૮.૩ કિલોમીટર ૬.૮૪ લાખ રૂપિયા, ધારીમાં ૨૯.૫૯ કિલોમીટર ૫.૨૮ લાખ રૂપિયા, બગસરામાં ૪૨.૫ કિલોમીટર ૭.૫૯ લાખ રૂપિયા, ખાંભામાં ૪૭.૮ કિલોમીટર ૮.૫૩ લાખ રૂપિયા, સાવરકુંડલામાં ૧૩૩ કિલોમીટર ૨૩.૯ લાખ રૂપિયા, રાજુમાં ૬૪.૭ કિલોમીટર ૧૧.૫૫ લાખ રૂપિયા, જાફરાબાદમાં ૭૫.૭૫ કિલોમીટર ૧૩.૫૨ લાખ રૂપિયા, આમ ૨૦૦૯-૧૦માં કુલ ૭૭૧.૬૬ કિલોમીટરના વાયર બદલાયા છે અને ૧૩૭ લાખના ખર્ચે આ કામ થયું છે, ૨૦૦૮-૦૯નો કુલ આંકડો આપી દઉં જે સભ્યશ્રીએ પુછયો છે એ ૭૬૭ કિલોમીટરના ૨૦૦૮-૦૯માં બદલાયા છે અને ૧૩૬ લાખ રૂપિયાના ખર્ચે બદલાયા છે, આ ખર્ચો સંપૂર્ણપણે બે ભાગમાં થાય છે, જે તાલુકાઓ સાગરખેડૂ યોજનાની અંદર આવે છે એનો ખર્ચો રાજય સરકાર ભોગવે છે અને બાકીના તાલુકાઓનો ખર્ચો ત્યાંની કંપની આ એના સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટની જે એની સ્કીમ ચાલે છે એમાં એ ભોગવે છે.

### સાબરકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો

***૧૬૪૨૭ શ્રી દિલીપસિંહ વ.પરમાર (મોડાસા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે?

(૨) કેટલા મકાનોની ઘટ છે, અને

(૩) આ ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધા છે?

**પોલીસ આવાસ મંત્રીશ્રી**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કુલ ૧૪૧૩ રહેણાંકના મકાનો છે અને ૧૬૩ આવાસોની ઘટ છે, જે પૂરી કરવા આગામી નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ ૧૨૯ મકાનો બનાવવાનું આયોજન છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર**: માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો બનાવવાના જે બાકી છે એ ૧૬૩ છે અને જે મકાનો બનાવવાનું આયોજન છે એ ૧૨૯ છે એટલે કે ૩૪ મકાનો હજી બનાવવાના બાકી છે તો આ બધાજ ૧૬૩ મકાનો કેટલા સમયમાં બનાવવાનું સરકારનું આયોજન છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૧૬૩ આવાસોની ઘટ હતી, એમાંથી ૧૨૯ આવાસો બનાવી દીધા છે અને જિલ્લામાં અત્યારે હાલની સ્થિતિએ મહેકમની અંદર ૪૫૦ની જગ્યા ખાલી છે, એટલે આમ જોવા જાઓ તો ૧૦૦ ટકા એચીવમેન્ટ થઈ ગયું છે, પરંતુ સુવર્ણ જયંતિ વર્ષની અંદર રાજય સરકારે એક ગોલ રાખ્યો છે કે સમગ્ર રાજયની અંદર ૧૦૦ ટકા પોલીસ હાઉસીંગના મકાનો બનાવવા અને એ દિશામાં અમે પ્રયત્નશીલ છીએ એટલે જે ત્રીસેક મકાનો બીજા પણ ઘટે છે, એ અમે ચોકકસ હાથ પર લઈ ઝડપથી આ કાર્યવાહી થાય એ માટે અમે પ્રયત્ન કરીશું.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૧૬૩ મકાનો બનાવવાના બાકી છે તો આ બાકી મકાનો જિલ્લા કક્ષાએ બાકી છે કે તાલુકા કક્ષાએ બાકી છે અને એમણે ૧૨૯ મકાનોનું આયોજન કર્યુ છે અને બીજા જે ૩૪ મકાનો બનાવવાના બાકી છે એ કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો?

**શ્રી અમિત શાહ** : જે મકાનો બાકી રહી જાય છે એ જિલ્લા કક્ષાના હેડકવાર્ટર પર નથી રહેતા, તાલુકા પોલીસ સ્ટેશનમાં જે મહેકમ વધારેલ હોય એ મહેકમના આધારે નવા મકાનો અમારે બનાવવા પડે, એ રીતે આ છૂટક છૂટક મકાનો બાકી રહે છે અને મેં કહ્યું એ પ્રમાણે સુવર્ણ જયંતિ વર્ષની અંદર અમે આ કામો પૂર્ણ કરવા માટેનું સંપૂર્ણ આયોજન કરેલું છે.

**વડોદરા જિલ્લામાં ખેડૂતોને ખુશી યોજના હેઠળ વીજ પુરવઠો પૂરો પાડવા બાબત**

*** ૧૫૮૮૪ શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે ખુશી યોજના હેઠળ તાલુકાવાર શી કાર્યવાહી કરી?
(૨) આ કામગીરી કોના મારફતે કરવામાં આવી, અને
(૩) તેમાં તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

**ઉર્જામંત્રીશ્રી**

(૧), (૨) અને (૩) તારીખ ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે 'ખુશી યોજના ' હેઠળ ભારે દબાણની લાઈનો વધારી ગ્રાહકોના વીજ સ્થાપનની શક્ય તેટલા નજીક નાની ક્ષમતાના ૨૯૯૯ ટ્રાન્સફોર્મર મૂકવામાં આવ્યા અને તે પેટે કુલ રૂ.૨૯૭૮.૫૧ લાખનો ખર્ચ થયેલ છે, જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છેઃ-

| અ.નં. | તાલુકો | ટ્રાન્સફોર્મરની સંખ્યા | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૭ | ૬.૭૯ |
| ૨ | સાવલી | ૧૭૮ | ૧૭૭.૦૬ |
| ૩ | વાઘોડીયા | ૮૦ | ૮૨.૧૭ |
| ૪ | ડભોઇ | ૧૫૬ | ૧૫૫.૦૨ |
| ૫ | પાદરા | ૧૭૪ | ૧૭૩.૫૫ |
| ૬ | કરજણ | ૩૨૦ | ૩૧૫.૬૨ |
| ૭ | શીનોર | ૧૪૫ | ૧૪૫.૪૬ |
| ૮ | સંખેડા | ૧૪૬ | ૧૪૫.૦૫ |
| ૯ | પાવી-જેતપુર | ૫૦૩ | ૪૯૮.૯૯ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૪૭૨ | ૪૬૫.૭૬ |
| ૧૧ | નસવાડી | ૨૫૭ | ૨૫૩.૪૨ |
| ૧૨ | ક્વાંટ | ૫૬૧ | ૫૫૯.૬૨ |
| | **કુલ :** | **૨૯૯૯** | **૨૯૭૮.૫૧** |

પારદર્શક કાર્ય પદ્ધતિ મુજબ ટેન્ડર પ્રક્રિયા અનુસર્યા બાદ જુદા જુદા કોન્ટ્રાકરો મારફતે આ કામગીરી કરાવવામાં આવી છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી જ વખતે આ ખુશી યોજના મેં સાંભળી છે, આટલા વર્ષોમાં ખુશી યોજના સાંભળી નથી, વડોદરા જિલ્લાના બાર તાલુકામાં ૨૯૯૯ ટ્રાન્સફોર્મર મૂકાયા ૨૯ કરોડ ૭૮ લાખ ૫૧ હજાર રૂપિયાના ખર્ચે તો મારે એ જાણવું છે કે આ એક ટ્રાન્સફોર્મરની કિંમત કેટલી છે અને બાર તાલુકામાં ભારે દબાણની કેટલા કિલોમીટરની લાઈનો નાંખવામાં આવી?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે ખુશી યોજના વિશે ચોક્કસ જાણકારી આપવી પડશે. ખુશીનો અર્થ કિસાન ખેત ઉર્જા શકિત યોજના. એટલે શોર્ટમાં ખુશી યોજના તરીકે આપણે ઓળખીએ છીએ. બીજું આ યોજના દ્વારા ખેડૂતોના લાભ માટેની આ યોજના છે. નાના કેપેસીટીના ૧૦-૧૬-૨૫ કે.વી.એ.ના ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર્સ ખેડૂતના ખેતરની અંદર either individual કે બે ત્રણ જણાંના ગ્રુપની અંદર આ ટ્રાન્સફોર્મર્સ નાંખવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જે ખર્ચની વાત કરી તે ૧૦ કે.વી.એ.ના ૮૧ હજાર રૂપિયા ૧૬ કે.વી.એ.ના ૮૩ હજાર રૂપિયા આ ટ્રાન્સફોર્મર્સનો ખર્ચો છે. અને વધારે તેમને માહિતી આપું કે આનો લાભ એ છે કે, આજની તારીખમાં વોલ્ટેજની improve કરવા માટે ડાયરેકટ HT લાઈનની કનેકટીવીટી આપવામાં આવે છે. હાઈ વોલ્ટેજ ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમને ઈન્સ્ટોલેશન કરવામાં આવે છે આના કારણે ગુણવત્તાવાળી હાઈ કવોલિટીની વીજળી ખેડૂતોને મળે છે. કોઈ ઈન્ટરપ્શન થતું નથી. એના જે મોટર અને તે બળવાના પ્રશ્નો કાયમ માટે ઉકેલાઈ જાય છે. Transformer failure પણ થતું નથી તેનું મુખ્ય કારણ એ છે કે, વચ્ચેથી આને કોઈ વીજળી ચોરી કરી શકતું નથી. આ H.T લાઈનના કારણે લંગરીયા સિસ્ટમ આની અંદર ચાલતી નથી. બીજું બે થી ત્રણ ખેડૂતોની વચ્ચે આ જ્યારે યોજના રાખવામાં આવે છે ત્યારે કદાચ કોઈ તકલીફ પડે તો બે અને ત્રણ ખેડૂતોને થાય છે જે હાલની સિસ્ટમમાં ૧૫ થી ૨૦ ખેડૂતોને તકલીફ પડતી હોય ટ્રાન્સફર્મર બળે તે પદ્ધતિ આની અંદર થતી નથી. બીજું આની લોસીઝ જે છે તે ખૂબ મોટા પ્રમાણની અંદર આની અંદર રિડકશન થતું હોય છે. બીજું કહું છું ખાલી બરોડા જિલ્લાની અંદર ૨૯૯૯ કનેકશનો આપણે ટ્રાન્ફર્મરો બદલવામાં આવ્યાં. તેમાં બે ટાઈપની પદ્ધતિ કરી આ બે વર્ષની અંદર. પહેલું કે બધા જ નવા ખેડૂતોને આપણે ખુશી યોજનાની અંદર સમાવેશ કરીએ છીએ. અને જૂના ખેડૂતોને ધીમે ધીમે આપણે આખા ફિડરોને ખુશી યોજનાની અંદર લઈ જઈએ છીએ. અને તેના કારણે બરોડા જિલ્લાની અંદર ૨૦૦૮-૦૯ની અંદર ૧૮૦૩ અને ૨૦૦૯-૧૦ની અંદર જાન્યુઆરી સુધીમાં ૧૧૯૬ તેમ કરીને કુલ ૨૯૯૯ અને ૨૯.૭૮ કરોડના ખર્ચે આ ખુશી યોજના કરવામાં આવી છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માંગુ છું કે, ખેડૂતોને પૂરતી વીજળી મળે તેના માટે ખુશી યોજના બહાર પાડી છે પણ ખેડૂતો આજે દુ:ખી થઈ ગયા છે. આ ટ્રાન્સફોર્મર જે મૂકવામાં આવે છે તે ટ્રાન્સફર્મરની જે ક્ષમતા છે તેની ટાઈમ લિમિટ કેટલા સમયમાં કારણ કે જે ટ્રાન્સફોર્મર મૂકવામાં આવે છે તે એક અઠવાડિયામાં તે ટ્રાન્સફોર્મર બળી જાય છે અને પછી તેના અઠવાડિયા કે દસ દિવસ સુધી ખેડૂતોને રાહ જોવી પડે છે તો આની જે ક્ષમતા જે છે તે વધારવા માગો છો કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે આવી કોઈ ફરિયાદ આવી નથી. સભ્યશ્રી મારું ધ્યાન દોરશે કે ટ્રાન્સ્ફૉર્મર બળી જાય છે. ચોક્કસ મારું ધ્યાન દોરો આખા રાજયની અંદર ૬૦ હજાર જેવા ટ્રાન્સ્ફૉર્મર ફીટ કર્યા છે. કોઈ પણ ધારાસભ્યશ્રીએ ખુશી યોજનાની અંદર ટ્રાન્સફર્મર બળી ગયેલાં હોય એવી મારી પાસે ફરિયાદ આવી નથી. ચોક્કસપણે રેગ્યુલર કોર્ષની અંદર કંઈક અને કંઈ ટૅક્નીકલ ફલો થાય એ વિશે જુદું છે પણ આખી સિસ્ટમને જો આપણે જોવા જઈએ તો આ સિસ્ટમના કારણે જે વર્ષોથી ખેડૂતોનો પ્રોબ્લેમ છે કે ગુણવત્તાવાળી વીજળી તેમને મળે એ વીજળી મળવાના કારણે આ યોજનાનું અમલીકરણ કર્યુ છે અને મારી બધા સભ્યશ્રીઓને વિનંતી કે આવતા દિવસોની અંદર એમના વિસ્તારની અંદર આ યોજના અને તેમાં ખાસ કરીને જે નવા કનેકશનો આપે છે તે નવા કનેકશનોનો અભ્યાસ કરે, ખેડૂતો પાસેથી માહિતી લે અને મને આવતા દિવસોની અંદર તે માહિતી પહોંચાડશે તો આપણને ખબર પડે કે આ યોજનાનો વ્યાપ વધારવો કે ધીમે ધીમે દેવું કે સુધારા લાવવા એ રીતે આ યોજનાની અંદર કાયમ માટેના પ્રશ્નનો ઉકેલ આવે તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવાઈ છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખુશી યોજના ખેડૂતો માટે ખુશીની હેલી લઈને આવેલી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે બાકી રહેતાં ખેડૂતોને કેટલા વખતની અંદર આપણને આનો લાભ આપશે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જેમ કહ્યું કે આ યોજનાની અંદર ખર્ચ ખૂબ મોટો છે પણ વન ટાઈમ ખર્ચ છે. એટલે આપણે ધીમે ધીમે જઈએ છીએ. આજની તારીખમાં રાજયની અંદર ૬૦૮૮૮ ટ્રાન્સફર્મરો ખુશી યોજનાની અંદર ચાલે છે. દર વર્ષે નવા જેટલાં આવે એ બે વર્ષની અંદર નવા કનેકશનો ૫૪ હજાર આપ્યાં હતા. એટલે દરેક નવા કનેકશનો આપણે ખુશીની અંદર કરીએ છીએ. અને જૂના કનેકશનોની

અંદર ધીમે ધીમે આખા રાજયની અંદર બદલાવ લાવીએ છીએ અને તેમાં ખાસ કરીને મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને આમાં વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**નોકરીની ભરતીમાં વયમર્યાદામાં છૂટછાટ મૂકવા બાબત**

૧૬૬૭૮**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦ના વર્ષની સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીને ધ્યાનમાં રાખીને શિક્ષિત બેરોજગાર યુવાનોને મોટે પાયે નોકરી આપી શકાય તે હેતુથી સરકારે વર્ગ-૨ અને વર્ગ-૩ની નોકરીઓની ભરતીમાં ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપવા વિચારણા હાથ ધરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વયમર્યાદામાં છૂટછાટની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અરજી વિચારણા હેઠળ છે.

(૨) પ્રશ્ન ખંડ-૧ પરત્વે આખરી નિર્ણય લેવાયા બાદ જ આવી વિગતો સ્પષ્ટ થાય.

**વીજ ડ્યૂટીની આવક**

૧૫૫૪૦ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષમાં રાજ્યના કુલ કરવેરાની આવકમાં વીજ ડ્યૂટીની આવક કેટલી છે ?

**જવાબ**

સને ૨૦૦૮-૦૯ના નાણાંકીય વર્ષમાં રાજ્યના કુલ કરવેરાની આવક રૂ.૨૨૭૨૯.૬૬ કરોડ છે. જેમાં વીજ ડ્યૂટીની આવક રૂ.૨૩૪૪.૨૧ કરોડ છે.

**આદિવાસી ખેડૂત માટે ખેતીમાં વીજ કનેક્શન માટે સહાયની યોજના**

૧૫૫૯૪ **શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિવાસી ખેડૂત માટે ખેતીમાં વીજ ક્નેક્શન માટે સહાયની કોઈ યોજના અમલમાં છે, અને

(૨) જો હા, તો તે અન્વયે તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા આદિવાસી ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યમાં વસતા આદિજાતિ લોકોની આર્થિક સ્થિતિ સુધરે અને જીવન ધોરણ ઉંચું આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા "વનબંધુ ક્લ્યાણ યોજના" અમલમાં મુકાયેલ છે. તે અન્વયે આદિજાતિ વિસ્તારના વીજળીકરણના કાર્યક્રમ હેઠળ આદિવાસી ખેડૂતોના કુવાના વીજળીકરણની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રૂ.૨૧૭૪.૪૫ લાખના ખર્ચે ૧૩૪૨ ખેડૂતોને કૃષિ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર દારૂની રેડ બાબત**

૧૬૭૫૪ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર દારૂ પકડવા માટે કેટલી રેડ કરવામાં આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | કરેલ રેઈડની સંખ્યા |
| --- | --- |
| પાલનપુર | ૧૪૦૮ |
| ડીસા | ૧૯૦૪ |
| વડગામ | ૪૫૨ |
| દાંતા | ૯૨૪ |
| ધાનેરા | ૫૦૩ |
| થરાદ | ૪૫૨ |
| વાવ | ૩૩૯ |
| અમીરગઢ | ૨૩૮ |
| દાંતીવાડા | ૨૭૯ |
| કાંકરેજ | ૬૧૪ |
| ભાભર | ૨૨૧ |
| દિયોદર | ૫૨૮ |
| કુલ. | ૭૮૬૨ |

(૨) આ રેડ દરમ્યાન કેટલા બુટલેગરોને પકડવામાં આવ્યાં, અને

(૩) ઉક્ત બુટલેગરો સામે શાં પગલાં ભરવામાં આવ્યાં ?

(૨) અને (૩) : આ રેડ દરમ્યાન ૩૧૧ બુટલેગરોને પકડવામાં આવેલ છે. અને આ બુટલેગરો પૈકી ૨૨ ને પાસા અને ૨૮૯ ને પ્રોહીબીશનની કલમ ૯૩ હેઠળ કેસો કરી અટકાયતી પગલાં ભરવામાં આવ્યા છે.

**શામળાજી ચેક પોસ્ટની આવક**

૧૬૪૩૪ **શ્રી ઉદેસિંહ ઝાલા(બાયડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની શામળાજી ચેક પોસ્ટની તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની શામળાજી ચેક પોસ્ટની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલી આવક નીચે પ્રમાણે છે.

| વર્ષ | આવક (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ (તા.૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭) | ૫૫૩૧.૯૫ |
| ૨૦૦૮ (તા.૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮) | ૬૨૩૬.૧૯ |
| ૨૦૦૯ (તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯) | ૫૬૫૧.૪૯ |

(૨) ઓવર લોડ વાહનોની સંખ્યામાં ઘટાડો થતાં આવકમાં ઘટાડો થયેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં નવીન કુટિર ઉદ્યોગ શરૂ કરવાની અરજીઓ**

૧૬૫૭૭ **શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં નવીન કુટિર ઉદ્યોગ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) તે અંગે સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવેલ છે તથા કેટલી સબસીડી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જિલ્લાના તમામ તાલુકાઓ.

(૨) તે અંગે સરકાર દ્વારા રૂ.૧,૭૭,૨૪,૨૧૩/- ની સહાય (સબસીડી) ચૂકવવામાં આવેલ છે.

**કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં આવેલ લીઝો**

૧૬૮૨૩ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા(જામજોધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખનીજ લીઝો આપવા માટે બ્લોક બનાવીને લીઝો આપવાની જે નીતિ સરકારે અમલમાં મૂકી છે તે અન્વયે તા. ૩૦-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કેટલી લીઝો આપવામાં આવી, અને

(૨) બ્લોક બનાવી લીઝ આપવાની નવી નીતિ અગાઉની જૂની પડતર અરજીઓ અંગે સરકારે શો નિર્ણય લીધો છે ?

**જવાબ**

(૧) એમ.એમ.ડી.આર. એકટ-૧૯૫૭ ની કલમ-૧૧(૨) ના પરંતુક હેઠળ અને રાજ્ય સરકારે કેટલાક ખનીજો માટેની જાહેર કરેલ સૂચનાઓ મુજબ કચ્છ જિલ્લામાં લાઈમસ્ટોનના ૪૪ બ્લોક અને ચાઈનાક્લે નાં ૯ બ્લોક તથા જૂનાગઢ જિલ્લાનાં લાઈમસ્ટોન ખનીજ ધરાવતા ૪ બ્લોક ખાણકામ માટે ઉપલબ્ધ કરવા જાહેરનામાં બહાર પાડવામાં આવ્યા છે. જાહેરનામામાં જણાવેલ સમયમર્યાદામાં મળેલ અરજીઓની ચકાસણી થયેથી લીઝ વિસ્તાર ઉપલબ્ધ કરવામાં આવશે.

સુરત જિલ્લામાં તાપી નદીમાં પ્રાયોગિક ધોરણે રેતી ખનીજ માટેના ૧૦ બ્લોક્ની હરાજીથી ફાળવણી કરવામાં આવી છે.

(૨) કચ્છ અને જૂનાગઢ જિલ્લાનાં જાહેર થયેલ બ્લોક વિસ્તારમાનાં કોઈપણ વિસ્તાર માટેની જુની પડતર અરજીઓની વિચારણા એમ.એમ. (ડી એન્ડ આર) એક્ટ, ૧૯૫૭ની કલમ-૧૧(૨) ના પરંતુક્ની જોગવાઈ મુજબ નવી અરજીઓની સાથે વિચારણા કરવામાં આવનાર છે.

જે વિસ્તારોની જાહેર હરાજીથી ફાળવણી કરવાનો નિર્ણય થાય, તેમાં જૂનાં અરજદારો પણ ભાગ લઈ શકે છે.

## કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં આપવામાં આવેલ લીઝ

૧૬૮૨૯**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખનીજ લીઝ આપવા માટે બ્લોક બનાવીને લીઝો આપવાની જે નીતિ સરકારે અમલમાં મૂકી છે તે અન્વયે તા. ૩૦-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં કેટલી લીઝો જિલ્લાવાર આપવામાં આવી, અને

(૨) બ્લોક બનાવી લીઝ આપવાની નવી નીતિ અગાઉની જૂની પડતર અરજીઓ અંગે સરકારે શો નિર્ણય લીધો છે ?

**જવાબ**

(૧) એમ.એમ.ડી.આર. એકટ-૧૯૫૭ ની કલમ-૧૧(૨) ના પરંતુક હેઠળ અને રાજ્ય સરકારે કેટલાક ખનીજો માટેની જાહેર કરેલ સૂચનાઓ મુજબ કચ્છ જિલ્લામાં લાઈમસ્ટોનના ૪૪ બ્લોક અને ચાઈનાકલે નાં ૯ બ્લોક તથા જૂનાગઢ જિલ્લાનાં લાઈમસ્ટોન ખનીજ ધરાવતા ૪ બ્લોક ખાણકામ માટે ઉપલબ્ધ કરવા જાહેરનામાં બહાર પાડવામાં આવ્યા છે. જાહેરનામામાં જણાવેલ સમયમર્યાદામાં મળેલ અરજીઓની ચકાસણી થયેથી લીઝ વિસ્તાર ઉપલબ્ધ કરવામાં આવશે.

સુરત જિલ્લામાં તાપી નદીમાં પ્રાયોગિક ધોરણે રેતી ખનીજ માટેના ૧૦ બ્લોકની હરાજીથી ફાળવણી કરવામાં આવી છે.

(૨) કચ્છ અને જૂનાગઢ જિલ્લાનાં જાહેર થયેલ બ્લોક વિસ્તારમાનાં કોઈ પણ વિસ્તાર માટેની જુની પડતર અરજીઓની વિચારણા એમ.એમ. (ડી એન્ડ આર) એકટ, ૧૯૫૭ની કલમ-૧૧(૨) ના પરંતુકની જોગવાઈ મુજબ નવી અરજીઓની સાથે વિચારણા કરવામાં આવનાર છે.

જે વિસ્તારોની જાહેર હરાજીથી ફાળવણી કરવાનો નિર્ણય થાય, તેમાં જૂનાં અરજદારો પણ ભાગ લઈ શકે છે.

## ક્રુડ ઓઈલની રોયલ્ટી મેળવવા બાબતે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત

૧૬૪૦૫ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્રુડ ઓઈલની રોયલ્ટી મેળવવા બાબતે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆત કરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨) કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોનો પરામર્શ કરીને તા.૧૭-૩-૨૦૦૩ના જાહેરનામાથી ક્રુડ ઓઈલ અને ગેસ પરની રોયલ્ટી નક્કી કરવાની નિયત કરેલ પધ્ધતિ પ્રમાણે વાસ્તવમાં રાજ્યને વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ.૨૮૨૭.૭૯૬ કરોડ રોયલ્ટી મળવાપાત્ર હતી. પરંતુ કેન્દ્ર સરકારે એકપક્ષીય નિર્ણય લઈને રાજ્ય સરકારનો પરામર્શ કર્યા સિવાય તા.૧૭-૩-૨૦૦૩ની ફોર્મ્યુલાની અવગણના કરીને ક્રુડ ઓઈલ અને ગેસના બજાર ભાવને બદલે વળતર બાદની કિંમત આધારે રોયલ્ટી ચૂકવતાં, રાજ્યને ખરેખર આ સમયમાં માત્ર રૂ.૧૨૯૬.૭૯૬ કરોડ જેટલી રોયલ્ટી મળી છે. આમ, આ સમયગાળામાં કેન્દ્ર સરકારે અપનાવેલી અન્યાયી પધ્ધતિને કારણે રાજ્યને એક વર્ષમાં રૂ.૧૫૩૧ કરોડ જેટલી જંગી રકમનું નુકસાન થયું છે. તે ઉપરાંત વર્ષ ૨૦૦૯-૧૦માં (જાન્યુઆરી-૨૦૧૦ સુધીમાં) મળવાપાત્ર રૂ.૧૬૪૩.૬૬૩ કરોડ સામે ૧૩૪૨.૬૬૩ કરોડ એટલે કે રૂ.૩૦૧ કરોડ જેટલી રોયલ્ટી ઓછી મળી છે. આમ, એકંદરે રાજ્યને વર્ષ ૨૦૦૮-૦૯ તેમજ ૨૦૦૯-૧૦ (જાન્યુઆરી-૨૦૧૦ સુધી)માં કુલ રૂ.૧૮૩૨ કરોડ જેટલી રોયલ્ટીની આવકમાં નુકશાન થયું છે. આથી રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ આ સાથેના પત્રકની વિગતે રજૂઆતો કરેલ છે.

**પત્રક**

| અનું નં. | તારીખ | વિગતો |
|---|---|---|
| ૧ | ૩૧/૦૫/૨૦૦૮ | મુખ્ય સચિવ, ગુજરાત સરકારે કેન્દ્રીય પેટ્રોલિયમ સચિવને માર્કેટ આધારીત કિંમત પર રોયલ્ટીની ગણતરી માટે વિનંતી કરી. |
| ૨ | ૨૬/૦૮/૨૦૦૮ | મુખ્ય સચિવ, ગુજરાત સરકારે કેન્દ્રીય પેટ્રોલિયમ સચિવને માર્કેટ આધારીત કિંમત પર રોયલ્ટીની ગણતરી માટે ફરી વિનંતી કરી. |
| ૩ | ૧૦/૧૧/૨૦૦૮ | મા.રા.ક. મંત્રીશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ) કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીને વિનંતી કરી કે ભારત સરકાર, ઓ.એન.જી.સી.ને આદેશ આપે કે રોયલ્ટીની ગણતરી માર્કેટ આધારીત કિંમત પર કરે. |
| ૪ | ૨૪/૧૨/૨૦૦૮ | માન. મુખ્યમંત્રીશ્રીએ માન.પ્રધાનમંત્રીશ્રીને વિનંતી કરી કે ભારત સરકાર, રાજ્ય સરકારને રોયલ્ટીની આવકનો હિસ્સો બંધારણ મુજબ પુનઃસ્થાપિત કરે. |
| ૫ | ૨૫/૦૨/૨૦૦૯ | ભારત સરકારે જણાવ્યું કે, નાણાકિય વર્ષ ૨૦૦૮-૦૯ના છેલ્લા ત્રણ માસમાં તેલ વિતરણ કંપનીઓને કોઈ વળતર/સબસીડી આપવામાં આવશે નહિ. તેથી ગુજરાત સરકારને રોયલ્ટીની રકમ કેન્દ્ર સરકારના તા.૧૭-૦૩-૨૦૦૩ના ઠરાવ મુજબ મળેલ છે. |
| ૬ | ૧૦/૦૬/૨૦૦૯ | ગુજરાતના મુખ્ય સચિવશ્રી કેન્દ્રના પેટ્રોલિયમ સચિવશ્રીને વિનંતી કરી રાજ્ય સરકારને એપ્રિલ ૨૦૦૮ થી ડિસેમ્બર ૨૦૦૮ સુધી મળેલ ઓછી રોયલ્ટીની ચુકવવાની કરવાનો આદેશ આપવા વિનંતી કરી. |
| ૭ | ૨૨/૦૭/૨૦૦૯ | ગુજરાતના માન.રા.ક. મંત્રીશ્રીએ ફરી કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીને વિનંતી કરી કે ભારત સરકાર, ઓ.એન.જી.સી.ને આદેશ કરે કે એપ્રિલ ૨૦૦૮થી રોયલ્ટીની ચૂકવણી માર્કેટ આધારીત કિંમત પર કરે. |
| ૮ | ૨૯/૧૨/૨૦૦૯ | ગુજરાતના માન.રા.ક. મંત્રીશ્રીએ કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીને આ બાબતે ફેર વિચારણા કરવા તથા ઓ.એન.જી.સી.ને રોયલ્ટીની ચૂકવણી વળતર પહેલાની કિંમતે કરવા જરૂરી આદેશો કરવાની વિનંતી કરી. |

---------

## જેલોમાં ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવા બાબત

૧૬૪૩૧ **શ્રી કાંતિભાઈ અમૃતિયા(મોરબી) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની જેલોમાં ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવા કોઈ યોજના અમલમાં મૂકી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તારીખ ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી ? | (૨) ભારત સરકારના સહયોગથી જેલ સુધારણા પર્સપેકટીવ એન્ડ એન્યુઅલ પ્લાન ૨૦૦૨-૨૦૦૭ અમલમાં મુક્વામાં આવેલ છે. જેમાં કુલ રૂ.૬૫.૮૮ કરોડના અનુદાનની ફાળવણી નવી જેલોના બાંધકામ, હયાત જેલોનું વિસ્તરણ અને નવીનીકરણ, સ્ટાફ ક્વાટર્સનું બાંધકામ સેનીટેશન અને પાણી પુરવઠો તેમજ સાધન સામગ્રી માટે કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ રાજ્યની જેલોમાં કેદીઓ રાખવાની ક્ષમતા વધારવા નવી જેલોનું બાંધકામ તથા હયાત જેલોમાં નવી બેરેકોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. નવી ગોંડલ સબ જેલ કાર્યરત થતાં ૧૫૦ કેદીઓ રાખવાની ક્ષમતા વધેલ છે. તેમજ પાલારા(ભૂજ) ખાતે ૫૩૦ કેદીઓની ક્ષમતાવાળી નવી ખાસ જેલ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. |

## રાજ્યની સરહદી સુરક્ષા માટે કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ

૧૫૮૨૦**શ્રી અમરસિંહ વસાવા(દેડીયાપાડા) :માનનીય સરહદી સુરક્ષા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને રાજ્યની સરહદી સુરક્ષા માટે તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટ કેટલી રકમ ફાળવી, અને | (૧) અને (૨) સરહદી સુરક્ષાએ કેન્દ્ર સરકારનો વિષય હોઈ સરહદી સુરક્ષા માટે રાજ્ય સરકારને કોઈ રકમ ફાળવવામાં આવતી નથી. |
| (૨) ફાળવેલ રકમ અન્વયે ક્યા ક્યા કામો પાછળ કેટલો ખર્ચ થયો ? | |

## રાજ્યમાં જિલ્લાવાર સરકારી વકીલોની નિમણૂક

૧૬૪૪૯ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યના ક્યા ક્યા જિલ્લામાં જિલ્લા સરકારી | (૧) પરિશિષ્ટ - ક મુજબ |

વકીલોની નિમણૂક કરવામાં આવી છે,

| ક્રમ | જિલ્લાનું નામ |
|---|---|
| ૧ | અમરેલી |
| ૨ | બનાસકાંઠા-પાલનપુર |
| ૩ | ભાવનગર |
| ૪ | દાહોદ |
| ૫ | ગાંધીનગર |
| ૬ | કચ્છ-ભૂજ |
| ૭ | મહેસાણા |
| ૮ | નવસારી |
| ૯ | ગોધરા-પંચમહાલ |
| ૧૦ | પાટણ |
| ૧૧ | પોરબંદર |
| ૧૨ | રાજકોટ |
| ૧૩ | સાબરકાંઠા-હિંમતનગર |
| ૧૪ | સુરત |
| ૧૫ | સુરેન્દ્રનગર |
| ૧૬ | વડોદરા |

(૨) ક્યા જિલ્લામાં નિમણૂક બાકી છે, અને

(૨) કોઈ જિલ્લા બાકી નથી.

(૩) આ બાકી નિમણૂકો ક્યારે કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સરદાર સરોવર યોજનાના જળ વિદ્યુત મથકો દ્વારા ઉત્પન્ન થયેલ વીજળી**

૧૬૪૫૪**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સરદાર સરોવર યોજનાના જળ વિદ્યુત મથકો દ્વારા કુલ કેટલી વિજળી ઉત્પન્ન કરવામાં આવી છે, અને

(૧) ૪૬૬.૪૮ કરોડ યુનીટ

(૨) તેની બજાર ભાવે હાલમાં કેટલી કિંમત થાય છે?

(૨) રૂા. ૧૮૬૫.૯૧ કરોડ

**ઘરેલું વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક સીટી ડ્યૂટીમાં રાહત**

૧૬૮૨૨**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા ડિસેમ્બર ૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઘરેલું વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક્સીટી ડયૂટીમાં કોઈ રાહત આપવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો તેમાંથી વીજ ગ્રાહકોને કેટલો ફાયદો થયો?

(૧) અને (૨) : છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં વિદ્યુત શૂલ્કમાં રૂા. ૧૫૯ કરોડની રાહત આપવામાં આવેલ છે.

**નવલખી બંદર ખાતે મીઠા ઉદ્યોગ માટે અલગ જેટી બનાવવા અંગે**

૧૬૭૯૬**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સોરાષ્ટ્રમાં નવલખી બંદર ખાતે મીઠા ઉદ્યોગ માટે અલગ જેટી બનાવવાની કોઈ યોજના સરકારે અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ જેટીનું કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

(૨) અલાયદી જેટી બનાવવાની યોજના માટે જરૂરી ૭૨ હેક્ટર જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં છે અને પર્યાવરણ તેમજ સી.આર.ઝેડ.ની મંજૂરી માટેના ઈ.આઈ.એ. સ્ટડી રીપોર્ટ તેયાર કરવા તજજ્ઞની નિમણૂક થયેથી અહેવાલ તેયાર કરવાની કામગીરી હાથ ધરાશે.

**પંડિત દીનદયાળ યુનિવર્સિટીમાં નવા અભ્યાસક્રમો**

૧૬૫૩૨ **શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તાજેતરમાં પંડિત દીનદયાળ યુનિવર્સિટીમાં

(૧) હા, જી.

કોઈ નવા અભ્યાસક્મો ઉમેરવામાં આવ્યા છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા ક્યા નવા અભ્યાસક્મો ઉમેરવામાં આવ્યા છે?

(૨)

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | શરૂ થયાનું વર્ષ | કુલ સીટો | કુલ વિદ્યાર્થીઓ |
|---|---|---|---|---|
| ૧ | લિબરલ સ્ટડીઝમાં સ્નાતક કક્ષાનો અભ્યાસક્મ | ૨૦૦૯-૧૦ | ૬૦ | ૪૭ |
| ૨ | ન્યુક્લિયઅર એન્જીનિયરીંગમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્મ | ૨૦૦૯-૧૦ | ૨૦ | ૨૦ |
| ૩ | સોલાર એનર્જીમાં શિક્ષણ વિસારદ (પી.એચ.ડી.) કક્ષાનો અભ્યાસક્મ (પી.એચ.ડી. સોલારના અભ્યાસક્મમાં કોઈ સીટ નક્કી હોતી નથી તે રીસર્ચ એરીયા અને રીસર્ચ ગાઈડ ઉપર આધારિત છે) | ૨૦૦૯-૧૦ | ૦૭ | ૦૭ |

---------

## સોર ઉર્જાથી વીજ ઉત્પાદન કરતાં પ્રોજેક્ટોને મંજૂરી આપવા અંગે

૧૬૮૧૪ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં સોર ઉર્જાથી વીજ ઉત્પાદન કરવા માટે કેટલી ક્ષમતાના પ્રોજેક્ટોને મંજૂરી આપવામાં આવી,

(૨) કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા રાજ્યમાં સોર ઉર્જા વીજ ઉત્પાદન મથકની સ્થાપના કરવા માટે રસ દાખવવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) ૭૧૬ મેગાવોટ ક્ષમતાનાં પ્રોજેકટોને મંજૂરી આપવામાં આવી છે.

(૨) હા, જી.

(૩) આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ કુલ ૮ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને ૧૩૦ મે.વો. ક્ષમતાના સોર ઉર્જા પ્રોજેક્ટ સ્થાપવા મંજૂરી આપવામાં આવેલ છે.

**પત્રક**

| અ.નં. | આંતરરાષ્ટ્રીય વિકાસકારનું નામ | મેગાવોટ |
|---|---|---|
| ૧ | એ.ઈ.એસ.એનર્જિ પ્રાઈવેલ લી., યુ.એસ.એ. | ૧૫ |
| ૨ | એસ્ટોન ફીલ્ડ સોલાર, (ગુજરાત) યુ.એસ.એ. | ૨૫ |
| ૩ | અઝુર પાવર લિ. યુ.એસ.એ. | ૧૫ |
| ૪ | કોમનવેલ્થ બીઝનેશ ટેક્નોલોજી, યુ.કે. | ૧૦ |
| ૫ | ડ્રીસ્ટ્રઝ, જર્મની | ૨૫ |
| ૬ | એમ.આઈ., જર્મની | ૨૫ |
| ૭ | તથીત એનર્જિ, યુ.એસ.એ. | ૫ |
| ૮ | ઝેબા સોલર, પોર્ટુગલ | ૧૦ |
| | કુલ : | ૧૩૦ |

---------

## જી.આઈ.ડી.સી. માટે પ્લોટ ફાળવવાની નીતિ

૧૬૭૬૩**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જી.આઈ.ડી.સી. માં વિવિધ હેતુઓ માટે પ્લોટ ફાળવવા માટેની નીતિ પારદર્શક બને તે માટે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

જીઆઇડીસીની પ્લોટ ફાળવવાની નીતિ પારદર્શક બને તે માટે સરકારે નીચે મુજબના પગલાં લીધા છેઃ-

(અ) જી.આઇ.ડી.સી.ની ""પૂર્ણ વિકસીત"" વસાહતોમાં લગત પ્લોટ/શેડ સિવાયના તમામ પ્લોટ/ શેડ હરાજીથી ફાળવવાની નીતિ છે.

(બ) જી.આઇ.ડી.સી.ની બધીજ વસાહતોમાં વાણિજ્ય પ્લોટો જાહેર હરાજીથી ફાળવવાની નીતિ છે.

(ક) ૧૦૦ હેક્ટરથી મોટી વસાહતોમાં જ્યારે કોઇ વિશિષ્ટ પ્રકારના પ્રોજેક્ટ માટે ૨(બે) લાખ ચો.મી. (૨૦ હેક્ટર) કે તેથી વધારે જમીન ફાળવવાની થાય ત્યારે આવા કિસ્સામાં નિર્ણય લેવાની સત્તા જીઆઇડીસીના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી તથા ઉદ્યોગ કમિશ્નરશ્રીની સમિતિ દ્વારા લેવામાં આવે છે.

ઉપરાંત જીઆઇડીસીની ૧૯ ઓદ્યોગિક

વસાહતોમાં ઓનલાઇન અરજી સ્વીકારવાનું અને ઓનલાઇન ફાળવણી કરવાનો નિર્ણય કરેલ છે. ઓનલાઇન વિતરણ પધ્ધતિ જીઆઇડીસીમાં તા. ૦૧-૦૨-૨૦૧૦ થી દાખલ કરેલ છે.

## જેલોનું આધુનિકરણ કરવાનું સરકારનું આયોજન

૧૫૮૮૧**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જેલોનું આધુનિકરણ કરવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી જેલોનું નવીનીકરણ આધુનિકરણ કરવામાં આવ્યું છે અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

(અ) રાજ્યની જેલોના આધુનિકરણના ભાગરૂપે તેમજ જેલોની સલામતી વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા માટે રાજ્યની જેલોની મુખ્ય દિવાલ ઉપર ડી.સી. લાઇવ વાયર, હાઇમાસ્ટ પોલ, તેમજ જેલની અંદર કેદીઓ દ્વારા છુપાવવામાં આવેલ અનધિકૃત ચીજવસ્તુઓ/ મોબાઇલ ફોન શોધી કાઢવા માટે મોબાઇલ ફોન ડીટેક્ટર અને હેન્ડ હેલ્ડ મેટલ ડીટેક્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. જેલમાં પ્રવેશતા કેદીઓ તથા સ્ટાફના સામાનની ચકાસણી માટે એક્ષરે સ્કેનીંગ મશીન મુકવામાં આવેલ છે. જેલની અંદર અનધિકૃત મોબાઇલ ફોનના ઉપયોગ અટકાવવા માટે જામર મશીન ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે. જેલની અંદર કેદીઓ ઉપર ચાંપતી વોચ રાખી શકાય તે હેતુસર સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે. કેદીઓને જેલમાં પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે હેતુસર રાજ્યની જેલોમાં તબક્કાવાર RO Plant વસાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અમદાવાદ મધ્યસ્થ જેલ, નવી અંડરટ્રાયલ જેલ, અમદાવાદ, પોરબંદર ખાસ જેલ, મહેસાણા, પાલનપુર જિલ્લા જેલ, મોરબી, છોટાઉદેપુર, રાજપીપળા, ભરૂચ, ગોધરા, નવસારી સબ જેલમાં હાઇમાસ્ટ પોલ નાંખવામાં આવેલ છે અને વડોદરા મધ્યસ્થ જેલ, રાજકોટ, જામનગર, ભાવનગર જિલ્લા જેલ તથા સુરેન્દ્રનગર સબ જેલમાં હાઇમાસ્ટ પોલ સ્થાપિત કરવાની કાર્યવાહી ગતિમાં છે.

પાલારા ખાસ જેલ અને ગોંડલ સબ જેલ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. ઉપરાંત રાજકોટ, અમદાવાદ અંડરટ્રાયલ જેલ, અમરેલી સબ જેલ તથા વડોદરા કીમેલ જેલ ટૂંક સમયમાં કાર્યરત થશે.

વડોદરા ફીમેલ જેલ ટૂંક સમયમાં કાર્યરત થશે.

આ સિવાય લાજપોર મધ્યસ્થ જેલ, ગલપાદર (કચ્છ), પાટણ તથા દાહોદ સબ જેલના બાંધકામ પ્રગતિ હેઠળ છે. ઉપરાંત ગાંધીનગર ખાતે રાષ્ટ્રદ્રોહી ગુનેગારો માટે નવી હાર્ડકોર જેલનું આયોજન કરવામાં આવેલ છે.

રાજ્યની જેલો માટે મંજૂર થતા અનુદાનમાંથી જેલોનું મરામત કામ જેવા કે પ્લાસ્ટર, વ્હાઇટ વોશ, ઇલેક્ટ્રીક, ગટરલાઇન, વોટર સપ્લાય વિગેરે કામો પોલીસ આવાસ નિગમ દ્વારા કરવામાં આવે છે.

જેલોની સલામતિની દ્રષ્ટિએ જેલ કંમ્પાઉન્ડમાં છેલ્લા બે વર્ષમાં અલગ અલગ જેલો ઉપર ૬૧ સ્ટાફ ક્વાટર્સના બાંધકામ પૂર્ણ થયેલ છે.

રાજ્યની સૌથી મોટી જેલ અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓને જેલની બહાર મોકલ્યા વગર તજજ્ઞ તબીબોની સારવાર મળી રહે તે હેતુથી ઇસરોની મદદથી એપોલો હોસ્પિટલ સાથે લીંકેજ કરી ટેલીમેડીસીન સિસ્ટમ કાર્યરત કરવામાં આવેલ છે. આ સિસ્ટમ સમગ્ર દેશમાં સૌ પ્રથમ વખત અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સ્થાપિત કરવામાં આવેલ છે. કેદી કલ્યાણલક્ષી એવી આ સિસ્ટમને ડીજીટલ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા દ્વારા ઇ-હેલ્થ કેટેગરીમાં વર્ષ ૨૦૦૯ માટેનો ""મંથન"" એવોર્ડ આપવામાં આવેલ છે.

અમદાવાદ, વડોદરા, પોરબંદર, જુનાગઢ, જામનગર, નડિયાદ, રાજકોટ, પાલનપુર, ભાવનગર જેલમાં વિડિયો કોન્ફરન્સીંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે. આ સિસ્ટમના માધ્યમથી આરોપીઓને જેલની અંદર જ રાખીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે છે. સુરત, પાલારા(ભુજ) તથા મહેસાણા ખાતેની જેલમાં વિડિયો કોન્ફરન્સીંગ સિસ્ટમ સ્થાપિત કરવાની કાર્યવાહી ચાલી રહેલ છે.

રાજ્યની અમદાવાદ તથા વડોદરા મધ્યસ્થ જેલ ખાતે નારકોટીક્સ, એક્સપ્લોઝીવ ડીટેક્ટર તેમજ રાજ્યની મધ્યસ્થ જેલ તેમજ જિલ્લા જેલોમાં નાઇટ વિઝન ગોગલ્સ વસાવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦માં જેલોના નવીનિકરણ-આધુનિકરણ માટે અનુક્રમે રૂ. ૧૯,૯૮,૫૦,૦૦૦/- તથા રૂ.૧૬,૮૫,૭૦,૦૦૦/- મળીને કુલ રૂ.૩૬,૮૪,૨૦,૦૦૦/- ની રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

## જામનગર જિલ્લાના પોલીસ સ્ટેશનોને પી.એસ.આઈ. કક્ષામાંથી પી.આઈ. કક્ષાનાં બનાવવા બાબત

૧૬૬૧૩**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ પી.એસ.આઈ. કક્ષાએથી પી.આઈ. કક્ષાનું પોલીસ સ્ટેશન બનાવવા માટેની કુલ કેટલી દરખાસ્તો વિભાગ કક્ષાએ પડતર છે, અને

(૨) તેને ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યની કાયદો અને વ્યવસ્થા, સલામતી અને સુરક્ષા, જે તે વિસ્તારની વસ્તી અને ગુનાનું પ્રમાણ, આર્થિક સામાજિક વિકાસ જેવા પરિબળોને ધ્યાને લઇ દર વર્ષે નવાં પોલીસ સ્ટેશન ઉભાં કરવાં, આઉટ પોસ્ટો તેમજ પોલીસ સ્ટોશનોને અપગ્રેડ કરવાં, નવી ચોકી/આઉટ પોસ્ટો બનાવવા માટેની દરખાસ્તો પોલિસ ખાતા તરફથી વિભાગમાં રજુ કરવામાં આવે છે. આવી દરખાસ્તો પરત્વે રાજ્યના પોલિસ મહાનિર્દેશક અને મુખ્ય પોલિસ અધિકારીશ્રી સાથે ચર્ચા કરવામાં આવે છે.આવી ચર્ચા બાદ તેમજ જે તે ભોગોલિક વિસ્તાર, વસ્તી અને ગુનાનું પ્રમાણ, સંવેદનશીલતા, આર્થિક-સામાજિક વિકાસના કારણે ઉદ્-ભવતા ગુનાઓ વગેરે મુદ્દાઓને આધારે કેટલીક દરખાસ્તોને અગ્રીમતા આપવામાં આવે છે અને રાજ્યના અંદાજપત્રમાં આયોજન હેઠળની નવી બાબતો તરીકે આ પ્રકારની

કેટલીક દરખાસ્તો સમાવવામાં આવે છે. આ વર્ષે પણ જે દરખાસ્તો મળી છે, તેમાં જામનગર જિલ્લાની પણ દરખાસ્ત આવેલી છે, જે દરખાસ્ત ઉપરની રીતે સરકારશ્રીની વિચારણા બાદ, વર્ષ ૨૦૧૦-૧૧ ના આયોજનમાં આવરી લેવામાં આવી છે.

---------

**રાજ્યની સરહદી સુરક્ષા માટે કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ**

૧૫૮૧૫**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય સરહદી સુરક્ષા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્યની સરહદી સુરક્ષા માટે કેટ કેટલી રકમો ફાળવી, અને

(૨) ફાળવેલ રકમ અન્વયે રાજ્ય સરકારે ક્યા ક્યા કામો પાછળ કેટલો ખર્ચ ક્યો?

**જવાબ**

(૧) અને (૨) સરહદી સુરક્ષાએ કેન્દ્ર સરકારનો વિષય હોઇ સરહદી સુરક્ષા માટે રાજ્ય સરકારને કોઇ રકમ ફાળવવામાં આવતી નથી.

---------

**કચ્છ જિલ્લામાં લાઈમસ્ટોન, બોક્સાઈટ ખનીજના સંશોધન માટેના શારકામ**

૧૬૮૩૫ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં લાઈમસ્ટોન અને બોક્સાઈટ ખનીજના સંશોધન માટે વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧-૨૦૧૦ સુધીમાં ક્યા સ્થળે કેટલાં શારકામ કરવામાં આવેલ છે,

(૨) જે સ્થળે શારકામ કરવામાં આવેલ છે તે પૈકી કેટલા સ્થળેથી ઉદ્યોગ સ્થપાય તેવી ખનીજ મળેલ છે અને કેટલાં સ્થળેથી ખનીજ મળેલ નથી,

(૩) આ શારકામ કરવા માટે અગાઉ સર્વે રિપોર્ટ પોઝીટીવ હતો કે નેગેટીવ, અને

(૪) સર્વે જો તદ્દન ખોટો નિકળ્યો હોય તો સર્વે કરનાર જવાબદાર અધિકારી સામે કોઈ પગલાં લેવામાં આવશે કે કેમ?

**જવાબ**

(૧) અબડાસા અને લખપત તાલુકામાં જુમારા, પાનાન્દ્રો, કોરીયાની, મુન્ધ્વાય, ક્યારી, મણિયારા, રતીપુર, જડવા, ખરોડા, હાસ્ઠી, ખારાઇ, સારંગવાડા, ભાડરા, જુણંગીયા, બુટ્ટા, સધિઆરી, વાંઢ, જંગાડીયા, રામણીયા, કોટડા, કંડોરા, સાંભડા, ગામોએ ૧૮૬ શાર છીદ્રો કરી ૨૧૮૩૨.૯૦ મીટર શારકામ કરેલ છે.

બોક્સાઇટ ખનીજ માટે ખાતા ધ્વારા શારકામ કરવામાં આવેલ નથી.

(૨) આ સ્થળો પૈકી પાનોન્દ્રો, મુન્ધ્વાય, ખરોડા, ખારાઇ, સારંગવાડા, વાઘાપાદર, ફુલાય, ભોયલા, રામણિયા, જુણંગીયા ગામોએ સિમેન્ટ ઉદ્યોગ સ્થપાય તેવા લાઇમસ્ટોન ખનીજ મળેલ છે. બાકીના વિસ્તારમાં કાર્યવાહી ચાલુમાં છે.

(૩) હકારાત્મક.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**છોટા ઉદેપુર ચેકપોસ્ટની આવક**

૧૬૪૩૫ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની છોટાઉદેપુર ચેક પોસ્ટની તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની છોટા ઉદેપુર ચેક પોસ્ટની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં થયેલી આવક નીચે પ્રમાણે છે.

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ (તા.૧-૧-૦૭ થી તા.૩૧-૧૨-૦૭) | ૭૧.૬૮ |
| ૨૦૦૮ (તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮) | ૮૩.૧૮ |
| ૨૦૦૯ (તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯) | ૧૧૬.૧૫ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

## ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ચાલતાં અભ્યાસક્રમો

૧૬૭૬૮**શ્રી રણજીતભાઈ મં.ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્થાપવામાં આવેલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ક્યા ક્યા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવનાર છે, અને

(૨) આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ થશે?

**જવાબ**

(૧) અને (૨) : ગુજરાત સરકારે દેશમાં જણાઇ રહેલ ગુન્હા ક્ષેત્રના વૈજ્ઞાનિક/ટેક્નીકલ નિષ્ણાંતોની ઉણપ દુર કરવા માટે એક મહત્વનું કદમ ઉઠાવી દેશની પ્રથમ એવી ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. આ યુનિવર્સિટી ઓગષ્ટ-૨૦૦૯ થી કાર્યાન્વિત થઇ ગયેલ છે. અને નીચે દર્શાવેલ અગત્યના કોર્ષો ચાલુ કરવામાં આવેલ છે.

(૧) એમ.એસ.સી. ઇન ફોરેન્સીક સાયન્સ.

(૨) એમ.એસ.સી. ઇન ફોરેન્સીક ફાર્મસી.

(૩) એમ.એસ.સી. ઇન ફોરેન્સીક નેનોટેક્નોલોજી.

(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઇન ફોરેન્સીક સાયકોલોજી.

(૫) ઓનલાઇન સર્ટીફીકેટ કોર્ષ ઇન ઇન્ફરમેશન સીક્યોરીટી.

(૬) ઓનલાઇન સર્ટીફીકેટ કોર્ષ ઇન નેટવર્ક સીક્યોરીટી.

(૭) ઓનલાઇન ડીપ્લોમાં ઇન સાયબર સીક્યોરીટી.

(૮) પી.એચ.ડી. કોર્ષ.

(૯) પી.જી. ડીપ્લોમા કોર્ષ ઇન ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક મેનેજમેન્ટ (જી.એન.એલ.યુ. ના સહયોગથી)

(૧૦) પી.જી. ડીપ્લોમા ઇન રીહબીટેશન સાયકોલોજી (બી.એમ. ઇન્સ્ટીટ્યુટના સહયોગથી)

ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીમાં ઉપર દર્શાવેલ કોર્ષ ચાલુ શૈક્ષણિક વર્ષમાં શરુ કરવામાં આવેલ છે.

## ઘરેલું વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક્સીટી ડ્યૂટીમાં રાહત

૧૬૭૬૫ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ડિસેમ્બર ૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરેલું વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક્સીટી ડ્યૂટીમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેનાથી વીજગ્રાહકોને કેટલો ફાયદો થયો?

**જવાબ**

(૧) અને (૨) : છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં વિદ્યુત શૂલ્કમાં રૂા. ૧૫૯ કરોડની રાહત આપવામાં આવેલ છે.

## નર્મદા યોજનાનું પાણી સિંચાઈ માટે ભરૂચ અને નર્મદા જિલ્લાને આપવા બાબત

૧૬૦૭૩ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજનાનું પાણી ભરૂચ અને નર્મદા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં સિંચાઈ માટે આપવામાં આવે છે, અને

(૨) બાકી રહેતા વિસ્તારોમાં આ પાણી ક્યારે આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ નર્મદા યોજનાનું પાણી ભરૂચ જિલ્લાના આમોદ, વાગરા, જંબુસર અને ભરૂચ તાલુકાઓને, તેમજ નર્મદા જિલ્લાના નાંદોદ અને તિલકવાડા તાલુકાઓને આપવામાં આવે છે.

(૨) ઉપરોક્ત તાલુકાઓના નર્મદા પિયત વિસ્તારમાંના બાકી રહેતા વિસ્તારોમાં પાણી શક્ય તેટલી ઝડપથી આપવાનું આયોજન છે.

**ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે યોજાયેલ તાલીમ વર્ગ**

૧૬૮૧૦**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા તાલીમ વર્ગો યોજવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલા તાલીમાર્થીઓને ક્યા વિષયની તાલીમ આપવામાં આવી?

**જવાબ**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગુન્હા તપાસની ઉચ્ચ ક્ષાની નિપૂણતા, અદ્યતન ટેક્નોલોજી તથા વિશ્વસનીયતાની દૃષ્ટિએ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ખાતાની આ પ્રકારની કામગીરીને લક્ષમાં લઇ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય તથા તેની વિવિધ એજન્સીઓ દ્વારા ખાતાને ગુન્હા તપાસની તાલીમ માટે માન્ય કરવામાં આવેલ છે. આમ કેન્દ્ર સરકાર દ્વારા આયોજીત કોર્ષો ઉપરાંત અન્ય તાલીમ કાર્યક્રમો પણ આ ખાતા દ્વારા ચલાવવામાં આવે છે. જે મુખ્યત્વે દેશભરના જજો, પોલીસ અધિકારીઓ, ફોરેન્સીક નિષ્ણાંતો, ડોક્ટરો, ફોરેસ્ટ ઓફીસરો, આઇ.એ.એસ. ઓફીસરો સીક્યોરીટી ઓફીસર, બેન્ક ઓફીસરો વિગેરે માટે ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત નેપાલ, માલદીવ જેવા પડોશી દેશોના પોલીસ અધિકારીઓ તથા ફોરેન્સીક અધિકારીઓ માટે પણ ખાસ પ્રકારના તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે.

સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં વિવિધ ક્ષાના અધિકારીઓ માટે કુલ-૧૬ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવેલ.

(૨) સને ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં કુલ-૨૬૫૫ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. આ તાલીમ કાર્યક્રમો મુખ્યત્વે નીચેના વિષયો પર ગોઠવવામાં આવેલ.

(૧) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઇન ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ. (૨) એક્સપ્લોઝીવ એન્ડ પોસ્ટ બ્લાસ્ટ ઇન્વેસ્ટીગેશન. (૩) ફોરેન્સીક ટ્રેનીંગ ઇન આઇડેન્ટીફીકેશન ઓફ ટુલ માર્ક, ટાયર માર્ક. (૪) લીગલ પ્રોસીઝર એન્ડ એનાલીટીકલ એસ્પેક્ટ ઓફ નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબ્ટન્સ. (૫) પ્રીવેન્સન એન્ડ ડીટેકશન ઓફ ક્રાઇમ ઇન્વેસ્ટીગેશન ટ્રેનીંગ. (૬) ઇન્વેસ્ટીગેશન ઓફ ક્રાઇમ અગેન્સ્ટ વુમન. (૭) ફોરેન્સીક ટ્રેનીંગ ઇન નારકોટીક્સ ડ્રગ્સ આઇડેન્ટીફીકેશન. (૮) કોર્ષ ઇન સાયન્ટીફીક ઇન્ટ્રોગેશન. (૯) મેથડ ઓફ ડીઝીટલ ફોરેન્સીક. (૧૦) મોર્ડન ટ્રેન્ડ ઇન ફોરેન્સીક બેલેસ્ટીક. (૧૧) રોલ ઓફ ફોરેન્સીક સાયન્સ ઇન ડીટેક્શન ઓફ ક્રાઇમ. (૧૨) ઇમર્જીંગ ટેક્નીક્સ ઇન ફોરેન્સીક સાયકોલોજી (૧૩) વિઝયુઅલ ક્રાઇમ એનાલીસીસ ટેક્નીક. (૧૪) ફીંગર પ્રિન્ટ આઇડેન્ટીફીકેશન. (૧૫) ફોરેન્સીક સાયન્સ ઇન ડીટેક્શન ઓફ ઇન્સ્યોરન્સ ફ્રોડ કેસીસના જેવા વિષયો ઉપર જજો, પોલીસ અધિકારીઓ, ફોરેન્સીક નિષ્ણાંત વિગેરેને તાલીમ આપવામાં આવેલ છે.

**રાજ્યમાં પવન ઉર્જાનું સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવા બાબત**

૧૬૪૬૩ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન ડિસેમ્બર-૨૦૦૯ સુધીમાં રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન મેળવવા માટે સરકારે શાં પગલાં લીધાં છે?

**જવાબ**

રાજ્યમાં પવન ઉર્જા દ્વારા વીજળી ઉત્પાદન માટેની વિપુલ શક્યતાઓ ધ્યાને રાખી આ ક્ષેત્રનો વધુ વિકાસ થાય તે માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૭માં જાહેર કરેલ પવન ઉર્જાની પ્રોત્સાહન નીતિમાં વર્ષ ૨૦૦૯માં યોગ્ય સુધારા કરી તેનો અમલ કરેલ છે.

**ભૂકંપ સંશોધન કેન્દ્રોમાં ડેટા એકત્રિત કરવાની પધ્ધતિ**

૧૬૪૨૫**શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ભૂકંપ સંશોધનને લગતાં કેટલા કેન્દ્રો છે અને તે ક્યાં ક્યાં આવેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ભૂકંપ સંશોધનને લગતા નીચે મુજબ ૬૪ કેન્દ્રો છે.

| અ.નં. | કેન્દ્રનું નામ | સંખ્યા | જિલ્લો |
|---|---|---|---|
| ૧ | (૧) દેસલપર (૨) વામકા (૩) બાદરગઢ (૪) બેલા (૫) ખાવડા<br>(૬) સુવઇ (૭) ફતેહગઢ (૮) ભચાઉ (૯) ચોબારી (૧૦) બંધડી<br>(૧૧) ભીમાસર (૧૨) વિગુકોટ (૧૩) મુન્દ્રા (૧૪) ગઢડા<br>(૧૫) લકડીયા (૧૬) નલીયા (૧૭) અંજાર (૧૮) નખત્રાણા<br>(૧૯) દયાપર (૨૦) માંડવી (૨૧) કંડલા (૨૨) રાપર (૨૩) લોદરાની | ૨૩ | કચ્છ |
| ૨ | (૧) મછુન્દ્રીડેમ-ઉના (૨) વિસાવદર (દ્વાફળ ડેમ નજીક) (૩) ચિત્રાવલ (૪) હીરણવેલ | ૪ | જુનાગઢ |
| ૩ | (૧) ઝઘડીયા (૨) વડાલડા | ૨ | ભરૂચ |
| ૪ | (૧) ખમીસાણા (૨) સાયલા (૩) ચુડા ચોકડી | ૩ | સુરેન્દ્રનગર |
| ૫ | (૧) અટલ (સિપુ ડેમ) (૨) વાવ | ૨ | બનાસકાંઠા |
| ૬ | (૧) ધોલેરા (૨) નરોડા-અમદાવાદ (૩) નિકોલ-અમદાવાદ<br>(૪) નારોલ-અમદાવાદ (૫) મણીનગર-અમદાવાદ | ૫ | અમદાવાદ |
| ૭ | (૧) રાયસણ (૨) ગીફ્ટ સીટી (૩) ભાટ | ૩ | ગાંધીનગર |
| ૮ | (૧) છત્તરપુર (કડાણાડેમ) (૨)ગોધરા | ૨ | પંચમહાલ |
| ૯ | (૧) ઉકાઇ (૨) સુરત વાલ્મી કેમ્પસ) | ૨ | સુરત |
| ૧૦ | (૧) રાધનપુર (૨) પાટણ | ૨ | પાટણ |
| ૧૧ | (૧) મહેસાણા (૨) ધરોઇ | ૨ | મહેસાણા |
| ૧૨ | (૧) માધાપર (૨) ગુંટુ (તા.મોરબી) | ૨ | રાજકોટ |
| ૧૩ | (૧) દ્વારકા (૨) લાલપુર | ૨ | જામનગર |
| ૧૪ | દ્વપકા | ૧ | ભાવનગર |
| ૧૫ | હાથીસણી | ૧ | અમરેલી |
| ૧૬ | પોરબંદર | ૧ | પોરબંદર |
| ૧૭ | ગોત્રી | ૧ | વડોદરા |
| ૧૮ | આણંદ | ૧ | આણંદ |
| ૧૯ | કપડવંજ | ૧ | ખેડા |
| ૨૦ | દાહોદ | ૧ | દાહોદ |
| ૨૧ | મધુબન ડેમ કોલોની | ૧ | વલસાડ |
| ૨૨ | હિંમતનગર | ૧ | સાંબરકાંઠા |
| ૨૩ | કેવડીયા કોલોની | ૧ | નર્મદા |
| | **કુલ :** | ૬૪ | |

(૨) આ કેન્દ્રોમાં ડેટા એકત્રિત કરવાની પધ્ધતિ કઈ છે, અને

(૨) રાયસણ-ગાંધીનગર ખાતે આવેલ ડેટા સેન્ટરમાં વી-સેટ સાથે જોડાયેલા ૨૦ કેન્દ્રોના ડેટા સેટેલાઇટ દ્વારા જીવંત આવે છે. ૨.૫ થી વધુ મેગીટ્યુડના ડેટા તુરત જ ગુજરાત રાજ્ય ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, રાહત કમિશ્નરશ્રી, સંબંધિત કલેકટરશ્રી અને સંબંધિત મામલતદારશ્રીની કચેરીને મોકલી આપવામાં આવે છે તેમજ સદરહુ કચેરીઓને ૨.૫ થી ઓછા મેગીટ્યુડના ડેટા અને અન્ય ૪૪ કેન્દ્રોના ડેટા દર ૧૫ દિવસે મોકલવામાં આવે છે.

(૩) ભૂંકપને લગતી માહિતી પહોંચાડવા કઈ વ્યવસ્થા છે?

(૩) રાજ્યમાં કોઇપણ સ્થળે ભૂકંપ આવે ત્યારે તે અંગેની માહિતી સંબંધિત કચેરીઓને ફોન, ફેક્સ અને એસ.એમ.એસ. દ્વારા પહોંચાડવામાં આવે છે.

**અમદાવાદ જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન માટે ખેડૂતોએ કરેલ અરજી**

૧૫૮૩૧**શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જી.જી.આર.સી. કંપનીને ડ્રીપ ઈરીગેશન માટે અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોએ અરજી કરી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીજીઆરસી. કંપનીને ડ્રીપ ઇરીગેશન માટે અમદાવાદ જિલ્લામાં ૭૮૦ ખેડૂતોએ અરજી કરી છે. જેની તાલુકાવાર માહિતી નીચે

મુજબ છે.

| તાલુકાનું નામ | કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૨ |
| બરવાળા | ૧૧૪ |
| બાવળા | ૧૧ |
| દસ્ક્રોઇ | ૭૧ |
| ધંધુકા | ૧૦૧ |
| ધોળકા | ૨૯ |
| માંડલ | ૧૭૧ |
| રામપુરા | ૧૦ |
| રાણપુર | ૧૩૫ |
| સાણંદ | ૧૧૫ |
| વિરમગામ | ૨૧ |
| કુલ : | ૭૮૦ |

(૨) તે પેકી કેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ મળ્યો,

(૨) તમામ ૭૮૦ ખેડૂતોને આ યોજનાનો લાભ મળેલ છે.

(૩) કેટલા ખેડૂતોને લાભ આપવાનો બાકી છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) તે કેટલા સમયમાં આપવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ખેડા જિલ્લામાં નોંધાયેલ અકસ્માતના બનાવો

૧૬૫૭૨**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા વાહન અકસ્માતો નોંધાયા છે, અને

(૧) ૩૦૨૪.

(૨) તે પેકી કેટલા મૃત્યુ થયેલ છે?

(૨) ૫૨૦.

**આવા અકસ્માતો નિવારવા માટે નીચે મુજબનાં પગલાં લેવામાં આવે છે.**

- સતત ટ્રાફિકથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ટ્રાફિક નિયમન અંગે ચોક્કસ પોઇન્ટ નક્કી કરી ટ્રાફિક નિયમન કરવામાં આવે છે.
- મોટર વ્હીકલની જોગવાઇઓના ભંગ સબબ કાર્યવાહી કરવામાં આવે છે.
- દર વર્ષે માર્ગ સલામતી સપ્તાહનું આયોજન કરવામાં આવે છે.
- રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર ચોક્કસ સ્થળે ટ્રાફીક એઇડ પોસ્ટ કાર્યરત છે.
- રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર ખાસ મોબાઇલ પેટ્રોલીંગ કરવામાં આવે છે.
- જે જગ્યાએ વધુ અકસ્માતો થતા હોય તેવી જગ્યાઓએ ""અકસ્માત સંભવિત ક્ષેત્ર"" એવા જુદી જુદી ભાષામાં લખાણવાળા ચેતવણી બોર્ડ મૂકવામાં આવેલ છે.
- રાત્રીના સમયે જ્યાં વધુ અકસ્માતો થતા હોય તેવી જગ્યાઓએ રોડ ઉપર માર્ગ અને મકાન વિભાગના સહયોગથી રીફ્લેક્ટર મૂકવામાં આવેલ છે.
- મુખ્ય હાઇવે રોડને જોડતાં અન્ય રોડના નાકાઓ ઉપર બમ્પ બનાવવામાં આવેલ છે.

## અંબાજી ચેક પોસ્ટની આવક

૧૬૪૩૩ **શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વાહનવ્યવહાર ખાતાની અંબાજી ચેક પોસ્ટોની તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૧) અંબાજી ચેક પોસ્ટોની ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષની આવક નીચે મુજબ છે.

| | |
|---|---|
| | (રૂ. લાખમાં) |
| | ૧-૧-૨૦૦૭ થી ૩૧-૧૨-૨૦૦૭ રૂ.૩૫૫.૮૧ |
| | ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ રૂ.૪૩૭.૨૫ |
| | ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ રૂ.૪૪૦.૩૪ |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે? | (૨) આવકમાં ઘટાડો થયેલ નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં ડ્રીપ ઈરીગેશનની અરજીઓ**

૧૬૪૬૧ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૯માં ભાવનગર જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન માટે વિવિધ કંપનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ડ્રીપ ઈરીગેશન માટે જિલ્લાવાર અરજીઓ કંપની માટે મંગાવવામાં આવતી નથી. પરંતુ રાજ્ય કક્ષાએ ડ્રીપ સિંચાઈ માટે કુલ ૩૩ કંપનીઓ રજિસ્ટર થયેલી છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) મળેલ તમામ ૧૧૩૩ અરજીઓ મંજૂર કરેલ છે. |
| (૩) તેનાથી કેટલા હેક્ટર જમીનને લાભ મળશે? | (૩) તેનાથી ૧૪૮૮.૦૧ હેક્ટર જમીનને લાભ મળશે. |

---------

**જામનગર જિલ્લામાં ફિડરોનું વિભાજન**

૧૬૭૯૫**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુદી જુદી ક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જામનગર જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૧) અને (૨) : જુદી જુદી ક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ રૂ.૨૩૬.૧૬ લાખના ખર્ચે ૧૮ ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું. |

**સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતો સ્થાપવા બાબત**

૧૬૭૬૦ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ઉદ્યોગોનો સમતોલ અને ઝડપી વિકાસ માટે સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ ક્યા ક્યા આદિવાસી પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતોની સ્થાપના કરવામાં આવી, | (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં. |
| (૨) એમાંથી ભિલોડા તાલુકાના વાંકાનેર ઓદ્યોગિક વસાહતનું ખાત મુહૂર્ત ક્યારે કરવામાં આવ્યુ અને કોના દ્વારા કરવામાં આવ્યું, | (૨) ભિલોડા તાલુકામાં જી.આઈ.ડી.સી. વસાહતનું ખાત મુર્હુત **તા.૨૬-૪-૨૦૦૨ના** રોજ માન. મુખ્ય મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. |
| (૩) ઉક્ત ઓદ્યોગિક વસાહત કાર્યરત કરવા માટે શાં શાં પગલાં ભરવામાં આવ્યા, અને | (૩) અને (૪) : ઉક્ત ઓદ્યોગિક વસાહત કાર્યરત કરવા માટે નીચે મુજબ પગલાં ભરવામાં આવ્યાં અને જેમાં તા.૩૧-૧-૧૦ સુધીમાં નીચે મુજબ પ્રગતિ થયેલ |

(૪) તા. ૩૧-૧-૨૦૧૦ સુધી એમાં કેટલી પ્રગતિ થઈ?

એમાં તા.૩૧-૧-૧૦ સુધીમાં નીચે મુજબ પ્રગતિ થયેલ છે.

મંજૂર થયેલા વિકાસ નકશા મુજબ ડીમાર્કેશનની કામગીરી હાથ ધરી, પ્લોટવાર ફીલ્ડબુક તૈયાર કરવામાં આવી. વસાહતના રસ્તાનું કામ તા.૨૪-૧૧-૨૦૦૩ ના રોજ પૂર્ણ કરવામાં આવ્યું. વસાહતમાં ઉદ્યોગો માટે આવશ્યક વીજળીની સુવિધા તા.૨૯-૩-૨૦૦૪ થી ઉપલબ્ધ કરવામાં આવી. વિકાસ નકશા અનુસાર **કુલ-૧૦૩** પ્લોટો પેકી **૦૨ પ્લોટ જાહેર હેતુ** માટે ૦૨ પ્લોટ વાણિજ્ય હેતુ માટે નક્કી કરવામાં આવેલ છે. બાકીના ૯૯ ઓદ્યોગિક પ્લોટો પેકી ૮૨ પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ છે. અને ૧૧ પ્લોટો ઓફર હેઠળ છે. જ્યારે ૦૬ પ્લોટો ઉપલબ્ધ છે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્બોસેલની ખાણો મંજૂર કરવાની સત્તા

૧૬૦૩૩**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્ય સરકારે સુરેન્દ્રનગર જિલ્લાના કલેકટરને કાર્બોસેલની ખાણો મંજૂર કરવાની સત્તા આપેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સત્તા રાજ્ય સરકારની છે કે કેન્દ્રની, અને | (૨) ગોણ ખનિજની ક્વોરીલીઝ મંજૂર કરવાની સત્તા કલેકટરશ્રીને આપવાની રાજ્ય સરકારને સત્તા છે. તા.૩-૪-૯૩ થી આ ખનિજને ગોણ ખનિજ ગણીને ક્વોરીલીઝ આપવાની કલેકટરશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવેલ છે. |
| (૩) જો આ સત્તા કેન્દ્ર સરકારની હોય તો કેન્દ્ર સરકારે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યારે મંજૂરી આપી? | (૩) કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકારે કોઈ દરખાસ્ત કરેલ નથી. |

---------

## નર્મદા જિલ્લામાં પેટાપરાંઓનું વીજળીકરણ

૧૬૦૮૯**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૧-૧૦ સુધીમાં નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યુ,<br>(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ થયો, અને<br>(૩) બાકીના પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૧), (૨) અને (૩) : આદિજાતિ કમિશ્નરશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદી મુજબના નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના તમામ ૨૫ પેટાપરાનું આશરે રૂ.૫૦.૫૦ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઈ ગયેલ હોવાથી કોઈ પેટાપરાનું વીજળીકરણ બાકી નથી. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી ખેડૂતોને વીજ ક્નેક્શન માટે સહાય

**૧૫૯૬૮શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિવાસી ખેડૂત માટે ખેતી માટેના વીજ ક્નેક્શન માટે સહાયની કોઇ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા આદિવાસી ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યમાં વસતા આદિજાતિ લોકોની આર્થિક સ્થિતિ સુધરે અને જીવન ધોરણ ઉંચું આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા ""વનબંધુ કલ્યાણ યોજના"" અમલમાં મૂકાયેલ છે. તે અન્વયે આદિજાતિ વિસ્તારના વીજળીકરણના કાર્યક્રમ હેઠળ આદિવાસી ખેડૂતોના કુવાના વીજળીકરણની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત તારીખ ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૨૯૬.૪૨ લાખના ખર્ચે ૨૧૮ ખેડૂતોને કૃષિ વીજ જોડાણ આપવામાં આવેલ છે.

## ક્વીક રીસ્પોન્સ ટીમ રચવા બાબત

**૧૬૮૧૧શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ જાહેર સુરક્ષા અને સલામતી માટે તાકીદે કોઇ પોલીસદળના જવાનોની જરૂર ઊભી થાય તો તેવા પ્રસંગે મદદ માટે ક્વીક રીસ્પોન્સ ટીમ રચવા સરકારે શું પગલાં લીધાં છે, અને

(૨) આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના જમીન અને દરિયાઈ સીમાડાઓ આંતરાષ્ટ્રીય હોઈ તેમજ ૧૬૦૦ કિ.મી. જેટલો વિશાળ દરિયાકાંઠો હોઈ, સલામતી અને સુરક્ષાના કારણોસર તેમજ આતંકવાદને નાથવા અને તેનો સામનો કરવા માટે રાજ્યના મુખ્ય શહેરો અને જિલ્લા મથકોમાં ક્વીક રીસ્પોન્સ ટીમો ઉભી કરવાનો રાજ્ય સરકારનો અભિગમ છે. આ માટે પો.સ.ઈ., હેડ કોન્સ્ટેબલ, પોલીસ કોન્સ્ટેબલ કક્ષાના કુલ મળીને ૪૨૦ જેટલો સ્ટાફ મંજૂર કરવામાં આવનાર છે. આગામી વર્ષ દરમ્યાન ક્વીક રીસ્પોન્સ ટીમથી રાજ્યના પોલીસ કમિશ્નરેટના વિસ્તારો, દરિયાઈ તેમજ સરહદી જિલ્લાઓ આવરી લઈ શકાશે.

## રાજ્ય દ્વારા કેન્દ્ર સરકારની એજન્સી/સંસ્થાઓ પાસેથી સી. એન. જી. ગેસ ખરીદવા બાબત

**૧૫૮૪૭શ્રી ગ્યાસુદીન શેખ(શાહપુર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્ય સરકાર કેન્દ્ર સરકારની કઇ કઇ એજન્સીઓ/સંસ્થાઓ પાસેથી કાચો સી. એન. જી. ગેસ કે સી. એન. જી. ખરીદે છે,

(૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેન્દ્ર સરકારની કઇ કઇ એજન્સીઓ કે સંસ્થાઓ પાસેથી ગુજરાત સરકારે કેટ કેટલો ગેસ શા ભાવે સી. એન. જી. કે કાચો સી. એન. જી. ગેસ ખરીદ્યો, અને

(૩) આ ગેસ રાજ્યમાં વપરાશકર્તાઓને ઉક્ત બે વર્ષમાં ક્યા ક્યા ભાવે વેચવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકની (ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લી.) જી.એસ.પી.સી.એલ. કેન્દ્રની (૧) ગેઈલ ઈન્ડિયા લી., (૨) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈ.ઓ.સી.એલ) અને (૩) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (બી.પી.સી.એલ.) સંસ્થાઓ પાસેથી કાચો નેચરલ ગેસ ખરીદે છે.

(૨) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્રની ઉપર દર્શાવેલ સંસ્થાઓ પાસેથી ગુજરાત સરકારે કાચો સી.એન.જી.ગેસનો જથ્થો નીચે દર્શાવેલ ભાવે ખરીદેલ છે.

| સંસ્થા | નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ | | નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ | |
|---|---|---|---|---|
| | જથ્થો એમ.એમ.એસ. સી.એમ. | ભાવ રૂ./ એસ.સી.એમ. | જથ્થો એમ.એમ.એસ. સી.એમ. | ભાવ રૂ./ એસ.સી.એમ. |
| ગેઈલ ઈન્ડિયા લી. (પી.એમ.ટી.) | ૩૯૩.૭૮ | ૯.૦૪ | ૨૬૩.૬૩ | ૯.૩૫ |
| ગેઈલ ઈન્ડિયા લી. (આર.એલ.એન.જી.) | ૫૪૫.૨૬ | ૧૦.૨૫ | ૪૪૧.૦૯ | ૧૧.૬૨ |
| આઈ.ઓ.સી.એલ. (આર.એલ.એન.જી.) | ૩૩૪.૫૩ | ૧૦.૨૫ | ૨૫૪.૨૮ | ૧૧.૬૨ |
| બી.પી.સી.એલ. (આર.એલ.એન.જી.) | ૧૬૮.૪૯ | ૧૦.૩૧ | ૧૨૩.૬૮ | ૧૧.૬૨ |
| કુલ : | ૧૪૪૨.૦૬ | | ૧૦૮૨.૬૮ | |
| સરેરાશ ભાવ | | ૯.૯૩ | | ૧૧.૦૭ |
| સરેરાશ ભાવ રૂ.કિ.ગ્રા. | | ૧૧.૧૦ | | ૧૪.૬૧ |

(૩) સી.એન.જી. વપરાશકારોને કી.ગ્રા. પ્રમાણે વેચવામાં આવે છે, અને ૧ કી.ગ્રા. સી.એન.જી. માં

૧.૩૨ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર ગેસનું પ્રમાણ હોય છે રાજ્ય સરકાર હસ્તકની જી.એસ.પી.સી. ગેસ કંપની લી. દ્વારા હાલમાં સી.એન.જી.નો ભાવ રૂ. ૨૯.૭૫ કી.ગ્રા. છે જે તા. ૧૭-૦૨-૨૦૧૦ થી અમલમાં આવ્યો તે પહેલાં સી.એન.જી.નો ભાવ રૂ. ૨૮.૦૦ કી.ગ્રા. હતો.
સી.એન.જી.નો ભાવ નીચે દર્શાવ્યા મુજબ નિયત કરાય છે.

| બાબત | | ભાવ (રૂ./કિ.ગ્રા.) |
|---|---|---|
| ગેસ કિંમત ટ્રાન્સમિશન | | ૧૬.૨૧ |
| ખર્ચ સહિત અન્ય ખર્ચ ડીલર માર્જીન | ૧.૩૦૦ | |
| ઓપરેશન અને મેઈન્ટેનન્સ ખર્ચ | ૨.૯૦૦ | |
| ઈન્ટરેસ્ટ તથા કેપીટલ રીકવરી | ૨.૨૦૦ | |
| એક્સાઈસ તથા વેટ | ૭.૧૪૦ | ૧૩.૫૪ |
| કુલ ભાવ (ટેક્સ સાથે) | | ૨૯.૭૫૦ |

જ્યારે ભાવ રૂ. ૨૮.૦૦ હતો ત્યારે ઉપર દર્શાવ્યા પ્રમાણે ટેક્ષ સિવાય બધીજ બાબતો સરખી હતી અને રૂા. ૨૮.૦૦ ઉપર બીજા ખર્ચા ગ્રાહકો પાસેથી વસૂલ ન કરવામાં આવતાં તે પૂરતુ જી.એસ.પી.સી. ગેસ કંપનીને નુક્સાન થયેલ હતું.

---------

## સી.એન.જી. એ.પી.એમ. ગેસ રાહત દરે મળે તે માટે કેન્દ્ર સમક્ષ રજૂઆત

૧૬૪૨૨ **શ્રી ગોવિંદભાઇ પટેલ(** (રાજકોટ-૧) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના વાહનોમાં મળતો સી.એન.જી એ.પી.એમ. ગેસ રાહત દરે મળે તે માટે કેન્દ્ર સરકારને કોઇ દરખાસ્તો કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો, આ દરખાસ્તો ક્યારે ક્યારે કરવામાં આવી, અને

(૩) કેન્દ્ર સરકારે તેનો શો પ્રતિભાવ આપેલ છે ?

**જવાબ**

(૧),(૨) અને (૩) : તા. ૧૨-૦૮-૨૦૦૮ તથા તા. ૧૨-૦૬-૨૦૦૯ ના રોજ લેખિત રજુઆતો ઉપરાંત અવારનવાર સરકાર દ્વારા મોખિક રજૂઆતો પણ કરી છે. ચેમ્બર દ્વારા પણ રજૂઆતો થઈ છે. છતાં હજુ સુધી કોઈ પરિણામ મળેલ નથી.

-----------

## ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કાર્યરત કરવા બાબત

૧૬૪૩૨ **શ્રી બાબુભાઈ પટેલ(દસકોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્ય સરકારે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો રાજ્ય સરકારે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કાર્યરત કરવા શાં શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) હા, જી. ગુજરાત સરકારે દેશમાં જણાઈ રહેલ ગુન્હા ક્ષેત્રના વૈજ્ઞાનીક/ટક્નીક્લ નિષ્ણાંતોની ઉણપ દુર કરવા માટે એક મહત્વનું કદમ ઉઠાવી દેશની પ્રથમ એવી ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો મહત્વનો નિર્ણય કરેલ છે.

(૨) રાજ્ય સરકારે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કાર્યરત કરવા નીચે મુજબના પગલાં લીધલ છે.

૧. યુનિવર્સિટીના રૂલ્સ અને રેગ્યુલેશન્સ બનાવવામાં આવ્યા.
૨. બોર્ડ ઓફ ગવર્નર્સની રચના કરવામાં આવી.
૩. પ્રથમ તબક્કે ત્રણ ઈન્સ્ટીટ્યુટો અનુક્રમે રિસર્ચ એન્ડ ડેવલોપ્મેન્ટ ઈન્સ્ટીટ્યુટ, ફોરેન્સીક સાયન્સ ઈન્સ્ટીટ્યુટ અને બીહેવીયરલ સાયન્સ ઈન્સ્ટીટ્યુટની રચના કરવામાં આવી, ત્રણે ઈન્સ્ટીટ્યુટના ડાયરેકટરોની નિમણુંક કરવામાં આવી.
૪. એકડેમીક કાઉન્સીલની રચના કરવામાં આવી.

૫. ત્રણે ઈન્ટસ્ટીટયુટની એરીયા કમિટીઓની રચના કરવામાં આવી અને કોર્ષને લગતા સીલેબસ તેયાર કરવામાં આવ્યા.
૬. અલગ અલગ કમિટીઓ જેવી કે, ફી કમિટી, ફાયનાન્સ કમિટી, એકઝામિનેશન કમિટીની રચના કરવામાં આવી.
૭. ઈન્સ્ટીટયુટોને લગતા શૈક્ષિણક નિષ્ણાંત મહેકમની નિમણુંકો કરવામાં આવી.
૮. ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના ભવનના બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તા. ૨૯-૧-૨૦૧૦ ના ઠરાવથી ૫૦ હજાર ચોરસ મીટર જમીન હાલની ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગરના બિલ્ડીંગની નજીક ફાળવેલ તેની સંપાદનની કામગીરી કરવામાં આવી.
૯. યુનિર્વસીટી કેમ્પસ માટે આર્કીટેકટ કન્સલટન્ટની પસંદગી કરવામાં આવી.
આ ઉપરાંત નીચે મુજબના કોર્ષો શરૂ કરવામાં આવેલ છે.

(૧) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક સાયન્સ
(૨) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક ફાર્મસી
(૩) એમ.એસ.સી. ઈન ફોરેન્સીક નેનોટેકનોલોજી
(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન ફોરેન્સીક સાયકોલોજી
(૫) ઓનલાઈન સર્ટીફીકેટ કોર્ષ ઈન ઈન્ફરમેશન સીક્યોરીટી
(૬) ઓનલાઈન સર્ટીફીકેટ કોર્ષ ઈન નેટવર્ક સીક્યોરીટી
(૭) ઓનલાઈન ડીપ્લોમા ઈન સાયબર સીક્યોરીટી
(૮) પી.એચ.ડી. કોર્ષ
(૯) પી.જી.ડીપ્લોમા કોર્ષ ઈન ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક મેનેજમેન્ટ (જી.એન.એલ.યુ.ના સહયોગથી)
(૧૦) પી.જી.ડીપ્લોમાં ઈન રીહેબીટેશન સાયકોલોજી (બી.એમ.ઈન્સ્ટીટયુટના સહયોગથી)

**જામનગર જિલ્લામાં ફિડરોનું વિભાજન**

૧૬૭૮૬**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુદી-જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પુરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાંણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જામનગર જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ રૂ.૨૩૬.૧૬ લાખના ખર્ચે ૧૮ ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું. |

**જી.એસ.પી.સી. દ્વારા ઓઇલ અને ગેસનું ઉત્પાદન**

૧૬૭૯૧ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય હસ્તકની પેટ્રોલિયમ કંપની જી.એસ.પી.સી. દ્વારા તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ | જી.એસ.પી.સી. દ્વારા કુલ ૬૦ સ્થળોએ ઓઇલ અને ગેસના ઉત્પાદન માટેનું ઉત્ખનન થઇ રહેલ |

કેટલી જ્ગ્યાએ ઓઇલ અને ગેસના ઉત્પાદન માટેનું ઉત્ખનન થઇ રહેલ છે ?

છે.

## મહુવા તાલુકામાં નશાબંધી હેઠળ થયેલા કેસો

૧૬૬૦૫**શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નશાબંધી કાનુન હેઠળ ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકામાં ડિસેમ્બર, ૨૦૦૮થી ડિસેમ્બર, ૨૦૦૯ દરમિયાન કેટલા કેસો થયેલા છે, | (૧) ૭૭૧ કેસો. |
| (૨) તેમાં કુલ કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી, અને | (૨) ૮૦૧ આરોપીઓની. |
| (૩) તે પૈકી કેટલા કેસોનો નિકાલ થયો છે ? | (૩) નોંધયેલ કેસો પૈકી ૬૯૫ કેસોનો કોર્ટમાં નિકાલ થયેલ છે. |

## સોર ઉર્જાથી વીજ ઉત્પાદન કરતાં પ્રોજેકટોની મંજૂરી

૧૬૮૨૦**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં સોર ઉર્જાથી વીજ ઉત્પાદન કરવા માટે કેટલી ક્ષમતાના પ્રોજેકટોને મંજૂરી આપવામાં આવી, | (૧) ૭૧૬ મેગાવોટ ક્ષમતાનાં પ્રોજેકટોને મંજૂરી આપવામાં આવી છે. |
| (૨) કોઇ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા રાજ્યમાં સોર ઉર્જા વીજ ઉત્પાદન મથકની સ્થાપના કરવા માટે રસ દાખવવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) આ સાથે સામેલ રાખેલ પત્રક* મુજબ કુલ ૮ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને ૧૩૦ મે.વો. ક્ષમતાના સોર ઉર્જા પ્રોજેકટ સ્થાપવા મંજૂરી આપવામાં આવેલ છે. |

**પત્રક**

| અ.નં. | આંતરરાષ્ટ્રીય વિકાસકારનું નામ | મેગાવોટ |
|---|---|---|
| ૧ | એ.ઇ.એસ.એનર્જિ પ્રાઇવેલ લી., યુ.એસ.એ. | ૧૫ |
| ૨ | એસ્ટોન ફીલ્ડ સોલાર, (ગુજરાત) યુ.એસ.એ. | ૨૫ |
| ૩ | અઝુર પાવર લિ. યુ.એસ.એ. | ૧૫ |
| ૪ | કોમનવેલ્થ બીઝનેશ ટેક્નોલોજી યુ. કે. | ૧૦ |
| ૫ | ટ્રીસ્ટ્રઝ, જર્મની | ૨૫ |
| ૬ | એમ.આઇ., જર્મની | ૨૫ |
| ૭ | તથીત એનર્જિ, યુ.એસ.એ. | ૫ |
| ૮ | ઝેબા સોલર, પોર્ટુગલ | ૧૦ |
| | કુલ : | ૧૩૦ |

---------

## આણંદ અને ખેડા જિલ્લામાં ૧ થી ૫ હોર્સ પાવરના કનેક્શનની અરજીઓ

૧૬૬૮૧ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષથી આણંદ અને ખેડા જિલ્લામાં ખેડૂતો દ્વારા ૧ થી ૫ હો.પા.ની મોટર માટે કનેક્શન મેળવવા અરજીઓ જી.ઇ.બી.માં કરવામાં આવે છે એ વાત સાચી છે, (૨) જી.ઇ.બી.ના અધિકારીઓ દ્વારા આ ખેડૂતોની અરજી સ્વીકારવામાં આવતી નથી એ હકીક્ત સાચી છે, અને | (૧) અને (૨) : નામ.ગુજરાત વીજ નિયમન આયોગના તારીખ ૩૧-૦૩-૦૫ના જાહેરનામા ક્રમાંકઃ૧૧ મુજબ ખેતી વિષયક વીજ જોડાણ થ્રી ફેઇઝ સપ્લાયથી આપી શકાય છે. જે માટે બે હોર્સ પાવર કરતાં વધુ હોર્સ પાવરની માંગણી હોવી જરૂરી છે. આથી આયોગના આદેશ અનુસર ૩ હોર્સ પાવરથી ૫ હોર્સ પાવરની મોટર માટેની માંગણી વાળી અરજીઓ સ્વીકારવામાં આવે છે. તદ્અનુસાર તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૩ થી ૫ હોર્સ પાવરની મોટર માટેના કનેક્શન મેળવવા ખેડૂતો દ્વારા કરવામાં આવેલ કુલ ૧૫૩ અરજીઓ સ્વીકારવામાં આવી છે. |
| (૩) સરકાર ખેડૂતોનો આ પ્રશ્ન હલ કરવા માંગે છે કે કેમ ? | (૩) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને ગુણવત્તા સભર |

વીજ પુરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઇ ખેતી વિષયક વીજ જોડાણ ઉપલબ્ધ વીજ પૂરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઇ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને ઉક્ત સ્વીકારાયેલ અરજીઓને ક્રમાનુસાર વીજ જોડાણ આપવાનું આયોજન છે.

## ભૂકંપ સંશોધન કેન્દ્રોમાં ડેટા એકત્રિત કરવાની પધ્ધતિ

૧૬૫૨૮ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ રાજ્યમાં ભૂકંપ સંશોધનને લગતા કેટલા કેન્દ્રો છે અને ક્યાં ક્યાં આવેલા છે,

(૨) આ કેન્દ્રોમાં ડેટા એકત્રિત કરવાની પધ્ધતિ કઇ છે, અને,

(૩) ભૂકંપને લગતી માહિતી પહોંચાડવા કઇ વ્યવસ્થા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ભૂકંપ સંશોધનને લગતા નીચે મુજબ ૬૪ કેન્દ્રો છે.

| ક્ર. | કેન્દ્રનું નામ | સંખ્યા | જિલ્લો |
|---|---|---|---|
| ૧ | (૧) દેસલપર (૨) વામકા<br>(૩) બાદરગઢ (૪) બેલા<br>(૫) ખાવડા (૬) સુવઈ<br>(૭) ફતેહગઢ (૮) ભચાઉ<br>(૯) ચોબારી (૧૦) બંધડી<br>(૧૧) ભીમાસર (૧૨) વિગુક્રોટ (૧૩) મુન્દ્રા (૧૪) ગઢડા<br>(૧૫) લકડીયા (૧૬) નલીયા (૧૭) અંજાર (૧૮) નખત્રાણા (૧૯) દયાપર (૨૦) માંડવી (૨૧) કંડલા (૨૨) રાપર<br>(૨૩) લોદરાની | ૨૩ | કચ્છ |
| ૨ | (૧) મછુન્દ્રીડેમ-ઉના<br>(૨) વિસાવદર (હ્રાફળડેમ નજીક) (૩) ચિત્રાવલ<br>(૪) હીરણવેલ | ૪ | જૂનાગઢ |
| ૩ | (૧) ઝઘડીયા (૨) વડાલડા | ૨ | ભરૂચ |
| ૪ | (૧) ખમીસાણા (૨) સાયલા (૩) ચુડા ચોકડી | ૩ | સુરેન્દ્રનગર |
| ૫ | (૧) અટલ (સિપુ ડેમ) (૨) વાવ | ૨ | બનાસકાંઠા |
| ૬ | (૧) ધોલેરા<br>(૨) નરોડા-અમદાવાદ<br>(૩) નિકોલ-અમદાવાદ<br>(૪) નારોલ-અમદાવાદ<br>(૫) મણીનગર-અમદાવાદ | ૫ | અમદાવાદ |
| ૭ | (૧) રાયસણ (૨) ગીફ્ટ સીટી (૩) ભાટ | ૩ | ગાંધીનગર |
| ૮ | (૧) છત્તરપુર (કડાણાડેમ)<br>(૨) ગોધરા | ૨ | પંચમહાલ |
| ૯ | (૧) ઉકાઈ<br>(૨) સુરત (વાલ્મી કેમ્પસ) | ૨ | સુરત |
| ૧૦ | (૧) રાધનપુર (૨) પાટણ | ૨ | પાટણ |
| ૧૧ | (૧) મહેસાણા (૨) ધરોઈ | ૨ | મહેસાણા |
| ૧૨ | (૧) માધાપર (૨) ગુંટુ (તા.મોરબી) | ૨ | રાજકોટ |
| ૧૩ | (૧) દ્વારકા (૨) લાલપુર | ૨ | જામનગર |
| ૧૪ | દ્રુપકા | ૧ | ભાવનગર |
| ૧૫ | હાથીસણી | ૧ | અમરેલી |
| ૧૬ | પોરબંદર | ૧ | પોરબંદર |
| ૧૭ | ગોત્રી | ૧ | વડોદરા |
| ૧૮ | આણંદ | ૧ | આણંદ |
| ૧૯ | કપડવંજ | ૧ | ખેડા |
| ૨૦ | દાહોદ | ૧ | દાહોદ |
| ૨૧ | મધુબન ડેમ કોલોની | ૧ | વલસાડ |
| ૨૨ | હિંમતનગર | ૧ | સાબરકાંઠા |
| ૨૩ | કેવડીયા કોલોની | ૧ | નર્મદા |
| | કુલ.. | ૬૪ | |

(૨) રાયસણ-ગાંધીનગર ખાતે આવેલ ડેટા સેન્ટરમાં વી-સેટ સાથે જોડાયેલા ૨૦ કેન્દ્રોના ડેટા સેટેલાઈટ દ્વારા જીવંત આવે છે. ૨.૫ થી વધુ મેગીટયુડના ડેટા તુરત જ ગુજરાત રાજ્ય ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, રાહત કમિશ્નરશ્રી, સંબંધિત કલેકટરશ્રી અને સંબંધિત મામલતદારશ્રીની કચેરીને મોકલી આપવામાં આવે છે. તેમજ સદરહુ કચેરીઓને ૨.૫ થી ઓછા મેગીટયુડના ડેટા અને અન્ય ૪૪ કેન્દ્રોના ડેટા દર ૧૫ દિવસે મોકલવામાં આવે છે.

(૩) રાજ્યમાં કોઈપણ સ્થળે ભૂકંપ આવે ત્યારે તે અંગેની માહિતી સંબંધિત કચેરીઓને ફોન, ફેક્સ અને એસ.એમ.એસ. દ્વારા પહોંચાડવામાં આવે છે.

## એ.આર.ટી.ઓ કચેરી પોરબંદરની આવક

૧૬૪૩૮**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ(ઉના)માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની પોરબંદર એ.આર.ટી.ઓ કચેરીની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી આવક થઇ, અને

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની પોરબંદર એ.આર.ટી.ઓ. કચેરીની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં થયેલી આવક નીચે પ્રમાણે છે.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૭ (તા.૧-૧-૦૭ થી ૩૧-૧૨- | ૧૨૬૮.૪૦ |

| | |
|---|---|
| | ૦૭ |
| | ૨૦૦૮ (તા.૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮) ૧૩૫૩.૦૦ |
| | ૨૦૦૯ (તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯) ૧૩૮૪.૩૪ |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે ? | (૨) આવકમાં ઘટાડો થયેલ નથી. |

**એ.આર.ટી.ઓ. કચેરી, ગાંધીધામની આવક**

૧૬૪૩૬ડૉ. **નીમાબેન આચાર્ય(અંજાર) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાહન વ્યવહાર ખાતાની ગાંધીધામ-ભૂજ એ.આર.ટી.ઓ. કચેરીની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી આવક થયેલ છે, અને | (૧) ગાંધીધામ-ભૂજ એ.આર.ટી.ઓ. કચેરીની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષની આવક નીચે મુજબ છે.<br>(રૂ.લાખમાં)<br>૧-૧-૨૦૦૭ થી ૩૧-૧૨-૨૦૦૭ રૂ.૭૬૩૩.૮૨<br>૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ રૂ.૯૦૧૨.૩૩<br>૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ રૂ.૯૧૮૩.૯૬ |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે ? | (૨) આવકમાં ઘટાડો થયેલ નથી. |

**સરદાર સરોવર યોજનાના જળ વિદ્યુત મથકો દ્વારા ઉત્પન્ન થયેલ વીજળી**

૧૬૫૩૭ : **શ્રી રમણલાલ ના.પાટકર(ઉમરગામ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સરદાર સરોવર યોજનાના જળવિદ્યુત મથકો દ્વારા કુલ કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી છે, અને | (૧) ૪૬૬.૪૮ કરોડ યુનીટ. |
| (૨) તેની બજારભાવે હાલમાં કેટલી કિંમત થાય છે ? | (૨) રૂ.૧૮૬૫.૯૧ કરોડ. |

**ભાવનગર જિલ્લામાં નવીન જી.આઇ.ડી.સી.**

૧૬૭૮૧ **શ્રી અત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૯-૧૦ના વર્ષમાં ભાવનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં નવીન જી.આઇ.ડી.સી. શરૂ કરવાનું આયોજન છે, અને | (૧) ભાવનગર જિલ્લાના ભાવનગર અને વલ્લભીપુર તાલુકામાં ઓદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન વિચારણામાં છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) ઓદ્યોગિક વસાહત સ્થાપવાના કામે અનુકુળ જમીનની ચકાસણી કરવામાં આવી રહી છે. |

**ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિન અધિકૃત ખાણ કામ કરતાં તેમજ વહન કરતાં કિસ્સાઓ પકડવા બાબત**

૧૬૮૨૬ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિનઅધિકૃત ખાણ કામ કરતા તેમજ વહન કરતા કેટલા કિસ્સા પકડવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિનઅધિકૃત ખાણ કામ કરતા ૯૫ અને વહન કરતા ૭૦૩ એમ કુલ ૭૯૮ કિસ્સાઓ પકડવામાં આવેલ છે. |
| (૨) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા છે, | (૨) ૪૦૪ વાહનો પકડી રોકવામાં આવેલ છે. |
| (૩) કેટલાં વાહનો પેનલ્ટી લઇ છોડી મુકવામાં આવ્યા અને તા.૨૬-૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસથી કેટલાં વાહનો જપ્ત કરેલાં પડયા છે, અને | (૩) પેનલ્ટી તેમજ બેંક ગેરંટી લઇને ૬૬૦ વાહનો છોડી મુકવામાં આવ્યા છે. જ્યારે તા.૨૬-૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસથી રોકેલ વાહનોની સંખ્યા |

૨૨ છે.

(૪) જપ્ત કરેલ વાહનો પૈકી કેટલાં પેનલ્ટી ભરવા તૈયાર હતા છતાં છોડવામાં આવ્યા નથી અને તેનાં શાં કારણો છે ?

(૪) ૨ કેસોમાં પેનલ્ટી ભરવા તૈયાર હોવા છતાં વિશેષ તપાસ માટે વાહનો રોકવામાં આવ્યા છે.

-----------

**રાજકોટ જિલ્લામાં મહિલાઓ ઉપર અત્યાચારના બનાવ**

૧૬૬૦૦**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧-૧૦ સુધીમાં ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં મહિલાઓ ઉપર અત્યાચારના કેટલા બનાવ નોંધાયેલ છે અને

(૨) આ પૈકી કેટલા ગુનાઓમાં આરોપીઓની ધરપકડ થયેલ છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં મહિલાઓ ઉપર ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષમાં ૫૫૮ અને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં ૪૪૬ અત્યાચારના બનાવ નોંધાયેલ છે.

(૨) ૯૬૬ ગુનાઓમાં આરોપીઓની ધરપકડ થયેલ છે.

-----------

**જી.એ.એસ. કેડરના વર્ગ-૧ના અધિકારીઓને બે તબકકામાં પગાર ધોરણ**

૧૬૭૭૫**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ ગુજરાત વહીવટી સેવા (જીએએસ) ના અધિકારીઓને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧-૨-૦૯નાં ઠરાવથી જીએએસ કેડરના વર્ગ-૧ના અધિકારીઓને બે તબકકાના પગાર ધોરણ આપવાની તથા અધિક કલેકટર કક્ષામાં વધુ જગ્યાઓ આપવાની જોગવાઇ આપવા નિર્ણય/ઠરાવનો અમલ કરાયો નથી તે હકીકત સાચી છે,

(૨) ગુજરાત વહીવટી સેવા (જીએએસ) કેડરના અધિકારીઓને તા.૨૧-૨-૦૯ના ઠરાવથી વધારાના પે સ્કેલ અને અધિક કલેકટરશ્રી, કક્ષામાં વધુ જોગવાઇનો અમલ કરવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે, અને જો ના, તો તેના કારણો શાં ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) તા.૨૧-૨-૨૦૦૯ ના ઠરાવના અમલની કાર્યવાહી ચાલુ જ છે.

(૩) શક્ય તેટલું જલદી.

**ઓદ્યોગિક વિકાસ માટે "" મૂડી રોકાણ રીજીયન "" ની પધ્ધતિ.**

૧૬૫૩૬ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઓદ્યોગિક વિકાસ માટે ""મૂડીરોકાણ રીજીયન"" ની પધ્ધતિ નકકી કરવામાં આવી છે તેના શાં કારણો છે, અને

(૨) રાજ્યમાં ઓદ્યોગિક વિકાસ માટે મૂડીરોકાણ રીજીયન બાબતે સરકારે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ શાં પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યના ઓદ્યોગિક વિકાસની વ્યાપક બનતી જતી ક્ષિતિજો અને વૈશ્વિક માપદંડોની દ્રષ્ટિએ રાજ્યમાં સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનનો ગ્લોબલ ઇકોનોમીક હબ તરીકે વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે વિકાસ થાય તે માટે ગુજરાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન વિકસાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(૨) રાજ્ય સરકારે ગુજરાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ, ૨૦૦૯ પસાર કરી તેના હેઠળ તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ

૧. ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન.

૨. ગુજરાત પેટ્રોલીયમ, કેમીકલ્સ અને પેટ્રોકેમીકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન અને

૩. અલીયાબેટ એન્ટરટેઇનમેન્ટ એન્ડ ઇકો ડેવલપમેન્ટ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન જાહેર કરેલ છે.

## બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો

૧૬૪૨૮ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્નાં કેટલા મકાનો છે, | (૧) કુલ-૧૪૦૩ મકાનો. |
| (૨) કેટલા આવાસોની ઘટ છે, અને | (૨) ૪૬ આવાસો. |
| (૩) આ ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધા છે ? | (૩) આવાસોના બાંધકામ માટેની અગ્રતાયાદી, નાણાંકીય જોગવાઇ અને જે તે સ્થળે જમીનની ઉપલબ્ધતા ધ્યાને લઇને આવાસોની ઘટ પૂરી કરવાનું આયોજન કરવામાં આવે છે. |

## કચ્છ જિલ્લામાં ખનીજ સંશોધન માટેના શારકામ

૧૬૮૩૯**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં ખનીજ સંશોધન માટે વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ ક્યા ક્યા સ્થળે અને કેટલાં શારકામ કરવામાં આવેલ છે, | (૧) અબડાસા અને લખપત તાલુકામાં જુમારા, પાનાન્ધ્રો, કોરિયાની, મુન્ધ્વાય, ક્યારી, મણિયારા, રતીપુર, જડવા, ખરોડા, હાસ્ઠી, ખારાઇ, સારંગવાડા, ભાડરા, જુણંગીયા, બુટ્ટા, સધિઆરી વાંઢ, જંગાડીયા, રામણીયા, કોટડા, કંડોરા, સાંભડા ગામોએ ૧૮૬ શાર છીદ્રો કરી ૨૧૮૩૨.૯૦ મીટર શારકામ કરેલ છે. |
| (૨) જે સ્થળે શારકામ કરવામાં આવેલ છે, તે પૈકી કેટલા સ્થળેથી ઉદ્યોગ સ્થપાય તેવી ખનીજ મળેલ છે અને કેટલાં સ્થળેથી ખનીજ મળેલ નથી, | (૨) આ સ્થળો પૈકી પાનાન્ધ્રો, મુન્ધ્વાય, ખરોડા, ખારાઇ, સારંગવાડા, વાઘાપદર, ફુલાય, ભોયલા, રામણિયા, જુણંગીયા ગામોએ સિમેન્ટ ઉદ્યોગ સ્થપાય તેવા લાઇમસ્ટોન ખનીજ મળેલ છે. બાકીના વિસ્તારમાં કાર્યવાહી ચાલુમાં છે. |
| (૩) આ શારકામ કરવા માટે અગાઉ સર્વે રિપોર્ટ પોઝીટીવ હતો કે નેગેટીવ, અને | (૩) હકારાત્મક. |
| (૪) સર્વે જો તદ્દન ખોટો નિકળ્યો હોય તો સર્વે કરનાર જવાબદાર અધિકારીઓ સામે કોઇ શિક્ષાત્મક પગલાં લેવા ધારે છે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ક્વીક રીસ્પોન્સ ટીમ રચવા બાબત

૧૬૭૬૯ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૦૯ ની સ્થિતિએ જાહેર સુરક્ષા અને સલામતી માટે તાકીદે કોઇ પોલીસ દળના જવાનોની જરૂર ઊભી થાયતો તે માટે ક્વીક રીસ્પોન્સ ટીમ રચવા સરકારે શું પગલાં લીધાં છે, અને<br>(૨) આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૧) અને (૨) : રાજ્યના જમીન અને દરિયાઇ સીમાડાઓ આંતરરાષ્ટ્રીય હોઇ તેમજ રાજ્યને ૧૬૦૦ કી.મી. જેટલો વિશાળ દરિયાકાંઠો હોઇ, સલામતી અને સુરક્ષાના કારણોસર તેમજ આતંકવાદને નાથવા અને તેનો સામનો કરવા માટે રાજ્યના મુખ્ય શહેરો અને જિલ્લા મથકોમાં ક્વીક રીસ્પોન્સ ટીમો ઉભી કરવાનો રાજ્ય સરકારનો અભિગમ છે. આ માટે પો.સ.ઇ., હેડ કોન્સ્ટેબલ, પોલીસ કોન્સ્ટેબલ કક્ષાના કુલ મળીને ૪૨૦ જેટલો સ્ટાફ મંજૂર કરવામાં આવનાર છે. આગામી વર્ષ દરમ્યાન ક્વીક રીસ્પોન્સ ટીમથી રાજ્યના પોલીસ કમિશ્નરેટના વિસ્તારો, દરિયાઇ તેમજ સરહદી જિલ્લાઓ આવરી લઇ શકાશે. |

---------

## રાજકોટ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ અરજીઓ

૧૬૭૮૮ **ડો. ભરતભાઈ બોઘરા(જસદણ ) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ કલ્યાણ યોજના હેઠળ કુલ-૪૧૩૧ અરજીઓ આવી જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

(૨) અને (૩) :

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | મંજૂર અરજીઓની સંખ્યા | નામંજૂર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૩૧૫ | ૧૧૨ | ૭૯ |
| ૨ | ગોંડલ | ૩૦૯ | ૧૦૬ | ૪૮ |
| ૩ | જામકંડોરણા | ૧૬૮ | ૮૫ | ૩૧ |
| ૪ | જસદણ | ૨૫૯ | ૧૦૭ | ૧૫ |
| ૫ | જેતપુર | ૨૯૬ | ૧૯૨ | ૧૭ |
| ૬ | કોટડાસાંગાણી | ૧૩૨ | ૨૫ | ૦૦ |
| ૭ | લોધીકા | ૮૨ | ૩૬ | ૧૪ |
| ૮ | માળીયામીયાંણા | ૧૧૮ | ૯૦ | ૮ |
| ૯ | મોરબી | ૨૯૦ | ૨૨૧ | ૭ |
| ૧૦ | પડધરી | ૧૩૧ | ૮૩ | ૧૬ |
| ૧૧ | રાજકોટ(ગ્રામ્ય) | ૨૮૧ | ૧૮૫ | ૮૩ |
| ૧૨ | ટંકારા | ૨૩૧ | ૧૦૩ | ૪૮ |
| ૧૩ | ઉપલેટા | ૪૩૯ | ૨૯૪ | ૯૬ |
| ૧૪ | વાંકાનેર | ૨૫૪ | ૧૨૪ | ૧૧ |
| ૧૫ | રાજકોટ સીટી | ૮૨૬ | ૨૩૪ | ૫૮ |
| | **કુલ :** | **૪૧૩૧** | **૧૯૯૭** | **૫૩૧** |

## વઘઇ ચેક પોસ્ટની આવક

૧૬૪૪૦**શ્રી વિજયભાઈ ર.પટેલ(ડાંગ-વાંસદા) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લાની વઘઇ ચેક પોસ્ટોની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી આવક થઇ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લાની વઘઇ ચોકપોસ્ટની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં થયેલી આવક નીચે પ્રમાણે છે.

| **વર્ષ** | **આવક (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૦૭ (તા.૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ | ૩૨૩.૯૮ |
| ૨૦૦૮ (તા.૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | ૩૯૨.૦૨ |
| ૨૦૦૯ (તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | ૪૧૬.૬૯ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

## આર. ટી. ઓ. કચેરી જામનગરની આવક

૧૬૮૦૪ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા(ખંભાળીયા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લાની આર. ટી. ઓ. કચેરીની આવક કેટલી છે, અને

(૨) જો તેમાં ઘટાડો થયો હોય તો તેનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લાની આર.ટી.ઓ. કચેરીની આવક રૂ.૫૭૪૯.૬૬ લાખ છે.

(૨) વાહનોના રીકરીંગ બીએમવી કરની આવકમાં ગયા વર્ષની સરખામણીએ ઘટાડો થતા આવકમાં ઘટાડો થયેલ છે.

## રાજ્ય સરકાર દ્વારા વીજળી બહાર વેચવા બાબત

૧૫૯૮૩ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના વર્ષમાં ડીસેમ્બર, ૦૯ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર કેટલી

**જવાબ**

(૧) વીજ માંગ ઓછી હોય તેવા સમયે રાજ્ય બહાર વીજળી આપવામાં આવેલ છે. જેમ કે રાત્રી સમય

વીજળી રાજ્ય બહાર શાં યુનિટ ભાવે વેચી, અને

જે દરમ્યાન વીજ ઉત્પાદન કરતાં વીજ માંગ ઓછી હોય છે, રજાના દિવસોએ ખેતીવાડીની વીજ માંગ ઓછી હોય તેવો સમય, વરસાદની ઋતુ વગેરે સમયે વધારાની વીજળી રાજ્ય બહાર આપવામાં આવેલી છે. જ્યારે - જ્યારે રાજ્યની વીજ માંગ ઓછી હોય તેવા સમયે રાષ્ટ્રીય સંપતિ એવા વીજ પ્લાન્ટ બિનઉપયોગી ન રહે અને મહત્તમ વીજ ઉત્પાદન મળતું રહે તે માટે અને અન્ય રાજ્યની વીજ તંગીમાં તેમને રાહત રહે તે હેતુસર, તેમજ કુલ વીજ ખરીદીની પડતર કિંમત ઘટે તે હેતુસર વધારાની વીજળી રાજ્ય બહાર આપવામાં આવેલ છે.

| વર્ષ | મીલીયન યુનિટ | રૂ. પ્રતિ યુનિટ |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૭૭૫.૫૯ | ૭.૮૧ |
| ૨૦૦૯-૧૦ | ૯૩૨.૨૮ | ૬.૪૧ |

(ડિસેમ્બર-૨૦૦૯ સુધી.)

(૨) તે અન્વયે કેટલી આવક થઈ, અને

(૨) તે અન્વયે વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ.૬૦૫.૬૪ ક્રોડ તથા વર્ષ ૨૦૦૯-૧૦ (ડિસે-૦૯ સુધી) રૂ.૫૯૭.૮૨ ક્રોડની આવક થઈ.

(૩) આ વીજળી કોને કોને વેચવામાં આવી ?

(૩) ખંડ-૧ ના જવાબમાં દર્શાવેલ સંજોગોમાં સ્પર્ધાત્મક પ્રક્રિયા મારફત ટૂંકાગાળા માટેનું વીજ વેચાણ જેટકો પેરિફરી પર કરવામાં આવે છે. આ ઉપરાંત પાવર એક્ષચેન્જ મારફત વેસ્ટર્ન રીજીયન પેરીફરી પર વેચાણ કરવામાં આવે છે. આ પ્રકારની સ્પર્ધાત્મક પ્રક્રિયામાં કેન્દ્રીય વીજ નિયમન આયોગે માન્ય કરેલ ૪૪ જેટલા ટ્રેડીંગ પરવાનેદારો તેમજ વિવિધ રાજ્યોની વીજ કંપનીઓ ભાગ લઈ શકે છે. તદનુસાર આ પ્રક્રિયામાં સૌથી વધુ ભાવ ઓફર કરતાં પરવાનેદાર/વીજકંપનીને તેમજ પાવર એક્ષચેન્જ મારફત **સામેલ પત્રક મુજબની** કંપનીઓને વીજળી વેચવામાં આવી છે.

**પ ત્ર ક**

| વીજ વેચાણકારોના નામ | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ (ડિસેમ્બર-૦ સુધી) | | |
|---|---|---|---|---|---|---|
| | મીલીયન યુનિટ | રૂ.પ્રતિ યુનિટ | રૂ.ક્રોડમાં | મીલીયન યુનિટ | રૂ.પ્રતિ યુનિટ | રૂ.ક્રોડમાં |
| અદાણી એંટરપ્રાઈઝ લી. | ૩૪૪.૫૦ | ૭.૫૨ | ૨૫૮.૯૦ | ૧૧.૬૨ | ૫.૨૧ | ૬.૦૬ |
| ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ | ૧૮૩.૭૪ | ૮.૨૧ | ૧૫૦.૯૩ | ૨૭૮.૮૩ | ૬.૫૦ | ૧૮૧.૧૦ |
| પાવર એક્સચેન્જ ઈન્ડિયા લી. | ૧૨૯.૬૦ | ૭.૫૮ | ૯૮.૧૮ | ૧૭૬.૮૪ | ૫.૬૦ | ૯૯.૦૩ |
| ટાટા પાવર ટ્રેડિંગ કંપની લી. | ૮૯.૩૧ | ૮.૪૪ | ૭૫.૩૮ | ૪.૪૪ | ૬.૭૭ | ૩.૦૦ |
| કલ્યાણી પાવર ડેવલપમેન્ટ લી. | ૧૨.૦૩ | ૮.૭૨ | ૧૦.૪૯ | - | - | - |
| બેંગ્લોર ઈલેક્ટ્રીસીટી સપ્લાય કંપની લી. | ૭.૬૧ | ૬.૪૯ | ૪.૯૪ | - | - | - |
| પાવર ટ્રેડીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લી. | ૪.૩૦ | ૭.૨૧ | ૩.૧૦ | ૨૫.૬૭ | ૫.૯૯ | ૧૫.૩૬ |
| એનટીપીસી વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૨.૬૦ | ૮.૮૨ | ૨.૨૯ | ૪૨૭.૦૩ | ૬.૬૬ | ૨૮૪.૪૯ |
| કરમચન્દ થાપર | ૧.૯૦ | ૭.૫૧ | ૧.૪૩ | - | - | - |
| ઉતરાખંડ પાવર કોર્પોરેશન લી. | - | - | - | ૭.૮૬ | ૧૧.૧૮ | ૮.૭૮ |
| **કુલ..** | **૭૭૫.૫૯** | **૭.૮૧** | **૬૦૫.૬૪** | **૯૩૨.૨૮** | **૬.૪૧** | **૫૯૭.૮૨** |

---------

## જી.આઈ.ડી.સી. માટે પ્લોટ ફાળવવાની નીતિ

૧૬૮૧૨ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જી.આઈ.ડી.સી.માં વિવિધ હેતુઓ માટે પ્લોટ ફાળવવા માટેની નીતિ પારદર્શક બને તે માટે સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

જી.આઈ.ડી.સી.ની પ્લોટ ફાળવવાની નીતિ પારદર્શક બને તે માટે સરકારે નીચે મુજબના પગલાં લીધા છે :-

(અ) જી.આઈ.ડી.સી. ની ""પૂર્ણ વિક્સીત"" વસાહતોમાં લગત પ્લોટ/શેડ સિવાયના તમામ પ્લોટ/શેડ

હરાજીથી ફાળવવાની નીતિ છે.

(બ) જી.આઈ.ડી.સી. ની બધીજ વસાહતોમાં વાણિજ્ય પ્લોટો જાહેર હરાજીથી ફાળવવાની નીતિ છે.

(ક) ૧૦૦ હેકટરથી મોટી વસાહતોમાં જ્યારે કોઈ વિશિષ્ટ પ્રકારના પ્રોજેકટ માટે ૨ (બે) લાખ ચો.મી. (૨૦ હેકટર) કે તેથી વધારે જમીન ફાળવવાની થાય ત્યારે આવા કિસ્સામાં નિર્ણય લેવાની સત્તા જી. આઈ. ડી.સી.ના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી તથા ઉદ્યોગ કમિશ્નરશ્રીની સમિતિ દ્વારા લેવામાં આવે છે.

ઉપરાંત, જી.આઈ.ડી.સી.ની ૧૯ ઓદ્યોગિક વસાહતોમાં ઓનલાઈન અરજી સ્વીકારવાનું અને ઓનલાઈન ફાળવણી કરવાનો નિર્ણય કરેલ છે. ઓનલાઈન વિતરણ પદ્ધતિ જી.આઈ.ડી.સી.માં તા.૧-૨-૨૦૧૦ થી દાખલ કરેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં ફિડરોનું વિભાજન

૧૬૮૦૩**શ્રી બાબુભાઈ દેસાઈ(કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુદી-જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પુરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ રૂ.૧૫૪૩.૧૮ લાખના ખર્ચે ૧૧૨ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

## એ.આર.ટી.ઓ. કચેરી ભરૂચની આવક

૧૬૪૪૧**શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ(ભરૂચ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની ભરૂચ એ.આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની ભરૂચ એ. આર. ટી. ઓ. કચેરીની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં થયેલી આવક નીચે પ્રમાણે છે.

| વર્ષ | આવક (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ (તા.૧-૧-૦૭ થી ૩૧-૧૨-૦૭ | ૩૧૭૬.૨૩ |
| ૨૦૦૮ (તા.૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮) | ૩૨૩૧.૪૩ |
| ૨૦૦૯ (તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯) | ૩૪૦૫.૬૬ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

## પંડિત દીનદયાળ યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી બનાવવા બાબત

૧૬૪૬૬ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંડિત દીનદયાળ યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રીય કક્ષાની વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી બનાવવા આંતરરાષ્ટ્રિય કક્ષાએ કોઈ કરારો કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો કઈ સંસ્થાઓ સાથે ક્યારે કરારો કરવામાં આવ્યા, અને

(૩) તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમ | સંસ્થાનું નામ | કરારની તારીખ |
|---|---|---|
| ૧ | યુનિવર્સિટી ઓફ હ્યુસ્ટન, ટેક્સાસ | તા.૨૫-૧૦-૨૦૦૯ |
| ૨ | યુનિવર્સિટી ઓફ તુલ્સા | તા.૫-૧૧-૨૦૦૯ |
| ૩ | જોર્જીયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, એટલાન્ટા | તા.૨૧-૧૧-૨૦૦૯ |
| ૪ | યુનિવર્સિટી ઓફ ઓક્લાહોમાં | તા.૧૨-૧-૨૦૧૦ |

(૩) ૧. ઉર્જા ક્ષેત્રે સંયુક્ત પણે સંશોધન કાર્ય કરવા માટે કરાર.

૨. ઉર્જા ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સ

સ્થાપવા માટે કરાર.
૩. સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓના આદાન પ્રદાન માટે કરાર.
૪. શિક્ષકોના આદાન પ્રદાન માટે કરાર.
૫. અભ્યાસક્રમમાં યોગ્ય સુધારા માટે કરાર.
૬. આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમીનાર અને શૈક્ષણિક ચર્ચાઓમાં શિક્ષકોની ભાગીદારી માટે કરાર.
૭. શૈક્ષણિક સાહિત્ય, પ્રકાશન, બીજી માહિતીઓના આદાન પ્રદાન માટે કરાર.
૮. સંયુક્ત રીતે શૈક્ષણિક ગુણવત્તાના ધોરણો વધારવા માટે કરાર.

**અમદાવાદ શહેરમાં પી.એન.જી. ગેસ ક્નેક્શન આપવા બાબત**

૧૬૮૦૭ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા(રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં પી.એન.જી. દ્વારા ઘરદીઠ ગેસ ક્નેક્શન આપી બળતણ પૂરું પાડવાની યોજના તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત યોજના હેઠળ કેટલા ઘરોને ગેસ આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં,
(૧) મેમનગર (૨) વેજલપુર (૩) જોધપુર (૪) બોડકદેવ (૫) થલતેજ (૬) ઘાટલોડિયા (૭) રાણીપ (૮) પાલડી (૯) વાસણા (૧૦) નારણપુરા (૧૧) નવરંગપુરા (૧૨) ગાંધીગ્રામ (૧૩) સ્ટેડિયમ (૧૪) જુના વાડજ (૧૫) નવા વાડજ (૧૬) નિર્ણયનગર (૧૭) મણિનગર (૧૮) કાંકરિયા (૧૯) ઇસનપુર (૨૦) વટવા (૨૧) ઘોડાસર (બાગ-એ-ફિરદોસ) (૨૨) મોટેરા અને (૨૩) ચાંદખેડા વિસ્તારોમાં ૭૩૪૦૪ ગ્રાહકોને ગેસ ક્નેક્શનો આપવામાં આવેલ છે. જ્યારે ૧૮૦૪૫ ગ્રાહકોને ગેસ ક્નેક્શન આપવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

(૨) સને ૨૦૧૦-૧૧માં અમદાવાદ શહેરમાં ખંડ (૧)માં દર્શાવેલ ઉપર્યુક્ત વિસ્તારોમાં ૫૦,૦૦૦ ડોમેસ્ટીક ગેસ ક્નેક્શનો આપવા ઉપરાંત નીચે દર્શાવેલ નવા વિસ્તારોને આવરી લઇ જરૂરિયાત મુજબનો ગેસ પૂરો પાડવાનું આયોજન છે.
(૧) સાબરમતી (૨) નરોડા (૩) બાપુનગર (૪) ખાડિયા (૫) દાણીલીમડા (૬) ચાંદલોડિયા (૭) મકરબા (૮) શાહીબાગ (૯) ગીરધરનગર (૧૦) શાહપુર (૧૧) ખાનપુર.

**રાજ્યમાં ફાસ્ટ ટ્રેક કોર્ટો**

૧૬૪૪૮ **શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઊભી કરવામાં આવી, અને

(૨) ક્યા-ક્યા જિલ્લામાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઊભી થઈ ?

**જવાબ**

(૧) ૩૪ ફાસ્ટ ટ્રેક કોર્ટો.

(૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | ઉભી કરવામાં આવેલ ફાસ્ટ ટ્રેક કોર્ટોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૩ |
| ૨ | અમરેલી | ૧ |
| ૩ | બનાસકાંઠા-પાલનપુર | ૩ |
| ૪ | ભાવનગર | ૩ |
| ૫ | દાહોદ | ૧ |
| ૬ | જુનાગઢ | ૨ |
| ૭ | કચ્છ | ૨ |
| ૮ | ખેડા | ૧ |
| ૯ | મહેસાણા | ૧ |

| | | |
|---|---|---|
| ૯ | મહેસાણા | ૧ |
| ૧૦ | પંચમહાલ-ગોધરા | ૨ |
| ૧૧ | પાટણ | ૧ |
| ૧૨ | પોરબંદર | ૧ |
| ૧૩ | રાજકોટ | ૨ |
| ૧૪ | સાબરકાંઠા-હિંમતનગર | ૨ |
| ૧૫ | સુરત | ૧ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧ |
| ૧૭ | વડોદરા | ૬ |
| ૧૮ | વલસાડ | ૧ |
| | કુલ : | ૩૪ |

## પોલીસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનોના રીપેરીંગ માટેની યોજના

૧૬૪૨૯**શ્રી કિશોરભાઈ વાંકાવાળા(સુરત શહેર પશ્ચિમ) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પોલીસ કર્મચારીઓ માટેના રહેણાંક્ના મકાનોના રીપેરીંગ માટે કોઈ યોજના અમલમાં મૂકી છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, અને

(૩) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મકાનોના રીપેરીંગ માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : હા, જી.

આ હેતુ માટે દર વર્ષે રાજ્ય સરકારશ્રી દ્વારા અંદાજપત્રમાં જોગવાઇ કરી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ મારફ્તે કામગીરી કરવામાં આવે છે. તા.૩૧-૧૨-૦૯ સુધીમાં એટલે કે છેલ્લા એક વર્ષમાં રીપેરીંગની કામગીરી માટે રૂ.૩૪.૨૫ કરોડનો ખર્ચ થયેલ છે.

## જાફરાબાદ ખાતેની દરિયાઈ ખાડીમાં કાંપ ભરાવાથી માછીમારોને પડતી મુશ્કેલી

૧૪૩૮૧ **શ્રી હીરાભાઈ સોલંકી(રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાફરાબાદ ખાતેની દરિયાઈ ખાડીમાં કાંપ ભરાઈ જવાના કારણે માછીમારોને થતી મુશ્કેલી સરકારના ધ્યાન ઉપર છે કે કેમ, અને

(૨) જો હા, તો માછીમારોને પડતી મુશ્કેલી નિવારવા માટે ખાડીમાં ડ્રેઝિંગ કરવા અંગે સરકાર દ્વારા કોઈ આયોજન કરાયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ માટે રૂ. ૧.૦૭ કરોડના ખર્ચે ડ્રેજીંગ કરવાનું આયોજન છે.

## વડોદરા જિલ્લામાં કેમિકલ્સ ચોરીના ગુનાઓ

૧૬૭૭૩ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેમિકલ્સ ચોરી અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા અને કેટલા ગુના નોંધાયા,

(૨) જિલ્લા તંત્ર સિવાય વિજીલન્સની ટીમ ધ્વારા કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને

(૩) પકડાયેલા ગુનેગારો પાસેથી કેટલી કિંમતનો મુદ્દામાલ પકડાયો અને આ નેટવર્કમાં કેટલા ગુનેગારો સંક્ળાયેલા છે ?

**જવાબ**

(૧)

| ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ | |
|---|---|---|---|
| દરોડા પાડવામાં આવ્યા | ગુના નોંધાયા | દરોડા પાડવામાં આવ્યા | ગુના નોંધાયા |
| ૨ | ૨ | - | - |

(૨) વિજીલન્સની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવેલ નથી.

(૩) પકડાયેલ ગુનેગારો પાસેથી રૂા.૧૧,૯૭,૧૦૯/-નો મુદ્દામાલ પકડાયો અને આ નેટવર્કમાં ૯ (નવ) ગુનેગારો સંક્ળાયેલા છે અને તમામ આરોપીઓની અટકાયત કરવામાં આવેલ છે. આ બંને કેસોની તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ કરવામાં આવેલ છે.

## અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના મકાનો

૧૬૪૨૬ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ(વિરમગામ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના કેટલા મકાનો છે.

(૨) કેટલા મકાનોની ઘટ છે, અને

(૩) આ ઘટ પૂરી કરવા માટે સરકારે શાં પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) કુલ-૧૧૪૫૪.

(૨) અને (૩) : જિલ્લાના હયાત મહેક્મ ૧૦૬૪૩ સામે ૧૧૪૫૪ મકાનો ઉપલબ્ધ હોઇ હાલ મકાનોની કોઇ ઘટ નથી. તેથી ઘટ પૂરી કરવા પગલાં લેવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## એ.આર.ટી.ઓ. ક્ચેરી સુરેન્દ્રનગરની આવક

૧૬૪૩૭**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની સુરેન્દ્રનગર એ.આર.ટી.ઓ. ક્ચેરીની તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવક્માં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની સુરેન્દ્રનગર એ.આર.ટી.ઓ ક્ચેરીની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં થયેલી આવક નીચે પ્રમાણે છે.

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ (તા.૧-૧-૦૭ થી તા.૩૧-૧૨-૦૭) | ૧૩૬૯.૨૩ |
| ૨૦૦૮ (તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮) | ૧૫૦૮.૪૩ |
| ૨૦૦૯ (તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯) | ૧૬૦૩.૯૯ |

(૨) આવક્માં ઘટાડો થયેલ નથી.

## ક્રુડ ઓઈલની રોયલ્ટી બાબતે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત

૧૬૪૦૪ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્રુડ ઓઈલની રોયલ્ટી મેળવવા બાબતે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆત કરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) અને (૨) : કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોનો પરામર્શ કરીને તા.૧૭-૩-૨૦૦૩ના જાહેરનામાથી ક્રુડ ઓઇલ ગેસ પરની રોયલ્ટી નક્કી કરવાની નિયત કરેલ પદ્ધતિ પ્રમાણે વાસ્તવમાં રાજ્યને વર્ષ ૨૦૦૮-૦૯માં રૂ. ૨૮૨૭.૭૯૬ કરોડ રોયલ્ટી મળવાપાત્ર હતી. પરંતુ, કેન્દ્ર સરકારે એકપક્ષીય નિર્ણય લઇને રાજ્ય સરકારનો પરામર્શ ર્ક્યા સિવાય તા.૧૭-૩-૨૦૦૩ ની ફોર્મ્યુલાની અવગણના કરીને ક્રુડ ઓઇલ અને ગેસના બજાર ભાવને બદલે વળતર બાદની કિંમતના આધારે રોયલ્ટી ચૂક્વતાં, રાજ્યને ખરેખર આ સમયમાં માત્ર રૂ. ૧૨૯૬.૭૯૬ કરોડ જેટલી રોયલ્ટી મળી છે. આમ, આ સમયગાળામાં કેન્દ્ર સરકારે અપનાવેલી અન્યાયી પદ્ધતિને કારણે રાજ્યને એક વર્ષમાં રૂ. ૧૫૩૧ કરોડ જેટલી જંગી રકમનું નુકશાન થયું છે. તે ઉપરાંત વર્ષ ૨૦૦૯-૧૦ માં (જાન્યુઆરી-૨૦૧૦ સુધીમાં) મળવાપાત્ર રૂ. ૧૬૪૩.૬૬૩ કરોડ સામે રૂ. ૧૩૪૨.૬૬૩ કરોડ એટલે કે રૂ. ૩૦૧ કરોડ જેટલી રોયલ્ટી ઓછી મળી છે. આમ, એકંદરે રાજ્યને વર્ષ ૨૦૦૮-૦૯ તેમજ ૨૦૦૯-૧૦ (જાન્યુઆરી-૨૦૧૦ સુધીમાં) કુલ રૂ. ૧૮૩૨ કરોડ જેટલી રોયલ્ટીની આવક્માં નુકશાન થયું છે. આથી રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ આ સાથેના પત્રકની વિગતે રજૂઆતો કરેલ છે.

**પત્રક**

| **અનુ. નં.** | **તારીખ** | **વિગતો** |
|---|---|---|
| ૧ | ૩૧/૦૫/૨૦૦૮ | મુખ્ય સચિવ, ગુજરાત સરકારે કેન્દ્રીય પેટ્રોલિયમ સચિવને માર્કેટ આધારીત કિંમત પર રોયલ્ટીની ગણતરી માટે વિનંતી કરી. |
| ૨ | ૨૬/૦૮/૨૦૦૮ | મુખ્ય સચિવ, ગુજરાત સરકારે કેન્દ્રીય પેટ્રોલિયમ સચિવને માર્કેટ આધારીત કિંમત પર રોયલ્ટીની ગણતરી માટે ફરી વિનંતી કરી. |
| ૩ | ૧૦/૧૧/૨૦૦૮ | મા.રા.ક. મંત્રીશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ) કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીને વિનંતી કરી કે ભારત સરકાર, ઓ.એન.જી.સી.ને આદેશ આપે કે રોયલ્ટીની ગણતરી માર્કેટ આધારીત કિંમત પર કરે. |
| ૪ | ૨૪/૧૨/૨૦૦૮ | માન. મુખ્યમંત્રીશ્રીએ માન.પ્રધાનમંત્રીને વિનંતી કરી કે ભારત સરકાર, રાજ્ય સરકારને રોયલ્ટીની આવકનો હિસ્સો બંધારણ મુજબ પુનઃસ્થાપિત કરે. |
| ૫ | ૨૫/૦૨/૨૦૦૯ | ભારત સરકારે જણાવ્યું કે, નાણાંકિય વર્ષ ૨૦૦૮-૦૯ના છેલ્લા ત્રણ માસમાં તેલ વિતરણ કંપનીઓને કોઈ વળતર/સબસીડી આપવામાં આવશે નહિ. તેથી ગુજરાત સરકારને રોયલ્ટીની રકમ કેન્દ્ર સરકારના તા.૧૭-૦૩-૨૦૦૩ના ઠરાવ મુજબ મળેલ છે. |
| ૬ | ૧૦/૦૬/૨૦૦૯ | ગુજરાતના મુખ્ય સચિવશ્રી કેન્દ્રના પેટ્રોલિયમ સચિવશ્રીને વિનંતી કરી રાજ્ય સરકારને એપ્રિલ ૨૦૦૮ થી ડિસેમ્બર ૨૦૦૮ સુધી મળેલ ઓછી રોયલ્ટીની ચુકવવાની કરવાનો આદેશ આપવા વિનંતી કરી. |
| ૭ | ૨૨/૦૭/૨૦૦૯ | ગુજરાતના માન.રા.ક. મંત્રીશ્રી એ ફરી કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીને વિનંતી કરી કે ભારત સરકાર ઓ.એન.જી.સી.ને આદેશ કરે કે એપ્રિલ ૨૦૦૮ થી રોયલ્ટીની ચૂકવણી માર્કેટ આધારીત કિંમત પર કરે. |
| ૮ | ૨૯/૧૨/૨૦૦૯ | ગુજરાતના માન.રા.ક. મંત્રીશ્રી એ કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીને આ બાબતે ફેર વિચારણા કરવા તથા ઓ.એન.જી.સી.ને રોયલ્ટીની ચૂકવણી વળતર પહેલાની કિંમતે કરવા જરૂરી આદેશો કરવાની વિનંતી કરી. |

**જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં સબસીડી**

૧૬૭૮૫**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને | (૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઇલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે, વખતો વખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે તથા વીજ બળતણના ભાવો, વીજ બળતણ સપ્લાય કરતી કેન્દ્ર સરકારના અંકુશ હેઠળની એજન્સીઓ જેવી કે, કોલ ઇન્ડિયા, ગેઇલ, ઓએનજીસી તથા પરિવહનના દરો રેલ્વે ઇન્ડિયા દ્વારા નક્કી કરાય છે. તેમ છતાં ખેડૂતોના હિતમાં ખેતી વિષયક વીજ ગ્રાહકો પર આવતો ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.<br>તદઉપરાંત, મંજૂર થયેલ ખેતી વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂત પર નાખવામાં નથી આવતો પરંતુ, સરકાર દ્વારા સબસીડી સ્વરૂપે વહન કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલી સબસીડી આપવામાં આવી ? | (૨) તદનુસાર, રાજ્યના માત્ર જૂનાગઢ જિલ્લામાં જ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં રૂ. ૧૫૬.૦૬ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે. |

## રાજકોટ જિલ્લામાં ખૂન, લુંટ, ચોરી અને બળાત્કારના બનાવો

૧૫૮૨૧**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખૂન, લૂંટ, ચોરી અને બળાત્કારના કેટલા બનાવો નોધાયા છે,

(૨) વધતી જતી ગુનાખોરીને ડામવા સરકારે ક્યા ક્યા પ્રકારના પગલાં લીધા છે, અને

(૩) કેટલા ગુનેગારો ક્યા ગુનાસર પકડવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર આવા ખૂન, લુંટ, ચોરી અને બળાત્કારના ગુનાઓ નોંધાયેલ છે.

| તાલુકો | ખૂન | લુંટ | ચોરી | બળાત્કાર |
|---|---|---|---|---|
| ગોંડલ | ૧૪ | ૨ | ૧૨૦ | ૧૪ |
| જસદણ | ૧૭ | ૫ | ૪૩ | ૬ |
| કોટડાસાંગાણી | ૮ | ૫ | ૩૬ | ૧ |
| લોધીકા | ૧ | ૫ | ૨૮ | ૦ |
| મોરબી | ૧૪ | ૭ | ૨૧૩ | ૭ |
| વાંકાનેર | ૫ | ૫ | ૩૯ | ૧ |
| માળીયા (મી) | ૧ | ૧ | ૧૯ | ૧ |
| ટંકારા | ૪ | ૩ | ૧૫ | ૧ |
| પડધરી | ૧ | ૨ | ૧૧ | ૧ |
| જેતપુર | ૭ | ૧૦ | ૧૪૩ | ૯ |
| ધોરાજી | ૪ | ૧ | ૫૧ | ૩ |
| ઉપલેટા | ૭ | ૧ | ૬૬ | ૬ |
| જામકંડોરણા | ૩ | ૦ | ૧૦ | ૨ |

(૨) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ઉપર જણાવ્યા પ્રમાણે કુલ ૯૭૯ ગુનાઓ નોંધાયેલ છે. જ્યારે તા.૧-૧-૦૬ થી તા.૩૧-૧૨-૨૦૦૬ ના ગાળા દરમ્યાન કુલ ૯૫૧ ગુનાઓ નોંધાયેલ છે. આમ માત્ર ૨૮ જેટલા નજીવા ગુનાઓનો વધારો થવા પામેલ છે. રાજકોટ જિલ્લામાં ઓદ્યોગિક પ્રવૃત્તિઓનો વિસ્તાર વધતો જતો હોવાથી પરપ્રાંતના લોકો મજૂરી અર્થે આવતા હોય તેઓની સાથે બહારના રાજ્યના આવા ગુનાઓ કરવાવાળા લોકો પણ આવતા હોવાથી ગુનાનો પ્રમાણ થોડા ઘણા અંશે વધેલ છે. આવા ગુનાઓ બનતા અટકાવવા માટે અસરકારક પગલાં નીચે જણાવ્યા મુજબ લેવામાં આવે છે.

- આવા ગુના ન બને તે માટે અસરકારક અટકાયતી પગલાં તેમજ નાઇટ રાઉન્ડ હાઇવે પેટ્રોલીંગ કોમ્બીંગ વિગેરે અસરકારક રીતે કરવામાં આવે છે.
- લૂંટના ગુનાઓ બનતા અટકાવવા અગાઉ આવા ગુનાઓમાં પકડાયેલ આરોપીની વિશેષ પુછપરછ કરવામાં આવે છે. રીઢા ગુનેગારો ઉપર નજર રાખવામાં આવે છે. તેમજ એમ.સી.આર. કાર્ડવાળા ગુનેગારોને પોલીસ સ્ટેશને લાવી પુછપરછ કરવામાં આવે છે. તપાસ દરમિયાન સજેશનવાળા ઇસમો તથા શકદારોને ચેક કરવામાં આવે છે.
- રીઢા ગુનેગારો ઉપર પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. ગંભીર ગુનાઓની તપાસના પ્રગતિ રીપોર્ટ અઠવાડિક મંગાવી, સીનીયર સુપરવાઇઝર / અધિકારીશ્રીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે. આમ ગુનાઓ બનતા અટકે તે દિશામાં તમામ સઘન પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

(૩)

| ખૂન | લુંટ | ચોરી | બળાત્કાર |
|---|---|---|---|
| ૧૮૦ | ૬૩ | ૫૮૯ | ૮૪ |

## દાહોદ જિલ્લામાં રેતી, ક્વોરી,કપચી અને મેટલની લીઝમાંથી રોયલ્ટીની આવક

૧૬૭૫૯**શ્રી બચુભાઈ કિશોરી(લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં રેતી, ક્વોરી, કપચી, મેટલની કુલ કેટલી લીઝ પરમીટ મંજૂર થયેલ છે, અને | (૧) ૩૩ (તેત્રીસ). |
| (૨) આ લીઝમાંથી રોયલ્ટી પેટે સરકારમાં કેટલી રકમ જમા થયેલ છે ? | (૨) રૂ.૪૨,૩૩,૮૧૩/- જમા થયેલ છે. |

## કોડીનાર તાલુકાના ગોહીલની ખાણ ગામના ગોચરની જમીનમાંથી સિમેન્ટ કંપની દ્વારા કરેલ માટીની ચોરી

૧૫૮૪૫**શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના ગોહિલની ખાણ ગામના ગોચરની જમીન સર્વે નં. ૧૩૩, સર્વે નં. ૧૩૪ તથા સર્વે નં. ૧૩૫માં સિમેન્ટ કંપની દ્વારા પોતાનો પ્રાઈવેટ રસ્તો બનાવવા માટે કરેલ માટી ચોરીની તા. ૨૮-૧-૨૦૧૦ના રોજ ખાણ અને ખનીજ વિભાગ, ગાંધીનગરની ટીમે સર્વે કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સર્વેની કામગીરી દરમ્યાન કેટલાં વિસ્તારમાંથી માટી ચોરી થયેલ છે અને તેમની કિંમત કેટલી થાય છે, | (૨) ૩.૮૦.૨૧ હેક્ટર વિસ્તાર કિંમત રૂ.૫૨૯૯૧૪૦/-. |
| (૩) ઉક્ત સિમેન્ટ કંપનીએ કરેલ માટી ચોરી અંગે ફોજદારી કે પાસા જેવા કાયદા નીચે કાર્યવાહી કરવા માંગો છો કે કેમ, અને<br>(૪) જો હા, તો કેટલા સમયમાં કાર્યવાહી કરવા માંગો છો અને તેની વિગતો શી છે ? | (૩) અને (૪) કસૂરદાર સિમેન્ટ કંપની દ્વારા ૮૮,૧૩૯ મે.ટન સાદી માટી ખનિજ બિન અધિકૃત રીતે ઉપયોગ લેવા બાબતે ખનિજ કિંમત રૂ. ૫૨૯૯૧૪૦/- સમાધાન પેટે ભરપાઈ કરવા તા.૧૯/૩/૨૦૧૦ થી નોટીસથી ખુલાસો માંગવામાં આવેલ છે. કંપની તરફથી થનાર પૂર્તતાની વિગતો ધ્યાને લઈ આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. |

## ધ્રોલ, જોડીયા, કાલાવડ અને જામનગર તાલુકામાં ખૂન, લૂંટ, બળાત્કાર અને ધાડના ગુન્હાઓ

૧૬૦૮૨ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, કાલાવડ અને જામનગર તાલુકામાં સને ૨૦૦૯ની સાલમાં ખૂન, લૂંટ, બળાત્કાર અને ધાડના કેટલા ગંભીર ગુન્હા નોંધાયા,

જવાબ: (૧) ધ્રોલ, જોડીયા, કાલાવડ અને જામનગર તાલુકામાં સને ૨૦૦૯ની સાલમાં ખુન, લુટ, બળાત્કાર અને ધાડના નીચે મુજબના ગુના નોંધાયા છે.

| ગુના | ધ્રોલ | જોડીયા | કાલાવડ | જામનગર તાલુકો |
|---|---|---|---|---|
| ખુન | ૧ | ૨ | ૩ | ૨ |
| લુટ | - | - | - | ૨ |
| બળાત્કાર | - | ૨ | ૩ | ૨ |
| ધાડ | - | - | - | ૨ |

(૨) તે પૈકી કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલા કેસોની તપાસ પૂર્ણ કરવામાં આવી, અને

જવાબ: (૨) આ ગુનાઓમાં ૩૦ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે અને ૧૮ કેસોની તપાસ પૂર્ણ કરવામાં આવી છે.

(૩) કેટલા ગુન્હામાં આરોપીઓને પકડવાના બાકી છે ?

જવાબ: (૩) માત્ર ૩ ગુનામાં આરોપીઓ ને પકડવાના બાકી છે. તે પૈકી એક મરણ ગયેલ છે. એક નામ નમુદ

નહીં હોવાથી અને એક નાસતો-ફરતો હોવાથી પકડવાનો બાકી છે.

આરોપીને પકડવા માટે તેના ઘરે તથા સગા વ્હાલાને ત્યાં તથા મળી આવવાની તમામ સંભવિત જગ્યાઓએ તપાસ કરવામાં આવે છે તથા આરોપીની વિરૂધ્ધમાં સીઆર.પી.સી.ની કલમ-૭૦ મુજબનું વોરંટ નામદાર કોર્ટમાંથી કઢાવવામાં આવે છે.

## સરકારી પ્રેસોમાં વર્ગ-૩ના સંવર્ગવાર ટેકનિકલ-નોન ટેકનિકલ જગ્યાઓ બાબત

૧૬૭૭૨**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય છાપકામ અને લેખનસામગ્રી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં આવેલ સરકારી પ્રેસોમાં વર્ગ-૩ની દરેક સંવર્ગમાં ટેકનિકલ અને નોન-ટેકનિકલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ ન ભરવાના શા કારણો છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં આવેલ સરકારી પ્રેસોમાં વર્ગ-૩ની દરેક સંવર્ગમાં ટેકનિકલ-નોન-ટેકનિકલ નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ ખાલી છે.

(૨)

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| | વર્ગ-૩ (ટેકનિકલ) | |
| ૧ | સ્ટાન્ડર્ડ ઓવરશીયર | ૦૨ |
| ૨ | હેડ એકઝામીનર | ૦૨ |
| ૩ | કંપોઝ ઓવરશીયર | ૦૭ |
| ૪ | મશીન ઓવરશીયર | ૦૮ |
| ૫ | બાઈન્ડીંગ ઓવરશીયર | ૦૭ |
| ૬ | કંપોઝ ફોરમેન | ૦૫ |
| ૭ | સીનીયર એકઝામીનર | ૦૫ |
| ૮ | બાઈન્ડીંગ ફોરમેન | ૦૬ |
| ૯ | પ્રીન્ટીંગ ફોરમેન | ૦૮ |
| ૧૦ | લાયનો ઓપરેટર | ૦૪ |
| ૧૧ | મોનો ઓપરેટર | ૧૨ |
| ૧૨ | હેડ મીકેનીક | ૦૫ |
| ૧૩ | પ્રુફ રીડર | ૨૯ |
| ૧૪ | મદદનીશ બાઈન્ડીંગ ફોરમેન | ૦૮ |
| ૧૫ | મદદનીશ કમ્પોઝ ફોરમેન | ૦૬ |
| ૧૬ | મદદનીશ પ્રીન્ટીંગ ફોરમેન | ૦૧ |
| ૧૭ | સીનીયર આસીસ્ટન્ટ | ૦૨ |
| ૧૮ | ડ્રાફ્ટસમેન | ૦૨ |
| ૧૯ | ટ્રેસર | ૦૪ |
| ૨૦ | પ્લેટ ટચર | ૦૨ |
| ૨૧ | બેન્ચ ડ્રીલર | ૦૧ |
| ૨૨ | ઈલેકટ્રીશીયન (હેડ વાયરમેન) | ૦૨ |
| ૨૩ | બાઈન્ડર | ૧૩ |
| ૨૪ | મશીનમેન | ૬૩ |
| ૨૫ | કમ્પોઝીટર | ૭૨ |
| ૨૬ | જુનીયર આસીસ્ટન્ટ | ૧૩ |
| ૨૭ | વાયરમેન | ૦૬ |
| ૨૮ | મોનો કાસ્ટર એટેન્ડન્ટ | ૧૪ |
| ૨૯ | મદદનીશ બાઈન્ડર | ૧૧૧ |
| ૩૦ | મદદનીશ મશીનમેન | ૯૫ |
| ૩૧ | પ્રોસેસ આસીસ્ટન્ટ | ૦૫ |
| ૩૨ | રોટરી ઓપરેટર | ૦૨ |
| ૩૩ | મદદનીશ કમ્પોઝીટર | ૧૮ |
| ૩૪ | કોપી હોલ્ડર | ૩૦ |
| ૩૫ | મીકેનીક | ૦૯ |
| ૩૬ | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | ૦૪ |
| | વર્ગ-૩ (નોન-ટેકનિકલ) | |
| ૧ | અધિક્ષક | ૦૪ |
| ૨ | મુખ્ય કારકુન | ૦૮ |
| ૩ | સીનીયર કલાર્ક | ૧૫ |
| ૪ | જુનીયર કલાર્ક | ૩૪ |
| ૫ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૦૪ |
| ૬ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૦૫ |
| ૭ | ટાઈપીસ્ટ કમ-કલાર્ક | ૦૧ |
| ૮ | ટાઈમકીપર | ૦૭ |
| ૯ | કમ્પાઉન્ડર | ૦૨ |
| ૧૦ | વેરહાઉસ મુકાદમ | ૦૪ |
| ૧૧ | ઈસ્યુ-ચેકર-કમ-લેજર કલાર્ક | ૦૬ |
| ૧૨ | હેડ ડ્રોઅર | ૦૨ |
| ૧૩ | ડ્રાઈવર | ૦૨ |

(૨) આ જગ્યાઓ ન ભરવાના કારણો મુજબ છે.
(૧) ફાજલ થનાર કર્મચારીઓ સમાવવાના હોવાથી.
(૨) સરકારશ્રીની કરકસરની નીતિ.
(૩) પ્રિન્ટિંગ આધુનિકરણને કારણે લેટરપ્રેસ પધ્ધતિથી છાપકામ બંધ થતાં છેલ્લા આશરે ૧૫ વર્ષથી ઓફસેટ પ્રિન્ટિંગ પધ્ધતિથી છાપકામ થતું હોવાથી લેટરપ્રેસ

પધ્ધતિના છાપક્રમ અન્વયેની વિવિધ સંવર્ગની જ્ગ્યાઓ ભરવાની રહેતી ન હોઈ ભરાયેલ નથી.
(૪) ટેકનિકલ/નોન ટેકનિકલ સંવર્ગના સુધારેલા ભરતી નિયમોનાં આખરીકરણની કામગીરી ચાલુ હોવાથી જ્ગ્યાઓ ભરી શકાયેલ નથી.
(૫) બઢતીથી ભરવાની થતી કેટલીક જ્ગ્યાઓમાં ફીડર કેડરમાં પુરતો અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન હોવાથી આવી જ્ગ્યાઓ ભરાયેલ નથી.

(૩) આ જ્ગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

(૩) (૧) ૩૩ જ્ગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગોણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રક્રિયા ચાલુ છે.
(૨) ખાલી જ્ગ્યાઓ પેકી જે જ્ગ્યાઓ ભરવાની આવશ્યક્તા રહેશે તેની સમીક્ષા ક્ર્યા બાદ ભરવામાં આવશે.

## ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન બાદ મહેસૂલી આવકમાં વધારો

**૧૬૮૧૮શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજન બાદ સરકારની મહેસૂલી આવકમાં કોઈ વધારો થયો છે કે કેમ, અને
(૨) જો હા, તો ડિસેમ્બર-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલો વધારો થયો છે ?

**જવાબ**

(૧) અને (૨) જ્યોતિગ્રામ યોજનાના અમલી કરણને કારણે વિજ પુરવઠો પુરતા પ્રમાણમાં મળતો હોવાથી અને ગ્રાહકોની સંખ્યામાં થયેલ વધારાને લીધે ડીસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન કુલ રૂ. ૯૭૯.૮૪ કરોડનો વધારો થયેલ છે.

## રાજ્ય દ્વારા કેન્દ્ર સરકારની એજન્સી/સંસ્થાઓ પાસેથી સી.એન.જી. ગેસ ખરીદવા અંગે

**૧૫૮૬૨શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ રાજ્ય સરકાર કેન્દ્ર સરકારની કઈ કઈ એજન્સીઓ/સંસ્થાઓ પાસેથી કાચો સી.એન.જી. ખરીદે છે,

**જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકની (ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરિશન લી.) જી.એસ.પી.સી.એલ. કેન્દ્રની (૧) ગેઇલ ઇન્ડિયા લી., (૨) ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (આઇ.ઓ.સી.એલ.) અને (૩) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (બી.પી.સી.એલ.) સંસ્થાઓ પાસેથી કાચો નેચરલ ગેસ ખરીદે છે.

(૨) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારની કઈ કઈ એજન્સીઓ કે સંસ્થાઓ પાસેથી ગુજરાત સરકારે કેટ કેટલો સી.એન.જી. ગેસ કે કાચો સી.એન.જી. ગેસ શા ભાવે ખરીદેલ છે, અને

(૨) તા.૩૧-૦૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેન્દ્રની ઉપર દર્શાવેલ સંસ્થાઓ પાસેથી ગુજરાત સરકારે કાચો સી.એન.જી. ગેસનો જથ્થો નીચે દર્શાવેલ ભાવે ખરીદેલ છે.

| સંસ્થા | નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ | | નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ | |
|---|---|---|---|---|
| | જથ્થો એમ.એમ.એસ. સી.એમ. | ભાવ રૂ./એસ.સી.એમ. | જથ્થો એમ.એમ.એસ. સી.એમ. | ભાવ રૂ./એસ.સી.એમ. |
| ગેઇલ ઇન્ડિયા લી. (પી.એમ.ટી.) | ૩૯૩.૭૮ | ૯.૦૪ | ૨૬૩.૬૩ | ૯.૩૫ |
| ગેલ ઇન્ડિયા લી. (આર.એલ.એન.જી.) | ૫૪૫.૨૬ | ૧૦.૨૫ | ૪૪૧.૦૯ | ૧૧.૬૨ |
| આઇ.ઓ.સી.એલ. (આર.એલ.એન.જી.) | ૩૩૪.૫૩ | ૧૦.૨૫ | ૨૫૪.૨૮ | ૧૧.૬૨ |
| બી.પી.સી.એલ. (આર.એલ.એન.જી.) | ૧૬૮.૪૯ | ૧૦.૩૧ | ૧૨૩.૬૮ | ૧૧.૬૨ |
| **કુલ :** | **૧૪૪૨.૦૬** | | **૧૦૮૨.૬૮** | |
| સરેરાશ ભાવ | | ૯.૯૩ | | ૧૧.૦૭ |
| સરેરાશ ભાવ રૂ.કિ.ગ્રા. | | ૧૧.૧૦ | | ૧૪.૬૧ |

(૩) આ ગેસ રાજ્યમાં વપરાશકર્તાઓને ઉક્ત બે વર્ષમાં ક્યા ક્યા ભાવે વેચવામાં આવેલ છે ?

(૩) સી.એન.જી. વપરાશકારોને કી.ગ્રા. પ્રમાણે વેચવામાં આવે છે, અને ૧ કી.ગ્રા. સી.એન.જી.માં ૧૩૨ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર ગેસનું પ્રમાણ હોય છે. રાજ્ય સરકાર હસ્તકની જી.એસ.પી.સી. કંપની લી. દ્વારા હાલમાં સી.એન.જી.નો ભાવ રૂ.૨૯.૭૫ કી.ગ્રા. છે જે તા.૧૭-૦૨-૧૦૧૦ થી અમલમાં આવ્યો તે પહેલાં

સી.એન.જી.નો ભાવ રૂ.૨૮.૦૦ કી.ગ્રા. હતો.
સી.એન.જી.નો ભાવ નીચે દર્શાવ્યા મુજબ નિયત કરાય છે.

| બાબત | ભાવ (રૂ. / કિ.ગ્રા.) | |
|---|---|---|
| ગેસ કિંમત ટ્રાન્સમિશન ખર્ચ સહિત | | ૧૬.૨૧ |
| અન્ય ખર્ચ | | |
| ડીલર માર્જીન | ૧.૩૦૦ | |
| ઓપરેશન અને મેઇન્ટેનન્સ ખર્ચ | ૨.૯૦૦ | |
| ઇન્ટરેસ્ટ તથા કેપીટલ રીકવરી | ૨.૨૦૦ | |
| એક્સાઇસ તથા વેટ | ૭.૧૪૦ | ૧૩.૫૪ |
| કુલ ભાવ (ટેક્સ સાથે) | | ૨૯.૭૫૦ |

જ્યારે ભાવ રૂ.૨૮.૦૦ હતો ત્યારે ઉપર દર્શાવ્યા પ્રમાણે ટેક્ષ સિવાય બધીજ બાબતો સરખી હતી અને રૂ.૨૮.૦૦ ઉપર બીજા ખર્ચા ગ્રાહકો પાસેથી વસુલ ન કરવામાં આવતાં તે પૂરતુ જી.એસ.પી.સી. ગેસ કંપનીને નુકસાન થયેલ હતું.

---------

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૧૬૮૨૧**શ્રી દિલિપસિંહજી પરમાર(મોડાસા) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના કેટલા મકાનો છે,

(૨) કેટલા મકાનોની ઘટ છે, અને

(૩) આ ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ કુલ-૧૪૧૩ રહેણાંક્ના મકાનો છે, અને ૧૬૩ આવાસોની ઘટ છે, જે પૂરી કરવા આગામી નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ-૧૨૯ મકાનો બનાવવાનું આયોજન છે.

**વડોદરા જિલ્લામાં આયોજનના કામો માટેની મંજૂર થયેલ રકમ**

૧૫૮૮૫**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં ત્રણ વર્ષમાં આયોજનના કામો માટે કેટલી રકમો મંજૂર કરી,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં ત્રણ વર્ષમાં આયોજનના કામો માટે વિવેકાધીન અને પ્રોત્સાહક જોગવાઇ સામે મંજૂર કરેલ રકમ અંગેની વિગતો પત્રક-૧માં સામેલ છે.

**પત્રક-૧**

(રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ફાળવેલ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૨૩.૧૪ |
| ૨ | પાદરા | ૮૧.૩૨ |
| ૩ | સાવલી | ૧૫૦.૫૫ |
| ૪ | વાઘોડીયા | ૧૦૮.૮૭ |
| ૫ | ડભોઇ | ૧૦૮.૩૯ |
| ૬ | સંખેડા | ૩૧૯.૧૮ |
| ૭ | શિનોર | ૮૧.૨૮ |
| ૮ | જેતપુર-પાવી | ૧૬૯.૬૧ |
| ૯ | છોટાઉદેપુર | ૧૦૪.૯૮ |
| ૧૦ | ક્વાંટ | ૮૨.૦૬ |
| ૧૧ | નસવાડી | ૧૭૮.૫૪ |
| ૧૨ | કરજણ | ૮૭.૫૮ |
| | કુલ : | **૧૫૯૫.૫૦** |

(૨) તે પૈકી તાલુકાવાર જિલ્લા ક્ક્ષાના અને તાલુકા ક્ક્ષાના કામો માટે કેટલી રકમ મંજુર કરી, અને

(૩) તેમાં વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૨) અને (૩) : તાલુકાવાર જિલ્લાકક્ષાના અને તાલુકાકક્ષાના કામો માટે વિવેકાધીન અને પ્રોત્સાહક જોગવાઇ સામે મંજૂર કરેલ રકમ અને થયેલ ખર્ચ અંગેની તા.૩૧-૧-૧૦ અંતિત વિગતો પત્રક-૨માં સામેલ છે.

**પ ત્ર ક -૨**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | | | | ૨૦૦૮-૦૯ | | | | ૨૦૦૯-૧૦ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જિલ્લા કક્ષા | તાલુકા કક્ષા | કુલ મંજૂર કરેલ રકમ | થયેલ ખર્ચ | જિલ્લા કક્ષા | તાલુકા કક્ષા | કુલ મંજૂર કરેલ રકમ | થયેલ ખર્ચ | જિલ્લા કક્ષા | તાલુકા કક્ષા | કુલ મંજૂર કરેલ રકમ | થયેલ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | વડોદરા | ૮.૬૫ | ૩૪.૮૬ | ૪૩.૫૧ | ૪૨.૪૩ | ૧૪.૧૪ | ૩૦.૭૭ | ૪૪.૯૧ | ૪૨.૮૯ | ૦ | ૩૪.૭૨ | ૩૪.૭૨ | ૨૪.૭૦ |
| ૨ | પાદરા | ૨.૦૦ | ૨૨.૩૩ | ૨૪.૩૩ | ૨૩.૮૫ | ૪.૦૩ | ૨૪.૦૩ | ૨૮.૦૬ | ૨૭.૯૩ | ૦ | ૨૮.૯૩ | ૨૮.૯૩ | ૪.૧૦ |
| ૩ | સાવલી | ૨૧.૨૫ | ૪૧.૦૮ | ૬૨.૩૩ | ૬૧.૮૬ | ૧૧.૧૧ | ૩૬.૬૦ | ૪૭.૭૧ | ૩૬.૯૫ | ૦ | ૪૦.૫૧ | ૪૦.૫૧ | ૯.૫૩ |
| ૪ | વાઘોડીયા | ૧૫.૬૫ | ૨૯.૦૩ | ૪૪.૬૮ | ૪૪.૨૧ | ૦.૦૦ | ૨૯.૦૪ | ૨૯.૦૪ | ૨૮.૦૭ | ૦ | ૩૫.૧૫ | ૩૫.૧૫ | ૨૨.૫૪ |
| ૫ | ડભોઇ | ૯.૯૬ | ૨૭.૧૩ | ૩૭.૦૯ | ૩૬.૪૨ | ૮.૭૪ | ૨૯.૮૦ | ૩૮.૫૪ | ૩૬.૪૪ | ૦ | ૩૨.૭૬ | ૩૨.૭૬ | ૨૭.૦૦ |
| ૬ | સંખેડા | ૪૩.૪૦ | ૬૧.૬૬ | ૧૦૫.૦૬ | ૧૦૨.૨૩ | ૫૮.૧૫ | ૭૪.૧૮ | ૧૩૨.૩૩ | ૧૧૦.૪૫ | ૯.૮૦ | ૭૧.૯૯ | ૮૧.૭૯ | ૬૮.૭૫ |
| ૭ | શિનોર | ૧૧.૭૨ | ૧૨.૪૬ | ૨૪.૧૮ | ૧૯.૮૫ | ૨૭.૪૪ | ૧૩.૫૮ | ૪૧.૦૨ | ૨૯.૧૪ | ૦ | ૧૬.૦૮ | ૧૬.૦૮ | ૩.૯૮ |
| ૮ | જેતપુર-પાવી | ૧૭.૦૩ | ૪૯.૬૯ | ૬૬.૭૨ | ૬૬.૩૯ | ૨.૫૦ | ૪૮.૮૫ | ૫૧.૩૫ | ૪૩.૪૦ | ૦ | ૫૧.૫૪ | ૫૧.૫૪ | ૪.૨૧ |
| ૯ | છોટાઉદેપુર | ૪.૪૧ | ૩૪.૦૧ | ૩૮.૪૨ | ૩૮.૦૯ | ૨.૫૦ | ૩૨.૩૯ | ૩૪.૮૯ | ૩૩.૦૯ | ૦ | ૩૧.૬૭ | ૩૧.૬૭ | ૪.૦૦ |
| ૧૦ | ક્વાંટ | ૯.૯૬ | ૨૩.૮૭ | ૩૩.૮૩ | ૩૩.૬૦ | ૨.૫૦ | ૨૩.૫૯ | ૨૬.૦૯ | ૨૪.૦૫ | ૦ | ૨૨.૧૪ | ૨૨.૧૪ | ૪.૦૦ |
| ૧૧ | નસવાડી | ૨૨.૭૪ | ૪૯.૪૮ | ૭૨.૨૨ | ૭૧.૧૮ | ૮.૪૫ | ૪૭.૮૦ | ૫૬.૨૫ | ૫૫.૫૯ | ૦ | ૫૦.૦૭ | ૫૦.૦૭ | ૧૮.૪૭ |
| ૧૨ | કરજણ | ૧૪.૪૫ | ૨૦.૦૨ | ૩૪.૪૭ | ૨૮.૯૪ | ૫.૦૦ | ૨૨.૩૫ | ૨૭.૩૫ | ૨૭.૧૮ | ૦ | ૨૫.૭૬ | ૨૫.૭૬ | ૨૦.૦૦ |
| | કુલ : | ૧૮૧.૨૨ | ૪૦૫.૬૨ | ૫૮૬.૮૪ | ૫૬૯.૦૫ | ૧૪૪.૫૬ | ૪૧૨.૯૮ | ૫૫૭.૫૪ | ૪૯૫.૧૮ | ૯.૮૦ | ૪૪૧.૩૨ | ૪૫૧.૧૨ | ૨૧૧.૨૮ |

---

## એ.આર.ટી.ઓ. ક્ચેરી ગોધરાની આવક

૧૬૪૪૨**શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યક્ક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાની ગોધરા એ.આર.ટી.ઓ. ક્ચેરીની તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની ગોધરા આર.ટી.ઓ. ક્ચેરીની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં થયેલી આવક નીચે પ્રમાણે છે.

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| **૨૦૦૭** (તા.૧-૧-૦૭ થી તા.૩૧-૧૨-૦૭) | ૧૫૭૮.૬૬ |
| **૨૦૦૮** (તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮) | ૧૬૫૧.૪૩ |
| **૨૦૦૯** (તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯) | ૧૭૫૫.૭૦ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

## ક્ચ્છ જિલ્લામાં લાઈમ સ્ટોન અને બોક્સાઈટના સંશોધન માટેનું શારકામ

૧૬૮૨૪**શ્રી બ્રિજરાજસિંહ જાડેજા(જામજોધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્ચ્છ જિલ્લાના લાઈમસ્ટોન અને બોક્સાઈટના સંશોધન માટે વર્ષ ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧-૧૦ સુધીમાં ક્યા સ્થળે અને કેટલાં શારકામ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) અબડાસા અને લખપત તાલુકામાં જુમારા, પાનાન્ધ્રો, કોરિયાની, મુન્ધ્વાય, ક્યારી, મણિયારા રતીપુર, જડવા, ખરોડા, હારૂડી, ખારાઇ સારંગવાડા, ભાડરા, જુણંગીયા, બુટ્ટા, સધિઆરી વાંઢ, જંગાડીયા, રામણીયા,

| | |
|---|---|
| | કોટડા, કંઠોરા, સાંભડા ગામોએ ૧૮૬ શાર છીદ્રો કરી ૨૧૮૩૨.૯૦ મીટર શારકામ કરેલ છે. બોક્સાઇટ ખનિજ માટે ખાતા દ્વારા શારકામ કરવામાં આવેલ નથી. |
| (૨) જે ઠેકાણે શારકામ કરવામાં આવેલ છે તે પૈકી કેટલા સ્થળેથી ઉદ્યોગ સ્થપાય તેવો લાઈમસ્ટોન કે બોક્સાઈટ મળેલ છે અને કેટલાં સ્થળેથી ખનિજ મળેલ નથી. | (૨) આ સ્થળો પૈકી પાનાન્દ્રો, મુન્ધ્વાય, ખરોડા, ખારાઇ સારંગવાડા, વાઘાપદર, ફુલાય, ભોયલા, રામણિયા, જુણંગીયા ગામોએ સિમેન્ટ ઉદ્યોગ સ્થપાય તેવા લાઇમસ્ટોન ખનીજ મળેલ છે. બાકીના વિસ્તારમાં કાર્યવાહી ચાલુમાં છે. |
| (૩) આ શારકામ કરવા માટે અગાઉ સર્વે રિપોર્ટ પોઝીટીવ હતો કે નેગેટીવ, અને | (૩) હકારાત્મક. |
| (૪) સર્વે જો તદ્દન ખોટો નિકળ્યો હોય તો સર્વે કરનાર જવાબદાર અધિકારીઓ સામે કોઈ પગલાં લેવામાં આવશે કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિનઅધિકૃત ખાણકામ કરતાં તેમજ વહન કરતા કિસ્સાઓ પકડવા અંગે**

૧૬૮૩૦ **શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિનઅધિકૃત ખાણકામ કરતા તેમજ વહન કરતા કેટલા કિસ્સા પકડવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિનઅધિકૃત ખાણકામ કરતા ૯૫ અને વહન કરતા ૭૦૩ એમ કુલ ૭૯૮ કિસ્સાઓ પકડવામાં આવેલ છે. |
| (૨) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા છે, | (૨) ૪૦૪ વાહનો પકડી રોક્વામાં આવેલ છે. |
| (૩) કેટલા વાહનો પેનલ્ટી લઈ છોડી મૂક્વામાં આવ્યા અને તા.૨૬-૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસથી કેટલાં વાહનો જપ્ત કરેલા પડયા છે, અને | (૩) પેનલ્ટી તેમજ બેંક ગેરંટી લઇને ૬૬૦ વાહનો છોડી મુક્વામાં આવ્યા છે. જ્યારે તા.૨૬-૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસથી રોકેલ વાહનોની સંખ્યા ૨૨ છે. |
| (૪) જપ્ત કરેલ વાહનો પૈકી કેટલાં પેનલ્ટી ભરવા તેયાર હતા છતાં છોડવામાં આવ્યા નથી અને તેના શાં કારણો છે? | (૪) ૨ કેસોમાં પેનલ્ટી ભરવા તૈયાર હોવા છતાં વિશેષ તપાસ માટે વાહનો રોક્વામાં આવ્યા છે. |

-----------

**પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે કોમ્યુનિટી હોલ બનાવવાની યોજના**

૧૬૪૩૦ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં પોલીસ કર્મચારીઓના પરિવારનાં સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા કોમ્યુનીટી હોલ બનાવવામાં આવેલ છે? | (૨) ૩ (ત્રણ). |

-----------

**નેનો ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા દાખલ કરેલ યોજના**

૧૬૭૬૬**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં નેનો ટેક્નોલોજી જેવા અદ્યતન વિષયને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે કોઈ યોજના કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

(૨) રાજ્યમાં નેનો ટેક્નોલોજી જેવા અદ્યતન વિષયને પ્રોત્સાહન આપવા માટે રાજ્યમાં છ યુનિવર્સિટીમાં સેન્ટર ઓફ એક્સેલન્સ શરૂ કરવામાં આવેલ છે.

નેનો ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે ૧૯ જેટલા રાજ્ય/રાષ્ટ્રિય/આંતર રાષ્ટ્રિય કક્ષાના સેમિનાર/ સીમ્પોઝીયા યોજીને દેશ-વિદેશના નેનોસાયન્સ અને નેનો ટેક્નોલોજીના તજજ્ઞો, વૈજ્ઞાનિકો, ઉદ્યોગ સાહસિકોને આમંત્રિત કરી, રાજ્યની કોલેજો તેમજ યુનિવર્સિટિના પ્રાધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓને ટેક્નીકલ અને સંશોધનને લગતી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

## અમદાવાદ શહેરમાં પી.એન.જી. ગેસ કનેકશન આપવા બાબત

૧૬૮૦૧ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં પી.એન.જી.હેઠળ ઘરદીઠ ગેસ કનેકશન આપી બળતર પુરૂં પાડવાની કામગીરી તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં,
(૧) મેમનગર (૨) વેજલપુર (૩) જોધપુર (૪) બોડકદેવ (૫) થલતેજ (૬) ઘાટલોડિયા (૭) રાણીપ (૮) પાલડી (૯) વાસણા (૧૦) નારણપુરા (૧૧) નવરંગપુરા (૧૨) ગાંધીગ્રામ (૧૩) સ્ટેડિયમ (૧૪) જુના વાડજ (૧૫) નવા વાડજ (૧૬) નિર્ણયનગર (૧૭) મણિનગર (૧૮) કાંકરિયા (૧૯) ઇસનપુર (૨૦) વટવા (૨૧) ઘોડાસર (બાગ-એ-ફિરદોસ) (૨૨) મોટેરા અને (૨૩) ચાંદખેડા વિસ્તારોમાં ૭૩૪૦૪ ગ્રાહકોને ગેસ કનેકશનો આપવામાં આવેલ છે. જ્યારે ૧૮૦૪૫ ગ્રાહકોને ગેસ કનેકશન આપવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

(૨) તે અન્વયે કેટલા ઘરોને ગેસ આપવાનું આયોજન છે?

(૨) સને ૨૦૧૦-૧૧માં અમદાવાદ શહેરમાં ખંડ (૧)માં દર્શાવેલ ઉપર્યુક્ત વિસ્તારોમાં ૫૦,૦૦૦ ડોમેસ્ટીક ગેસ કનેકશનો આપવા ઉપરાંત નીચે દર્શાવેલ નવા વિસ્તારોને આવરી લઇ જરૂરિયાત મુજબનો ગેસ પૂરો પાડવાનું આયોજન છે.

(૧) સાબરમતી (૨) નરોડા (૩) બાપુનગર (૪) ખાડિયા (૫) દાણીલીમડા (૬) ચાંદલોડિયા (૭) મકરબા (૮) શાહીબાગ (૯) ગીરધરનગર (૧૦) શાહપુર (૧૧) ખાનપુર.

## કચ્છ જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ માટેની અરજીઓ

૧૫૮૮૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા)માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમ્યાન કચ્છ જિલ્લામાં કુટિર ઉદ્યોગો માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ ૨૦૦૮ | મળેલ અરજીઓ ૨૦૦૯ |
|---|---|---|---|
| ૧ | ભૂજ | ૬૮૮ | ૯૪૩ |
| ૨ | અંજાર | ૨૮૦ | ૪૩૩ |
| ૩ | ગાંધીધામ | ૭૪ | ૯૯ |
| ૪ | ભચાઉ | ૧૧૭ | ૧૦૯ |
| ૫ | રાપર | ૫૦ | ૧૩૧ |
| ૬ | મુન્દ્રા | ૧૧૧ | ૮૪ |
| ૭ | માંડવી | ૧૧૪ | ૨૩૪ |
| ૮ | નખત્રાણા | ૧૧૫ | ૧૭૦ |
| ૯ | અબડાસા | ૫૩ | ૧૦૭ |
| ૧૦ | લખતર | ૩૫ | ૧૪૧ |
| | **કુલ :** | **૧૬૩૭** | **૨૪૫૧** |

(૨) કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨) ૨૦૦૮ - ૪૧૧
૨૦૦૯ - ૫૯૩

(૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

(૩) શક્ય તેટલી ઝડપથી.

**જામનગર જિલ્લામાં ધાડ અને લૂંટના બનાવો**

૧૬૭૬૪**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં ધાડ અને લૂંટના કેટલા કેસો નોંધાયા, | (૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ધાડના ૫ અને લૂંટના ૧૧ કેસો નોંધાયા છે. |
| (૨) તે અન્વયે કેટલા ગુનેગારો પકડાયા, અને | (૨) તે અન્વયે ધાડના ગુનાઓમાં ૨૯ આરોપીઓ અને લૂંટના ગુનાઓમાં ૧૬ આરોપીઓ પકડાયેલ છે. |
| (૩) ઉક્ત ગુનેગારો વિરૂધ્ધ શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) ઉક્ત ગુનેગારો વિરૂધ્ધ કાયદા મુજબ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. |

---------

**કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં આપવામાં આવેલ લીઝ**

૧૬૮૩૬**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં લીઝ (ખનીજ) આપવા માટે બ્લોક બનાવીને લીઝ આપવાની જે નીતિ સરકારે અમલમાં મૂકી છે તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં કેટલી લીઝ જિલ્લાવાર આપવામાં આવી, અને | (૧) એમ.એમ.ડી.આર. એકટ-૧૯૫૭ ની કલમ ૧૧(૨) ના પંરતુક હેઠળ અને રાજ્ય સરકારે કેટલાક ખનિજો માટેની જાહેર કરેલ સૂચનાઓ મુજબ કચ્છ જિલ્લામાં લાઈમસ્ટોનના ૪૪ બ્લોક અને ચાઈનાક્લેનાં ૯ બ્લોક તથા જૂનાગઢ જિલ્લાનાં લાઈમસ્ટોન ખનિજ ધરાવતા ૪ બ્લોક ખાણકામ માટે ઉપલબ્ધ કરવા જાહેરનામાં બહાર પાડવામાં આવ્યા છે. જાહેરનામામાં જણાવેલ સમયમર્યાદામાં મળેલ અરજીઓની ચકાસણી થયેથી લીઝ વિસ્તાર ઉપલબ્ધ કરવામાં આવશે.<br>સુરત જિલ્લામાં તાપી નદીમાં પ્રાયોગિક ધોરણે રેતી ખનિજ માટેના ૧૦ બ્લોક્ની હરાજીથી ફાળવણી કરવામાં આવી છે. |
| (૨) બ્લોક બનાવી લીઝ આપવાની નીતિ અગાઉની જુની પડતર અરજીઓ અંગે સરકારે શો નિર્ણય લીધો છે? | (૨) કચ્છ અને જૂનાગઢ જિલ્લાનાં જાહેર થયેલ બ્લોક વિસ્તારમાનાં કોઈપણ વિસ્તાર માટેની જુની પડતર અરજીઓની વિચારણા એમ.એમ. (ડી એન્ડ આર) એક્ટ, ૧૯૫૭ ની કલમ-૧૧(૨) ના પરંતુક્ની જોગવાઈ મુજબ નવી અરજીઓની સાથે વિચારણા કરવામાં આવનાર છે.<br>જે વિસ્તારોની જાહેર હરાજીથી ફાળવણી કરવાનો નિર્ણય થાય, તેમાં જૂનાં અરજદારો પણ ભાગ લઈ શકે છે. |

---------

**ભાવનગર જિલ્લામાં તાલુકામાં નવીન જી.આઈ.ડી.સી. શરૂ કરવા બાબત**

૧૬૮૦૦ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૯-૧૦ના વર્ષમાં ભાવનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં નવીન જી.આઈ.ડી.સી. શરૂ કરવાનું આયોજન છે, અને | (૧) ભાવનગર જિલ્લાનાં ભાવનગર અને વલ્લભીપુર તાલુકામાં વસાહત સ્થાપવા અંગેનું આયોજન વિચારણામાં છે. |
| (૨) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે? | (૨) ઓદ્યોગિક વસાહત સ્થાપવા માટે યોગ્ય જમીનની ચકાસણી કરવામાં આવી રહી છે. |

---------

### માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતાં ગુજરાત પાક્ષિકના અંકો

૧૫૮૩૨ **શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતાં ગુજરાત પાક્ષિકનાં વર્ષવાર કેટલા અંકો છપાયા, અને તેની પાછળ ખર્ચ થયો, અને

(૨) ગુજરાત પાક્ષિકનાં વાર્ષિક લવાજમ પેટે વર્ષવાર કેટ કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં માહિતી ખાતા દ્વારા ગુજરાત પાક્ષિકનાં વર્ષવાર છપાયેલ અંકો અને તેની પાછળ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | અંકોની સંખ્યા | ખર્ચ-રૂ.લાખમાં |
|---|---|---|
| ૨૦૦૭ | ૧૮ | ૫૮૩.૬૪ |
| ૨૦૦૮ | ૨૩ | ૬૬૨.૩૩ |
| ૨૦૦૯ | ૧૭ | ૬૮૭.૯૫ |

(૨) ગુજરાત પાક્ષિકનાં વાર્ષિક લવાજમ પેટે વર્ષવાર થયેલ આવકની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | આવક રૂ.લાખમાં |
|---|---|
| ૨૦૦૭ | ૦૯.૩૩ |
| ૨૦૦૮ | ૧૪.૦૪ |
| ૨૦૦૯ | ૧૧.૯૬ |

---------

### નર્મદા યોજનાનું કચ્છ શાખાનું કામ

૧૬૫૭૩**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની કચ્છ શાખાનું કામ તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) યોજના પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) કેટલા સમયમાં કચ્છ વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ શાખા નહેરની ૪૩.૯૩ કિલોમીટર લંબાઈમાં કામો પૂર્ણ થયેલ છે અને ૩૨.૦૭ કિલોમીટર લંબાઈના કામો પ્રગતિમાં છે.

(૨) આ યોજના પાછળ રૂ.૧૮૪.૨૫ કરોડ ખર્ચ થયેલ છે.

(૩) કચ્છ વિસ્તારમાં વેળાસર સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે.

---------

### બનાસકાંઠા જિલ્લામાં ફિડરોનું વિભાજન

૧૬૮૦૨**શ્રી વસંતભાઈ ભટોળ(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) જુદી-જુદી કક્ષાના વીજ ગ્રાહકોને પૂરતા દબાણે વીજ પૂરવઠો મળી રહે તે હેતુસર નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ રૂા. ૧૫૪૩.૧૮ લાખના ખર્ચે ૧૧૨ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

---------

### ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ૬૬ કે.વી.ના વીજ સબસ્ટેશનો

૧૬૭૯૮**શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકા વાઈઝ કેટલા ૬૬ કે.વી.ના સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકા વાઈઝ કુલ ૧૩ (તેર) ૬૬ કે.વી.ના સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા છે, જેની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સબસ્ટેશનનું નામ |
|---|---|---|
| ૧. | મહુવા | ૬૬ કે.વી. દાથા |
| ૨. | તલાજા | ૬૬ કે.વી. દિહોર |
| ૩. | મહુવા | ૬૬ કે.વી. વાંગર |
| ૪. | તલાજા | ૬૬ કે.વી. પસ્વી |
| ૫. | ઉમરાલા | ૬૬ કે.વી. ધરવાડા |
| ૬. | ગઢડા | ૬૬ કે.વી. માલપરા |
| ૭. | પાલીતાણા | ૬૬ કે.વી. કુંભણ |
| ૮. | પાલીતાણા | ૬૬ કે.વી. બોડાનાનેસ |
| ૯. | ભાવનગર | ૬૬ કે.વી. સરદારનગર (શ્રમજીવી સોસાયટી) |
| ૧૦. | વલ્લભીપુર | ૬૬ કે.વી. મોટીધરઈ |
| ૧૧. | ઘોઘા | ૬૬ કે.વી. નાથુગઢ |
| ૧૨. | વલ્લભીપુર | ૬૬ કે.વી. પાણવી |
| ૧૩. | સિહોર | ૬૬ કે.વી. સર |

(૨) તે પેકી કેટલા કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકીના કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૨) અને (૩) : મંજૂર થયેલ ૬૬ કે.વી.ના ૧૩ સબસ્ટેશનમાં ૧૦ (દસ) સબસ્ટેશનોના કામ પૂર્ણ થયેલ છે. બાકી રહેલા સબ સ્ટેશનોનું કામ પ્રગતિ હેઠળ છે, જે શક્ય ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી ખેડૂતોના મોટર પમ્પ સેટ બદલવા બાબત

૧૬૭૬૧**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં ઉર્જા વિભાગ દ્વારા હયાત મોટર પમ્પ સેટ વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવાની યોજના અમલમાં છે કે કેમ,

(૧) ઉર્જા સંરક્ષણના હેતુ માટે અને ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોના હયાત ખેતીવાડી પમ્પસેટ બદલી ઉર્જા કાર્યક્ષમ (એનર્જી એફીશીયન્ટ) પમ્પસેટ લગાડવાની યોજના જુલાઈ-૨૦૦૮ માં પ્રાયોગિક ધોરણે પ્રથમ તબક્કામાં રાજ્યના ૬ જિલ્લાઓના ૧૧ તાલુકાઓમાં અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનામાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને પ્રાંતિજ તાલુકાનો સમાવેશ થાય છે.

(૨) જો હા, તો ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા અને મેઘરજ તાલુકાઓમાં કેટલા આદિવાસી ખેડૂતોના મોટર પમ્પ સેટ તાલુકાવાર બદલવામાં આવ્યા, અને એની પાછળ સહાય રૂપે સરકારે કેટલો ખર્ચ કર્યો, અને

(૨) આ યોજના પ્રાયોગિક ધોરણે હોઈ આ તાલુકાઓમાં અમલમાં મૂકવામાં આવેલ નથી.

(૩) જો ના, તો આદિવાસી વિસ્તારોના ખેડૂતોને આ લાભ ન આપવાના કારણો શાં છે?

(૩) આ યોજના પ્રથમ તબક્કે પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવામાં આવેલ હોઈ તેના મૂલ્યાંકન બાદ બીજા તબક્કામાં વધુ જિલ્લા-તાલુકાઓનો સમાવેશ કરવાની વિચારણા થઈ શકશે.

---------

## પંડિત દીનદયાળ યુનિવર્સિટીને આંતર રાષ્ટ્રિય યુનિવર્સિટી બનાવવા બાબત

૧૬૫૨૫ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંડિત દીનદયાલ યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રિય કક્ષાની વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી બનાવવા આંતરરાષ્ટ્રીય કક્ષાએ કોઈ કરારો કરવામાં આવ્યા છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કઈ સંસ્થાઓ સાથે ક્યારે કરારો કરવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | સંસ્થાનું નામ | કરારની તારીખ |
|---|---|---|
| ૧. | યુનિવર્સિટી ઓફ હ્યુસ્ટન, ટેક્સાસ | તા. ૨૫-૧૦-૨૦૦૯ |
| ૨. | યુનિવર્સિટી ઓફ તુલ્સા | તા. ૫-૧૧-૨૦૦૯ |

| | |
|---|---|
| | ૨. યુનિવર્સિટી ઓફ તુલ્સા — તા. ૫-૧૧-૨૦૦૯ |
| | ૩. જોર્જીયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, એટલાન્ટા — તા. ૨૧-૧૧-૨૦૦૯ |
| | ૪. યુનિવર્સિટી ઓફ ઓક્લાહોમા — તા. ૧૨-૧-૨૦૧૦ |
| (૩) તેની વિગતો શી છે? | (૩)<br>૧. ઉર્જા ક્ષેત્રે સંયુક્ત પણે સંશોધન કાર્ય કરવા માટે કરાર.<br>૨. ઉર્જા ક્ષેત્રે સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવા માટે કરાર.<br>૩. સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓના આદાન પ્રદાન માટે કરાર.<br>૪. શિક્ષકોના આદાન પ્રદાન માટે કરાર.<br>૫. અભ્યાસક્રમમાં યોગ્ય સુધારા માટે કરાર<br>૬. આંતરરાષ્ટ્રીય ક્ક્ષાના સેમીનાર અને શૈક્ષણિક ચર્ચાઓમાં શિક્ષકોની ભાગીદારી માટે કરાર.<br>૭. શૈક્ષણિક સાહિત્ય, પ્રકાશન, બીજી માહિતીઓના આદાન પ્રદાન માટે કરાર.<br>૮. સંયુક્ત રીતે શૈક્ષણિક ગુણવત્તાના ધોરણો વધારવા માટે કરાર. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર માટી, રેતી, મેટલ અને અન્ય ગૌણ ખનીજોની લીઝ આપવા બાબત**

૧૬૪૫૩**શ્રી અનિલકુમાર માળી(દિયોદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર માટી, રેતી, મેટલ અને અન્ય ગૌણ ખનીજોની કેટલી લીઝ આપવામાં આવી છે, | (૧) ૮ ક્વોરી લીઝ. |
| (૨) સરકારને રોયલ્ટીનું નુક્સાન ન થાય તે માટે વર્ષમાં કેટલીવાર ચેકીંગ કરવામાં આવ્યું, અને | (૨) ૭૫ વાર. |
| (૩) ચેકીંગ દરમિયાન ખનીજ ચોરી અંગે કેટલી વ્યક્તિ સામે શાં શાં પગલાં ભરી કેટલો દંડ વસૂલવામાં આવ્યો? | (૩) કુલ ૧૭૦ વ્યક્તિઓ પૈકી ૧૬૮ વ્યક્તિઓ સામે દંડનાત્મક કાર્યવાહી કરી રૂા. ૯.૮૨ લાખ નો દંડ વસૂલવામાં આવેલ છે અને તેમજ ૨ ઈસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. |

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯માં થયેલા એમ.ઓ.યુ.**

૧૬૮૧૫**શ્રી બાબુભાઈ પટેલ(દસકોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ દરમ્યાન કેટલા એમ.ઓ.યુ. થયા, | (૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૯ દરમ્યાન વ્યક્તિગત ધોરણે ૩૩૪૬ એમ.ઓ.યુ. (૩૫૭૪ પ્રોજેક્ટ માટે) અને વિવિધ ૭ એસોશિયેશન સાથે ૫૩૧૪ એમ કુલ ૮૬૬૦ એમ.ઓ.યુ. થયા છે. |
| (૨) આ અંગે રાજ્યમાં અંદાજે કેટલું મૂડી રોકાણ થશે અને | (૨) રૂા. ૧૨,૩૭,૫૭૧/-કરોડ અને |

થશે, અને

(૩) આ સમયમાં થયેલ એમ.ઓ.યુ.ની પ્રગતિની સમીક્ષા માટે ક્યા તબક્કા નક્કી કરવામાં આવેલ છે?

(૩) આ મૂડીરોકાણ મોનીટરીંગ કરવા માટે અદ્યતન ઈન્ટિગ્રેટેડ મોનીટરીંગ સિસ્ટમ (આઈ.એમ.એસ.) સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે. સોફ્ટવેરમાં મુખ્યત્વે ચાર તબક્કા નક્કી કરવામાં આવ્યા છે.

(૧) પ્રોજેક્ટ કમીશન્ડ, (જમીન મેળવી, જરૂરી મંજૂરી મેળવી ઉત્પાદનમાં ગયા હોય તેવા પ્રોજેક્ટ)

(૨) પ્રોજેક્ટ અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન (જમીન મેળવી, બાંધકામ શરૂ કરેલ હોય અથવા કોઈ એક મંજૂરી મેળવી હોય કે તે માટે અરજી કરી હોય) (૩) પ્રોજેક્ટ ડ્રોપ (એકમ તરફથી નોડલ ઓફિસરને પ્રોજેક્ટ પડતો મૂકવાની જાણ કરી હોય) અને (૪) પ્રોજેક્ટ એટ પ્રિલીમીનરી સ્ટેજ (ઉપર-(૧), (૨) અને (૩) માં સમાવેશ ન થતાં હોય તેવા પ્રોજેક્ટ)

તા. ૦૬-૦૩-૨૦૧૦ની સ્થિતિએ મોટા ૧૬૫૩ પ્રોજેક્ટ (૧૪૨૫ એમ.ઓ.યુ.) પૈકી ૭૫૩ પ્રોજેક્ટ (૪૫.૫૫%) કમિશન્ડ અને અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન છે. વ્યક્તિગત ધોરણે થયેલ એસએમઈના ૧૯૨૧ પ્રોજેક્ટ (૧૯૨૧ એમ.ઓ.યુ.) પૈકી ૧૩૬૧ પ્રોજેક્ટ (૭૦.૮૪%) કમિશન્ડ અને અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન છે. જ્યારે ૬૧ પ્રોજેક્ટ (૦.૬૮%) પડતાં મૂકવામાં આવ્યા છે. અમલીકરણ હેઠળના પ્રોજેક્ટની કામગીરી ચાલુ છે જે આગામી સમયમાં પૂરા થવાની સંભાવના છે.

---------

**ભાવનગર જિલ્લામાં નાણાં ભરેલ હોવા છતાં કૃષિ વીજ કનેક્શનથી વંચિત**

૧૬૬૦૬ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા)માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કૃષિવીજ જોડાણ માટે નાણા ભરાઈ ગયેલ હોવા છતાં વીજ જોડાણ આપવામાં આવેલ નથી તેવી તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટે નાણાં ભરાઈ ગયેલ હોય તેવી તાલુકાવાર પડતર અરજીઓ નીચે મુજબ છે.

| તાલુકો | નાણાં ભરાઈ ગયેલ હોય તેવી પડતર અરજીઓ |
|---|---|
| ભાવનગર | ૧૮ |
| ઘોઘા | ૪૨ |
| તળાજા | ૩૧ |
| મહુવા | ૪૯ |
| પાલીતાણા | ૨૯ |
| ઉમરાળા | ૩૮ |
| વલ્લભીપુર | ૭૭ |
| ગઢડા | ૧૮૬ |
| બોટાદ | ૮૪ |
| શીહોર | ૨૪ |
| ગારીયાધાર | ૫૧ |

(૨) પૈસા ભરાઈ ગયા હોવા છતાં વીજ કનેક્શનો સત્વરે નહીં આપવાનાં કારણો શાં છે?

(૨) ખેતી વિષયક વીજ જોડાણો માટે અંદાજપત્રના નાણાં ટૂંક સમયમાં ભરપાઈ થતાં, આ તમામ અરજદારોને એક સાથે વીજ જોડાણ આપવું શક્ય બનતું નથી. પડતર અરજીઓ અંગે તબક્કાવાર વીજ જોડાણ આપવાનું આયોજન કરવામાં આવે છે. ઉક્ત પડતર

અરજીઓ પેકી ૩૯૪ અરજદારોને ફેબ્રુઆરી-૨૦૧૦માં વીજ જોડાણ આપવામાં આવ્યા છે. બાકીના ૨૩૫ અરજદારો પેકી ૨૧૫ અરજદારોને વીજ જોડાણ આપવાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને ૨૦ અરજદારોને વીજ જોડાણ આપવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલી હતી. પરંતુ, પડોશના ખેડૂતો દ્વારા વાંધો લેવામાં આવેલ છે. જે દૂર થતાં વીજ જોડાણની કામગીરી વેળાસર હાથ ધરવામાં આવશે.

---------

## આણંદ જિલ્લામાં ખનીજ ચોરીના કેસ

૧૬૬૮૩ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં ખનીજ ચોરીના કેટલા ઈસમો સામે કેસો કરવામાં આવ્યા, અને

(૨) વર્ષવાર તેમની પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં વર્ષવાર ઈસમો સામે થયેલ કેસો અને વસૂલ થયેલ દંડની રકમ નીચે મુજબ છે.

| વર્ષ | ખનીજ ચોરીના અંગે કરેલ કેસો | કરેલ વસુલાતની રકમ |
|---|---|---|
| ૨૦૦૭ | ૮૨ | રૂા.૫,૭૧,૦૦૦/- |
| ૨૦૦૮ | ૫૧ | રૂા.૩,૧૧,૦૦૦/- |
| ૨૦૦૯ | ૭૩ | રૂા.૬,૨૭,૦૦૦/- |
| **કુલ :** | ૨૦૬ | **રૂા.૧૫,૦૯,૦૦૦/-** |

---------

## કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં આપવામાં આવેલ લીઝ

૧૬૮૨૭ **શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખનીજ લીઝ આપવા માટે બ્લોક બનાવીને લીઝ આપવાની જે નીતિ સરકારે અમલમાં મૂકી છે તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં કેટલી લીઝ જિલ્લાવાર આપવામાં આવી, અને

(૨) બ્લોક બનાવી લીઝ આપવાની નવી નીતિ અન્વયેની અગાઉની જુની પડતર અરજીઓ અંગે સરકારે શો નિર્ણય લીધો છે ?

**જવાબ**

(૧) એમ.એમ.ડી.આર. એકટ-૧૯૫૭ ની કલમ-૧૧(૨) ના પરંતુક હેઠળ અને રાજ્ય સરકારે કેટલાક ખનીજો માટેની જાહેર કરેલ સૂચનાઓ મુજબ કચ્છ જિલ્લામાં લાઈમસ્ટોનના ૪૪ બ્લોક અને ચાઈના ક્લેનાં ૯ બ્લોક તથા જૂનાગઢ જિલ્લાનાં લાઈમસ્ટોન ખનીજ ધરાવતા ૪ બ્લોક ખાણકામ માટે ઉપલબ્ધ કરવા જાહેરનામાં બહાર પાડવામાં આવ્યા છે. જાહેરનામામાં જણાવેલ સમયમર્યાદામાં મળેલ અરજીઓની ચકાસણી થયેથી લીઝ વિસ્તાર ઉપલબ્ધ કરવામાં આવશે.

સુરત જિલ્લામાં તાપી નદીમાં પ્રાયોગિક ધોરણે રેતી ખનીજ માટેના ૧૦ બ્લોકની હરાજીથી ફાળવણી કરવામાં આવી છે.

(૨) કચ્છ અને જૂનાગઢ જિલ્લાનાં જાહેર થયેલ બ્લોક વિસ્તારમાંના કોઈપણ વિસ્તાર માટેની જુની પડતર અરજીઓની વિચારણા એમ.એમ. (ડી એન્ડ આર) એકટ, ૧૯૫૭ની કલમ-૧૧(૨) ના પરંતુકની જોગવાઈ મુજબ નવી અરજીઓની સાથે વિચારણા કરવામાં આવનાર છે.

જે વિસ્તારોની જાહેર હરાજીથી ફાળવણી કરવાનો નિર્ણય થાય, તેમાં જૂનાં અરજદારો પણ ભાગ લઈ શકે છે.

---------

### અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર અકસ્માતના બનાવો

૧૬૬૦૧ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદથી રાજકોટ નેશનલ હાઈવે પર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે (૨) વર્ષમાં કેટલા વાહનો અકસ્માતનાં બનાવ બનેલા છે, અને

(૨) તેમાં કેટલાં ઈસમોના મરણ થયેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદથી રાજકોટ નેશનલ હાઈવે પર તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે (૨) વર્ષમાં ૧૩૭૭ વાહનો અકસ્માતનાં બનાવ બનેલ છે.

(૨) કુલ -૩૯૪ ઈસમોના મરણ થયેલ છે.

### જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં સબસીડી

૧૬૮૧૭**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલી સબસીડી આપવામાં આવી?

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે, વખતો વખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે. તથા વીજ બળતણના ભાવો, વીજ બળતણ સપ્લાય કરતી કેન્દ્ર સરકારના અંકુશ હેઠળની એજન્સીઓ જેવી કે, કોલ ઈન્ડિયા, ગેઈલ, ઓએનજીસી તથા પરિવહનના દરો રેલ્વે ઈન્ડિયા દ્વારા નક્કી કરાય છે. તેમ છતાં ખેડૂતોના હિતમાં ખેતી વિષયક વીજ ગ્રાહકો પર આવતો ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

તદઉપરાંત, મંજૂર થયેલ ખેતી વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂત પર નાખવામાં નથી આવતો પરંતુ, સરકાર દ્વારા સબસીડી સ્વરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદ્નુસાર, રાજ્યના માત્ર જુનાગઢ જિલ્લામાં જ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રૂ.૧૫૬.૦૬ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે.

### બનાસકાંઠા જિલ્લામાં વીજ સબ સ્ટેશનો

૧૬૪૫૫ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯-૧૦માં બનાસકાંઠામાં કેટલા વીજ સબ સ્ટેશન મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કેટલા વીજ સબ સ્ટેશન પૂર્ણ થયેલ છે, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૯-૧૦માં બનાસકાંઠા જિલ્લામાં ૬૬ કે.વી. ના ૮ (આઠ) વીજ સબ સ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા. જેની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | સબ સ્ટેશનનું નામ | તાલુકાનું નામ | કાર્યાવિંત કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧. | ૬૬ કે.વી.મલોત્રા | ધાનેરા | ૦૫-૧૨-૦૯ |
| ૨. | ૬૬ કે.વી.અસેડા | ડીસા | ૧૯-૦૧-૧૦ |
| ૩. | ૬૬ કે.વી.તરુઆ | થરાદ | |
| ૪. | ૬૬ કે.વી.બલોધન | ભાભર | |
| ૫. | ૬૬ કે.વી. ધડા (તેલપુરા) | ડીસા | |
| ૬. | ૬૬ કે.વી.શેરપુરા | ડીસા | |
| ૭. | ૬૬ કે.વી.પેછડલ | ડીસા | |
| ૮. | ૬૬ કે.વી.મીઠા | ભાભર | |

(૨) અને (૩) : તે પેકી તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં ૨ (બે) સબ સ્ટેશનોનું કામ પૂર્ણ થયેલ છે. બાકી રહેલા

(૩) કેટલા વીજ સબ સ્ટેશનનું કામ ચાલુ થયું નથી?

૬ (છ) સબ સ્ટેશનોનું કામ ગતીમાં છે.

---------

**કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં આપવામાં આવેલ લીઝ**

૧૬૮૪૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખનીજ લીઝ આપવા માટે બ્લોક બનાવીને લીઝ આપવાની જે નીતિ અમલમાં મૂકી છે તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં કચ્છ, સુરત અને જૂનાગઢ જિલ્લામાં કેટલી લીઝ જિલ્લાવાર આપવામાં આવી,

**જવાબ**

(૧) એમ.એમ.ડી.આર. એક્ટ-૧૯૫૭ ની કલમ-૧૧(૨) ના પરંતુક હેઠળ અને રાજ્ય સરકારે કેટલાક ખનીજો માટેની જાહેર કરેલ સૂચનાઓ મુજબ કચ્છ જિલ્લામાં લાઈમસ્ટોનના ૪૪ બ્લોક અને ચાઈનાક્લેનાં ૯ બ્લોક તથા જૂનાગઢ જિલ્લાનાં લાઈમસ્ટોન ખનીજ ધરાવતા ૪ બ્લોક ખાણકામ માટે ઉપલબ્ધ કરવા જાહેરનામાં બહાર પાડવામાં આવ્યા છે. જાહેરનામામાં જણાવેલ સમયમર્યાદામાં મળેલ અરજીઓની ચકાસણી થયેથી લીઝ વિસ્તાર ઉપલબ્ધ કરવામાં આવશે.

સુરત જિલ્લામાં તાપી નદીમાં પ્રાયોગિક ધોરણે રેતી ખનીજ માટેના ૧૦ બ્લોક્ની હરાજીથી ફાળવણી કરવામાં આવી છે.

**પ્રશ્ન**

(૨) બ્લોક બનાવી લીઝ આપવાની નીતિ અગાઉની જૂની પડતર અરજીઓ અંગે સરકારે શો નિર્ણય લીધો છે?

**જવાબ**

(૨) કચ્છ અને જૂનાગઢ જિલ્લાનાં જાહેર થયેલ બ્લોક વિસ્તારમાનાં કોઈપણ વિસ્તાર માટેની જુની પડતર અરજીઓની વિચારણા એમ.એમ. (ડી એન્ડ આર) એક્ટ, ૧૯૫૭ની કલમ-૧૧(૨) ના પરંતુક્ની જોગવાઈ મુજબ નવી અરજીઓની સાથે વિચારણા કરવામાં આવનાર છે.

જે વિસ્તારોની જાહેર હરાજીથી ફાળવણી કરવાનો નિર્ણય થાય, તેમાં જૂનાં અરજદારો પણ ભાગ લઈ શકે છે.

**પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં સરકારી જમીનમાં ખોદકામ કરવાની ફરિયાદો**

૧૫૯૮૪ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં સરકારી જમીનમાં ગેરકાયદેસર ખોદકામની કુલ કેટલી ફરિયાદો થયેલ,

**જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં ૧૪ અને જુનાગઢ જિલ્લામાં ૯૪ મળી કુલ ૧૦૮ ફરિયાદો થયેલ.

**પ્રશ્ન**

(૨) આ ખનીજચોરી કુલ કેટલા રૂપિયાની થઈ છે અને

**જવાબ**

(૨) કુલ રૂા. ૧૨,૬૪,૬૮,૪૩૫/-

**પ્રશ્ન**

(૩) આ ખનીજચોરી અટકાવવા શી કાર્યવાહી કરેલ છે?

**જવાબ**

(૩) વખતોવખત આકસ્મિક નિરીક્ષણો અને નિયમાનુસાર અનુવર્તી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

**ઓદ્યોગિક વિકાસ માટે ""મૂડી રોકાણ રીજીયન""ની પધ્ધતિ**

૧૬૪૫૧**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઓદ્યોગિક વિકાસ માટે ""મૂડીરોકાણ રીજીયન""ની પધ્ધતિ નક્કી કરવામાં આવી છે તેના શાં કારણો છે, અને

**જવાબ**

(૧) રાજ્યના ઓદ્યોગિક વિકાસની વ્યાપક બનતી જતી ક્ષિતિજો અને વૈશ્વિક માપદંડોની દ્રષ્ટિએ રાજ્યમાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો ગ્લોબલ ઈકોનોમીક હબ તરીકે વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે વિકાસ થાય તે માટે ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિક્સાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

(૨) રાજ્યમાં ઓદ્યોગિક વિકાસ માટે મૂડી રોકાણ રીજીયન બાબતે સરકારે તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ શાં પગલાં લીધેલ છે?

(૨) રાજ્ય સરકારે ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ-૨૦૦૯ પસાર કરી તેના હેઠળ તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ
૧. ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન
૨. ગુજરાત પેટ્રોલીયમ, કેમીકલ્સ અને પેટ્રોકેમીકલ્સ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન અને ૩. અલીયાબેટ એન્ટરટેઈનમેન્ટ એન્ડ ઈકો ડેવલપમેન્ટ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન જાહેર કરેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં સબસીડી**

૧૬૮૧૩ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઈ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં કેટલી સબસીડી આપવામાં આવી?

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે, વખતો વખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે. તથા વીજ બળતણના ભાવો, વીજ બળતણ સપ્લાય કરતી કેન્દ્ર સરકારના અંકુશ હેઠળની એજન્સીઓ જેવી કે, કોલ ઈન્ડિયા, ગેઈલ, ઓએનજીસી તથા પરિવહનના દરો રેલ્વે ઈન્ડિયા દ્વારા નક્કી કરાય છે. તેમ છતાં ખેડૂતોના હિતમાં ખેતી વિષયક વીજ ગ્રાહકો પર આવતો ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

તદઉપરાંત, મંજૂર થયેલ ખેતી વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂત પર નાખવામાં નથી આવતો પરંતુ, સરકાર દ્વારા સબસીડી સ્વરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદ્દનુસાર, રાજ્યના માત્ર ગાંધીનગર જિલ્લામાં જ નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮માં રૂ.૫૩.૩૮ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે.

**વડોદરા જિલ્લામાં ઓઈલ ચોરીના ગુનાઓ**

૧૬૭૭૪**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આઈ.ઓ.સી. અને ઓ.એન.જી.સી.ની પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરી થવાના કેટલા ગુના નોંધાયા,

(૨) તે પેકી કેટલી કિંમતનો મુદ્દામાલ પકડવામાં આવ્યો, અને

(૩) આ ગુનાખોરીના ષડયંત્રમાં કેટલા લોકો સંકળાયેલા છે?

**જવાબ**

(૧) આઈ.ઓ.સી. પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરીનો ૧ (એક) ગુનો અને ઓ.એન.જી.સી. પાઈપ લાઈનમાંથી ૪ (ચાર) ગુના એમ કુલ ૫ (પાંચ) ગુના નોંધાયેલ છે.

(૨) તે પેકી રૂા. ૧૬,૬૯,૦૮૦/-નો મુદ્દામાલ પકડવામાં આવ્યો.

(૩) આ ગુનાખોરીમાં ૩૨ (બત્રીસ) આરોપીઓ સંડોવાયેલા છે.

---------

### ઘરેલું વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક્સીટી ડ્યૂટીમાં રાહત

૧૬૭૬૭**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય દ્વારા ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઘરેલુ વીજ વપરાશકારોને ઈલેક્ટ્રીક્સીટી ડયૂટીમાં કોઈ રાહત આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેનાથી વીજ ગ્રાહકોને કેટલો ફાયદો થયો?

**જવાબ**

(૧) અને (૨) : છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં વિદ્યુત શૂલ્કમાં રૂા. ૧૫૯ કરોડની રાહત આપવામાં આવેલ છે.

---------

### પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતાનું ઉત્પાદન મેળવવા બાબત

૧૬૫૨૭**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન ડિસેમ્બર-૨૦૦૯ સુધીમાં રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન મેળવવા માટે સરકારે શાં પગલાં લીધાં છે?

**જવાબ**

રાજ્યમાં પવન ઉર્જા દ્વારા વીજળી ઉત્પાદન માટેની વિપુલ શક્યતાઓ ધ્યાને રાખી આ ક્ષેત્રનો વધુ વિકાસ થાય તે માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૭માં જાહેર કરેલ પવન ઉર્જાની પ્રોત્સાહન નીતિમાં વર્ષ ૨૦૦૯માં યોગ્ય સુધારા કરી તેનો અમલ કરેલ છે.

---------

### રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગની અરજીઓ

૧૫૮૨૨**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ધોરાજી | ૪૩૮ |
| ૨ | ગોંડલ | ૭૫૪ |
| ૩ | જોમકંડોરણા | ૧૬૪ |
| ૪ | જસદણ | ૪૧૫ |
| ૫ | જેતપુર | ૪૩૧ |
| ૬ | કોટડાસાંગાણી | ૧૫૩ |
| ૧ | ૨ | ૩ |
| ૭ | લોધીકા | ૭૪ |
| ૮ | માળીયામીયાંણા | ૧૦૦ |
| ૯ | મોરબી | ૩૫૯ |
| ૧૦ | પડધરી | ૧૪૮ |
| ૧૧ | રોજકોટ | ૨૭૩૫ |
| ૧૨ | ટંકારા | ૧૯૧ |
| ૧૩ | ઉપલેટા | ૬૯૦ |
| ૧૪ | વાંકાનેર | ૩૦૩ |
| | **કુલ :** | **૬૯૫૫** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) ૧૯૬૧.

(૩) કેટલી અરજીઓ પડતર છે તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

(૩) પડતર અરજીઓ-૨૩૨૨
શક્ય તેટલી ઝડપથી.

---------

### કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામે ગોચરની જમીનમાંથી સિમેન્ટ કંપનીને માઈનીંગ લીઝની મંજૂરી

૧૫૮૪૬ **શ્રી ધીરસિંહ બારડ(કોડીનાર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામે ગોચરની જમીન સર્વે નં. ૨૩૫ અને સર્વે નં. ૨૩૭માંથી સિમેન્ટ કંપનીને માઈનીંગ લીઝની મંજૂરી આપેલ છે તે હકિક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત માઈનીંગ લીઝની તા. ૧૮-૯-૦૯ના રોજ રોયલ્ટી ઈન્પેક્ટર, વેરાવળએ કરેલ પંચનામામાં સોમત નદીના કાંઠાને તોડેલ છે, સ્મશાન છાપરીને નુક્શાન પહોંચાડેલ છે તેમજ સર્વે નં. ૨૩૫ની બાકી રહેલ જમીનને નુક્શાન પહોંચાડેલ છે તે હકિક્તે દર્શાવેલ છે તે હકિક્ત સાચી છે, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો સર્વે નં. ૨૩૫ તથા સર્વે નં. ૨૩૭માં નિયમ વિરૂધ્ધ કરેલ માઈનીંગ કામનું સર્વે કરી થયેલ ખનીજ ચોરી, સોમત નદીના કાંઠાને અને સ્મશાન છાપરીને થયેલ નુક્શાન અંગે સિમેન્ટ કંપની સામે ફોજદારી કે પાસા તળે કાર્યવાહી કરવા માંગો છો કે કેમ, અને | (૩) અને (૪) : લીઝ વિસ્તાર બહાર ધ્યાને આવેલ ખાણકામ માટે રૂ. ૪૨,૩૩,૬૦૦/-ની રકમના દંડ વસુલાત માટે નોટીસ આપી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. |
| (૪) જો હા, તો ક્યારે, કેટલા સમયમાં કરવામાં આવશે? | |

### જામ જોધપુર અને લાલપુર તાલુકામાં લાઈમ સ્ટોનની લીઝ

૧૬૬૭૯**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં આવેલ દિગ્વિજય સિમેન્ટ કંપની દ્વારા જામજોધપુર અને લાલપુર તાલુકામાં લાઈમસ્ટોન લીઝની મુદત પૂરી થઈ હોવા છતાં જાન્યુ.-૨૦૧૦ની સ્થિતિએ ખનીજ ખોદકામ ગેરકાયદેસર ચાલુ રાખેલ છે તે હકીક્તથી સરકાર વાકેફ છે કે કેમ,<br>(૨) ગેરકાયદેસર ખનીજ ખોદકામ અટકાવવામાં નિષ્ફળ ગયેલ જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં લેવાયા છે, અને<br>(૩) આ સિમેન્ટ કંપની દ્વારા ગેરકાયદેસર ખોદકામ કાયમી ધોરણે અટકાવવા સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૧), (૨) અને (૩) મંજુર કરાયેલ લીઝોની સમય મર્યાદા પૂર્ણ થતાં અગાઉ કંપનીએ સમય મર્યાદામાં રીન્યુઅલ માટેની અરજીઓ કરેલ છે અને તેથી તેઓ મીનરલ કન્સેસન્સ રૂલ્સ ૧૯૬૦ના નિયમ-૨૪(એ) હેઠળ રીન્યુઅલ અરજી પર નિર્ણય થાય ત્યાં સુધી ખાણકામ ચાલુ રાખી શકે છે. આ સંદર્ભમાં આ લીઝ વિસ્તારોમાં ગેરકાયદેસર ખાણકામનો તથા તે બાબતે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### વડોદરા જિલ્લામાં તાલુકાવાર રેતીની લીઝ મંજૂર કરવા બાબત

૧૫૮૮૬**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર રેતીની કેટલી લીઝ મંજૂર થયેલ છે, | (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર મંજૂર થયેલ રેતીની લીઝો. |

| અ.નં. | તાલુકો | મંજૂર કરેલ લીઝો |
|---|---|---|
| ૧ | સંખેડા | ૧૦૦ |
| ૨ | કરજણ | ૭૦ |
| ૩ | જેતપુર-પાવી | ૩૭ |
| ૪ | ડભોઈ | ૧૨ |
| ૫ | સાવલી | ૦૭ |
| ૬ | છોટા ઉદેપુર | ૦૮ |
| ૭ | વાઘોડીયા | ૦૨ |
| ૮ | શીનોર | ૦૨ |
| ૯ | વડોદરા | ૦૨ |
| ૧૦ | પાદરા | ૦૧ |
| | **કુલ** | **૨૪૧** |

(૨) ગેરકાયદેસર રેતી વહન કરવા માટે છેલ્લાં એક વર્ષમાં કેટલા કેસો કરવામાં આવ્યા,

(૨) ૧૦૨

(૩) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, અને

(૩) ૩૩ વાહનો તપાસ માટે રોકવામાં આવેલ.

(૪) તાલુકાવાર કેટલા ઈસમોને દંડ કરવામાં આવ્યો?

(૪) તાલુકાવાર દંડ કરેલ ઈસમોની વિગત

| અ.નં. | તાલકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | સંખેડા | ૩૨ |
| ૨ | કરજણ | ૫ |
| ૩ | ડભોઈ | ૪૬ |
| ૪ | જેતપુર પાવી | ૩ |
| ૫ | સાવલી | ૧ |
| ૬ | છોટા ઉદેપુર | ૫ |
| ૭ | વાઘોડીયા | ૭ |
| ૮ | શીનોર | ૧ |
| ૯ | બોડેલી | ૨ |
| | કુલ | ૧૦૨ |

---------

## પોલીસ કર્મચારીઓ માટે બનાવવામાં આવેલ આવાસના મકાનો

૧૬૮૧૯**શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલા) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર પોલીસ કર્મચારીઓ માટે કેટલા આવાસો બનાવવામાં આવ્યા, અને

(૨) આ અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) છેલ્લાં ત્રણ વર્ષમાં બનાવવામાં આવેલ વર્ષવાર આવાસો

| નાણાંકીય વર્ષ | | આવાસો |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | | ૨૪૨૨ |
| ૨૦૦૭-૦૮ | | ૮૦૫ |
| ૨૦૦૮-૦૯ | | ૩૫૭૬ |
| | **કુલ** | **૬૮૦૩** |

(૨)

| નાણાંકીય વર્ષ | | અંદાજિત ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | | ૯૩૫૮.૧૨ |
| ૨૦૦૭-૦૮ | | ૩૯૨૨.૦૯ |
| ૨૦૦૮-૦૯ | | ૨૧૬૧૫.૩૪ |
| | **કુલ** | **૩૪૮૯૫.૫૫** |

---------

## ગુજરાત મીનરલ્સ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સોસાયટીના નિયામકશ્રીઓ વિરૂધ્ધની ફરિયાદો

૧૬૮૨૫ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા(જામજોધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ગુજરાત મીનરલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટીના નિયામકશ્રીઓ વિરૂધ્ધની કેટલી ફરીયાદો મળી છે,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોમાં તથ્ય જણાય છે,

(૩) તથ્ય જણાયેલ ફરિયાદો અંગે નિયામક વિરૂધ્ધ શી કાર્યવાહી કરવામાં આવી અથવા કરવામાં આવનાર છે, અને

(૪) કેટલી ફરિયાદો પડતર છે અને પડતર રહેવાના કારણો શાં છે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : ૧ (એક) ફરિયાદ મળી છે અને તેની તપાસ ચાલુ છે.

---------

### કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજ ખાતાની કચેરીમાં પડતર અપીલો

૧૬૮૩૧ **શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજ ખાતાની તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ કેટલી અપીલો પડતર હતી, | (૧) કુલ-૨૩૧૯ અપીલ અરજીઓ પડતર. |
| (૨) તે પૈકી છેલ્લાં ત્રણ વર્ષમાં નવી કેટલી અપીલો મળેલ છે, | (૨) કુલ-૧૭૨૩ અપીલ અરજીઓ છેલ્લાં ત્રણ વર્ષમાં મળી. |
| (૩) છેલ્લાં એક વર્ષમાં કેટલી અપીલોનો નિકાલ થયો, અને | (૩) કુલ-૧૦૭ અપીલ અરજીઓનો નિકાલ. |
| (૪) અપીલો પડતર રહેવા બાબતે કસૂરવાર અધિકારી સામે સરકાર શાં પગલાં લેવા માગે છે ? | (૪) અપીલ નિકાલની કામગીરી અર્ધન્યાયીક પ્રક્રિયા છે. પડતર અપીલોની નિકાલની કાર્યવાહી ઝડપથી કરવાની પ્રક્રિયા હાથ ઉપર છે. |

---------

### ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિન અધિકૃત ખાણ કામ કરતાં તેમજ વહન કરતાં કિસ્સાઓ પકડવા અંગે

૧૬૮૩૭ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિન અધિકૃત ખાણકામ કરતાં તેમજ વહન કરતાં કેટલા કિસ્સા પકડવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિનઅધિકૃત ખાણ કામ કરતા ૯૫ અને વહન કરતા ૭૦૩ એમ કુલ ૭૯૮ કિસ્સાઓ પકડવામાં આવેલ છે. |
| (૨) કેટલાં વાહનો જપ્ત કરવામાં આવ્યા, | (૨) ૪૦૪ વાહનો પકડી રોકવામાં આવેલ છે. |
| (૩) કેટલાં વાહનો પેનલ્ટી લઇ છોડી મૂકવામાં આવ્યા અને તા.૨૬-૨-૧૦ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ માસથી કેટલાં વાહનો જપ્ત કરેલા પડયા છે, અને | (૩) પેનલ્ટી તેમજ બેંક ગેરંટી લઈને ૬૬૦ વાહનો છોડી મુક્વામાં આવ્યા છે. જ્યારે તા. ૨૬-૨-૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ માસથી રોકેલ વાહનોની સંખ્યા ૨૨ છે. |
| (૪) જપ્ત કરેલ વાહનો પૈકી કેટલાં પેનલ્ટી ભરવા તૈયાર હોવા છતાં છોડવામાં આવ્યાં નથી અને તેનાં શાં કારણો છે ? | (૪) ૨ કેસોમાં પેનલ્ટી ભરવા તૈયાર હોવા છતાં વિશેષ તપાસ માટે વાહનો રોકવામાં આવ્યા છે. |

---------

### કચ્છ, સુરત અને જુનાગઢ જિલ્લામાં આપવામાં આવેલ લીઝ

૧૬૮૩૨**શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ખનિજ લીઝ આપવા માટે બ્લોક બનાવીને લીઝ આપવાની જે નીતિ સરકારે અમલમાં મૂકી છે તે અન્વયે તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા છ માસમાં કચ્છ, સુરત, અને જૂનાગઢ જિલ્લામાં કેટલી લીઝ જિલ્લાવાર આપવામાં આવી, અને | (૧) એમ.એમ.ડી.આર. એક્ટ-૧૯૫૭ની કલમ ૧૧(૨) ના પરંતુક હેઠળ અને રાજ્ય સરકારે કેટલાક ખનીજો માટેની જાહેર કરેલ સૂચનાઓ મુજબ કચ્છ જિલ્લામાં લાઈમસ્ટોનના ૪૪ બ્લોક અને ચાઈનાક્લેનાં ૯ બ્લોક તથા જૂનાગઢ જિલ્લાનાં લાઈમસ્ટોન ખનિજ ધરાવતા ૪ બ્લોક ખાણકામ માટે ઉપલબ્ધ કરવા જાહેરનામાં બહાર પાડવામાં આવ્યા છે, જાહેરનામામાં જણાવેલ સમય મર્યાદામાં મળેલ અરજીઓની ચકાસણી થયેથી લીઝ વિસ્તાર ઉપલબ્ધ કરવામાં આવશે.<br>સુરત જિલ્લામાં તાપી નદીમાં પ્રાયોગિક ધોરણે રેતી ખનીજ માટેના ૧૦ બ્લોકની હરાજીથી ફાળવણી કરવામાં આવી છે. |
| (૨) બ્લોક બનાવી લીઝ આપવાની નવી નીતિ | (૨) કચ્છ અને જુનાગઢ જિલ્લાનાં જાહેર થયેલ |

અગાઉની જુની પડતર અરજીઓ અંગે સરકારે શો નિર્ણય લીધો છે ?

બ્લોક વિસ્તારમાનાં કોઈ પણ વિસ્તાર માટેની જુની પડતર અરજીઓની વિચારણા એમ.એમ. (ડી એન્ડ આર) એક્ટ, ૧૯૫૭ની કલમ-૧૧(૨)ના પરન્તુકની જોગવાઈ મુજબ નવી અરજીઓની સાથે વિચારણા કરવામાં આવનાર છે.

જે વિસ્તારોની જાહેર હરાજીથી ફાળવણી કરવાનો નિર્ણય થાય, તેમાં જૂનાં અરજદારો પણ ભાગ લઈ શકે છે.

---------

## ગુજરાત ભવન, ન્યુ દિલ્હીમાં રાત્રિ રોકાણ

૧૬૬૮૪ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવી દિલ્હી ખાતે આવેલ ગુજરાત ભવનમાં તા.૩૧-૧-૧૦ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગુજરાત રાજ્યના કુલ કેટલા અધિકારી અને પદાધિકારીઓએ રાત્રી રોકાણ કરેલ છે, અને | (૧) ૬૨૭૫. |
| (૨) બીજા રાજ્યના આવા કેટલા વ્યક્તિઓએ રાત્રી રોકાણ કરેલ છે ? | (૨) ૧૪૭. |

---------

## ગાંધીનગરમાં ઘરફોડ ચોરીના બનાવો

૧૬૭૬૨**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગરમાં વર્ષવાર ઘરફોડ ચોરીના કેટલા કેસ નોંધાયા, | (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં ગાંધીનગરમાં ઘરફોડ ચોરીનાં નોંધાયેલ કેસોની વર્ષવાર માહિતી નીચે મુજબ છે. |

| સમયગાળો | નોંધાયેલ કેસો |
|---|---|
| તા. ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | ૪૫ |
| તા. ૧-૨-૦૮ થી ૩૧-૧-૦૯ | ૭૩ |
| તા. ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૯૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) એમાંથી કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા, અને કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને | (૨) ૧૦૦ આરોપીઓને પકડવામાં આવેલ છે, અને ૭૧ ગુનાઓ શોધાયેલ છે. |
| (૩) કેટલા ગુનેગારો પકડવાના બાકી છે ? | (૩) એક્પ આરોપી પકડવાનો બાકી નથી. |

---------

**૧૪૧**

## કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાની કચેરીમાં પડતર અપીલો

૧૬૮૨૮**શ્રી હરીલાલ પટેલ(ધ્રાંગધ્રા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાની તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ કેટલી અપીલો પડતર હતી, | (૧) કુલ-૨૩૧૯ અપીલ અરજીઓ પડતર. |
| (૨) તે પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં નવી કેટલી અપીલો મળેલ છે, | (૨) કુલ-૧૭૨૩ અપીલ અરજીઓ છેલ્લા ત્રણ વર્ષમાં મળી. |
| (૩) છેલ્લા એક વર્ષમાં કેટલી અપીલોનો નિકાલ થયો, અને | (૩) કુલ-૧૦૭ અપીલ અરજીઓનો નિકાલ. |
| (૪) અપીલો પડતર રહેવા બાબતે કસુરવાર અધિકારી સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે ? | (૪) અપીલ નિકાલની કામગીરી અર્ધન્યાયીક પ્રક્રિયા છે. પડતર અપીલોની નિકાલની કાર્યવાહી ઝડપથી કરવાની પ્રક્રિયા હાથ ઉપર છે. |

---------

**રાજકોટ જિલ્લામાં ગોવંશ હત્યાના ગુનાઓ**

૧૬૬૦૨**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ગોવંશ હત્યાના સન ૨૦૦૮ અને ૨૦૦૯ માં કેટલા ગુનાઓ નોંધાયેલ છે, અને | (૧) સન ૨૦૦૮માં ૦૯ અને ૨૦૦૯માં ૦૧ ગુનાઓ નોંધાયેલ છે. |
| (૨) આ ગુનાઓમાં કુલ કેટલા આરોપીઓની ધરપકડ થયેલ છે ? | (૨) આ ગુનાઓમાં સન ૨૦૦૮માં ૩૪ અને ૨૦૦૯માં ૦૧ મળી કુલ ૩૫ આરોપીઓની ધરપકડ કરેલ છે. |

---------

**શામળાજી ચેકપોસ્ટની આવક**

૧૬૮૦૬ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) :માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાની શામળાજી ચેકપોસ્ટની તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઇ અને | (૧) શામળાજી ચેકપોસ્ટની તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂા. ૫૬૫૧.૪૯ લાખ આવક થઈ છે. |
| (૨) જો તેમાં ઘટાડો થયો તો તેના કારણો શાં છે ? | (૨) ઓવર લોડ વાહનોની સંખ્યામાં ઘટાડો થતાં અગાઉના વર્ષ ૨૦૦૮ની સરખામણીમાં ૨૦૦૯ની આવકમાં ઘટાડો થયેલ છે. |

---------

**ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિન અધિકૃત ખાણ કામ કરતાં તેમજ વહન કરતાં કિસ્સાઓ પકડવા અંગે**

૧૬૮૪૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિન અધિકૃત ખાણ કામ કરતા તેમજ વહન કરતા કેટલા કિસ્સા પકડવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ, સુરત અને સુરેન્દ્રનગર જીલ્લામાં બિનઅધિકૃત ખાણ કામ કરતા ૯૫ અને વહન કરતા ૭૦૩ એમ કુલ ૭૯૮ કિસ્સાઓ પકડવામાં આવેલ છે. |
| (૨) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, | (૨) ૪૦૪ વાહનો પકડી રોકવામાં આવેલ છે. |
| (૩) કેટલા વાહનો પેનલ્ટી લઇ છોડી મૂકવામાં આવ્યા અને તા.૨૬-૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસથી કેટલાં વાહનો જપ્ત કરેલા પડ્યા છે, અને | (૩) પેનલ્ટી તેમજ બેંક ગેરંટી લઈને ૬૬૦ વાહનો છોડી મુક્વામાં આવ્યા છે. જ્યારે તા. ૨૬-૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસથી રોકેલ વાહનોની સંખ્યા ૨૨ છે. |
| (૪) જપ્ત કરેલ વાહનો પૈકી કેટલાં પેનલ્ટી ભરવા તૈયાર હોવા છતાં છોડવામાં આવ્યા નથી અને તેના શાં કારણો છે ? | (૪) ૨ કેસોમાં પેનલ્ટી ભરવા તૈયાર હોવા છતાં વિશેષ તપાસ માટે વાહનો રોકવામાં આવ્યા છે. |

---------

**રાજ્યના કેદીઓ પેરોલ અને જાપ્તામાંથી ફરાર થઇ જવા બાબત**

૧૫૯૮૫ **શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૦ સુધીમાં રાજ્યમાંથી કેટલા કેદીઓ પેરોલ જામીન ઉપરથી અને પોલીસ જાપ્તામાંથી ફરાર થયા છે, | (૧) ૩૯ કેદી પેરોલ/જામીન ઉપરથી ફરાર છે, તેમજ<br>૨૬ કેદી પોલીસ જાપ્તામાંથી ફરાર થયા છે. |

(૨) કેદીઓ ફરાર થઇ જવાના બનાવને સરકાર ગંભીરતાથી લઇ જવાબદારો સામે સખ્તાઇથી પગલાં લેવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો જવાબદારો સામે શાં પગલાં લીધાં ?

(૨) અને (૩) : હા, જી. ગુનાની ગંભીર પરિસ્થિતિ જોઈ જાપ્તાના માણસો વિરૂધ્ધ ગુના દાખલ કરવામાં આવે છે. ફરજ પ્રત્યે કસુર બદલ તેઓ વિરૂધ્ધ ખાતારાહે પગલાં પણ લેવામાં આવે છે. ઉપરાંત, પેરોલ/ફર્લો કે વચગાળાના જામીન ઉપરથી ફરાર થયેલ કેદીઓની પુનઃ ધરપકડ થયા બાદ તેઓને જેલમાંથી બહાર નહીં કાઢવા માટેના પ્રતિબંધાત્મક હુકમો પણ કરવામાં આવેલ છે.

---------

**નર્મદા કેનાલને મચ્છુ-૨ સાથે જોડતી કેનાલનું કામ**

૧૬૭૯૨**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) નર્મદા કેનાલ જે મચ્છુ-૨માં જોડવાની છે તે કેનાલોના કામો ક્યારે શરૂ થનાર છે,

(૧) નર્મદા કેનાલની મોરબી શાખા નહેરના જે મચ્છુ-૨માં જોડાવાની છે તેના કામો ઝડપથી શરૂ કરવાનું આયોજન છે.

(૨) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૨) શક્ય તેટલી ઝડપથી

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે?

(૩) તેની પાછળ રૂા. ૩૭૧.૫૪ ક્રોડના ખર્ચનો અંદાજ છે.

---------

**રાજકોટ જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળના વીજ જોડાણો**

૧૫૮૨૩**શ્રી મહંમદ જાવેદ પીરઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા અને કેટલા જોડાણો આપવાના બાકી છે, અને

(૧) અને (૨) : આર.જી.જી.વી.વાય હેઠળ રાજકોટ જિલ્લાના તાલુકાદીઠ સમાવિષ્ટ કરેલ લાભાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | બીપીએલ લાભાર્થીઓની સંખ્યા | મંજુરીની અપેક્ષાએ આપવામાં આવેલ વીજ જોડાણો | બાકી રહેલ વીજ જોડાણો |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૩૫૬ | ૧૪૮ | ૧૨૦૮ |
| ૨ | જસદણ | ૪૫૦૨ | ૧૦૮ | ૪૩૯૪ |
| ૩ | પડધરી | ૨૯૩ | ૫૬ | ૨૩૭ |
| ૪ | ઉપલેટા | ૯૧૨ | ૧૦૯ | ૮૦૩ |
| ૫ | ધોરાજી | ૬૮૮ | ૬૩ | ૬૨૫ |
| ૬ | જેતપુર | ૧૬૦૪ | ૧૭૭ | ૧૪૨૭ |
| ૭ | જામકંડોરણા | ૯૧૦ | ૫૩ | ૮૫૭ |
| ૮ | ગોંડલ | ૧૮૯૨ | ૨૬૨ | ૧૬૩૦ |
| ૯ | કોટડા | ૧૩૩૨ | ૫૮ | ૧૨૭૪ |
| ૧૦ | લોધીકા | ૧૩૫૭ | ૬૯ | ૧૨૮૮ |
| ૧૧ | માળીયા (મીયાણા) | ૧૦૨૭ | ૧૭ | ૧૦૧૦ |
| ૧૨ | મોરબી | ૧૫૫૮ | ૧૪૬ | ૧૪૧૨ |
| ૧૩ | ટંકારા | ૭૫૯ | ૭૭ | ૬૮૨ |
| ૧૪ | વાંકાનેર | ૧૬૭૨ | ૪૭ | ૧૬૨૫ |

(૩) આ જોડાણો બાકી રહેવાના કારણો શાં છે?

(૩) કેન્દ્ર સરકારને જિલ્લાનો પ્રોજેક્ટ ૨૦૦૫માં મોકલવામાં આવેલ પરંતુ તેની આખરી મંજુરી ઘણા વિલંબથી ઓકટોબર-૨૦૦૯માં મળેલ, તેમ છતાં મંજુરીની અપેક્ષાએ ૧૩૯૦ વીજજોડાણો આપેલ છે. આ પ્રોજેક્ટનો ટર્નકી ઓર્ડર તા. ૨૨-૧૧-૦૯ના રોજ આપવામાં આવેલ છે. અને સંબંધિત એજન્સી દ્વારા સર્વેની કામગીરી પ્રગતિમાં છે. પ્રોજેક્ટમાં નક્કી કરેલ સમયમર્યાદામાં બાકી રહેલ વીજ જોડાણો આપવાનું આયોજન છે.

---------

# શોકદર્શક ઉલ્લેખો

## ડો. પી.સી.વૈદ્યના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, દેશના પ્રખર ગણિતજ્ઞ અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. પી. સી. વૈદ્યનું તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૦ના રોજ ૯૧ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ ડો. વૈદ્યનો જન્મ ૨૩મી માર્ચ, ૧૯૧૮ના રોજ જુનાગઢ જિલ્લાના શાહપુર મુકામે થયો હતો. તેઓશ્રીએ ગણિતના વિષય સાથે અનુસ્નાતક થયા બાદ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી પી. એચ. ડી. ની પદવી મેળવી હતી.

સ્વર્ગસ્થ ડો. વૈદ્ય ગાંધીવાદી વિચારસરણીને વરેલા હતા. એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે તેઓશ્રી અહિંસક સંઘમાં જોડાયા હતા. ગણિત માટે આખી જીંદગી ખર્ચી નાંખનાર અને વિદ્યાર્થીઓમાં વૈદ્ય સાહેબના હુલામણા નામે ઓળખાતા વિદ્વાન ગણિતશાસ્ત્રી એવા સ્વર્ગસ્થ ડો. પ્રહલાદ ચુનીલાલ વૈદ્યએ પ્રોફેસર નારલીકર, શ્રી હોમીભાભા તથા ડો. વિક્રમ સારાભાઈ સાથે કામ કર્યુ હતું. તેઓશ્રીની પ્રેરણાથી અમદાવાદમાં વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરની સ્થાપના થઈ હતી. તેમાં દેશની સૌ પ્રથમ ગણિતની લેબોરેટરી સ્થપાઈ હતી.

સન ૧૯૬૩માં સ્વર્ગસ્થ ડો. વૈદ્યએ નવી પેઢીના નાગરિકો માટે "ગણિત મંડળ" ની સ્થાપના કરી હતી. સમગ્ર વિશ્વમાં એસ્ટ્રોફિઝિકસ અને હાઈડ્રોનોમિકસના ક્ષેત્રે પાયાના સિદ્ધાંત તરીકે ઉપયોગમાં લેવાતી "વૈદ્ય મેટ્રિક" ની શોધ સ્વર્ગસ્થ ડો. વૈદ્યએ કરી હતી. પ્રમાણિકતા અને નૈતિકતાનું પર્યાય ગણાતા ડો. વૈદ્ય શિક્ષકનું જીવન કેવું હોવું જોઈએ તેનું જવલંત ઉદાહરણ છે. તેઓશ્રી માનતા હતા કે ગણિત શીખવું અઘરું નથી, પણ શીખવવું અઘરું છે.

સુપ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી અને વરિષ્ઠ કેળવણીકાર સ્વર્ગસ્થ ડો. વૈદ્યએ ગણિતની સરળ સમજુતી, વિકાસ અને સંવર્ધનના ઉમદા આશય સાથે સન ૧૯૬૬માં "સુગણિતમ્" નામનું સામયિક શરૂ કર્યુ હતું. તેઓશ્રીએ ગુજરાતી ડાયજેસ્ટ પ્રકારના માસિક "કુમાર" માં વર્ષો સુધી "પસ્તીના પાના" શિર્ષક હેઠળ કટાર લેખન પણ કર્યુ હતું.

સ્વર્ગસ્થ ડો. વૈદ્યએ સન ૧૯૭૧થી ૧૯૭૭ સુધી ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન તરીકે તથા તા. ૧/૭/૧૯૭૭થી તા. ૨૨/૧૦/૧૯૭૮ સુધી યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીને સન ૧૯૭૯થી ૧૯૮૧ સુધી દોઢ વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું અને કુલપતિની ઓફિસને જ કલાસરૂમ બનાવ્યો હતો. તે પહેલાં તેઓશ્રીએ ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગના વડા તરીકે પણ સેવાઓ આપી હતી. ગાંધી ટોપી પહેરતા અને હંમેશા સાયકલનો ઉપયોગ કરતા સ્વર્ગસ્થ ડો. વૈદ્યને આઈનસ્ટાઈનના સાપેક્ષવાદમાં મહત્વના પ્રદાન બદલ ડો. વિક્રમ સારાભાઈ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક એવોર્ડ મળ્યો હતો. તેઓશ્રીએ સુરતના વેડછી ખાતે આવેલ ગાંધી વિદ્યાપીઠના કુલપતિ તરીકે પણ સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થ ડો. વૈદ્યએ ઈન્ડિયન એકેડેમી ઓફ સાયન્સ અને નેશનલ સાયન્સ એકેડેમીના ફેલો મેમ્બર તરીકે, ઈન્ડિયન મેથેમેટીકસ સોસાયટી અને યુ.જી.સી. ની કમિટી ઓન રીલેટીવીટી એન્ડ કોસ્મોલોજીના પ્રમુખ તરીકે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રી અનેકવિધ સંસ્થાઓ સાથે જીવનપર્યંત જોડાયેલા રહ્યા હતા. તેઓશ્રીએ મુંબઈ ખાતે ધી ઈન્સ્ટીટયૂટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચમાં પણ સેવાઓ આપી હતી. તેઓશ્રી વલ્લભ વિદ્યાનગર અને વિસનગર ખાતે કોલેજના વાઈસ પ્રિન્સિપાલ અને પ્રિન્સિપાલ તરીકે રહ્યા હતા. તેઓશ્રીએ અમેરિકા ખાતે તથા ઈંગ્લેન્ડ ખાતે ગણિતના વિઝીટીંગ પ્રોફેસર તરીકે તેમજ અન્ય કેટલીક વિદેશી સંસ્થાઓમાં વિઝીટીંગ સાયન્ટીસ્ટ તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ જનરલ રીલેટીવીટી એન્ડ ગ્રેવીટેશન ઉપર ત્રીસથી પણ વધુ રીસર્ચ પેપર રજૂ કર્યા હતા. તેઓશ્રીએ વિજ્ઞાન અને ગણિતને લગતા અનેક પુસ્તકો અને લેખો લખ્યા હતા.

આજીવન ગણિતને વરેલા વિદ્વાન સ્વર્ગસ્થ ડો. વૈદ આઈનસ્ટાઈન, ગાંધી અને ગણિતનો ત્રિવેણી સંગમ સમાન હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ શિક્ષણ ક્ષેત્રના ગાંધીવાદી દિગ્ગજ અને ગણિતના પ્રખર પુરસ્કર્તા અને વૈજ્ઞાનિકને ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ડો. પી.સી.વૈદ્યના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય ના રહ્યા હોય અથવા ના હોય એમને આપણે ભાગ્યે જ શોકાંજલિ આપતા હોઈએ છીએ. આજે આવી જ એક હસ્તી કે જેઓ આ સભાગૃહના સભ્ય છે નહીં કે હતા

નહીં, એમને આ સભાગૃહ શોકાંજલિ આપી રહ્યું છે. ડો. પી.સી. વૈદ્ય જયારે જી.પી.એસ.સી.ના ચેરમેન હતા એ સમય ગાળા દરમ્યાન તેમને મળવાનું પણ થયું હતું અને તેમની કાર્યપધ્ધતિ વિશે એવું કહેવાતું કે મોટામાં મોટી હસ્તી પણ વૈદ્ય સાહેબને જી.પી.એસ.સી.ના ઈન્ટરવ્યુમાં ભલામણ ના કરી શકે આ એમની એક પ્રતિભા અને સિલેકટ થઈને વર્ગ-૧ અને વર્ગ-૨ નો કોઈ વિદ્યાર્થી મળે તો એ એમ કહે કે હું આ જી.પી.એસ.સી.ના બોર્ડને કલીઅર કરીને આવ્યો છું જેમાં શ્રી વૈદ્ય સાહેબ ચેરમેન હતા આ પ્રકારની એમની એક આગવી પ્રતિભા હતી. તેમન સાચી શ્રધ્ધાંજલી આપણા સૌના માટે તટસ્થતા, નિષ્ઠા અને પ્રમાણિકતાવાળું તેમનું જીવન એમાંથી આપણે સૌ કાંઈક મેળવી શકીએ એવી હું ઈશ્વર પાસે પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહિંસાને વરેલી વ્યકિત, સ્વાતંત્ર્ય સેનાની તરીકેની લડતથી લઈને જી.પી.એસ.સી.ના મેમ્બર કે ચેરમેન તરીકેની દાગ રહિત કામગીરી, ગણિતના એક પ્રોફેસર તરીકે માત્ર રૂટિન જીવન જીવે તેમ નહીં, પરંતુ એમાં સંશોધન કરીને સમાજને ગણિતની એક નવી ભૂમિકા આપવાનું યોગદાન પણ ચિરંજીવી રહેવાનું છે. આજકાલ આપણે સૌ વૈભવી રીતે કદાચ જીવન જીવવા તરફ વળી રહ્યા છીએ, સામાન્ય મુસાફરીના બદલે વૈભવી મુસાફરી તરફ વળી રહ્યા છીએ ત્યારે એમના જીવનમાંથી પણ આપણે પ્રેરણા લેવી જોઈએ કે તેઓશ્રી સાયકલનો ઉપયોગ કરીને એના દ્વારા એ જી.પી.એસ.સી.ના ચેરમેન રહેલા કે વાઈસ ચાન્સેલર હોય એ વ્યકિત પણ આવી સાદગીથી રહી શકતા હોય તો આપણે સૌએ પણ એમાંથી બોધપાઠ લેવા જેવું તેમનું જીવન હતું એમ હું જરૂર કહીશ. કહાં ગયે વો લોગ, આવા માણસો કયાં ગયા એવો સમાજને પ્રશ્ન થાય એવી વ્યકિત આપણા જાહેર જીવનમાંથી જવાથી એક ઉમદા અને પ્રામાણિક વ્યકિતત્વે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. હું તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરું છું અને આપશ્રીની મારફતે તેમનાં કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવે એ જ શબ્દો સાથે તેમને શ્રધ્ધાંજલિ આપીને વિરમું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી શ્રી પી.સી.વૈદ્યના અવસાન અંગેો શોકદર્શક પ્રસ્તાવ લઈને આવ્યા છે, જેને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે તેમને શ્રધ્ધાંજલિ આપવા માટે હું ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. પી.સી.વૈદ્યનું નામ તો આખું નામ તો પ્રહલાદભાઈ ચૂનીલાલ વૈદ્ય હતું, પરંતુ પૂરા ગુજરાત અને ગુજરાત બહાર વિશ્વમાં પણ તેઓ ડો. પી.સી.વૈદ્યના હુલામણા નામથી પરિચિત હતા એનું કારણ તેમની વિદ્વતા હતી અને ખાસ કરીને ગણિત અને સાયન્સ જેવા વિષયોમાં આવું સંશોધન કરવું એ બહુ જ ઓછા વિદ્યાર્થીઓ કે નાગરિકો કરતા હોય છે એવું કામ શ્રી પી.સી.વૈદ્યે ગુજરાત અને ગુજરાત બહાર રહીને તેમણે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઈનસ્ટાઈને જે ગુરૂત્વાકર્ષણના નિયમ શોધ્યા એ સિધ્ધાંત સમજવો એ સામાન્ય વૈજ્ઞાનિક કે પ્રખર વૈજ્ઞાનિક હોય તો પણ સમજવામાં ઘણી બધી મુશ્કેલી પડતી હતી, પરંતુ ડો. પી.સી.વૈદ્યે આઈનસ્ટાઈનનો સિધ્ધાંત હતો અને એમણે જે સમીકરણ આપ્યાં હતાં એ સમીકરણોને સમજવા માટે ડો. પી.સી.વૈદ્ય સાહેબે વૈદ્ય મેટ્રિક પધ્ધતિ શોધી..ડો. વૈદ્ય સાહેબે વૈદ્ય મેટ્રીક પધ્ધતિ શોધી અને તેના આધારે આઈનસ્ટાઈને જે ગુરૂત્વાકર્ષણના નિયમો શોધ્યા હતા તેનો સરળ ઉપાય, તેને સમજવા માટે એમણે આપ્યો, એમને વિજ્ઞાનની અંદર શોધ કરવા માટે અને ખાસ કરીને મેથેમેટીકસની અંદર સંશોધન કરવા માટેની તીવ્ર ઈચ્છા હતી એટલે ૧૯૩૭ની અંદર એમણે પ્રો. વી. વી. નાર્લીકરનું ભાષણ સાંભળ્યું, અને એ ભાષણ સાંભળ્યા પછી એમને સંશોધનની અંદર ખૂબ રસ લેવો છે એવું એમનું મન મનાવ્યું અને એમણે પોસ્ટકાર્ડ લખ્યું અને પોતાની ઈચ્છા વ્યકત કરી હતી કે મારે આપની સાથે કામ કરવું છે, આપની સાથે રહીને મારે મેથેમેટીકસના નિયમો શોધવા છે. ત્યારે એમની સાથે તેઓ રહ્યા હતા અને હોમી ભાભા સાથે કામ કરવા માટે મુંબઈમાં ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચની અંદર તેઓ જોડાયા, અને ઘણાં બધા સંશોધનો એમણે કર્યા, એમણે ગુજરાતમાં ખાસ કરીને જે પ્રદાન કર્યુ છે એમાં વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરની અમદાવાદમાં એમણે સ્થાપના કરી ૧૦૬૦ના દસકાની અંદર, આજે પણ તે એક વટવૃક્ષ બની ગયું છે અને ગુજરાતના હજારો હજારો વિદ્યાર્થીઓ એમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ આ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરની અંદર જાય છે ત્યાં જે મોડેલો બનાવ્યા છે તે મોડેલો કયા સિધ્ધાંતના આધારે કામ કરે છે તે પણ જુએ છે, શીખે છે અને એના આધારે ત્યાં જે લેબોરેટરી વગેરે બનાવ્યું છે તેની અંદર વિદ્યાર્થીઓ જાતે જ મોડેલ બનાવતા થયા છે અને સાયન્સ અને મેથ્સના જે જટીલ પ્રશ્નો છે તેનો ઉકેલ કરવા માટે પણ તેઓ ત્યાં પ્રયત્ન કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, એમનું જે વિશાળ જ્ઞાન હતું અને જે સંશોધન કર્યા હતા તેના કારણે વિદેશી યુનિવર્સિટીઓની અંદર પણ એમને વિઝીટીંગ પ્રોફેસર તરીકે આમંત્રણ અપાતા હતા. એમણે વોશીંગ્ટન સ્ટેટ યુનિવર્સિટી યુ.એસ.એ.માં મેથેમેટીકલ વિષયના વિઝીટીંગ પ્રોફેસર તરીકે મહત્વનું યોગદાન આપ્યું હતું એ જ રીતે મેથેમેટીકસના વિઝીટીંગ પ્રોફેસર તરીકે લંડનની યુનિવર્સિટીમાં પણ એમણે યોગદાન આપ્યું હતું . એ જ રીતે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થીયોરોટીકલ ફીઝીકસ ઈટાલીની અંદર પણ સાયન્ટીસ્ટ તરીકે એમણે હાજરી આપી અને કામ કર્યુ હતું. આમ અનેક જગ્યાએ, વીઝીટીંગ પૌફેસર તરીકે એમણે પોતાનું યોગદાન આપ્યું છે અને ઈન્ટરનેશનલ કોન્ફરન્સો જે મેથેમેટીકસની થતી હતી એની અંદર પણ લંડન ખાતે, ઈટાલી ખાતે, ફ્રાન્સ

અને પેરીસની અંદર પણ ઈન્ટરનેશનલ કોન્ફરન્સની અંદર હાજરી આપી અને ગુજરાતનું ગૌરવ વધાર્યુ હતું. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પુસ્તકો પ્રકાશીત કર્યા છે એ પુસ્તકો એટલી બધી સરળ ભાષની અંદર છે કે જેથી સામાન્ય વિદ્યાર્થી પણ એને સમજી શકે અને ધીરે ધીરે સાયન્સની અંદર અને મેથેમેટીકસની અંદર રસ લઈને આગળ વધી શકે એવું એમણે દશાંશ પધ્ધતિ શા માટે, વોટ ઈઝ મોર્ડન મેથેમેટીકસ, દાદાજીની વાતો, સુગણિત જેવા સામાયિકો આવા પુસ્તકો પ્રકાશિત કરી અને ગુજરાતના ભવિષ્યના વિદ્યાર્થીઓ પણ એમના પંથે ચાલે તેવું કામ એમણે કરી બતાવ્યું છે. એમને હું શ્રધ્ધાંજલિ અર્પુ છું.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી આપણા પ્રખર ગણિતજ્ઞને ગુજરાત યુનિવર્સિટીના પુર્વ કુલપતિ સ્વર્ગસ્થ ડો. પી. સી. વૈદ્યના અવસાન અંગેનો શોક દર્શક ઉલ્લેખ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એમાં પોતાનો સૂર પૂરાવ્યો છે હું પણ એમાં મારો સૂર પૂરાવું છું અને મારા વિચારો રજૂ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૧-૭૨માં હું એમ. જી. સાયન્સનો વિદ્યાર્થી હતો. ત્યારે ગણિત વિભાગના ગુજરાત યુનિવર્સિટીના વડા તરીકે એક ગણિતનું વ્યાખ્યાન એમ.જી. સાયન્સ કોલેજમાં રાખવામાં આવ્યું હતું. ત્યારે એ વ્યાખ્યાન સાંભળીને હું એટલો પ્રભાવિત થયો હતો કે ખરેખર ગણિતની અંદર આટલી વિદ્વતા, અને એમનું નામ પણ અને એમના નામનો પ્રભાવ પણ મને ખુબ સ્પર્શી ગયો હતો. પરંતુ પછીથી હું મેડીકલ સાઈડમાં આવ્યો, ડોકટર થયો સર્જન થયો, એટલે એ બાબત ગણિતનો મારો વિષય રહ્યો નહીં. પરંતુ જોગાનુજોગ આજથી લગભગ ૧૮ વર્ષ પહેલા એક દર્દી કે જેને ગેંગરીન હતું અને એ એમના સગા થતા હતા એટલે મારે સ્વર્ગસ્થ પી.સી. વૈદ્ય સાહેબના ઘરે આવવાનું થયું એ દર્દીની સાથે, અને ચાર કે છ કલાક જેટલો સમય મેં એમના ઘરે ગાળ્યો, ત્યારે મને ખૂબ જ ખુશી અને ગૌરવ થયું, એમની સાદગી, તદન સાદુ ઘર, એમની એક અભ્યાસ કરવાની રૂમ અને સાવ સામાન્ય માણસ કોઈ પણ હોય દુનિયામાં, એવી રીતેનું એમનું જીવન જોઈ અને મને ખૂબ જ અંદરથી મારું હૃદય ગદગદીત થયું. ત્યારે મને થયું કે ખરેખર ગ્રેટેસ્ટ ટ્રુથ આર ધ સીમ્પલેસ્ટ, એ વસ્તુ છે તે હકીકત માત્ર કહેવત નથી. પણ એ દુનિયામાં પણ એ હકીકત શકય બને છે. એ વસ્તુ છે, એ હકીકત છે એ માત્ર કહેવત નથી. પરંતુ દુનિયામાં પણ એ હકીકત શકય બને છે અને આપણે સૌ અહીંયા વિચારો રજૂ થયા એ જાણ્યા અને જોયા, એ પ્રમાણે જીવન પર્યંત સાઈકલ ઉપર પ્રવાસ કરવો સાદાઈથી જીવવું અને ગણિતના ઊંચામાં ઊંચા સત્યો જેમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યા એ પ્રમાણે આઇનસ્ટાઇન અને ગાંધીની હરોળમાં મૂકે એવા ગણિતના સત્યોને ખુલ્લા કરવા આ ખરેખર ગુજરાત, દેશ અને વિશ્વનું ગૌરવ છે. પરંતુ વિશેષ ગૌરવ ગુજરાત લઈ શકે છે. એમના કુટુંબીજનોને આપણો દિલસોજીનો સંદેશો આપના દ્વારા પાઠવીએ.

**અધ્યક્ષશ્રી** : સ્વ. પી.સી. વૈદ્ય, ગણિતજ્ઞનને આ સભાગૃહના નેતાશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રીએ જે અંજલિ આપી એમાં માનનીય આનંદીબહેને તથા ડો. કનુભાઈએ પોતાનો સૂર પૂરાવ્યો છે.

આપણા સૌના હદયમાં એમના પ્રત્યે ભાવના છે કે ગુજરાતે અને દેશે ૨૦મી અને ૨૧મી સદીનો ઋષિ પુરુષ ગુમાવ્યો છે. આપણી સંસ્કૃતિની શરૂઆતના સમયમાં જે ઋષિઓ જીવન જીવીને સંશોધનો કરતા હતા એજ પ્રમાણે તેઓએ અમદાવાદ શહેરમાં રહીને એ પ્રકારનું જીવન જીવ્યા હતા. ગણિતની સમસ્યા લઈને કોઈ વિદ્યાર્થી રાત્રે બાર વાગ્યે સોલ્યુશન માટે જાય તો પોતે જાગીને વૈદ્ય સાહેબ પરીક્ષાના આગલા દિવસે પણ ગુરૂ ભાવે મદદ કરતા હતા. આવા અનેક ઉદાહરણોનો હું સાક્ષી છું સ્વ. પી.સી. વૈદ્ય સાહેબને આ ગૃહે અંજલિ આપીને, ગુજરાતના અને રાષ્ટ્રના એક ગૌરવ પુરુષને આપણે અંજલિ આપીએ છીએ. આપણે સૌ એમના પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરીએ છીએ. એમાંથી એક બીજી શ્રદ્ધા થાય છે કે ગુજરાતની ધરતી ઉપર કાળે કાળે, સદીએ સદીએ યુગ પુરુષનું આ રીતે નિર્માણ થતું હોય છે. એવા ગણિત અને વિજ્ઞાન ક્ષેત્રે એક યુગ પુરુષ આપણી વચ્ચે હતા જેઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે ત્યારે આપણે સૌ આપણી જગ્યા ઉપર ઊભા થઈને બે મિનિટ મૌન પાળીશું. (બે મિનિટ મૌન બાદ) સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### અસામાજિક તત્ત્વોએ લશ્કરી જવાનું ખૂન કરતાં સમાજમાં ફેલાયેલી રોષ અને ભયની લાગણી દૂર કરવા બાબત

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તા. ૨૩-૩-૨૦૧૦ના સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના કરાડી ગામે પ્રાથમિક શાળાના મકાન આગળ દારૂની મહેફિલ માણતા અને ત્યાંથી નીકળતી દલિત સમાજની બહેન દીકરીઓની મશ્કરી કરતા માથાભારે તત્ત્વોને દલિત સમાજના એક લશ્કરી જવાને જુગાર નહિ રમવા અને બહેન-દીકરીઓની મશ્કરી નહિ

કરવા જણાવતાં તથા તે બાબતે ગામના સરપંચ સમક્ષ ફરિયાદ કરતાં આ માથાભારે તત્ત્વોએ ૪૨ જેટલી ગોળીઓ છોડી આ લશ્કરી જવાનની કરપીણ હત્યા કરતાં દલિત સમાજમાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા આવા માથાભારે તત્ત્વોને તાકીદે નશ્યત કરવા અને શાંતિનું વાતાવરણ જળવાઈ રહે તે માટે સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાં."

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : સાયલા તાલુકાના કરાડી ગામે તા. ૨૩-૩-૨૦૧૦ના રોજ આ બનાવ બનેલ છે. જેમાં શ્રી જહાભાઈ પુનાભાઈ અનુ.જાતિ ઉ.વ. ૬૫ ના નાના દીકરા દિનેશભાઈ કે જેઓ આર્મીમાં નોકરી કરતા હતા. તેમના ખૂનનો બનાવ બનેલ છે. તા. ૨૩-૩-૨૦૧૦ના રોજ શ્રી જહાભાઈ પુનાભાઈ, મૃતક શ્રી દિનેશભાઈ અને અન્ય તેઓનાં પરિવારના સભ્યો તેઓના નવા મકાનનું કામ ચાલતુ હોય તે જગ્યાએ હાજર હતા, ત્યારે તેની બાજુમાં આવેલ કરાડી પંચાયતના મકાનમાં કેટલાક માણસો જુગાર રમતા તથા બહેન દીકરીઓની મશ્કરી કરતાં હોઈ તે જગ્યાએ જુગાર રમવાની ના પાડતાં તે બધા તે સમયે જતાં રહેલ પરંતુ ત્યારપછી આશરે સવા બાર વાગ્યાના અરસામાં શ્રી વનરાજભાઈ બાબભાઈ તથા અન્ય ચાર માણસોએ શ્રી જહાભાઈ પુનાભાઈ તથા તેમના દીકરા સાથે બોલાચાલી કરી, તેઓ પાસેની બંદૂકોમાંથી ભડાકા કરી શ્રી દિનેશભાઈ જહાભાઈનું મોત નિપજાવેલ તથા અન્ય બે લોકોને ઈજા કરેલ છે. તે મુજબ ફરિયાદ અન્વયે સાયલા પોલીસ સ્ટેશન ખાતે ખૂનનો ગુનો તથા એસ.સી./એસ.ટી. એકટની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે.

આ કામના આરોપી વનરાજભાઈ બાબભાઈ ખાચરને અટક કરી આરોપીને નામદાર કોર્ટમાં રજૂ કરી દિન-૫ના રિમાન્ડ મંજૂર કરેલ છે. તેમજ આ કામના અન્ય ત્રણ આરોપીઓને તા. ૨૬-૩-૨૦૧૦ના રોજ પકડી પાડવામાં આવેલ છે. અન્ય એક આરોપી પકડવાના બાકી છે. જેને પકડવા જુદી જુદી ટીમો બનાવી સંભવિત જગ્યાઓએ તપાસ ચાલુ છે.

આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ કરાડી ગામે તરત જ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ અને હાલ ચાલુ છે. પરિસ્થિતિ ઉપર જિલ્લા મેજિસ્ટ્રેટ તથા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. કાયદાકીય તમામ પગલાં લેવામાં આવેલ છે. આ બનાવ બન્યાના દિવસથી આજ દિન સુધીમાં કોઈ અનિચ્છનીય બનાવ બનેલ નથી તેમજ આ અનુસંધાને કોઈ પ્રત્યાઘાત પડેલ નથી. તેમજ આ બનાવ સબંધમાં પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર તથા જુદા જુદા પોલીસ અધિકારીઓ દ્વારા તથા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, લીબંડી તથા એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટશ્રી, સાયલાએ ગામની વિઝીટ કરેલ છે. અને ભોગ બનનાર કુટુંબીજનોને મળી બનવા પામેલ બનાવતું દુઃખ વ્યક્ત કરતાં તેઓના કુટુંબીજનોને સાત્વના આપી ન્યાય અપાવવાની ખાતરી આપી છે.

ગુનામાં સંડોવાયેલ તમામ આરોપીઓ બાબતમાં ઝીણવટ અને ઊંડાણપૂર્વક તપાસ કરી તેઓને કડક સજા થાય તેવા પ્રયત્નો પોલીસ તરફથી કરવામાં આવી રહેલ છે.

આ બનાવ અનુસૂચિત જાતિના કુટુંબ સાથે બનેલ હોઈ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ મરણજનારના વારસને મળવાપાત્ર સહાય પૈકી રૂા. ૬૦,૦૦૦ (રૂપિયા સાઈઠ હજાર)ની સહાય ચેકથી ચૂકવી દેવામાં આવેલ છે. જ્યારે અન્ય રૂા. ૯૦,૦૦૦ (નેવું હજાર)ની સહાય માટે પોસ્ટ ઑફિસ માસિક આવક યોજના અન્વયે ખાતું ખોલવાની કાર્યવાહી ચાલુમાં છે. ઈજા પામનાર દરેકને રૂા. ૨૫,૦૦૦/-ની સહાય ચૂકવી દેવાયેલ છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, દેશના અને ગુજરાતના અનુસૂચિત જાતિના લશ્કરી જવાનની હત્યાનો આ કમનસીબ બનાવ છે. ગુજરાતના દલિતોની અસલામતીનો પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, દિનેશભાઈ હૈદરાબાદમાં લશ્કરી ફરજ બજાવતા હતા અને પોતાનું ઘર બનતું હોવાથી રજા પર ઘેર આવ્યા હતા. તેઓ દલિત સમાજના હતા પણ ૨૩-૩-૨૦૧૦ના શહીદ દિનના દિવસે જ મા-ભોમની રક્ષા કાજે સરહદ પર લડનાર લશ્કરી જવાનની અસામાજીક તત્ત્વો દ્વારા ૪૨ ગોળીઓ છોડી કરપીણ હત્યા કરી છે અને મા-ભોમનું અપમાન કરેલ છે. મારો પ્રશ્ન એ છે કે આવા ગુના માટે વિશેષ કાનૂની જોગવાઈ છે કે કેમ? અને તે સંદર્ભે સરકાર કંઈ કાર્યવાહી કરવા માગે છે? મારો બીજો પ્રશ્ન એ છે કે પી.એમ. રિપૉર્ટ મુજબ બન્ને સાથળ પર ૯ ગોળીઓ વાગી હતી, તેને છાતી પર, માથા પર અને શરીરના બધા જ ભાગો ઉપર ગોળીઓ વાગી હતી, તો આ હથિયાર કયા પ્રકારનું હતું, સામાન્ય પ્રકારના હથિયારથી તો આ હોઈ શકે નહીં. તેનું લાયસન્સ હતું કે નહીં અને એક આરોપીના હાથમાં આ હથિયાર હતું કે બધા આરોપીના હાથમાં હતું? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે જવાનની હત્યા કર્યા બાદ તેને હૉસ્પિટલમાં લઈ ગયા, તેનું પી.એમ. કર્યું અને પી.એમ. પછી તેના સ્વજનોને જ્યારે લાશ સોંપવાની થઈ, તે વખતે સ્વજનોએ લેવાની ના પાડી. કારણ કે જ્યાં સુધી મુખ્ય આરોપી નહીં પકડાય, ત્યાં સુધી પકડ્યો નહોતો. પણ આ થયા બાદ આરોપીને પકડ્યો અને તેનો જે વિલંબ થયો છે તો પોલીસે આ વિલંબ કરવાના કારણો કયા છે? અને તેના ઉપર કોઈ પગલાં લેવા માગો છો કે નહીં?

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાતમાં સામાન્ય દલિત સમાજનો ફરજ બજાવતો સૈનિક પણ આજે અસામાજીક તત્ત્વો દ્વારા ગોળીઓનો

ભોગ બને છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે વસ્તુ જાણવી છે. એક તો જે રીતે આ શહીદ દલિતની હત્યા કરવામાં આવી છે તેમાં સરકાર દ્વારા જે અનુસૂચિત જાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ જે ૬૦,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવી છે અને ૨૫,૦૦૦ રૂપિયા ઈજાગ્રસ્તને આપ્યા છે. તો આર્થિક સહાય વધારો આપવો જોઈએ. સૈનિક તરીકે જ્યારે..(અંતરાય) ૯૦ હજાર ફક્ત હજી ખાતુ ખોલાવવામાં આવશે અને કાર્યવાહી ચાલુ છે. હજી ચૂકવાયા નથી. મંત્રીશ્રીના નિવેદનમાં લખ્યું છે તે રીતે. તેમને ખૂબ નાનો બાબો છે અને તેમના પત્ની પણ છે. તો સરકાર દ્વારા તેને જો નોકરીની જો સહાય આપવામાં આવે તો જેથી કરીને પોતાના પરિવારનું જીવન ગુજારી શકે એવો હું માનનીય મંત્રીશ્રીને અનુરોધ કરું છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ ગંભીર અને કમનસીબ બનાવ છે. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે પણ જવાબમાં જે આખા બનાવની જે ગંભીરતા તેમાંથી ઉભી થાય છે એ કદાચ જેટલી જોઈએ એટલી એપ્રિશીએટ થઈ શકી નથી. ૪૦થી ૪૨ ગોળીઓ મારીને એક માણસની હત્યા કરી દેવામાં આવે. તેને બચાવવા માટે તેના બાપ અને ભત્રીજો આવે તેમના ઉપર પણ ગોળીબાર કરવામાં આવે, ૧૦૮ બોલાવવામાં આવે અને ૧૦૮ ગામમાં સમયસર ન પહોંચી શકે એટલા માટે આવવાના રસ્તા ઉપર આડશો ઉભી કરીને ૧૦૮ પણ મોડી પહોંચે એ માટેના પ્રયત્નો કરવામાં આવે અને શેના માટે કે એ વ્યકિતએ એમ કહ્યું હતું કે આ ઓટલા ઉપર બેસીને તમે જુગાર રમો છો તે જુગાર ન રમશો. ગામની મા-બહેનો અહીંથી પસાર થઈ રહી છે તેની તમે મશ્કરી ન કરશો. જો આ પરિસ્થિતિ ઉભી થવાની હોય તો ગામમાં સારા માણસો કોઈને એમ પણ નહીં કહી શકે કે તમે ખોટું કરો છો એ ખોટું કરતા બંધ થાવ અને આ આખા બનાવની ગંભીરતા એટલા માટે કે માનનીય મંત્રીશ્રીએ જવાબમાં લખ્યું કે વનરાજભાઈ બાબભાઈ તથા અન્ય ચાર માણસોએ જહાભાઈ પુનાભાઈ તથા તેમના દીકરા સાથે બોલાચાલી કરીને બંદૂકમાંથી ભડાકા કરીને શ્રી દિનેશભાઈ જહાભાઈનું મોત નિપજાવેલ છે.સાહેબ, આખો સંદર્ભ જે છે એને એપ્રિશિયેટ કરવાની જરૂર છે અને જે વનરાજભાઈ જેના ઉપર આક્ષેપ છે એતો ભૂતકાળમાં પણ ત્રણ-ત્રણ વખત ગોળીબાર કરી ચૂકેલી વ્યકિત છે. એની સામે આ દિનેશભાઈના ભાઈ ઉપર ગોળીબાર કરવાનો કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે અને એટલી બધી ગંભીર બાબત હોવા છતાં પણ એની ધરપકડ કરવામાં આપણે વિલંબ કરીએ એ સમજાતું નથી અને મારી મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે, આ પ્રશ્નને બરાબર ગંભીરતાથી લઈને જે હિસ્ટ્રીશીટર જેવા લોકો છે એને તાત્કાલિક નશ્યત કરી અને દાખલો બેસાડવામાં આવે કે જેથી સારા માણસો સમાજમાં દૂષણ ફેલાવનારા લોકો સામે કડકાઈથી લડી શકે એવી હવા ઊભી કરવા માટે મંત્રીશ્રી શું કરવા માગે છે?

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર મારો જિલ્લો છે. આ જિલ્લાના સાયલા તાલુકાના કરાડી ગામે આ બનાવ બન્યો છે. એ તરફે મારે એટલું જ ધ્યાન દોરવું છે કે, આ પ્રાથમિક શાળાનું મકાન ૧૫ વર્ષ પહેલાં જર્જરિત થઈ ગયું હતું અને અત્યારે ત્યાં પ્રાથમિક શાળા બેસતી નથી. એ તો ૧૫ વર્ષ પહેલાં નવા મકાનમાં શિફટ થઈ ગઈ છે. આ જર્જરિત મકાનની અંદર આ ઘટના બની છે. એ ઘટનામાં પોલીસ ડિપાર્ટમૅન્ટે તરત જ આરોપીઓને પકડી લીધા હતા અને એની પાસેનું સાધન હતું, હથિયાર હતું એને જપ્ત કરી લીધેલ હતું. એટલે પોલીસ ડિપાર્ટમૅન્ટે તાત્કાલિક ધોરણે પગલાં લીધાં છે અને જે બીજા ત્રણ આરોપીઓ નાસતા ફરતા હતા એની પણ ધરપકડ કરવામાં આવી છે. આ અંગે જરા માહિતીનો ખુલાસો કરું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ચંદુભાઈ, શ્રી સિદ્ધાર્થભાઈ, શ્રી શૈલેષભાઈ પરમાર અને શ્રીમતી વર્ષાબેને આ ઘટના બાબતમાં પોત પોતાની ચિંતા વ્યક્ત કરી છે.

માનનીય શ્રી સિદ્ધાર્થભાઈએ કહ્યું કે, આરોપીઓને ખૂબ મોડા પકડવામાં આવ્યા. સાહેબ, એવું નથી. ૨૩મી તારીખે ઘટના બની અને ૨૪મી તારીખે પહેલા આરોપીને પકડવામાં આવ્યો. ૨૬મી તારીખે બીજા ૩ આરોપીઓ પકડાઈ ગયા છે અને એક આરોપી બાકી છે. એને ટૂંક સમયમાં પકડી લેવામાં આવશે. હત્યા થાય તે વખતે સ્વાભાવિક છે કે, એના કુટુંબીજનોની નારાજગી હોય એની સામે વિવાદ ન હોઈ શકે. પરંતુ હત્યારાને સાત કલાક-આઠ કલાકની અંદર પોલીસ પકડી લે તે પણ જો મોડું થયું ગણાતું હોય તો મારે ચોક્કસપણે કહેવું જોઈએ કે, ગંભીરતાપૂર્વક પ્રયત્ન કરી, ખૂબ ટૂંકા સમયમાં આ હત્યારાને પકડવાની કાર્યવાહી પોલીસે પૂરી કરી છે. હથિયાર જે વાપરવામાં આવ્યા હતા એ જપ્ત કરવામાં આવ્યા છે. બીજું એના જોડેના સાગરીતો હતા એમની અટકાયત કરીને એમની પૂછપરછ પોલીસ કસ્ટડીમાં થઈ રહી છે. પોસ્ટ મોર્ટમ થયા પછી તરત જ એમને જે રાહત આપવાના સરકારના નીતિ નિયમો પ્રમાણે જોગવાઈ છે એ પણ અત્યારે હાલ પૂરી કરી દેવામાં આવી છે અને એક આરોપી ભાગે છે એ પણ અત્યારે એલ.સી.બી.ની ટુકડી બનાવી લેવામાં આવી છે. ચાર આરોપીઓ પકડાઈ ગયા છે. પાંચમાને પકડવાની કાર્યવાહી પણ પોલીસ અધીક્ષકના નિરીક્ષણ હેઠળ ચાલી રહી છે. એ પણ ટૂંક સમયમાં ચોક્કસ પકડાઈ જશે એવી આશા છે. સરકારે આને જરાય ઓછી ગંભીરતાથી લીધી નથી અને આવા પ્રકારની ઘટનાને સરકારે હળવાશથી લેવાનું કોઈ કારણ નથી. બધા જ આરોપીઓને પકડીને કાયદાની કોર્ટમાં રજૂ કરવામાં આવશે અને સમયસર એમને સજા કરવાની કાર્યવાહી આ સરકાર પૂરી કરશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. એક તો આ પૈકીના કોઈએ ભૂતકાળમાં કોઈ ગૂનો કરેલ હતો કે કેમ? માણસ નાનો ગુનો કરતો હોય છે અને એની સામે આપણે બરાબર એકશન લેતા નથી એટલે એ મોટો ગુનો કરવા પ્રેરાતો હોય છે. વેપન લાયસન્સવાળું હતું કે, લાયસન્સ વગરનું હતું? અગાઉ એણે ગુનો કર્યો હતો તો એનું લાયસન્સ કૅન્સલ કેમ નહોતું કરવામાં આવ્યું? બીજી વસ્તુ, બધી બાજુથી ચિંતા વ્યક્ત થઈ કે મરનાર વ્યકિત છે એ આર્મીમાં સર્વીસ કરનાર હતી. એના પરિવારને, કે જેથી દાખલો બેસે કે, એના ગામડામાંથી દલિત પ્રકારનો ભાઈ આગળ વધતો હોય તો એની ઈર્ષાનું કેન્દ્ર એ બને અને તેથી આવી ઘટના બની હશે એવા સંજોગોમાં. આ પ્રકારનું એ રીતે કોમ્પેન્શેટ કરી એવો દાખલો બેસે એવી કોઈ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે આરોપીઓ છે એની ઉપર ગુનાઓ નોંધાયેલા જ છે અને એના કોર્ટની અંદર ચાર્જશીટ પણ કરવામાં આવ્યા છે. જ્યાં સુધી માનનીય વિપક્ષના નેતાશ્રીએ વેપનનો પ્રશ્ન પૂછયો છે, એક વેપન એની અંદર વપરાયેલું લાયસન્સવાળું હતું અને એનું વેપન રદ કરવાની કાર્યવાહી ઓલરેડી ચાલુ કરવામાં આવી દીધી હતી અને દરમિયાનમાં બનાવ બન્યો છે. ૨૦૦૯ના છઠ્ઠા મહીનામાં એને નોટીસ વગેરેની કાર્યવાહી ચાલુ કરી હતી અને એ પ્રક્રિયા ચાલતી હતી દરમિયાનમાં આ બનાવ બન્યો છે અને જયાં સુધી એમણે રાહતનો પ્રશ્ન પૂછયો છે, નિયમો પ્રમાણે બધી જ રાહત આપવામાં આવશે અને આમાં જયારે મરનાર વ્યકિત આર્મીના જવાન છે, તો આપણા સૈનિક કલ્યાણના વિભાગ દ્વારા જે પણ કંઈ નિયમો મુજબ થઈ શકતું હશે એ સરકાર ચોક્કસ કરશે.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## તા.૨૫.૨.૨૦૧૦ના રોજના પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુલતવી રાખેલ નિર્ણય

**અધ્યક્ષશ્રી** : કેટલાક નિર્ણયો બાકી છે તે મારે આજે જાહેર કરવાના છે. તા:૨૫-૨-૨૦૧૦ના રોજ સભાગૃહમાં અંદાજપત્રની રજૂઆત કરતી વખતે માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાએ મારી પાસે એમની માંદગીના કારણો ધ્યાનમાં લઈને બેસીને અંદાજપત્ર પ્રવચન વાચવાની પરવાનગી માગી હતી. મેં વિધાનસભાના નિયમોના નિયમ-૨૯ પ્રમાણે મને મળેલી સત્તાઓ પ્રમાણે મેં તેમને પ્રવચન બેસીને વાચવાની પરવાનગી આપી હતી. માનનીય નાણામંત્રીશ્રી જ્યારે બેસીને પ્રવચન વાચતા હતા ત્યારે વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને નાણામંત્રીશ્રી બેસીને પ્રવચન કરે તે વિધાનસભા ગૃહનું અવમાન છે. ભૂતકાળમાં નાણામંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ તેઓની નાદુરસ્ત તબિયતના કારણે તત્કાલિન અધ્યક્ષશ્રીએ બેઠા બેઠા અંદાજપત્ર પ્રવચન વાચવાની પરવાનગી આપવા છતાં તેઓશ્રીએ તેનો અસ્વીકાર કર્યો અને તેના બદલે રાજયકક્ષાના નાણામંત્રીશ્રી અંદાજપત્ર પ્રવચન ઉભા ઉભા કરશે એવો નિર્ણય તેમણે કર્યો હતો તેની માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ અંદાજપત્ર ઉભા ઉભા વાંચવું જોઈએ એવી રજૂઆત સંબંધે મેં નાણામંત્રીશ્રીને બેઠા બેઠા અંદાજપત્ર વાચવાની પરવાનગી આપી હોઈ, હું શકિતસિંહજી ગોહિલની આ રજૂઆત સાથે સંમત થયો ન હતો અને મેં જણાવ્યું હતું કે મેં આ અંગેની પરવાનગી આપેલ છે, ત્યારબાદ વિપક્ષના સભ્યો સભાત્યાગ કરીને બહાર નીકળી ગયા હતા અને વિપક્ષના સભ્યોએ વિધાનસભા ભવનમાં અંદાજપત્રની નકલો સળગાવી હતી અને સૂત્રોચ્ચાર તથા દેખાવો યોજીને સરઘસ કાઢ્યું હતું આ બાબતમાં મુખ્યદંડકશ્રી પ્રદિપસિંહજીએ તારીખ :૨-૩-૧૦ના રોજ પત્રથી રજૂઆત કરી હતી કે ગૃહની લૉબીમાં માનનીય નાણામંત્રીશ્રીના અંદાજપત્ર પ્રવચનની નકલો બાળીને ગૃહ સમક્ષ રજૂ થયેલ રાજયની જનતાના અત્યંત મહત્ત્વના સરકારી દસ્તાવેજનું જાહેરમાં અવમૂલ્યન કરીને ગૃહના સભ્ય તરીકેની પ્રતિષ્ઠાને લાંછન લગાડ્યું છે અને તેના પરિણામે ગૃહના ગૌરવ અને પ્રતિષ્ઠાને લોકોની નજરમાં ઉતારી પાડી છે. કોંગ્રેસ પક્ષના સભ્યોનું આપની હકૂમત હેઠળના વિસ્તારમાં જાણી જોઈને ઇરાદાપૂર્વક કરવામાં આવેલા કૃત્ય ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડનારું અને ગૃહના અવમાન સમાન છે. આ પ્રકારની બાબત ગૃહમાં ઉપસ્થિત કરવાની મને પરવાનગી આપવા વિનંતી કરી હતી તેના અનુસંધાનમાં મેં વિરોધપક્ષના નેતાશ્રીને મુખ્ય દંડક દ્વારા મારી પાસે ઉપસ્થિત કરવામાં આવેલા ગૃહના અવમાન અંગેના મુદ્દા સંબંધે વિરોધપક્ષના નેતાશ્રીનું શું મંતવ્ય છે તે જાણવાનો અને સંપૂર્ણ સ્પષ્ટતા કરવા માટે એક પત્ર પાઠવ્યો હતો અને તેના જવાબમાં શ્રી શકિતસિંહ ગોહિલે તારીખ: ૪-૩-૧૦ના રોજ જણાવ્યું હતું કે માનનીય નાણામંત્રીશ્રીએ પોતાના સ્થાન પર બેસીને અંદાજપત્ર પ્રવચન વાચવાની પરવાનગી આપવાના વિરોધમાં વિરોધપક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરી, સભાત્યાગ કરી ગૃહની બહાર પણ સતત સૂત્રોચ્ચાર તથા દેખાવો યોજીને ગૃહના ગૌરવ તથા પ્રતિષ્ઠાને લોકોની નજરમાં ઉતારી પાડવાની, ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડનારું અને ગૃહના અવમાનસમું કૃત્ય કરવામાં આવેલ છે. તેવું જણાવીને બાબત ગૃહમાં ઉપસ્થિત કરવાની પરવાનગી આપવાની જે વિનંતી કરેલ છે તેના સંદર્ભમાં આપશ્રીને નમ્રતાપૂર્વક જણાવવાનું કે વિધાનસભામાં થઈ રહેલ અલગ અલગ પ્રકારની કાર્યવાહીઓના સંદર્ભમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત કરીને કે બીજી કોઈ રીતે માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરવાનો હક્ક વિધાનસભાના સભ્યોને વિધાનસભાના નિયમોથી મળેલ છે. સંસદીય લોકશાહી પદ્ધતિમાં સરકારની કે સરકારના મંત્રીની કાર્યરીતિ કે વિધાનસભાની કાર્યરીતિના સંદર્ભમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત

કરીને વિરોધ વ્યક્ત કરવાની તંદુરસ્ત પ્રણાલિકા દેશમાં અને રાજ્યની વિધાનસભાઓમાં અને ગુજરાતની વિધાનસભામાં ચાલી આવી છે. ભારતની સંસદ અને ગુજરાતની વિધાનસભાના ઈતિહાસ તરફ દ્રષ્ટિ નાખવામાં આવે તો જણાશે કે આ રીતે સૂત્રોચ્ચાર કરવાના, સભાત્યાગ કરવાના કે દેખાવો કરવાના અસંખ્ય બનાવો ભૂતકાળમાં બનેલા છે. સંસદીય લોકશાહી પદ્ધતિમાં આવા બનાવો બનતા આવ્યા છે અને સંસદીય પદ્ધતિમાં બને એ સ્વભાવિક અને અપેક્ષિત છે. વધુમાં, વિધાનસભાના સભ્યોના અધિકારો વિશેષાધિકાર સ્વરૂપે સભ્યોને મળેલા છે. આવા બનાવોથી સભાગૃહનું અવમાન કે સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું કોઈ કૃત્ય બનતું નથી કે સભાગૃહનું કોઈ અવમાન પણ થતું નથી. તેથી માનનીય મુખ્ય દંડકશ્રીની સૂચના સંદર્ભમાં કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. ઊલટાનું અમારી લાગણી એવી છે કે માનનીય મુખ્ય દંડકશ્રીએ આ રીતે વિધાનસભાના સભ્યોને સંસદીય લોકશાહીમાં મળેલા અધિકારો ઉપર તરાપ મારવાનો પ્રયત્ન કરેલ છે. તેથી મુખ્ય દંડકશ્રી સામે સભ્યોના વિશેષાધિકાર ઉપર તરાપ મારવાના કરેલ પ્રયત્ન બદલ વિશેષાધિકાર ભંગની કાર્યવાહી કરવા આપને વિનંતી હું કરી શકું પરંતુ તેમ કરતો નથી. અમારી ઈચ્છા હંમેશા ગૃહનું સન્માન કરવાની હોય છે. પરંતુ સાથે સાથે વિરોધ પક્ષની ભૂમિકા પ્રજાના પ્રશ્નોને વાચા આપવા સ્વભાવિક ઉગ્રતા આવે. ભૂતકાળમાં આવા ક્ષુલ્લક બનાવો અવાર નવાર ભારતીય જનતા પાર્ટી જ્યારે વિપક્ષે હતી ત્યારે બનતા હતા. આ પ્રકારના બનાવોને વિશેષાધિકારના ભંગ ગણવા કોઈએ ચેષ્ટા કરી નથી. માટે આ પ્રકરણ અમારા ખુલાસા પછી અહીં જ બંધ કરવું જોઈએ.

વિધાનસભા ગૃહને આપણે લોકશાહીનું મંદિર ગણીએ છીએ. સંસદીય લોકશાહીમાં આપણને પ્રાપ્ત થયેલ બંધારણીય અધિકારો વિધાનસભાના નિયમો અને સંસદીય પ્રણાલિકાઓ ઉપર અવલંબિત છે અને મારા માટે આ સભાગૃહનું ગૌરવ જાળવવા અને સંસદીય લોકશાહીની ઉચ્ચતમ પ્રણાલિકાઓને સૂરક્ષિત રાખવી એ મારી જવાબદારી છે, તેમ આ સભાગૃહના સૌ સભ્યોની પણ સંસદીય જવાબદારી છે, ત્યારે માનનીય મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહજીએ ઉઠાવેલ મુદ્દાને અને વિપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે આપેલ જવાબને એકી સાથે લઈને સંસદીય પ્રણાલિકાની ગૌરવવંતી દિશાઓનું ગુજરાત વિધાનસભા ઉદાહરણ બની રહે એ જ આપણા સૌનું લક્ષ છે, એમ આ સભાગૃહ માને છે. આ સભાગૃહના સૌ સભ્યોએ ગુજરાત વિધાનસભાનું ગૌરવ વધારવું અને ઉચ્ચતમ પ્રણાલિકાઓ સ્થાપીને દેશની લોકશાહીની દીવાદાંડી બનવાનું આપણા સૌનું લક્ષ છે અને એ લક્ષ આપણે સૌ સ્વીકારીએ તો તારીખ ૨૫મી ના રોજ વિધાનસભા ગૃહની બહાર કોંગ્રેસ પક્ષે કરેલ દેખાવો, અંદાજપત્રની થયેલ હોળીના કૃત્યને હું ખૂબ જ ગંભીરતાથી લઉં છું. કોઈપણ સંજોગોમાં કોઈપણ સરકાર કે જૂથોએ ગુજરાત વિધાનસભા ભવનમાં કોઈ પણ પ્રકારના સરઘસ, દેખાવો કે સૂત્રોચ્ચારો કરવા એ માત્ર ગૃહના અવમાનનું કૃત્ય નથી પરંતુ સંસદીય લોકશાહીની પ્રક્રિયાનું અવમાન છે. કારણ કે આપણે સૌએ એકી અવાજે સ્વીકાર્યું છે કે વિધાનસભા ભવન એ લોકશાહીનું મંદિર છે અને આપણે બધા આ વિધાનસભા ગૃહને લોકશાહીનું મંદિર ગણીએ છીએ ત્યારે લોકશાહીના મંદિરમાં લોકશાહીની પૂજા હોય ત્યારે બધાએ સાથે મળીને એક સૂરે લોકશાહીના ગીતો ગાવાના હોય. પરંતુ દેખાવો, સૂત્રોચ્ચાર કે અંદાજપત્ર બાળવા જેવી ઘટનાઓ કરવી તે યોગ્ય નથી. શ્રી શકતસિંહજીએ આપેલા તા.૪/૩/૧૦ ના જવાબમાં કયાંય વિધાનસભા ભવનમાં કોંગ્રેસ પક્ષે તા. ૨૫-૨-૧૦ ના રોજ અંદાજપત્ર બાળીને દેખાવ કરવાની ઘટનાનો ઉલ્લેખ પણ કર્યો નથી. તેનું મને દુઃખ છે કે વિપક્ષના નેતા સત્યનો સ્વીકાર કેમ કરતા નથી? લોકશાહીમાં વિપક્ષને રચનાત્મક વિરોધ કરવાનો અધિકાર છે. ભૂતકાળમાં જ્યારે જ્યારે આ પ્રકારની ઘટનાઓ બની ત્યારે વિપક્ષના તત્કાલીન નેતાશ્રીઓએ ગૃહ બહાર બનેલી ઘટનાઓ માટે પણ ગૃહમાં આવીને માફી માગેલ હતી. તે ભૂતકાળનો હું પુનરોચ્ચાર કરતો નથી. પરંતુ સંસદીય લોકશાહીમાં આપણને સૌને શ્રધ્ધા છે ત્યારે તા.૨૫-૨-૧૦ ના રોજ વિધાનસભા ભવનમાં અંદાજપત્ર બાળવાની ઘટનાને સંસદીય લોકશાહીમાં વિરોધ પક્ષનો અધિકાર છે તેવા શકિતસિંહજીના મંતવ્ય સાથે હું સંમત થતો નથી. વિધાનસભા ભવનમાં અંદાજપત્ર બાળવાની ઘટનાને હું ખૂબજ ગંભીરતાથી વખોડું છું. કારણ કે માનનીય નાણામંત્રીશ્રીએ બેસીને પ્રવચન કરવાની પરવાનગી માગેલ હતી અને મને મળેલ સત્તા પ્રમાણે વિધાનસભાના નિયમોના નિયમ ૨૯ હેઠળ મેં નાણામંત્રીશ્રીને બેસીને પ્રવચન કરવાની પરવાનગી આપી હતી. એટલે સમગ્ર દેખાવો અને અંદાજપત્ર બાળવા સુધીની ઘટના એ અધ્યક્ષના નિર્ણયનું અવમાન છે. વિધાનસભા ભવનમાં સૂત્રોચ્ચાર, દેખાવો, અંદાજપત્ર બાળવા સુધીની ઘટનાઓ સંસદીય લોશાહીની ઘટનાઓ ના ગણાય. પરંતુ કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવેલા દેખાવોને રાજકીય પ્રદર્શન હું ગણું છું અને તેથીજ વિધાનસભામાં રાજકીય પ્રદર્શન કરવાનો કોઈ પણ પક્ષને અધિકાર નથી અને તેથી હું શકિતસિંહજીના મંતવ્ય સાથે સંમત થતો નથી. કારણ કે લોકશાહીમાં સંસદીય પધ્ધતિમાં આવા બનાવો બનતા આવ્યા છે અને સંસદીય લોકશાહીમાં તે બને તે સ્વાભાવિક અને અપેક્ષિત છે. ગુજરાત વિધાનસભાના ભવનમાં અત્યાર સુધીની થયેલી ઘટનાઓ હું જોઈ ગયો છું અને ૧૯૭૫ પછી હું આ સભાગૃહના સભ્ય તરીકે રહ્યો છું તેનો સાક્ષી છું તેથી ગુજરાત વિધાનસભા ભવનમાં ૧૯૬૦ પછી કોઈપણ રાજકીય પક્ષે કોઈ પણ પ્રકારના સૂત્રોચ્ચાર કે દેખાવો કર્યા હશે પણ કયારેય વિધાનસભા ગૃહમાં અંદાજપત્ર પ્રવચનની નકલો બાળવાનો

પ્રવર્તમાન સત્રમાં બન્યો તેવો બનાવ બન્યો નથી. જો આપણે સૌ આ અંગે ચિંતા કરીશું નહિ અને મૌન જાળવીશું તો શેરીઓમાં જેમ રાજકીય નેતાઓના પુતળાઓનું દહન થાય છે તેવી ઘટનાઓ વિધાનસભા ભવનમાં અને તેની હદમાં બનશે માટે જ હું તા.૨૫-૨-૧૦ નાં રોજ બનેલી ઘટનાને ખૂબજ ગંભીરતાપૂર્વક લઈને આ ઘટના માત્ર સંસદીય લોકશાહીનું અવમાન કે ગૃહના અવમાનની ઘટના નથી. પરંતુ સંસદીય લોકશાહીમાં શ્રધ્ધા રાખનાર સૌને માટે ચિંતાનો અને આઘાતનો વિષય છે એમ હું સ્પષ્ટપણે માનું છું. ભવ્ય હોય એવો જ ભૂતકાળ યાદ રાખવો જોઈએ. પ્રેરણા આપે તેવાજ ભૂતકાળમાં બનેલા બનાવો નજર સમક્ષમાં રાખીને વર્તમાનમાં તેનું આચરણ કરીશું તો સંસદીય પરંપરાઓને સાચા અર્થમાં જાળવી શકીશું, તેનું જતન કરી શકીશું આશા રાખું છું કે હવે પછી આવી ઘટનાઓનું પુનરાવર્તન ના થાય અને સંસદીય લોકશાહીમાં વિધાનસભા ગૃહને લોકશાહીનું મંદિર ગણ્યું છે ત્યારે આવા અઘટિત કૃત્ય માટે ખેદ થવો જોઈએ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમને કહી દેવા દો. શું કહેવું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમને પણ નિર્ણય પર કહેવું છે. દંડકશ્રી પણ ઊભા થયા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :ના હું નહિ કહેવા દઉં. મેં ના પાડી. એમને બેસાડી દીધા. હું એમને બેસાડી દઉં છું.

**શ્રી વજુભાઈ વાળા** : હવે એની માટે કોઈ ચર્ચા હોઈ શકે નહિ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ ઊભા થયા છે. એ ના કહેવાના હોય તો મારેય કાંઈ કહેવું નથી.

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાવ. નિર્ણય ઉપર ચર્ચા જ ના હોય.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, તો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અત્યારે બેસી જાવ. નેક્સ્ટ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો આના સંદર્ભમાં એટલું જ કહેવું હતું કે આપે જ્યારે ગંભીરતાપૂર્વક (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ, આના સંદર્ભમાં કશું નહિ કહેવાય. નેક્સ્ટ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૮-૦૯ના વર્ષનો ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો ઑડિટ અહેવાલ.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૮-૦૯ના વર્ષનો ઑડિટ અહેવાલ (વાણિજિયક) (અંગ્રેજી તથા ગુજરાતી)ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૮-૦૯ના વર્ષનો ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો રાજયની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૮-૦૯ના વર્ષનો રાજયની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ (અંગ્રેજી તથા ગુજરાતી)ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૮-૦૯ના વર્ષનો ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો ઑડિટ અહેવાલ(મહેસૂલ પ્રાપ્તિ).**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૮-૦૯ના વર્ષનો ઑડિટ અહેવાલ (મહેસૂલ પ્રાપ્તિ) (અંગ્રેજી તથા ગુજરાતી)ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૮-૦૯ના વર્ષના ગુજરાતના નાણાકીય હિસાબો.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સરકારના સન ૨૦૦૮-૦૯ના વર્ષના નાણાકીય હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.
નાણાકીય હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

**સન ૨૦૦૮-૦૯ના વર્ષના ગુજરાતના વિનિયોગ હિસાબો.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સરકારના સન ૨૦૦૮-૦૯ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વિનિયોગ હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૩-૦૪નો સ્થાનિક ભંડોળ, હિસાબ નિરીક્ષકનો ઑડિટ અહેવાલ.**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ, હિસાબના નિરીક્ષકશ્રીનો સને ૨૦૦૩-૦૪ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઑડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપે આવીને મારી પાસે સ્વીકાર્યુ છે પણ હું આશા રાખું કે, આવતા વર્ષ પહેલા આ વિભાગની અંદર સ્પેશિયલ ઑડિટર નીમવા પડે કે જે કોઈ પ્રક્રિયાઓ કરવી પડે એ કરીને આપ આટલા વિલંબમાંથી બહાર નીકળો, પંચાયત વિભાગ એ મારી સૂચના છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : We have noted.

**સન ૨૦૦૮-૦૯નો ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ.**

**શ્રી વજુભાઈ વાળા (સામાન્ય વહીવટમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ તેમજ આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ અંગે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૬-૦૭નો ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૮-૦૯નો ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિ.નો વાર્ષિક અહેવાલ**

**શ્રી જયનારાયણ વ્યાસ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્મર્ફેટિક્સ લિમિટેડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૬-૦૭ તથા સન ૨૦૦૮-૦૯ના ગુજરાત માનવ અધિકાર આયોગનો વાર્ષિક અહેવાલ.**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો સન ૨૦૦૬-૦૭ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ અને સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૦૬-૨૦૦૭ના વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**માનનીય ન્યાયાધીશ શ્રી જે. પી. દેસાઈ તપાસ પંચનો અહેવાલ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કથિત પોલીસ હુમલાના કારણે લેફ્ટ.કર્નલ (નિવૃત્ત) પ્રતાપ રઘુનાથ સાવેના નીપજેલા મોતની તપાસ અર્થે નીમવામાં આવેલા માનનીય ન્યાયાધીશ શ્રી જે. પી. દેસાઈ તપાસ પંચનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૨૯૩૧(અગ્રતાક્રમ-૯)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૩-૩-૨૦૧૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી અમિતકુમાર ચાવડાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: *૧૨૯૩૧ (અગ્રતા ક્રમ-૯) !! આણંદ જિલ્લામાં ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીઓ !! ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

---

* આ માહિતી વિધાનસભા ગ્રંથાલયમાં રાખવામાં આવેલ છે.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલા વિધેયકો.**

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના ચાલુ, છઠ્ઠા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા અને જેને નામદાર રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૦ના વિધેયક ક્રમાંક ૩ અને ૯ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**જાહેર હિસાબ સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**વિશેષાધિકાર માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ (સમિતિના પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વિશેષાધિકાર માટેની સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**ગૌણ વિધાન માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

**શ્રી શિરિષકુમાર મ. શુકલ (સમિતિના પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગૌણ વિધાન માટેની સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

**શ્રી રાજસીભાઈ વી. જોટવા (સમિતિના સભ્યશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

# સરકારી વિધેયકો

**સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪**

# મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦

**મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજય પત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪, સન ૨૦૧૦નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન( ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૪ , સન ૨૦૧૦નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની અંદર મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ આ બે શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ છે. આ સંસ્થાઓનો વહીવટ અને એનું નિયમન જુદાજુદા એકટ દ્વારા કરવામાં આવે છે જેમાં મહાનગરપાલિકાઓનો વહીવટ અને આયોજન એ બોમ્બે મ્યુનિસિપલ પ્રોવિન્શિયલ એકટ પ્રમાણે કરવામાં આવે છે જેને આપણે બી.પી.એમ.સી. એકટ તરીકે ઓળખીએ છીએ. જયારે ગુજરાત રાજય અલગ નહોતું પડયું ત્યારે મુંબઈ રાજય વખતે આ કાયદા બનેલા છે અને આ કાયદાઓમાં જે મહાનગરપાલિકાઓ છે, કોર્પોરેશન છે એની જુદીજુદી કાયદાકીય જોગવાઈઓ આ એકટમાં

---

* આ વિધેયક સન ૨૦૧૦ના માર્ચ મહિનાની ૨૩મી તારીખે ગુજરાત સરકારી રાજય પત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સમાવિષ્ટ કરવામાં આવી છે. આમ તો ૧૯૫૨-૫૩માં આ એકટની કલમ-૪૫૮ની પેટા કલમ-૩૬ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એના બાયલોઝ તૈયાર કરી અને મુંબઈ સરકારમાં મંજૂરી માટે મોકલેલા જેને મુંબઈ સરકારે ૨૪ સપ્ટેમ્બર, ૧૯૫૩ અને તેના સુધારા ૧૯૫૭ અને ૧૯૪૯ના ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની કલમ-૪૫૮ (૩૬) મુજબ કોર્પોરેશન માટે મંજૂર કરેલા છે. આ નિયમો પ્રમાણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનો એમની જે જાહેર સેવાઓ છે, સુવિધાઓ છે એને નિયમન કરતી પ્રવૃત્તિઓ આ કાયદા નીચે અમલમાં લાવે છે. શહેરમાં બાગબગીચા, હરવાફરવાના સ્થળ, સંગ્રહાલય, મ્યુઝિયમ, તળાવો, લાયબ્રેરી, ટાઉનહોલ, પાર્ટી પ્લોટ, પાર્કિંગ પ્લોટ,શાળાઓ, સ્નાનાગાર, વ્યાયામ વિદ્યાલય એવા પ્રકારની લોક મનોરંજક અને લોકોને હરવાફરવા માટે ઉપલબ્ધ થાય એવા સ્થળોનો વિકાસ, એની જાળવણી માટેની વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવી છે. અમદાવાદ મહાનગરપાલિકાએ ભૂતકાળમાં બાલવાટીકા બનાવી છે.મ્યુઝિયમ બનાવ્યું છે. સંગ્રહાલય બનાવ્યા છે. એ સિવાય કાંકરિયા તળાવનો વિકાસ કર્યો છે. ટાઉનહોલ બનાવ્યા છે. પાર્ટી પ્લોટ બનાવ્યા છે. વ્યાયામ વિદ્યાલયો બનાવ્યા છે. સ્નાનાગર બનાવ્યા છે. આ પ્રમાણેની પ્રજાને ઉપયોગી, નાગરિકોને સુખ સુવિધા માટેની સગવડો પ્રાપ્ત થાય અને લોકો પોતાના કામકાજની સાથે સાથે એક સારું વાતાવરણમાં શહેરમાં રહી શકે અને જુદા જુદા પ્રકારના વ્યાયામ અથવા તો મનોરંજક અથવા તો માહિતીપ્રદ એવા પ્રકારની સુવિધા પ્રાપ્ત કરી શકે. રજાના દિવસે અથવા તો વેકેશનમાં સહ પરિવાર મહેમાન સાથે હરવા, ફરવાના સ્થળે પ્રજા જાય, નાગરિકો જાય અને આનંદ પ્રમોદ કરીને સારી રીતે પોતાનું જીવન પસાર કરે તે માટે મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા મોટા ખર્ચાઓ કરીને જુદી જુદી વ્યવસ્થાનો નીભાવ કરવામાં આવે છે, ત્યારે સ્વાભાવિક છે કે આવી વ્યવસ્થાઓ સારી રીતે, સુચારુ રીતે ચાલે એનું યોગ્ય નિયમન થાય, યોગ્ય વ્યવસ્થા ગોઠવાય, એના માટેના યોગ્ય નિયમ દ્વારા વ્યવસ્થા તંત્ર ચાલે અને, પ્રજા શાંતિથી સરળતાથી નિયમબદ્ધ રીતે, શિસ્તબદ્ધ રીતે એનો સારી રીતે ઉપયોગ કરી શકે, કોઈ ખોટી રીતે દુરુપયોગ ન થાય, અસામાજિક તત્ત્વો અથવા એવા પ્રકારનો ગેરકાયદેસર ધંધો કરનાર લોકો આવી પ્રજાકીય મિલકત જાહેર સુખસુવિધાવાળી મિલકતનો દુરુપયોગ ન કરે, એટલા માટે જે તે સમયે જરૂરિયાત પ્રમાણે બૉમ્બે મ્યુનિસિપલ કૉર્પોરેશન એકટની જે ૪૫૮ ની કલમ છે એની ૩૬ મી કલમ છે, એમાં જુદા જુદા પ્રકારના બાગ બગીચા, ખુલ્લા મેદાનો વગેરેને નુકસાન ન થાય, એનું રક્ષણ થાય, વહીવટનું નિયમન થાય, જાહેર પ્રજા કેવી રીતે સારી રીતે ઉપયોગ કરી શકે એની વ્યવસ્થા ગોઠવાય. કોઈ શખ્સો દુરુપયોગ ન કરે એ માટે મ્યુનિસિપલ કૉર્પોરેશન એના પેટા નિયમો મંજૂર કર્યા છે. આ પેટા નિયમ પ્રમાણે અત્યારે આ તમામ વ્યવસ્થા મહાનગર પાલિકા વિસ્તારમાં ચાલી રહી છે. ત્યારે આમ તો આ કાયદો એ સ્વંભુ આ કામગીરી માટે સક્ષમ જ છે, પણ કેટલાક ટેકનિકલ કારણોસર આ કાયદામાં સુધારો કરવા માટે આ જે આ બિલ હું રજૂ કરી રહ્યો છું. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ કાંકરિયા લેકનો વિકાસ કરવામાં આવેલ છે. કાંકરિયા લેકમાં પ્રવેશ તેમજ ઉપયોગ માટે મ્યુનિસિપલ કૉર્પોરેશનને

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## સબજ્યુડીસ મેટરના બિલ અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. બિલમાં નહિ. પણ અત્યારે માનનીય મંત્રીશ્રીએ શરૂ કર્યુ એ નામદાર હાઈકોર્ટ પાસે સ્પેશ્યલ સિવિલ એપ્લીકશેન નં. ૯૮૬૫/૨૦૦૯ એડમીટ થયેલી કન્સીડીરેશન માટે પડેલી છે. આપણા બહુ સ્પેસિફિક આપણે આપણા ઉપર ઈમ્પોઝ કરેલા નિયમો છે. જ્યારે જે બાબત ન્યાયાધીન હોય ત્યારે ન્યાયાધીન બાબતની ગૃહમાં ડિસ્કશ કરતા નથી. આ સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન આ જ સબજેક્ટ માટે છે. એ ન્યાયાધીન બાબત છે. એડમીટ થયેલ મેટર છે. ફૉર ફાઈનલ હિયરિંગ છે. એ સંજોગોમાં હું માનું છું કે આપણે આ રીતે બિલને પસાર કરવાના હોઈએ તો નામદાર હાઈકોર્ટના ન્યાયાધીન બાબતને આપણે ડિસ્કશન કરીને પસાર કરીએ છીએ, એટલા માટે હું માનું છું કે આ મંજૂરી નહિ આપવી જોઈએ. જ્યારે મંત્રીશ્રીએ બિલના સ્કોપમાંથી અત્યારે રિવીલ કર્યુ, એટલા માટે આ એપ્રોપ્રીએટ સ્ટેજ છે. એટલા માટે અત્યાર સુધી હું નહોતો ઊભો થયો. જ્યારે એમણે કાંકરિયા લેકની વાત કરીને આ વાત કરી ત્યારે હું માનું છું કે આપણા જે ભૂતકાળના જજમૅન્ટ છે. આપણે આપણા ઉપર લાદેલું નિયમન છે, એને અનુરૂપ આ કાર્યવાહી નથી થતી માટે એને અહીયા રોકવી જોઈએ. નામદાર હાઈકોર્ટનું જજમૅન્ટ આવી ગયા પછી સરકારને લાગે કાયદામાં ચેઈન્જ કરવું છે, તો ત્યારે ચેઈન્જ કરવા માટે જરૂર લાવી શકે. અત્યારે આ સંશોધન ન લાવી શકાય. એમણે બીજી ભૂમિકાઓ બાંધી છે, તે જરૂરી હોય તો આટલા વર્ષોથી ચાલ્યું આવે છે. આપ હાઈકોર્ટમાંથી નિકાલ થયા પછી આ બિલને લાવો તે વ્યાજબી રહેશે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો, મેટર સબજ્યુડીશ છે, એટલા માટે આપણી પરંપરા પ્રમાણે બિલ ન લાવવું જોઈએ. આપણી પરંપરાઓ પ્રમાણે મેટર સબજયુડીશ હોય ત્યારે ચર્ચા ન થઈ શકે તેવી છે. બિલ લાવવાનો અધિકાર વિધાનસભાનો છે જ. કાયદાની અંદર સુધારો કરવાનો અધિકાર છે અને કાયદાની અંદર સુધારા કરવાના અધિકાર વિધાનસભા પાસે

અબાધિત છે. વિધાનસભા તેના માટે કોમ્પીટન્ટ છે. જયાં સુધી હાઈકોર્ટનો સવાલ છે માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાએ ઘડેલા કાયદાઓનું અર્થઘટન અને તેનું અમલીકરણ માનનીય નામદાર હાઈકોર્ટે કરવાનું હોય છે અને બિલ લાવતી વખતે મેટર સબજયુડીશ નથી તે મુદ્દો એટલા માટે ઉપસ્થિત ના થઈ શકે. આ કાયદામાં સુધારો જો ગૃહ કરે, ગૃહના નિયમો મુજબ તો નામદાર હાઈકોર્ટે તે પ્રમાણે તેનું અર્થઘટન કરવું પડશે. એટલે તેના લીધે બિલ લાવવાની પ્રક્રિયાની અંદર કોઈ પ્રકારે અડચણ ઉભી થઈ શકે તેમ નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો એટલું જ કહીશ કે.. હા પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલું છું. આ બાબત એકટમાં સુધારા માટેની છે. રાજયના સાતે સાત મહાનગરપાલિકાઓને આ એકટ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. તે તમામને આ બાબત લાગુ પડવાની છે. કાંકરિયાનો ઉલ્લેખ તો હું ઔપચારિક રીતે કરું છું. ફકત શરૂઆત કરી હતી. મારી થોડી વાત માનનીય સભ્યશ્રીએ સાંભળી ન હતી અને તે પહેલાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે. આ સુધારો રાજયની તમામ મહાનગરપાલિકાઓને લાગુ પડવાનો છે. કાંકરિયાનો કેસ અલગ ચાલી રહયો છે તે અમે સૌ જાણીએ છીએ. તેના ઉપર કોઈ ટીકા ટિપ્પણ અમે અહીં કરતા નથી. રાજય સરકારનો કોઈપણ કાયદામાં સુધારો કરવાનો હંમેશાં અધિકાર છે. લેજીસ્લી પાવર પર આનાથી કોઈ બાન આવતો નથી. ભૂતકાળમાં કોર્ટમાં કોઈ કેસ પેન્ડિંગ હોય તો પણ જુદા જુદા પ્રકારના વિધેયકો પસાર થયેલા છે. કોઈ સેલ્સ ટેકસની બાબત કોર્ટ આધીન હોય અને સરકાર તે બાબતમાં કોઈ સુધારો લાવે તો તેનાથી હાઈકોર્ટનો અનાદર થતો નથી. આ તો એક જનરલ સુધારો છે. તેમાં કોઈપણ બાબતની પ્રવૃત્તિઓને અમે સાંકળી શકીએ છીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય મંત્રીશ્રી તેમના નિવેદનને વળગી રહે અને તેમનું નિવેદન હાઈકોર્ટ સમક્ષ મૂકાવે તો મને વાંધો નથી. તે મેટરને આ લાગુ પડતું નથી. That is the statement of the Hon'ble Minister and for me it is enough to put before the Hon'ble High Court that this amendment will not affect the matter which pending before the High Court.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઈએ એ પ્રકારે નથી કહયું કે આ નિર્ણયની.. મને સાંભળો તો ખરા. માનનીય નીતિનભાઈએ એ પ્રકારે નથી કહયું કે આ નિર્ણયની હાઈકોર્ટના ફેંસલા પર અસર નહીં થાય. એમને એવું કહયું છે કે હાઈકોર્ટમાં જે કેસ પેન્ડિંગ છે તે કેવળ એક કેસ માટે આ બિલ લાવવામાં નથી આવ્યું. આ જનરલ બિલ છે. મેં અગાઉ વાત કરી તેના સમર્થનમાં કહેવા માગું છું કે, સી.આર.પી.સી.માં જેટલીવાર આ દેશમાં એમેન્ડમેન્ટ થયા તે દરેક વખતના હજારો, લાખો કેસ અદાલતોમાં પેન્ડિંગ હશે. તો તો કોઈ દિવસ કાયદો સુધરી જ ન શકે. દરેક કાયદાની કલમ કોઈને કોઈને જગ્યાએ ન્યાયની અદાલતોમાં વિવાદીત હોય જ તે. સી.આર.પી.સી. તો લાખો કેસો પેન્ડિંગ હોય. પરંતુ કાયદો સુધર્યા પછી સુધારેલા કાયદા પ્રમાણે કાયદાનું અર્થઘટન કરવું પડે એટલે કોઈ જગ્યાએ મેટર સબજયુડીશ હોય એટલે તે કાયદા ઉપર એસેમ્બલી વિચાર ન કરી શકે, એમેન્ડ ના કરી શકે આ પ્રકારની વાત કોઈ રીતે બરાબર નથી. કાયદો બનાવવાની, કાયદો સુધારવાની અને કાયદો રદ કરવાની આ ત્રણે સત્તાઓ વિધાસભા જોડે નિહીત થયેલી છે અને તેની પર કોઈ પ્રકારનો કાપ બંધારણની કોઈ કલમથી, કોઈ પ્રક્રિયાથી નથી આવતો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : The issue at debate is whether this House is competent enough to discuss any matter which is currently pending before any of the Hon'ble Court. The issue would be appropriately appreciating the fact which I am quoting from this book Eskins Parliamentary Practices, Page ૩૮૭ which says matters awaiting judicial decisions...

**અધ્યક્ષશ્રી** : આ મુદ્દાનો નિર્ણય થાય ત્યાં સુધી આપણે વિરામના સમયને લંબાવીએ છીએ. ત્યારપછી વિરામમાં જઈશું.

**શ્રી જયનારાયણ વ્યાસ** The para says that the House has resolved that no matter awaiting or under adjudication by court of law ....

**અધ્યક્ષશ્રી** : પાના નંબર કયા છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : પાન નં.૩૮૭ સર. તેમાં સાહેબ એવું કહયું છે ક this rule does not however apply where ministerial decision is in question and in any case be waived at the discretion of the Chair. This is the first exception that is available. The Chair has the discretion to waive the limitation. The second is that however the rule does apply to motions for leave to bring in bills. So the House can legislate on any matter either at the discretion of the Chair or on the rule if it does not apply the motions for leave to bring in the bills. The Hon'be Minister is trying to introduce the bill and at that juncture this limitation does not apply.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય મંત્રીશ્રીએ કહયું કે આ સાત મહાનગરપાલિકાઓ માટેનું જ આ વિધેયક છે. મારી પાસે વિધેયકની કોપી છે. વિધેયકની કોપીના બીજા પાને બહુ ચોખ્ખું લખેલ છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ કાંકરિયા તળાવનો વિકાસ કર્યો છે તેના ફંડ માટે આ વિધેયક લાવવાનું બહુ કલીયર લખેલ છે. હાઈકોર્ટમાં જે રીતે માનનીય શકિતસિંહભાઈએ કહયું કે આ કેસ જયારે હાઈકોર્ટમાં પેન્ડિંગ હોય ત્યારે અને ઉલ્લેખ પણ વિધેયકમાં કાંકરિયા તળાવનો કલીયરલી કરવામાં આવ્યો છે તે હેતુસર આ બિલ ન લાવી શકાય.

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહને બંધારણની કલમ-૧૯૪ અને ૧૯૬ પ્રમાણે મળેલ સત્તાઓ પ્રમાણે વિધાનસભા ગૃહને કેટલાક અધિકારો છે. મારા અગાઉના ગુજકોકની ચર્ચા વખતે આપેલા નિર્ણયોને હું વળગી રહું છું. અત્યારે જે મુદ્દો માનનીય શકિતસિંહજીએ ઉભો કર્યો કે હાઈકોર્ટની અંદર આ મેટર પેન્ડિંગ છે. સસદીય બાબતોના મંત્રીશ્રીએ અને ચર્ચામાં ભાગ લેતા પ્રભારી મંત્રીશ્રી જયનારાયણભાઈ અને આ બાજુથી શૈલેષભાઈએ જે વિગતો કહી તે મેં સાંભળી છે. હું કહું છું કે, આ સભાગૃહ એ સર્વોચ્ચ સભાગૃહ છે, આ સભાગૃહના પોતાના અધિકારો છે, અને એ અધિકારો પ્રમાણે એને કાયદો ઘડવાનો એનો અધિકાર છે અને એ અધિકારની મર્યાદાઓમાં રહીને આ બિલની ચર્ચા થાય એ ચોકકસ છે.સબજયુડિસનો નિયમ ધારા ઘડવાની બાબોતે લાગુ પડતો નથી. એક વાત જોડે જયારે ચર્ચા થતી હોય ત્યારે એ વાતની મર્યાદા આપણે સ્વીકારીએ કે કાંકરિયા લેકની મેટર જે અત્યારે (અંતરાય) મને ખબર છે, હવે જયારે હું કહું છું ત્યારે કાંકરિયા લેકની મેટર જે કોર્ટમાં ફીના મુદ્દા ઉપર સબજયુડિસ છે એટલે અમદાવાદ શહેર અને કાંકરિયાનો જે મુદ્દો કોર્ટમાં છે એના ઉલ્લેખો વિના પણ આ પ્રભારી મંત્રીશ્રીએ બહુ સ્પષ્ટ કહયું છે, આ બિલ લાવવાના હેતુઓની અંદર કે આ બિલ મ્યુનિસિપલ કોરપોરેશનને સત્તા આપતું છે, કે જે ખર્ચ એ કરે છે અને જે લોકો ભોગવે છે એની પાસેથી ફી લેવાનો અધિકાર જે તે મ્યુનિસિપલ કોરપોરેશનને મળે છે. પ્રભારી મંત્રીશ્રીએ આ બિલ મૂકતી વખતે, પહેલા વાંચન વખતે કરેલા પ્રવચનની અંદર એમણે એમના હાર્દને સ્પષ્ટ કર્યો છે અને એ સ્પષ્ટ કરતાં મને ચોકકસ લાગે છે કે આ બિલની ચર્ચાને ન રોકી શકાય, આ બિલની ચર્ચા પછી મતદાન ઉપર મૂકીને તેને પસાર કરતાં રોકવાની કોઈ જરૂરત મને લાગતી નથી અને એ સબજયુડિસ થતી નથી.

## વિરામ સવારના ૧૦.૩૯ થી ૧૧.૧૦ કલાક

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષ સ્થાને**

# મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ (ક્રમશ:)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે આ બી.પી.એમ.સી. એક્ટમાં જે સુધારો લઈને આવ્યા છીએ એના કારણે અત્યારે કોરપોરેશનો દ્વારા જે સેવાઓ આપવામાં આવે છે, જે વ્યવસ્થાઓ આપવામાં આવે છે એનું નિયંત્રણ કરવા માટે અમે એની વ્યવસ્થિત રીતે કાયમી રીતે માવજત થાય અને એની જાળવણી રહે એટલા માટે અને પ્રજા એને સારી રીતે વાપરી શકે એટલા માટે એનો ઉપયોગ કરવામાં આવશે. અત્યારે આમ તો કાયદાકીય જોગવાઈ છે જ પણ એ કાયદાકીય જોગવાઈને વધુ સુદ્દઢ કરવા માટે અમે આ સુધારો લાવ્યા છીએ. કલમ ૪૫૮ના કલોઝ ૪૧માં કોરપોરેશન દ્વારા આપવામાં આવતી સેવાઓ એમાં તમામ સુવિધાઓને સર્વ વ્યાપક રીતે લાગુ પડે છે પરંતુ કલોઝ ૩૬માં જ્યાં ખાસ કરીને કોરપોરેશનના નિયંત્રણ હેઠળ આવતા સાર્વજનિક ઉપયોગ માટેની વ્યવસ્થાઓ એમાં બાગ-બગીચા અને અન્ય જે વ્યવસ્થાઓ છે જેનો મેં અગાઉ પણ ઉલ્લેખ કર્યો છે એવી તમામ વ્યવસ્થાઓને બાયલોજ દ્વારા નિયંત્રિત કરી અને જે સત્તાઓ આપીએ છીએ એના દ્વારા એની ફી વગેરે નક્કી કરવાની પ્રક્રિયાની સત્તા મહાનગરપાલિકાઓને પ્રાપ્ત થયેલી જ છે. પણ જ્યાં થોડી ઘણી શંકા હોય એ શંકા પણ નિર્મૂલ થાય એ માટે આવી તમામ જાહેર જગ્યાઓ માટે ફી લેવા માટેના બાયલોજ ઘડવા માટે આ અમે કાયદાકીય સુધારો કરી અને મહાનગરપાલિકાઓને અમે સત્તા આપવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ વ્યવસ્થા સારી રીતે ચલાવવી હોય અને એનો લાભ પ્રજાને નિયમિત રીતે અને સારી રીતે આપવો હોય તો એની જાળવણી કરવી એ અતિ આવશ્યક છે. અને સ્વાભાવિક રીતે આવી વ્યવસ્થાની જાળવી કરવી હોય તો એના ખર્ચ માટેની પણ જોગવાઈ કરવી જ જોઈએ. ખર્ચની જોગવાઈ બે રીતે થઈ શકે એક તો જે સંસ્થા હોય એટલે કે અહીંયા મહાનગરપાલિકા, તો મહાનગરપાલિકા પોતાની આવકમાંથી સ્વભંડોળમાંથી એની માવજત માટે મેન્ટેનન્સ માટેના ખર્ચની બજેટ જોગવાઈ કરે એના માટે મોટા પ્રમાણમાં ફંડ ફાળવે અથવા તો રાજ્ય સરકાર એને મદદ કરે અથવા તો ત્રીજો ઉપાય જે વ્યવહારુ, સરળ અને ઉપયોગી છે કે

જે વ્યકિતઓ આ વ્યવસ્થાનો લાભ લેતા હોય, આ વ્યવસ્થાનો ઉપયોગ કરતા હોય એ વ્યકિતઓ ઉપર એના માટેની ફીની જોગવાઈ કરવામાં આવે તો જે લાભ લેતા હોય એવા લોકો ફી આપી એ વ્યવસ્થાનો ઉપયોગ કરે અને એ ફીની આવકમાંથી મહાનગરપાલિકાઓ એ વ્યવસ્થાને સારી રીતે વર્ષો સુધી એની જાળવણી કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈ નવી બાબત નથી, હું દાખલા તરીકે અમદાવાદમાં આપને કહું કે અમદાવાદમાં બાલવાટિકા ૧૯૫૬માં બનાવવામાં આવી એ વખતે પણ મહાનગરપાલિકાએ ૨૮-૧૨-૧૯૫૬ના રોજ એમાં ફી દાખલ કરેલી અને એ જમાના પ્રમાણે જે ફી હતી એનું માળખું જે હતું એ આપને કહું તો ૧૨ વર્ષથી નીચેની ઉંમરના જે બાળકો હોય એમને પ્રવેશ ફીમાંથી મુક્ત રાખવામાં આવેલા, એ પછી ૧ પૈસાની ફી હતી, બાળક સાથે એક જ વાલીએ અંદર જવું હોય તો ૨ પૈસા ફી હતી, બાળકો માટે ઘોડે સવારે કરવી હોય, બકરા ગાડી, હરણ ગાડી એ વ્યવસ્થા એ વખતે હતી એનો ઉપયોગ કરવો હોય તો પણ ફી હતી. એ જમાનામાં તો બાલવાટિકાની અંદર કોઈએ કેમેરો લઈ જવો હોય તો કેમેરો લઈ જવા માટે પણ ફીની એ વખતે જોગવાઈ કરી હતી અને એ જમાનાનું મૂવી કોઈ પિક્ચર ઉતારવું હોય એવું કરવું હોય તો એના માટે પણ વધારે ફી આવી વ્યવસ્થા બાલવાટિકામાં અગાઉ ૧૯૫૬માં અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને દાખલ કરેલી જ છે.એટલે આ મ્યુનિસિપિલ કોરપોરેશન અથવા આ સરકાર હવે પ્રજા પાસેથી જાહેર ઉપયોગની વ્યવસ્થાઓનો ઉપયોગ કરવા માટે ફી ઉઘરાવે છે એ બાબત બિલકુલ વાજબી ઠરતી નથી. કારણકે જ્યારે બાલવાટિકા ૧૯૫૬માં બની, ત્યારથી સરકારે કાયદાની જોગવાઈ નીચે જે કોરપોરેશનને સત્તા આપેલી અને એ સત્તાની રૂએ બાયલોઝ પ્રમાણે કોરપોરેશને એ સમયથી એની ફીની આકારણી કરેલી છે, એવી જ રીતે ૧૯૫૧માં બાલવાટિકા પહેલાં પણ અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને પ્રાણી સંગ્રહાલયની સ્થાપના કરેલી, તો એ પ્રાણી સંગ્રહાલયને જોવા આવવા માટેની જે વ્યવસ્થાઓ હતી, એમાં પણ જે લોકો પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લે એ તમામ મુલાકાતીઓને પણ એ વખતે ફી ભરવાની વ્યવસ્થા કોરપોરેશને કરેલી છે, એટલે કે અમદાવાદ શહેરનો જો દાખલો લઈએ, બીજા શહેરોના પણ હું દાખલા આપી શકું, પણ અમદાવાદ શહેરમાં બાલવાટિકા હોય, પ્રાણી સંગ્રહાલય હોય કે અન્ય જે તે વખતે બનેલી આવી હરવાફરવા લાયક જોવાલાયક જે વ્યવસ્થાઓ છે, એ તમામ વ્યવસ્થાઓને જોવા માટે મુલાકાતીઓ માટે ફી ભરવાની વ્યવસ્થા કરેલી, તે વખતે જે એક જગ્યા હતી જેને હિલ ગાર્ડન ઝુ તરીકે ઓળખતા હતા એમાં પણ દરેકને પ્રવેશ માટે ફી રાખવામાં આવેલી, એવી જ રીતે સ્નાનાગાર હોય, વ્યાયામ શાળા હોય કે અન્ય કોઈ વ્યવસ્થાઓ હોય, પાર્ટી પ્લોટ હોય, પાર્કિંગ પ્લોટ હોય, ટાઉનહોલ હોય આવી જે જે જાહેર ઉપયોગી, વ્યકિતગત ઉપયોગ કરી શકાય એવી તમામ વ્યવસ્થાઓ માટે ચાર્જ જે તે વખતે જે બન્યું તે સમયથીજ વસૂલ કરવાની પ્રક્રિયા અમદાવાદ અને અન્ય મહાનગરપાલિકાઓમાં અત્યારે હાલ ચાલુ છે, જુનાગઢમાં આપણે જોઈએ તો ત્યાં જે ઝુ છે એની પણ ફી લેવાની વ્યવસ્થા છે, આમ આ પ્રકારે તમામ જગ્યાએ આવી વ્યવસ્થાઓનો ઉપયોગ કરવા માગતા હોય, આ કંઈ ફરજિયાત નથી, જે લાભાર્થીને જે વ્યકિતને એનો લાભ લેવો હોય એમાં આનંદ પ્રમોદ કરવો હોય, એમાં પર્યટન જવું હોય, એમાં પીકનીક જવું હોય, એમાં પાર્ટી કરવી હોય કે ફરવા જવું હોય, એનો લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓ એવા લોકો એનો ચાર્જ આપે અને આ ચાર્જની આવકમાંથી એના મેઈન્ટેનન્સની અને એની સાફસૂફીની અને સ્વચ્છતાની અને એને વધુ અપગ્રેડેશન કરવાની વ્યવસ્થાઓ આ ફંડમાંથી ઉભી થાય એવી રાજય સરકારની ઈચ્છા છે, અને એના અનુસંધાનમાં આ નાનો સુધારો અમે લાવ્યા છીએ, આ સુધારો અમલમાં આવશે એટલે વધુ સારી વ્યવસ્થાઓ, મહાનગરપાલિકાઓને આવી વ્યવસ્થાઓ બનાવવાનું પ્રોત્સાહન મળશે, નહિ તો આપણને ખબર છે કે ભૂતકાળમાં ઘણી જગ્યાએ ઉત્સાહમાં આવીને કોરપોરેશન, નગરપાલિકા કે ગ્રામ પંચાયત હોય, એ લોકોએ કોઈ વ્યવસ્થા ઉભી કરી દીધી, કોઈએ દાન આપ્યું, કોઈ ગ્રાન્ટ આવી હોય, કોઈ ફંડ મળી ગયું હોય, તો એક વખત કામ કરી શકીએ છીએ, પણ એની માવજત નહિ થઈ શકવાના કારણે એ વ્યવસ્થાઓ પછી ભવિષ્યમાં સારી વ્યવસ્થાઓ આપી શકતી નથી, એનું મેનેજમેન્ટ થઈ શકતું નથી, એની માવજત થઈ શકતી નથી અને પછી એ ધીમે ધીમે બિનઉપયોગી અને જીર્ણ થઈ જાય છે, આવી ઘણી વ્યવસ્થાઓ ભૂતકાળમાં જો ચાર્જ ન લીધો હોય એની માવજત ન કરી શક્યા હોય તો એ બિનઉપયોગી થઈ જાય છે, અમે ઈચ્છીએ છીએ કે દરેક કોરપોરેશન, નગરપાલિકા રાજયની અંદર કરોડો નાગરિકો જે શહેરોમાં રહે છે અથવા ગુજરાતમાં બહારથી જે પ્રવાસીઓ આવે છે, મુલાકાતીઓ આવે છે, સમગ્ર વિશ્વમાંથી આપણા એન.આર.આઈ. ગુજરાતીઓ આવે છે તો એમને હરવાફરવા માટેના આવા સુંદર સ્થળો થાય, દેશની અંદર વખણાય એવી વ્યવસ્થા ઉભી થાય, પરદેશથી પણ લોકો આવે તો એમને પણ ત્યાં જવાનું મન થાય, આવી સુંદર વ્યવસ્થા જો આપણે ઉભી કરવી હોય, તો એને મફત ના ચલાવી શકાય, એનો વાજબી ચાર્જ રાખવો પડે, એના પર નિયંત્રણ રાખવું પડે, એના મેઈન્ટેનન્સ માટે ખર્ચ કરવાની પણ જવાબદારી પણ સંસ્થાની આવતી હોય છે, એની સલામતિની પણ જવાબદારી આવતી હોય છે, તો આ બધું જ જ્યારે કરવું હોય ત્યારે સ્વાભાવિક છે કે નગરપાલિકા કે મહાનગરપાલિકા હોય એના પર ચાર્જ લેવાની સત્તા સરકારે એને આપવી જોઈએ, સત્તા છે પણ એને વધુ સુદ્દઢ કરવા માટે આ એમેન્ડમેન્ટ આ કાયદામાં અમે લાવ્યા છીએ શહેરી વિકાસ વિભાગ તરફથી, સરકાર તરફથી, હું આશા રાખું છું કે ગુજરાતની વધતી જતી પર્યટનની જે વ્યવસ્થાઓ છે, બાકી આપણે બધા જ ઇચ્છીએ છીએ કે લાખો લોકો ગુજરાતમાં પ્રવાસ

માટે આવે, પર્યટન માટે આવે અને આપણાં જે નાગરિકો છે તેમને પણ હરવા-ફરવા માટે બાળકો સહિત, પરિવાર સહિત જયા તેમનું જ્ઞાન વર્ધક થાય, આનંદ પ્રમોદ થાય અને તેમને સરસ રીતે આ જીવન જીવવાનું મન થાય તે પ્રમાણેની વ્યવસ્થા કરવા માટે અમે આ સુધારો લાવ્યાં છીએ. હું તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આપ સૌ આ સુધારાને અનુમોદન આપો અને આ સુધારો મંજૂર કરો.

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક સન ૨૦૧૦, વિધેયક ક્રમાંક-૧૪ જે લઈને આવ્યાં છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે જાહેર જે જગ્યાઓ છે તે જાહેર જગ્યાઓ ઉપર ફી લેવા માટે આ વિધેયક લાવવામાં આવ્યું છે. ઉદ્દેશ્યો અને કારણોમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું કાંકરિયા જે તળાવ છે તેના માટેનો ઉલ્લેખ કરીને આ વિધેયક પણ લાવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૪૫૮ના ૩૬ મુજબ સમગ્ર ગુજરાતની અંદર આવેલી સાત મહાનગરપાલિકાઓ જે સાત મહાનગરપાલિકાઓની અંદર સાર્વજનિક ઉદ્યાનો, બગીચાઓ, વાહનો મૂકવાની જગ્યા, બીજી અન્ય જગ્યાઓ. આ જગ્યાઓ ઉપર કોર્પોરેશન ફી લે, કેટલી ફી લે તે તો નક્કી નથી પણ કોર્પોરેશન ફી લે તે માટેનું આ વિધેયક લાવવામાં આવ્યું છે. જ્યારે હું અમદાવાદ શહેરમાંથી આવું છું ત્યારે અમદાવાદ શહેરની મહાનગરપાલિકા તે ડો.મનમોહનસિંહની યુ.પી.એ.સરકારે આ મહાનગરપાલિકાને ઐતિહાસિક દરજ્જો આપીને જે રીતે તેનું ડેવલપમેન્ટ ચાલી રહ્યું છે ત્યારે વર્ષો જૂનું કાંકરિયાનું ઐતિહાસિક એ તળાવ, એ તળાવ એટલું ઐતિહાસિક છે કે ગુજરાતની અંદર અને ખાસ કરીને અમદાવાદની અંદર જ્યારે લોકો આવે ત્યારે આ તળાવની મુલાકાત લે. એ દિવસો આજે પણ મને યાદ છે માનનીય અધ્યક્ષશ્રી, કે જ્યારે ત્યાં બાજુમાં જ ફૂટબૉલ ગ્રાઉન્ડ આવેલું છે. એ ગ્રાઉન્ડમાં અમે જ્યારે સ્કૂલ, કોલેજોમાં ભણતાં ત્યારે ત્યાં ક્રિકેટ રમવા જતાં અને તે દિવસે અમે જે કાંકરિયા તળાવની મોજ માણતાં એ દિવસો આજે પણ યાદ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઈ જ્યારે બિલ લઈને આવ્યા છે ત્યારે સમગ્ર રાજયની અંદર જે મહાનગરપાલિકાઓ છે આ મહાનગરપાલિકાઓ પાસેથી જ્યારે કોર્પોરેશન જ્યારે ટેક્સ લેતી હોય છે. તે ટેક્સના આધારે જ્યારે તેની નોકરિયાત વર્ગની અંદર તેના પગારો થતાં હોય, સામાજિકથી માંડી અને આર્થિકથી માંડીને જે ખર્ચાઓ થતાં હોય છે તે પબ્લિકના પૈસે જે કોર્પોરેશનમાં ટેક્સ ભરાય છે તે ટેક્સના આધારે તેનું તંત્ર આખું ચાલતું હોય છે. કોર્પોરેશનમાં એક તરફ પબ્લિક ટેક્સ ભરે અને જે પબ્લિકની જાહેર જગ્યા છે જેનો માલિક કહેવામાં આવે, માલિક કોર્પોરેશનનો અને પ્રજા તેની સામે જઈ શકે તે જગ્યા ઉપર જ્યારે પૈસા લેવાની વાત આવે ત્યારે હું માનનીય મંત્રીશ્રી બેઠાં છે ત્યારે અમુક વાતો કરવા માંગુ છું કે આજે હનુમાન જયંતી છે. અને હનુમાનજી એટલે શ્રીરામનું નામ લઈને એટલે સ્વભાવિક છે કે હનુમાનજીનું નામ યાદ આવે. અને જે રીતે અમદાવાદમાં, આમાં ઘણાં બેઠેલાં મિત્રો છે. કેસરી ધારણ કરવું અને કેસરીનો અમલ કરવો તેની અંદર બહુ મોટો ફરક છે માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કહું છું હું આ સભાગૃના ધ્યાન ઉપર મૂકવા માંગુ છુંઆજે ચૈત્રી પુનમ છે. આજે હનુમાન જયંતિ છે. આ કાંકરીયા તળાવની પાસે સાડા ચારસો વર્ષ જૂનું હનુમાનજીનું મંદિર આવેલું છે. મારે દુઃખ સાથે કહેવું છે, માનનીય નીતિનભાઈ કે આજે ભકતને દસ રૂપિયાનું શ્રીફળ ચડાવતા પહેલા ૧૦ રૂપિયાની એન્ટ્રી ફી આપીને હનુમાનજીના દર્શન કરવા જવું પડે. આ પરિસ્થિતિ આજે પેદા થઈ છે. (અંતરાય)

**સભાપતિશ્રી:** તમે મહેરબાની કરીને વચ્ચે વચ્ચે નહીં બોલો. ગૃહનું ડેકોરમ જાળવો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં ચારસો વર્ષ જૂનું મહાદેવજીનું પણ મંદિર આવેલું છે..

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### સબ જ્યુડીસ મેટરનો પ્રવચનમાં ઉલ્લેખ કરવા બાબત.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કાંકરીયા વિશે ઉલ્લેખ નહીં કરવો, એવું માનનીય અધ્યક્ષશ્રીએ હમણાં રિસેસ પહેલા જયારે માનનીય વિપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરેલો હતો કે સબ જયુડિસ મેટર છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટ નિર્ણય આપ્યો છે કે ચર્ચા કરો. સાત મહા નગરપાલિકાના કાર્યક્ષેત્રને વિસ્તારીને કરો. પણ કાંકરીયા વિશે અથવા કાંકરીયાની બાબતો વિશે અથવા કાંકરીયાના પ્રવેશ વિશે પ્રવચનમાં ઉલ્લેખ નહીં કરવો, એવો માનનીય અધ્યક્ષશ્રી સ્પષ્ટ ઉલ્લેખ અને સ્પષ્ટ સૂચના અને માર્ગદર્શન એમણે આપેલું છે. એટલે મારી વિનંતી છે કે અન્ય વિષય ઉપર, બિલ ઉપર ચોકકસ જે કહેવું હોય એ કહે. પણ કાંકરીયાનો ઉલ્લેખ આપણે બધા નહીં કરીએ એ ઈચ્છનીય રહેશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ આપ્યું છે. આ બિલના ઉદ્દેશો અને કારણો પેઈઝ થી ૫૨ છે. (અંતરાય) સાહેબને બિલની કોપી આપો ને.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું પાનું આપણે ટર્ન કરીએ એટલે જમણી બાજુ પાના ૩ પર છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉપરથી લગભગ દસમી લાઈન છે. "લેવા બાબતે કોરપોરેશનને સત્તા મળે કે કેમ, એવી શંકા ઉભી કરવામાં આવી હતી. આ બાબતના સંબંધમાં શંકાઓ અને કોઈપણ ગેરસમજ નિવારવા માટે અને અતિશયોકિતભર્યા અર્થઘટન અને દલીલ માટે કોઈ અવકાશ ન રાખવા માટે અને આવા સુવિકસિત અને સારી રીતે જાળવેલા સ્થળની મુલાકાત લેતી જાહેર જનતા પાસેથી ફી લેવાની અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનને સત્તા આપવા માટે." આ આખું ઉપજયું શેમાંથી? આમાં જે આપ્યું છે. પહેલી લાઈન. ઉદ્દેશ અને કારણો. પહેલી જ લાઈન. અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને, કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ કાંકરિયા તળાવનો વિકાસ કર્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને વિકસાવેલ કાંકરિયા લેક ફ્રન્ટ સમગ્ર દેશમાં તેના પ્રકારના શ્રેષ્ઠ પૈકીનું એક છે. અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને તેના ફંડમાંથી આ પ્રોજેકટના વિકાસના સંબંધમાં જંગી ખર્ચ કર્યો છે."

માનનીય અધ્યક્ષશ્રી, આપ જોશો કે આ ઉદ્દેશ અને કારણો છે. કાંકરીયાને આપ બહાર કાઢી લો, પ્રવેશને, એટલે બિલ જ નથી રહેતુ. મારી વાત એ જ હતી કે કાંકરીયા, કાં તો આના ઉદેશ અને કારણો છે એ પ્રમાણે. પણ માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ સર આંખો પર. એમણે કહ્યું કે બિલ બનાવવાની શકિતઓ, બિલ બનાવવાની ક્ષમતા, એ આ ગૃહને છે. We can not oppose. ઉદ્દેશ અને કારણો, એ બિલની ચર્ચાનો બેઈઝ હોય છે. એની બહારની ચર્ચા જ ન હોઈ શકે. ઉદેશ અને કારણોમાં આ બાબત સ્પષ્ટ રીતે સરકારે જ આપેલી છે, ત્યારે માનનીય શૈલેષભાઈ જે બોલે છે, એ Within scope છે. એટલા માટે કે આપ સાહેબ આગળ વાંચો. "તેનું નિયમન કરવા, તેને સંરક્ષિત કરવા, તેને નિભાવવા અને ખાસ કરીને તેના સલામતિના દ્રષ્ટિબિંદુથી અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશન જંગી આવર્તક ખર્ચ કરતું આવ્યું છે. સદરહુ ખર્ચને પહોંચી વળવા માટે, અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને કાંકરિયા લેક ફ્રન્ટમાં પ્રવેશ માટે ફી ઠરાવી છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દો એ રીતે ઉપસ્થિત થયો કે બિલના ઉદ્દેશો અને કારણો. પાના નંબર ૩. બિલની કોપી આપના સામે છે. એના અંદર સ્પષ્ટ રીતે છે અને આપ સારી રીતે જાણો છો કે કોઈપણ બિલની ચર્ચા સભ્યશ્રી કરે ત્યારે Objects and reasons are the base to discuss in the House. Objects and reasons અહીંયા જે અપાયા છે, જે ઉદ્દેશો અને કારણો આપ્યાં છે તેમાં હું જે લાઈન વાંચતો હતો ત્યાંથી જ માત્ર આગળ વાંચું છું. એમાં ઉપરથી ચોથી લાઈન છે કે, તેના ફંડમાંથી આ પ્રોજેકટના વિકાસના સંબંધમાં જંગી ખર્ચ કર્યો છે. આ ઉપરાંત, તેનું નિયમન કરવા, તેને સંરક્ષિત કરવા, તેને નિભાવવા અને ખાસ કરીને સલામતીના દ્રષ્ટિબિંદુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન જંગી આવર્તક ખર્ચ કરતું આવ્યું છે. સદરહુ ખર્ચને પહોંચી વળવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કાંકરીયા લેક ફ્રન્ટમાં પ્રવેશ માટે ફી ઠરાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખર્ચને પહોંચી વળવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કાંકરીયા લેક ફ્રન્ટમાં પ્રવેશ માટે ફી ઠરાવી છે. (અંતરાય) I will pause here for a moment. I humbly request honorable Speaker Sir, just read this line.(અંતરાય)

(આ તબકકે શ્રી જેઠાભાઈ ભરવાડે જય હનુમાન બોલતાં)

**અધ્યક્ષશ્રી:** આ કોણ બોલ્યું? જે સભ્યશ્રી બોલ્યા હોય એ સભાગૃહની બહાર જાય.

(આ તબકકે શ્રી જેઠાભાઈ ભરવાડ પોતાનું સ્થાન છોડીને ગૃહની બહાર જતાં)

**અધ્યક્ષશ્રી**: આપ જેવા આ ગૃહના સિનિયર મેમ્બર થવા છતાં આ રીતે આપ વિવેક ચૂકતા હોય એ બરાબર નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કાંકરીયા લેક ફ્રન્ટમાં પ્રવેશ માટે ફી ઠરાવી છે અને આ આખા બિલનો હેતુ છે એ કાંકરીયામાં પ્રવેશ ફી ઠરાવી છે એના બેઈઝ ઉપર છે. હવે માનનીય સભ્યશ્રી શૈલેશભાઈએ જે વાત કરી છે એ આ બિલના બેઈઝમાં છે. આપશ્રીનો આદેશ સૌને સ્વીકાર્ય અને બંધનકર્તા હોય, પરંતુ મારે એટલો જ વાંધો હતો કે કાંકરીયામાં પ્રવેશ ફી એ આના ઉદ્દેશો અને કારણોમાં છે, પરંતુ આપે કહ્યું કે આ બિલને સભાગૃહ સમક્ષ લાવવું છે. હવે આપણે એમ કહીએ કે આના જે મુખ્ય ઉદ્દેશો અને કારણો છે એ આ હાઉસમાં ડિસ્કશન ના કરવા તો તો પછી બિલ જ ડિસ્કશન ના થાય ને?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપનું આમાં શું મંતવ્ય છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ બિલને રિસેસ પહેલાં ઈન્ટ્રોડયુસ કરતી વખતે મેં પૂર્વભૂમિકામાં વિગતવાર જણાવ્યું છે કે આવી બાબતો પૈકી આ કોઈ બાબત છે. આવી બાબતોનો ઉલ્લેખ હોય કે ના હોય દા.ત. સૂરત મહાનગરપાલિકાનો..

**અધ્યક્ષશ્રી:** મારો પ્રશ્નો બહુ નાનો છે કે કાંકરીયા બાબતનો ઉલ્લેખ કરવામાં આવે તો એમાં આપને કોઈ વાંધો છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ નહોતા તે વખતે મેં જ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે કે આપ રૂલિંગ આપીને ગયા છો અને કાંકરીયાની બાબત માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જ કહયું છે કે ફી અંગેનો કોર્ટ કેસ પડતર છે. આપે એવું સૂચન કર્યુ હતું કે કાંકરીયાનો ઉલ્લેખ આપણે ટાળવો જોઈએ. મારી વિનંતી છે કે કોંકરીયાનો ઉલ્લેખ ના કરે અને એ સિવાયના સ્કોપમાં ઘણું બધું બોલ્યા અને એ પ્રમાણે બોલી શકે છે.

**શ્રી અમિત શાહ** : માનનનીય અધ્યક્ષશ્રી, આપે પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપ્યો એમાં આપે એવું કહ્યું હતું કે કાંકરીયાનો ઉલ્લે્ખ ટાળવો જોઈએ. આપે કોઈ આદેશાત્મક વાત નહોતી કરી. શૈલેશભાઈને કાંકરીયાનો ઉલ્લેખ કરવો હોય તો વાંધો ના હોઈ શકે, પરંતુ આપે જે વાત કરી હતી એનું સન્માન રાખવાની વાત માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ કરે છે.

**અધ્યક્ષશ્રી** : સવારે પોઈન્ટ ઓફ ઓર્ડરમાં મેં સ્પષ્ટ કહ્યું હતું કે મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓના રૂલિંગોને હું વળગી રહું છું. બીજી વાત આ સભાગૃહને કાયદા ઘડવાનો અધિકાર છે એ વાત મેં તમને કહી છે. ત્રીજી વાત જયારે આવી ત્યારે કાંકરીયા ઉપરનો ઉલ્લેખ એમાંથી કેટલોક પાર્ટ જે અત્યારે કોર્ટની વિચારાધીન છે. એનો ઉલ્લે્ખ ના થાય તો સારું, પરંતુ આપ જયારે બિલ લઈને આવ્યા છો ત્યારે સમગ્ર બિલની ચર્ચા થવાની જ છે અને એ ચર્ચામાં એના ઉદ્દેશોમાં કાંકરીયા ઉપર જ આખો એનો ઉદ્દેશ છે અને આપે બે વસ્તુ સવારે બિલ મૂકતી વખતે કહી હતી કે એ માત્ર કાંકરીયા માટે છે હું સમજી શકું છું તે પ્રમાણે કે જે મહાનગરો છે એ ખર્ચ કરીને પ્રજાકીય સુવિધાઓ આપે અને જયાં એને જરૂર લાગે તો ફી લેવાનો અધિકાર આપતું આ બિલ છે અને એની અંદર ઉદ્દેશોમાં કાંકરીયાનો ઉલ્લેખ કર્યો છે એ વાત તદ્દન સાચી છે અને એની ઉપર માનનીય સભ્યશ્રી શૈલેશભાઈ બોલતા હતા એ પણ મેં સાંભળ્યું છે. વચ્ચે કાંકરીયાના હનુમાન પણ આવી ગયા એ પણ મેં સાંભળ્યું છે, પરંતુ જે ઉલ્લેખ બિલના ઉદ્દેશોમાં હોય એ ઉલ્લેખો કરવાની વાત હોય તો એ ઉલ્લેખો કરી શકાય છે.

# મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ (ક્રમશઃ)

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લાવવાની જે રીતે જરૂર પડી, એ બી.પી.એમ. એકટ મુજબ કોઈ પણ જાહેર જગ્યા ઉપર જાહેર જનતા પાસેથી પૈસા લેવા તેના માટે બી.પી.એમ. એકટમાં જે કલમો મુજબ કાયદો ઘડાયો છે તેમાં એ લઈ શકાતા નથી. આજે એમાં સુધારો કરીને આ બિલમાં સુધારો કરીને પબ્લિક પાસેથી જાહેર જગ્યા ઉપર ફી પેટે પૈસા લેવા માટે આ બિલ લાવવામાં આવ્યું છે. જયારે પાના નંબર ૩ માં કોર્પોરેશનમાં કાંકરીયા લેકનો ઉલ્લેખ થયેલો છે અને પાંચ કે છ કરોડ રૂપિયા કરતાં વધારે ખર્ચ કરીને મ્યુનિસિપલ કોરપોરેશને આ કાંકરીયા તળાવને ફરતા કામો કર્યા છે. કાંકરીયા તળાવને ઉંડુ નથી કરવામાં આવ્યું કે તેમાં સુધારો કરવામાં નથી આવ્યો, પણ કાંકરીયા તાળવની ફરતે જે રોડ હતો ત્યાં ટ્રેઈન મૂકવામાં આવી, બાકી આ કાંકરીયા તળાવની ફરતે જે રીતનું છે એમાં ફીના ધોરણ માટે મ્યુનિસિપલ સ્ટેન્ડીંગ કમીટીથી માંડીને જે ઠરાવ કરવામાં આવ્યો એ ઠરાવ પણ રૂટીંગ મુજબનો નહીં પણ તાત્કાલિક કામથી ઠરાવ કરવામાં આવ્યો. ૬-૧-૨૦૦૯ના રોજ તાકીદના કામ નંબર ૨ થી આનો ઠરાવ કરવામાં આવ્યો છે. આ ઠરાવને ૨૩-૧-૨૦૦૯ના રોજ કોપોરેશન બોર્ડે મંજૂરી આપી છે. વસ્તુ કયાં ઉભી થઈ કે આ ફીનું ધોરણ નકકી કર્યુ અને ફી લેવી તે નકકી થયું અને તેના માટે કોર્ટમાં કેસ પેન્ડીંગ છે એટલે તેની ચર્ચા હું નહીં કરું પણ આ જગ્યા કાંકરીયા તળાવની આજુબાજુ જે એરિયા આવેલો છે એમાં માનનીય મંત્રીશ્રીએ જે ઉલલેખ કર્યો અને કહયું છે કે વર્ષો જુની બાલવાટીકા, પ્રાણી સંગ્રહાલય, કાંકરીયા તળાવની વચ્ચે નગીના વાડી, નવી ઉભી કરેલી ટ્રેઈનની વ્યવસ્થા, એમ્યુઝમેન્ટ પાર્ક, કાંકરીયા તળાવની વચ્ચે બોટીંગની વ્યવસ્થા, નહેરુ મ્યુઝિયમ, માછલી ઘર આ વર્ષોથી ત્યાં છે. ટ્રેઈનને બાદ કરતા આ તમામ સુવિધાઓ ત્યાં મોજુદ છે. અને કોર્પોરેશન આ તમામ જગ્યાઓ ઉપર કાંકરીયા એન્ટ્રી ફીને બાદ કરતા તમામ જગ્યાઓ ઉપર ફી લે છે. અને ફીનું ધોરણ જે રીતનું છે અને નિયમો અનુસાર જે નકકી કરેલ છે એમાં ૧૨ વર્ષથી નીચેના બાળક માટે કાંકરીયા એન્ટ્રી ફી બાદ કરીએ તો ૬૨ રૂપિયા થાય છે અને ૧૨ વર્ષથી ઉપરના હોય તો ૧૦૮ રૂપિયા જેવી તમામ પ્લેસ જોવા માટેની ફી થાય છે. એમાં ટ્રેઈનનો ઉલ્લેખ પણ છે. ટ્રેઈનમાં બેસવા માટેની ફી પણ એમાં આવી જાય છે. પણ તળાવ જોવા માટેની ફી નાખવી તે કદાચ ગુજરાતના ઈતિહાસમાં પહેલો બનાવ હશે. કે પાણી જોવા માટે, તળાવ જોવા માટે ફી લઈને જોવા જવું પડે. જે રીતે આ તમામ સવલતોમાં ફી લેવામાં આવે છે તેમાં તેનું મેન્ટેનન્સ પણ એમાંથી થાય છે. બોટીંગની વાત કરીએ, નગીના વાડીની વાત કરીએ, ટ્રેઈનની ફીની વાત પણ કરીએ કે આ ટ્રેઈનમાં પણ મેન્ટેનન્સની વાત આવે છે. ત્યારં ટ્રેઈનની ફીમાંથી મેન્ટેનન્સ થી માંડીને તળાવનું મેન્ટેનન્સ કરવું હોય તો કોર્પોરેશન સો ટકા કરી શકે છે. જાહેર હિતની વાત હોય ત્યારે માનનીય મંત્રીશ્રીનું હું આપશ્રીના મારફત ધ્યાન દોરવા માગું છું કે કાકરીયા તળાવ એ સમગ્ર અમદાવાદ શહેરના તમામ નાગરિકોનું છે.અને પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ એ પણ અમદાવાદ શહેરના નાગરિક છે. મારે બહું દુઃખ સાથે આ કહેવું પડે છે કે અમદાવાદ શહેરની અંદર

મ્યુનિસિપલ કોરપોરેશન દ્વારા કાંકરિયા કાર્નિવેલનું ફંક્શન થતું હોય ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશન વિસ્તારના ૧૨ ધારાસભ્યો છે. ૧૨ માંથી ૮ ધારાસભ્યોનું પત્રિકાની અંદર કોરપોરેશન દ્વારા નામ લખવામાં આવે છે. કાંકરિયા કાનિર્વેલ ચાલે છે, પ્રજા માટેનો છે, મારે દુઃખ સાથે કહેવું છે નીતિનભાઈ, અમને પણ અમદાવાદ શહેરના લોકોએ મતો આપીને જીતાડીને મોકલેલ છે. હું દલિત સમાજમાંથી આવું છું અને ત્રણ અમારા માઈનોરિટી ના સભ્યો એમ આ ચારે ચાર ધારાસભ્યોનું અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને પત્રિકામાં નામ નહોતું છાપ્યું, અમદાવાદમાં બેઠેલા અધિકારીઓ આ ધંધો કરી રહ્યા છે. જે રીતે પ્રજાકીય વાત હોય, તમામનો હક્ક અને હિસ્સો બને છે પણ દુઃખ સાથે આ પ્રસંગ મારે એટલા માટે કહેવો પડે છે.

આ કાંકરિયામાં કોઈ જોવા જાય, આખું ફૅમિલી જોવા જાય, તો બે દીકરા હોય અને બંને કપલ હોય તો ૩૦૦ રૂપિયાનો એને ખર્ચો આવે. ચા-પાણી નાસ્તો તો જુદો, જે રીતે ફી લેવાની વાત છે, અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનની અંદર વાડીલાલ હૉસ્પિટલ આવેલી છે, એલ.જી. હૉસ્પિટલ આવેલી છે ત્યાં લોકો પેશન્ટો દાખલ થાય, એના સગા સબંધીઓ એના વાહનો લઈને આવે તો પહેલા એમને એમ ત્યાં વાહનો મૂકવા દેવામાં આવતા હતા. પછી કોરપોરેશનને મરામતના નામે એ વાહનો ઉપર ફી લેવાનું ચાલું કર્યુ. પહેલા કોરપોરેશન લેતું હતું હવે આ હૉસ્પિટલોની અંદર કોરપોરેશન નહિ, આ હૉસ્પિટલોમાં કોન્ટ્રાકટ પદ્ધતિ દાખલ કરીને આ લોકો પાસેથી ફી લેવામાં આવે છે. આજે હું હૉસ્પિટલની ચર્ચા એટલા માટે કરવા માગું છું કે જે રીતે કોરપોરેશનમાં ફી લેવાની વાત આવી છે. આજે કોરપોરેશન લેશે જેમ સમય જશે તેમ હૉસ્પિટલોમાં થયું તેમ કોન્ટ્રાકટ સિસ્ટમ નાખીને લોકો પાસેથી ફી લેવામાં આવશે તો ફીનું ધોરણ કોઈ સંજોગોમાં જળવાઈ નહિ શકે અને વધુમાં મારે વાત કહેવી નથી. પણ જે રીતે આ બિલ લાવવામાં આવ્યું છે અને એમાં તમામ ખરચાઓનો સમાવેશ થઈ જતો હોય ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે પ્રજા માટે બાગ બગીચા તો છોડો જે બાગ બગીચામાં નાનામાં નાના માણસો વગર પૈસે ફરી શકે એની પર પણ તમે ફી નાખવા માગો છો. સાતે સાતે મહાનગરપાલિકમાં ફી લેવા જઈ રહ્યા છો ત્યારે કાંકરિયા લેકમાં કે મહાનગરપાલિકાઓમાં બગીચામાં નાનામાં નાનો ગરીબ માણસ જાય અને એના માટે ફી લેવાની વાત આવે તો એ મારી દ્રષ્ટિએ કોઈ રીતે યોગ્ય નથી અને દુઃખ સાથે મારે વાત કહેવી છે કે કદાચ બહુમતીના જોરે વિધેયક પાસ થઈ જશે, કોર્ટમાં પેન્ડિગ કેસ છે એ કદાચ આ વિધાનસભા ગૃહથી વિપરીત આવશે એ દિવસે પરિસ્થિતિ ખૂબ મોટી અસર થવાની. બિલ પાસ થશે અને હાઈકોર્ટ જો ના પાડશે તો ખૂબ મોટી પરિસ્થિતિ પેદા થશે. ત્યારે માનનીય નીતિનભાઈને વિનંતી છે કે આ બિલ પ્રવર સમિતિને સોંપીને આ બિલ ઉપર ફરી વખત બિલ લાવે જ્યાં સુધી હાઈકોર્ટનો ચુકાદો ન આવે ત્યાં સુધી પેન્ડિગ રાખવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય મંત્રીશ્રી ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૧૦નું મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક લઈને આવ્યા છે એના સમર્થનમાં મારો સૂર પૂરાવું છું.

મને કહેતાં થોડું દુઃખ એ થયું કે હું જે શહેરમાંથી આવું છું એના રમણીય સ્થળની ચર્ચામાં સભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. હું આંકડાકીય માહિતી આપીશ તો જે રીતની લોકો કે પ્રજાજનો આ સ્થળ સાથે જોડાયા છે ત્યારે લોકોને ખ્યાલ આવશે કે આ કાંકરિયા એ ઐતિહાસિક સ્થળ છે. હું કાંકરિયા વિશે વાત નહોતો કરવાનો. માનનીય મંત્રીશ્રી મહાનગરપાલિકાઓની પ્રજાની સુખ સુવિધા અંતર્ગત બિલ લાવવા હતા એની ચર્ચા ચોક્કસ કરત પરંતુ જ્યારે માનનીય વિપક્ષના નેતા અને મારા સાથી શૈલેષભાઈના આગ્રહથી કાંકરિયાની ચર્ચા કરી છે ત્યારે હું પણ કાંકરિયામાં મારો સૂર પૂરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, બિલના હાર્દને સમજીએ. ઉદ્દેશ અને કારણો તો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યા છે. હાર્દ છે કે શહેરીજનોની સુખ-સુવિધા વધારવી. જ્યારે આજે ૨૧મી સદીના પહેલા દશકમાં અને ભારત વર્ષના ગુજરાત રાજયના જે મહાનગરો છે, હું ગર્વથી કહી શકું છું કે આપણાં મહાનગરો એ વિકસિત દેશોના મહાનગરોથી પણ કમ નથી. આજે ઘણાં એવા પ્રોજૅકટ, આંકડાકીય માહિતી છે અને જે.એન.યુ.આર.એમ.માં આપની સરકારે આંતરરાષ્ટ્રીય એવોર્ડ આ મહાનગરોએ મેળવ્યા છે. ત્યારે હું કહું છું તેમાં કોઈ અતિશયોકિત નથી. આજે માનનીય મંત્રીશ્રી જે સુધારો લઈને આવ્યા છે તેના હાર્દ સાથે જોડાઉં છું. તેના જે કારણો છે તો કાંકરીયા લેક, સામાન્ય રીતે કાંકરીયાનું નામ પડે તો સીધી અમદાવાદની ઓળખ થાય છે. ભાઈશ્રી શૈલેષભાઈએ સાચું કહ્યું કે વર્ષો પુરાણું આ કાંકરીયા લેક આ મહાનગર સાથે જોડાયેલું છે. જ્યારે કાંકરીયા લેક ફ્રન્ટ ડૅવલપમૅન્ટ પ્રોજૅકટ શરૂ થયો ત્યારથી જે ઘટનાઓ બની છે તે પહેલાંની કાંકરીયાની થોડીક માહિતી આપવા માગું છું. આપને તો ખબર હશે. આપ મહાનગરમાંથી છો. પણ આજે રહેવાયું નથી જ્યારે કાંકરીયા વિશે આટલી ચર્ચા થઈ..

**અધ્યક્ષશ્રી** : આપ મારા ઉલ્લેખો વગર કહી શકો છો.

**શ્રી રાકેશ શાહ** : માફ કરશો, કાંકરીયાનું નામ પડે એટલે અમદાવાદ મેં કહ્યું કે લોકોને યાદ આવે છે પણ કાંકરીયાની વાત નીકળી તો આ કાંકરીયાનું ખરું નામ હોજ એ કુતુબ છે. નામ પાછળ પણ એક કથા છે કે શાહઆલમે જ્યારે કાંકરો નાખીને આ જગ્યા બતાવી હતી એના ઉપરથી કાંકરીયા કદાચ નામ પડ્યું છે. બીજી પણ એવી એક દંતકથા છે કે જ્યારે શાહઆલમ આ તળાવનું બાંધકામ જોવા ગયા ત્યારે તેમના પગમાં કાંકરો

વાગ્યો હતો એટલે તેનું નામ કદાચ કાંકરીયા પડ્યું છે. આમાં મને બહુ વિશેષ ખ્યાલ નથી પણ ઐતિહાસિક આ વાતો છે. આ આભૂષણ સમાન કાંકરીયા તળાવના ઘેરાવાની હું વાત કરું તો ૨૧૫૩ વાર છે. સવા માઈલ જેટલો તેનો ઘેરાવો, ૬૮૩ વારનો એનો વ્યાસ છે અને ૧૯૦ ફીટ લાંબી એની સુંદર ૩૪ બાજુઓ છે. કાંકરીયા આજે અમદાવાદની ઓળખ તો છે જ, પણ છેલ્લા થોડાક વર્ષોમાં જે તેનું સ્વરૂપ બદલ્યું છે, આજનું કાંકરીયાનું તળાવ એ અમદાવાદનું માત્ર ઘરેણું નથી, અમદાવાદનું નજરાણું પણ બની ચૂક્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એથી વિશેષ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ તેમના વિસ્તારના વિકાસ માટે કેટલા જાગૃત છે જો તેનું કોઈ ઉત્તમ ઉદાહરણ હોય તો આ કાંકરીયાનું ઐતિહાસિક તળાવ છે. આપણે જાણીએ છીએ કે ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રી એ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે અને કાંકરીયા સહિત આટલા મોટા કદાચ કોઈ કારણ એ હોઈ શકે કે આદરણીય મુખ્યમંત્રીનો વિસ્તાર છે. એમણે આ પ્રોજૅક્ટ ડેવલપ કર્યો છે. કૉર્પોરેશન સહભાગી થયું છે તો કદાચ મારા સાથી મિત્રોને દુઃખ થયું હશે, પણ માનનીય મુખ્યમંત્રી અને કૉર્પોરેશનના સહિયારા પ્રયત્નથી આ અમદાવાદ શહેરની નહીં, સમગ્ર ગુજરાતના લોકોને સારામાં સારું જોવા લાયક સ્થળ આપ્યું છે. આખા પ્રોજૅક્ટની ચર્ચા કરું તો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને ૨૮.૫૦ કરોડનો ખર્ચ કર્યો છે. ૧,૭૫,૦૦૦ ચોરસ મીટર આ જગ્યા છે અને જો પ્રતિ ચોરસ મીટર હું ગણવા જાઉં તો ૧૬૩૩ રૂપિયા ૫૨ ચોરસ મીટરે ખર્ચ્યા છે. કાંકરીયા લેક ફ્રન્ટના પ્રોજૅક્ટ એ માત્ર કાંકરીયા પૂરતો સીમિત નથી. તેને ફરતે આવેલું પ્રાણી સંગ્રહાલય, એ ગાર્ડન, એ બાલવાટીકા, એમ્યુઝમૅન્ટ પાર્ક જે રીતે જનતા તેનો ઉપયોગ કરી શકે છે એટલે ખાલી કાંકરીયા તળાવ પૂરતું આ સીમિત નથી. આઉટરનો રીંગરોડ બનાવ્યો છે. ચાર કિલોમીટરનો રીંગરોડ છે. ત્રણ જગ્યાએથી તેનો પ્રવેશ થઈ શકે છે અને મારે મારા મિત્રોને આનંદ સાથે કહેવું છે કે જે તમે આ કાંકરીયાની ચર્ચા કરો છો, આવનારા દિવસોમાં જાપાનના જેવું કીડઝસિટી એ બાળકો માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન કાંકરીયામાં તૈયાર કરે છે. કાંકરીયા લેક ફ્રન્ટ પ્રોજૅક્ટમાં ભાઈશ્રી શૈલેષે વાત કરી કે ૨૦૦૯ની જાન્યુઆરીથી આ નવા સ્વરૂપે થયું છે. આ પ્રોજૅક્ટની સફળતાના થોડાક હું દાખલા આપું છું. શૈલેષે વાત કરી કે આમાં ફીનું ધોરણ વગેરે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯ની જાન્યુઆરીથી પાંચ દિવસ પહેલાં એટલે કે ૨૫ માર્ચ ૨૦૧૦ સુધી આશરે ૧૫ માસનો સમયગાળો થયો છે. એની લોકપ્રિયતાના શિખરો જો સર કર્યા હોય, એ હું નથી કહેતો આ આંકડા બોલે છે. આશરે ૫૭,૧૬,૫૫૪ લોકોએ કાંકરીયામાં પ્રવેશ કર્યો છે. એનો અર્થ એ થયો કે ૩,૮૧,૧૦૦થી વધારે લોકોએ માસિક પ્રવેશ કર્યો છે. જો દૈનિક જોવા જઈએ તો ૧૨,૭૦૩ લોકોએ દિવસનો પ્રવેશ કર્યો છે અને સવારે ૯-૦૦થી ૯-૦૦ સુધી એટલે ૧૨ કલાક ચાલતું આ કાંકરીયા એટલે કે એક કલાકમાં ૧૦૦૦ કરતા વધારે વ્યકિતઓએ તેમાં પ્રવેશ મેળવ્યો છે. કઈ રીતે આ ફીનું ધોરણ લોકોને.. માન્યવર અધ્યક્ષ મહોદય, આ પ્રવેશના આધારે જે આવક થશે, ફીની ચર્ચા કરી છે અને આટલો મોટો પ્રજાનો જંગી પ્રતિસાદ સાંપડયો છે તો હું એ ફીના આંકડા ઉપર ધ્યાન દોરું છું. ૧૫ માસની અંદર રૂ.૪,૯૫,૫૬,૨૩૬થી વધારે રકમ કાંકરિયા લેક ફ્રંટની આવક થઈ છે. પાંચ કરોડની આવક કરતું આ કાંકરિયા લેક ફ્રંટ લોકોને આકર્ષી શકતું હોય તો એનું મુખ્ય આકર્ષણ શૈલેષે કહ્યું કે ટ્રેન જ છે. (અંતરાય) શૈલેષભાઈ માફ કરજો..

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં આ જે સંબોધન કરવાની પ્રક્રિયા છે એ બરાબર નથી. માનનીય સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર કહેવું પડે અથવા તો એમનો વિસ્તાર કહી શકે અથવા તો માનનીય સભ્યશ્રી કહી શકે. આ રીતના ઉચ્ચારણ એનું સ્તર નીચે ઉતારે છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી રાકેશભાઈ, આપનો ગમે તેટલો પ્રેમભર્યો સંબંધ હોય તો પણ એકવાર બોલ્યા કોઈ નથી બોલ્યું. એ વખતે ખ્યાલ આવવો જોઈતો હતો. આપ સુધારીને બોલો..

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મિત્રતાના નાતે બોલી ગયો છું. વ્યકિતગત રીતે મારી ભૂલ થઈ છે. ફરીવાર સભાગૃહમાં આ શબ્દો નહીં નીકળે. બહાર સાથે બેસતા મિત્રો છીએ. પણ આ ટ્રેનની વાત નીકળી છે. મિત્રો, હું આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, આ ટ્રેનમાં અત્યાર સુધીમાં ૧૦,૮૩,૧૮૦થી વધારે લોકોએ સવારી કરી છે એટલે કે આશરે ૧૧ લાખ લોકોએ એમાં સવારી કરી છે. એની આવક પણ જુઓ- રૂ.૧,૯૧,૨૨,૩૦૯/-થી વધારે આવક આ ટ્રેને કરી છે. એટલે કે, બે કરોડ રૂપિયા જેવી આવક થઈ છે. આ બધી કુલ મિલાકર - પ્રવેશની અને ટ્રેનની આવક ગણવા જઈએ તો રૂ.૬.૮૬ કરોડ એટલે કે, આશરે સાત કરોડની આવક થઈ છે. ઉપરોક્ત વિષય બતાવે છે કે, આ પ્રોજૅક્ટને આ સમાજે સ્વીકાર્યો છે, લોકોએ સ્વીકાર્યો છે અને લોકોને ગમ્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ અટલ એક્સપ્રૅસનો વિચાર આપ્યો હતો એને લોકોનો ભવ્ય પ્રતિસાદ સાંપડયો છે. (સમયસૂચક ઘંટડી) મને બે મિનિટ આપજો. જે રીતે અટલ એક્સપ્રૅસ ટ્રેનને સફળતા સાંપડી છે એ જોઈને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જાહેર કર્યું છે કે, આવનાર દિવસોમાં અમદાવાદ શહેરને એક બીજી ટ્રેન પૂરી પાડવામાં આવનાર છે. એ જ બતાવે છે કે, કાંકરિયા લેક ફ્રંટ કયાં પહોંચી ગયું છે. આ પ્રોજૅક્ટ પાછળ એએમસીએ ખૂબ ખર્ચ કર્યો છે. આ એક એવું રમણીય સ્થળ છે..

**અધ્યક્ષશ્રી** : આખું બિલ છે એ ફી લેવી જોઈએ કે ન લેવી જોઈએ એના ઉપર છે. આમાં એકપણ વાક્ય એના ઉપર નથી આવ્યું.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એના ઉપર જ આવું છું. આજે આટલો મોટો ખર્ચ એએમસીએ કર્યો છે. આ ખર્ચને સરભર કરવા માટે સામાન્ય ફી લેવાય છે જેને પ્રજાએ વધાવી લીધી છે. હું કાંકરિયા લેક ફ્રંટને ફી માત્રથી નથી જોતો, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન પણ ફી નથી જોતું. આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, મારા મિત્ર શૈલેષભાઈને કદાચ ખ્યાલ હશે કે, કાંકરિયા લેક ફ્રંટમાં સવારે પાંચથી આઠ વર્ષોથી આ તળાવની પાળે ચાલનાર લોકો માટે, મોર્નીંગ વોક માટે, સિનિયર સિટિઝનો માટે કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. સવારે આઠથી નવમાં એક કલાક સફાઈ થાય છે અને નવ વાગ્યે ચોખ્ખું ચટ્ટ કાંકરિયા લેક ફ્રંટ પ્રજા સમક્ષ ખુલ્લું મૂકવામાં આવે છે. આ નવતર પ્રોજેક્ટને કારણે પ્રજાની સુખ સુવિધા વધી રહી છે અને સૌથી અગત્યનો મુદ્દો એ છે કે, આ એક એવું સ્થાન છે કે, જ્યાં ખૂબ મોટી સંખ્યામાં લોકો આવવાના છે. આપણે સૌ વર્તમાન આતંકવાદી સમસ્યા કે જેને ગુજરાતની પ્રજા આજીવન ભૂલી શકે તેમ નથી. પ્રજાની સુખાકારી અને સલામતી માટે પણ ચિંતા કરતા હોય એવા આપણા મુખ્યમંત્રીશ્રીએ પણ કહ્યું છે કે, આ ક્ષણે ખૂબ મોટી સંખ્યામાં લોકો ભેગા થતા હોય ત્યારે થોડીક ફી લઈને પ્રજાની સુખ સુવિધા વધે એવા હાર્દ સાથે આદરણીય મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. વન્દે માતરમ્

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે કાંકરિયા વિધેયક લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાંકરિયા તળાવ છે એ આજથી સોળમી અને સત્તરમી સદીમાં કુત્બ એ હોજ કહેવાતું હતું. કુત્બે આલમે આ હોજ બનાવ્યો હતો. પાછળથી આપણે એને કાંકરિયા તળાવથી ઓળખીએ છીએ. ત્રણસો-ચારસો વર્ષ પહેલાં કાંકરિયા તળાવ બન્યું છે. એ અમદાવાદની રોનક છે અને એના માટે ફી લેવી એ બહુજ ગેરવાજબી છે.આજે પણ અમદાવાદ શહેરની અંદર ગરીબ અને મધ્યમવર્ગના લોકો રહે છે. આપણે કૉર્પોરેશન થ્રુ આપણે નવ જાતના તો ટેક્સ લઈએ છીએ અને આપણે આ દસમો ટેક્સ ચાલુ કર્યો? પાણી, ગટર, શિક્ષણ,રોડ, સાફ સફાઈ, લાઈટ, અને ઑક્ટ્રૉય ગાડી, એના બદલે તમે વેટ ઉમેરો કર્યો એમાં પ્રજાને વધારે તકલીફ ઉભી થઈ તો આ જે દસમો ટેક્સ તમે વસૂલ કરવા માગો છો કયા કારણો? અને આ તો હાઈકોર્ટમાં પેન્ડિંગ છે કાંકરિયા તળાવમાં ફી લેવાનો, અત્યારે આ વિધેયક લવાય જ નહીં, એને પાછું જ મોકલવું પડે, બીજું આપણે ત્યાં અમદાવાદ શહેરની અંદર અમૂક ઉદ્યોગપતિ, વેપારીઓ પોતાના બંગલામાં બાગ બગીચા બનાવે છે અને અમૂક ઉદ્યોગપતિઓ પોતાના હવે ફાર્મ હાઉસ બનાવવા માંડયા છે એકવીસમી સદીમાં તો એ લોકો તો કાંકરીયા નહીં જાય તો ચાલે પણ જે ગરીબ અને મધ્યમ વર્ગની પ્રજા છે એ તો કાંકરીયા બાર મહીને જ્યારે તહેવાર આવે, દીવાળી આવે, બેસતુ વર્ષ આવે, ઈદ આવે તો બધા ફરવા ત્યાં જાય, આ એક જાતનો કુટુંબ પાછળ ટેક્સ વધી ગયો છે. જે રીતે હાઉસ પર ટેક્સ છે એ પ્રમાણે એક જાતનો એક ટેક્સ છે. આ ટેક્સ તમે ના લો અને અમદાવાદની પ્રજા ઉપર એક અહેસાન કરો કારણ કે આ કાંકરીયા તળાવ છે એ જોવા આખા ગુજરાતના લોકો આવે છે અને આખા ભારતમાં કાંકરિયા તળાવ મશહૂર છે. એની અંદર જે નગીનાવાડી બનાવવામાં આવી છે, એમાં માછલીઘર છે, બાલવાટીકા પણ છે અને પ્રાણી સંગ્રહાલય છે એ બધાની જુદી જુદી ફી? આ કઈ રીતે બની શકે, સામાન્ય અને ગરીબ માણસો ત્યાં જઈ જ ના શકે અને એટલે સુધી કે, એક માણસ દુંઃખી હોય, કંટાળેલો હોય, તકલીફમાં હોય એને જો આપઘાત કરવા જવું હોય કાંકરિયામાં તો પહેલા એને ફી આપવી પડે પછી એને આપઘાત કરવો પડે. જરા તો વિચાર કરો.

**અધ્યક્ષશ્રી** : એટલે આપઘાત નહીં કરે, આપઘાત તો ઘટી ગયા છે કાંકરિયામાં. તમે ફીનું સમર્થન કર્યુ.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : તો હું વિનંતી કરુ છું સાહેબ, આપઘાતની ફી ઓછી હશે કંઈ? આપઘાતવાળો તો બિચારો એવો કંટાળેલો હોય કે તમે ફી લો એ કઈ રીતે મરી શકે. આજે હનુમાન જયંતિ છે અને હજારો દર્શનાર્થીઓ, આજુબાજુના રહેવાસીઓ ત્યાં આગળ દર્શન કરવા જાય છે, પહેલા ફી ભરવી પડે અને પછી દર્શન કરવા પડે, ધાર્મિક માન્યતામાં પણ છૂટછાટ નહીં, એના અંદર આજે સ્પેશિયલ હનુમાન જયંતિ છે. આજે તમે કેમ્પ સદરમાં જાવ, આજે તમે જશો તો ખ્યાલ આવશે આપને બધાને એટલે આ વિધેયક પાછું લે એવી મારી વિનંતી છે. હું એક શેર આપને કહુ છું કે આ શેરથી મારી વાણી સમાપ્ત કરુ છું,

અબ જરા તાલાબ કા પાની બદલ દો. કમલ કે ફુલ મુરઝાને લગે હૈ.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦મી માર્ચ, ૨૦૧૦ના રોજ માનનીય મંત્રીશ્રી, ક્રમાંક: ૧૪ મુંબઈ પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશનનું જે વિધેયક લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભી થઈ છું અને આજે મારા સાથી મિત્રએ કીધું કે કાંકરીયાની બહાર પહેલા હનુમાનજીનું મંદિર હતું પણ હનુમાનજી તો દરેક ગુજરાતીઓના હૃદયમાં વસેલા છે અને હનુમાનજયંતિની હું આપ સૌને શુભકામના આપું છું. રાજયની અંદર ઐતિહાસિક અને પ્રવાસન સ્થળો અનેક આવેલા છે. રાજયની અંદર આવેલા મહાનગરોમાં પણ આવા પ્રવાસન સ્થળો આવેલા છે. જો આવા પ્રવાસન સ્થળોમાં તેનો વિકાસ કરવો, વિકાસ કર્યા પછી તેની જાળવણી કરવી, તેને સાચવવું, તેની આજુબાજુના વિસ્તારને ગ્રીન કવર કરવા હોય તો તેની પાછળ પણ ઘણા બધા ખર્ચ થતા હોય છે. અને આ ખર્ચમાં જો કોર્પોરેશન હોય તો કોર્પોરેશન એનો ખર્ચ ઉઠાવતી હોય છે અને આવા ખર્ચને પહોંચી વળવા માટે પણ પ્રવાસન સ્થળોની ફી લેવાતી હોય છે તો હું એક

કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે પણ કામ કરી રહી છું તો મને કહેતાં આનંદ થાય છે કે દેશની અંદર અત્યારે આપણે સુંદર અને રમણીય એક આવું કાંકરીયા તળાવનું જ્યારે ડૅવલપીંગ કર્યુ હોય અને આ ડૅવલપીંગની પાછળ જે ખર્ચ થયો હોય, એની અંદર આપણા સુંદર તળાવની અંદર આવેલ નગીનાવાડી હોય, બાલ વાટિકા હોય, પ્રાણી સંગ્રહાલય હોય અને બાજુમાં આવેલ એમ્યુઝમૅન્ટ પાર્ક હોય, મત્સ્યોદ્યોગ માટે આવેલ માછલીઘર હોય કે કોઈ ઐતિહાસિક સ્મારકો હોય તો એની જાળવણી કરવાની આપણા સૌ પ્રતિનિધિઓની ફરજમાં આવે છે અને આ ફરજ માટે આપણે સૌએ જે આ પ્રવેશ ફીનું આજે જે સુધારા બિલ આવ્યું છે એમાં પોતાનો સહયોગ આપવો જ રહ્યો. એનાથી આગળ હું કહીશ કે અને મારા સાથી સભ્યશ્રીએ કહ્યું કે, કાંકરિયામાં સવારના ૫ થી ૮ વાગ્યા દરમિયાન સિનિયર સિટીઝન માટે ફી વોકીંગ કરવાનો સમય આપવામાં આવ્યો છે અને એક કલાક સુધી કાંકરિયાને બંધ કરીને એની સાફ સફાઈ કરવામાં આવે છે. આ સાફ સફાઈ કરવા માટે પણ આપણે હાઉસ કીપીંગની જરૂર પડતી હોય છે તો બીજી બાજુ એને સાચવવા માટે સિક્યોરિટીની જરૂર પડતી હોય છે. આ હાઉસ કીપીંગનો ખર્ચ પણ કરવો પડતો હોય, સિક્યોરિટીના માણસો હોય તો એના પગાર ભથ્થાંનો ખર્ચ આપવો પડતો હોય છે. આ બધા ખર્ચને પહોંચી વળવા માટે આવી પ્રવેશ ફીની જરૂર હોય છે. બાલ વાટિકાની અંદર બાળકો પહેલા જતા હતા તો એની અંદર અમુક સાધનો જ હતા. પણ અત્યારે તેને અત્યંત આધુનિક બનાવી ઈલેક્ટ્રોનિક સાધનોથી એને સુસજ્જ કરી છે. પ્રાણી સંગ્રહાલયમાં ઘણા પ્રાણીઓને લાવીને બાળકોનું મનોરંજન થાય એવા પ્રયોગો કર્યા છે. એમને એમ પ્રયોગો થતા નથી. કોઈપણ પ્રોજૅકટ હાથ ધરીએ તો એની પાછળ ખર્ચ પણ થતો હોય છે. આવા ખર્ચને પહોંચી વળવા માટે આપણે આ પ્રદેશ ફીની જરૂર છે. મારા સાથી મિત્રે કહ્યું કે કાંકરિયામાં આવી ફી લેવી યોગ્ય નથી. મારે એમને કહેવું છે કે આપણા રાજ્યમાં આવેલ અમદાવાદ મહાનગરપાલિકામાં આવા સુંદર અને વર્ષો જૂના ઐતિહાસિક સ્મારકો આવેલા હોય અને એની અંદર પહેલાના સમયમાં આ કાંકરિયામાં લોકો કચરો નાખતા હતા અને હવે તમે જુઓ કે ઊડીને આંખે વળગે એવું કાંકરિયા થયું છે. કચરો અંદર જવા દેતા નથી. મારા સાથી મિત્ર ફારુખભાઈએ કહ્યું કે તમે ફી લો છો અને લોકો આપઘાત કરતા બચી ગયા છે. એમના મા-બાપ અમને આશીર્વાદ આપે છે કે આ ફી કરી જેના કારણે જેમના છોકરા પરીક્ષામાં નાપાસ થતા હતા એમને આપઘાત કરતાં બંધ કરાવી દીધા છે. આવા બાળકો બચી જાય તો આપણે આવા બાળકોના આશીર્વાદ લેવાના હોય. ફી બચાવીને એમને આપઘાત કરવા માટે કાંકરિયાને ખુલ્લું ન રખાય. મારે વિશેષ કહેવું છે કે આ કાંકરિયાની પાળે જાવ અને જુઓ તો રાત્રે કેટલાય ઢળતી ઉંમરે પહોંચેલા વડીલો, આબાલ-વૃદ્ધ ત્યાં જઈને બેસતા હોય છે અને આ કાંકરિયાની પાળ ઉપર એમના જીવનની સુખદ પળો વિતાવતા હોય છે. અહીં વિતાવેલ પળો એમના જીવનનું એક સંભારણું બની જતું હોય છે. આ કાંકરિયાનું જેમ સાથી સભ્યશ્રી રાકેશભાઈએ કહ્યું કે અનેક પ્રવાસીઓ અહીંયા આવે છે. ગુજરાતના જ નહીં પણ ગુજરાત બહારથી અને દેશ-વિદેશથી અનેક પ્રવાસીઓ આપણે ત્યાં આવી રહ્યા છે અને આ પ્રવાસીઓ જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને કાંકરિયાના ડેવલમેન્ટનું કામ જ્યારે હાથ ધર્યું હતું ત્યારે વિકાસ જોઈને ગયેલા લોકો જ્યારે એનો વિકાસ પૂર્ણ કર્યો અને ૨૫મી ડિસેમ્બરના રોજ અમે જ્યારે કાંકરિયાને ખુલ્લું મૂકીને એની શરૂઆત કરી હતી ત્યારે મારા જ એક સગા શિકાગોથી આવ્યા હતા અને કામ પૂર્ણ થયેલ જોયું ત્યારે એમણે ખૂબ જ વખાણ કર્યા અને એમણે અભિનંદન આપ્યા કે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશન અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ મનોરંજનનું કાર્ય કરવા માટે અને આપણને આનંદ મળે એવું આહ્લાદક વાતાવરણ ઊભું કરવામાં એમણે જે ફાળો આપ્યો છે અને વિકાસની કેડી હાથ ધરી છે એવા માનનીય મુખ્યમંત્રીને પણ એમણે અભિનંદન આપ્યા હતા. આ કાંકરિયા તળાવની આરપાર પહેલા મને ખબર છે કે, હું નાની હતી ત્યારે અમે કાંકરિયા જતા હતા પણ કાંકરિયા જવું હોય તો અમારે ૫-૦૦ વાગ્યે કે ૭-૦૦ વાગ્યા પહેલા કાંકરિયા છોડીને જતાં રહેવું પડે. અમારા ઘરથી ૬૧ નંબરની બસ જતી હતી પણ ૬૧ નંબરની બસમાં અમારે ૬-૦૦ વાગ્યે ઘેર પાછું આવવું પડે. કેમ? આ કાંકરિયાના કિનારે પહેલા કોઈક અસામાજિક તત્ત્વો ત્યાં પાળે આવી અને સાંજ પડે એટલે ત્યાં આગળ આવીને અડ્ડા જમાવીને બેસતા હતા. આ પણ કાંકરિયા તળાવના ડેવલપમેન્ટના આધારે બંધ થયું. માનનીય અધ્યક્ષશ્રી, અસામાજિક તત્ત્વોનું આવવું, બેસવું અને બહેન-દીકરીઓની અમે પાંચ, અમારા પચ્ચીસ આવા લોકોની હાજરીમાં બહેનોને રંજાડવાનું અને ગુજરાતની, અમદાવાદની ગરિમાને પણ હણવાનું કાર્ય કરતા હતા. માનનીય મંત્રીશ્રી જે કાંકરિયા ડેવલપમેન્ટના સુધારા વિધેયક માટેની જે ફીનું વિધેયક લઈને આવ્યાં છે તેમાં હું મારું અનુમોદન આપું છું અને ગૃહના સર્વે સાથી સભ્યોનું હું વિનંતી કરું છું કે તેઓ પોતે આ વિધેયકને સર્વાનુમતે વધાવી લે અને અમદાવાદના સાથીદાર આ સભ્યોને ખાસ વિનંતી છે કે તેઓ આમાં અમારી સાથે જોડાય અને સર્વાનુમતે સંમતિ આપે.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ (શાહપુર)** :માનનીય અધ્યક્ષશ્રી,મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન સુધારા વિધેયક લઈને માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ આ ગૃહ સમક્ષ આવ્યા છે.

કાંકરિયાના ફ્રંટ ડેવલપમેન્ટ પ્રોજેકટ બાબતે અત્યારે જે અત્યારે મારા સાથી મિત્રોએ ઘણી વાતો કરી. ભાઈશ્રી રાકેશભાઈએ પણ કાંકરિયાના ઈતિહાસ વિષેની જે વાત કરી એ વાત ઘણી સાચી છે કે કાંકરિયાનો જે ઈતિહાસ છે એ કુતુબના નામે ઓળખાતું હતું અને કુતબુદિન શાહે આનું નિર્માણ કર્યુ હતું અને એ પછી

શાહેઆલમ સરકારને એમણે જોવા માટે આમંત્રણ આપ્યું હતું ત્યારે એમના પગમાં એક કાંકરી વાગી હતી ત્યારથી એનું નામ કંકરી તળાવ રાખવામાં આવ્યું હતું. પરંતુ એ ધીમે ધીમે હવે એને કાંકરિયા તળાવ કહેવામાં આવે છે. ગઈ ઐતિહાસિક ધરોહર છે આ. હું એ કહેવા માગું છું કે જ્યારે આનું નિર્માણ કરવામાં આવ્યું એની પાછળનું જે હાર્દ હતું કે કુદરતી જે સૌંદર્ય છે એને લોકો આવીને ત્યાં માણે. એ વખતના રાજા-રજવાડાઓ ત્યાં આવીને ઘટામંડપ જેને આજે નગીનાવાડી કહેવામાં આવે છે. ત્યાં બેસીને એનું કુદરતી સૌંદર્ય માણતા હતા અને એમની પ્રજા જે ગરીબ પ્રજા હતી જે શહેરની આસપાસ રહેતી હતી એ નિઃશુલ્ક રીતે ત્યાં આવીને પોતાની રીતે મનોરંજન માણતા હતા અને જે ઐતિહાસિક અને કુદરતી સૌંદર્ય હતું એને માણતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બહુ દુઃખ સાથે કહેવું છે કે જે રીતે આ કાંકરિયા તળવાનું જે વ્યાપારીકરણ કરવામાં આવ્યું છે એની સામે મારો જબરજસ્ત વાંધો અને વિરોધ છે. વિકાસના નામે કોઈ પણ કામ હોય જે પ્રજાના પ્રતિનિધિ તરીકે કોઈ દિવસ વાંધો હોઈ શકે નહિ પણ એ હાર્દ સમજવું જોઈએ કે આપણા વડવાઓએ આજે કયા કારણસર અને કયા હાર્દ સાથે આનું નિર્માણ કર્યુ હતું અને આજે આપણે એને કઈ દિશામાં લઈ જવા માગીએ છીએ કે જ્યારે આનું નિર્માણ કરવામાં આવ્યું ત્યારે પુરાતત્વખાતાની મંજૂરી પણ પાછળથી લેવામાં આવી હોતી. પુરાતત્વ ખાતાની મંજૂરી લેવામાં આવી નહતી. જ્યારે આપણે હેરીટેજ ઈમારતના રક્ષણ કરવા માટેની વાત કરીએ અને એ જ ઈમારતોની અંદર રિનોવેશન નહિ પણ કોઈપણ જાતના બાંધકામની જ્યારે આપણે પરવાનગી ના આપતા હોઈએ એ ઐતિહાસિક ધરોહર જે આટલી સુંદર એ વખતની કલાત્મક ઝાડીઓ હતી કે વરસાદી નાળામાંથી જે પાણી આવે એ પાણી પણ એનાથી કચરો કે પથરા હોય એ બહાર રહી જાય અને ખાલી શુદ્ધ પાણી જ એ કાંકરિયા તળાવમાં જતું. એવી કલાત્મક ઝાડીઓ આજે વિશ્વમાં કયાંય દેખાતી નથી. જો આપણે ઈતિહાસવિદ્ધો સાથે અને બીજા લોકો સાથે ચર્ચા કરીને આની અંદર કામ કર્યુ હોત તો હું માનું છું કે ભવિષ્યના માટે બહુ સારું એક પગલું લેવાયું હોત પણ લાલ-પીળી લાઈટો લગાવવાથી એનું જે કુદરતી સૌંદર્ય છે એ સૌદર્ય હણાયું છે. હું એ પણ કહેવા માગું છું કે જ્યારે આનું નિર્માણ કરવામાં આવ્યું ત્યારે લોકોએ આનો વિરોધ અને પ્રદર્શન પણ કર્યા હતા. લોકોની લાગણી, લોકોની વાચા આપણા સત્તાધીશોએ સાંભળી નહિ. આજે પરિસ્થિતિ એવી છે કે લોકો એમની વાચા આપવા માટે એમને હાઈકોર્ટના દ્વાર ખટખટાવવા પડે છે. જ્યારે હાઈ કોર્ટમાં લોકો ગયા છે, લોકોને ખબર છે કે આ સત્તાધીશો અમારી વાત સાંભળવાના નથી. આમાં બહુ સારા આંકડાઓ આપવામાં આવ્યા કે આટલા કરોડની આવક થઈ અને આટલા લોકોએ એની મુલાકાતો લીધી પણ માનનીય અધ્યક્ષશ્રી, આમાં ગરીબ લોકો હતા ? આજે ૧૦ રૂપિયા ફી હોય અને એક કુટુંબમાં પાંચ માણસો હતો અને એ પાંચ માણસો જ્યારે જાય તો એને પચાસ રૂપિયા થાય અને પછી અંદર જઈએ તો ત્યાં બધા સ્ટૉલો છે ત્યાં ૧૫ રૂપિયાની બૉટલ. હું જે વાત કરી બહેન ગીતા બહેને કે પાંચ અને પચીસ હું તો ફક્ત એટલું જ કહેવા માગું છું કે, કોઈ પણ નેતા કે કોઈ પણ આગેવાન કે પ્રજાના પ્રતિનિધિ હોય એણે પોતાની વાત અને વાણી પર સંયમ રાખે. લોકો બધી જાતનું ધ્યાન રાખતા હોય છે. હવે સમય રહ્યો નથી. લોકો પ્રેમ ઇચ્છે છે, લોકો ભાઈચારો ઇચ્છે છે. આવી કોઈના દિલને દુખાવવાની જે વાત હોય તો એ આ ગૃહનું અપમાન કરાવ બરાબર છે. હું તો એટલું કહેવા માગુ છું કે, આપણે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ અને આપણે એવો સંદેશો આપવો જોઈએ કે એમાંથી ભારતના લોકોની અંદર રાષ્ટ્રવાદની ભાવના જન્મે, લોકોની અંદર પ્રેમ જન્મે અને લોકોની અંદર ભાઈચારો જન્મે. સમગ્ર દેશે જોયું છે કે, કટુતાની રાજનીતિ અને દુશ્મનાવટની રાજનીતિ નકારી દીધી છે. મારે બહુ દુઃખ સાથે કહેવું છે કે, હવે આપણે આ સંકુચિત વિચારધારામાંથી અને વિકૃતિઓમાંથી બહાર આવવું જોઈએ અને વિશાળ હ્રદયે અને વિશાળ દ્રષ્ટિએ આપણે સમગ્ર વિશ્વ અને સમગ્ર દેશનું વિચારીને આપણે કોઈ પણ આપણી વાણી અને વર્તનથી અહીંયા વર્તવું જોઈએ. હું ફક્ત હવે છેલ્લે મારી એટલી જ વાત કહેવા માગુ છું કે, આ હાઈ કોર્ટ સમક્ષ આ વસ્તુ પેન્ડીંગ છે જો લોકોને ત્યાંથી ન્યાય મળવાની ઘણી મોટી આશા છે અને આપણે જો એનું ધ્યાન રાખીએ કે જ્યારે હાઈકોર્ટનો નિર્ણય આવે એ પછી જ આપણે આ બીલ લઈને આવીએ એટલું કહી હું મારી વાત પૂરી કરું છું..

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ નીતિનભાઈ પટેલ, બી.પી.એમ.સી. એકટ સુધારા વિધેયક-૧૪ લઈને આવેલ છે તેને હું સમર્થન આપું છું અને મારી વાત કહેવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના આ શહેરોમાં આ અમદાવાદ શહેર એક પૈરાણિક અને ઐતિહાસિક ખ્યાતિ ધરાવતું આ નગર, જે રાજા કર્ણદેવના વખતમાં કર્ણાવતી નામે આ નગર ઓળખાતું. માનનીય અધ્યક્ષશ્રી, રાજા કર્ણદેવે ખોદાવેલ તળાવ કર્ણ સાગર નામે ઓળખાતુ જેને આજે કાંકરિયા તળાવ કહેવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કાંકરિયા તળાવ ઉપર ૨૬ ફેબ્રુઆરી, ૧૮૨૨માં સ્વામીનારાયણ ભગવાને ચોર્યાશી અને મોટો યજ્ઞ કરેલો અને હજજારો બ્રાહ્મણોને જમાડેલા અને ભેટ સોગાદો આપેલ એવું આ પવિત્ર સ્થળ એ આજનું આ કાંકરિયા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નગરના ૧૯૨૪ પછીના પ્રમુખ તરીકે સરદાર પટેલ હતા કે જેમણે હિન્દુસ્તાનને આઝાદી અપાવેલ અને ૬૦૦ થી વધુ રજવાડાઓને એક કરનાર એવા સરદાર પટેલની સીધી દેખરેખ હેઠળ આ નગરમાં અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ, વોટર વર્કસ અને વી.એસ. હૉસ્પિટલ જેવી આરોગ્યની સેવાઓ ઊભી થયેલ, આ સરદાર પટેલને વંદન કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર

પછી આ નગરમાં ૧૯૫૦માં કોરપોરેશનનો દરજ્જો મળેલો અને પ્રથમ મેયર તરીકે શ્રી ચીનુભાઈ શાહની વરણી થયેલી અને તે સમયે લોકોનો વિરોધ હોવા છતાં કાંકરિયાનું રીનોવેશન કરાવેલ અને ત્યાર પછી ઘણા સમય સુધી કાંકરિયાનું બિલકુલ ડૅવલપમૅન્ટ થયેલ નહીં, માટી પણ ભરાયેલી, ક્યારેક પાણી પણ સુકાઈ જતું. આ સરકારે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતનું સુકાન સંભાળ્યા પછી આ અમદાવાદ શહેરનું ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું આ કાંકરીયા તળાવને ડેવલપ કરવા માટે કાંકરિયા લેક ફ્રન્ટ ડૅવલપમેન્ટ પ્રોજૅકટ બનાવેલ અને પોતાની સીધી દેખરેખ હેઠળ ઔતિહાસિક મહત્ત્વ ધરાવતા આ કાંકરિયા તળાવને રૂપિયા ૨૮ કરોડથી વધારે ખર્ચ કરીને ઘણી જ સુવિધા ઉપલબ્ધ કરેલ છેઅને બ્રિટનથી સુંદર મીની ટ્રેન પણ લાવવામાં આવી છે જેથી અબાલ વૃદ્ધ  અને બાળકો માટે ખૂબ મોટી સુવિધા ઉભી કરેલી છે. હંમેશા માનનીય મુખ્યમંત્રીશ્રી કહેતા હતા કે ગુજરાતના દરેક શહેરોનો પૂરો વિકાસ થવો જોઈએ અને શહેરો માટે પણ આ બજેટમાં ઘણું ફંડ ફાળવવામાં આવ્યું છે એ ઘણું સરાહનીય છે. કોઈપણ શહેરનો વિકાસ અને એની જાળવણી રાખવી હોય તો એના માટે ખર્ચની પણ જોગવાઈ ઉભી કરવી જોઈએ એટલા માટે આ બીલની અંદર જે સામાન્ય ફી લેવાની વાત છે એ વ્યાજબી છે અને હું એને સપોર્ટ કરું છું.   કાંકરીયાનું ડેવલપમેન્ટ થવાથી વાહનોનો ઘોંઘાટ, ટ્રાફિક પોલ્યુશનથી આ વિસ્તાર મુકત બન્યો છે. શાંત વાતાવરણ અને પક્ષીઓના મધુર ગાનનો અનેક લોકો લાભ લઈ રહેલ છે.  આ તળાવને આવું સુંદર ડેવલપ કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને શહેરી વિકાસ મંત્રીશ્રી નિતિનભાઈને અભિનંદન આપું છું. અમદાવાદના નાગરિકોને આંતરરાષ્ટ્રીય કક્ષાની મનોરંજનની સુવિધા મળે તેને માટે કાંકરીયા કાર્નીવલ જેવા પ્રોગ્રામ દરમિયાન અટલ એકસપ્રેસમાં ફરવાની સગવડતા સાથે અમદાવાદ અને બહારથી આવતા લાખો લોકોને મનોરંજન પૂરું પાડવામાં આવે છે જેના માટે કોઈ ફી લેવામાં આવતી નથી જેના માટે રાજય સરકારને અભિનંદન આપું છું. આ સ્વર્ણિમ વર્ષમાં કાંકરીયાની જેમ ૯૫ જેટલા જળાશયોનો વિકાસ કરવા માટે રૂા. ૨૫કરોડ ફાળવવામાં આવ્યા છે. બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ-૪૫૮ની પેટા કલમ-૩૬ માં સુધારો કરવામાં આવ્યો છે તેને હું સમર્થન આપું છું અને આવકારું છું. હું આ બીલ જે માનનીય મંત્રીશ્રી નિતિનભાઈ લઈને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બી.પી.એમ.સી. એકટમાં સુધારા વિધેયક લઈને આવ્યા છે. બી.પી.એમ.સી. એકટની જે કલમો existing sections છે એનાથી વિપરીત વાત લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. આપણી ડેમોક્સીમાં elected representatives and bureaucracy બંનેના મિલન સાથે વહીવટ ચાલતો હોય છે. Elected મેમ્બરે પોતાની views, whims ઈચ્છા, શકિત, ભાવના એ મુજબ કાંઈ કરવાની ઈચ્છા થાય પણ એ કાયદાને અનુરૂપ છે કે કેમ,  એ કરી શકાય કે કેમ? કરવું હોય તો ડેમોક્રેટીકસ સીસ્ટમમાં Constitutional provisionમાં  કાયદાની જોગવાઈમાં કઈ રીતે થઈ શકે અથવા sorry, Sir you may have dreams, but Constitution is not permitting you. તમને આ દેશના સંવિધાન આમ કરવા માટે પરવાનગી નથી આપતું. You may overrule me, but this is my advice. આઈ.એ.એસ. ઓફીસર  એક ડેરીંગ સાથે ફાઈલ ઉપર લખતા હોય તો આજે જે પરિસ્થિતિ આ બીલમાં સર્જાઈ છે એ ન સર્જાઈ હોત.વન વે કોમ્યુનિકેશન થયું છે.  આ સરકારમાં. આઈ.એ.એસ. અધિકારી કહી નથી શકતા કે ન થાય સાહેબ આ. આ કરશો તો કાલે આપને નામદાર કોર્ટમાં જવાબ આપવો મુશ્કેલ થશે. આપે લીધેલું પગલું આપને embarrassing situation માં મુકશે. Please don't do this. અને એ પછી એમ છતાં પણ સરકારને કદાચ ઓવરરૂલ કરે એકાદ વખત પછી એમને થાય કે ના મને જે અધિકારી ફાઈલ ઉપર એમ કહેતા હતા કે સાહેબ આ ન કરો અને મારી ઈચ્છા વિરૂદ્ધ એમણે ફાઈલ ઉપર અભિપ્રાય આપ્યો અને મારી ઓફિસમાં બેઠેલા મારા એડવાઈઝરે એમ કહ્યું કે આ અધિકારી બરાબર નથી, એટલે મેં ઉપાડીને સાઈડ પોસ્ટિંગમાં મૂકી દીધા હતા એ મારી ભૂલ હતી. એવો અહેસાસ થાય. એ ક્યારે થાય? જ્યારે આપણે એને સમજવાની તૈયારી રાખીએ. એ આઈ.એ.એસ. અધિકારી જે સરકારના નોકર નથી. પ્રજાના સેવકો છે.  એમને પબ્લીકની ટ્રેઝરીમાંથી પૈસા મળે છે. કહેવાય છે Man may come, man may go, I am for ever. આ સિસ્ટમ કાયમી છે. વ્યકિત તો આવે છે. કોઈ અમર નથી. આ પક્ષ ને આ પક્ષના સભ્યશ્રીઓ ઈતિહાસ ગણાવતા હતા. ભવ્ય નામો ગણાવતા હતા આપણે જેને ઈશ્વરીય અવતારો ગણાવતા હતા એમની પણ વાત કરીએ છીએ, પણ એમનો પીરિયેડ હોય છે. એ પિરિયડ કરીને જતા રહેતા હોય છે. એમ આજે આપણે સૌ અહીયા છીએ એ પણ એક પિરિયેડ માટે છીએ. ત્યારે એમનું કામ આજે જે આ શા માટે આ બિલ લઈને આવવું પડ્યું. એના ઉંડાણમાં તો ઉતરો આપ. અને જો એ ઉંડાણમાં ઉતરીએ તો આપણને સમજાય કે એક માણસના whims ઉપર આપણે કઈ કરવા જઈએ અને આપણી મુશ્કેલીઓ વધે, ત્યારે આપણે સુધારા વિધેયક લાવવું પડે એવું નહિ. Retrospective effect સાથે લાવવું પડે કે હું આ કાયદો પસાર કરવાનો છું. આની પશ્ચ્યાત અસર આપો. ૧લી જાન્યુઆરી ૨૦૦૯ થી અસર આપો. એવા સાથેનું આ સુધારા વિધેયક લાવવું પડયું એ એટલા માટે લાવવું પડયું છે કે આપણે એક atmosphere ઉભું કર્યુ છે કે જ્યાં ડેમોક્રેટિક સિસ્ટમથી નથી સરકાર ચાલતી. જ્યાં આપને યોગ્ય એડવાઈઝ આપે એવા લોકોને આપ આપના ખાતાઓમાં આપને ત્યાં નથી રાખી શકતા. આપની yes મિનિસ્ટર વાળા લોકો રાખો છો એટલા માટે પરિસ્થિતિ થાય છે. Otherwise you

would have given proper advice. સાહેબ આ કરી લઈએ આપણે. આ નહિ કરી લઈએ. આ ન કરાય. હું એની જોગવાઈઓ તરફ આપને લઈ જઈશ. અને આ કર્યા પછી પણ It will be very difficult for your advocate to protect you. It will e a very embarrassing situation for everybody. અને શા માટે એના તરફ પણ હું લઈ જવા માગું છું. કેટલીક બી.પી.એમ.સી. એકટની કલમની જોગવાઈઓ છે. આપનો આજનો સુધારો આપ લઈને આવ્યા છો. એ કલમોને સુસંગત આપનો આ સુધારો નથી. I will demonstrate. પણ એની પહેલા માનનીય ફારૂખભાઈએ પણ કહ્યું માનનીય વલ્લભભાઈએ પણ કહ્યું અને શ્રીમતી ગીતાબેને પણ કહ્યું. લાંબો ઈતિહાસ છે કાંકરિયાનો. ઘણો લાંબો ઈતિહાસ છે. ૧૪૫૧ એડીમાં કાંકરિયા પહેલી વખત બન્યું. માનનીય ફારૂખભાઈએ કહ્યું એ પ્રમાણે સુલ્તાન કુતુબુદીન ઐબકે બનાવ્યું. ૧૯મી સદીમાં બ્રિટિશ સરકારના કલેકટરે આ તળાવને રિપેર કરાવ્યું. ૧૯૪૦માં સ્વ.ભાઈલાલભાઈ પટેલના સુપરવિઝનમાં કાંકરિયા તળાવના ઈતિહાસમાં અનેક લોકો, અનેક પ્રસંગો જોડાયેલા છે. રાજા કર્ણથી માંડીને સ્વામિનારાયણ ભગવાન સુધીના પ્રસંગો આ ઈતિહાસમાં સંકળાયેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા ઐતિહાસિક જગ્યાના ધારસભ્ય કોઈક પ્રતિનિધિ થાય તો તે પાંચ, દસ, પંદર વર્ષ માટે થાય છે. આ સદીઓના ઈતિહાસને મારા નામે ચડાવવાનો હું પ્રયત્ન કરતો હોઉં તો તે નુકસાનકારક છે. તે નહીં કરવું જોઈએ. આપ કરો છો એટલું જ નહીં આપ શું કરવા જઈ રહ્યા છો? આપ લોકોને આ સદીઓથી બનેલી જગ્યા છે તે મારા મતે આર્ટિકલ ૨૧ની લોકોને મળેલી બંધારણીય અધિકારો મુજબની બની ગયેલી આ અસ્કયામત છે. લાઈફ એન્ડ લીબર્ટી ઑફ ધી પીપલ. ભારતના સંવિધાનના આર્ટિકલ ૨૧ સાથે આ જોડાયેલી વસ્તુ કહેવાય. હમણાં માનનીય આ ગૃહના સભ્યશ્રી કહેતા હતા કે નાના હતા ત્યારે સીટી બસમાં બેસીને અમે આ જોવા જતા હતા. અનેક લોકો મળશે અનેક પેઢીઓ મળશે કે જે એમ કહેશે કે કાંકરિયાના તળાવે રમીને હું મોટો થયો છું કે મોટી થઈ છું અને તે કાંકરિયાનું તળાવ પણ ઉદ્યોગપતિ માટે ખુલ્લું રહેતું હતું. કુદરતની આપેલી સંપત્તિ જેવું ગણાતું હતું, પ્રજાની માલિકી ગણાતી હતી. તે ગરીબના ઝૂંપડામાં રમતું બાળક સાંજ પડે દસ રૂપિયા તેના માટે મોટી વસ્તુ ગણાતી હોય તેવું બાળક એકપણ રૂપિયાનો ખર્ચ કર્યા વગર તે કાંકરિયાની તળાવની પાળ પર બેસીને રમી શકતું હતું. આત્મહત્યા કાંકરિયામાં હવે નહીં થાય તો શું માણસ કાંકરિયા હોય તો જ આત્મહત્યાનો વિચાર આવે? કાંકરિયા ન હોય તો આત્મહત્યા માંડી વાળે? તેને રેલનો પાટો ન દેખાય? તેને બીજી કોઈ જગ્યા નહીં દેખાય? તેને નર્મદાની નહેરો નહીં દેખાય? કોઈ લૉજિક તો હોય. દસ રૂપિયાની ફી કરી છે એટલે કાંકરિયામાં કોઈ આપઘાત કરવા નહીં આવે. આવી દલીલ. પાંચ કરતાં વધારે સદીઓ જેને જે અસ્કયાતમને થઈ છે તે આપણે જાળવણી માટે આવી જગ્યાઓ જે છે કે જેને એકસપર્ટ લોકોની મંજૂરી વગર આપણે ટચ નહીં કરવી જોઈએ. ઈટ ઈઝ ધી ડ્યૂટી ઑફ ધી ઑફિસર્સ અમે પોલીટીશીયન તો કયારેક અમારા સમીકરણો આમ તેમ હોઈ શકે પણ આપણી સિસ્ટમ બાબા સાહેબ આંબેડકરે આપેલું બંધારણ, આ દેશના ઘડવૈયાઓએ આપેલી વ્યવસ્થા એ એટલા માટે જ છે કે જેથી કરીને અમને પ્રોપર એડવાઈઝ આપવી જોઈએ. મેં કહ્યું તેમ મુશ્કેલી તો એવી છે કે વન વે કોમ્યુનિકેશન આ સરકારે કરી દીધું છે. મેં જોયા છે સારા અધિકારીશ્રીઓ. પોતાની જગ્યાને ધ્યાન આપનારા પણ જોયા છે. પણ તેની હાલત કેવી છે? સાઈડ પોસ્ટીંગ, સાઈડ પોસ્ટીંગ, સાઈડ પોસ્ટીંગ. કારણકે તેમને કરપ્શન કરવું નથી. તેમને તો એમ કે મારા ફૅમિલી સાથે સારો પિરિયડ કાઢી રહ્યો છું અને યસ મેનોની ફોજ મહત્વની જગ્યાઓએ મૂકવાથી આ પરિસ્થિતિ ઉભી થઈ છે. આ જગ્યા આર્કિયોલોજી સરવે ઑફ ઈન્ડિયા તેનું આપે એન.ઓ.સી. લેવું જોઈતું હતું. આઈ ડોન્ટ નો. ઓનરેબલ મીનીસ્ટર મે રીપ્લાય. આપે લીધુ હશે અને આપ આ ગૃહને જણાવશો તો મને આનંદ થશે. કારણકે અમે તો લીમીટેડ નોલેજવાળા લોકો છીએ. સભ્યો છીએ. વી આર નોટ એકસસ ટુ ધી ફાઈલ. અમે તે ફાઈલોની એકસેસ અમારા પાસે નથી. અમે ફોન કરીએ અને દોડીને અમારી ચેમ્બરે અમદાવાદથી કમિશ્નર સાહેબ દોડીને હાજર થઈ જાય અને અમને બ્રીફ કરે તેવી અમારી પરિસ્થિતિ નથી હોતી. કારણકે અમે મેમ્બર છીએ. અમે તો ફોન કરીએ ત્યારે સાહેબ મોટા ભાગે તો મીટિંગમાં હોય છે. તે કઈ મીટિંગમાં હોય છે. કોલબેક કરવામાં કેવી તકલીફ હોય છે તેની ખબર નથી હોતી. મારે એ કહેવું છે કે આપે લીધુ હોય તો આપ આ ગૃહને કહેજો કે યસ વી હેવ ટેકન એન.ઓ.સી. અમે તેનું એન.ઓ.સી. લીધું છે. Archeological Survey of Indiaનું એનઓસી છે અમારા પાસે, કારણ કે આ આપણી ઈચ્છાશકિત હોય કે ના હોય એ નહીં, કાનૂનને સન્માન કરવાની આપની ફરજિયાત જવાબદારી છે અને એ જવાબદારી પ્રમાણે જે કાયદો છે. Ancient Monuments and Archeological Statues and Remains Act ૧૯૫૯ અને એના બનેલા રૂલ ૧૯૫૯ એ પ્રમાણે આપે એનઓસી લેવાનું ફરજિયાત છે. આપે લીધું છે એનઓસી? તો આપ આ વિધાનસભા ગૃહને જાણ કરજો, અમને આનંદ થશે કે આપે એનઓસી લીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, retrospective effect લઈને આવ્યા છીએ આપણે, એક તરફ આપની દલીલ એવી છે કે, આ તો બધી કોરપોરેશન માટે લાગુ પડે છે. We are not bothered about Kankaria, એ તો કોર્ટમાં ચાલે છે એને કંઈ લેવાદેવા નથી આવું શહેરી વિકાસ મંત્રીશ્રીનું રેકોર્ડ પરનું નિવેદન, સંસદીય બાબતોના મંત્રીશ્રી કહે છે કે, ના, સાહેબ, આ તો એને પણ લાગુ પડે એનું પણ એક કારણ છે. આપના ઉપદેશ અને કારણોમાં આપ એમ કહો છો કે આ પ્રવેશ ફી જે છે એ

રેગ્યુલરાઈઝ કરવા માટે અમે લાવ્યા છીએ. આ બધી પરિસ્થિતિઓનું નિર્માણ આ ગૃહના માનનીય સભ્યશ્રીઓને ચર્ચાની અંદર પણ ગુચવાડાઓ ઉભા કરનારું છે. હું તો વિનંતી કરીશ કે આપ આપના ચોખ્ખા હાથ સાથે હોવ, આપની નીતિ સ્પષ્ટ હોય, આપે આના ઉપર કશું છૂપાવાનું ન હોય તો જે મુદ્દો નામદાર હાઈકોર્ટમાં આપના અધિકાર છે કે નહીં એ ચાલે છે ત્યાં સુધી આ બિલને ન લઈને આવો. So that આપને પણ જયારે વાત કરવાની હશે ત્યારે આપને કોઈ અડચણ નહીં આવે અને અમારે પણ જયારે ચર્ચા કરવાની હશે ત્યારે આપને પણ કયાંય અકળામણ ના થાય. Let us respect judiciary, higher judiciary. Let them decide.કે આપણે જે કરવા જઈ રહયા હતા, જે દિવસે કર્યુ પહેલી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજથી, એ દિવસે કરવા વખતે આપ અધિકૃત હતા ખરા? અને જો ન હતા તો આપણને સલાહ દેનારા સલાહ પણ ન દઈ શકે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે જવાબદાર કોણ હતા? આપને બીપીએમસી એકટ સેકસન ૬૬ આપે જોવાનો પ્રયત્ન કર્યો છે ખરો? Before imposing this આપના Matters which are provided by the corporation at its discretion આપે સેકશન ૬૬, sub-section ૯, subsection ૧૦, sub-section ૧૧ Section ૬૩ of the BPMC Act એને સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો? આપે બીપીએમસી એકટની ૧૨૭, impose, કરવાના ટેક્સની બાબતમાં બીપીએમસી એકટની જોગવાઈઓનો અભ્યાસ કર્યો છે ખરો? Yes, no Government will take such a decision. કે કાંકરિયાના પ્રવેશ ઉપર અમારે પૈસા લેવા છે. I am sorry to say કે ફાઈલ ઉપર આ નિર્ણય લેતી વખતે યા તો કોઈકને ખબર હતી પણ એમને ડર હતો કે મારા મોટા સાહેબ નારાજ થઈ જશે કારણ કે આ તો એમની ઈચ્છા છે કે આમે કરો, એમણે કહયું એટલે કરો, પછી તો જે થાય તે આંખો મીંચીને કરો. એટલે આ પરિસ્થિતિ નિર્માણ થઈ છે. આપ નહોતા અધિકૃત અને આપે આ નિર્ણય કર્યો અને જો આપ અધિકૃત હતા અને આપનો નિર્ણય વાજબી હતો તો આજે સુધારા વિધેયક બિલ લઈને આવવાની જરૂર ન હતી અને એ પણ retrspective effect સાથે, It itself shows કે આપે જયારે નિર્ણય કર્યો ત્યારેઆપે કાયદાથી વિરૂદ્ધનો નિર્ણય કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીં મારા પક્ષના માનનીય સભ્યશ્રીઓએ લાગણીસભર કેટલીક વાતો કરી છે. અમદાવાદનું પ્રતિનિધિત્વ કરનારા મારા માનનીય સભ્યશ્રીઓએ અમદાવાદની જનતાના અવાજનો પડઘો પાડ્યો છે. કોઈ પણ મઝહબ હોય કોઈ પણ જગ્યાએથી આવીને વસ્યો હોય અમદાવાદનો માણસ છે એ કાંકરિયામાં ખુલ્લી શેર કોઈ જાતના ચાર્જ વગર કરી શકતો હતો અને કરે એના માટેની વાત લઈને હું આવ્યો છું. આપ એને પણ restrict કરવા માગો છો? આપ defy કરવા માગો છો? કે આ કાંકરિયા છે એના અંદર એક ગરીબ માણસ છે જો એની પાસે પૈસા દેવાના નહીં હોય તો ત્યાં નહીં આવી શકે. સાહેબ, હજારો આવે, કરોડો પેદા થાય એ કોરપોરેશનનું કામ નથી, કોરપોરેશનનું કામ છે કે પાંચ સદીથી જે અસ્ક્યામત આમ જનતા માટે ખુલ્લી રહેતી હતી એને ખુલ્લી રહે એ જોવાનું કામ એ કોરપોરેશનનું કામ છે. આપને ટેક્સ ક્યા લેવી કરવા, કેમ કરવા એના માટે બી.પી.એમ.સી. એક્ટમાં પ્રોવિઝન છે. આપની શું ફરજ છે, આપની શું જવાબદારીઓ છે એ બી.પી.એમ.સી. એક્ટમાં જોગવાઈ છે. કઈ અસ્ક્યામતને કેમ જાળવવી જોઈએ એ જાળવણીની કોની જવાબદારી છે એના માટેનું ક્લેરિફિકેશન છે બી.પી.એમ.સી. એક્ટમાં. આપ તો એનાથી આગળ વધી જાવ છો, આપ તો કૂદકેને ભૂસકે કોઈના whims પર ચાલો છો. પરિસ્થિતિ શું થાય છે કે આપે એક્ટમાં એમેન્ડમેન્ડ લઈને આવવું પડે છે અને ત્યારે મારે કહેવું છે કે, આ જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે આજે, આપ કહેતા હતા કે અહીં કેટલા લોકોએ વિઝિટ કરી અને કેટલી આવક થઈ. આપને ખબર છે કે, અમદાવાદ શહેરમાં કેટલા લોકોએ સહીઓ કરીને આપી કે સાહેબ, આ ધંધો બંધ કરો અમારા પાસેથી પૈસા લેવાનું બંધ કરો આ કાંકરિયા છે એ અમારું જીવન છે, અમારી સંસ્કૃતિ છે, અહીંયા અમારી સાથેના જોડાયેલા સંસ્કારો છે. આ કાંકરિયામાં પ્રવેશ માટેના પૈસા ન હોઈ શકે. અહીંયા કહ્યું એમ કે, હનુમાનજીનું મંદિર અહીયા આવેલું છે પેઢીઓથી અમે જઈને તેલ ચડાવતા હોઈને, શ્રીફળ વધેરતા હોઈએ ત્યાં જવાના પૈસા પણ અમારી પાસેથી લેવાનું બંધ કરો એ કહેનારા લોકો અમદાવાદના જ છે. કેટલાક આપના સાથે જોડાયેલા હતા, આપની વિચારધારા સાથે જોડાયેલા લોકો છે, અમારી વિચારધારા સાથે જોડાયેલા લોકો પણ છે, જેને કોઈ રાજકીય પક્ષ સાથે લેવાદેવા નથી એવા લોકો પણ છે. આપે ક્યારેય એમનો અવાજ સાંભળવાનો પ્રયત્ન કર્યો ખરો? કે ના અમને તો કોઈક લખીને આપે છે, અમારું છે અને અમારે stop જ કરવાનું છે બાકી એક માણસે કહ્યું છે માટે અમારે We are not supposed to think અમારે તો ભારત માતા કી જય આંખ બંધ કરીને ચાલવાનું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, જવાબ આપવાનું આવે ત્યારે કહેજો. અત્યારે બેઠા બેઠા ન બોલો. માનનીય શકિતસિંહજી આપ આપનું પ્રવચન ચાલુ રાખો.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખલેલ પહોંચે ત્યાં સુધી હું નકામું શા માટે બોલું રેકર્ડ ઉપર જાય નહીં સરખું. Let him finish. એ બેઠા બેઠા ખલેલ કરી લે એ પછી હું બોલું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગતો હતો કે, ભારત માતા કી જય બંધ આંખે ન થાય ખુલ્લી આંખે થાય, દિલ અને દિમાગથી થાય ત્યારે ભારત માતા કી જય સાચી કહેવાય. ખુલ્લા દિલ અને ખુલ્લી આંખે થાય, દિલ અને દિમાગ લગાવીને થાય ત્યારે ભારત માતા કી જય થાય. નાટક કરવા માટે થઈને કોઈ આંખ

બંધ કરીને કરે એનાથી અસર નહીં પડે એ મારું કહેવું છે અને માટે માનનીય અધ્યક્ષશ્રી, મેં આ ક્લેરીફાઈ કર્યું હતું collective responsibility of the cabinet એ કહેવાય. કેબિનેટો ચાલતી આ સરકારોમાં ઈનફોર્મલ કેબિનેટો બે બે કલાક ચાલતી, મુખ્ય મંત્રીશ્રીની ઈચ્છા હોય છતાં માનનીય મંત્રી મંડળના સભ્યોમાંથી કોઈકની ઈચ્છા હોય કે ન થાય સાહેબ આ This is wrong. We can't do this આ public interest નથી અને મુખ્ય મંત્રીશ્રીઓએ ગુજરાતના ઈતિહાસમાં પોતાના whims હોય તો પણ એમ કહ્યું હોય કે તમારી વાત સાંભળ્યા પછી મને લાગે છે કે, મારો વિચાર હતો એ ખોટો છે. કેબિનેટમાં ભલે આ મુદ્દો આવ્યો હોય હું ઈચ્છા વ્યકત કરું છું કે આ મુદ્દો અહીંયા ડ્રોપ કરીએ. It is not in the public interest. This is a democracy. એ લોકશાહી છે, Are anyone of us can give such an opinion? ના સાહેબ આ રહેવા દો, ભલે આપનો મત વિસ્તાર હોય, આ નથી કરવા જેવું, આટલા મોટાં ફટાકડાંઓ કાંકરિયાના ઉત્સવમાં ફોડીશું તો આ કાંકરિયા ઝુમાં જે પક્ષીઓ છે એ ફફડીને મરી જશે, રહેવા દો, ભલે આપનો અહમ મોટો થતો હોય, આપની પ્રસિદ્ધિ મળતી હોય, પણ અહીંયા આ પ્રવેશની વાત કરીને, અહીં આ ઉત્સવની વાત કરીને, આપણે જે કરવા જઈએ છીએ, જે આપણા અહમ માટે લાખ્ખો રૂપિયાનો ધૂમાડો કરીએ છીએ, એમાં નિર્દોષ પશુ પક્ષીઓની ઉંઘ હરામ થાય છે, સાહેબ આ ના કરીએ તો સારું, આ ડેરીંગ સાથે કોઈએ કહ્યું, કે આ ફી લઈએ છીએ આપણે, આપણું તો પચાસ હજાર કરોડ રૂપિયાનું બજેટ છે, એમાં આ ફી કેટલી થશે સાહેબ, એના કારણે અમદાવાદ શહેરનું જે નાક છે કાંકરિયા પાંચ સદીઓથી જે લોકો માટે ખુલ્લું હતું એની પ્રવેશબંધી કરીશું તો એ અમદાવાદની સંસ્કૃતિનું અપમાન છે, આ નહિ કરીએ એવું કહેવાની કોઈએ હિંમત કરી ખરી? હું ઈચ્છું છું કે એ પરિસ્થિતિનું નિર્માણ થાય, પાવર કોઈનો પરમેનન્ટ હોતો નથી, અમે ગયા છીએ સત્તામાંથી, અમે જોયું છે સત્તા પણ ભોગવી છે આજે બહાર છીએ, દિલ્હીમાં તમે પણ સત્તા ભોગવી, બહાર ગયા અને કેટલીય તકલીફો ભોગવો છો સમજી શકાય છે, હું અહમ નથી કરતો કે દિલ્હીમાં અમે જીત્યા એટલે અમે સિકંદર, અહીંયા તમે જીત્યા તો તમે સિકંદર, ટેમ્પરરી ફેઝ હોય છે, પણ એ ટેમ્પરરી ફેઝને અહમના આસમાને એવો નહિ ચડાવવો જોઈએ ચાહે દિલ્હીની ગાદી હોય કે ચાહે ગાંધીનગરની સત્તા હોય આપણે પ્રજાના સેવકો છીએ, પ્રજા ઈચ્છે છે, પ્રજા મત આપે છે ત્યારે આપણે આવીએ છીએ અને પછી જો આવા કાયદા આપણે લાવીએ, આપણે એવું કરીએ કે પ્રજાની માલિકીનું કાંકરિયા છે એ પણ આપણે જ ચોક્કસ લોકો, એવા લોકો કે જે પૈસા ભરી શકે એ જ આવે, હું તો એમ કહીશ કે આપણી એ જવાબદારી છે, આપણે સંસ્કારી લોકોની વાત કરતા હોઈએ, આપણે બહુ એટીકેટ લોકોવાળાની વાત કરતા હોઈએ, આપણે ડિસિપ્લીન્ડ લોકોની વાત કરતા હોઈએ પણ એની સાથોસાથ આપણે એ નહિ ભુલવું જોઈએ કે કદાચ ઝુંપડામાં રહેતો બાળક, એને આપના એટીકેટ ખબર નથી, એને આપનું ડિસિપ્લીન ખબર નથી, પણ એ ગરીબ બાળક પણ આ દેશમાં એટલો જ અધિકાર ધરાવે છે જેટલો કરોડપતિના બંગલાના જન્મેલો બાળક હોય એનો સંપત્તિ પર આ દેશને અધિકાર છે એટલો જ અધિકાર આ ગરીબ બાળકનો પણ છે, એને આપણે પ્રોટેક્ટ કરવો જોઈએ, એના બદલે આપણે એની એન્ટ્રી પણ રિસ્ટ્રિક્ટ કરીએ તો મને લાગે છે કે એ મોટું અપમાન છે અને એટલા માટે આ વિધેયક અહીંયા ન પસાર કરવાનો આગ્રહ રાખવામાં આવે તે જ વાત સાથે હું મારી વાત અહીંયા પૂરી કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે સુધારા બિલ લઈને આવ્યો છું એના પર માનનીય સભ્યશ્રીઓ શ્રી શૈલેષભાઈ, શ્રી રાકેશભાઈ, શ્રી ફારુકભાઈ, શ્રીમતી ગીતાબહેન, શ્રી ગ્યાસુદ્દીનભાઈ, શ્રી વલ્લભભાઈ અને વિપક્ષના નેતા માનનીય શક્તિસિંહજીએ એમના અવલોકનો રજૂ કર્યા છે એ મેં ગંભીરતાથી ધ્યાનમાં લીધા છે, કાંકરિયા તળાવ, એનો ઈતિહાસ એની સ્થાપના વિગેરે વિશે પોતપોતાની જાણકારી પ્રમાણે માનનીય સભ્યશ્રીઓએ માહિતી આપી છે, ખરેખર હકીકત જોઈએ લોજિકલી તો રાજા કર્ણદેવના વખતમાં આ કર્ણસાગર તળાવ તરીકે એનું બાંધકામ થયું અને પછી સમયાંતરે એનું કાંકરિયા નામ જે અત્યારે પ્રચલિત છે એના ઉપર આપણે આવ્યા છીએ, કાંકરિયા તળાવનું નામ બાદશાહના પગમાં કાંકરી વાગવાથી રાખવામાં આવ્યું એ લોજિકલી વાત તર્કસંગત એટલા માટે નથી કે અમદાવાદના બાદશાહ ઉઘાડા પગે ગયા હોય, મોજડી વગર ગયા હોય, ચપ્પલ વગર ગયા હોય અને એમને કાંકરી વાગે તે આ જમાનામાં કંઈ માનવા જેવું નથી કે બાદશાહ એવા તો નહોતા કે એમને ઉઘાડા પગે ફરવું પડે, એટલે બાદશાહને કાંકરી વાગી એટલે કાંકરિયા તળાવ એવું નામ આપ્યું એ વાત બહુ સ્વીકારવા યોગ્ય નથી, પણ અમદાવાદનો જે ઈતિહાસ છે એ કર્ણાવતી નગર તરીકે ઓળખાય છે. તે પ્રમાણે આ કાંકરીયા તળાવ, કર્ણાવતી શહેર અને રાજા કર્ણએ વસાવેલું આ શહેર અને કર્ણસાગર તળાવ એ પ્રમાણેનો ઈતિહાસ(અંતરાય). તમે તમારા સૂચનો કર્યા, હું મારા અવલોકનો કરુંને? (અંતરાય) એવું તો આપણે માનવા તૈયાર નથી. હોઈ જ ના શકે. બાદશાહને કાંકરી વાગી ના હોય એટલે કાંકરિયા તળાવ એવી રીતે નામ પડયું હોય એવું હોઈ શકે નહીં.

**અધ્યક્ષશ્રી** ફારૂકભાઈ બેસી જાવ. આ બાજુથી જ્યારે કોઈ પણ જાતની કોમેન્ટ થતી હોય ત્યારે મેં રોકી છે. ગ્યાસુદીનભાઈ આપ એમને સાંભળો. ફારુકભાઈ આપ બન્ને જણાં બોલતા હતા ત્યારે આ બાજુથી મેં કોઈને બોલવા દીધા નથી. એમને સાંભળો. (અંતરાય).

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં જ્યારે મંત્રીશ્રી જવાબ આપતાં હોય ત્યારે આપે જોયું હશે કે માનનીય પૂર્વ અધ્યક્ષશ્રીઓએ પણ આગ્રહ રાખ્યો છે. જે કંઈ આધાર ઉપર તે માહિતી આપતાં હોય એક તો એમને એ ખબર નથી કે આ વાત કરતા હતા એ સંત હતા કે બાદશાહ હતા. ત્યાંથી તો પ્રોબ્લેમ શરૂ થાય છે. Better either we may avoid this અથવા એ avoid ના કરી શકતાં હોય તો એ ઇતિહાસ ઉપર જે આધારિત રાખતાં હોય જ્યારે જ્યારે મંત્રીશ્રી બોલે છે ત્યારે, હું પણ જે કંઈ હું બોલ્યો છું એનો આધાર આપ પરમીશન આપશો તો આ મેજ ઉપર મૂકીશ કે હું જેનો આધાર લઈને બોલ્યો છું આ હાઉસમાં કે ૧૪૦૦-૧૫૦૦ એ.ડી.માં આ થયું, કલેકટરે આ કર્યુ તેનો આધાર હું પણ મેજ ઉપર મૂકીશ. મંત્રીશ્રી પણ જે ઈતિહાસ કહેતાં હોય એ પુસ્તક, ઈતિહાસનો લેખક આ, પાના નંબર આ અને એના આધાર ઉપર કહું છું એમ કહીને કહે તો વાંધો નહીં. આપણે કોઈ સભ્યએ એમ જ કહ્યું એટલે મારે જવાબ દઈ દેવો છે એના કારણે સ્વભાવિક રીતે હાઉસ disorder થાય એટલે તેના કરતાં મને લાગે છે કે, પોતે થોડું જાળવે તો સારું.

**અધ્યક્ષશ્રી** : ઐતિહાસિક તથ્યની અંદર કર્ણ સાગર વાળી એમણે વાત કરી એ ઐતિહાસિક છે. કર્ણ દેવ વાળી વાત આ શહેરના ઈતિહાસમાં .(અંતરાય) કાંકરાવાળી વાત જોડે હું.(અંતરાય). માનનીય નીતિનભાઈ, તમે ત્યાં જવાબ ના આપો. ગ્યાસુદીન બેસી જાવ. કર્ણ સાગર વાળી વાત ઐતિહાસિક હિસાબે છે. મીરાંત-એ અહેમદી અને ચૌટેમાં પણ છે.. (અંતરાય) પ્રશ્ન કાંકરો વાગ્યો અને બાદશાહ વાળી વાત છે તે આ બાજુથી કહેવાય તેના જવાબમાં તેણે તર્ક ઉભો કર્યો તો એ તર્કને બાદ રાખીને આપ આગળ ચાલો કારણ કે આપણે બિલ પાસ કરવું છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઈએ એમ કહ્યું કે પરિવાર સાથે જઈએ તો ઘણો ખર્ચો થાય એક વ્યકિતનું ૧૦૮ રૂપિયા ખર્ચ થાય છે મારો વ્યાપ તો આખા રાજય પૂરતો અને આખા એકટ માટે છે પણ ગમે તે કારણસર ચર્ચા આખી કાંકરિયાની આસપાસ ચાલી માટે હું કાંકરિયાનો ખાસ ઉલ્લેખ કરીને માહિતી આપું છું કે પાંચ વર્ષના બાળક માટે વિના મૂલ્યે છે. ૫ થી ૧૨ વર્ષની ઉંમરના બાળક માટે પાંચ રૂપિયા છે અને ૧૨ વર્ષથી મોટા માટે દસ રૂપિયા છે. એટલે વધુમાં વધુ ફી દસ રૂપિયા છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે ૧૦૮ રૂપિયાનો સરવાળો કાંકરિયા ઉપર મુલાકાત લેવાનો કેવી રીતે માર્યો તે હું જાણી શકતો નથી. બીજું મેં અગાઉ મારા બિલ મૂકતી વખતે પણ કહ્યું હતું કે, ૧૯૫૬ અને તે પછી પણ જ્યારે બાલવાટિકા થઈ ત્યારે તે જમાનામાં જે પૈસો હતો તે પ્રમાણે તેની ફી લેવામાં આવતી હતી. પછી પ્રાણી સંગ્રહાલય થયું. તો એ જમાનામાં પ્રાણી સંગ્રહાલય માટેની પણ ફી લેવામાં આવતી હતી. એટલે કાંઈ કાંકરિયા ઉપર પહેલી વખત આ ફી લેવામાં આવે છે તે બિલકુલ સાચું નથી. ૧૯૫૬ થી જ્યારે જ્યારે મહાનગરપાલિકાએ જે વ્યવસ્થા ઉભી કરી તેના નિભાવ માટે ભૂતકાળમાં ફી લીધેલી જ છે. પણ અહીંયા વર્ણન એવું કરવામાં આવે છે કે જાણે અમારા વખતમાં બધું જ મફત હતું જેને આવવું હોય તે આવી શકતા હતા. બધી જ વાત સદંતર ખોટી છે. અને દસ રૂપિયાથી વધુ કાંકરિયાનો કોઈ ચાર્જ હોતો નથી અને કાર્નિવલ વગેરે જ્યારે ઉત્સવો હોય છે ત્યારે તમામ નાગરિકો માટે, પ્રજાજનો માટે, અનેક સુંદર આયોજનો કરી મોટામાં મોટા આયોજનો કરી ફ્રી ઓફ ચાર્જ પ્રજાજનોને એમાં આવવા માટેના દરવાજા ખુલ્લા રાખવામાં આવે છે. બહેનોને ગૌરી વ્રત હોય છે ત્યારે પણ કાંકરીયા બહેનો માટે વિના મૂલ્યે એ તહેવારો દરમ્યાન ખુલ્લું રાખવામાં આવે છે. આ પ્રકારનો જે આભાસ ઉભો કરવાનો પ્રયત્ન કર્યો છે કે સામાન્ય પ્રજા, ગરીબ પ્રજા, મધ્યમવર્ગ, બહેનો, વડિલો, બાળકો માટે બહારથી ટુર લઈને શાળા પ્રવાસમાં બાળકો આવે તો ફકત ૧ રૂપિયો લેવામાં આવે છે. આ પ્રકારની વ્યવસ્થા છે. એટલે ખોટું એક વાતાવરણ ઉભું ન થાય કે બહુ જ ફી આમાં લઈ લેવામાં આવે છે, એ માટે હું આ સ્પષ્ટતા કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગીતાબેન, માનનીય રાકેશભાઈ અને માનનીય વલ્લભભાઈએ અમદાવાદ શહેરનો જે વિકાસ થયો છે, અમદાવાદ શહેરની સુખ સુવિધા, સગવડો, જાહોજલાલી, ભવ્યતા, સુંદરતા, સ્વચ્છતા વધી છે. દેશ અને દુનિયામાં આ કાંકરિયાનું નામ ચર્ચાતું થયું છે. એની સાથે લોકોને મુલાકાત કરવાની, સગા વ્હાલાંને, મિત્રોને, સંબંધીઓને અહીંયા આવે ત્યારે પ્રવાસ પર્યટન કરાવવાની જે ઉત્કંઠા જાગી છે. તે આ કાંકરીયાની જે કામગીરી થઈ છે. તળાવ હતું. ચોકકસ હતું. રાજયમાં સેંકડો તળાવો એવા છે શહેરે શહેરમાં. લોકો ફરવા જાય છે, પીકનીક કરવા જાય છે. શ્રાવણ મહિનો કે તહેવારોમાં લોકો તળાવ કિનારે જાય છે. એ પ્રકારનું કાંકરિયા તળાવ હતું, પરંતુ આજે આ તળાવનું જે રીતે અપગ્રેડેશન કરવામાં આવ્યું છે, એની ભવ્યતા અને સુંદરતા વધારવામાં આવી છે. આજે ચોકકસ હું એમ કહીશ કે અહીંયા શકિતસિંહજીએ એમ કહ્યું કે ભૂતકાળમાં જુદા જુદા લોકોએ કામ કર્યુ છે. એમને લોકો યાદ કરે છે. અત્યારે એક વ્યકિત માટે આ થાય છે. પણ, હું ચોકકસ ખાતરીપૂર્વક અને ગૌરવપૂર્વક કહું છું કે સદીઓ પછી, દાયકાઓ પછી જયારે કાંકરીયાની ચર્ચા થશે ત્યારે એમ કહેવામાં આવશે કે નરેન્દ્રભાઈ નામના ગુજરાતના મુખ્યમંત્રી હતા, એમણે આ કાંકરીયા તળાવને જે અપગ્રેડેશન કર્યુ, એ ભૂતકાળમાં બધાએ બનાવ્યું, ત્યારે કોઈ જોવા નહોતું જતું, કોઈ ફરવા જતું નહોતું, એ કાંકરીયાની આજે કરોડો લોકો મુલાકાત લે છે. એ કક્ષાનું બનાવવાનું કામ, વિશ્વ પ્રસિદ્ધ બનાવવાનું કામ આ મુખ્યમંત્રીએ દીર્ઘદ્રષ્ટિથી કર્યુ છે, એને આવકારવું જોઈએ, એને સ્વીકારવું જોઈએ, પણ કમનસીબે રાજકીય અવલોકનોને કારણે એને સ્વીકારી શકતા નથી એનું મને દુઃખ છે.

અહીંયાં માનનીય વિપક્ષના નેતાશ્રી જેઓ બાહોશ વકીલ છે, ખૂબ કાયદાકીય વાતો કરી. કે તમે પાછલી અસરનું આ બિલ રજૂ કર્યુ છે. એની પાછળથી વ્યવસ્થા થશે. ગુજરાત વિધાનસભાનું રેકર્ડ જોઈએ તો કેટલાયે બિલો અગાઉની સરકારોમાં દરેક સરકારોમાં જયારે જયારે કાયદાકીય જરુરિયાત અને પરિસ્થિતિ ઉત્પન્ન થઈ ત્યારે પાછલી અસરથી લાગુ પાડયા છે. અનેક બિલો દરેક સરકાર વખતે રજૂ થયેલા છે અને આ સન્માનનીય ગૃહે એને મંજૂર કરેલા છે. એટલે વિપક્ષના નેતાશ્રી એક એવો હાઉ ઉભો કરવા માગે છે કે જાણે ભૂતકાળમાં કદી કોઈ દિવસ પાછલી અસરથી લાગુ પડે એવા કોઈ બિલ જ આવ્યા નથી એ વાત મારે સ્પષ્ટ કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજું કહેવું છે. આપણે બધા જ કાયદાને માનીએ છીએ કે કાયદો, બંધારણ એ સર્વમાન્ય છે. મારે એમને થોડો ભૂતકાળ યાદ કરાવવો છે. અમે તો આ બિલ લાવ્યા છીએ, પાછલી અસર સાથે લાવ્યા છીએ. વિકાસ કરેલું, પ્રગતિ કરેલું અને એને અનુમોદન આપવા માટેનું બિલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણને બધાને ખબર છે કે ભારતની નામદાર સુપ્રીમ કોર્ટે શાહબાનુ કેસમાં જે ચુકાદો આપેલો, ભૂતકાળની કોંગ્રેસની સરકારોએ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો પણ રદબાતલ કરતો એક કેન્દ્રમાં કાયદો કરેલો. કોંગ્રેસની સરકાર હતી. કયા મોઢે અમને સલાહ આપો છો? સુપ્રીમ કોર્ટનો કાયદો પણ રદ કરવો પડે, સુપ્રીમ કોર્ટનો હુકમ પણ રદ કરવો પડે, ચુકાદો રદ કરવો પડે એ પ્રકારનું બિલ તમે જયારે લોકસભામાં પસાર કરેલું, તો એની સરખામણીમાં આ તો એક નાનામાં નાનો

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## કેન્દ્ર સરકારની ટીકા કરવા અંગે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આપે અવારનવાર ટાંકેલું છે. તેઓ મારી સરકારની અને એની વાત કરતા હતા, ત્યાં સુધી બરાબર છે. લોકસભાએ પસાર કરેલો કાયદો, એની ટીકા, કેન્દ્ર સરકારની ટીકા આપણે અહીંયા નથી થઈ શકતી. અને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અરે સાંભળો તો ખરા. (સતત અંતરાય) એકવાર સાંભળો તો ખરા. (અંતરાય) અરે, પણ તમે ઉભા થઈને જવાબ આપજો ને. એમનું વકતવ્ય પૂરું થાય એટલે હું આપને તક આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના અને અગાઉના માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણય આપ જોઈ લેજો. આ પ્રથા ચાલુ કરવી હોય તો મને વાંધો નથી. અડવાણીજીના વખતમાં શું થયું, એન.ડી.એ.ના વખતમાં શું થયું, એ વખતે કયો કાયદો લોકસભામાં આવ્યો, લોકસભાએ કેટલું ખોટું કર્યુ,શું ખોટું થયું, એન.ડી.એ.ની સરકારમાં બાજપાઈજીના વખતમાં શું થયું, એ બધું જો ચલાવવું હોય અને આપ જો એ પરમિટ કરતા હોય તો મને વાંધો નથી. આજસુધીની આજની તારીખ સુધીની પ્રથા અને ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણય છે એનો ચીલો ચાતરીને નવી પ્રથા ચાલુ કરવી હોય તો મને વાંધો નથી. મારા ઉઠાવેલા મુદ્દાઓનો એ જવાબ આપે અને હું સાંભળવા તૈયાર છું અને હું બોલીને હંમેશાં છેક સુધી એનો જવાબ સાંભળવા માટે બેસું છું, પરંતુ એનો અર્થ એ નથી કે તેમને હક્ક મળે કે જયાં આગળ આ ટીકાટીપ્પણમાં પડી શકે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મેં આ જે હકીકત છે એ મૂકી છે, મેં સુપ્રીમ કોર્ટના ચૂકાદા પ્રમાણે લોકસભાએ એના અધિકાર પરત્વે જે ઠરાવ કર્યો અને કાયદો સુધાર્યો એની હું ટીકા કરતો નથી, પરંતુ જે પ્રણાલિકા છે એ ઉપર જાઉં છું કે વિધાનસભા અને લોકસભાની સત્તા છે કે પોતાના અધિકારની ઋએ પોતાને કાયદો બનાવવાની જે સત્તા છે એ સત્તાનો લોકસભાએ ભૂતકાળમાં ઉપયોગ કર્યો છે અને શાહબાનુ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને ઉલટાવી નાંખતો ઠરાવ અને કાયદો લોકસભાએ પસાર કર્યો છે. એટલુ હું તેમને એ કહેવા માગું છું કે આ પ્રણાલિકા છે અને એ પ્રણાલિકા પ્રમાણે એમાં કાંઈ ખોટું કરતા નથી. જયારે જયારે જરૂરિયાત થાય ત્યારે રાજય સરકારને એમ લાગે કે આ કાયદામાં સુધારો કરવો જરૂરી છે ત્યારે એમાં સુધારો કરતી હોય છે અને એ પ્રમાણે અમે આ સુધારો કર્યો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જ બોલું છું. એટલે મેં કોઈની ટીકા કરી નથી. મેં સંસદની ટીકા કરી નથી, મેં એ વખતના વડાપ્રધાન સ્વ. શ્રી રાજીવ ગાંધીની ટીકા કરી નથી, મેં કોઈની ટીકા કરી નથી. હું તો માત્ર પ્રણાલિકા બતાવું છું કે લોકસભામાં પણ સુપ્રીમ કોર્ટે આપેલ ચુકાદાને ઉલટાવી નાખે એવો કાયદો પસાર કરેલો છે. તો એ પ્રમાણેનો કાયદો જયારે થયેલ છે ત્યારે એ પ્રણાલિકા છે. એટલે લોકસભા અને વિધાનસભાને બંધારણે સત્તા આપેલ છે એ પ્રમાણે કાયદો કરીએ છીએ. એટલે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ જે વાતાવરણ ઉભું કર્યુ છે બરાબર નથી.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈએ જે ઉલ્લેખ કર્યો એ લોકસભાએ પસાર કરેલ કોઈ કાયદાના ટીકાટીપ્પણની દ્રષ્ટિએ કર્યો નથી. મેં બરાબર સાંભળ્યું છે કે એમણે શું કહ્યું છે. તેમણે એમ કહ્યું છે કે લોકસભાએ પણ આ રીતે શાહબાનુ કેસના ચુકાદાને ઉલટાવીને કર્યો છે. એટલે લોકસભાએ કોઈપણ કાયદો કર્યો હોય એની હકીકતોનો ઉલ્લેખ પણ ના થઈ શકે એવી કોઈ પ્રણાલિકા નથી

અને નિયમા પણ નથી. એની ઉપર ટીકાટીપ્પણ ના થઈ શકે, પણ એનો ઉલ્લેખ તો નિશ્ચિત જ થઈ શકે. એવા ઉલ્લેખ આપણે બીજા કાયદાની ચર્ચામાં પણ કરીએ છીએ અને બીજા કાયદા પસાર કરતી વખતે પણ કરીએ છીએ અને ઘણીવાર બંધારણની જોગવાઈ હોય ત્યાં લોકસભાએ પસાર કરેલ કાયદાને અહીંયાં અનુમોદન પણ આપીએ છીએ. એટલે એની ટીકાટીપ્પણ ના થઈ શકે ત્યાંસુધી તેમની એ વાત સાચી છે, પરંતુ એનો ઉલ્લેખ પણ ના થઈ શકે એ વાત બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીએ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીના વકતવ્ય દરમ્યાનનો જે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ હું પણ સાંભળતો હતો. એમાં પ્રશ્ન ત્યાંથી પેદા થયો કે જયારે માનનીય શકિતસિંહજીએ એમના પ્રવચનની અંદર તેમણે કેટલાક ઉલ્લેખો કર્યા હતા અને એ ઉલ્લેખો એ હતા કે આ જે વિધેયક આવે છે એ પાછલી તારીખથી આવેલ છે આ પ્રકારના શબ્દો માનનીય શકિતસિંહજીએ વાપર્યા હતા. ત્યારે એના જવાબમાં માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીએ શાહબાનુ કેસના ચુકાદાનો ઉલ્લેખ કરીને એમ કહ્યું કે લોકસભામાં પણ તે વખતની કેન્દ્રીય સરકારે પણ સુપ્રીમ કોર્ટના શાહબાનુ કેસના ચુકાદાને સુધારતો કાયદો પણ કર્યો હતો અને એના પોઈન્ટ ઓફ ઓર્ડરના સ્પષ્ટીકરણમાં શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈએ એમ પણ કહયું કે આ કરવાની પાછળ મારો લોકસભાની ટીકા કરવાના આશયથી કોઈ ઉલ્લેખ નહોતો. એટલા માટે આ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી અને માનનીય મંત્રીશ્રી આપ બિલ ઉપરની ચર્ચા આગળ ચલાવો.

## મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૦ (ક્રમશઃ)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એ કર્યો કે પુરાતત્વ ખાતાની મંજૂરી મેળવવામાં આવી છે કે કેમ? તો આ કામગીરી માટે ભારત સરકારના ઈ.એસ.આઈ. ની પરવાનગી પણ મેળવવામાં આવી છે. અને તે મંજૂરી ૪-૧૧-૦૯ના રોજ મળેલી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત રજૂ કરું છું કે આજના કામકાજની યાદીમાં બતાવેલ સંપૂર્ણ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : સૌ સંમત છે? (થોડી વાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક પ્રકારના નીતિ નિયમો અને તેની મંજૂરી મેળવ્યા બાદ આ કામગીરી કરી છે. ખરેખર તો આપણને સૌને આનંદ થવો જોઈએ કે કામ ખૂબ સારું થયું છે. સૂરત મહાનગરપાલિકા તરફથી સૂરતમાં પણ એક સુંદર સાયન્સ મ્યુઝિયમ બનાવ્યું છે. આખા દેશમાં સર્વશ્રેષ્ઠ કહી શકાય તે પ્રમાણેનું એ મ્યુઝિયમ છે. તો આપણે આવી વ્યવસ્થા આવનારી પેઢી માટે યુવાનો માટે ઉભી કરવી હોય તો તેની જાળવણી પણ કરવી પડે છે. તો જ સમાજને તેનો લાભ મળશે. આજે બધું થઈ રહયું છે તેમાં નવી વ્યવસ્થા ઉભી થાય તેની માવજત થાય તેના માટે બાયોલોજમાં જોગવાઈઓ છે. ભૂતકાળમાં બાલવાટીકા, કે પ્રાણી સંગ્રહાલયની ફી લીધી હતી તેને ચેલેન્જ કરવામાં નહોતી આવી, એટલે પ્રશ્ન નહોતો. ત્યારે આ બધી વ્યવસ્થા થઈ છે તેના માટે હું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન સુધારા વિધેયકમાં જે જોગવાઈ સુધારવા માટે લઈને આવ્યો છું તેને આ સન્માનનીય ગૃહ મંજૂરી આપે તેવી વિનંતી કરું છું.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા નામનો ઉલલેખ કરીને વાત કરી છે ત્યારે હું કહીશ કે કાંકરીયા તળાવની આસપાસના જે પ્લેસના મેં નામો આપ્યા હતા કે ટ્રેઈન હોય, પ્રાણી સંગ્રહાલય હોય, બાલવાટીકા હોય, નગીનાવાડી હોય, બોટીંગ હોય આ બધાની મળીને ૧૦૮ રૂપિયાનો ઓફિસીયલ ફી થાય છે. અને કોરપોરેશનના રેકોર્ડના આધારે મેં વાત કરી છે. એની ફી રેકોર્ડ ઉપર છે. અને એના આધારે મેં મારી વાત મૂકી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રી પોતાની વાત જુદી રીતે મૂકી રહયા છે. હકીકત એ છે કે કાંકરીયાની એન્ટ્રી ફી ફકત દસ રૂપિયા જ છે. બાલવાટીકા કે મ્યુઝીયમ વગેરેની ફી તો ૧૯૫૬ થી લેવામાં આવે છે. એ કંઈ નવી નથી. તેથી આ વિધેયક મત પર મૂકવા માટે વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક ૧૪ સન ૨૦૧૦નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨, કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે
સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક ૧૪ સન ૨૦૧૦નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયકને પસાર કરવામાં આવે છે.

**(વિરામ બપોરના ૦૧-૦૫ થી ૦૧-૩૫)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# નિયમ ૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ

**એસ.ટી. તંત્ર દ્વારા બીજા પ્રસંગોમાં બસો ફાળવવાને બદલે પ્રજાને મુસાફરી માટે પૂરતી બસો ફાળવવા બાબત**

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો પ્રસ્તાવ રજૂ કરું છું.

"ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા જનતાની સગવડ માટે બસો મૂકવામાં આવે છે. ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમને રાજય સરકાર દ્વારા દર વર્ષે બજેટમાંથી નાણાં ફાળવવામાં આવે છે. આ નાણાં સામાન્ય જનતા પાસેથી ઉઘરાવેલા કરવેરા દ્વારા ઊભા કરાયેલ નાણાંમાંથી ફાળવવામાં આવતા હોય છે. એસ.ટી. તંત્ર તરફથી જનતાની સગવડ માટે પૂરતી બસો ફાળવવાના બદલે ઊલટું અવારનવાર યોજાતા લગ્ન પ્રસંગો, જુદા જુદા ધાર્મિક પ્રસંગો કે સરકારી કાર્યક્રમો માટે નિયમિત રૂટ પર દોડતી બસ સેવાઓને અચાનક રદ કરી ફાળવવામાં આવે છે અને તેના કારણે અનેક દિવસો સુધી આમ જનતા, વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને પારાવાર હેરાનગતિ ભોગવવી પડે છે. આના પરિણામ સ્વરૂપે લોકો લાચારીવશ ખાનગી જીપો અને ખાનગી બસો તરફ વળે છે અને આ ખાનગી ઑપરેટરો લોકોની મજબૂરીનો ગેરલાભ ઉઠાવી પ્રજા પાસેથી ઊંચા ભાડા વસૂલ કરી, નિયમ વિરૂદ્ધ મુસાફરો ભરીને મોટા પાયે પ્રજાના ભોગે નાણાકીય લાભ મેળવે છે એસ.ટી. તંત્રની બિનકાર્યક્ષમતાને લીધે આવા ખાનગી વાહન ચાલકોને આર્થિક લાભ થાય અને આમ જનતા હેરાન થાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ હોય તેવી પ્રજામાં છાપ ઊપસી રહી છે. અમદાવાદ -ગાંધીનગર વચ્ચે દોડતી શહેરી બસ સેવાનું માળખું આવા કારણોસર તૂટતું જાય છે. એસ.ટી. તંત્ર પૂરતી બસ સેવાઓ આપવાને બદલે તેમાં વારંવાર કાપ મૂકીને આમ જનતાને બાનમાં લે છે. તો તે માટે જવાબદાર અધિકારીઓ સામે સખ્તાઈથી પગલાં લેવા તેમજ આમ જનતાને કોઈપણ કાપ વિના એસ.ટી. બસોની સેવા સમયસર અને નિયમિત મળી રહે તેવું કાર્યક્ષમ/ અસરકારક વ્યવસ્થા તંત્ર ગોઠવવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે પ્રસ્તાવ લઈને આવ્યો છું એ આમ ગુજરાતની જનતાને ખાસ કરીને ૧૮ હજાર ગામડાંને લગતો પ્રશ્ન છે ત્યારે બસોની જરૂર હર હંમેશા ગરીબ, મધ્યમવર્ગ અને ખેડૂતોને હોય છે. ગામડાંની અંદર દરરોજ રેગ્યુલર રૂટમાં બસ મૂકવામાં આવતી હોય છે તેથી ગામડાંના ગરીબ માણસો એ પ્રમાણે પોતાનો કાર્યક્રમ નક્કી કરતો હોય છે કે આટલા વાગ્યે બસ આવશે અને આટલા વાગ્યે પહોંચાડશે. પણ બસની રાહ જોયા પછી બસ જ્યારે આવતી નથી ત્યારે દુ:ખ સાથે એને પ્રાઇવેટ વાહન મારફતે જવું પડે છે. સરકારી કાર્યક્રમો હોય, લગ્ન ગાળો હોય કે ધાર્મિક મહોત્સવ હોય તેવા સમયે આ બસો રૂટમાંથી ખસેડી દેવામાં આવે છે. એના લીધે ગામડાંના ગરીબ વર્ગને, મધ્યમવર્ગને, વિદ્યાર્થીઓને તથા નોકરિયાતોને ખૂબ સહન કરવું પડે છે.

ગુજરાતની અંદર ખાસ કરીને અમદાવાદ-ગાંધીનગર શહેરની વાત કરું તો આ બંને શહેરો વચ્ચે કર્મચારીઓને નોકરીના સ્થળે આવવા માટે પૉઈન્ટની બસો મૂકવામાં આવે છે. પ્રસંગોપાત ઘણી વખત આવી પૉઈન્ટની બસો પણ ખસેડી દેવામાં આવતી હોવાથી સરકારી કર્મચારીઓને ખૂબ મોટું નુકસાન ભોગવવું પડતું હોય છે. ગુજરાતમાં પહેલાં અમદાવાદ-ગાંધીનગર વચ્ચે આગવી ઓળખરૂપે ડબલ ડેકર બસ ચાલતી હતી. આપણે મુંબઈ જઈએ તો ત્યાં ડબલ ડેકર બસમાં બેસીએ છીએ. અમદાવાદ ગાંધીનગરની પૉઈન્ટની બસોમાં ડબલડેકર બસો હતી એ આજની તારીખમાં કંઈક અદ્રશ્ય થઈ ગઈ છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ગુજરાતમાં ડબલડેકર બસો અમદાવાદ ગાંધીનગર વચ્ચે ફરી પાછી ચાલુ થાય અને અમદાવાદમાં જે બસો રૂટમાંથી ખેંચી લેવામાં આવે છે તે બસો રૂટમાંથી ખેંચવામાં ન આવે તે હું મારા નિવેદન દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના માટે મારે એટલી વાત કરવી છે કે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં આપણે જોઈએ તો આપણે આગળનો વિચાર કરીએ તો ૧૯૯૫ પહેલાં ગુજરાતમાં એસ.ટી. નિગમ પાસે કેટલી બસો હતી અને બસોની શું સ્થિતિ હતી, અત્યારે ખરા અર્થમાં છેલ્લા પાંચ વર્ષમાં આ નિગમ દ્વારા કેટલી બસોની ખરીદી કરવામાં આવી તેના માટે પણ મારે વાત કરવી છે કે અત્યારે ગુજરાતમાં ૭,૬૦૦ એસ.ટી. બસો છે. આ બસો દ્વારા ૧૫,૦૦૮ રૂટમાં બસો દરેક ગામડાંમાં માણસોની મુસાફરી માટે અવર-જવર કરે છે. આવી ૪૨૦૦૦ ટ્રીપ છે. આ બસો ૪૨,૦૦૦ ટ્રીપ કરીને ગામડાંના લોકોને શહેરમાં લાવવા લઈ જવા માટેની સુવિધા એસ.ટી. દ્વારા ઉપલબ્ધ

કરવામાં આવે છે. રોજની ગુજરાતની એસ.ટી. નિગમની બસો ૨૮ લાખ કિલોમીટર રોજનું રનીંગ કરે છે. ખાસ કરીને મારે એ વાત કરવી છે કે આ બસોના કારણે ગામડાંમાં ભણતરનો ક્રેઝ વધ્યો છે. તેના કારણે ગામડાંના દીકરા દીકરીઓ શહેરમાં ભણવા આવતા હોય કાલેજોમાં, તેના કારણે કન્યાઓને મફત પાસના કારણે ગામડાંની સામાન્ય ગરીબ ઘરની દીકરી હોય તેને શહેરમાં ભણવા જવું હોય તો એસ.ટી. નિગમ દ્વારા અને રાજય સરકાર દ્વારા ફ્રી ઑફ પાસની યોજના કરી છે. તેના કારણે ગામડાંના ગરીબ ઘરના દીકરા-દીકરીઓ શહેર સુધી ભણવા જઈ શકે છે અને ઉચ્ચ અભ્યાસ માટે આગળ વધવા માટે એસ.ટી. નિગમ દ્વારા અને રાજય સરકાર દ્વારા સુવિધા પ્રાપ્ત થાય છે. તે ગામડાંના લોકોને આશીર્વાદરૂપ છે. બીજી મારે વાત કરવી છે કે કોઈને અત્યારે અઠવાડિક પાસ જોઈતો હોય, માસિક પાસ જોઈતો હોય કે રીટર્ન ટિકિટ જોઈતી હોય તેમાં કન્સેશન આપીને એસ.ટી. દ્વારા ઘણી સુવિધા ઉભી કરવામાં આવી છે. અત્યારે મારે એ કહેવું છે કે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૪૭૦૦ નવી એસ.ટી. ખરીદવામાં આવી. અત્યારે ૧૭૬૦ નવી બસો ખરીદવાની પ્રક્રિયા ચાલુ છે. અત્યારે ગોંડલથી રાજસ્થાન બસ શરૂ થઈ, એમ.પી.ની સ્લીપર કોચ. આપણને એમ થાય કે પ્રાઈવેટ લકઝરી બસો ચાલે છે તેના કરતાં સારી સુવિધા ઉપલબ્ધ, તેમાં ટેલિફોનની સુવિધા હોય, તમામ સુવિધા હોય. એ.સી. કોચ હોય અને છ ફૂટ લાંબી તેની સ્લીપર કોચની સીટો છે. તો આવી ગુજરાત રાજયની જે એસ.ટી. નિગમની બસો છે તેના કારણે ગામડાંમાં સારામાં સારી સુવિધા ઉપલબ્ધ થઈ છે. મારે એ વાત કરવી છે કે રાજયની ૯૯ ટકા વસતિને આ એસ.ટી. નિગમ દ્વારા મુસાફરી માટે એસ.ટી. પૂરી પાડવાનું કામ આ એસ.ટી. નિગમ કરી રહ્યું છે. ખાસ કરીને મારે એ વાત કરવી છે કે ગામડાંમાં વાહનો છે. ૯૮ ટકા ગામડાંના એસ.ટી.ના રૂટ હાલમાં ચાલુ છે. ૯૮ ટકા ગામડાંના એસ.ટી.ની સુવિધા ઉપલબ્ધ છે. ખાસ કરીને એસ.ટી. નિગમ દ્વારા ગામડાંની અંદરથી વધુ લોકોને સુખ-સુવિધા ઉપલબ્ધ થાય તેના કારણે ગામડાંમાંથી શહેરમાં પહેલાંના જમાનામાં મારું ગામ નીચીમાંડલ મોરબી તાલુકાનું છે. સવારથી સાંજ સુધીમાં એક એસ.ટી. બસ મોરબી જવા માટે અમને મળતી અને એક બસ મોરબીથી અમારે ગામ આવવા માટે મળતી. અત્યારે દરેક ગામડાંમાં દિવસમાં ત્રણ-અચાર વખત શહેરમાં જવાબી બસ મળે, ત્રણ-ચાર વખત શહેરમાંથી પાછા આવવાની બસ મળે. આના કારણે ગામડાંને આટલી સુવિધા સારામાં સારી ઉપલબ્ધ છે. પહેલાં એસ.ટી.માં જે લગેજ હતું એ ૧૫ કિલો એલાઉડ હતું. તેના બદલે નિગમે ૨૫ કિલો લગેજ એલાઉડ કરીને હટાણું કરવા આવ્યા હોય તેને ૨૫ કિલો સુધીનો સામાન ભેગો હોય તેનું લગેજ ન લેવું પડે. તેની એક સુવિધા ઉપલબ્ધ થઈ. પહેલાં એસ.ટી.ની ત્રણ વર્ષના બાળક માટે અડધી ટિકિટ હતી. અત્યારે પાંચ વર્ષના બાળક સુધીની અડધી ટિકિટ કરી છે. પાંચ વર્ષના બાળક સુધી ફ્રી ઑફ મુસાફરી થઈ શકે છે. આજે એક સુવિધા ઊભી થઈ છે કે, હાથ ઊંચો કરો એટલે એસટી ઊભી રહે છે. ગમે ત્યાં રોડ ઉપર જતા હોય તો હાથ ઊંચો કરો એટલે એસટીવાળા ઊભી રાખે છે. ડ્રાઇવરો અને કંડકટરો પણ એમ માને છે કે, લોકોને સુવિધા મળે અને એસટી નિગમને આવક થાય. એના કારણે એસટીની આવકમાં પણ જબરજસ્ત વધારો થયો છે અને એટલે એસટી નિગમે જે સુવિધા ઉપલબ્ધ કરાવી છે એ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા નંબરની અંદર ગુજરાત જ્યારે પૅટ્રોલિયમ રાજય બનવા જઈ રહ્યું છે અને સીએનજી ગેસની સુવિધા ઉપલબ્ધ થવાના કારણે રાજયને ઘણો ફાયદો થયો છે. આજે ગુજરાતમાં ૧૪૬૦ સીએનજી બસો ચાલે છે અને ખાસકરીને ગુજરાતનું જે પોલીસ દળ છે એને નુકસાન થતું અટક્યું છે. એના કારણે વધારેમાં વધારે સીએનજી બસો ચાલુ કરવા માટે આ નિગમ અને રાજય સરકારનો અભિગમ છે. આજે આ પ્રસ્તાવ લઈને માનનીય સભ્યશ્રી આવ્યા છે એની અંદર વાત કરું છું કે, વિદ્યાર્થીઓને અસુવિધા છે, લોકોને અસુવિધા છે. ખરા અર્થમાં અત્યારે લોકોને સુવિધા મળી રહી છે. પ્રાઇવેટ વાહનોની અંદર એસટી બસ કરતાં ડબલ ભાડા હોય છે. એટલે વધારેમાં વધારે લોકોને સુવિધા ઊભી કરવા માટે આ નિગમ સારામાં સારી કામગીરી કરે છે અને ભવિષ્યમાં આનાથી વધારે સીએનજી બસો દોડતી થાય અને પોલીસ દળનો પ્રશ્ન આખા દેશને અને ગુજરાતને સતાવી રહ્યો છે એમાંથી ગુજરાત રાજય મુક્ત બને. એના માટે પ્રયત્ન કરે છે. અત્યારે ૧૪૦૦ જેટલી સીએનજી બસો ચાલે છે અને ભવિષ્યમાં એ વધવાની છે અને ખાસ કરીને આજે આ નિગમ દ્વારા એક્સપ્રૅસ હોય તો ૩૦ કિ.મી. સુધી લોકલ ભાડામાં લઈ જાય છે. અમદાવાદથી રાજકોટ કે મોરબી જતા હોય, એક્સપ્રૅસ બસ હોય તો ૩૦ કિ.મી. સુધી લોકલના ભાડામાં લઈ જવાનો આ નિગમે નિર્ણય કર્યો છે. એ ખરા અર્થમાં આ એસટી નિગમ સારામાં સારો વહીવટ કરી રહ્યું છે. સારામાં સારી એસટી ઉપલબ્ધ કરાવી રહ્યું છે. ત્યારે ખાસ કરીને આ પ્રસ્તાવ લઈને માનનીય સભ્યશ્રી આવ્યા છે એમાં હું સંમત થઈ શકતો નથી.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિદ્વાન ધારાસભ્યશ્રી જે વિગત લઈને આવ્યા છે અને એ વિગત પછી જે રીતે એસટી તંત્રની વાત થઈ. સ્ટેટ ટ્રાન્સપૉર્ટ કૉર્પોરેશન એ વાહન વ્યવહાર માટે, ખાસ કરીને ગામડાનો જે મધ્યમવર્ગ છે, ગરીબ વર્ગ છે, વિદ્યાર્થીઓ છે અને જે ગ્રામીણ વિસ્તારના નાના કારીગરો છે અને વેપારીઓ છે એના માટે આ એક અનિવાર્ય અને જરૂરી સેવાઓ છે. એક સમય હતો. જ્યારે ગુજરાતનો બસ વ્યવહાર કહેવાય, એ એસટી તંત્ર દ્વારા સુંદર રીતે મેનેજ કરવામાં આવતો હતો. બીજા રાજયો એનો ધડો લઈને આ ગુજરાત રાજયમાં જોવા માટે આવતા હતા. ગુજરાત એસટીનો ભવ્ય ભૂતકાળ હતો અને સેવાના ક્ષેત્રમાં કહેવાય, સર્વીસ સૅક્ટર કહેવાય એમાં એસટીનો ઈમ્પોર્ટન્ટ રોલ હતો. એના કારણે સંખ્યાબંધ

લોકોને, ૧૮૦૦૦ ગામડામાં લોકોને રાહત હતી, એક વિશ્વાસ હતો. એ વખતે પરિસ્થિતિ એવી હતી કે, ખાનગી વાહનોની સંખ્યા ખૂબ ઓછી હતી. આજે ખાનગી વાહનો આટલા બધા વધી ગયા પછી પણ એનું ભારણ એસટી ઉપર ઘટવું જોઈએ એના બદલે જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે એ પરિસ્થિતિ ચિંતાજનક છે અને મને લાગે છે કે જે પબ્લિક સર્વીસ સૅક્ટર કહેવાય એ રેલવે સર્વીસ અને ટેલીકોમ સેવા પણ પબ્લિક સર્વીસ સૅક્ટરમાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે હવાઈ જહાજની સેવાઓ છે એ પણ પબ્લિક સર્વિસ સેકટરમાં આવે છે પણ એ કરતા પણ એસ.ટી.ની સેવાઓ એ બધા કરતા પણ વધુ ઉપયોગી છે, મહત્વની છે. અને આ ક્ષેત્રમાં અત્યારે જે સ્થિતિનું નિર્માણ થયું છે એ માત્ર બહુ ચિંતાજનક રીતે નિર્માણ થયું છે. મારા વિદ્વાન મિત્ર મોહનભાઈ જ્યારે વાત કરતા હતા ત્યારે હું શાંતિથી સાંભળતો હતો, અત્યારે એસ.ટી. ૧૬ વિભાગીય ડિવીઝનલ કંટ્રોલરની વિભાગીય કચેરીઓમાં જેનું સંચાલન કરવામાં આવે છે, ૧૩૯ ગુજરાતમાં ડેપો છે પણ જણાવતા દુ:ખ થાય છે કે આ જે પાંચ વિભાગીય કચેરીઓ બંધ કરવાનો આ ઠરાવ કરી દીધો, ૫ ડીવીઝન બંધ કરવાનો ઠરાવ કર્યો અને ૨૭ ડેપો બંધ કરવાનો ઠરાવ ઓલરેડી કરી દીધો, વાત મોટી મોટી કરવામાં આવે છે. વાત નંબર-૧ ની કરવામાં આવે છે, વાત પ્રજાની અસ્મિતાની કરવામાં આવે છે. વાત સ્વર્ણિમ ગુજરાતની કરવામાં આવે છે. વાત ૫૦ વર્ષની સિધ્ધિઓની કરવામાં આવે છે. એસ.ટી. સેવાઓ તમે જોવો તો ગામડાની અંદર સંખ્યાબંધ ગામોમાં જે પરિસ્થિતિ છે, એ ગ્રાસરુટ લેવલ ઉપર જઈને કોઈ અભ્યાસ કરાવે તો ખબર પડે કે ત્યાં શું પરિસ્થિતિ છે. આજે એસ.ટી.ની આવક એક મહીનાની ૧૦૫ કરોડ રૂપિયા છે એની સામે ૧૩૨ કરોડનો ખર્ચ છે. એક મહીનામાં એસ.ટી. સાડા સત્યાવીસ કરોડનો લોસ કરે છે અને એટલા માટે ૨ હજાર કરોડનું દેવું આજે એસ.ટી. તંત્ર ઉપર છે એ આપણી સિદ્ધિ છે અને એટલે જ મોહનભાઈએ વાત કરી ૧૯૯૫માં જ્યારે આપણે વહીવટ લીધેલો, મોહનભાઈ, ત્યારે ૧૦હજાર વાહનો આપણી પાસે વારસામાં મળેલા હતા અને એ પ્રમાણે આજે જો જોવા જઈએ તો ૬૮૦૦ વાહનો આજે રહેલા છે. વાહનો ઘટી ગયા અને દર વર્ષેના બજેટમાં પ્રોવિઝન કરે છે કે એસ.ટી.ની બસો ખરીદવા અમે પૈસા આપીએ છીએ, હજી તો ૨ વર્ષ પહેલા જે પૈસા આપેલા એ વાહનો એસ.ટી. પાસે નથી આવ્યા, ૨૦૦૮-૦૯ના વાહનો હજી પૂરા નથી થઈ રહ્યા. મારી રૅકૉર્ડ ઉપર ચેલેન્જ છે અને ૨૦૦૯-૧૦ના વાહનો જે આપણે ૧૨ મહીનામાં ખરીદવાના હતા એ પૈકી એક પણ એસ.ટી. બસ એસ.ટી. તંત્ર પાસે આવેલ નથી એટલે આજે જે પરિસ્થિતિ ઉભી થઈ છે એ પરિસ્થિતિ કેમ ઉભી થઈ છે? આપણી નિયતના કારણે ઉભી થઈ છે. કોઈ એની અંદર ધ્યેય નથી કે એને ચલાવીએ, આપણે એને ખાનગીકરણ કરવા માટેનું નક્કી કરી રહ્યા છીએ. ખાનગીકરણ આપણા મનમાં એક ખ્યાલ છે કે ખાનગીકરણ કરવું અને એટલા માટે આ બોર્ડ જે એક વખતે ભવ્ય કહેવાતુ હતું એ બોર્ડ આજે મરવાના આરે આવીને ઉભેલું છે. વિદ્યાર્થીથી બસો, નાઈટ બસો લઈ લેવામાં આવે છે. વિદ્યાર્થી બસોની આજે સંખ્યાબંધ ટ્રીપો રદ કરવામાં આવે છે એનું કારણ શું છે? કારણ એવું છે કે મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમો ૧૨મહીના દરમિયાન જે ચાલે એના ઉપર જ એસ.ટી.ની સેવાઓની વિપરીત અસરો થાય છે. બસો ખેંચવામાં આવે છે, ભીડ ભેગી કરવામાં આવે છે, એના કારણે શીડયુઅલ જે કહેવાય છે, ૪૨હજારની વાત કરે છે એ માત્ર રૅકૉર્ડ ઉપર છે. એ બધા શીડયુઅલ રદ થાય છે એ કયાંથી થાય છે? એ વિદ્યાર્થી ટ્રીપમાંથી થાય છે. નાઈટ ટ્રીપોમાંથી થાય છે એટલા માટે ગામડાઓમાં નિયમિત રીતે કેન્સલેશન છે, રેકર્ડ ઉપર સમયપત્રક બોલે કે ૧૦કલાકે આ ગામમાં બસ જશે પણ એ ૧૦ કલાક નિયમિત રીતે ન જાય એવા સંખ્યાબંધ કેન્સલેશનના ગામો છે એનો રેશીયો તો જોવો, ઓપરેટ કેટલી કરવામાં આવે છે? કેન્સલેશન સામે કેટલું છે, એનું રૂપાળું કંટ્રોલ રૂમનું નામ આપવામાં આવે છે.

આજ રીતે આશ્રિતોને નોકરી નથી મળતી, કેટલા બધા આશ્રિતો નોકરી મેળવવાપાત્ર છે તે લોકોને નોકરી મળતી નથી. તેટલું જ નહીં સ્ટાફ નથી મળતો, ડીવીઝનમાં સ્ટાફ નથી, ડેપોમાં સ્ટાફ નથી એના ઉપર ડીઝલની એવરેજ કયાંથી મળે? કારણ કે જે બસો સ્ક્રેપ કરવાની એ, જે બસો હટાવવાની છે, વહીવટમાંથી તે બસો પણ એ લોકો વાહન વહેવાર વિભાગને સૂચના આપે, આર.ટી.ઓ. એને પાસીંગ કરી દે છે, મુસાફરોની જિન્દગીની સલામતી નથી, જ્યાં તમે નોડાઉટ હાઈવે ઉપર બસો દોડાવો છે, હાઈવે ઉપર બસો ચાલે છે પણ ગ્રામ્ય વિસ્તાર જેને કહેવાય, ગ્રામીણ વિસ્તાર જેને કહેવાય, ૧૮હજાર ગામડાના ઈન્ટીરીયર વિસ્તાર જેને કહેવાય, સરકાર જેને ગાઈ વગાડીને વાત કરે છે એ વિસ્તારમાં બસોની ખૂબ ખરાબ પરિસ્થિતિ છે.એટલું જ નહીં લોકો એના ઉપર વિશ્વાસ મૂકી શકે એમ નથી. પરીક્ષા હોય તો પ્રાઈવેટ વાહન કરવું પડે. એસ.ટી. તંત્રને સુધારવા માટે જેમ સરકારે બીજા ક્ષેત્રમાં પગલાં લેવાની શરૂઆત કરી છે એમ આમાં પણ પગલા લઈને કાર્યવાહી કરવી જોઈએ. આ તો સર્વિસ સૅકટર છે. રેલવે એમ કહે કે મને નફો મળતો નથી, હું નહીં ચલાવું, ટેલિફોન ખાતું કહે કે મને પૂરતા પૈસા નથી મળતા એટલે હું સેવા બંધ કરી દઉં, હવાઈ જહાજ વાળા એમ કહે કે અમે બંધ કરીએ તો કેમ ચાલે? સરકારે એમાં વ્યાપક પગલા લેવા જોઈએ અને વ્યાપક પગલા લઈને આટલું મોટું બોર્ડ હોય, નિગમ હોય અને ખૂબ જ વિશાળ સર્વિસ સૅકટર હોય ત્યારે એના ઉપર પગલાં લેવા જોઈએ એવી મારી માગણી છે. હું માનું છું કે મંત્રીશ્રી એને ગંભીરતાથી લેશે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા (ધારી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સભ્ય શ્રી શૈલેષભાઈ પરમાર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર ધારી-બગસરા ૧૦૦ ટકા ગ્રામીણ વિસ્તાર છે. આ ગામડાના લોકો નાનું મોટું કામ જેવું કે, રોજીંદી જીવન જરૂરિયાતની ચીજવસ્તુની ખરીદી માટે તેમજ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે, આરોગ્યલક્ષી સારવાર માટે, સામાજિક વહેવારો માટે અવાર નવાર ગામડેથી તાલુકા કક્ષાએ આવવા-જવાનું થતું હોય એમાં ૧૦૦ ટકા એસ.ટી. બસનો ઉપયોગ કરે છે. આ ગામડાના લોકોનું જીવન એસ.ટી. સાથે જોડાઈ ગયેલ છે અને એક મહત્ત્વનું અંગ બની ગયેલ છે. એસ.ટી. તંત્ર સામાજિક સેવામાં ખૂબ જ અગ્રેસર છે. રાજ્યના લોકોને રાહત દરે મુસાફરીની સુવિધા પૂરી પાડવા માટેના પૂરા પ્રયત્નો કરે છે જેની જાણકારી આપતાં હું ખૂબ જ આનંદની લાગણી વ્યક્ત કરું છું. એસ.ટી. તંત્ર ગામડાઓમાં ૯૮ ટકા વાહન-વ્યવહારની સુવિધા પૂરી પાડે છે. રાજ્યના કુલ વિદ્યાર્થીઓના ૮૨ ટકામાંથી ગ્રામીણ વિદ્યાર્થીઓ ૧૦૦ ટકા રહેણાંકથી સ્કૂલ કૉલેજ જવા માટે તેમજ અંધજનો, કૅન્સરના દર્દીઓ હોય કે સ્વાતંત્ર્ય સેનાની હોય, તેઓના વિધવા પત્ની હોય, તેઓના સહાયક હોય કે ખોડ-ખાપણવાળા વ્યક્તિ હોય અને એમના સહાયક હોય એમને પણ જે સારવાર અર્થે જતા હોય એમને બસ ભાડામાં રાહત આપીને એક સામાજિક જવાબદારી અદા કરે છે. એસ.ટી. તંત્ર દ્વારા મુસાફરી માટે લોકો ૫૦ ટકા ભાડેથી મુસાફરીનો લાભ મેળવે છે. પહેલા ભૂતકાળ યાદ કરીએ તો ત્રણ વર્ષના બાળક માટે અડધી ટિકિટ લેવી પડતી હતી. અત્યારે ૫ વર્ષની મર્યાદા વધારેલ છે. એવી જ રીતે લગેજમાં મુસાફર દીઠ ૧૫ કિલો લગેજ હતું એમાં ૨૫ કિલો લગેજની મર્યાદા કરેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં જે ઝીરો કિલોમિટરથી પહેલા એક્સપ્રેસનું ભાડું લેવામાં આવતું હતું અને હવે ૩૦ કિલોમિટરની મર્યાદામાં લોકલ ભાડેથી આ એસ.ટી. સેવા આપી રહી છે. એસ.ટી. બસ સેવામાં ૧૫ વર્ષ પહેલાના દિવસો યાદ આવે છે. એ દિવસો યાદ કરતાં મુસાફરી કરેલ છે એટલે ખ્યાલ છે કે કોઈ નિયમિતતા ક્યારેય ન હતી. ખખડધજ બસો હતી. ઈકબાલભાઈએ હમણાં જ વાત કરી કે કોઈ નવી ખરીદી થઈ નથી. હું ગૌરવ લઉ છું કે તાજેતરમાં જ મારા ધારીમાંથી જે સૂરતનો વહેવાર છે, હીરા ઘસવા સાથેનો વ્યવહાર છે એના માટે હમણાં તાજેતરમાં સ્લિપિંગ કોચ બસ ચાલુ કરી અને સૂરતથી આવવા અને જવા માટે જે સુવિધા ઉપલબ્ધ કરી છે એ બસમાં એસ.ટી.તંત્ર દ્વારા સ્લીપર કોચ જેમાં ૬ ફૂટની લંબાઈવાળી અને પુરતા લેગરૂમની સરળતાવાળી, પુરતા લગેજવાળી અવાજ રહિત જે સુવિધા આપવામાં આવે છે અને આજે મારા વિસ્તારના લોકો સૂરતથી ઓછા ભાડે વ્યવહાર કરી શકે છે અને બસમાં અવરજવર કરી અને પહેલા જે પ્રાઈવેટ બસોમાં જે ઊંચા ભાડા ચૂકવવા પડતા હતા એ આજે ઓછા ભાડે એસ.ટી.માં અવરજવર કરી શકે છે. એસ.ટી. નિગમ દ્વારા બસ સ્ટેશનોના વિકાસ કરવા માટે સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦માં અંદાજે રૂા. ૨૨૭ લાખના ખર્ચે ૧૫૫ બસ સ્ટેશનોના રિપેરીંગ તેમજ કલર કામગીરીનું આયોજન છે. ૮ બસ સ્ટેશનોનું અંદાજે ૩૭ લાખના ખર્ચે નવીન શૌચાલયના આયોજન છે. ૧૯૯ લાખના ખર્ચે આર.સી.સી. ફ્લોરિંગ કામનું પણ આયોજન છે. જો શૈલેષભાઈએ ભૂતકાળને યાદ કર્યો હોત તો આ પ્રસ્તાવને લઈને આવવાની જરૂર ના રહેત અને પ્રસ્તાવમાં હું સંમત થઈ ના શકત.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા (દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના મારા સાથી સભ્ય શૈલેષભાઈ પરમાર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું અને મારાં વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સરકારનું એક સૂત્ર છે અને એ સૂત્રના આધારે મારે આપના માધ્યમથી આ વાત કરવી છે કે દરેક બસની ઉપર **"હાથ ઊંચા કરો અને બસમાં બેસો"** પણ બસ આવે તોને! ગામડામાં તો બસ આવતી નથી અને જે તાલુકા પ્લેસ છે, જિલ્લા પ્લેસ છે અને જે રાષ્ટ્રીય ધોરીમાર્ગો છે તેના ઉપર જતી એકસ્પ્રેસ બસો છે એમાં જ્યારે ભણેલા-ગણેલા છોકરાં જાય ત્યારે એ વાંચે કે ગુજરાતમાં હાથ ઊંચા કરો અને બસમાં બેસો એવી વાત સરકારે કરી છે ત્યારે અમે સ્કુલોમાં ભણવા જઈએ છીએ. પહેલા કોંગ્રેસના જમાનામાં બાળકો ગામડામાં શેરીમાંથી નીકળીને તાલુકા પ્લેસ પર કોઈ ભણવા માટે જાય ત્યારે સ્પેશ્યલ સુવિધા, સ્પેશ્યલ રૂટો આપવામાં આવતા હતા. આજે આ રૂટો છે એ રૂટો સદંતર વિદ્યાર્થીઓના પણ બંધ કર્યા છે અને ગામડાના જે ગરીબ લોકો છે એ લોકોના પણ રૂટો હમણાં મારા ખ્યાલ મુજબ માટાભાગે બંધ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મારા સાથી મિત્ર ઈકબાલભાઈ કહેતા હતા કે અમે ભરૂચમાં એક મિટિંગ બોલાવી હતી આ બાબતમાં, ધારાસભ્યોને બોલાવ્યા હતા ત્યારે અમે પ્રશ્ન કર્યા એમાં કોઈ જવાબ જ નહિ મળ્યો. એની પાસે, એ વિભાગ પાસે બસો નહિ હોય તો એ ગામડામાં કેવી રીતના આપે અને એના કારણે હવે આ સરકારમાં જે ખાનગી વાહનો છે એ ખાનગી વાહનો આ જે લાભ છે અને આવક છે એ લઈ જાય છે. આનું મારે એક ઉદાહરણ આપવું છે મારા વિસ્તારમાં એક યાત્રાધામ છે. દેવમોગરા ત્યાંના ટ્રસ્ટ મારફતે મિટિંગ બોલાવવામાં આવી અને આ તંત્રને પણ જાણ કરવામાં આવી કે ભાઈ ગુજરાતના લોકો આ યાત્રાધામનો લાભ લે એના માટે બસની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે સારું એવી રીતના જાણ કરવામાં આવી. એ જ રીતના મહારાષ્ટ્ર રાજ્યને પણ આની જાણ કરવામાં આવી.

મીટિંગ મળે અને ત્યાર પછી દર વખતે શિવરાત્રીનો મેળો ભરાય ત્યારે આ બસ વિભાગ પોતાની બસો મારફતે લોકોને ત્યાં લઈ જાય અને મૂકી જાય તો માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં આવેલું આ જે યાત્રાધામ છે ત્યાં દર મેળા વખતે મહારાષ્ટ્રનું રાજય પરિવહન છે એ અઢાર લાખથી ઉપર આવક ગુજરાતમાંથી લઈ જાય છે અને ગુજરાતનું અમે પૂછ્યું તો ગુજરાતમાં તો સાત લાખ, છ લાખ જેવી આ પરિવહન આ જગ્યાએથી આવક મેળવે છે. એટલે આ તંત્રને મોટી ખોટ આ આવક જે મળે એ મળતી નથી. દર વખતે આપણા વિસ્તારમાંથી આપણા રાજયની આવક બીજા રાજયો લઈ જાય છે ત્યારે આની જે સુવિધા કરવી જોઈએ એ સુવિધા થઈ શકતી નથી. હું મારી ઑફિસમાં બેસું છું, લોકોના પ્રશ્નો જાણવા માટે અને લોકોના પ્રશ્નો નિકાલ કરવા માટે હું સવારના ૧૧.૦૦ વાગ્યેથી બેસીને, આખો દિવસ આ પ્રશ્નોની ચર્ચા કરું ત્યારે મારો વિસ્તાર ડુંગરાળ વિસ્તાર છે લોકો જીપોમાં બેસીને આવે અને મને ફરિયાદ કરે કે અમરસિંહભાઈ તમે અમને બસની સુવિધા આપો, અમને બસ નથી મળતી. મને ઘણા વિદ્યાર્થીઓ પણ અરજી લખીને આપે માનનીય અધ્યક્ષશ્રી, કે અમારો રૂટ બંધ થઈ ગયો છે, અમે પાંચ વાગે છૂટીને કઈ બસમાં અમારે જવાનું ? એવી જ્યારે રજૂઆત કરે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ બધી બહું મુશ્કેલીઓ પડે છે. ( સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જ મુદ્દાની વાત કરવી છે કે, દરેક સરકાર વનબંધુઓની વાતો કરે છે, ( સમય સૂચક ઘંટડી ) વન બંધુઓના નામે ઘણી બધી બસો ખરીદી છે પણ..

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી શંભુજી.

**શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્નમાનીય સભ્ય શ્રી શૈલેષભાઈ નિયમ ૧૦૧ મુજબ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં શ્રી ઈકબાલભાઈ કહેતા હતા કે, પહેલા આટલી બસો હતી, પરંતુ આ બસો કેવી હતી ? જ્યારે આ બસો રોડો ઉપર જતી હોય તો બસ હાઈ-વે ઉપર પડી હોય અને એનું એક અંગ વર્કશૉપમાં પડ્યું હોય એવી આ બસો પહેલાં હતી. પહેલા આ બસો ડિઝલથી વપરાતી હતી અને અમદાવાદ શહેરમાં દસ વર્ષ પહેલાં આપણે જોઈએ તો સાંજે આપણે જઈ શકતા નહતા એવું પર્યાવરણને બગાડતી હતી. આ બસો આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં માણસની સુખાકારી અને પર્યાવરણને ધ્યાનમાં લઈ નવી નવી બસો ખરીદવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સી.એન.જી. બસો અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે ટ્રીપો શરૂ કરવામાં આવેલ છે ત્યારે જે સુખી અને સાધન સંપન્નવાળા માણસો હોય એ પણ બસમાં બેસવા માટે પ્રેરાય એવી આ આજે બસો ખરીદાય છે. ગાંધીનગર શહેરમાં જ્યારે ૨જી ઑગસ્ટે ગાંધીનગરની સ્થાપના દિવસ હતો ત્યારે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી અને વાહન વ્યવહાર મંત્રીશ્રીએ જ્યારે શહેરી બસ સેવા શરૂ કરવા માટે આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઘ-૫થી આ શહેરી બસો શરૂ કરી. આ શહેરી બસો શરૂ થવાથી અને આ બસોના લીધે આજે ગાંધીનગરથી દસ કિલોમીટરના અંતરે આ બસોની ટ્રીપો શરૂ થયેલ છે ત્યારે મારા ઉપર ગામડે ગામડેથી ફોનો આવે છે કે, સાહેબ અમારા ગામમાં આ બસો શરૂ કરાવો. આવી આ પ્રાયવેટ ભાગીદારીમાં પ્રાયવેટ બસો શરૂ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ સી.એન.જી. બસોના લીધે ગાંધીનગરના પર્યાવરણને પણ સારું એવું પ્રોત્સાહન મળ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બસોના લીધે જ્યારે માણસની સુખાકારીને પણ ધ્યાનમાં લેવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર જે નિગમ છે આ બસો પબ્લિકની સેવા માટે છે, પબ્લિકની સેવા માટે આ નિગમ ખોટ ખાઈને પણ આવી ટ્રીપો ચાલુ રાખે છે. માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે નવી બસો ખરીદવા માટે આ બજૅટમાં જોગવાઈ કરવામાં આવે છે. આ વખતના બજૅટમાં પણ ૨૦૦૦ જેટલી નવી બસો ખરીદવાનું બજૅટમાં આયોજન કરવામાં આવેલું છે.**માનનીય અધ્યક્ષશ્રી, ૨૧ જેટલા બસ સ્ટેશન છે એને અપગ્રેડ કરવા માટે પણ સરકારશ્રીનું આયોજન છે. સાત જેટલા બસ સ્ટેશનની કામગીરી શરૂ થઈ ગઈ છે. આ નિગમની કામગીરી રાષ્ટ્રીય કક્ષાએ પણ ઉત્તમ સાબિત થઈ છે અને રાષ્ટ્રીય કક્ષાએ ત્રણ જેટલા એવોર્ડ મેળવેલા છે. તા.૨૬-૧૧-૦૯ના રોજ ૨૦૦૭-૦૮ માટે ડિઝલ બચતક્ષેત્રે નિગમે કરેલી કામગીરી માટે રાષ્ટ્રીય કક્ષાએ એ.એફ.આર.ટી.યુ. દ્વારા નીચે મુજબના એવોર્ડ પ્રાપ્ત થયા છે. શહેરી બસ સર્વીસ ડિઝલ બચતક્ષેત્રે ડિઝલના લીટરદીઠ કિલોમીટરના પરિણામોમાં મહત્તમ સુધારો મેળવવા માટે પ્રથમ પુરસ્કાર મળેલ છે. ગ્રામ્ય સર્વીસમાં ડિઝલ બચતક્ષેત્રે ડિઝલના લીટરદીઠ એક કિલોમીટરના ઉચ્ચક પરિણામોમાં એવોર્ડ મળેલ છે. શહેરી વિકાસ સર્વીસમાં ડિઝલ બચતક્ષેત્રે મીટરદીઠ કિલોમીટરના પરિણામમાં મહત્તમ સુધારો મેળવેલ છે. વિદ્યાર્થીઓને તકલીફ ન પડે એ માટે નવી ૧૨૦૦ ટ્રીપ શરૂ કરવાનું પણ સરકારશ્રીનું આયોજન છે પરંતુ સરકાર જયારે વાહન વ્યવહાર માટે આટલી ચિંતા કરતી હોય અને પ્રજા માટે વાહનવ્યવહારની સુખાકારી આપવા માટે ધ્યાનમાં લે છે ત્યારે આજે શૈલેષભાઈ નિયમ-૧૦૧ મુજબ પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું સમર્થન આપી શકતો નથી અને સરકારે જે આયોજન કર્યું છે એના માટે હું સરકારને અભિનંદન આપું છું.**

શ્રી ભરતભાઈ ખો. બોઘરા (જસદણ) **: માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. મારે ગુજરાતના એસ.ટી. નિગમ વિશે**

**થોડી વાતો કહેવી છે. આજથી ૧૫ વર્ષ પહેલા અમારા ગામડાંમાં એસ.ટી. બસ ચાલે થોડી અને ગાજે ઝાઝી. ૧૫ વર્ષ પહેલા આ પરિસ્થિતિ હતી એ બસમાં હોર્ન સિવાય બધું વાગે જરૂર પડે ત્યારે હોર્ન ન વાગે એવી પરિસ્થિતિમાં બસ હતી ત્યારે મારે સન્માનનીય ગૃહને કહેવું છે કે હું ગામડાંનાં ખેડૂત પરિવારમાં જન્મ્યો છું એટલે અવારનવાર એસ.ટી. બસનો મેં લાભ લીધો છે. ઘણા બધા સભ્યો એસ.ટી. બસમાં બેઠા ન હોય એટલે એમને ખબર ન હોય કે ભૂતકાળમાં કેવી બસો હતી. આજે ખાનગી લકઝરી બસોને પણ ઝાંખપ લાગે એવી સી.એન.જી. બસો સરકારે મૂકી છે. સ્લીપીંગ કોચ બસ લાંબા રૂટમાં છે એ એક એસ.ટી. ની આગવી સુઝ છે. એમના પ્રસ્તાવમાં લખ્યું છે કે લગ્ન પ્રસંગ માટે અવારનવાર એસ.ટી. બસ વાપરવામાં આવે છે. મારે આ ગૃહમાં કહેવું છે કે રિલાયન્સ પરિવારના દિકરાના લગ્ન હોય ત્યારે એસ.ટી. નથી બાંધતા. ગામડાંના ગરીબ ખેડૂતના છોકરાના લગ્ન હોય, આ કાળઝાળ મોંઘવારીમાં લકઝરી બસ પોસાય તેમ ન હોય અને એમાં પણ એસ.ટી. બસ વાપરે એટલા માટે કે એમનો હકક છે. ગુજરાતની પ્રજાની મૂડી છે. ગરીબ માણસના લગ્ન પ્રસંગમાં એસ.ટી. બસ બાંધે તો એમાં પણ વિરોધ પક્ષના મિત્રોને તકલીફ હોય તો એની કોઈ દવા નથી. કરોડપતિ માણસ એસ.ટી. બસ નથી બાંધતો. કયાંય પહોંચાતું ન હોય અમારા સૌરાષ્ટ્રમાં દિકરી-દિકરાની સગાઈ પણ થતી નથી એવા સંજોગોમાં વેવાઈને સારું લગાડવા માટે લગ્ન માટે એસ.ટી. બસ બાંધે. કારણકે એને લકઝરી પોસાતી નથી. એસ.ટી. બસ વ્યાજબી ભાડે બાંધે એમાં પણ તકલીફ હોય એ દુ:ખદ ઘટના છે. ગરીબ માણસ એસ.ટી. બસ લગ્નમાં લઈ જાય છે. સરકારી કાર્યક્રમમાં એસ.ટી. બસ વાપરે છે. મારે સ્પષ્ટ કહેવું છે કે આ રાજયના લાખો ગરીબ લોકો વર્ષોથી પિડાતા હતા. પડતર માગણીઓ હતી એમનો હકક હતો અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા એમને સીધા લાભોની વહેંચણી કરવામાં આવી હોય અને વચેટીયા પ્રથા નાબૂદ થતી હોય. એવા સમયે આ રાજ્યનો છેવાડાનો ગરીબ માણસ એસ.ટી.માં બેસે, રાજ્ય સરકારના સમારંભમાં જતા હોય ત્યારે એનો મીડિયામાં અપપ્રચાર કરી એસ.ટી.નો દુરુપયોગ એવી બધી વાતો કરવામાં આવે છે. ત્યારે મારે કહેવું છે કે આ ગરીબ માણસ પાસે મારુતિ કાર નથી તો એ મુખ્યમંત્રી પાસે કારમાં બેસીને જાય? એમને જવા માટે છેવાડાના ગામડાના ગરીબને જવા માટે એસ.ટી. બસ જ બરાબર હોય છે. એસ.ટી. સિવાય મારે બહું સ્પષ્ટપણે કહેવું છે કે લકઝરી બસવાળા ગંદા, મેલા કપડાં પહેરવા વાળાને બેસવા નથી દેતા. ત્યારે ગરીબ માટે એસ.ટી. નો જ આધારસ્તંભ છે. એવા સમયે રાજ્યના મુખ્યમંત્રી છેવાડાના ગરીબ ગામડામાં જઈને ગરીબ કલ્યાણ મેળા યોજતા હોય એમાં ગામડાના લોકોને લઈ જતા હોય ત્યારે રાજ્યની પ્રોપર્ટી છે. રાજ્યનો પ્રત્યેક નાગરિકને રાજયના દરેક છેવાડાના નાગરિકનો હક્ક છે એ બસમાં બેસવાનો. આ હક્કનો ઉપયોગ થયો હોય. એક જ વાત કહીશ. મારા જશદણ મત વિસ્તારમાં જસદણનું બસસ્ટેન્ડ હતું. ચોમાસામાં અમારે દેશી ભાષામાં કહીએ પાયઝા ચડાવીને અંદર જવું પડે અને એમાં મુસાફરના બુટ ચંપલ અંદર રહે. એવી કિચ્ચડ જામતી હતી, જ્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આજે આર.સી.સી.ના પ્લૅટફૉર્મ છે. સુંદર મજાના એસ.ટી. ડૅપોનું નિર્માણ થયું છે. અંદર મુસાફરોને બેસવા માટે ગ્રેનાઈટની બેન્સીચો કરી છે. તો આવી સુંદર વ્યવસ્થા રાજય સરકારની હોય ત્યાર માનનીય શૈલેષભાઈ આવો પ્રસ્તાવ લઈને આવ્યા છે કદાચ એમની* (અણસમજણ) હશે અથવા તો કઈ ઓછું વિચાર્યુ હશે તો આ પ્રસ્તાવને હું ક્યારેય સમર્થન આપી શકતો નથી.**

**અધ્યક્ષશ્રી** : અણસમજણ શબ્દ પાછો ખેંચો.

**શ્રી ભરતભાઈ ખો.બોઘરા** : પાછા ખેંચી લઉં છું

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી જે ઠરાવ લાવે છે એ આટલી ગંભીરતાથી.. આવું ન કહેવાય.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : મારો શબ્દ પાછો ખેંચી લઉ છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એસ.ટી. નિગમની અત્યારની જે સ્થિતિ છે એ સુધારવા માટે પ્રસ્તાવ લઈને આવ્યા છે. આમ ચર્ચામાં ઘણા મુદ્દાઓ આવી ગયા છે. એમણે પ્રસ્તાવ બનાવતી વખતે કદાચ એમનું જે કહેવું છે એ બહુ ચોખવટથી કહી ન શક્યા એવું લાગે છે. પ્રસ્તાવ ઉપરથી થોડી factual હકીકત આપી દઉં. અત્યારે એસ.ટી. નિગમની અંદર ૭૬૨૨ બસો, ૬૮૫૦, શિડ્યુલ, ૪૨૦૦૦ ટ્રીપો રોજનું ૨૮ લાખ કિ.મી. આ ગુજરાતના ૯૮ ટકા ગામડાઓને આ એસ.ટી. કવર કરે છે, એટલે એવું કહી શકાય કે લગભગ ૧૦૦ ટકા વિસ્તારોમાં પરિવહન માટેનું ભરોસાપાત્ર સાધન આ એસ.ટી. નિગમ બન્યું છે. શરૂઆતથી જ્યારથી એસ.ટી. નિગમની સ્થાપના થઈ ત્યારથી આ નિગમે અભિગમ રાખ્યો છે કે લોકોને સેવા માટે આ નિગમ શરૂઆતથી કામ કરતું આવ્યું છે. નફો રળવો એ બાયપ્રોડક્ટ હોઈ શકે. ઉદ્દેશની અંદર રાજ્યની ગામડાનો ગરીબ માનવી પ્રવાસ કરી શકે, એના જીવનમાં જરૂરી જગ્યાએ પહોંચવું હોય એ માટે એસ.ટી. માધ્યમ બની રહ્યું છે. એ પરંપરાને ચાલુ રાખી છે અને વધુ દ્રઢ કરી છે. સવા આઠ લાખ વિદ્યાર્થીઓ આ એસ.ટી. ના માધ્યમથી પોતાના ભણતરની કારકિર્દીને આગળ ધપાવી રહ્યા છે. એમને કન્સેસન એસ.ટી. આપે છે, એટલું જ નહિ વિદ્યાર્થીઓને કન્સેસન પહેલા અપાતું હતું, પરંતુ આ રાજ્યની સરકાર નરેન્દ્ર મોદીની સરકારે વિદ્યાર્થિનીઓને સંપૂર્ણ કન્સેશન આપવાની શરૂઆત આ રાજ્ય સરકારે

* ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ સભ્યશ્રી દ્વારા પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

કરી છે. વિનામૂલ્યે પ્રવાસ કરી કન્યા પોતાની કેળવણી મેળવી શકે એ દિશામાં ખરેખર આ ક્રાંતિકારી પગલું છે. (અંતરાય)ના, ના બોલવા દો. મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : મને વાંધો છે, કારણ કે એમાંથી પછી...

**શ્રી અમિત શાહ** : ૩ લાખ નોકરી કરતા નાગરિકો જેમને રોજ અપડાઉન કરવાનું હોય છે, એના માટે પણ રાજ્ય સરકારે સ્કીમ બનાવી છે. એમને પણ પાસ આપવાની વ્યવસ્થા કરી છે. સરકાર દ્વારા યોજવામાં આવતા રમત ગમત સ્પર્ધામાં જે ખેલાડીઓ જાય એને ૫૦ ટકા સહાયથી આ એસ.ટી. નિગમ પ્રવાસની સુવિધા કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, અપંગ, અંધજનોને ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે. કેન્સરના દર્દીઓને ૫૦ ટકા રાહત આપવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓને લઈ જતી વ્યકિતને ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે. સ્વાતંત્ર સેનાની તથા સ્વાતંત્ર સેનાનીની વિધવાને ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે. રાજય પારિતોષિક પ્રાપ્ત થયો હોય તેવા શિક્ષકોને ૨૫ કિલોમીટર સુધી મુસાફરીમાં રાહત આપવામાં આવે છે. યુવાનો રોજગાર કચેરીમાં નોંધાયેલ હોય અને ઈન્ટરવ્યુ સ્થળ પર જવાના હોય તેઓને ઈન્ટરવ્યુ કોલ બતાવવાથી એસ.ટી.માં મફત મુસાફરી કરવા દેવાય છે. દૈનિક એક ને એક રૂટમાં મુસાફરી કરતા મુસાફરોને આગળ કહયું તેમ ૫૦ ટકા રાહત આપવામાં આવે છે. ચાર કે તેથી વધુ ગૃપમાં મુસાફરી કરે તો તેને રાહત આપવામાં આવે છે. રિટર્ન જર્નીવાળાને ૧૦ ટકા રાહત આપવામાં આવે છે. આમ કુલ ૨૬ લાખ ૮૫ હજાર ૫૭૬ લાભાર્થીઓ જુદા જુદા પ્રકારનો લાભ લે છે. તેની પાછળ રાજય સરકાર ૩૦૬ કરોડ રૂપિયાની વાર્ષિક સબસીડી આપે છે. ૩૦૬ કરોડ આના માટે ખર્ચવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષની અંદર ૪૭૦૦ બસો અમે રોડ પર મૂકી છે. આવનારા બીજા બે વર્ષમાં ૨૬૦૦ બસો બીજી મૂકવાના છીએ. દરવર્ષે પાંચ વર્ષ સુધી ૩૦૦ બસો વિદ્યાર્થીઓ માટે જે પ્રાથમિક શિક્ષણ પૂરું કરી માધ્યમિક શિક્ષણ માટે બાજુના ગામમાં જવું પડે તેના માટે નવી લેવાના છીએ. એસ.ટી.ની સગવડો, તેની સિકલ જમાનાની સાથે સાથે બદલવાનો સભાનતાપૂર્વક પ્રયત્ન કર્યો છે. તેનો કલર, બેસવાની વ્યવસ્થા હોય, તેની અંદર મનોરંજનના સાધનો હોય, કોઈએ મોબાઈલ વાપરવો હોય, અંદર એસ.એમ.એસ.થી એસ.ટી.નો સમય જાણવો હોય, બુકીંગ કરવું હોય અને અનેક પ્રકારની સુવિદ્યાઓ સમયની સાથે સાથે અમે સુધારી છે. તેના પરિણામે એસ.ટી. ગમે ત્યાં ઉભી હોય તે એસ.ટી. કયાં પહોંચી છે તે કંટ્રોલ રૂમ જાણી શકે તેવી વ્યવસ્થા અમે ગોઠવી છે. તેના પરિણામે આજે સમયસર એસ.ટી. પહોંચવાની ઘણા વર્ષો પછી શરૂઆત થઈ છે. તેને વધુ દ્રઢ બનાવવા માટે અમારું તંત્ર કૃતનિશ્ચયી છે. થોડા ઘણા ઉલ્લેખો એમણે કર્યા કે બધા તહેવારોમાં, લગ્નોમાં, પછી કહયું સરકારી ઉત્સવોમાં, સરકારી કાર્યક્રમોમાં એસ.ટી. જાય છે અને લોકોને હાલાકી પડે છે. એક નાનકડી વાત પૂછવી છે, આપના માધ્યમથી એક નાનકડી વાત પૂછું છું કે જયારે એસ.ટી. જાય કોઈ ઉત્સવમાં જાય, ભાદરણી પૂનમમાં જાય, ધૂળેટી, દિવાળી, વેકેશનમાં જાય ત્યારે તેની અંદર કોણ બેસે છે? આ એસ.ટી. જાય ત્યારે તેની અંદર કોણ બેસે છે? તેની અંદર ગુજરાતનો ગરીબ નાગરિક બેસે છે. બીજું કોઈ નથી બેસતું. સરકારી કાર્યક્રમોમાં જે એસ.ટી. વપરાય છે તેનું સરકાર સો ટકા પેમેન્ટ કરે છે. જે પરંપરા શરૂઆતથી ચાલી છે તેની અંદર એક રૂપિયો વી.આર.એસ. આપ્યા વગર સરકારે સો ટકા ચુકવણી કરી ગરીબોને ગરીબ કલ્યાણ મેળાની અંદર સરકારી ખર્ચે પહોંચાડયા છે તે કહેતાં જરા સંકોચ નથી. આ સરકાર માને છે કે સરકારની તિજોરીથી ગરીબ માણસને ગરીબ કલ્યાણ મેળામાં પહોંચી વચેટીયાઓને નાબૂદ કરી ગરીબોને લાભ સીધા આપવા તે સરકારની નીતિ છે. તેમાં કોઈ સંકોચની વાત નથી. ગરીબ કલ્યાણ મેળાની અંદર ગરીબોને લાભ આપવા દેવા ટ્રાન્સપોર્ટેશનના પૈસા સરકાર ભોગવતી હોય તે અમારા માટે શરમની વાત નથી પણ અમારા માટે ગૌરવની વાત છે. અમે માનીએ છીએ કે તેને લાભ લેવા માટે તાલુકા સુધી ન જવું પડે અને તાલુકા સુધી જવું પડે તો તેનો ત્યાં પહોંચવાનો ખર્ચ રાજય સરકારે ઉપાડવો જોઈએ. લાભ આપતા હોય અને લાભ લેવા ગરીબો આવતા હોય તો તેનો આવવાનો ખર્ચ રાજય સરકારે ઉઠાવવો જોઈએ તેવી વ્યવસ્થા રાજય સરકારે કરી છે. આ બધા ઉત્સવો, તહેવારો, લગ્ન પ્રસંગો, પાર્ટીઓનો ઉલ્લેખ કર્યો છે તેની અંદર અત્યાર સુધીમાં રાજય સરકારે કામગીરી સંભાળી ત્યારથી વધુમાં વધુ બસો વપરાઈ હોય તો પાંચ ટકા બસો વપરાઈ છે. ૧૦૦ એ પાંચ ટકા બસો વપરાઈ છે. તમારા બધાની માહિતી માટે, સભ્યોની માહિતી માટે આપના થકી કહેવું છે કે આના માટે અમે દસ ટકા બસો અમે અમસ્તા આ કામ માટે રિઝર્વ રાખતા હોઈએ છીએ. તેમાંથી પાંચ ટકા બસો આવા સરકારી કાર્યક્રમો, ઉત્સવો માટે વપરાય છે. તેના થકી રુટ કેન્સલ થવાની કે હાલાકી થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ કોઈ સારો કાર્યક્રમ થતો હોય તેની અંદર રાજકીય નુકચેતી કરવી, રાજકીય આરોપો કરવા, દ્રષ્ટિભ્રમ ઉભો કરવાનો પ્રયત્ન કરે ત્યારે બહું નમ્રતાપૂર્વક કહેવા માગું છું કે એસ.ટી.તંત્ર સંપૂર્ણપણે રાજયની ગરીબ જનતા ખૂબ સારી રીતે પરિવહન કરે તે દિશામાં કામ કરી રહયું છે. આ રાજયની ગરીબ જનતા ખૂબ સારી રીતે પરિવહન કરી શકે એ માટે એ દિશામાં કામ કરી રહયું છે અને ગરીબ કલ્યાણ મેળો પણ એનો એક ભાગ જ છે અને સરકારની, જે અમારી નીતિ છે અને એ નીતિના અમલને અનુરૂપ વસ્તુ છે અને એનો અમલ કરવામાં અમને કોઈ દ્વિધા નથી. આવનારા દિવસોની અંદર સુવર્ણ જયંતી વર્ષમાં બધા જ એસટી સ્ટેન્ડોની પરિસ્થિતિ સુધરે એના માટે પણ બજેટની ફાળવણી કરી છે. બીજી બસો ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં અને જયાં આગળ બાળકોને ભણતરની મુશ્કેલી પડે છે ત્યાં આગળ સ્પેશિયલ દર વર્ષે

૩૦૦-૩૦૦ બસો વધારવાનો અમે નિર્ણય કર્યો છે અને દર વર્ષે જે હજાર-બારસો, છસોનો કાફલો વધારીએ છીએ એની જગ્યાએ પાંચ વર્ષ સળંગ સુવર્ણ જયંતી વર્ષથી બે-બે હજાર બસ પાંચ વર્ષ સુધી એટલે કુલ દશ હજાર બસો પાંચ વર્ષની અંદર નવી એસટીના કાફલામાં જોડવાની છે અને હું એવું ચોકકસ માનું છું કે, એના પછી એસટીનું તંત્ર વધુ કાર્યક્ષમ થશે અને વધુ સેવાભિમુખ થશે અને છેવાડાના માનવીને સારામાં સારી સેવા એસટી કરી શકશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. એક તો આપણે દર વર્ષે કાફલો વધારવાની વાત કરીએ છીએ પણ ૨૦૦૪-૦૫માં ૮૧૬૪ વાહનો આપની પાસે હતા. ૨૦૦૮-૦૯માં કાફલો વધવાને બદલે ૭૫૬૧ થઈ ગયો છે. વસતિ વધે વિકાસ વધે એની સાથે આ વધવું જોઈએ પણ વધ્યું નથી. આપણે વાત કરીએ કાફલો વધારવાની પણ વધ્યો નથી એનું નકકર પરિણામલક્ષી કામ કરવા માગીએ છીએ કે કેમ, અને બીજું, આપણે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોરપોરેશનમાંથી સીએનજી ગેસ ખરીદીએ છીએ અને એસટી કોરપોરેશન વાપરે છે વચ્ચે એક વચેટિયાને લાખ્ખો રૂપિયા આપવા પડે છે તો વચેટિયાને દૂર કરીને ડાયરેકટ જીએસપીસી પાસેથી એસટી કોરપોરેશન સીએનજી ખરીદે એવી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ સ્પષ્ટતા માટે પૂછું છું, જવાબ તો આપ કહેતા હોવ તો આપી દઉં. આ પ્રસ્તાવ શ્રી શૈલેષભાઈ લઈને આવ્યા છે અને શ્રી શકિતસિંહજી મને પ્રશ્ન પૂછી રહયા છે. (અંતરાય) એક મિનિટ, એક મિનિટ, હું એમનું સલાહ માગું છું. આપ કયાં અધ્યક્ષશ્રી છો? હું તો માનનીય અધ્યક્ષશ્રીને પૂછું છું. અધ્યક્ષશ્રી કહે તો હું તરત જ જવાબ આપું, મને કોઈ હરકત નથી સાહેબ. પ્રાઈવેટ ૧૦૧ના પ્રસ્તાવની અંદર હું પ્રસ્તાવનો પાઈલોટ કરનાર વ્યકિત નથી સાહેબ, છતાં પણ તમે કહેતા હોય તો શ્રી શકિતસિંહજીને જવાબ આપી દઉં. (અંતરાય) શ્રી શકિતસિંહજીએ કહયું એ હકીકત છે કે ૮૨૦૦ બસો હતી એની જગ્યાએ ૭૬૨૨ થઈ છે એ વાસ્તવિકતા છે શકિતસિંહજી, અને મેં કહયું કાફલો વધારવાનું એ આ વર્ષથી દર વર્ષે બે-બે હજાર બીજી બસો અમે ઉમેરવાના છીએ. અમે એક નિયમ રાખ્યો છે શકિતસિંહજી, માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી વિપક્ષના નેતાને જણાવવા માગું છું કે, જે બસો કન્ડેમ કરવા લાયક હોય, કદાચ આ વર્ષે પંદરસો ખરીદવાનો નિર્ણય કર્યો અને કન્ડેમ કરવાલાયક બસો ૧૭૦૦ હોય તો પ્રજાને હાલાકી ના ભોગવવી પડે એટલા માટે ૧૭૦૦ બસો અમે દ્રઢતાપૂર્વક સ્ક્રેપ કરીએ છીએ અને આ જે ઘટ પડી છે જે ઘટથી પણ આગળ વધી જવાય એટલા માટે પાંચ વર્ષ સુધી સળંગ બે હજાર- બે હજાર બસ ખરીદવાનો અમે નિર્ણય કર્યો છે એમાંથી ત્રણસો બસો કેવળ વિદ્યાર્થીઓ માટે અમે રાખવાના છીએ, અને બીજી વાત એમણે કહી કે, સીએનજી, તો જયાં આગળ જીએસપીસી પોતે ડિસ્ટ્રીબ્યુશનનું કામ સંભાળે છે ત્યાં આગળ અમે જીએસપીસી પાસેથી જ ગેસ લઈએ છીએ. બીજી કોઈ એજન્સીનો અમે ગેસ લેવા માટે ઉપયોગ કરતા નથી પરંતુ જયાં આગળ જીએસપીસીએ કોઈ બીજી એજન્સીને ડિસ્ટ્રીબ્યુશનનું કામ આપ્યું હોય અને એને આખા શહેરમાં ડિસ્ટ્રીબ્યુશનની લાઈનો નાખવા માટે જે ખર્ચો કર્યો હોય એ ખર્ચો ઉમેરી એમના એગ્રીમેન્ટ પ્રમાણે જીએસપીસીના નિયત થયેલા ભાવોમાં અમે એ કરીએ છીએ અને એમાં પણ એસટી અત્યારે કન્સેશન લેવા માટે નેગોશીએશન કરી રહયું છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પ્રસ્તાવ લઈને આવ્યો છું એ પ્રસ્તાવમાં માનનીય ધારાસભ્યશ્રી મોહનભાઈ, માનનીય શ્રી ઈકબાલભાઈ, માનનીય શ્રી મનસુખભાઈ, માનનીય શ્રી અમરસિંહભાઈ, માનનીય શ્રી શંભુભાઈ, માનનીય શ્રી ભરતભાઈ અને માનનીય મંત્રીશ્રીએ આ ગૃહનું જે તરફ ધ્યાન દોર્યુ છે ત્યારે મારે બે વાત કરવી છે કે માનનીય અધ્યક્ષશ્રી, બસમાં બેઠા હોઈએ અને ખાડો આવે એટલે ચપટી આવે એટલે પેલો કન્ડકટરને બૂમ પાડે એટલે કન્ડકટર એને કહે કે, શું થયું, એટલે પેલો કહે કે ચપટી આવી, એટલે કન્ડકટર કહે કે શાંતિ રાખો, બીજો ખાડો આવશે એટલે તારી ચપટી દૂર થઈ જશે એટલે માનનીય અધ્યક્ષશ્રી, આવી પરિસ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે એસ.ટી.ની વાત કરી કે, આ નિગમ છે એ ભરોસાપાત્ર છે અને સો ટકા એની કાર્યક્ષમતા સારી છે તેમ છતાં પણ ખોટ કરતું સૌથી મોટામાં મોટું આ નિગમ છે. બસની અંદર ધારાસભ્યશ્રીઓને બેસવા માટે બે સીટો હોય છે. હું તો શહેરમાંથી આવું છું પણ માનનીય મનસુખભાઈ અને મોહનભાઈ અને ભાઈશ્રી ભરતભાઈએ જે કહ્યું તેમ આમાં ધારાસભ્યશ્રીઓ જ્યારે રૂબરૂ પ્રવાસ કરે કે માનનીય મંત્રીશ્રી કે કોઈ અધિકારી પ્રવાસ કરે તો એનો સાચો એને ખ્યાલ આવશે કે એસ.ટી. બસની શું પરિસ્થિતિ છે. માટે માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહના સૌ માનનીય સભ્યશ્રીઓને કહું છું કે મારા આ પ્રસ્તાવને સૌ સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને ના-મંજૂર કરવામાં આવ્યો**

# નિયમ ૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ

## ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયની કાર્યાલય યાદીમાં જરૂરી સુધારાઓ કરવા બાબત

**શ્રીઋષિકેશ ગ. પટેલ (વિસનગર)**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારો પ્રસ્તાવ રજૂ કરું છું કે, " ભારત સરકારના કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, નવી દિલ્હીની તાંત્રિક સહાયથી તાજેતરમાં દેશભરમાં આવેલા જુદા જુદા ૮૮ જેટલા ઔદ્યોગિક વિસ્તારોનાં સર્વગ્રાહી પર્યાવરણીય પ્રદૂષણ ક્રમાંક (સી.ઈ.પી.આઈ.) ના આધારે પર્યાવરણીય મોજણી કરવામાં કરવામાં આવેલ. જેનો મુખ્ય ઉદ્દેશ પ્રદૂષિત ઔદ્યોગિક વિસ્તારો નક્કી કરી અને ત્યાર બાદ અગ્રિમતાના ધોરણે આવા ઔદ્યોગિક વિસ્તારોના પર્યાવરણીય સુધારણા માટે કાર્યયોજના નક્કી કરવાનો હતો. સદર બાબતે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, નવી દિલ્હીની તાંત્રિક સહાયથી બનાવેલ અહેવાલને **"ઔદ્યોગિક વિસ્તારનો સર્વગ્રાહી પ્રદૂષણ મોજણી"** નું નામ આપવામાં આવેલ છે. આ અહેવાલ તા. ૨૪/૧૨/૨૦૦૯ના રોજ ભારત સરકાર અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ છે.

આ અહેવાલના આધારે વન અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકારે તો. ૧૩/૧/૨૦૧૦ના રોજ કાર્યાલય યાદી બહાર પાડીને આ કાર્યાલય યાદીના બિડાણમાં દર્શાવેલ, ભારતમાં આવેલ ૮૮ જગાઓમાં આવી રહેલ નવા વિકાસશીલ પ્રોજેક્ટો ઉપર નિયંત્રણ લાદેલ છે. આ કાર્યાલય યાદીમાં જણાવ્યા ાપ્રમાણે ગુજરાત રાજ્યના વાપી, અંકલેશ્વર અને વટવા ઔદ્યોગિક વિસ્તારો ઉપરાંત અમદાવાદ, ભાવનગર અને જૂનાગઢને ગંભીર પ્રદૂષિત વિસ્તારની (ક્રિટીકલી પોલ્યુટેડ એરિયા) યાદીમાં અને વડોદરા અને રાજકોટને અત્યંત પ્રદૂષિત વિસ્તારની (સીવીયરલી પોલ્યુટેડ એરિયા) યાદીમાં સમાવિષ્ટ કરેલ છે. સદરહુ કાર્યાલય યાદી મુજબ EIA નોટિફિકેશનમાં સમાવેશ થતો હોય અને ઉપર જણાવેલ વિસ્તારમાં આવતા હોય તેવા ઔદ્યોગિક અને માળખાકીય પ્રોજેક્ટ (કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ સહિત) પર્યાવરણીય મંજૂરી આપી શકાશે નહીં. આ મનાઈ શરૂઆતના આઠ મહિના માટે લાગુ પાડવામાં આવેલ છે અને આ આઠ માસના સમયગાળામાં દરેક આવા વિસ્તારો માટે એક્શન પ્લાન તૈયાર કરવાના રહેશે અને ત્યાર બાદ વિકાસના કામોને મંજૂરી આપવા બાબતે નિર્ણય લેવામાં આવશે.

આ રીતે ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયની તા. ૧૩/૧/૨૦૧૦ની કાર્યાલય યાદીના કારણે ઉપરોક્ત વિસ્તારોના અનેક ઔદ્યોગિક અને માળખાકીય પ્રોજેક્ટોની (કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ ) સહિત કામગીરી સ્થગિત થઈ ગયેલ છે. આમ દરેક પ્રોજેકટ જે પર્યાવરણીય મંજૂરીની પ્રક્રિયાના જુદા જુદા તબક્કાઓમાં છે તે પણ બંધ કરીને પ્રોજેકટ કર્તાઓને પાછા મોકલી આપવામાં આવેલ છે. આવા પ્રોજેકટોના સંચાલકોને બેન્કોના વ્યાજ અને જમીન સંપાદનમાં ખર્ચેલા જંગી નાણા વગેરેના કારણે ભારે નાણાકીય નુકસાન સહન કરવું પડે તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે આ રીતે આ કાર્યાલય યાદીમાં દર્શાવેલ વિસ્તારોમાં આવનારા પ્રોજેકટો અને વિકાસના કામોને ગંભીર અસર થશે. તેથી આ કાર્યાલય યાદીમાં જરૂરી સુધારાઓ કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : **માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયે તારીખ ૩૧-૧-૨૦૧૦ની કચેરી યાદી દ્વારા દેશના ૮૮ વિસ્તારોમાં નવા વિકાસશીલ પ્રોજેકટો ઉપર નિયંત્રણ લાદેલ છે એ હકીકત સાચી છે અને એ દેશ અને રાજય માટે ગંભીર અને અત્યંત ચિંતાજનક વિષય ઉભો થયેલો છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઔદ્યોગિક વિસ્તારની સર્વગ્રાહી પ્રદૂષણ મોજણી અંગે જે અહેવાલ તારીખ ૨૪-૧૨-૨૦૦૯ના રોજ ભારત સરકાર અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે જેનો ઉદ્દેશ આવા મુખ્ય પ્રદૂષિત એરિયામાં અગ્રિમતાના ધોરણે પર્યાવરણની સુધારણા માટેની કાર્યયોજના નક્કી કરવાનો હતો, આ યાદીમાં ગુજરાતના**

**વાપી, અંકલેશ્વર, અમદાવાદનો વટવા વિસ્તાર, ભાવનગર અને જુનાગઢના છ વિસ્તારોમાં નવા ઉદ્યોગો પર પ્રતિબંધ તથા વડોદરા અને રાજકોટમાં નવા ઉદ્યોગ પર નિયંત્રણ દાખલ કરેલ છે, આની પુનઃવિચારણા પણ આઠ મહિના પછી થાય એવો સંકેત આપેલ છે, આ હુકમના કારણે પર્યાવરણની મંજૂરી માટે અરજી કરેલા લગભગ ૧૫૨ પ્રોજેક્ટો અત્યારે અટવાઈ પડ્યા છે અને જેમાં મૂડીરોકાણ આશરે ૧૦ હજાર કરોડ કરતાં પણ વધારે થવાનું છે એવા પાઈપલાઈનના પ્રોજેકટો અને જે અત્યારે પૂર્ણતાના આરે છે. એવા અત્યારે અટકી પડ્યા છે અને રખડી પડ્યા છે એમ કહું તો પણ ખોટું નથી, જે મોટા પ્રોજેકટ છે અને જેની મંજૂરી ભારત સરકાર, દિલ્હી પાસેથી લેવાની છે એવા પ્રોજેકટો પણ હાલમાં અટકી પડ્યા છે કે જેની વિગતો, એમના રોકાણની વિગતો, એ પ્રોજેકટની વિગતો હાલમાં ભારત સરકાર પાસે છે. વાયબ્રન્ટ સમિટ દ્વારા દેશ અને દુનિયાનું ધ્યાન ગુજરાત તરફ આકર્ષવામાં ગુજરાત સફળ રહ્યું છે જેના કારણે ગુજરાતમાં લાખ્ખો, કરોડો રૂપિયાનું રોકાણ થયું છે અને ગુજરાતની અંદર ઔદ્યોગિક વિકાસની તકો અને ગુજરાતની આ ધરતી એ ઔદ્યોગિક વિકાસની ઝંખના ધરાવતી, વિકાસની ઝંખના ધરાવતી પ્રજા છે એવું દેશ અને દુનિયા સમક્ષ આ સરકારે પુરવાર કર્યુ છે આગામી સમયમાં**

**જ્યારે આવતા વર્ષે વાયબ્રન્ટ સમિટ, ૨૦૧૧ યોજાવાની છે ત્યારે દેશ અને દુનિયા ગુજરાત ઉપર નજર રાખી રહેલ હોય, બહારના રોકાણો આવવાની તૈયારી થઈ રહી હોય ત્યારે એવા સમયે આ નોટિફિકેશન દ્વારા જે તકલીફો ઉભી થવાની છે ગુજરાતમાં એ અકલ્પનીય છે. હાલમાં આ પૈકીના કેટલાય પ્રોજેક્ટોમાં લેન્ડ એક્વીઝીશન થઈ ગયું છે, કેટલાય પ્રોજેકટ બાંધકામ કરવાની પરિસ્થિતિમાં છે, બાંધકામ ચાલુ થઈ ગયું છે, અમુક જગ્યાએ બાંધકામો પતી પણ ગયા છે અને પૂર્ણતાના આરે પણ છે આપણને ભારત સરકાર તરફથી દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર મળેલો છે અને જેની લગભગ ત્રીજા ભાગની લંબાઈ એટલે કે લગભગ ૫૪૬ કિલોમીટર જેટલી લાઈન આપણા રાજયમાંથી પસાર થાય છે અને મારે દુ:ખ સાથે કહેવું પડશે કે આ જે વિસ્તારો નક્કી કર્યા છે એમાંથી મોટાભાગના વિસ્તારો એ આપણા રૂટ પર જ આવે છે અને એના કારણે બહુ મોટી અસરો પડવાની છે અને એ રીતેનો હું મારો આ પ્રસ્તાવ રજૂ કરું છું.**

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) **: માનનીય અધ્યક્ષશ્રી, કદાચ આ પ્રસ્તાવ ગૃહમાં લાવવાની જરૂર પણ ન પડી હોત, એટલા માટે કે જે ચિંતાઓ માનનીય મંત્રીશ્રીએ પણ કરી હતી કે આખો જિલ્લો અમારો વલ્લભીપુર તાલુકામાં પણ ન થાય અને આ ન થાય, તે ન થાય, મેં ત્યારે જ કહ્યું હતું કે, આમાં યોગ્ય રીતે આ અર્થઘટન થયું નથી, હકીકતમાં માત્ર ક્લસ્ટર છે અને એ અંગે ભારત સરકારે તારીખ ૧૫ માર્ચ, ૨૦૧૦નું એક ઓફિસ મેમોરન્ડમ બહાર પાડીને આ સ્પષ્ટતા કરી દીધી છે અને આ માત્ર જે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નોર્મ્સ જાળવતી નથી એ જ આવે છે અને એ સંજોગોમાં પહેલી વાત તો એ છે કે આપણી જે વાત પાયાની હતી એ વાત આખી ભારત સરકારના પોઝીટીવ વલણના કારણે આમાંથી આ દૂર થયું છે.** આપની પોતાની કમિટી, આપના પોતાના અધિકારી એમણે પણ કહ્યું હતું કે આપનું પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ જે ઉદ્યોગ ગૃહો મને આશા છે કે આ ગૃહમાં મેં અગાઉ પણ કહ્યું છે અને તે પછી માનનીય મંત્રીશ્રીએ ગુજરાત સરકારના પોતાના અધિકારીનો મિ. રાઠીનો રિપોર્ટ મંગાવીને જોયો હશે. અને તે જોયા પછી આપણને કોઈને દોષ દેવાનો અધિકાર નથી આપણે આપણું તંત્ર વ્યવસ્થિત કરવું પડશે. અને આપણે નહીં કરીએ તો આ Global Warming and environment ની ચિંતાના સમયમાં આખું ગુજરાત મુશ્કેલીમાં મુકાશે. આજે શું થઈ આપણાં દરિયાકાંઠાની હાલત? આપણે કયારેય ચિંતા કરી છે ખરી ? આપણાં environment ની આપણે ચિંતા નહીં કરીએ તો આવતા દિવસોમાં compensate નહીં કરી શકીએ એવી મોટી તકલીફો ઉભી થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ મંત્રાલયે ગુજરાતને આપણે વાત કરીએ છીએ હમણાં જ રાજયસભામાં એક પ્રશ્નના જવાબમાં કહ્યું અનેક રાજયોએ જે ટકાવારી પ્રમાણે જે દરખાસ્તો મોકલી હતી અને મંજૂર થયેલી દરખાસ્તો પર્યાવરણ માટેની તેમાં ટકાવારીની દ્રષ્ટિએ પણ અને સંખ્યાની દ્રષ્ટિએ પણ ગુજરાત સરકારને, ગુજરાત રાજયની જનતાને, ગુજરાત રાજયના ઉદ્યોગોને સૌથી વધારે ટકાવારીની દ્રષ્ટિએ અને સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાતને વધારે મંજૂરી મળી છે. ૧૪ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ Ministry of Environment and Forest ના પ્રશ્નોત્તરી દરમિયાનનો આ આવેલા જવાબની નકલ પણ જેમને ઇચ્છા હોય તેમને આપવાની મારી તૈયારી છે. ૧૫મી માર્ચ, ૨૦૧૦ના રોજ જે કલેરીફિકેશન કરી આપ્યું કેન્દ્ર સરકારે માનનીય મંત્રીશ્રીની માગણી હતી, આ વિધાનસભા ગૃહ સમક્ષ પણ તેમણે માગણી કરી હતી, અમારા સહયોગની પણ આશા રાખી હતી અગાઉ તો મેં વાત કરી હતી પણ અહીંયા મંત્રીશ્રી બોલ્યા ત્યારે જ કેન્દ્ર સરકારના મંત્રીશ્રી જયરામ રમેશજી સાથે મેં અહીંયાથી આ ચર્ચા પૂરી થઈ અને તરતજ વાત કરી હતી કે આ કલેરીફિકેશન માટે અગાઉ હું આપને રૂબરૂ મળી ગયો છું અને આજે આ કલેરીફિકેશન કરી આપો કે ચિત્રા જી.આઈ.ડી.સી.માં પોલ્યુશન થતું હોય અને તેના કારણે આખો ભાવનગર જિલ્લો જો બંધ થાય, વાપીની જી.આઈ.ડી.સી.માં થતું હોય કે અંકલેશ્વરમાં થતું હોય અને આપ આખા જિલ્લાને મંજૂરી ના આપો તો અમને અન્યાય થાય એવી લાગણી મને પણ થાય છે. મારે આભાર માનવો જોઈએ કે તેમણે કલેરીફિકેશન કરી આપ્યું કે કલસ્ટર સિવાય અને કલસ્ટરનો એરિયા પણ એમણે જ ફીકસ કરી આપ્યો. જો આપણે માત્ર ટીકાઓમાં ચાલવું હોય તો વાંધો નથી. આપણે કોઈની સકારાત્મક વાત ન જ સ્વીકારવી હોય અને માત્ર રાજકીય રીતે ચાલવું હોય તો એક ઔર વાત છે પણ આ એક નરી વાસ્તવિકતા છે. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન ૭૭૦/૧૯૯૫ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ. ગુજરાત હાઈકોર્ટે પી.જે.પટેલ વિરૂદ્ધ ગુજરાત સરકારના ચુકાદા અન્વયે દર છ મહિને એન્વાર્યમેન્ટલ ઓડિટ ફરજિયાત બનાવ્યું. આપણે શું કરીએ છીએ ? ગુજરાત સરકાર શું કરે છે? એન્વાર્યમેન્ટ ઓડિટ નિર્દેશને અંતર્ગત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે ઉદ્યોગ ગૃહો પાસેથી રૂપિયા ૨૦ હજાર આપણે ફીના લઈએ છીએ. આ ફી ઉઘરાવવા માટે નથી આદેશ એમનો. માત્ર આપણે ફી ઉઘરાવીએ છીએ અને આજ દિન સુધી ગુજરાતમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે એન્વાર્યમેન્ટ ઓડિટ રિપોર્ટના આધારે સલાહ આપવાનું કામ જે કરવું જોઈએ તે કર્યુ નથી. આપની પાસે ૨૦૦૭-૦૮માં વણ વપરાયેલી રકમ ૮ કરોડ જેટલી પડી છે. શું આપણને આ મની કલેકટર તરીકે વ્યવસ્થા કરવાનું કહ્યું હતું ? આપણું કામ શું હતું ? આપણું કામ હતું કે આ જે પૈસા આવે છે તેમાંથી એન્વાર્યમેન્ટની બાબતમાં આપણે ચિંતા સેવવાની હતી. આપણે ચિંતા સેવી નથી. જે બેંક ગેરંટી લેવાની પ્રથા આપણે ચલાવીએ છીએ, પ્રદુષણ ફેલાવતા ઉદ્યોગો પાસેથી બેંક ગેરંટી લેવામાં આવે છે. જેના દ્વારા જમા થયેલ કરોડો રૂપિયાની રકમ પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પાસે પડી છે. આ રકમ શેના માટે વાપરવાની છે? આ રકમ પર્યાવરણના રક્ષણ

માટે વાપરવાની છે. આ રકમ પર્યાવરણ સુધરે એના માટે વાપરવાની છે. આપણે એ કરતા હોત તો? આ કાંઈ રાજય સરકારે સરવે કરાવીને બાન મૂકયો નથી. કેન્દ્ર સરકારે સરવે કરીને બાન મૂકયો નથી. રેપ્યુટેડ ઈન્ડીપેન્ડન્ટ એજન્સી દ્વારા જયારે સરવે થયા પછી સૌથી વધારે પ્રદુષિત આપણા વિસ્તાર નકકી થયા પછી પણ આપણે જાગીએ નહીં, પ્રદુષણના રક્ષણ માટેના પગલાં આપણે ભરીએ નહીં. આવતા દિવસોમાં કદાચ કેટલાક ઉદ્યોગપતિઓ તો બહાર રહેતા હશે. અહીંયા ઉદ્યોગ કરશે, નફો કમાશે પણ એમણે છોડેલા પ્રદુષણના કારણે ગુજરાત રાજયના આમ આદમી કેન્સર, મોટા ભાગના ફેફસાના રોગ. આ બધાના કારણે મુશ્કેલીમાં મૂકાશે. એની જવાબદારી કોની? અને કોઈ ખોટા મૂકયા છે એમ આપણે નહીં કહી શકીએ. જે જે જગ્યાએ મૂકયા છે. હું તો મારા મત વિસ્તારની ચિત્રા જી.આઈ.ડી.સી.નો દાખલો આપીને કહીશ. કે બાજુમાં જ નારી ગામ છે.
માનનીય મંત્રીશ્રી પાસે પણ રજૂઆતો આવી છે. કોંગ્રેસ પક્ષ અને ભાજપના બન્ને લોકોએ મળીને આંદોલનો કરવા પડયા છે. કે ભેંસ ખાડામાં પડી અને એની આખી ચામડી ઉતરી ગઈ ત્યાં સુધીનું કેમિકલવાળું પાણી અમારે ત્યાં આવે છે. કૂવામાંથી પાણી ખેંચવા જઈએ તો લાલ કલરનું પાણી આવે છે. પીવાના પાણીના અમારું તળાવ પ્રદુષિત થઈ જાય છે. માનનીય મંત્રીશ્રીની હાજરીમાં ત્યાં કાર્યક્રમ થયો. આપણે એક પાઈપલાઈન નાંખવાનું કામ બને તેટલી ઝડપથી પૂર્ણ કરીએ અને પૂર્ણ કર્યા પછી પ્રદુષણ ત્યાં નહીં રહે એની ચિંતા કરીએ. એ આપણી પ્રાઈમ રિસ્પોન્સિબિલિટી નથી? અને આપણે એ કરીશું, ને કદાચ એકાદ બે ઉદ્યોગને દંડ થાય તો ભલે થાય. એકાદ ઉદ્યોગ મોડો શરૂ થાય તો ભલે થાય. આપણા લાખો લોકોના આરોગ્યની ચિંતા એ આપણા સૌની ચિંતાનો વિષય નહીં હોવો જોઈએ? આ ઉદ્યોગપતિ એ કંઈ કલ્યાણ કરવા નીકળેલો માણસ નથી. એ કમાણી કરવા નીકળેલો માણસ છે. આપણને વાંધો નથી. એ પણ કરવી જોઈએ. રાજયના વિકાસમાં એનું પણ હિત છે. પરંતુ રાજયના આમ આદમીના આરોગ્યના ભોગે કોઈના ઉદ્યોગનો વિકાસ ન થાય એ ચિંતા કરવાની જવાબદારી આપણે નહીં કરવાની? એ જવાબદારી આપણી છે. ભાવનગર મ્યુનિસિપલ કોરપોરેશનનું પાણી દરિયામાં ઠલવાય છે. એની પ્રાયમરી ટ્રીટમેન્ટ કર્યા વગરનું એ પાણી જાય. સેટેલાઈટ પીકચર બતાવે કે પ્રદુષિત કયા વિસ્તાર સૌથી વધારે દરિયા કાંઠે થયેલા છે, એમાં એ દેખાય. એ ઠીક કરવાનું કામ કરવાને બદલે આપણે એમ કહીએ કે કેન્દ્ર સરકાર અમને અન્યાય કરે છે, અમારો આ બાન ઉઠાવી લો, બાન કોના હિતમાં છે? આખરે એની વિપરીત અસર થશે તો કોને થશે? એક સમય હતો. એ ભાવનગરના દરિયા કાંઠાનો. ખાસ કરીને બક્ષી પંચના ભાઈઓ ત્યાં વસે છે. સ્થાનિક લેપ્ટા નામની માછલીના આધાર ઉપર એ લોકોનું ગુજરાન ચાલતું હતું. લઈને વેચતા હતા. આજે એ બધા જ બેરોજગાર થઈ ગયા છે. કેમ કે એ માછલી જ થતી બંધ થઈ ગઈ છે. અને એનું કારણ આ પ્રદુષણ છે. એક ઉદ્યોગની લાલસામાં જઈએ, પણ એનો આડકતરો જે ફાયદો ગુજરાતની જનતાને છે, એની ચિંતા કરવાનું કામ આ સભાગૃહના આપણે સૌએ કરવું જોઈએ. સરકાર હોય કે વિરોધ પક્ષ હોય. ગુજરાતના હિતની વાત આવે ત્યારે એની ચિંતા કરવાની જવાબદારી એ ગૃહના તમામ સભ્યશ્રીઓએ રાજકીય અવલોકનો કેટલીક જગ્યાએ કરતા હોઈએ છીએ. અને જરૂરી પણ હોય છે. પણ રાજકારણથી ઉપર ઉઠીને પણ ગુજરાતના હિતની ચિંતા આપણે નહીં કરવાની? મેંગરોઝના ચેરના વૃક્ષોનું નિકંદન કાઢી નાંખતું હોય કોઈ અને એ ઉદ્યોગ ગૃહ સામે આપણે લાલ આંખ નહીં કરીએ અને આપણે એને છાવરવાનું કામ કરીએ, આપણે એના સ્પોક પર્સનની જેમ વર્તીએ, આખરે નુકસાન એ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું નુકસાન થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે અંકલેશ્વર, પાનોલી અને ઝઘડીયા જી.આઈ.ડી.સી. ખાતે કેમિકલ ઉદ્યોગોના પ્રદૂષિત કેમિકલ્સના નિકાલ કરવા માટે પર.પ૭ કિલોમિટર લાંબી પાઈપલાઈનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને એ ઉદ્ઘાટન થયું એ પછી ત્યાંના એક જાગૃત નાગરિકે આંકડાઓ મેળવીને રજૂઆત કરી કે ઉદ્ઘાટન થયું એના આગલા દિવસે પણ પહેલાં હતું એ જ પ્રમાણ પોલ્યુશનવાળું, ઉદ્ઘાટન થયું એ દિવસે પણ એના નોર્મ્સ મુજબ નહીં અને ઉદ્ઘાટન થયું એ પછીના દિવસે પણ નોર્મ્સ મુજબ વ્યવસ્થા નથી અને આ રીતે આ પ્રદૂષિત પાણી જતું હોય અને આ વ્યવસ્થા કર્યા પછી પણ એમાં કોઈ જ ફેર ના થયો હોય તો આપણે શું કરવા જઈ રહ્યા છીએ? તેમના પત્રનો પણ કોઈ જવાબ આપવાની દરકાર ના કરીએ અને આપણે આપણા તંત્રને પૂછીએ પણ નહીં કે તમે માનનીય મુખ્યમંત્રીશ્રીને આ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવા લઈ ગયા હતા અને એ પછી પણ એનાં નોર્મ્સ જળવાતાં નથી તો કાઈ સવારે ગુજરાત રાજયમાં આ રાજયના મુખ્યમંત્રીશ્રીનું ખરાબ દેખાય. તો આ કેમ થયું એ પૂછવાની પણ આપણી જવાબદારી નથી? એક નિયત ટકાવારી થઈ કે આ પ્રોજેકટ ખર્ચ એન્વાર્યમેન્ટ માટે હોય તો કોણે કેટલા પૈસા આપવા જોઈએ? તો ૧૩૧.૪૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો. ગુજરાત સરકારે ૨૭.૪૨ કરોડ રૂપિયા વાપર્યા, જી.આઈ.ડી.સી.એ ૨૦.૧૫ કરોડ રૂપિયા વાપર્યા, કેન્દ્ર સરકારે ૩૦.૮૯ કરોડ રૂપિયા આપ્યા અને જે ઉદ્યોગ હતો એ ઉદ્યોગે માત્ર ૨૧.૭૫ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. એમની જવાબદારી હતી કે આપણા નિયત ધોરણો મુજબ જે નાણા એમણે રોકવાં જોઈએ એ નાણાં ત્યાં રોકયાં નહીં. ૮૩ ટકા ખર્ચ ગુજરાતના કે દેશના લોકોના આવેલ હિતના પૈસામાંથી કરી નાંખ્યો છે અને છતાં પેલા ઉદ્યોગગૃહને છાવરવા માટે નીકળીએ, એની બ્રીફ લઈને નીકળીએ તો નુકસાન તો આખરે રાજયની જનતાનું થવાનું છે. ત્યારે એ ચિંતા આપણે પહેલાં કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષના પણ અન્ય સભ્યશ્રીઓ પણ આ પ્રકારના વિસ્તાર સાથે સંકળાયેલા છે એ પણ એમના વિચારો રજૂ કરી શકે એટલા માટે વિશેષ સમય લેતો નથી, પરંતુ અપેક્ષા રાખું છું માનનીય મંત્રીશ્રી પાસે કે આપ ઘણી વખત કહો છો કે કેન્દ્ર સરકારમાંથી આની મંજૂરી લાવવામાં અમને મદદ કરો, ગુજરાતના હિતમાં અમારી સાથે આવો, પરંતુ અમે પણ કાંઈક આવું કરીને આપને સહકાર આપીએ એની સરાહના તો ના કરો તો કાંઈ નહીં, પરંતુ સત્યનો સ્વીકાર તો આ હાઉસના ફ્લોર ઉપર કરો, અમે સત્તામાં હતા ત્યારે કરતા હતા અને વિરોધપક્ષને સાથે રાખવાની કયારેક એ પ્રણાલિકાને પુન:જીવીત કરો એટલી જ અપેક્ષા સાથે વિરમું છું.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ (ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિદ્વાન સભ્યશ્રી ૠષિકેશભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય જયારે સમગ્ર દેશમાં ઉદ્યોગોના વિકાસનું એન્જિન બની આગળ વધી રહ્યું છે ત્યારે પ્રદૂષણના મુદ્દે આ બ્રેક લગાવવાનું કામ એ યોગ્ય નથી. મારે એક ઉદાહરણ આપવું છે કે સમગ્ર ભારતમાં વર્ષનું ૩૦ ટકા એગ્રો કેમિકલ્સ, ૨૫ ટકા બલ્ગ ડ્રગ્ઝ, ૨૨ ટકા ડાઈઝ અને ડાઈઝ ઈન્ટર મિડિયેટ તથા પલ્પ અને પેપર તેમજ અન્ય ઉદ્યોગો મળીને ખૂબ મોટા પાયા ઉપર મૂડી રોકાણ સાથે પેટ્રોકેમિકલ્સના જુદા જુદા એસ.ઈ.ઝેડ વગેરે વિકસી રહ્યા છે ત્યારે વિકાસ હંમેશાં પ્રશ્ન લઈને આવતો હોય છે, પરંતુ આ રાજય સરકારે એનો ઉકેલ હંમેશાં કરેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણનો મુદ્દો એ ગુજરાતના ગૌરવનો મુદ્દો છે. સમગ્ર ભારત દેશમાં પ્રદૂષણવાળા પાણીની ટ્રિટમેન્ટ કરવાના સી.આઈ.ટી.પી. પ્લાન્ટ ૩૨ ની સંખ્યામાં ગુજરાત પાસે છે. ઉદ્યોગોમાંથી ઉત્પન્ન થતા ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ કરવાની કુલ ૮લેન્ડ ફિલિંગ સાઈડ ગુજરાતમાં આવેલ છે જે. પ્રવાહી કે ઘન કચરો જેનેકોઈ જ પ્રકારની ટ્રિટમેન્ટ આપી શકાય તેમ નથી અને જેનો સંગ્રહ પણ લેન્ડ ફિલિંગ સાઈટમાં ના થઈ શકે એને હાઈ ટેમ્પરેચર ઈન્સ્યુલેટરમાં બાળવામાં આવે છે અને ગુજરાતમાં હાલ ૪ આવા્ર ઈન્સીલેટર છે તેમજ જુદી જદી ઈન્ડસ્ટ્રીઝમાં પણ ૪૩ જેટલી પોતાની ઈન્સીલેટર ધરાવે છે. કોમન બાયો મેડીકલ વેસ્ટ ફેસેલિટી ગુજરાત રાજયમાં હાલ કુલ ૧૨ સ્થાને આવેલ છે. તેનું સંચાલન જુદી જુદી સંસ્થાઓ કરે છે. રાજયની જુદી જુદી ૨૧ હોસ્પિટલો પોતાના બાયો મેડીકલ વેસ્ટ બાળવા માટેના ઈન્સીલેટર ગોઠવવામાં આવ્યા છે. આજે પ્રશ્ન ઉત્પન્ન થયો છે, માનનીય એન્વાયરમેન્ટ મીનીસ્ટર જયરામ રમેશ જયારે ભરૂચ આવ્યા હતા ત્યારે હું ટીકા નથી કરતો પણ એક વાત મારે જરૂર કહેવી છે કે એન્વાયરમેન્ટ પ્રોટેકશન રૂલ્સ ૧૯૮૬ રૂલ નંબર ૫ એવું કહે છે કે If any area is to be declared as critically polluted area than the legal notification in this connection is to be published in the print media well in advance and at least ૬૦ days time should be given to any citizen, local stake-holders, activists, NGOs, Industries Associations and SPCBs.". માનનીય અધ્યક્ષશ્રી, આ કોઈ વસ્તુ ધ્યાને લેવામાં આવી નથી અને આ નિર્ણય જાતે જ લેવાયેલો છે. કોઈ પણ વિસ્તારને પ્રદૂષણ લોડ વહન કરવાની ક્ષમતા નકકી કરવી તે આજના સમયની માંગ છે. અને આવી કામગીરી કેન્દ્ર માત્ર પોતાની રીતે કરે તે સ્વીકારી ન શકાય. તેથી ગુજરાત રાજયના સેવાભાવી સંગઠનો, પ્રતિનિધિઓ, રાજય સરકારના પ્રતિનિધિઓ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પર્યાવરણના ક્ષેત્રે જે છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતમાં જાગૃત કામગીરી કરતા હોય છે. તેવા તજજ્ઞો સાથે મળીને ચોકકસ મુદ્દો નકકી કરશે તો તેમાંથી આવનારા સમયમાં વિકાસની નુતન કેડી કંડારી શકાય, આ રાજયનો તંદુરસ્ત ઔદ્યોગિક વિકાસ સાધી શકીશું. મારા ભરૂચની વાત કરું તો રાજય સરકારની નીતિ, દીર્ઘ દ્રષ્ટિ અને આયોજનને પરિણામે આટલાથી સંતોષ નહીં માનીને પર્યાવરણ સંરક્ષણ અસરકારક રીતે કામ કરે તે માટે સરકાર અને ઉદ્યોગના સહીયારા પ્રયાસ થકી ૫૪ કિ. મિ. લાંબી દરિયામાં ખૂબ ઉંડે સુધી શુધ્ધીકરણ કરેલું ઔદ્યોગિકનું ગંદુ પાણી નીકાલ કરવાની પાઈપ લાઈન ડિસેમ્બર ૨૦૦૬માં કાર્યરત કરવામાં આવેલ છે તેના પરિણામે આમલાખાડી તેમજ નર્મદામાં ભરતી ક્ષેત્રમાં પાણીના પ્રદૂષણનો પ્રશ્ન મહદ અંશે હલ થાય છે. આ દેશની પ્રથમ અને એક માત્ર યોજના છે જે આપણા સૌ માટે ગૌરવ લેવા જેવી વાત છે. હું એક વાત બીજી કહેવા માગું છું કે ૧૦ વર્ષ પહેલા જો ગુગલ અર્થ પર અંકલેશ્વરનું ચિત્ર જોવામાં આવ્યં હોય અને આજની સ્થિતિએ ગુગલમાં અંકલેશ્વરનું જી.આઈ.ડી.સી.નું ચિત્ર જોવામાં આવ્યું હોય તો મને લાગે છે કે અહીંયા આ બોલવાનો પ્રસ્તાવ નથી રહેતો. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાને, ગુજરાતના ઉદ્યોગોને તથા સરકારશ્રીને પર્યાવરણના મુદ્દે પુરે પુરી જાગૃતિ છે. પર્યાવરણની જાળવણીનો મુદ્દો એ ગુજરાતની અશ્મિતાનો મુદ્દો છે જે ભાવનાનો અને હૃદયનો પ્રશ્ન છે. આ મુદ્દો રાજકીય નથી તેનો ઉકેલ પરસ્પર દેવો ભવથી થવો જોઈએ એવું મારું માનવું છે હું છેલ્લે એટલી જ વાત કરીશ કે પર્યાવરણના પ્રશ્નના ઉકેલની દિશામાં જે કામ ગુજરાતે સર્જયું છે તે દેશના અન્ય કોઈ રાજયે સર્જયું નથી પણ અહીંયા તો એ વાત એમ છે કે "વો કતલભી કરતે હે તો ચર્ચા નહીં હોતી હે, ઔર હમ આંહ ભી ભરતે હે તો હો જાતે હે બદનામ". માનનીય ૠષીકેશભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારા આટલા વિચારો પ્રદર્શિત કરીને વિરમું છું.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** :: માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આજે જે આપણે ચર્ચા કરી રહેલા છીએ એમાં ગુજરાતના વિકાસની સાથે સાથે જન જીવન ઉપર તેની જે અસરો પડી રહેલી છે, ઉદ્યોગનો વિકાસ થવો જોઈએ, પણ એ ઉદ્યોગનો વિકાસસ એવો ન હોવો જોઈએ કે જે વસતિ ત્યાં વસે છે, ગામડાંઓ જયાં વસે છે શહેરો જયાં વસવાટ કરે છે તે વસતિના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરી અને ઉદ્યોગોનો વિકાસ એક તરફી થાય તેના ઉપર કોઈ ચેક નહીં રાખવામાં આવે એના ઉપર કોઈ પ્રદૂષણના પગલાંનો અટકાવ કરવામાં નહીં આવે, એને ગ્રીન સીગ્નલ આપીને કોરો ચેક આપવામાં આવે એવા વિકાસને વિકાસ નથી કહેવાતો. આજે ભારત સરકારે, હું તો ભારત સરકારને અભિનંદન આપવા માગું છું કે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઈન્ડીયન ઈન્સટીટયુટ ઓફ ટેકનોલોજી દ્વદારા દેશની જે ૮૮ વસાહતો જે સરવે કરવામાં આવી. અને એ વસાહતો જે પ્રદૂષણ ઓકે છે, હવામાં ઝેર ફેલાવે છે, પાણીમાં ઝેર ફેલાવે છે, પાણીને ગંદા કહી શકાય તેવું પ્રદૂષણ વાળું પાણી છોડે છે અને પીવા માટે લાલ પાણી મળે અને તે પીવું પડે છે. ખેડૂતોને નુકસાન થાય છે, આરોગ્યને નુકસાન થાય છે તેનો સરવે કરેલો છે. કેન્દ્રના બાહોશ મંત્રી રમેશ જયરામને આપણે અભિનંદન આપવાં જોઈએ. એમણે વિકાસની પ્રક્રિયામાં જે કંઈ સરવે કરાવેલો છે, એ કલ્સ્ટરનો સરવે કરાવેલો છે. તમારા આંકડા જોવામાં આવશે તો ઈશ્વરભાઈ જરા ધ્યાનથી સાંભળજો. દેશની ૮૮ વસાહતોમાં અમે જ્યાં રહીએ છીએ અમે જ્યાં પ્રેકટિકલ જોઈએ છીએ અમે જ્યાં સહન કરીએ છીએ ત્યાં પ્રદૂષણમાં એકલેશ્વરનો નંબર ૧ આવે છે. જાણીને આશ્ચર્ય થશે કે બીજા નંબરમાં ગુજરાતની જ વસાહત છે. અને તે ગુજરાતમાં વાપી જી.આઈ.ડી.સી. છે એ બીજા ક્રમે સૌથી વધારે પ્રદૂષણ ઓકતું જેને કહી શકાય જેના અંદરથી ઝેર ઓકતી કહી શકાય તેવી આ બે વસાહતો આપણી છે. ઉત્તર પ્રદેશ જેવા પછાત રાજય છે ગાઝીયાબાદ એનો ત્રીજો નંબર આવે છે. એવી ૮૮ વસાહતો માટે માત્ર સરવે એટલા માટે કરેલું છે કે આ પોલ્યુશનની જનજીવન ઉપર થતી અસરોની વ્યાપક ફરિયાદો કોર્ટ સમક્ષ છે વ્યાપક ફરિયાદો પોલ્યુશન બોર્ડ સમક્ષ છે. વ્યાપક ફરિયાદો કેન્દ્રિય પ્રદૂષણ બોર્ડ સમક્ષ છે. આપણું સાહેબ પોલ્યુશન બોર્ડ કોઈ પગલાં લેતું નથી. ધારાસભ્ય ફરિયાદ લખીને આપે કોઈ વિસ્તારના નાગરિકો લખીને આપે તો આપણું પોલ્યુશન બોર્ડ તો એના ઉપર કોઈ પગલાં લેતું નથી. ઉદ્યોગોનું જ બોર્ડ હોય તે રીતનો વર્તાવ કરે છે. અમારે ત્યાં સાહેબ આખો દરિયાઇ વિસ્તાર આવેલો છે બેલ્ટ છે એ બેલ્ટના ઉપર દહેજનો સૌથી મોટો ઔદ્યોગિક બેલ્ટ મારા મત વિસ્તારમાં છે અને અંકલેશ્વર અમારા પડોશમાં છે. પાનોલી અમારા પડોશમાં છે, અને બાબુભાઈ સાહેબ ત્યાં જે સ્થિતિ છે એ તમે ત્યાં શ્વાસ લો તો ખ્યાલ આવે કે કઈ સ્થિતિ છે. એટલા માટે આ જે વાત કરેલી છે એ વાત આપણે પ્રેકટિકલ જોઈ રહેલા છીએ. ઔદ્યોગિક વિસ્તારનો સર્વગ્રાહી પ્રદૂષણ મોજણીના ઉપર આપણે વાપી અંકલેશ્વર વટવા અમદાવાદ ભાવનગર અને જુનાગઢ અને રાજકોટ અને વડોદરાને સાહેબ ક્રિટિકલ પોલ્યુટેડ એરિયા, સિલ્યુટેડ પોલ્યુટેડ એરિયા કરેલ છે. તો સાહેબ આપણે ઠરાવ તો કરીએ. ગુજરાતના હિતમાં બધું કરીએ. કેન્દ્ર એની અંદર રચનાત્મક છે. એ પણ એની અંદર સુધારો કરવા માગે છે પણ તે દરમિયાનમાં આવા જે વિકાસના કામો બાબતમાં એકશન પ્લાન છે એના ઉપર તમે જે પોલ્યુશન કન્ટ્રોલ કરવા માગતા હોય તો એ સાહેબ આ મિટિંગમાં અમે પણ હાજર હતા અને એ મિટિંગમાં રાજય સરકારના અધિકારીઓ પણ હાજર હતા. જે દિવસે કેન્દ્રના મંત્રી આવેલા અંકલેશ્વરમાં બેઠક થયેલી ગુજરાત સરકારના અધિકારીઓને એટલી બધી ઝડપ હતી કે પ્લાન મૂકવામાં સાહેબ તૈયાર નહોતા. કયા પગલાં લેવાના છે એ પગલાં લેવા માટેનું કોઈ મૂકવા તૈયાર નહોતું એટલી ઝડપથી નીકળવા તૈયાર હતા કે મંત્રીશ્રી રાત રોકાયા અને ગુજરાતના અધિકારીઓ ઝડપથી ગાંધીનગર આવી ગયા. તમે જયારે કન્ટ્રોલ નથી કરી શકતા, તમે એકશન પ્લાન નથી બનાવી શકતા, પુટઅપ નથી કરી શકતા તો કેન્દ્રનો કયો દોષ? દોષ તો ગુજરાત સરકારનો છે કે એમણે ઉદ્યોગોની • (xxxxx) અંદર લોકોના જન જીવન પર અસર પડે તેવી જાતનું જં કંઈ કરેલ છે એના કારણે આજે આ સ્થિતિનું નિર્માણ થયેલ છે. હજી પણ આપણે સમજવું પડશે નહિ સમજીએ તો કોઈપણ સરકાર હશે જન જીવન ઉપર ગંભીર અસર થશે, લોકો રહી નહિ શકે, સામાજિક જીવન નહિ રહે, આરોગ્ય સૌનું નહિ રહે એટલા માટે આના તરફ ગંભીરતાથી ધ્યાન આપે, * (xxxxx) છોડીને આની ઉપર ગંભીરતાથી ધ્યાન આપવામાં આવે એવી મારી વિનંતી છે.

**સભાપતિશ્રી** : *(xxxxx)શબ્દ દૂર કરું છું.

**શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ)** :માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી ઋષિકેશભાઈ પટેલ આ ગૃહમાં પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારું અનુમોદન આપીને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

પર્યાવરણ અને પ્રદૂષણ બંને મુદ્દા ઉપર સૌ સભ્યશ્રીઓ ચિંતા કરે એ સ્વાભાવિક છે. પરંતુ જ્યારે દેશ અને રાજયના વિકાસ સાથે જોડાયેલો પ્રશ્ન હોય. ત્યારે સ્વાભાવિક રીતે ગુજરાત રાજયનો આર્થિક દ્રષ્ટિએ

• માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

વિકાસ થાય તે પણ આપણે જોવું પડે. સાથે સાથે પ્રદૂષણના મુદ્દાને પણ કઈ રીતે કયા એંગલથી આપણે નાથીએ એ પણ જોવું પડે. મારે સન્માનનીય ગૃહમાં એક જાણ કરવી છે કે જ્યારે ૧૯૯૪માં પ્રદૂષણ ધારો અમલમાં આવ્યો. ૧૯૭૪માં પાણી અને ઉપકરણ ધારો અમલમાં આવ્યો. ૧૯૭૭માં હવા ધારો બન્યો. મારો પહેલો પ્રશ્ન એ છે કે ૧૯૭૪થી ૧૯૯૫ સુધી જ્યારે આ દેશની અંદર અને રાજયમાં કઈ સરકાર સત્તા પર હતી, તો એ જે સરકાર સત્તા પર હતી ત્યારે ગંદા પાણીનો નિકાલ કરવા માટે કોઈ પાઈપ લાઈનની ચિંતા કેમ ન કરી? પાણી ગમે ત્યાં કેમ છોડી દેવામાં આવ્યું? પરિણામે ચારે બાજુથી, મારો મત વિસ્તાર વાપી છે. ત્યાં પ્રદૂષિત પાણી બહારથી ચોક્કસ નીકળે છે. કારણ કે ૧૯૭૭માં વાપી ઔદ્યોગિક વસાહતની સ્થાપના થઈ. ૨૫૦૦ એકરમાં સૌથી મોટો એશિયામાં બીજાં નંબરનો ઔદ્યોગિક વિસ્તાર છે. આ વિસ્તારમાં કમસેકમ રસાયણિક ઉદ્યોગો ૧૮૫ જેટલા છે. દવા ઉદ્યોગો ૪૩ જેટલા આવ્યા છે. કાપડ ઉદ્યોગો ૫૪ જેટલા આવ્યા છે. આ સાથે અન્ય ઉદ્યોગો ૩૪ આવેલ છે. આ સાથે કુલ આંકડાઓ છે એ ૭૩૦ જેટલા ઉદ્યોગો મારા વાપી મત વિસ્તારમાં આવ્યા છે. વાપી વિસ્તારનો ભારત સરકારે સર્વગ્રાહી સરવે કર્યો. તેમાં ચોક્કસપણે બાન મૂકવામાં આવ્યો છે. આપણે સૌ સમજીએ છીએ કે ઉદ્યોગો એમને એમ આવી જતા નથી. ગુજરાત રાજયમાં ઉદ્યોગો આવતા હોય તો તેને પ્રથમ જમીન લેવી પડે છે. સાથે સાથે જે તે ઉદ્યોગની અંદર તેમને સભ્ય બનવું પડે છે. એ બધી પ્રોસીજર કરવા માટે ખૂબ નાણાનું રોકાણ પણ કરવું પડે છે. તેના કારણે વધારે નુકસાન પણ થાય છે. જ્યારે બધી જ વ્યવસ્થા જે તે વિસ્તારમાં સંપૂર્ણ તૈયાર થઈ ગઈ હોય ત્યારે એ વ્યવસ્થા હું કહેવા માગું છું કે વાપી વિસ્તારમાં કમસેકમ કુલ ૭૩૦ જેટલા યુનિટો આવ્યા છે. તે સાથે મળીને આખો ટ્રીટમેન્ટ પ્લાન્ટ કઈ રીતે બનાવીએ તેનો વિચાર કરવામાં આવ્યો. કુલ ઉદ્યોગો આવ્યા છે તેમાં ૯૨ કિલોમીટર ભૂગર્ભ પાઈપ લાઈન નાખવામાં આવી છે. એના દ્વારા પાંચ જેટલા પંપ સેટ બેસાડવામાં આવ્યા છે. એ પાંચ સ્થળ ઉપરથી ટોટલ ૯૨ કિલોમીટરમાંથી ગંદા પાણીનું વાહતુક કરીને Effluent Treatment Plant એ વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશને બનાવ્યો છે અને તેમાં એ પાણી ભેગું કરવામાં આવે છે. એ ગંદું પાણી ભેગું કર્યા પછી તેનું શુદ્ધિકરણ કરવામાં આવે છે અને અત્યારે સરકારના નોર્મ્સ પ્રમાણે bhd જોઈએ એટલું ડાઉન કરીને એને દમણગંગા નદીના અગાર ઉપર એને કમસેકમ અરબી સમુદ્રમાં પાઈપ લાઈન દ્વારા નાખવામાં આવે છે અને આ સીસ્ટમ અત્યારે અમલમાં છે. ત્યારે મારે એ વસ્તુ કહેવી જરૂરી છે કે આ બધી વ્યવસ્થા થઈ ગઈ છે. આજે આખા રાજયમાં ફરો તો સ્વાભાવિક રીતે કોઈ પણ જગ્યાએ ગંદું પાણી જોઈ શકીએ નહીં અને એશિયામાં સારામાં સારું સૌથી પહેલી શરૂઆત ૧૯૯૭માં Effluent Treatment Plant ત્યાં કરવામાં આવેલો છે. રોજ કમસેકમ ૫૫ એલ.એમ.ડી. જેટલું પાણી આ પંપીંગમાંથી શુદ્ધ કરીને દરિયાની અંદર જ્યારે નાખવામાં આવે છે. આ વ્યવસ્થા કરેલી છે. ત્યારે આ ઉદ્યોગોના વિકાસમાં અવરોધ કરવા માટે અને તેના ઉપર બેન કરવા માટે ભારત સરકારે નિર્ણય લીધો છે. મારી દ્રષ્ટિએ વ્યાજબી નથી. કારણ કે મારા મત વિસ્તારની બાજુ પર સેલવાસ છે. સેલવાસમાં ૩૦૦૦ જેટલા ઉદ્યોગો આવેલા છે. એમાં ૧૦૦ જેટલા યુનિટો કેમીકલ ઝોન છે. છતાં પણ ત્યાં અત્યારે પાણીની કોઈ વ્યવસ્થા નથી. કેન્દ્ર સાથે સીધી રીતે વહીવટ કરતું સેલવાસ, ત્યાં આ પરિસ્થિતિ ઉભી થતી હોય તો અત્યારથી જ આપણે ચેતવાની જરૂર છે. આ પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી (સૂરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી ઋષિકેશભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારી બે વાત કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય ખૂબ ઝડપી ઔદ્યોગિકી કરણ અને શહેરીકરણ તરફ આગળ વધતું રાજય છે. રાજયનો વિકાસ છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાત સરકારની પ્રોત્સાહક નીતિના કારણે ખૂબ ઝડપથી થઈ રહ્યો છે. જ્યારે આપણે વિકાસની વાત કરતા હોઈએ ત્યારે ગુજરાત સરકારનો અભિગમ સ્વયં સ્પષ્ટ છે કે, આ વિકાસ માનવ ચહેરાના દર્શન સાથેનો હોય અને એટલા માટે ૨૦૦૯ની અંદર રાજય સરકારે એની ઔદ્યોગિક નીતિ જાહેર કરી ત્યારે એમાં સૌથી વધારે કોઈ વિષય ઉપર ભાર મૂકવામાં આવ્યો હોય તો એ પર્યાવરણના વિષય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ ગૃહના સન્માનનીય સભ્યો જે ચિંતા લઈને આવ્યા છે, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૧૩-૧-૧૦ના કાર્યાલય આદેશને લઈને આ રાજયના વિકાસમાં ખૂબ મોટો અવરોધ ઊભો થવાનો છે એ વાત લઈને આવ્યા છે. હમણાં ગૃહના સન્માનનીય સભ્ય વિપક્ષના નેતા કહી રહ્યા હતા કે જે સંસ્થાએ અભ્યાસ કર્યો છે એ ખૂબ પ્રમાણિત સંસ્થા છે, તટસ્થ સંસ્થા છે. આપણને કદાચ એના ઉપર અવિશ્વાસ ન આવે પણ અવિશ્વાસ આવવાના કારણો છે. તા.૧૩-૧-૧૦ની અંદર જે નોટિફિકેશન બહાર પાડ્યું ત્યારે એની અંદર આખાને આખા જિલ્લાનો સમાવેશ થતો હતો. એટલે અમે અને રાજય સરકારોએ એમાં રજૂઆત કરી ત્યારે એ નોટિફિકેશનમાં સુધારાઓ આવ્યા. ૧૫ તારીખે છેલ્લે હમણાં બીજું નોટિફિકેશન આવ્યું એમાં કલસ્ટરની જાહેરાત કરી. જો એમાં આપણને ભરોસો બેસે એવું હોય તો પહેલાં ૧૩-૧ એ જાહેર કર્યું. એટલે આ નોટિફિકેશન સ્વયં શંકા ઉપજાવે એવું છે. ૮૮ જિલ્લાઓને ક્રિટીકલ જાહેર કર્યા. એમાં ગુજરાતના ૯ જિલ્લા, એમાં મારા સૂરતનો સમાવેશ થાય છે. હું સૂરતની બાબતમાં વાત કરું. પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને રાજય સરકાર ઉદ્યોગોનો જે વિકાસ થયો છે એમાં પર્યાવરણનું કેટલું ધ્યાન રાખે છે એના બે-ત્રણ દાખલા આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૂરત મહાનગરપાલિકા પણ પર્યાવરણની બાબતમાં ખૂબ જાગૃત છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ રાજય સરકારનો જે અભિગમ છે, હમણાં સૂરતની અંદર નવું જિલ્લા સેવા સદન બન્યું. એમાં જે ઈલૅક્ટ્રીસીટીનો ઉપયોગ થાય છે એમાં આખા દેશની અંદર કોઈ જિલ્લાનું વહિવટી તંત્ર સૌર ઊર્જાથી ચાલતું હોય એવું આ પહેલું સેવા સદન છે. ૪૦ કિલો વોટ કેપેસીટીનું સૌર ઊર્જાથી ચાલતું આ પહેલું સેવા સદન છે. ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગના ઘણા એકમો આવેલા છે. ગયા વર્ષે રાજય સરકારે એમાં ધુમાડાનું પ્રદૂષણ હતું એ દૂર કરવા માટે પહેલા જે નિયમ હતો ૮૮૦ એમનો એમાં સુધારો કરીને ૧૫૦ કર્યો અને ૧૫૦ના કારણે બેક ફિલ્ટર લગાવવાનું ફરજિયાત કર્યું. જેનાથી ધુમાડાનું પ્રદૂષણ ઓછું થાય. ગૃહના સભ્યશ્રી ઋષિકેશભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં આ મારા વિચારો રજૂ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જે ગૃહના સભ્ય રુષીકેશભાઈ પ્રસ્તાવ લાવ્યા છે એને હું મારું સમર્થન કરું છું.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ,

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ આપો.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ..સમય છે જ નહીં બિલકુલ

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બે જ મિનિટ

**સભાપતિશ્રી** : સમય છે જ નહીં બિલકુલ, હજી એક પ્રસ્તાવ બાકી છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગમંત્રીશ્રી)** :: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, હું ચોકકસપણે કહી શકું કે ખૂબ ચિંતાજનક છે. (અંતરાય)

**સભાપતિશ્રી** : સમય છે જ નહીં બિલકુલ

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મિનિટ વધે જ છે, આમ પણ વધે છે.

**સભાપતિશ્રી** : નથી વધતી એક પણ મિનિટ એમને ૧૫ મિનિટ ફાળવેલી છે (અંતરાય) તમારી ૨૧ મિનિટ થઈ ગઈ છે. અંતરાય .. તમને ફાળવેલી ૨૧ મિનિટ થઈ ગઈ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સૌરભભાઈ બે મિનિટમાં પૂરું કરશે.

**સભાપતિશ્રી** : માનનીય શ્રી બાબુભાઈ .. ..

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઋષિકેશભાઈ પટેલ જે પ્રસ્તાવ લાવ્યા છે, એ સમગ્ર રાજયની પ્રજાની વાતાવરણને શુદ્ધ રાખવાની જે ચિંતા છે એટલા માટે થઈને આ પ્રસ્તાવને હું ટેકો આપુ છું. સર્વગ્રાહી પર્યાવરણ પ્રદૂષણ સી.ઈ.પી.આઈ.માં વાપી, અંકલેશ્વર, વટવા ઔદ્યોગિક વિસ્તાર ઉપરાંત અમદાવાદ, ભાવનગર જુનાગઢને ગંભીર ક્રીટીકલી પોલ્યુટેડ એરીયા, તેમજ વડોદરા, રાજકોટને severely polluted area ગણવામાં આવેલા છે પણ આ સર્વગ્રાહી હોય જૂનાગઢને ગણવામાં આવતું હોય તો કચ્છના વિસ્તારોની

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અંદર કંઈ ઔદ્યોગીકરણ થઈ રહ્યું છે ત્યારે કચ્છમાં એક પણ કૉમન એફલ્યુઅન્ટ પ્લાન્ટ નથી, એનો ડમ્પીંગ પ્લાન્ટ જે સોલીડ વેસ્ટનો એકાદ પ્રાયવેટ ધોરણે શરૂ થયો છે પણ આ પાણીના નિકાલ કરવા માટે થઈને એને સ્વચ્છ કરીને જો પાણી છોડવામાં આવે તો એ ખૂબ સમયની માગ છે અને નહીં તો નદી-નાળાને દુષિત કરવા માટેનું એક મોકળું મેદાન આ માત્ર પોલ્યુશન કંટ્રોલ નિવારવાની ઝંઝટમાંથી બચવા ઉદ્યોગપતિઓ સીધો shortcut રસ્તો લે છે. ગુજરાતના પોલ્યુશન કંટ્રોલ બોર્ડની એફીસીયન્સી ખૂબ સારી કહેવાય છે અને એમણે પગલા પણ લીધેલા છે, એના માટેની એને નોટિસ પણ આપે, એને કલોઝરની પણ નોટિસ આવે પણ કલોઝરની નોટિસ પછી હવામાં ઓગળી જતી હોય છે એટલા માટે થઈ અને કચ્છ જેવા વિસ્તારની અંદર જ્યાં પાણીનો નિકાલ થાય એની ખાતરી કર્યા પછી જ પાણીની મંજૂરી આપવી જોઈએ, એ આપવામાં આવે તો જ આ પ્રદૂષણ નિવારી શકાય એમ છે એટલું માનનીય મંત્રીશ્રીને કહેવું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી (અંતરાય) આપના પક્ષને મળેલા સમય કરતા પણ ૨ મિનિટ વધારે આપી હતી એ ૨ મિનિટ પૂરી થઈ જાય છે, આપે જે કંઈ કહેવું હોય એ ફરી ચર્ચામાં કહેશો,(અંતરાય) માનનીય મંત્રીશ્રી (અંતરાય) બાબુભાઈ બેસી જાવ.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તે ચોકકસપણે ચિંતાજનક છે. ૧૩-૧-૨૦૧૦, ચોકકસપણે કહી શકું કે It is a black letter day for all industries in the country. માનનીય અધ્યક્ષશ્રી, ૮૮ ઈન્ડસ્ટ્રીયલ એરીયાસને આખા દેશમાં બહુ જ ઉતાવળ કરીને કેન્દ્ર સરકારે આઈ.આઈ.ટી.નું નામ આગળ રાખીને એક બેન મૂકી દીધો, અને આ બેન મૂકયો અને આખા દેશની અંદરથી અનેક રજૂઆતો કેન્દ્ર સરકારને ૩ મહીનાની અંદર ગઈ, બધા જ વિચારતા થઈ ગયા ઉદ્યોગોવાળા કે આવો નિર્ણય કઈ રીતે લઈ શકાય? નિર્ણય પણ કેવો લીધો કે કયારેય કોઈને નોટિસ ન આપી હોય, કોઈને કારણો ન આપ્યા હોય, જે ઓબ્જેકશન આપવાની જે પદ્ધતિ છે એ ઓબ્જેકશન પદ્ધતિ ન લીધી હોય અને નેચરલ જસ્ટીસ જે મળવું જોઈએ એ આપ્યા વગર વન સાઈડેડ ઓર્ડર ૧૩-૧-૨૦૧૦ના કારણે આપણા બાહોશ મંત્રીશ્રી આરદણીય જયરામભાઈના વિભાગે આ નિર્ણય લીધો, ઘણી

રજૂઆતો થઈ, અને એ નિર્ણય જ્યારે આપ્યો ત્યારે ઑફિસ મેમોરેન્ડમ દ્વારા કહેવામાં આવ્યું Central Pollution Control Board in association with IIT New Delhi have carried out an environmental assessment એટલે આઈ.આઈ.ટી.ની જોડે કર્યુ છે એવું એમણે આની અંદર સ્પષ્ટ કરવામાં આવ્યું. બધી રજૂઆતો કરી, કે આખાને આખા જિલ્લાઓ કેમ લો છો અને આઈ.આઈ.ટી.એ પછી કાગળ લખ્યો અને આઈ.આઈ.ટી., આપણા તરફથી ૧૬મી જાન્યુઆરીએ તારીખે સચિવશ્રીનો કાગળ ગયો. એ ઉપરાંત આપણા ચેરમેનશ્રીએ પણ કાગળ લખ્યો અને એમણે ઘણી બધી વિગતો એમાં આપી. આઈ.આઈ.ટી. દિલ્હીએ ૨૧મી જાન્યુઆરીએ કાગળ લખ્યો છે. આઈ.આઈ.ટી. દિલ્હીએ એમાં સ્પષ્ટ લખ્યું છે કે IIT Delhi was not involved in any study with respect to the collection of data/information from the industrial areas/clusters. The data was collected by C.P.C.B. and concerned S.P.C.B./P.C.C.B for varius industrial areas/clusters. આ શું કહે છે? આઈ.આઈ.ટી.એ કંઈ જ કર્યું નથી. આઈ.આઈ.ટી.એ તો જે સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે વિગતો આપેલ એના આધારે કર્યું છે. જે માહિતી આપી એની અંદર જિલ્લાઓ સ્પષ્ટપણે આખા દેશની અંદર મૂક્યા. એના કારણે શું થયું? સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની મિટિંગો થઈ અને એ બોર્ડની મિટિંગમાં જે પ્રમાણે પ્રોજૅક્ટો મંજૂરી માટે ત્યાં જતા એને મંજૂરી ન મળી ત્રણ મહિના સુધી અને કારણ એ બતાવ્યું છે કે અમે આ જે ઑફિસ મેમોરેન્ડમ કર્યું છે એના આધારે અમે કરી શકતા નથી. હું એક જ મિટિંગનો અનુભવ કહું. ઓ.એન.જી.સી.એ પાદરા તાલુકામાં ડ્રીલીંગ માટે, એક્સપ્લોરેશન માટે મંજૂરી માગી. એનો જવાબ આપ્યો છે. It was noted that the block falls in Vadodara district which is listed as serial number ૫૭ એટલે એના કારણે ૫૭ સિરિયલ નંબરમાં વડોદરા ડિસ્ટ્રિક્ટ લખ્યું હતું એના કારણે એને મંજૂરી આપવામાં આવી નહીં. આ સી.પી.સી.બી.ની મિનિટસ છે એ મિનિટસમાં અપ્રાઈઝલ કમિટિનો અહેવાલ છે. પછી એમણે શું લખ્યું? રાજકોટ આખો જિલ્લો લખ્યો હતો. એટલે expansion of cynthetic orgenic chemicals જે રાજકોટ માગ્યું હતું એની અંદર તો એમ લખ્યું છે કે As the Project falls in Rajkot district which is listed a serial number ૫૯ in the cluster of industrial area. એટલે રાજકોટને એમાં પણ મળે નહીં. એવી જ રીતે વડોદરામાં પાદરા તાલુકામાં કેમિકલ ઉદ્યોગ માટે એમાં લખવામાં આવ્યું કે It is falling in Vadodara district એટલે વડોદરાની અંદર મંજૂરી મળે નહીં. આવા દેશની અંદર અનેક દાખલાઓ છે. એટલે પર્યાવરણ વિભાગની આંખો ખુલી અને એમણે જોયું કે આ તો ભૂલ થઈ ગઈ છે અને ક્લાઈમેટ ચેન્જના વિભાગ વખતે પણ મેં કહ્યું હતું લખ્યું હતું. એમના સચિવશ્રીએ વર્બલી કહ્યું હતું કે અમારી ભૂલ થઈ ગઈ છે અને બે-ત્રણ દિવસમાં કાઢવાના છીએ. આ કાંઈ એક બે ત્રણ ભૂલ નથી. એકેએક જગ્યાએ સુધારા કર્યા છે. અંકલેશ્વરની જગ્યાએ અંકલેશ્વર જી.આઈ.ડી.સી., ગુજરાત, વાપી, ગુજરાતની જગ્યાએ જી.આઈ.ડી.સી., વાપી કર્યું, ગાઝીયાબાદ ઉત્તરપ્રદેશમાં સેન્સીબલ એરિયા નક્કી કર્યો કે મોહનનગર ઈન્ડસ્ટ્રીયલ એરિયા. રાજેન્દ્રનગર ઈન્ડસ્ટ્રીયલ એરિયા. એવી જ રીતે ચંદ્રાપુર, મહારાષ્ટ્ર, કોરબા, છત્તીસગઢ, ભીવંડી રાજસ્થાન. આવી રીતે એક નહીં પણ ૪૩ ભૂલો કરી છે. આ તો ૪૩ ભૂલો છે એનો એમણે ડીટેઈલ અહેવાલ મોકલ્યો છે. આના કારણે આપણને ફાયદો એ થયો કે આ રજૂઆત કરી એના કારણે મારા ખ્યાલ પ્રમાણે રાજકોટ જિલ્લાને સંપૂર્ણપણે બહાર કાઢી લીધેલ છે. એટલે રાજકોટને ક્યારેય પ્રોબ્લેમ નહીં થાય. આ નાની વસ્તુ નથી. આ ક્રીટીકલ ડીફાઈન કરે છે અને જ્યારે ક્રીટીકલી ડીફાઈન કરે એની અંદર પ્રોજૅક્ટ બી કેટેગરીના હોય અને ૧૦ કિલોમિટરના વિસ્તારમાં fall થતા હોય તો કેન્દ્રની મંજૂરી લેવા જવું પડતું હોય છે. એના કારણે ગુજરાતના અને આખા દેશના ઉદ્યોગોને આ નીતિના કારણે ખૂબ મોટું નુકસાન થતું હતું. એના સુધારા ૧૫મી માર્ચે લાવવા પડ્યા. માનનીય શક્તિસિંહભાઈએ વાત કરી કે અને કેન્દ્ર સરકારે પોઝિટીવ એપ્રોચ લીધો. એમણે ફોન કરીને વાત કરી, ચોક્કસપણે આભાર વ્યક્ત કરું છું. ફોન કરીને બે દિવસમાં જયરામ રમેશે આટલા નિર્ણાયો લીધા હોય તો હું વિનંતી કરું કે રાજ્યના અનેક પ્રશ્નો છે. રોયલ્ટીના અને ગેસના પ્રશ્નો છે અને આટલું જ પોઝિટીવો એપ્રોચ જો સેન્ટ્રલ લે તો મારા મત પ્રમાણે આવતો દસકો ચોક્કસપણે ગુજરાતનો રહેશે. બીજી બધી પર્યાવરણની અહીં વાત કરી. હું ચોક્કસ કહીશ કે એન્વાયરમેન્ટની ચિંતા કરવી જોઈએ. એના માટે ગુજરાત સરકારે ઘણા બધા પગલાંઓ લીધા છે. આજની તારીખે ગુજરાતમાં આપણે જે કોમન એન્ફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કર્યા છે એમાં ૨૧૩ એમ.એલ.ડી.ની આપણી પાસે કેપેસિટી સી.ઈ.ટી.પી.ની છે. આ દેશની અંદર કોઈ રાજ્ય પાસે નથી અને આના કારણે આજની તારીખમાં સિસ્ટમ એટલી સરસ ગોઠવાય છે કે કેમિકલ ઉદ્યોગવાળા ગુજરાતને પસંદ કરે છે કારણ કે આપણે એમને ઈન્ફાસ્ટ્રક્ચર પ્રોવાઈડ કરીએ છીએ. GIDC એસ્ટેટની અંદર આજની તારીખમાં ૧૫ એરિયા એવા છે કે જ્યાં આપણે આ Coman influent trieatment Plant ઊભા કર્યા છે. GIDCની બહાર ૯ છે જેની ૧૨.૯ ટકા mld કેપેસિટી છે. એમ જોવા જઈએ તો અંદર અને બહાર બંને ગણીએ તો ૨૧૩ mld ની આપણે વ્યવસ્થા ગોઠવી છે. જેને effluent treatment plant માટે વ્યવસ્થા કરવી હોય તો GIDC આજની તારીખમાં ૫૦ ટકા કિંમતે allotment price ની અંદર એને SBV form કરવા માટે જમીન આપે છે. બીજું, એવી જ રીતે સોલિડ વેસ્ટ ડિસ્પોઝલની પણ વાત કરી તો ૮ disposable project ગુજરાતની અંદર છે, ૬ GIDCમાં અને

૨ GIDC બહારની અંદર છે અને એના કારણે આપણે આ ઉદ્યોગોને ખૂબ મોટો લાભ આપી શક્યા છીએ. આ ઉપરાંત ગુજરાત એક રાજ્ય છે કે જેની અંદર comman insinuation facility ૩ આપેલી છે. વધારે આપણે આવતા દિવસોની અંદર ૯ પ્લાઝમા ટેકનોલોજી દ્વારા અંકલેશ્વરની અંદર આપણે એક નવી સંસ્થા ઊભી કરીએ છે અને આ પ્લાઝમા ટેકનોલોજી દ્વારા આવતા દિવસોની અંદર પ્રદૂષણ કેવી રીતે એને હલ કરીએ એનો રસ્તો આના દ્વારા કાઢવા માગીએ છીએ. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે હમણાં ઘણાંએ અંકલેશ્વર, પાનોલી અને ઝઘડિયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની વાત કરી. આની અંદર ૫૫ કિલોમિટર પાઈપલાઈન દરિયામાં નાંખીને આપણે આના પાણીનો નિકાલ કરીએ છીએ. દહેજ અને વિલાયત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ૯૦ mld કેપેસિટી ૫૨ કિલોમિટર પાઈપ લાઈન દરિયામાં નાંખીને આપણે પાણીનો નિકાલ કરીએ છીએ. એવી જ રીતે બરોડાની અંદર ૫૫ કિલોમિટર ગલ્ફ ઓફ ખંભાતની અંદર નાંખી રહ્યાં છીએ. સારીગામની અંદર ૨૫ mld, કુલ ૩૨૫ mld ની પણ આપણે વ્યવસ્થા ગોઠવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ગુજરાત Clean production centre આપણે ઊભું કર્યુ છે અને United Nations Industrial Development Organization એ આને પ્રમોટ કરે છે. ગુજરાત બીજું રાજ્ય દેશની અંદર છે કે જેણે આ સેન્ટર ઊભું કર્યુ છે અને સૌથી એકટીવ હોય તો આ ગુજરાતનું સેન્ટર છે. આ સેન્ટરની કામગીરી એ છે કે પહેલાથી પ્રિવેન્શન કરે છે, પાછળથી પ્રોબ્લેમ solve નથી કરતા આના કારણે ડાઈઝ હોય, ઈન્ટર મિડિયેટ હોય, પલ્પ હોય, ટેકસટાઈલ હોય, electroplating હોય આ બધા જ ઉદ્યોગોને પહેલેથી demonstration આપીને poluction ઈશ્યું હલ કરવા માટે એ લોકો એમને ઈન્ફરમેશન આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત આપણે ઈકો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ગોઠવીએ છીએ. ઈકો ઈન્ડસ્ટ્રીયલ પાર્કની આપણી ખાસિયત એ છે કે આ જે કાંઈ વેસ્ટ નીકળે એ વેસ્ટ એજ પાર્કમાં બીજાના રો-મટિરિયલ તરીકે કેવી રીતે ઉપયોગમાં આવે એના માટે આ પાર્ક ઊભો કરવામાં આવ્યો છે એટલે જેટલો વેસ્ટ નીકળે એને commercial recycle કરી અને value addition કરી અને એને ત્યાં જ વાપરવામાં આવે એટલે બહાર ફેંકવાની જરૂર ના પડે એના માટે આપણે આ ઈકો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક concept આપણે ઊભો કર્યો છે અને આની પણ આવતા દિવસોની અંદર ખૂબ મોટી કામગીરી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસપણે હું કહી શકું કે આવતા દિવસોની અંદર ગુજરાત સરકારની જે નીતિ છે એ નીતિના આધાર ઉપર જે પોલિસી બનાવી છે એ પોલિસીના કારણે ચોક્કસપણે environmental protection ના ઘણાં measure લીધા છે અને PPP Board ઉપર environment Infrastructure કેવી રીતે વધારે થાય અને Common effluent treatment plant એ environment ની દ્રષ્ટિએ જોવા જઈએ તો એ પ્રમાણેના પ્રયત્નો કરવા અને ચોક્કસ હું સભ્યશ્રીઓને કહું છું કે environment ની દ્રષ્ટિએ ગુજરાત સરકાર ખૂબ ચિંતિત છે. ગુજરાત Pollution Control Board અને GIDC આના માટે ખૂબ મહેનત કરે છે અને કડકમાં કડક પગલા લેવામાં આવશે અને જે કોઈ poluction કરતા હશે એને નિયમ પ્રમાણે નોટિસ આપી અને કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારાં રજૂ કરેલા પ્રસ્તાવમાં વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી, શ્રી દુષ્યંતભાઈ, શ્રી ઈકબાલભાઈ, શ્રી રમણભાઈ, શ્રી નાનુભાઈ, શ્રી બાબુભાઈ અને માનનીય મંત્રીશ્રીએ જે પોતાના વિચારો વ્યકત કર્યા તે બદલ હું સૌનો આભાર માનું છું.

ભારત સરકારે સમગ્રપણે થયેલી રજૂઆતના કારણે પોતાની ભૂલ સ્વીકારી કરેલ સુધારાને આવકારી મારો પ્રસ્તાવ હું પાછો ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિના વિરોધે કરીએ એટલું કે ભારત સરકારે ભૂલ કરેલી સુધારી છે એમ નહીં ભારત સરકારે કલેરીફીકેશન કરી આપ્યું છે એટલે વિના વિરોધે પરત ખેંચે.

**શ્રી સૌરભ પટેલ** : કલેરીફીકેશન સમજીએ.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો પ્રસ્તાવ પાછો ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગુ છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો પ્રસ્તાવ પાછો ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : વિના વિરોધે પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવે છે.

# છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ ૧૦૨)

## પોલીસ દળને કાર્યક્ષમ બનાવવા પગલાં ભરવા અંગે

**શ્રી હીરાભાઈ હ. પટેલ (લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, ''ગુજરાત રાજય એ સરહદી રાજય છે તે જોતાં ગુજરાતના આમ આદમીની સલામતી માટે ચિંતા સેવવી તે અત્યંત જરૂરી છે પરંતુ આ સલામતી માટે પોલીસ દળમાં પોલીસ કૉન્સ્ટેબલથી માંડી ઉચ્ચ કક્ષા સુધી ઘણી બધી જગ્યાઓ ખાલી છે. ત્રાસવાદ વિરોધી દળ (એટીએસ) માં પણ ઉચ્ચ કક્ષાની ઘણી જગ્યાઓ ખાલી છે. મરીન પોલીસ સ્ટેશનોમાં પણ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ નથી. સંદેશા વ્યવહાર માટે કરોડોના ખર્ચે પોલનેટ સિસ્ટમ બેસાડી છે પરંતુ તે તેના સ્થાપના કાળથી જ બિન કાર્યક્ષમ છે. આ બધા કારણોસર ગુજરાત બિલકુલ અસલામત બની ગયું છે. આતંકવાદીઓ માટે ગુજરાતમાં પગ પેસારો કરવો આસાન બની ગયો છે. મુંબઈના બૉમ્બ ધડાકા માટે આતંકવાદીઓ ગુજરાતના પોરબંદરથી બોટ લઈ ઘૂસ્યા હતા અને બૉમ્બ ધડાકા કરી અસંખ્ય માનવીઓના જીવ હણી નાખ્યા હતા. આ બધી બાબતો ધ્યાને લઈ ગુજરાતના પોલીસ દળને સંપૂર્ણ કાર્યક્ષમ બનાવવા જરૂરી તમામ પગલાં ભરવા સંબંધમાં આ સભાગૃહમાં ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવે. ''

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** માનનીય અધ્યક્ષશ્રી, આંતરિક સલામતીનો વિષય એ રાજયનો વિષય છે અને રાજય સરકાર રામ રાજયની કલ્પના કરે, કલ્પના કરવી એ એક બાબત છે અને તેની અનુભૂતિ કરાવવી એ એક બીજી બાબત છે. અને એ એટલે અત્યાર સુધી આટલા વર્ષો સુધી આ સરકાર ગુજરાતના સાડા પાંચ કરોડ લોકોને પ્રતીતિ કરાવી શકી નથી અને એનું અમને દુ:ખ છે. માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાના પાવાગઢના જંગલોમાં દિવસોના દિવસો સુધી આતંકવાદીઓએ કૅમ્પ ચલાવી, ટ્રેનિંગ આપી અને રાજયની સરકારને દિવસોના દિવસો સુધી એની કોઈ જાણકારી થઈ નહીં. મુખ્ય મંત્રીના રહેઠાણથી માત્ર સો મીટર દૂર આતંકવાદીઓએ અક્ષરધામ ઉપર હુમલો કર્યો અને મુખ્ય મંત્રીશ્રી અને ગાંધીનગરમાં બધા એને જોતા રહ્યા. આજની તારીખે સમગ્ર રાજયની અંદર કાયદો અને વ્યવસ્થા, લૂંટફાટ, આત્મહત્યા, ખૂનો આ બધી એક સામાન્ય ઘટના બની ગઈ છે અને તેને રોકવામાં તંત્ર સદંતર નિષ્ફળ ગયું છે. બીજી વાત કરું તો માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો જે હસ્તક્ષેપ છે એ તંત્ર ઉપર એટલા મોટા પ્રમાણમાં છે કે, નિષ્ઠાપૂર્વક સ્વતંત્ર રીતે કામ કરી શકતા નથી અને એનું પણ આ એક પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે પોતે જાતે સ્વયં સલામત ન હોઈએ અને આપણે બીજાઓને સલામતી બક્ષવાની વાતો કરીએ એ પણ સત્યથી વેગળી એક વાત છે ત્યારે આ બધાના મૂળમાં જો કોઈ કારણ હોય તો ગુજરાતમાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ પોલીસ ઈન્સ્પૅક્ટરથી લઈને લોક રક્ષકની જગ્યાઓમાં ૧૮૬૨૨ જેટલી જગ્યાઓ ખાલી છે. ગુજરાતમાં લાઈટ મોટર વેહીકલ ૩૧-૩-૦૯ની સ્થિતિએ ૪૬૦ જેટલા ઓછા હતા, મોટર સાયકલ ૩૧૩ જેટલા ઓછા હતા અને અન્ય વાહનો પણ ૧૦ જેટલા ઓછા હતા. બી.પી.આર. એન્ડ ડી.ના નક્કી કરેલા ધોરણો કરતાં પણ અનેક વાહનો ઓછા રહેવા પામેલા હતા.૧૪૫ જેટલા પોલીસ સ્ટેશનોમાં ૧૩૮ પોલીસ સ્ટેશનોને માત્ર એક ફોરવ્હીલર સાધન ઉપલબ્ધ હતું અને બાકીના સાત જેટલા પોલીસ સ્ટેશનોમાં એક પણ ફોરવ્હીલર નહોતું. કેગના અહેવાલમાં પણ નોંધ કરવામાં આવી હતી કે દારુગોળાની અછત ૧૭ટકાથી સો ટકા સુધી જોવા મળી હતી. આ અછત માટે ગુજરાત સરકારે લેખીતમાં પ્રત્યુત્તરમાં સ્વીકાર્યું હતું કે રાજય પાસે ભંડોળની અછતને લીધે દારુગોળો ખરીદી શકાયો નથી. ત્રાસવાદી વિરોધી દળ એ.ટી.એસ.ની રચના સન ૧૯૯૩માં કરવામાં આવી છે. આ દળની અંદર ઈન્સ્પેકટર જનરલની ૬ જગ્યા સન ૨૦૦૮થી ખાલી છે. સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ ઓપરેશનની ૬૭ટકા જેટલી જગ્યા સન ૨૦૦૮થી ખાલી છે જયારે પોલીસ સબ ઈન્સ્પેકટરની સન ૨૦૦૫થી ૬૧ટકા જેટલી જગ્યા ખાલી છે. હેડ કોન્સ્ટેબલની ૫૫ટકા જગ્યા સન ૨૦૦૪થી ખાલી છે. મરીન પોલીસ સ્ટેશન ઉપર સુવિધા નથી. સંદેશા વ્યવહાર માટે ૪.૪૭કરોડના ખર્ચે પોલનેટ સિસ્ટમ બેસાડી છે પરંતુ તેની સ્થાપના કાળથી બીન કાર્યરત છે આ બધા કારણોસર ગુજરાત અસલામત બન્યું છે. આતંકવાદીઓ માટે ગુજરાતનો રસ્તો આમ આદમીને મારી નાખી શકે તેટલો આસાન બની ગયો છે. મુંબઈના બોમ્બ ધડાકા માટે ગુજરાતના પોરબંદરથી બોટ આતંકવાદીઓ આવીને લઈ ગયા એ સંજોગો જોતાં ભરતી કરવાનું કામ છે તો મને બીજો પ્રશ્ન એ થાય છે કે ઝીરો અનએમ્પ્લોમેન્ટ ઉપર આવી ગયા છે કે જરૂરી માણસ ગુજરાતમાંથી ઉપલબ્ધ નથી.? કયા કારણસર આ ભરતી આપણે કરતા નથી? આને કારણે સમગ્ર રાજયમાં લુંટ, ચોરી, હત્યા, બળાત્કાર થાય તો આ અંગે તાત્કાલીક કોઈ કામગીરી થતી નથી તેથી મારી આપના માધ્યમથી વિનંતી છે કે ગુજરાતના પોલીસ દળને સંપૂર્ણ કાર્યક્ષમ બનાવવા માટે જરૂરી તમામ પગલાં ભરવા માટે ગુજરાત સરકારને આ સભાગૃહ અનુરોધ કરે એવી વિનંતી કરું છું.

શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હીરાભાઈ પટેલ છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે હું એમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત એ સરહદી રાજય છે. દુશ્મન દેશની પડખે આવેલું રાજય છે, એટલે ગુજરાતની સલામતી માત્ર ગુજરાતની સલામતી નહીં પણ આખા દેશની સલામતીની દ્રષ્ટિએ પણ ગુજરાતની સલામતી ખૂબ અગત્યની છે. ગુનેગારો રાજય સરકારની ઈચ્છાશકિત અને ગૃહ વિભાગની ધાક એને કારણે ગુનો કરતા અટકતા હોય છે અને બંને બાબતો સરકારની ઈચ્છાશકિત અને ગુનેગારોને ડર લાગે એ પ્રમાણેની ધાક એને કારણે રાજય સરકારના છેલ્લા ૧૦ વર્ષના આંકડા જોઈએ તો ગુનેગારોની સંખ્યાની અંદર જનસંખ્યામાં વધારો

થયો છે અને ગુનાની સંખ્યામાં ઘટાડો થયો છે. કેટલાક ઈનીશ્યેટીવ પગલાં પણ રાજય સરકારે લીધાં છે. આતંકવાદી પ્રવૃત્તિ આખી દુનિયા અને દેશની અંદર આપણે જોઈએ તો ગુજરાત એ બાબતે ખૂબ સજાગ છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ સાત હતી. એને બદલે હમણાં એ સાતની સાથે નવી ૧૩ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ચાલુ કરી છે. મેન પાવરને ટ્રેનીંગ આપવા માટે રાજય સરકારે સેન્ટર શરૂ કર્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ૪૨ જેટલા નવા પોલીસ સ્ટેશનો ગુજરાત સરકારે ચાલુ કર્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં ચાર નવા એસ.આર.પી.ના ગૃપ શરૂ કર્યા. એક મહિલા એસ.આર.પી.ની કંપની પણ શરૂ કરી છે. ગુનેગારો ટેકનોલોજીનો ઉપયોગ કરી અને ગુનો કરતા થયા છે ત્યારે. એ બાબતમાં પોલીસને સજ્જ કરવા માટે સાઈબર સેલ પણ રાજ્ય સરકારે શરૂ કર્યુ છે. ત્રાસવાદ વિરોધી કાર્યવાહી માટે દરેક જિલ્લાની અંદર ત્રાસવાદી પ્રવૃત્તિઓની સામે લડી શકે એ માટે પોલીસ દળની અંદર એસ.ઓ.જી. ની શરૂઆત કરી. ૬૫૯ જેટલી નવી જગ્યાઓ મંજૂર કરી છે. ચેતક કમાન્ડો ફૉર્સ માટે શરૂઆત કરી અને શરૂઆત કરીને ફરી ૨૧૬ જેટલી નવી જગ્યાઓ પણ રાજ્ય સરકારે શરૂ કરી છે. આઈ.બી. ની નવી કૅડર ચાલુ કરીને પહેલા એવું થતું હતું કે કોઈને પનીશમેન્ટમાં મૂકવાના હોય તો તેને આઈ.બી.માં મૂકવામાં આવતા. તેની જગ્યાએ કૅડર ઊભી કરીને ટ્રેનિંગ આપીને ટ્રેઈન એ પ્રમાણે કરવા કે પોતાનો સોર્સ ઊભો કરી શકે એ પ્રમાણેનું આખું નૅટવર્ક ઊભું થાય અને પોતાનું પ્રમોશન જે તે ડિપાર્ટમેન્ટમાં મળે તે પ્રમાણે આઈ.બી. ની નવી કૅડર બની છે. રાજ્યની અંદર નવું પોલીસ બળ મળ્યું છે. મોટા પ્રમાણમાં ભરતી થઈ એ પણ ટ્રેઈન્ડ અને નવી ટૅક્નૉલૉજીની જાણકારી હોય તે પ્રમાણેની ભરતી થઈ. જેના કારણે રાજ્યની અંદર નવું શક્તિશાળી બળ પોલીસ તંત્રને મળ્યું છે. માનનીય સભ્યશ્રી પ્રસ્તાવ લાવ્યા છે. મને લાગે છે કે આ પ્રસ્તાવ મોડો છે. ૧૫-૨૦ વર્ષ પહેલાં આવ્યો હોત તો થયા યોગ્ય હતું, પરંતુ આજના સમયમાં જોઈએ તો રાજ્યની પ્રજા સલામતિનો અહેસાસ કરે છે. પહેલા ગુજરાતનાં શહેરો શેનાં નામે ઓળખાતાં? પોરબંદર કોના નામે ઓળખાતું? અમદાવાદ કયા ગુંડાઓના નામથી ઓળખાતું? સૂરત મહોમ્મદ સૂરતી અને ઈભલા શેખના નામે અહીયા આવાં સેન્ટરો એ આવાં અસામાજિક દાદાઓના નામે ઓળખાતા હોય, એની જગ્યાએ ગૌરવ સાથે આજે હનુમાન જયંતી છે. એવું કહી શકાય ગુજરાતની અંદર કોઈ પણ સૅન્ટરની અંદર આ ગુંડાઓ દાદાના નામે ઓળખાતા હતા. આજે એક પણ જગ્યાએ ગુંડા, દાદા નથી. દાદા એકમાત્ર હોય તો હનુમાન દાદા છે. એક સમય હતો ગુજરાતની અંદર પ્રજા પારેવાની જેમ ફફડતી હતી. રાજ્યની અંદર આપણા રાજ્યનું કેપિટલ આપણે ગણી શકીએ એવું અમદાવાદ ભગવાન જગન્નાથજીની યાત્રા નીકળવાની હોય ત્યારે આખા ગુજરાતની પ્રજાના મનમાં ફાળ પડતી કે શું થશે? કેમનું થશે? જગન્નાથજીની યાત્રા પછી કેટલાય દિવસ સુધી ગુજરાતની સરકારે કરફ્યુ નાખવો પડતો હતો. ગુજરાતના ગૃહ વિભાગે કરફ્યુની અંદરથી ગુજરાતની પ્રજાને મુક્તિ આપી છે. આ રાજ્યની અંદર થયું છે. હમણા સભ્યશ્રી ત્રાસવાદી પ્રવૃત્તિની વાત કરતા હતા કે ત્રાસવાદી પ્રવૃત્તિ આખા દુનિયાની અંદર અને સમગ્ર દેશમાં ચાલે છે. ગુજરાતની અંદર અડપલાઓ કર્યા, પરંતુ મારે અભિનંદન આપવા છે ગુજરાતની પોલીસને. ગુનેગારોને કેરલથી કરીને આઝમગઢ સુધી ત્રાસવાદીના બોડમાં જઈને ગુજરાતની પોલીસ આ ગુનેગારોને પકડી લઈ આવી છે. એના માટે અભિનંદન આપવાં જોઈએ. તંત્રની કાર્યક્ષમતા અને કાયદો અને વ્યવસ્થાની સારી સ્થિતિને કારણે આખા દેશની અંદર વધુમાં વધુ રોકાણ ગુજરાતમાં આવ્યું છે. જ્યાં સલામતિ હોય ત્યાં જ કોઈ ઉદ્યોગ, ધંધો કરવા માટે બહારનો માણસ આવે તો આર.બી.આઈ.ના આંકડા જોઈશું તો અંદાજ આવશે કે ગુજરાત સલામત રાજ્ય છે. કેવા સંજોગોમાં ગુજકોકનો કાયદો મૂક્યો, પણ હજુ એની મંજૂરી મળતી નથી. છતા જે ધાર, કાયદાને તાકાત આપવી જોઈએ એ કેન્દ્ર સરકારની નીતિના કારણે આપણે નથી આપી શકતા. છતા પણ કાયદો અને વ્યવસ્થા આ પ્રમાણે ચાલી રહ્યા છે. મારે એ જ વાત કરવાની હતી કે ગુજરાતની અંદર એક નવી માનસિકતાઓ જે પેદા થઈ છે. એક અશ્પૃશ્યતા અને કેવી અશ્પૃશ્યતા? તાલીબાન અશ્પૃશ્યતા. ગુજરાત કઈ પણ સારું કરે તો કેટલાય લોકો સતત એનો વિરોધ કરીને ગુજરાતને બદનામ કરવાની વ્યવસ્થા ચાલતી હોય તેવા સંજોગોમાં રાજ્યનું ગૃહ વિભાગ કામ કરી રહ્યું છે, તો તેને અભિનંદન આપું છું.

શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હીરાભાઈ પટેલ નિયમ-૧૦૨ અન્વયે છેલ્લા દિવસનો પ્રસ્તાવ કે જેમાં ગુજરાત આ સરહદી રાજય છે તેની ચિંતા વ્યકત કરી છે તે સાથે આ સભાગૃહ સંમત થાય તે માટેનો જે લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું. પ્રસ્તાવ રજૂ કરતાં માનનીય સભ્યશ્રી બોલ્યા અને અન્ય સભ્યશ્રીઓ પણ આ વાતની ચિંતા કરે તે સ્વાભાવિક છે. મુંબઈમાં જે આતંકવાદીઓ આવ્યા તે દરિયાઈ માર્ગે આવેલા હતા અને તેના માટે દરિયાની ચિંતા કરવી તે આપણા રાજય માટે ખૂબ અતિ આવશ્યક છે. ગુજરાતના દરિયા કિનારે ખાનગી બંદરોનો વિકાસ થઈ રહયો છે ત્યારે આપણા રાજયનું પોલીસતંત્ર કેટલી અસરકારકતા ત્યાં ઉભી કરી છે તે તપાસવી ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં પહેલું નૌ સૈન્ય બનાવેલ હોય તો તે શિવાજી મહારાજે બનાવેલ. ત્યારે તેમણે એક માર્ગદર્શિકા આપેલી હતી કે દરિયા કિનારાની જમીન કોઈ દિવસે વિદેશીને આપી શકાય નહીં. વિદેશીઓને આપવાથી આ દેશ પરના ખતરો વધી જાય છે તેમ છતાં ગુજરાતના દરિયા કિનારે આપણી એક કંપનીને અનુમતિ આપી પીએનઓ કંપનીને વિદેશી જેટી માટે. પીએનઓ કંપનીને આખી ખરીદી લીધી દુબઈ પૉર્ટ વર્લ્ડ કંપનીએ. આ દુબઈ પૉર્ટ વર્લ્ડ કંપનીએ વિશ્વભરના બંદરો પીએનઓના ખરીદી લીધા. તેમાં ૨૪ બંધરો અમૅરિકાના હતા. ત્યાંના હોમ

ડિપાર્ટમેન્ટે મંજૂરી આપી દીધી પણ બે સૅનેટરોએ આ મુદ્દો ૯/૧૧ના કમિશનમાંથી ઉપાડીને ઉભો કર્યો અને તેના કારણે દુબઈ પૉર્ટ વર્લ્ડ અમૅરિકાના દરિયા કિનારે ન હોઈ શકે અને તે મુદ્દા ઉપર તેમણે એપ્રોપ્રીએશન બીલ પણ રોકાવી દીધું હતું અને તેના કારણે દુબઈ પૉર્ટ વર્લ્ડને અમેરિકામાંથી જવું પડયું. આજે મુન્દ્રાના દરિયા કિનારે દુબઈ પૉર્ટ વર્લ્ડ તેની એકટીવીટી કરે છે તેની રાજય સરકારને ચિંતા છે ખરી? આજે કચ્છનો દરિયા કિનારે ૧૯૮૦માં રજનીશ કૉમ્યૂનિટિ આવવાનું હતું અને દસ હજાર કરતાં વધુ વિદેશીઓ આવે તો દેશની સંરક્ષણ વ્યવસ્થાને જફા પહોંચશે કે કેમ? આ બાબતે વિચારવાની વાત આ સન્માનનીય સભાગૃહમાં મેં કરેલી અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી માધવસિંહભાઈ સોલંકીએ આ વાત ઉપાડી લીધી અને કેન્દ્ર સરકારને એમણે રીફર કરેલું. કેન્દ્ર સરકારે તપાસ કરીને લખ્યું રજનીશ કૉમ્યૂનિટિ મુન્દ્રાના દરિયા કિનારે ન આવે તેવી સલાહ આપેલી અને તેના કારણે રજનીશ કૉમ્યૂનિટિ કચ્છમાં ન આવી શક્યા. આ બાબતે મેં ગૃહ ખાતાને સમજ નથી પણ પૉર્ટ વિભાગને પત્ર લખેલ છે કે આપે આ બાબતે પરામર્શ કર્યો છે ખરો? કે મુન્દ્રાના દરિયા કિનારે કોઈ વિદેશી કંપની આવે તો આ દેશની સંરક્ષણ વ્યવસ્થાને જફા પહોંચશે કે કેમ તેની ચિંતા કરવી જરૂરી છે કે કેમ તે વાત દોહરાવું છું. એટલા માટે નહીં પણ મુન્દ્રાના દરિયા કિનારે ખાનગી વિમાનની પટ્ટી છે. માની લો કે તેને કેન્દ્ર સરકારના એવિએશન વિભાગે ભલે અનુમતિ આપી હોય પણ રાજય સરકારની જવાબદારી શું છે? ત્યાં આવનાર જનાર કોણ કોણ છે તેની નોંધ આ રાજયની પોલીસે રાખવાની છે. આજે તેના એવીએશન ડિપાર્ટમેન્ટમાં નોંધ હોય કે આ પ્લેનની અંદર કોણ આવ્યું અને કોણ ગયું. પણ તેની નોંધ રાજય સરકાર મેળવે છે ખરી? રાજય સરકારને તમામ અધિકારો છે. આ પૉર્ટ સિક્યોરિટીની અંદર સેન્ટ્રલ સિક્યોરિટી ફોર્સ હોય, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીઝ સિક્યોરિટી ફોર્સ હોય રક્ષા માટે હોય, કેન્દ્ર સરકારના બનેલા પૉર્ટ હોય, હોય તેમાં કેન્દ્ર સરકારના પૉર્ટ હોય તેમાં કંડલા પૉર્ટ ટ્રસ્ટ હોય, મુંબઈ પૉર્ટ ટ્રસ્ટ હોય આ બધાની રક્ષા માટે કોનું તંત્ર છે? માનનીય ગૃહમંત્રીશ્રી આની તપાસ કરે અને આમાં કોઈ ખામી હોય તો તે દેશના સંરક્ષણ માટે, ગુજરાતના દરિયાકાંઠાની રક્ષા માટે સુધારવાનો પ્રયત્ન કરે અને તેમાં જે છિદ્રો હોય તે તાત્કાલિક પુરવામાં આવે. તો ગુજરાતના દરિયાકાંઠાની રક્ષા થઈ શકશે અને જે ખાલી જગ્યાઓ છે તે પૂરે તેવી લાગણી છે. એટલે માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે તેને અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હીરાભાઈ પટેલ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રસ્તાવ હું જોતી હતી, મને એમ થયું કે આ ગૃહની અંદર ચર્ચા કરવા માટે માત્ર રાજય સરકાર પાસેથી અપેક્ષા રાખવાની વાત કદાચ ગુજકોકનો કાયદો મંજૂર કરાવીને અહીં ચર્ચા થઈ હોત તો વધારે આનંદ થાત. આ કાયદાને મંજૂરી મળી? સલામતીના પ્રશ્નો કયાંથી ઉભા થયા? દરેક બાબત ઉપર ગુજરાત અસલામત, ગુજરાત અસલામત અને ગુજરાતની ગરિમાને ઠેસ આપવાનું કામ આવા શબ્દો વાપરીને થઈ રહયું છે. બહુ દુઃખ થાય છે. એમણે ચિંતા કરી છે એ ચિંતા સારી છે, એમણે ચિંતા કરી કે આ ગુજરાત સરકાર અને ગૃહ વિભાગે આના માટે શું કાર્ય કર્યુ છે એના માટેનો જરા અભ્યાસ કરી લીધો હોત તો મને લાગે છે કે આ ચિંતા એમણે વ્યકત કરી ન હોત. આ ગુજરાત સરકારે જે કંઈ કર્યું છે એ જગત આખું જાણે છે. પોલીસ દળને સંપૂર્ણ કાર્યક્ષમ બનાવવા માટે જરૂરી પગલાં જે કોઈ લેવાવાં જોઈએ એના સંદર્ભમાં રાજય સરકાર અને ગૃહ વિભાગે જે કંઈ કર્યુ છે એના માટે હું માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ રામરાજયની વાત કરી, આખા દેશ અને વિશ્વની અંદર ગુજરાત સરકારે જે કંઈ કર્યુ છેને જે સમર્પિત ભાવથી કર્યુ છે એ આખું જગત જાણે છે ત્યારે મને કેટલીક પંકિતઓ યાદ આવે છે. હું ન ભૂલતી હોઉં તો અબ્દુલ કલામજીના પુસ્તકમાં લખેલી આ પંકિતઓ છે. માલિક ઘ રનો હું નથી, રાજયની સરકાર અને એમના મંત્રીશ્રીઓ જે કામ કરી રહયા છે એના સંદર્ભમાં હું આ વાત કરવા માગું છું. માલિક ઘરનો હું નથી, હોઈશ કદાચ હું માળી, સમૃધ્ધની કળીઓની દેખરેખ હું રાખું, કરૂણાના પળોની કરું હું રખવાળી, જોઉ છું એક સ્વપ્નો હું મારા ગુજરાત માટે વિકસિત, મુકત ગરીબીથી અને સંઘર્ષથી સદાને માટે આ ગુજરાત માટેના આ સમર્પિત ભાવથી રામ રાજયની શરૂઆત ગુજરાતમાંથી થાય અને એના માટેના આયામો ગુજરાત સરકાર કરી રહી છે. વિકાસના પાયામાં સલામતી, સુરક્ષા આ બધા મહત્વના પાસાઓ છે. ગુજરાતનું રક્ષણ કરનારા અને આ રાજય માટે કે દેશ માટે શહીદ થનારા પોલીસોના દર્દો, એમની વેદનાઓ સમજીને આ રાજય સરકારે અનેક યોજનાઓ કરી છે. પચાસ વર્ષની અંદર જે કંઈ યોજનાઓ નથી થઈ, પોલીસોના કોઈપણ પ્રકારના વિચાર કરવામાં નથી આવ્યા, એવું આ રાજય સરકાર કરી રહી છે. આજ સુધી થયું હોય એવું નથી થયું એ વાત હું કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાના એક ગામમાં પોલીસના આવાસના ઉદ્‌ઘાટનમાં હું ગઈ હતી, માનનીય ગૃહ મંત્રીશ્રી પણ ત્યાં ઉપસ્થિત હતા, માનનીય અમિતભાઈ, જયારે પોલીસના પરિવારો અને અને પોલીસની વાત કરી અને આ ગૃહના લોકાર્પણની વાત કરી હતી ત્યાર પછીથી કેટલીક બહેનો મારી પાસે આવી એ પોલીસ પરિવારની બહેનો હતી એ બહેનોએ કહયું કે, બેન, અમારા આશીર્વાદ

અને અમારી શુભેચ્છા માનનીય ગૃહ મંત્રીશ્રી અને રાજયના મુખ્ય મંત્રીશ્રીને આપજો એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, કે આ બહેનો એમ કહેતી હતી કે, અમારે અમારા પોતાના ઘરો માટે કોઈ બેંકમાં લોન લેવા જઉં હોય તો બેંકો અમને લોન આપતી નથી. કરિયાણાની દુકાને આ બહેનોને કોઈ ઉધાર કોઈ કરિયાણું આપતું નથી. રાત-દિવસ કર્મયોગી બનીને કામ કરતા પોલીસો રાત દિવસ કામ કરે છે, એમના બાળકો અને પરિવારની પાછળ એ સમય આપતા નથી અને એમના બાળકો બગડે છે એના માટેની એ ચિંતા પણ કરી શકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ તહેવારોમાં બનીઠનીને બહાર નીકળીએ છીએ ત્યારે એ તડકામાં ઉભો રહેલો પોલીસ રાત દિવસ પોતાની ફરજ બજાવે છે ત્યારે એના પરિવારની ચિંતા કોઈએ કરી નથી. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, એમના પરિવારો માટેની જે વાત રાજય સરકારે કરી છે એ ખરેખર અભિનંદનીય છે. પોલીસ અધિકારી કે કર્મચારીનું આકસ્મિક મૃત્યુ થાય ત્યારે એવા કિસ્સાની અંદર વીમા રક્ષણ આપવા માટે અકસ્માત જૂથ વીમા યોજના દાખલ કરવામાં આવી છે આ યોજના ખૂબ જ આશીર્વાદયુકત છે આ યોજના હેઠળ ૩૦-૯-૦૯ સુધી એક કરોડ ચોવીસ લાખ રૂપિયા જેટલી રકમ ચૂકવાઈ ગઈ છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તથા એના કુટુંબીજનો માટે એના સ્વાસ્થયની ચિંતા પણ રાજય સરકારે કરી છે. એમનું નિયમિત તબીબી ચેકઅપ થાય એની હેલ્થ કાર્ડની યોજના, એમને હેલ્થ કાર્ડ મળે અને એમના દરેક વર્ગના લોકો માટે અલગ અલગ કલરના હેલ્થ કાર્ડ આપવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, પોલીસના કર્મચારીઓ માટે લાલ રંગ, પોલીસ કર્મીઓના કુટુંબીજનો માટે વાદળી રંગ, પોલીસ કર્મચારીના પાંચ વર્ષના બાળકો માટે પીળા રંગના કાર્ડ નિયત કરવામાં આવ્યા છે અને આ હેલ્થ કાર્ડ રાજ્યમાં તમામ પોલીસ કર્મચારીઓને પહોંચાડવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસોના કલ્યાણ માટે પોલીસ વેલફેરના ભાગરૂપે પોલીસ અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબના સભ્યોનું મેડિકલ ચેકઅપ સમયાન્તરે થાય તે અંગેના રેકોર્ડ રાખવાની વ્યવસ્થા પણ અહીંયા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી રાત દિવસ જ્યારે પોલીસ કરે છે ત્યારે અને સતત ફરજમાં રોકાયેલા રહેતા હોય છે ત્યારે તનાવભરી સ્થિતિ અનુભવે છે અને એમનું આરોગ્ય જળવાય એ રાજ્યની ફરજ સમજીને આ કામ થયું છે. મારે તો ઘણું કહેવું છે કે આ વિભાગ માટે એના રહેણાકની વ્યવસ્થા પણ રાજ્ય સરકારે કરી છે. એક વાત કહેવાનું મન થાય છે કે, સમગ્ર વિશ્વના લોકો જ્યારે રાજ્યના વખાણ કરે, હમણા જ અમિતાભ બચ્ચનશ્રી વિશ્વ પ્રસિધ્ધ કલાકાર એ ગુજરાતની ગરિમા અને ગુજરાતની અસ્મિતાના વખાણ કરે, સાહેબ વખાણ કરે સારી વાત છે પરંતુ કેટલીક વિકૃત માનસિકતાવાળા લોકોએ આ અમિતાભ માટે તિરસ્કૃત ભાવથી જોઈ એનો વિરોધ કરીને ગુજરાતનો વિરોધ કર્યો. તો ગુજરાતમાં આટલું બધું થઈ રહ્યું હોય, ઘ ણા બધા કામો થતા હોય, રામ રાજ્યની સ્થાપના અહીંથી શરૂ થશે એવી વાત થતી હોય એવી વાત થતી હોય તો ઈનડાયરેક્ટલી ગુજરાતનો વિરોધ કરવાનું શું કારણ હોઈ શકે એ મને સમજાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગના મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે, પોલીસના માટે થઈ માત્ર ફરજની અપેક્ષા નહીં, ફરજની અપેક્ષા રાખીએ ત્યારે એના પરિવારની ને એની પણ ચિંતા કરવી પડે એ દિશામાં રાજ્ય સરકાર જઈ રહી છે ત્યારે હું અભિનંદન આપીશ અને આ પ્રસ્તાવ અહીંયા જે માનનીય હીરાભાઈ લાવ્યા છે એ મને લાગે છે કે ઉચિત નથી અને આવા પ્રસ્તાવ લાવતા પહેલા બીજી કેન્દ્ર પાસેની અપેક્ષા પૂર્ણ કરવાની વાત વિશે સામૂહિક ચિંતન કરે એવી હું આશા રાખુ છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હીરાભાઈ પટેલ એ આમ આદમીની સલામતી માટેનો ચિંતા સેવતો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૬૦ પછી અને ગુજરાતની સ્થાપના થઈ તે પછી તે વખતનું પોલીસનું જે સંખ્યાબળ હતું અને જે મહેકમ હતું એમાં સમયાન્તરે ફેરફાર કરવો જોઈએ. આજે પરિસ્થિતિ એ છે કે, ગામડાઓમાં ગુનાઓ વધ્યા છે પણ માનનીય મંત્રીશ્રી ના પાડશે અને ગુનાઓનું પ્રમાણ ઘટયું છે એમ કહેશે. પણ હું તો કહું છું કે ગુનાઓનું પ્રમાણ વધ્યું છે પણ આ ગુનાઓ ગામડામાં નોંધવામાં જ નથી આવતા. એનું જો કોઈ કારણ હોય તો જે ગુનાઓ કરે છે ત્યારે જે પોલીસ સ્ટેશસનો છે એ પોલીસ સ્ટેશનોમાં જે કોઈ પાર્ટી સત્તા પર હોય એ ત્યાં બેસીને અડીંગો જમાવી દેતા હોય છે એટલે જે ફરિયાદી જાય છે ત્યારે એની ફરિયાદ નોંધાતી નથી. શામળાજીને એવા અમારા વિસ્તારમાં એવા કેસો છે. જ્યારે સલામતીની વાત કરીએ ત્યારે ગાંધીનગર જેવો હાઈલી સિક્યોર્ડ એરિયા અક્ષરધામ જેવો કે જે મુખ્ય મંત્રીશ્રીના નિવાસ સ્થાનની ૧૦૦ મિટર નજીક છે, આમ તો આપણે ૨૪ કલાક કમાન્ડોની વચ્ચે રહીને આતંકવાદીઓને લલકારીએ કે 'મેં ચૂનચૂન કે મારુંગા' પણ સાહેબ, આતંકવાદીઓ ત્યાં સુધી આવી જાય છે, અક્ષરધામ સુધી આવે છે અને એ પણ પોતાની સાથે ૫૮ કિલોગ્રામ જેટલો દારૂગોળો લઈને આવી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે રક્ષણની વાત કરીએ છીએ પરંતુ ગાંધીનગરની વાત કરું તો ગાંધીનગરમાં બે દિવસ તમે મકાન બંધ રાખો તો ત્રીજા દિવસે તૂટી ગયું હોય. એનું તાળું તૂટી જાય અથવા તો એની બારીની ગ્રીલ તૂટી ગઈ હોય આ ગાંધીનગરની પરિસ્થિતિ છે. (અંતરાય) આ

એટલા માટે કહેવું પડે છે કે, જે જગ્યાઓ ખાલી છે એટલા માટે કહું છું. સાહેબ, પરિસ્થિતિ એ છે કે આજે ઘર પણ સલામત નથી રહ્યું મારો કહેવાનો મતલબ એ છે. છેવટે પરિસ્થિતિ એ થાય છે કે, ગામડામાંથી બિચારા પેલા દાહોદ કે પંચમહાલ વાળા માણસો મજૂરી માટે આવેલા હોય એમને પકડી લેવામાં આવે અને પછી કહે કે આદિવાસી ટોળકી એમાં પકડાય. મારું કહેવાનું એ છે કે ગુનેગાર એ ગુનેગાર છે. જે કોઈ હોય એના નામ સાથે તમે કહો આખા સમાજને સાથે શા માટે સાંકળો છો? મારે ગૃહ મંત્રીશ્રીને પણ કહેવું છે કે આવા જે કોઈ ગુનેગારો પકડાય ત્યારે નામ સાથે આપો કોઈ સમાજને નહીં જોતરો. કોઈ તમે એવી રીતે કહો છો કે આ પટેલ સમાજ પકડાયો છે ચોરીમાં કે બ્રાહ્મણ સમાજ પકડાયો છે ચોરીમાં એવું કોઈ દિવસ કહો છો? ક્યારેય એવી રીતે પેપરમાં આવે છે ખરૂં? પણ આ આદિવાસીની વાત આવે ત્યારે આદિવાસી સમાજની ટોળકી પકડાય છે એવું જે કહેવામાં આવે છે એ અમારા આદિવાસી સમાજ માટે ખૂબ દુઃખની વાત છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે હવે પછી જ્યારે આવા કોઈ ગુનેગારો પકડાય ત્યારે ગુનેગારોને ભલે સજા કરો, કરવી હોય તે કરો પણ એમના નામ સાથે કરો એવી મારી વિનંતી છે.સાથે સાથે મારે એ પણ કહેવું છે કે, આ દરિયાઈ વિસ્તાર છે આપણો ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયા કિનારો છે એ વિસ્તાર આતંકવાદીઓને સૌથી સલામત વિસ્તાર લાગતો હોય એવું મને લાગે છે, કારણ કે બોમ્બેમાં જે બોમ્બ ધડાકા થયાં તેમાં પણ આપણે ત્યાંથી માણસો ગયા, પોરબંદર થઈને ગયા, હમણાં જ હરામીનાળામાં હરામીઓ આવીને ગયા, જે પાકિસ્તાનના માણસો છે. આ એવો વિસ્તાર છે કે જે એમને સૂરક્ષિત લાગે છે, ભારતીય તટરક્ષક દળ જેને આપણે ઈન્ડીયન કોસ્ટગાર્ડ કહીએ છીએ એની સાથે પણ તાલમેલ મેળવીને આ લોકો જે આતંકવાદીઓ છે એની સામે લડવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ, કાયદા તો ઘણા બન્યા. હમણા બહેન પણ વાત કરતા હતા કે કાયદાઓ નથી. કાયદા તો કાગળીયા પર રહે. એના માટે મેન પાવર જોઈએ. અને મેન પાવર હોય તો ચોકકસ આપણે એ માણસોને પકડી શકીએ. પછીની બાબત એ આવી કે એને છોડવો કે ન છોડવો, એ કાયદાનું સ્વરુપ છે. પણ પહેલા તો કમસેકમ એને પકડી તો જુઓ. એ પણ આપણે કરી શકતા નથી. એટલે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મારા હીરાભાઈ જે પ્રસ્તાવ લાવ્યા છે અને જે ચિંતા વ્યકત કરી છે, એમાં મારો સૂર પૂરાવીને વિરમું છું.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહના મારા સાથી સભ્યશ્રી ભાઈ શ્રી હીરાભાઈ છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

હીરાભાઈએ જે વાત કરી છે, એમણે એમ કહ્યું કે અસલામત ગુજરાતની વાત કરી છે. મને એમ લાગે છે કે કદાચ કયાંક એવું બન્યું હોય કે આ ૨૦ વર્ષ જૂની કેસેટ એમના ધ્યાનમાં આવી ગઈ હોય, અને એના કારણે કદાચ અસલામત ગુજરાતની વાત એમને લાગી હોય. જે રાજયના આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી હોય, જે રાજય પાસે મકકમ મનોબળનો માલિક અને પ્રબળ ઈચ્છાશકિત ધરાવતા ગૃહમંત્રી અમીતભાઈ શાહ હોય અને જે રાજય પાસે આવા મજબૂત ઝાંબાઝ પોલીસ અધિકારીઓ હોય, ત્યાં અસલામતિની વાત કરવી પણ અસ્થાને છે.માનનીય અધ્યક્ષશ્રી, આ મિત્રોએ છેલ્લા ૭, ૮ વર્ષમાં જે કામગીરી કરી છે, ગુજરાતનો પ્રત્યેક નાગરિક નિરાંતનો અને સુખ, સમૃદ્ધિ, શાંતિ અને સલામતિનો શ્વાસ લઈ રહ્યો છે. આ વાત એટલા માટે કરું છું, સાહેબ. (અંતરાય) હીરાભાઈ, જપી જાઓ. ઉભા રહો.

**અધ્યક્ષશ્રી** : પ્રફુલભાઈ, તમે મને જ કહો. બીજા કોઈને નહીં.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, થોડો ભૂતકાળ તપાસવાની આવશ્યકતા છે. છેલ્લા સાત, આઠ, દસ વર્ષના ગાળા દરમ્યાન સમગ્ર દેશમાં બોમ્બ ધડાકા અને ભડાકા થયા છે. હિન્દુસ્તાનની રાજધાની દિલ્હી પણ એમાંથી બાકાત નથી. એટલું જ નહીં, જમ્મુનું રઘુનાથજીનું મંદિર હોય. ૪૫ થી ૫૦ નિર્દોષ નાગરિકોની હત્યા કરવામાં આવી હતી. મુંબઈની ટ્રેન હોય. ટિફિન બોમ્બ હોય કે સાયકલ બોમ્બના બોમ્બ ધડાકા કરવામાં આવેલા હોય. આખા હિન્દુસ્તાનની અંદર આતંકવાદી પ્રવૃત્તિ હોય, માઓવાદી પ્રવૃત્તિ હોય કે નકસલવાદી પ્રવૃત્તિ હોય. સમગ્ર દેશને ધમરોળી નાંખતી આ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિ જયારે ચાલી રહી હતી ત્યારે મારે ગૌરવપૂર્વક એમ કહેવું છે કે છેલ્લા ૫, ૭ વર્ષના ગાળા દરમ્યાન કોઈ આતંકવાદીએ ગુજરાતમાં આતંકવાદી પ્રવૃત્તિ કરવાની હિંમત નથી કરી. અને કદાચ જો કોઈ હિંમત કરવા માટે હિંમત કરી હશે તો ચોકકસ એમ કહી શકું કે મારા રાજય સરકારના આ પોલીસના કર્મચારીઓ અને અધિકારીઓએ સ્થળ પર જ પ્રશ્નોનો નિકાલ કર્યો છે. સ્થળ પર પ્રશ્નનો નિકાલ કર્યો છે. કદાચ આવી તો ગયા હશે, પણ પાછા અહીંથી ગયા નથી. એને અહીંને અહીં એમની દફનવિધિ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વખત એમ કહેવાય છે અને વાત સાચી પણ છે. કે આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી માટે વારેઘડીએ એમ કહેવાય છે કે રાજયના મુખ્યમંત્રીશ્રી નંબર વન મુખ્યમંત્રી છે. વાત બિલકુલ સાચી છે સાહેબ. કદાચ કોઈને ગમતું હોય કે ન ગમતું હોય. વ્યંગાત્મક રીતે જે વાત કરવી હોય, એ એમનો અધિકાર છે. કૃષિ પેદાશની વાત હોય, ઉદ્યોગની વાત હોય, વેપારની વાત હોય, વાણિજયની વાત હોય, આરોગ્યની વાત હોય, તમામ પ્રકારની સુવિધાની વાત હોય. દરેકે દરેક ક્ષેત્રમાં આ ગુજરાત અને ગુજરાતના મુખ્યમંત્રી નંબર વન રહ્યાં છે. વાત એટલેથી પૂરી નથી થતી. વાત એટલા માટે કરું છું, કે આદરણીય

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ ગુજરાતની સાડાપાંચ કરોડની જનતાની સલામતિ માટે માથે કફન બાંધીને છપ્પનની છાતી રાખીને, મોતને મુઠ્ઠીમાં લઈને એ માણસ નીકળે છે અને આતંકવાદીઓના હીટલિસ્ટમાં પણ આદરણીય મુખ્યમંત્રી નંબર વન છે. એનું અમને પણ ગૌરવ છે સાહેબ. મોતને મુઠ્ઠીમાં લઈને ફરે છે અને ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાને સલામતી પૂરી પાડવાનો અહેસાસ કરાવ્યો. અને આ બધી બાબતોના કારણે સમગ્ર ગુજરાતની અંદર જે વિકાસ થયો છે, જે વૃદ્ધિ થઈ છે, જે સલામતી છે અને માનનીય અધ્યક્ષશ્રી, એક વાત મારે આજે ચોક્કસ કરવી છે કે, આ રાજયની અંદર આઈ.એ.એસ.,આઈ.પી.એસ.ઑફિસરો અન્ય રાજયમાંથી જે અધિકારી-કર્મચારી મિત્રો કે જે વેપારીઓ ધંધો કરવા માટે અહીં આવેલા છે તેમણે પોતાનું બાકીનું શેષ જીવન પણ તે ગુજરાતમાં જ પસાર કરવાનું પસંદ કરે છે તેનું કારણ એક છે કે ગુજરાતમાં સલામતી છે, ગુજરાતમાં સુરક્ષા છે. એટલા માટે જ આ અસલામતીની વાત લઈને આવ્યાં છે ત્યારે મને એમ લાગે છે કે આ બિલકુલ અસ્થાને છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત ચોક્કસ કરવી છે કે અમે પણ ગામડાંમાંથી આવીએ છીએ રથયાત્રાનો અવસર હોય કે ઉત્તરાયણનું પર્વ હોય સાહેબ, અમારે ઘરેથી આવવાનું હોય કોલેજમાં અમો ભણતાં, એન્જીનીયરીંગ કરતાં ત્યારે અહીં અમદાવાદ આવવાનું હોય તો ઘરેથી એમ કહેતાં કે રથયાત્રા આવે છે ભાઈ માંડી વાળજો. રથયાત્રા આવે છે તેથી તું હમણાં અઠવાડિયું તો જતો જ નહીં. તારે ના ભણવાનું હોય તો ચાલશે. આ રથયાત્રા હોય કે ઉત્તરાયણ હોય સાહેબ આવા પવિત્ર તહેવારો વખતે પણ દરેક મા-બાપને પણ એક અસલામતીની ભાવના હતી. જ્યારે આજે લોકો ગમે તે કહેતા હોય બિન સંપ્રદાયિકતાની વાતો આ અને તે વગેરે પણ આજેય રથયાત્રામાં હિન્દુ હોય કે મુસલમાન હોય બધા સાથે બેસીને કોમી એખલાસનું પ્રદર્શન કરાવ્યું હોય તો આ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ ગુજરાત સલામત અને સૂરક્ષિત બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કરવી છે કે ગૃહ મંત્રી આદરણીય અમીતભાઈએ પોતાના શાસન કાળ દરમિયાન આ રાજયના ગૃહ વિભાગને સુદ્રઢ બનાવવા માટે ઘણી બધી કસરત કરેલી છે. ચાહે કવીક રિસ્પોન્સ ટીમની વાત હોય કે ચેતક કમાન્ડોની વાત હોય. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે કહ્યું છે તે કર્યુ છે એટલા માટે અમીતભાઈ માટે વાત કરું છું. એમણે સાહેબ આ પોલીસ વિભાગની અંદર એમણે જે કોઈ પોલીસ વિભાગની મીનીમમ નીડ હતી તે નીડની સાથે સાથે આવનાર દિવસોમાં આતંકવાદીઓ પાસે જે આધુનિક શસ્ત્રો હતા તે શસ્ત્રો દારૂગોળો પૂરો પાડવાની વાત હોય, વાહનો પૂરા પાડવાની વાત હોય, હથિયારો પૂરા પાડવાની વાત હોય આ તમામે તમામ બાબતમાં વિશેષ કાળજી લીધી છે. કદાચ એવું બની શકે સાહેબ, કે કેન્દ્રમાં બેઠેલી સરકારે આ દારૂગોળો આપવા માટે કદાચ આનાકાની કરી હશે પણ આ રાજયની સરકારે ૧૭૨ કરોડ રૂપિયા જેવી માતબર રકમ આપી અને આ પોલીસ જવાનોને તેમને જે કોઈ સલામતીના સાધનો જોઈએ તે પૂરાં પાડ્યા છે. ( સમય-સૂચક ઘંટડી )

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે સાથે આ દરિયા કિનારો હોય કે સરહદી વિસ્તારની વાતો હોય તેના માટે હું ચોક્કસ એમ કહી શકું કે આવનારા દિવસોમાં આ ગુજરાતના જવાનો આ સુરક્ષાના સંદર્ભમાં પોતે સારી રીતે અભ્યાસ કરી શકે, તેને રિલેટેડ સિલેબસ તે ભણી શકે અને આવનારા દિવસોમાં તેને રાઈટ ડિરેકશન મળી રહે જ્યાં સુધી સુરક્ષાને લાગે વળગે છે ત્યાં સુધી તેના માટે સમગ્ર દેશની અંદર જો પ્રથમ કોઈએ રક્ષા યુનિવર્સિટીની સ્થાપના કરી હોય તો તેના માટે ગુજરાત ગૌરવ લઈ શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એફ.એસ.એલ.યુનિવર્સિટીની વાત કરીએ. એફ.એસ.એલ.તો આ ગુજરાતનું ઘરેણું છે. આ એફ.એસ.એલ.ના કારણે સમગ્ર દેશની અંદર આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે. અને આ ગુન્હાખોરીનું પ્રોપર ડિટેકશન થઈ શકે, તેના ક્રાઈમ ડિટેકશન માટેની અદ્યતનમાં અદ્યતન સુવિધાઓ જો કોઈ જગ્યાએ ઉપલબ્ધ હોય તો એફ.એસ.એલ.યુનિવર્સિટીમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓના સંદર્ભમાં વાત કરીએ તો મહિલા પોલીસ સ્ટેશનો પણ આ રાજયના ગૃહ મંત્રીશ્રીએ લગભગ દસ જેટલા પોલીસ સ્ટેશનોની શરૂઆત કરી છે. દરિયા કિનારા ઉપર લગભગ ૨૫ કોસ્ટલ પોલીસ સ્ટેશનો છે, ૨૫ આઉટ પોસ્ટ છે છતાંય કેટલીક ચેક પોસ્ટો ઉભી કરી તેના માટે વોચ ટાવર આ તમામે તમામ સુવિધાઓ ઉભી કરી છે અને એ બધા કરતાં પણ સાહેબ હું એમ ચોક્કસ કહી શકું છું કે, હથિયારો ગમે તેટલા હોય, બધી તેમની પાસે સાધન સંપત્તિ હોય પણ આ ગૃહ મંત્રી અને આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પોલીસના જવાનોને જે નૈતિક બળ પૂરું પાડ્યું છે તેના કારણે આ ગુજરાત સલામત અને સૂરક્ષિત રહ્યું છે.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને ગૃહ સમક્ષ આવ્યા છે, તેના પર મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

સાહેબ, કમનસીબે ગમે તે કારણ હોય, પરંતુ પરિસ્થિતિ એવી થઈ છે કે બન્ને બાજુ માટે વાત કરું છું. આપ ચોંકશો નહીં, માનનીય શકિતસિંહજી. બન્ને બાજુ પરિસ્થિતિ એવી થઈ છે કે રાજનીતિથી ઉપર થઈને વાત કરવાની માત્રા ઘટી છે. કદાચ આ પ્રસ્તાવને રાજનીતિથી ઉપર ઉઠીને એમણે એમના મનથી લખ્યો હોત અને સરખી રીતે રાજનીતિથી ઉપર ઉઠીને ડ્રાફટ કર્યો હોત તો આ રીતે એનું ડ્રાફટીંગ થઈ જ ન શકે એવી સુંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ આજે ગુજરાતમાં પ્રવર્તમાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે ખાલી જગ્યાઓની વાત કરી. એમાં હું કહીશ કે છેલ્લા ૫ વર્ષની અંદર જુદા જુદા સંવર્ગની ૧૨ હજાર વ્યકિતઓની ભરતી થઈ ચૂકી છે. રાજયની સ્થાપનાથી આજસુધી ૧૨,૦૦૦ લોકોની ભરતી થઈ હોય એવા આ પહેલા ૫ વર્ષ છે. એ પછી બીજા ૧૪,૦૦૦ની આ જ ૫ વર્ષની અંદર ભરતીની મંજૂરી આપી દીધી છે. એ ભરતીની પ્રક્રિયા ચાલુ છે. અને બે વર્ષમાં ટ્રેનિંગ સાથે આ લોકો બીજા જવાનો પણ કામમાં જોડાવાના છે. ૪ નવી એસ.આર.પી. બટાલિયનો બનાવવામાં આવી છે અને કામ કરતી થઈ ગઈ છે. ૩ નવી એસ.આર.પી. બટાલિયનો બનાવવાની મંજૂરી આપી દીધી છે. ૧ નવી મહિલા એસ.આર.પી. બટાલિયનની શરૂઆત કરવાની ઘોષણા થઈ અને એની કાર્યવાહી ચાલે છે. એટલે જયાં સુધી ખાલી પદોનો સવાલ છે, તો હું માનું છું કે આનાથી વધુ ઉપલબ્ધતા કદાચ ગૃહ વિભાગ માટે કયારેય કોઈ સરકારે નહીં કરી હોય એટલી ઉપલબ્ધતા ભરતીની આ સરકારે કરી છે.

બીજો મુદ્દો એમણે ઉઠાવ્યો છે આતંકવાદનો અને દરિયાઈ સુરક્ષાનો. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ગૃહના સભ્યોને આપના થકી જણાવવું છે કે સૌથી પહેલા આ દેશમાં આતંકવાદ સામે લડવાની વૈજ્ઞાનિક શરૂઆત જો કોઈએ કરી હોય તો એ ગુજરાત રાજયે કરી હતી અને નરેન્દ્રભાઈ મોદીની સરકારે કરી હતી. સ્પેશ્યલ ઓપરેશન ગૃપની રચના કરવાની વ્યવસ્થા કરી. અને એ સ્પેશ્યલ ઓપરેશન ગૃપની રચના કરીને એને સીધા એ.ટી.એસ.ના નિયંત્રણ હેઠળ મૂકયા. સ્પેશ્યલ ઓપરેશન ગૃપનું એક ચાર્ટર બનાવ્યું. એમની જુદા પ્રકારની પદ્ધતિ, કામની પદ્ધતિ નકકી કરી, કામનો વિસ્તાર, એરિયા નકકી કરીને અને શું શું કામ કરવાનું એના પણ સ્પેસિફિક આઈડેન્ટીફિકેશન થયા. એને અનુરૂપ ટ્રેનિંગ વ્યવસ્થા થઈ. સમગ્ર જિલ્લાના એસ.ઓ.જી.ની ટૂકડીઓની એ.ટી.એસ.ના હેડ કવાર્ટર પર અને કરાઈની અંદર ટ્રેનિંગ આપવામાં આવી. સઘન ટ્રેનિંગ આપવામાં આવી છે. જિલ્લાની અંદર આતંકવાદને કોઈ સ્થાન મળી શકે એવી જગ્યાઓને તરત જ ધ્યાનમાં લે, એની ઉપર વોચ કરે અને જરૂર પડે ત્યાં સ્ટ્રાઈક કરે. રોડ ઉપરના ઢાબા, જુદા જુદા ગેસ્ટ હાઉસ, વિદેશોમાં થતા કોલ, હવાલાથી પૈસા ટ્રાન્સફર થતા હોય અનેક પ્રકારના સીધા કે આડકતરી રીતે આતંકવાદને પોષી શકે એવી વ્યવસ્થા ઉપર સીધી નિગરાની રાખવા માટે ૧૧,૦૦ લોકોનું દળ આ રાજય સરકારે ૨૦૦૪માં બનાવ્યું અને એ દળ ખૂબ સુંદર કામ કરી રહ્યું છે. અને એની સાથે એ જ પ્લાનની અંદર, એ જ યોજનાની અંદર કવીક રીસ્પોન્સ ટીમની શરૂઆત કરી. દરેક જિલ્લામાં કવીક રીસ્પોન્સ ટીમ હોય. કદાચ ભગવાન ન કરે અને કોઈક આતંકવાદી ઘટના થાય તો એ કવીક રીસ્પોન્સ ટીમ તરત ત્યાં પહોંચે અને ત્યાં પરિસ્થિતિ થાળે પાડે અને મોરચો સંભાળી લે અને પછી કમાન્ડોઝ આવે ત્યાં સુધી એ મોરચો વધુ નુકસાન ન થવા દે. આટલું ઉંડુ અને ડિટેઈલ પ્લાનિંગ આ રાજય સરકારે કર્યુ હતું. અને આ કવીક રીસ્પોન્સ ટીમને સમગ્ર ભારતની અંદર સ્વીકારવા માટે ભારત સરકારે ભારત સરકારના માનનીય ગૃહમંત્રીશ્રીએ બધાને સલાહ આપી છે. દરેક જિલ્લામાં એક બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ બનાવવાનું કામ પણ સુવર્ણ જયંતિ વર્ષના લક્ષ્યાંકમાં રાખ્યું છે. નાનામાં નાના જિલ્લાની પણ સ્વતંત્ર બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ સ્વતંત્ર રીતે બનાવવી, જેથી કોઈપણ જગ્યાએ માહિતી મળે તો વડોદરા, સૂરત, રાજકોટ, અમદાવાદ એવી જગ્યાએથી જવું ન પડે. એ જિલ્લાના હેડ કવાર્ટરથી તરત પહોંચી શકાય. ચેતક કમાન્ડો ફોર્સને પણ કમાન્ડોને એન.એસ.જી. કક્ષાની ટ્રેનિંગ આપવાની વ્યવસ્થા કરી છે. આપણા કમાન્ડો અત્યારે રાજસ્થાનમાં ટ્રેનિંગ લઈ રહ્યાં છે અને એમના આવ્યા પછી હું માનું છું કે ચોકકસ પરિસ્થિતિમાં ઘણો ફરક પડશે. માનનીય સભ્યશ્રી અને બીજા સભ્યશ્રીઓએ દરિયાઈ સુરક્ષા બાબતમાં ચિંતા વ્યકત કરી, એ ચિંતા એકદમ સાચી છે. ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો અને પાડોશમાં કાયમી આપણને હેરાન કરવા માટેની શકયતા હોય એવી એક સરહદ છે એ વખતે આ દરિયાકાંઠાની ખૂબ ચિંતા થવી જરૂરી છે અને એટલા માટે જ ૨૦૦૪ માં એક દરિયાઈ સુરક્ષા પ્લાન બનાવીને આપણે ભારત સરકારને મોકલ્યો હતો, ૪૫૮ કરોડ રૂપિયાનો પ્લાન બનાવીને ભારત સરકારને મોકલ્યો હતો અને ભારત સરકારે એનો સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો હતો, પરંતુ ૨૦૦૪ થી ૨૦૧૦ માં આજે પરિસ્થિતિ શું છે કે આ પ્લાનમાંથી કેવળ ૫૮ કરોડ રૂપિયા જ મંજૂર કર્યા છે અને બાકીના ૪૦૦ કરોડ રૂપિયા મંજૂર કરવાનું નામ દેતા નથી અને ૫૮ કરોડ રૂપિયા મંજૂર કરેલ એના ખર્ચનો સવાલ છે ત્યાં સુધી ૫૧ પોલીસ સ્ટેશન આપણે માગ્યાં હતાં એમાંથી ૧૦ મંજૂર કર્યા છે અને એ ૧૦ એ ૧૦ ની કામગીરી ચાલુ થઈ ગઈ છે, આઉટ પોસ્ટ ૭૦ માંથી ૪૬ મંજૂર કરી હતી અને એ ૪૪ ની કામગીરી શરૂ થઈ ગઈ છે અને ૨૫ ચેક પોસ્ટો મંજૂર થઈ છે અને એ ૨૫ એ ૨૫ ચેકપોસ્ટોની જગ્યાની ફાળવણી કરી છે અને એમાં ભરતી કરવાની હતી એ પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે અને ત્યાંસુધીમાં એકઝિસ્ટીંગ મેન પાવર ડાયવર્ટ કરીને એ રીતે કામ લેવાનું છે. આપણે સ્પીડ બોટ ૩૦ માગી હતી એમાંથી ૮ સ્પીડ પોસ્ટ આપી છે. આ સ્પીડ પોસ્ટ ભારત સરકારે બારોબાર ખરીદીને આપવાની હતી, પરંતુ બાકીની ૨૨ સ્પીડ બોટ એ કયારે આપશે એનો કોઈ અત્તોપત્તો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં એક ઉલ્લેખ થયો કે મુંબઈમાં જે આતંકવાદી હુમલો થયો હતો એ આતંકવાદીઓ ગુજરાતની સરહદમાંથી ગયા હતા. મારે આ સ્પષ્ટતા રેકર્ડ ઉપર કરવી છે કે એ હકીકત નથી, પરંતુ જે ટ્રોલર લઈને એ લોકો મુંબઈ ગયા હતા એ ટ્રોલરનું એમણે અપહરણ કર્યુ હતું અને એ ટ્રોલર પોરબંદરનું નિશ્ચિત હતું, એ ટ્રોલર ગુજરાતનું હતું, પરંતુ એ ગુજરાત બહાર દરિયામાં ઉંડાણના વિસ્તારમાં ગયું

હતું ત્યાંથી એનું અપહરણ થઈ ગયું હતું અને ત્યાંથી બારોબાર એ મુંબઈ તરફ લઈને ગયા હતા. એટલે આ આતંકવાદીઓ આ ગુજરાતની સીમામાંથી ગયા હતા એ હકીકત નથી. એટલે આ આતંકવાદીઓ આ ગુજરાતની સીમામાંથી પ્રવેશીને ગયા નથી એ સાચી વાત હું આ ગૃહના રેકર્ડમાં લેવું પડે એટલા માટે કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈએ જે ચિંતા વ્યકત કરી એની જોડે પણ સહમતિ વ્યકત કરું છું અને એટલા માટે જ કે આ દરિયા કાંઠાના યુનિટો-પોર્ટ છે એની સાથે રહીને તેમના ખર્ચે ગુજરાત એસ.આર.પી.નું એક સ્પેશ્યલાઈઝડ કમાન્ડો ફોર્સ બનાવવું અને દરેક ઉદ્યોગપતિઓ અને મોટા ઉદ્યોગો, મોટાં ધાર્મિક સ્થાનો અને બંદરો સાથે એની વાટાઘાટ ચાલે છે. અને એ યોજના ટૂંક સમયમાં આપણે હાથ ઉપર લઈશું જેમાં આપણા કમાન્ડોવાળા સેનાપતિ, સેનાપતિ એની સુરક્ષા કરશે. આપણા કમાન્ડોવાળા ગુજરાત સરકારના એસ.આર.પી.ના લોકો આની સુરક્ષાની વ્યવસ્થા કરશે. એટલે બાબુભાઈને ચિંતામાં પણ થોડોક ઘટાડો થશે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી**: માનનીય બાબુભાઈ, તમે જયારે બોલતા હતા ત્યારે સામેથી અમીતભાઈ બોલતા ન હતા.

**શ્રી અમીત શાહ**: બાબુભાઈને આપણે કોઈ શાંત નહીં રાખી શકીએ.

**અધ્યક્ષશ્રી**:મંત્રીશ્રી, તમે મને જ ઉદ્દેશીને વાત કરો, બાબુભાઈને કહેવાની જરૂર નથી.

**શ્રી અમીત શાહ**: હું આપને ઉદ્દેશીનેજ વાત કરું છું (અંતરાય) આપણે કોઈ બાબુભાઈને શાંત નહીં રાખી શકીએ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી**: નીતિનભાઈ બોલતા રહે એમ શકિતસિંહજી માને છે.

**અમીત શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, એફ.એસ.એલ. યુનિવર્સિટી, રક્ષાશકિત યુનિવર્સિટી આ બન્ને યુનિવર્સિટીઓ આપણને તજજ્ઞ મેનપાવર પૂરો પાડશે અને ખૂબ ઝડપથી પૂરો પાડે એની કાર્યવાહી હાથ ઉપર લીધી છે અને કાયદામાં જો ઝડપથી ન્યાય મળે તો જ ગુજરાતમાં ગુનાઓનો ઘટાડો થઈ શકે અને ગુનાઓ કંટ્રોલમાં આવી શકે અને એના માટે પણ કોર્ટોની સંખ્યા વધારવા માટે ખૂબ ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે અંતમાં મારે એટલું જ કહેવું છે કે આપશ્રીના માધ્યમથી હું આ ગૃહના સૌ સભ્યશ્રીઓને આશ્વાસન આપવા માગું છું કે ગુજરાત એની સ્થાપના પછીના સમગ્ર કાળથી સૌથી વધારે સલામત આજે છે અને રહેશે. આ વાત હું સર્વ સભ્યશ્રીઓને ખાતરીપૂર્વક કહેવા માગું છું અને એના માટે આંકડા સાથે વાત કરી શકું તેમ છું, પરંતુ સમયના અભાવે હું આંકડાનું અત્યારે રિપિટેશન એટલા માટે કરતો નથી કારણ કે મારા ગૃહ વિભાગની માગણીના જવાબમાં એ આંકડા આપેલ છે અને છતાં પણ કોઈ સભ્યશ્રીને ઉણપ દેખાય તો મારી સાથે સીધી વાત કરશે અને મારું ધ્યાન દોરશે તો હું એને એકદમ રચનાત્મક રીતે લઈશ અને એ માટેની કાયદો અને વ્યવસ્થાની દ્રઢપણે જે કાંઈ વ્યવસ્થા કરવાની હશે એ કરવા માટે પ્રયત્નશીલ રહીશ.

માનનીય અધ્યક્ષશ્રી, એક લાગણી ડો. અનિલભાઈ જોશીયારાએ કરી હતી કે આદિવાસી ગેંગો એવું છપાય છે. તો આ રીતે નામ સાથે છાપવું ના જોઈએ એ એમની લાગણી સાથે હું સંમત છું, પરંતુ વિભાગમાંથી આવું પ્રેસમાં જતું હશે તો એ સુધારવાની સૂચના આપીશું અને મીડીયામાં છપાતું હશે તો એસ.પી.કક્ષાએ પણ ગૂડ ઓફિસીસનોઉપયોગ કરીને પણ એ ના છપાય અને આ ટ્રાયબલ ગેંગ એ રીતે ના છપાય એ બાબતમાં એમની લાગણી સાથે સંમત છું અને એ બાબતમાં પણ હું ચોકકસ સૂચનાઓ આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું, એક તો સપ્ટેમ્બર ૨૦૦૩ થી મેં ૨૦૦૬ સુધીમાં પોલીસમાં ફાયરિંગની પ્રેકટીસ માટે ફાયરીંગ સદંતર બંધ થઈ ગયું હતું. એ પછી ફાયરીંગની પ્રેકટીસમાં માત્ર ૨૦ બુલેટ સુધી મર્યાદિત કરેલ હતું. પોલીસ મેન્યુઅલમાં ફાયરીંગ માટેની જોગવાઈ છે, કારણ કે મેં અનુભવે જોયેલું છે કે પ્રેકટીસ ન હોય તો ફાયરીંગની બાબતમાં માણસ પરફેકટ ન રહી શકે. એટલે પોલીસ મેન્યુઅલ પ્રમાણે ફાયરીંગ ૨૦૦૩ થી ૨૦૦૬ માં તો સાવ બંધ થયેલ છે પણ અતયારે ૨૦ બુલેટ સુધીની મર્યાદીત પ્રેકટીસ છે તો તે પુરી કરવા માગે છે કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે આદિવાસી વિસ્તારમાં ગુજરાતમાં નકસલવાદના નામે કોઈ જગ્યાએ પોલીસનું એકટીવીઝમ શરૂ થયું છે તો તેને કન્ટ્રોલ કરવું અત્યંત જરૂરી છે. ગુજરાતની શાંતિમાટે પણ આ નકસલવાદના નામે આવું ન થાય તે માટે કોઈ પગલાં ભરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મેન્યુઅલ પ્રમાણે ફાયરીંગની એમણે વાત કરી તે દિશામાં અમે ચોકકસ જવા માગીએ છીએ. અને બહુ ત્વરીત ગતીથી જવા માગીએ છીએ. કદાચ આવતા વર્ષથી આપણે ચાલુ કરવાની સ્થિતિમાં આવી શકીશું. બીજી વાત નકસલવાદ બાબતમાં સારું કર્યુ માનનીય શકિતસિંહજીએ વાત કરી. મેં એમને એકવાર પર્સનલ મળવાનો પ્રયત્ન કર્યો હતો પણ એ વખતે મારે અનુકુળતા ન થઈ એટલે મળી શકયો નથી. પણ હું આ સન્માનનીય ગૃહને આપના માધ્યમથી કહેવા માગું છું અને આ ગૃહના માધ્યમથી સમગ્ર ગુજરાતની જનતાને પણ સ્પષ્ટતા કરવા માગું છું કે આ કોઈ પોલીસનું એકટીવીઝમ નથી. નકકર કેસ છે. ભારત સરકારની આઈ. બી. ની સૂચનાના આધાર ઉપર નોંધાયેલો કેસ છે. નકકર પુરાવા પછી નોંધાયેલો કેસ છે. અને છતાં પણ કોઈ પણ સભ્ય જોડે આમાં કોઈ જુદા પ્રકારની સૂચના

હોય તો વ્યકિતગત રીતે મને મળે હું તેનો ખુલાસો પૂછી અને ઓવરસ્ટેપીંગ લાગતું હશે તો સરકાર બંધ કરવા સંમંત છે. પણ હું સ્પષ્ટતા કરવા માગું છું કે મેં જાતે આ કેસની મોનીટરીંગ કર્યુ છે અને વિગતો મેળવી છે

ગુજરાતના  ડી. જી. પી. ને સાથે રાખીને મેળવી છે અને સિનિયર મોસ્ટ અધિકારીઓ સાથે બેસીને વિગતો સમજવાનો મેં પ્રયત્ન કર્યો છે. અત્યાર સુધી  જે કાર્યવાહી થઈ છે તેમાં કોઈ પોલીસનું એકટીવીઝમ નથી. પ્યોરલી જયારે રાજયોમાં નકસલવાદ ઉપર ભીંસ વધી રહી છે તે વખતે ભાગીને આપણા રાજયમાં ન આવે તેના માટે નાકા બંધી કરવાની વાત છે. અને જે આવ્યા છે તેને પકડીને કચડી નાખવાની વાત છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આ પ્રસ્તાવ મત માટે નથી મુકાતો એટલે આમાં કોઈ કલેરીફીકેશન ન હોઈ શકે. રાઈટ ઓફ કલેરીફિકેશન ન હોય, દરેક વખતે આ ટેવ પડી જાય છે. દરેક મંત્રીશ્રીના નિવેદન પછી કલેરીફીકેશન જરૂરી નથી. સમય છે તે વાત સાચી છે. પણ આપણે પરંપરા તરીકે ન લઈ શકીએ.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બાબુભાઈને ખુલાસો કરી દઉં, મુન્દ્રાની ખાનગી હવાઈ પટ્ટી ઉપર કોણ આવે છે અને કોણ જાય છે તેની યાદી રાખવાનું કામ ગુજરાત સરકારના અંતરગત  કામોની વહેંચણીમાં નથી આવતું. એવીએશન ડિપાર્ટમેન્ટમાં આવે છે અને એવીએશન ડિપાર્ટમેન્ટ અત્યારે એમના પક્ષની સરકારના તાબામાં છે.

**અધ્યક્ષશ્રી** : ચર્ચા પૂરી થાય છે.

# અતારાંકિત પ્રશ્નો (નિયમ-૮૭-ક)
## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ-૮૭-ક)

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૪૧ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો હું નિયમ-૮૭-ક અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અતારાંક્તિ પ્રશ્નોત્તરી**

**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે તા. ૩૦મી માર્ચ, ૨૦૧૦ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂક્વામાં આવેલ અતારાંક્તિ પ્રશ્નો અને તેના જવાબોની યાદી.**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | શ્રી અમરસિંહ વસાવા | ૧૪૬૪, ૨૪૬૧ | ૦૨ |
| ૨ | શ્રી અમીતકુમાર ચાવડા | ૨૨૫૬ | ૦૧ |
| ૩ | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા | ૨૫૭૭ | ૦૧ |
| ૪ | શ્રી કેશુભાઈ નાકરાણી | ૧૯૮૯ | ૦૧ |
| ૫ | શ્રી કિરણકુમાર મક્વાણા | ૨૫૯૨ | ૦૧ |
| ૬ | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા | ૨૩૯૭ | ૦૧ |
| ૭ | શ્રી દેવજીભાઈ ફતેપરા | ૨૬૦૪ | ૦૧ |
| ૮ | શ્રી ધીરૂભાઈ ભીલ | ૨૫૭૨ | ૦૧ |
| ૯ | શ્રી પરેશભાઈ વસાવા | ૨૫૧૪, ૨૫૧૫, ૨૫૧૬, ૨૫૧૭, ૨૫૧૮, ૨૫૧૯, ૨૫૨૨, ૨૫૨૭ | ૦૮ |
| ૧૦ | શ્રી રણછોડભાઈ મેર | ૨૫૯૯ | ૦૧ |
| ૧૧ | શ્રી રાઘવજીભાઈ પટેલ | ૨૩૪૯, ૨૩૫૬, ૨૩૯૧, ૨૪૪૩, ૨૪૬૨, ૨૪૮૪, ૨૪૮૮, ૨૪૯૫, ૨૪૯૬, ૨૪૯૮, ૨૫૨૯, ૨૫૩૩, ૨૫૩૬, ૨૫૩૭, ૨૫૫૪, ૨૫૬૧, ૨૫૬૨, ૨૫૬૩, ૨૫૬૫, ૨૫૬૬, ૨૫૬૭ | ૨૧ |
| ૧૨ | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર | ૨૬૦૫ | ૦૧ |
| ૧૩ | શ્રી શૈલેષભાઈ પરમાર | ૨૫૯૫ | ૦૧ |

### કોલગી સમિતિએ જાહેર કરેલ અતિપછાત તાલુકા

અતારાંક્તિ : ૨૫૭૨ (૦૯-૦૨-૨૦૧૦) **શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કોલગી સમિતિએ રાજ્યમાં અતિપછાત તાલુકાઓ કેટલા જાહેર કર્યા છે, ક્યા ક્યા, અને

(૨) આ અતિપછાત તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ ક્યા ક્યા હેતુસર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૧૮-૦૩-૨૦૧૦) :

(૧) ગુજરાતના તાલુકાઓના પછાતપણા અંગે શ્રી વી.આર.એસ. કોલગીના અધ્યક્ષપદે તા. ૨૫-૧૦-૨૦૦૪ના ઠરાવથી રચવામાં આવેલ સમિતિએ તાલુકાઓને અતિપછાત તાલુકા જાહેર કર્યા નથી. પરંતુ સમિતિએ આપેલ અહેવાલમાં તાલુકાઓની વિકાસની કક્ષા ધ્યાને લઈને આઠ કક્ષામાં વર્ગીકૃત કરેલ છે. આ અહેવાલના આધારે સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭-૦૭-૨૦૦૬ના ઠરાવથી રાજ્યના સૌથી પછાત પ્રથમ ૩૦ તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કર્યા છે જે નીચે મુજબ છે.

૧. ક્વાંટ ૨. જેતપુર-પાવી ૩. નસવાડી ૪. ધાનપુર ૫. ગરબાડા ૬. ઝાલોદ ૭. ફતેપુરા ૮. લીમખેડા ૯. દેવગઢબારીયા
૧૦. કપરાડા ૧૧. સાગબારા ૧૨. દેડીયાપાડા ૧૩. ઘોઘંબા ૧૪. મોરવા (હડફ) ૧૫. કડાણા ૧૬. શહેરા ૧૭. ખાનપુર
૧૮. સંતરામપુર ૧૯. વાવ ૨૦. થરાદ ૨૧. અમીરગઢ ૨૨. ડાંગ ૨૩. ઉમરપાડા ૨૪. ઉચ્છલ ૨૫. નિઝર ૨૬. રાપર
એચબી-૬૦-૧
૨૭. સાંતલપુર ૨૮. સમી ૨૯. બરવાળા ૩૦. કલ્યાણપુર.

ત્યારબાદ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૨-૦૩-૨૦૦૯ ઠરાવથી માનવવિકાસ સૂચકાંકોમાં નબળા એવા ૧૧ વધુ તાલુકાઓને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

(૧) લખપત (૨) ઘોઘા (૩) સોનગઢ (૪) વાલીયા (૫) જાંબુઘોડા (૬) ચોટીલા (૭) સાયલા (૮) દાંતા (૯) દીયોદર (૧૦) ભાભર (૧૧) કાંકરેજ

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૦ તાલુકાદીઠ જે તે સદર/હેતુ હેઠળ કરવામાં આવેલ ખર્ચની વિગતો આ સાથે સામેલ પત્રક* મુજબ છે. અન્ય ૧૧ તાલુકાઓ જાહેર કરે હજુ બે વર્ષ થયા ન હોઈ ખર્ચની વિગતો દર્શાવેલ નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

### ખેરાલુ તાલુકામાં પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવો ન મળતાં પશુઓનું વેચાણ

અતારાંક્તિ : ૨૪૯૫ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેરાલુ તાલુકામાં પશુપાલકોને દૂધના લીટર દીઠ ફક્ત રૂા. ૧૨ થી ૧૮ મળતા હોઈ દૂધના પોષણક્ષમ ભાવો ન મળવાને કારણે મજબૂરીથી પશુ ધન વેચી રહ્યા છે તે ગંભીર હકિક્ત સરકારના ધ્યાનમાં આવી છે, અને

(૨) આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે?

**સહકાર મંત્રીશ્રી** (૫-૩-૧૦) :

(૧) ખેરાલુ તાલુકાના વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૦ માં પશુધનમાં થયેલ વધારો, ૨૦૦૮-૦૯ થી ૨૦૦૯-૧૦માં દુધના એકત્રીકરણમાં થયેલ વધારો તથા ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં દુધના ભાવમાં થયેલ વધારો નીચે દર્શાવેલ છે. તે જોતાં ખેરાલુ તાલુકામાં પશુપાલકોને દુધના લીટરદીઠ ફક્ત રૂા. ૧૨ થી ૧૮ મળતાં હોઈ, દૂધના પોષણક્ષમ ભાવો ન મળવાના કારણે મજબુરીથી પશુધન વેચી રહ્યા છે, તે હકીક્ત સાચી નથી.

**૧. પશુધનની સંખ્યામાં વધારો :**

૨.

| પશુની જાત | વર્ષ ૨૦૦૬ | વર્ષ ૨૦૧૦ |
|---|---|---|
| ગાય | ૨૦૪૨૫ | ૩૦૭૩૭ |
| ભેંસ | ૩૧૧૧૭ | ૪૯૪૯૫ |

**૨. દુધ એકત્રીકરણમાં વધારો :**

| વર્ષ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|---|
| દૈનિક દુધ એકત્રિકરણ | ૩૭૭.૬૬ ટન | ૩૮૪.૯૬ ટન |
| વાર્ષિક દુધ એકત્રિકરણ | ૧૩૭૭૫૦.૮ ટન | ૧૪૦૫૧૧.૮ ટન |

**૩. દુધના ભાવમાં વધારો :**

| પશુની જાત | વર્ષ ૨૦૦૮-૦૯માં એક લીટરના ભાવ | વર્ષ ૨૦૦૯-૧૦માં એક લીટરના ભાવ |
|---|---|---|
| ગાય | રૂા. ૧૨.૬૦ | રૂા. ૧૫.૨૫ |
| ભેંસ | રૂા. ૨૦.૩૦ | રૂા. ૨૩.૦૯ |

**(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.**

-----------

## અમરેલી ખાતે ગોસંવર્ધન કેન્દ્ર શરૂ કરવા બાબત

અતારાંકિત : ૨૪૯૬ (૨૯-૦૧-૨૦૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમરેલી ખાતે રૂ. ૨.૫ કરોડના ખર્ચે રાજ્ય સરકાર દ્વારા ગોસંવર્ધન કેન્દ્ર શરૂ કરવા નિર્ણય થયો છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના તા. ૩૧-૦૧-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરી અમલમાં લેવાનાર છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૪-૦૩-૨૦૧૦) :

(૧) સરકારની વિચારણા હેઠળ છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં ખેડૂતોને અકસ્માત વિમા યોજના હેઠળ લાભ

અતારાંક્તિ : ૨૫૧૫ (૨૯-૦૧-૨૦૧૦) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જિલ્લા/તાલુકાવાર કેટલા ખેડૂતોના અક્સ્માતોને કારણે મોત થયા,

(૨) આ પેકી કેટલા ખેડૂતોને અક્સ્માત વીમા યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો,

(૩) કઇ વીમા કંપની તરફથી કેટલી રકમની ચુકવણી કરવામાં આવી અને હજુ કેટલા કિસ્સામાં રકમ ચુકવવાની બાકી છે, અને

(૪) બાકી રકમ રહેવાના કારણો શા છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૦-૦૩-૨૦૧૦) :

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૨૨૩૦ ખેડૂતોના અક્સ્માતને કારણે મોત થયા અંગેની જિલ્લાવાર **પત્રક-૧** મુજબ ખેડૂત ખાતેદાર અક્સ્માત વીમા યોજના હેઠળ દાવા અરજીઓ મળી.

(૨) આ પેકી ૧૭૭૨ ખેડૂતોને અક્સ્માત વીમા યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો.

(૩) યોજનાની અમલવારી કોઇ કંપની મારફત નહીં, પરંતુ રાજ્ય સરકારશ્રી દ્વારા (વીમા નિયામકશ્રી) કરવામાં આવે છે. વીમા નિયામકશ્રી તરફથી રૂા. ૧૭૫૯/- લાખ રકમની ચુકવણી કરવામાં આવી અને દાવા અરજીઓ ચકાસણી હેઠળ હોવાથી ૧૮૯ કિસ્સામાં હજુ રકમ ચુકવવાની બાકી છે.

(૪) બાકી રકમ રહેવાના કારણોમાં અરજીઓ ચકાસણી હેઠળ હોવા અંગેના છે. જેની ચકાસણી પૂરી થયેથી નિયમાનુસાર મંજૂર થયેલ દાવાઓની વીમા નિયામકશ્રી દ્વારા ચુકવણું હાથ ધરવામાં આવશે.

**પત્રક-૧**

| અ. નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | | | | વર્ષ ૨૦૦૯-૧૦ | | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વિમા નિયામકશ્રી | | | | વિમા નિયામકશ્રી | | | | | | | |
| | | આવેલ | ચુકવેલ | રદ | પડતર | આવેલ | ચુકવેલ | રદ | પડતર | આવેલ | ચુકવેલ | રદ | પડતર |
| ૧ | અમદાવાદ | ૪૪ | ૩૫ | ૬ | ૩ | ૫૫ | ૪૯ | ૩ | ૩ | ૯૯ | ૮૪ | ૯ | ૬ |
| ૨ | અમરેલી | ૭૩ | ૪૧ | ૨૫ | ૭ | ૪૬ | ૩૧ | ૧૦ | ૫ | ૧૧૯ | ૭૨ | ૩૫ | ૧૨ |
| ૩ | આણંદ | ૫૫ | ૫૨ | ૨ | ૧ | ૪૨ | ૩૮ | ૦ | ૪ | ૯૭ | ૯૦ | ૨ | ૫ |
| ૪ | બનાસકાંઠા | ૫૦ | ૪૪ | ૪ | ૨ | ૪૭ | ૪૦ | ૧ | ૬ | ૯૭ | ૮૪ | ૫ | ૮ |
| ૫ | ભરૂચ | ૨૫ | ૧૭ | ૫ | ૩ | ૧૭ | ૧૭ | ૦ | ૦ | ૪૨ | ૩૪ | ૫ | ૩ |
| ૬ | ભાવનગર | ૮૭ | ૭૪ | ૧૦ | ૩ | ૫૧ | ૩૭ | ૧૦ | ૪ | ૧૩૮ | ૧૧૧ | ૨૦ | ૭ |
| ૭ | દાહોદ | ૩૬ | ૩૩ | ૩ | ૦ | ૩૦ | ૨૪ | ૪ | ૨ | ૬૬ | ૫૭ | ૭ | ૨ |
| ૮ | ડાંગ | ૬ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૩ | ૩ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૪૯ | ૪૪ | ૩ | ૨ | ૩૦ | ૧૫ | ૧૨ | ૩ | ૭૯ | ૫૯ | ૧૫ | ૫ |
| ૧૦ | જામનગર | ૪૨ | ૩૮ | ૩ | ૧ | ૮૧ | ૫૮ | ૧૨ | ૧૧ | ૧૨૩ | ૯૬ | ૧૫ | ૧૨ |
| ૧૧ | જુનાગઢ | ૭૧ | ૬૫ | ૪ | ૨ | ૭૫ | ૫૯ | ૭ | ૯ | ૧૪૬ | ૧૨૪ | ૧૧ | ૧૧ |
| ૧૨ | ખેડા | ૫૪ | ૪૪ | ૭ | ૩ | ૫૩ | ૩૮ | ૩ | ૧૨ | ૧૦૭ | ૮૨ | ૧૦ | ૧૫ |
| ૧૩ | કચ્છ | ૨૬ | ૨૫ | ૧ | ૦ | ૧૯ | ૧૬ | ૩ | ૦ | ૪૫ | ૪૧ | ૪ | ૦ |
| ૧૪ | મહેસાણા | ૭૩ | ૫૮ | ૧૦ | ૫ | ૫૪ | ૩૭ | ૮ | ૯ | ૧૨૭ | ૯૫ | ૧૮ | ૧૪ |
| ૧૫ | નર્મદા | ૧૧ | ૮ | ૩ | ૦ | ૧૦ | ૭ | ૨ | ૧ | ૨૧ | ૧૫ | ૫ | ૧ |
| ૧૬ | નવસારી | ૨૦ | ૧૮ | ૧ | ૧ | ૨૧ | ૧૭ | ૧ | ૩ | ૪૧ | ૩૫ | ૨ | ૪ |
| ૧૭ | પંચમહાલ | ૮૧ | ૬૧ | ૧૩ | ૭ | ૭૧ | ૫૧ | ૯ | ૧૧ | ૧૫૨ | ૧૧૨ | ૨૨ | ૧૮ |
| ૧૮ | પાટણ | ૨૦ | ૧૮ | ૧ | ૧ | ૨૯ | ૨૮ | ૧ | ૦ | ૪૯ | ૪૬ | ૨ | ૧ |
| ૧૯ | પોરબંદર | ૮ | ૮ | ૦ | ૦ | ૨૧ | ૧૫ | ૨ | ૪ | ૨૯ | ૨૩ | ૨ | ૪ |
| ૨૦ | રાજકોટ | ૧૧૩ | ૯૨ | ૧૩ | ૮ | ૬૩ | ૪૬ | ૬ | ૧૧ | ૧૭૬ | ૧૩૮ | ૧૯ | ૧૯ |
| ૨૧ | સાબરકાંઠા | ૮૯ | ૬૪ | ૨૨ | ૩ | ૬૭ | ૫૦ | ૭ | ૧૦ | ૧૫૬ | ૧૧૪ | ૨૯ | ૧૩ |
| ૨૨ | સુરત | ૩૨ | ૩૦ | ૨ | ૦ | ૨૩ | ૧૫ | ૫ | ૩ | ૫૫ | ૪૫ | ૭ | ૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬૧ | ૫૫ | ૨ | ૪ | ૪૬ | ૪૧ | ૨ | ૩ | ૧૦૭ | ૯૬ | ૪ | ૭ |
| ૨૪ | તાપી | ૮ | ૭ | ૦ | ૧ | ૭ | ૬ | ૧ | ૦ | ૧૫ | ૧૩ | ૧ | ૧ |
| ૨૫ | વડોદરા | ૪૫ | ૩૧ | ૧૦ | ૪ | ૪૮ | ૩૯ | ૧ | ૮ | ૯૩ | ૭૦ | ૧૧ | ૧૨ |
| ૨૬ | વલસાડ | ૧૯ | ૧૫ | ૨ | ૨ | ૨૬ | ૧૮ | ૪ | ૪ | ૪૫ | ૩૩ | ૬ | ૬ |
| **કુલ** | | **૧૧૯૮** | **૯૮૦** | **૧૫૫** | **૬૩** | **૧૦૩૨** | **૭૯૨** | **૧૧૪** | **૧૨૬** | **૨૨૩૦** | **૧૭૭૨** | **૨૬૯** | **૧૮૯** |
| **ચુકવેલ રકમ રૂા.** | | **૯૭૪૫૦૦૦૦** | | | **૭૮૪૫૦૦૦૦** | | | | | **૧૭૫૯૦૦૦૦૦** | | | |

-----------

## તાપી જિલ્લામાં ધાન્ય પાકોનું ઉત્પાદન

અતારાંકિત : ૨૫૧૬ (૨૯-૦૧-૨૦૧૦) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા કેટલા ખેડૂતોને શું શું પ્રોત્સાહન આપવામાં આવ્યું,

(૨) કેટલી રકમ ખર્ચ થઇ, અને

(૩) હયાત પાકમાં કેટલો વધારો થયો ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૫-૦૩-૨૦૧૦) :

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા કુલ ૧૮૨૦ ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવેલ છે તેની માહિતી સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) થયેલ ખર્ચની તાલુકાવાર માહિતી સામેલ પત્રક-૨ મુજબ છે.

(૩) હયાત પાકમાં સરેરાશ ઉત્પાદન કરતાં ૧૫%નો વધારો જણાયેલ છે.

**પત્રક-૧**

**તા. ૧-૧૦-૦૬ થી તા. ૩૦-૯-૦૭ ની વિગત**

| અ.નં. | તાલુકાનું નામ | પ્રોત્સાહન આપેલ ખેડૂતોની સંખ્યા | આપેલ પ્રોત્સાહનની વિગત |
|---|---|---|---|
| ૧ | વાલોડ | | તાપી જીલ્લાની રચના તા. ૨-૧૦-૦૭ના રોજ થયેલ હોઇ, તા. ૧-૧૦-૦૬ થી તા. ૩૦-૯-૦૭ દરમ્યાનની માહિતી મામુર ગણવી. |
| ૨ | વ્યારા | | |
| ૩ | સોનગઢ | | |
| ૪ | ઉચ્છલ | | |
| ૫ | નિઝર | | |

| અ.નં. | તાલુકાનું નામ | પ્રોત્સાહન આપેલ ખેડૂતોની સંખ્યા | આપેલ પ્રોત્સાહનની વિગત |
|---|---|---|---|
| **તા. ૧-૧૦-૦૭ થી તા. ૩૦-૯-૦૮ ની વિગત** | | | |
| ૧ | વાલોડ | ૧૨૦ | સંકલિત રોગ જિવાત નિયંત્રણ વ્યવસ્થાપન, ફાર્મર ફિલ્ડ સ્કુલ નિદર્શન અને ખેડુત શિબિર |
| ૨ | વ્યારા | ૨૦૦ | ખેડુત શિબિર |
| ૩ | સોનગઢ | ૧૩૨ | ડાંગર અને ઘઉંનું પ્રમાણીત બીજ વિતરણ, ક્ષેત્રીય નિદર્શન, મીની કીટ્સ તથા સંકલિત રોગ જિવાત નિયંત્રણ વ્યવસ્થાપન ફાર્મર ફિલ્ડ સ્કુલ નિદર્શન અને ખેડૂત શિબિર |
| ૪ | ઉચ્છલ | ૨૬૩ | સંકલિત રોગ જિવાત નિયંત્રણ વ્યવસ્થાપન, ફાર્મર ફિલ્ડ સ્કુલ નિદર્શન, ખેડુત શિબિર, માઇક્રોન્યુટ્રીયન્ટસ અને મીની કિટ્સ વિતરણ |
| ૫ | નિઝર | ૪૮૩ | પાક સંરક્ષણ સાધન (પંપ), સુધારેલ ખેત ઓજાર, પાક સંરક્ષણ દવા મિની કિટ્સ અને માઇક્રોન્યુટ્રીયન્ટસ વિતરણ તથા ખેડૂત શિબિર |
| **કુલ** | | **૧૧૯૮** | |
| **તા. ૧-૧૦-૦૮ થી તા. ૩૦-૯-૦૯ ની વિગત** | | | |
| ૧ | વાલોડ | ૩૮ | સંકલિત રોગ જિવાત નિયંત્રણ વ્યવસ્થાપન, ફાર્મર ફિલ્ડ સ્કુલ ક્ષેત્રિય નિદર્શન ડાંગર/ઘ ઉં, માઇક્રોન્યુટ્રીયન્ટસ અને ખેડૂત શિબિર, પાક સંરક્ષણ દવા વિતરણ |
| ૨ | વ્યારા | ૪૦ | સંકલિત રોગ જિવાત નિયંત્રણ વ્યવસ્થાપન, ફાર્મર ફિલ્ડ સ્કુલ નિદર્શન, માઇક્રોન્યુટ્રીયન્ટસ અને ખેડૂત શિબિર, પાક સંરક્ષણ દવા વિતરણ |
| ૩ | સોનગઢ | ૮૫ | ડાંગર અને ઘઉંનું પ્રમાણીત બીજ વિતરણ, સંકલિત રોગ જિવાત નિયંત્રણ વ્યવસ્થાપન ફાર્મર ફિલ્ડ સ્કુલ નિદર્શન અને પાક સંરક્ષણ સાધન પંપ માઇક્રોન્યુટ્રીયન્સ વિતરણ |
| ૪ | ઉચ્છલ | ૩૩ | ડાંગર અને ઘઉંનું પ્રમાણીત બીજ વિતરણ, માઇક્રોન્યુટ્રીયન્ટસ, પાક સંરક્ષણ સાધન પંપ વિતરણ |
| ૫ | નિઝર | ૪૨૬ | પાક સંરક્ષણ સાધન (પંપ), મિની કિટ્સ અને માઇક્રોન્યુટ્રીયન્ટસ વિતરણ, સંકલિત રોગ જિવાત નિયંત્રણ વ્યવસ્થાપન ફાર્મર ફિલ્ડ સ્કુલ નિદર્શન તથા ખેડૂત શિબિર |
| **કુલ** | | ૬૨૨ | |

**પત્રક-૨**

| અ.નં. | તાલુકાનું નામ | થયેલ ખર્ચ રૂપિયા | | |
|---|---|---|---|---|
| | | ૧-૧૦-૦૬ થી ૩૦-૯-૦૭ | ૧-૧૦-૦૭ થી ૩૦-૯-૦૮ | ૧-૧૦-૦૮ થી ૩૦-૯-૦૯ |
| ૧ | વાલોડ | તાપી જિલ્લાની રચના તા. ૨-૧૦-૦૭ના રોજ થયેલ હોઇ આ દરમ્યાનની માહિતી મામુર ગણવી. | ૧૮,૫૦૦/- | ૨૦,૧૧૮/- |
| ૨ | વ્યારા | | ૨૦,૦૦૦/- | ૧૭,૬૧૮/- |
| ૩ | સોનગઢ | | ૩૮,૫૬૦/- | ૨૮,૦૦૦/- |
| ૪ | ઉચ્છલ | | ૩૮,૩૦૦/- | ૯,૦૦૦/- |
| ૫ | નિઝર | | ૧૯,૩૨૨૦/- | ૬૦,૬૬૦/- |
| કુલ | | | **૩,૦૮,૫૬૦/-** | **૧,૩૫,૩૯૬/-** |

------------

## તાપી જિલ્લામાં કૃષિ શિબિરો પાછળ થયેલ ખર્ચ

અતારાંક્તિ : ૨૫૧૭ (૨૯-૦૧-૨૦૧૦) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર ક્યાં ક્યાં કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવી, અને

(૨) તે પેકી દરેક શિબિર પાછળ કેટલો ખર્ચ કોના મારફતે કરવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) અને (૨) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર યોજવામાં આવેલ કૃષિ માર્ગદર્શન શિબિરોની અને દરેક શિબિર પાછળ કેટલો ખર્ચ કોના મારફતે કરવામાં આવેલ છે તેની માહિતી સામેલ પત્રક-૧ અને પત્રક-૨ મુજબ છે.

**પત્રક-૧**

| તા. ૧-૧૦-૨૦૦૭ થી તા. ૩૦-૯-૨૦૦૮ | | | | |
|---|---|---|---|---|
| અ. નં. | તાલુકાનું નામ | શિબિરનું સ્થળ ગામ | શિબિર પાછળ થયેલ ખર્ચ રૂપિયા | નીચેની સંસ્થા મારફત ખર્ચ થયેલ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | વાલોડ | દાદરીયા | ૫,૦૦૦/- | સુરત જિલ્લા ખરીદ વેચાણ સંઘ, વાલોડ |
| ૨ | વાલોડ | કુંભીયા | ૫,૦૦૦/- | અલગટ ફળ અને શાકભાજી ઉત્પાદકોની સેવા સહકારી મં. લી., અલગટ |
| ૩ | વાલોડ | બહેજ | ૫,૦૦૦/- | સુરત જિલ્લા ખરીદ વેચાણ સંઘ, વાલોડ |
| ૪ | વ્યારા | ડોલારા | ૫,૦૦૦/- | કપુરા વિભાગ મોટા કદની ખેડૂતોની સેવા સહકારી મંડળી, લી. કપુરા |
| ૫ | વ્યારા | પદમડુંગરી | ૧૫,૦૦૦/- | કપુરા વિભાગ મોટા કદની ખેડૂતોની સેવા સહકારી મંડળી, લી. કપુરા |
| ૬ | વ્યારા | પલાસીયા | ૫,૦૦૦/- | કપુરા વિભાગ મોટા કદની ખેડૂતોની સેવા સહકારી મંડળી, લી. કપુરા |
| ૭ | વ્યારા | ભોજપુર | ૫,૦૦૦/- | કપુરા વિભાગ મોટા કદની ખેડૂતોની સેવા સહકારી મંડળી, લી. કપુરા |
| ૮ | સોનગઢ | ચીમેર | ૫,૦૦૦/- | સોનગઢ વિભાગ ખેડૂતોની સહકારી મંડળી, લી. સોનગઢ |
| ૯ | સોનગઢ | ચીમકુવા | ૫,૦૦૦/- | સોનગઢ વિભાગ ખેડૂતોની સહકારી મંડળી, લી. સોનગઢ |
| ૧૦ | સોનગઢ | રામપુરા | ૫,૦૦૦/- | સોનગઢ વિભાગ ખેડૂતોની સહકારી મંડળી, લી. સોનગઢ |
| ૧૧ | સોનગઢ | ગતાડી | ૫,૦૦૦/- | સોનગઢ વિભાગ ખેડૂતોની સહકારી મંડળી, લી. સોનગઢ |
| ૧૨ | સોનગઢ | મોટાતારપાડા | ૫,૦૦૦/- | સોનગઢ વિભાગ ખેડૂતોની સહકારી મંડળી, લી. સોનગઢ |
| ૧૩ | ઉચ્છલ | વદપાડાનેસુ | ૫,૦૦૦/- | શ્રી ઉચ્છલ મોટા કદની કૃષિ સેવા સહકારી મંડળી, લી. ઉચ્છલ |
| ૧૪ | ઉચ્છલ | જામવણ | ૫,૦૦૦/- | શ્રી ઉચ્છલ મોટા કદની કૃષિ સેવા સહકારી મંડળી, લી. ઉચ્છલ |
| ૧૫ | ઉચ્છલ | સાકરડદા | ૫,૦૦૦/- | શ્રી ઉચ્છલ મોટા કદની કૃષિ સેવા સહકારી મંડળી, લી. ઉચ્છલ |
| ૧૬ | ઉચ્છલ | ચંદાપુર | ૫,૦૦૦/- | શ્રી ઉચ્છલ મોટા કદની કૃષિ સેવા સહકારી મંડળી, લી. ઉચ્છલ |
| ૧૭ | નિઝર | ગામડી | ૫,૦૦૦/- | તાલુકા સંઘ, નિઝર |
| ૧૮ | નિઝર | ઇટવાઇ | ૫,૦૦૦/- | તાલુકા સંઘ, નિઝર |
| કુલ | | | ૧,૦૦,૦૦૦/- | |

## પત્રક-૨

| તા. ૧-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૯-૨૦૦૯ | | | | |
|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | શિબિરનું સ્થળ ગામ | શિબિર પાછળ થયેલ ખર્ચ રૂપિયા | નીચેની સંસ્થા મારફત ખર્ચ થયેલ છે. |
| ૧ | સોનગઢ | તરસાડી | ૧૫,૦૦૦/- | સોનગઢ વિભાગ ખેડૂતોની સહકારી મંડળી લી. |
| ૨ | સોનગઢ | સાદડુન | ૧૫,૦૦૦/- | સોનગઢ વિભાગ ખેડૂતોની સહકારી મંડળી લી. |
| ૩ | સોનગઢ | ગતાડી | ૫,૦૦૦/- | સોનગઢ વિભાગ ખેડૂતોની સહકારી મંડળી લી. |
| ૪ | ઉચ્છલ | ચંદાપુર | ૫,૦૦૦/- | સોનગઢ વિભાગ ખેડૂતોની સહકારી મંડળી લી. |
| ૫ | ઉચ્છલ | ભીતબુન્દ્રક | ૧૫,૦૦૦/- | શ્રી ઉચ્છલ મોટા કદની કૃષિ સેવા સહકારી મંડળી, લી. ઉચ્છલ |
| ૬ | ઉચ્છલ | બાબરઘાટ | ૫,૦૦૦/- | શ્રી ઉચ્છલ મોટા કદની કૃષિ સેવા સહકારી મંડળી, લી. ઉચ્છલ |
| ૭ | નિઝર | તોરંદા | ૫,૦૦૦/- | તાલુકા સંઘ, નિઝર |
| ૮ | નિઝર | ઇટવાઇ | ૧૦,૦૦૦/- | તાલુકા સંઘ, નિઝર |
| ૯ | નિઝર | વેલ્દા | ૧૦,૦૦૦/- | તાલુકા સંઘ, નિઝર |
| ૧૦ | નિઝર | રાયગઢ | ૧૦,૦૦૦/- | તાલુકા સંઘ, નિઝર |
| કુલ | | | ૯૫,૦૦૦/- | |

## રાજ્યમાં કૃષિ રથયાત્રા પાછળ થયેલ ખર્ચ

અતારાંક્તિ : ૨૫૧૮ (૨૯-૦૧-૨૦૧૦) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કૃષિ રથ યાત્રામાં કેટલા સરકારી અને બીન સરકારી વાહનોનો કેટલી સંખ્યામાં ઉપયોગ કરવામાં આવ્યો હતો,

(૨) આ માટે રાજ્ય સરકારે જિલ્લાવાર સરકારી વાહનો પાછળ કેટલા લીટર પેટ્રોલ અને ડીઝલ વપરાયું અને વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ભાડુતી વાહનો માટે કેટલી રકમ વર્ષવાર જિલ્લાવાર ચુકવવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રી** (૪-૩-૧૦) :

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન યોજાયેલ કૃષિ રથયાત્રામાં કુલ ૯૧૨ સરકારી અને બિન સરકારી વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૨) આ માટે રાજ્ય સરકારે જિલ્લાવાર સરકારી વાહનો પાછળ કુલ ૬૨,૫૮૪ લીટર પેટ્રોલ/ડીઝલ વાપર્યું અને તે પાછળ કુલ રૂા. ૩૦,૭૬,૬૭૫/- નો ખર્ચ કરવામાં આવ્યો

જિલ્લાવાર અને વર્ષવાર વિગત પત્રક-બ થી સામેલ છે.

(૩) ભાડૂતી વાહનો માટે કુલ રૂા. ૩,૬૬,૬૩,૪૫૫/ની રકમ વર્ષવાર/જિલ્લાવાર ચુકવવામાં આવી. (જિલ્લાવાર અને વર્ષવાર વિગત પત્રક-ક થી સામેલ છે.)

**પત્રક-બ**

કૃષિરથ યાત્રામાં સરકારી વાહનો પાછળ (તા.૩૦-૯-૦૯ની સ્થિતિએ) થયેલ ખર્ચની માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૦૮ | | | વર્ષ-૨૦૦૯ (તા. ૩૦-૯-૦૯ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વાહનોની સંખ્યા | સરકારી વાહનોમાં વપરાયેલ ડીઝલ/પેટ્રોલ લીટરમાં | થયેલ ખર્ચ | સરકારી વાહનોની સંખ્યા | સરકારી વાહનો વપરાયેલ ડીઝલ/પેટ્રોલ લીટરમાં | થયેલ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અમદાવાદ | ૧૨ | ૧૮૪૫ | ૬૬૮૯૯ | ૪ | ૭૮૯ | ૨૮૦૭૮ |
| ૨ | આણંદ | ૧૫ | ૫૨૨૪ | ૧૯૯૪૪૫ | ૨ | ૧૨૫ | ૪૭૫૦ |
| ૩ | ખેડા | ૨૩ | ૨૨૨૧ | ૮૩૨૨૯ | ૦ | ૦ | ૦ |
| ૪ | ગાંધીનગર | ૬ | ૧૦૮૭ | ૬૧૯૭૪ | ૨૫ | ૨૫૩૦ | ૯૦૮૬૪ |
| ૫ | ડાંગ | ૧૧ | ૧૬૬૦ | ૬૧૯૭૭ | ૧ | ૧૪૧ | ૫૫૦૦ |
| ૬ | દાહોદ | ૧૦ | ૧૯૯૧ | ૮૧૪૫૨ | ૦ | ૦ | ૦ |
| ૭ | નર્મદા | ૪ | ૧૩૯૦ | ૫૪૩૧૮ | ૦ | ૦ | ૦ |
| ૮ | નવસારી | ૫ | ૧૯૨૪ | ૭૭૦૯૧ | ૨ | ૫૨૦ | ૧૯૬૩૫ |
| ૯ | પંચમહાલ | ૫ | ૩૦૫૮ | ૨૩૪૩૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | પાટણ | ૧૧ | ૧૫૮ | ૪૯૯૭૧ | ૨ | ૪૫૦ | ૧૭૧૦૦ |
| ૧૧ | બનાસકાંઠા | ૫ | ૩૭૩ | ૮૧૦૩૨ | ૧૮૬ | ૨૬૦૩ | ૩૬૧૮૦૬ |
| ૧૨ | ભરૂચ | ૧૦ | ૨૯૨૪ | ૧૧૧૨૮૭ | ૧ | ૩૫૬ | ૪૧૨૫૩ |
| ૧૩ | મહેસાણા | ૮ | ૧૭૮૪ | ૭૪૬૩૯ | ૪ | ૫૦ | ૧૭૧૦ |
| ૧૪ | વડોદરા | ૨૨ | ૧૦૦૪૨ | ૨૫૦૦૬૫ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | વલસાડ | ૧૨ | ૩૫૨૨ | ૧૬૮૧૫૮ | ૩ | ૨૮૮ | ૧૦૬૮૭ |
| ૧૬ | સાંબરકાંઠા | ૭ | ૬૦૦ | ૩૦૯૮૮૧ | ૦ | ૦ | ૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૦૮ | | | વર્ષ-૨૦૦૯ (તા. ૩૦-૯-૦૯ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વાહનોની સંખ્યા | સરકારી વાહનોમાં વપરાયેલ ડીઝલ/પેટ્રોલ લીટરમાં | થયેલ ખર્ચ | સરકારી વાહનોની સંખ્યા | સરકારી વાહનો વપરાયેલ ડીઝલ/પેટ્રોલ લીટરમાં | થયેલ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૭ | સુરત | ૧૮ | ૨૪૯૦ | ૬૧૦૦૬ | ૪ | ૯૪ | ૪૨૪૦ |
| ૧૮ | અમરેલી | ૧૨ | ૧૨૦૮ | ૫૫૫૨૪ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | કચ્છ | ૨૭ | ૨૯૦૪ | ૧૨૧૪૨૩ | ૬ | ૮૩૦ | ૧૨૬૪૬ |
| ૨૦ | જામનગર | ૨ | ૪૫૭ | ૩૨૬૮૫ | ૨ | ૨૮૮ | ૯૮૭૧ |
| ૨૧ | જુનાગઢ | ૧૪ | ૧૪૨૮ | ૬૪૯૮૭ | ૪ | ૩૮૯ | ૧૩૮૬૩ |
| ૨૨ | પોરબંદર | ૪ | ૯૦૮ | ૪૨૫૭૪ | ૧ | ૬૦૬ | ૨૧૪૪૫ |
| ૨૩ | ભાવનગર | ૬ | ૧૩૧૦ | ૧૩૮૮૮૨ | ૩ | ૪૦૭ | ૧૫૦૯૦ |
| ૨૪ | રાજકોટ | ૧૨ | ૭૯૮ | ૩૭૧૨૯ | ૭ | ૩૬૫ | ૧૩૮૦૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૩ | ૨૯૦ | ૮૯૬૫૭ | ૧ | ૧૪૭ | ૫૨૨૨ |
| ૨૬ | તાપી (વ્યારા) | ૦ | ૦ | ૦ | ૧ | ૧૦ | ૪૦૦ |
| | **કુલ :-** | **૨૭૪** | **૫૧૫૯૬** | **૨૩૯૮૭૧૫** | **૨૫૯** | **૧૦૯૮૮** | **૬૭૭૯૬૦** |

## પત્રક-ક

## કૃષિરથ યાત્રામાં ખાનગી વાહનો પાછળ (તા. ૩૦-૯-૦૯ની સ્થિતિએ) થયેલ ખર્ચની માહિતિ

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૦૮ | | વર્ષ-૨૦૦૯ (તા. ૩૦-૯-૦૯ની સ્થિતિ) | |
|---|---|---|---|---|---|
| | | ખાનગી વાહનોની સંખ્યા | થયેલ ખર્ચ | ખાનગી વાહનોની સંખ્યા | થયેલ ખર્ચ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ૧૬ | ૧૭૮૪૬૫૮ | ૦ | ૦ |
| ૨ | આણંદ | ૧૦ | ૧૧૫૩૫૩૨ | ૦ | ૦ |
| ૩ | ખેડા | ૧૦ | ૧૫૭૫૪૩૬ | ૦ | ૦ |
| ૪ | ગાંધીનગર | ૮ | ૫૮૭૦૩૫ | ૨ | ૧૮૬૩૯ |
| ૫ | ડાંગ | ૬ | ૪૮૭૬૯૨ | ૦ | ૦ |
| ૬ | દાહોદ | ૨૦ | ૧૩૮૩૫૪૮ | ૧ | ૧૭૮૫૦ |
| ૭ | નર્મદા | ૪ | ૬૩૩૬૬૨ | ૦ | ૦ |
| ૮ | નવસારી | ૧૦ | ૮૭૩૪૦૧ | ૦ | ૦ |
| ૯ | પંચમહાલ | ૩૦ | ૨૫૯૮૯૦૯ | ૦ | ૦ |
| ૧૦ | પાટણ | ૧૪ | ૧૦૧૬૬૧૭ | ૧ | ૩૨૧૦૦ |
| ૧૧ | બનાસકાંઠા | ૧૩ | ૧૮૨૫૯૦૨ | ૭ | ૧૨૬૦૯૦ |
| ૧૨ | ભરૂચ | ૮ | ૧૩૬૭૫૬૭ | ૧૪ | ૨૫૦૦૦ |
| ૧૩ | મહેસાણા | ૯ | ૧૩૦૫૫૮૬ | ૧ | ૧૫૭૬૫ |
| ૧૪ | વડોદરા | ૨૩ | ૧૭૭૩૬૫૬ | ૦ | ૦ |
| ૧૫ | વલસાડ | ૮ | ૭૮૯૮૦૧ | ૦ | ૦ |
| ૧૬ | સાબરકાંઠા | ૧૩ | ૧૮૨૫૯૦૨ | ૦ | ૦ |
| ૧૭ | સુરત | ૧૫ | ૨૧૮૦૮૯૬ | ૦ | ૦ |
| ૧૮ | અમરેલી | ૨૩ | ૧૬૯૯૨૬૪ | ૨૨ | ૧૬૬૮૨૦ |
| ૧૯ | કચ્છ | ૨૬ | ૧૮૨૪૫૧૨ | ૦ | ૦ |
| ૨૦ | જામનગર | ૧૦ | ૧૫૨૫૬૪૦ | ૫ | ૪૨૫૨૦ |
| ૨૧ | જુનાગઢ | ૧૪ | ૨૧૯૬૬૨૩ | ૦ | ૦ |
| ૨૨ | પોરબંદર | ૩ | ૫૦૧૧૯૨ | ૦ | ૦ |
| ૨૩ | ભાવનગર | ૯ | ૧૬૭૮૨૦૪ | ૦ | ૦ |
| ૨૪ | રાજકોટ | ૧૪ | ૨૨૨૪૮૯૬ | ૦ | ૦ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૦ | ૧૪૦૪૫૪૦ | ૦ | ૦ |
| ૨૬ | વાપી (વ્યારા) | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ :-** | **૩૨૬** | **૩૬૨૧૮૬૭૧** | **૫૩** | **૪૪૪૭૮૪** |

---------------

## તાપી જિલ્લામાં ગ્રામ સેવકનું મંજુર મહેકમ

અતારાંકિત : ૨૫૧૯ (૨૯-૦૧-૧૦) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર ગ્રામસેવકોનું કેટલું મંજુર મહેકમ છે,

(૨) તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૪) સરકાર આ જગ્યાઓ ક્યારે ભરવા માંગે છે?

**કૃષિ મંત્રીશ્રી** (૫-૩-૧૦) :

(૧) અને (૨) તાપી જિલ્લામાં તા. ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ (તાપી જિલ્લામાં) ગ્રામસેવકોનું મંજુર મહેકમ અને ખાલી જગ્યાની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મંજુર મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|
| વ્યારા | ૩૮ | ૧૧ |
| વાલોડ | ૧૨ | ૦ |
| સોનગઢ | ૧૯ | ૦૪ |
| ઉચ્છલ | ૦૬ | ૦૪ |
| નિઝર | ૦૮ | ૦૪ |
| કુલ :- | ૮૩ | ૨૩ |

(૩) સામેલ પત્રક મુજબ

(૪) ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા પ્રગતિમાં છે.

**પત્રક**

| તાલુકાનું નામ | ખાલી જગ્યા | ક્યારથી ખાલી છે તે તારીખ |
|---|---|---|
| વ્યારા | ૧ | ૪/૧/૨૦૦૭ |
| | ૧ | ૩૧/૧૨/૨૦૦૭ |
| | ૧ | ૩૦/૬/૨૦૦૭ |
| | ૧ | ૧/૭/૨૦૦૬ |
| | ૧ | ૩૦/૧૧/૧૯૯૫ |

| તાલુકાનું નામ | ખાલી જગ્યા | ક્યારથી ખાલી છે તે તારીખ |
|---|---|---|
| | ૧ | ૧/૪/૨૦૦૭ |
| | ૨ | ૨૨/૬/૨૦૦૫ |
| | ૧ | ૭/૧/૨૦૦૫ |
| | ૧ | ૩૦/૬/૨૦૦૫ |
| | ૧ | ૫/૧૦/૨૦૦૬ |
| વાલોડ | ૦ | -- |
| સોનગઢ | ૨ | ૧૧/૧૦/૨૦૦૬ |
| | ૧ | ૩/૪/૨૦૦૮ |
| | ૧ | ૩૦/૬/૨૦૦૮ |
| ઉચ્છલ | ૧ | ૨૭/૬/૨૦૦૬ |
| | ૧ | ૨૨/૫/૨૦૦૭ |
| | ૧ | ૩૦/૬/૨૦૦૮ |
| | ૧ | ૩૧/૭/૨૦૦૯ |
| નિઝર | ૧ | ૧૫/૩/૨૦૦૭ |
| | ૧ | ૧૧/૯/૨૦૦૭ |
| | ૧ | ૩/૪/૨૦૦૮ |
| | ૧ | ૩૦/૬/૨૦૦૮ |

---------------

## પોલ્ટ્રીફાર્મ/હેચરીફાર્મ ના સંચાલન-નિયમન-તપાસ-ઈન્સ્પેક્શનના ધોરણો નક્કી કરવા અંગે

અતારાંક્તિ : ૨૫૬૨ (૨૯-૦૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પોલ્ટ્રીફાર્મ/હેચરીફાર્મ ના સંચાલન-નિયમન-તપાસ-ઈન્સ્પેક્શનના ધોરણો નિયમો, તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ પણ તેયાર થયા નથી તે હકીકત સાચી છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે ક્યાં સુધીમાં તેયાર કરવામાં આવનાર છે?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૩-૨-૨૦૧૦) :

(૧) હા,

(૨) પોલ્ટ્રીફાર્મ/હેચરી ફાર્મના સંચાલન નિયમન-તપાસ-ઇન્સ્પેક્શનના ધોરણો અને નિયમો બનાવવા માટે પોલ્ટ્રી રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન એક્ટ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલ નથી. પરંતુ ગુજરાત સરકારે પહેલ કરીને સમગ્ર એક્ટ પશુપાલન ખાતા મારફતે તૈયાર કરેલ છે અને મંજુરી અર્થે વિચારણામાં છે.

(૩) સત્વરે.

---------------

## રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પી.ટી.સી. લાયકાતવાળા શિક્ષકો

અતારાંક્તિ : ૨૫૬૩ (૨૯-૦૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં કેટલા પ્રાથમિક શિક્ષકો કામ કરે છે,

(૨) તે પેકી કેટલા શિક્ષકો પી.ટી.સી. લાયકાતવાળા છે,

(૩) જે શાળાઓમાં પી.ટી.સી. લાયકાત વિનાના પ્રાથમિક શિક્ષકો કામ કરે છે તેને સ્થાને પી.ટી.સી. લાયકાતવાળા શિક્ષકો મૂકવા સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૨૦૧૦) :

(૧) રાજકોટ જિલ્લાની ૧૪૧૩ ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ ૪૭૩૬ શિક્ષકો અને સુરેન્દ્રનગર જિલ્લાની કુલ ૧૭૬ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૧૧૬૦ શિક્ષકો કામ કરે છે,

(૨) રાજકોટ જિલ્લામાં ૩૦૬૯ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૯૧ મળી કુલ ૩૫૬૦ શિક્ષકો પી.ટી.સી. લાયકાત ધરાવે છે.

(૩) તાલીમી શિક્ષકોની ભરતી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે.

(૪) જેમ બને તેમ જલ્દી.

---------------

## અમરેલી અને ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પી.ટી.સી. લાયકાતવાળા શિક્ષકો

અતારાંક્તિ : ૨૫૬૫ (૨૯-૦૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમરેલી અને ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં કેટલા પ્રાથમિક શિક્ષકો કામ કરે છે,

(૨) તે પેકી કેટલા શિક્ષકો પી.ટી.સી. લાયકાતવાળા છે,

(૩) જે શાળાઓમાં પી.ટી.સી. લાયકાત વિનાના પ્રાથમિક શિક્ષકો કામ કરે છે તેને સ્થાને પી.ટી.સી. લાયકાતવાળા શિક્ષકો મૂકવા સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૨૦૧૦) :

(૧) અમરેલી જિલ્લાની ૨૧૮ ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ ૧૪૬૫ શિક્ષકો અને ભાવનગર જિલ્લાની કુલ ૩૫૦ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૭૪૮ શિક્ષકો કામ કરે છે.

(૨) અમરેલી જિલ્લામાં ૭૧૭ અને ભાવનગર જિલ્લામાં ૮૯૮ મળી કુલ ૧૬૧૫ શિક્ષકો પી.ટી.સી. લાયકાત ધરાવે છે.

(૩) તાલીમી શિક્ષકોની ભરતી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે.

(૪) જેમ બને તેમ જલ્દી.

---------------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પી.ટી.સી. લાયકાતવાળા શિક્ષકો**

અતારાંક્તિ : ૨૫૬૬ (૨૯-૦૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં કેટલા પ્રાથમિક શિક્ષકો કામ કરે છે,

(૨) તે પેકી કેટલા શિક્ષકો પી.ટી.સી. લાયકાતવાળા છે,

(૩) જે શાળાઓમાં પી.ટી.સી. લાયકાત વિનાના પ્રાથમિક શિક્ષકો કામ કરે છે તેને સ્થાને પી.ટી.સી. લાયકાતવાળા શિક્ષકો મૂકવા સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૨૦૧૦) :

(૧) જૂનાગઢ જિલ્લાની ૭૨૨ ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ ૪૯૭૫ શિક્ષકો અને પોરબંદર જિલ્લાની કુલ ૧૦૨ પ્રાથમિક શાળાઓમાં ૯૧૮ શિક્ષકો કામ કરે છે.

(૨) જૂનાગઢ જિલ્લામાં ૧૪૫૮ અને પોરબંદર જિલ્લામાં ૧૬૮ મળી કુલ ૧૬૨૬ શિક્ષકો પી.ટી.સી. લાયકાત ધરાવે છે.

(૩) તાલીમી શિક્ષકોની ભરતી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે.

(૪) જેમ બને તેમ જલ્દી.

---------------

**જામનગર અને કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પી.ટી.સી. લાયકાતવાળા શિક્ષકો**

અતારાંક્તિ : ૨૫૬૭ (૨૯-૦૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર અને કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં કેટલા પ્રાથમિક શિક્ષકો કામ કરે છે,

(૨) તે પેકી કેટલા શિક્ષકો પી.ટી.સી. લાયકાતવાળા છે,

(૩) જે શાળાઓમાં પી.ટી.સી. લાયકાત વિનાના પ્રાથમિક શિક્ષકો કામ કરે છે તેને સ્થાને પી.ટી.સી. લાયકાતવાળા શિક્ષકો મૂકવા સરકારે શી વ્યવસ્થા કરી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૦-૩-૨૦૧૦) :

(૧) જામનગર જિલ્લાની ૩૭૬ ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ ૨૫૦૨ શિક્ષકો અને કચ્છ જિલ્લાની કુલ ૨૭૧ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૧૦૭ શિક્ષકો કામ કરે છે,

(૨) જામનગર જિલ્લામાં ૭૮૪ અને કચ્છ જિલ્લામાં ૬૦૧ મળી કુલ ૧૩૮૫ શિક્ષકો પી.ટી.સી. લાયકાત ધરાવે છે,

(૩) તાલીમી શિક્ષકોની ભરતી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે,

(૪) જેમ બને તેમ જલ્દી.

-----------------

**ખોટ કરતા જાહેર સાહસોમાં વધારાના સ્ટાફ અંગે**

અતારાંક્તિ : ૨૪૮૮ (૨૯-૦૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ખોટ કરતા ક્યા ક્યા જાહેર સાહસોમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ જરૂરીયાતથી વધારાનો સ્ટાફ છે,

(૨) તે કેટેગરી મુજબ સંવર્ગવાર કેટલો સ્ટાફ છે. તેનો કેટલો બોજો જાહેર સાહસો પર પડે છે, અને

(૩) વધારાના સ્ટાફને દૂર કરવા અને આર્થિક બોજો ઘટાડવા સરકારે શી કાર્યવાહી કરી છે?

**નાણા મંત્રીશ્રી** (૮-૩-૧૦) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારના ગુજરાત રાજ્ય નાણાકીય નિગમમાં જરૂરીયાતથી વધારાનો
સ્ટાફ છે.

(૨) કેટેગરી મુજબ સંવર્ગવાર સ્ટાફ જોઈન્ટ મેનેજર ૧., એક્ઝીક્યુટીવ સેક્રેટરી ૪, ઓફીસ સેક્રેટરી ૬, જુનીયર ઓફીસર જનરલ ૨, કારકુન ૩ અને પટાવાળા ૧ છે. જેનો માસિક કુલ રૂા. ૨.૭૭ લાખનો બોજો જાહેર સાહસો પર પડે છે.

(૩) વધારાના સ્ટાફને અન્ય ક્ચેરીઓમાં લોન સેવાથી ફાળવી, તેમની પાસેથી કામગીરી લેવામાં આવે છે.

-----------------

**તાપી જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષો કપાવા બાબત**

અતારાંક્તિ : ૨૫૧૪ (૨૯-૦૧-૧૦) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર કઈ કઈ રેન્જોમાં ક્યા ક્યા રાઉન્ડોમાં કેટલા વૃક્ષો ગેરકાયદેસર કપાયા છે,

(૨) આ અંગે કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા અને તે વાહનોની કિંમત કેટલી છે,

(૪) પકડાયેલ આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૫) ન પકડાયેલ આરોપીઓને સરકાર ક્યાં સુધીમાં પકડવા માંગે છે, અને

(૬) કપાયેલ વૃક્ષોની કિંમત કેટલી થતી હતી?

**વન મંત્રીશ્રી** (૧૬-૩-૧૦) :

(૧) તા. ૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં સામેલ પત્રક-૧ મુજબ કુલ ૭૦૫૫ વૃક્ષો ગેરકાયદેસર કપાયા છે.

(૨) આ અંગે સામેલ પત્રક-૨ મુજબ ૨૦૧ આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કુલ ૨૩૭ વાહનો જપ્ત કરવામાં આવ્યા અને તે વાહનોની કિંમત રૂપિયા ૩૬,૫૧,૮૦૪/-થાય છે.

(૪) પકડાયેલ આરોપીઓ સામે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી જામીન પર મુક્ત કરવામાં આવેલ છે.

(૫) ન પકડાયેલ આરોપીઓ મળી આવતા ન હોઈ તપાસની કાર્યવાહી ચાલુ છે.

(૬) કપાયેલ વૃક્ષોની રૂપિયા ૧,૫૫,૨૭,૧૦૦/-થાય છે.

**પત્રક--૧**

**તારીખ : ૩૦-૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં નીચેની વિગતે કુલ ૭૦૫૫ વૃક્ષો ગેરકાયદેસર કપાયેલા છે.**

| અ.નં. | વિભાગનું નામ | જીલ્લાનું નામ | રેન્જનું નામ | તાલુકાનું નામ | રાઉન્ડનું નામ | ગે.કા. કપાયેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | ૧-૧૦-૨૦૦૭ થી ૩૦-૯-૨૦૦૮ | | | | | |
| ૧ | વ્યારા | તાપી | વ્યારા | વ્યારા | બાલપુર | ૧૫ |
| | | | | | ઝાંખરી | ૬ |
| | | | | | અંતાપુર | ૧૭ |
| ૨ | વ્યારા | તાપી | ઉનાઈ | વ્યારા | ચુનાવાડી | ૪૯ |
| | | | | | પદમડુંગરી | ૬૬ |
| | | | | | પીઠાદરા | ૩૫ |
| | | | | | બેશનીયા | ૩૬ |
| | | | | | પીપલવાડા | ૪૭ |
| ૩ | વ્યારા | તાપી | સાદડવેલ | સોનગઢ | હિરાવાડી | ૨ |
| | | | | | ઉમરદા | ૧૫ |
| | | | | | ઘુંટવેલ | ૧૪ |
| | | | | | મેઢા | ૯ |
| ૪. | વ્યારા | તાપી | મલંગદેવ | સોનગઢ | હિંદલા | ૧૧૬ |
| | | | | | ચિમેર | ૧૪૮ |
| | | | | | મલંગદેવ | ૩૮ |
| ૫. | વ્યારા | તાપી | વાજપુર | સોનગઢ | સાતકાશી | ૪૦ |
| | | | | | પાઘડઘુવા | ૩૧૯ |
| | | | | | બોરદા | ૮ |
| ૬ | વ્યારા | તાપી | ખેરવાડા | સોનગઢ | નીંદવાડા | ૫૮ |
| | | | | | ખેરવાડા | ૧૦૩ |
| | | | | | સીંગલવાણ | ૮૮ |
| | | | | | અજવાર | ૨૦૧ |
| ૭ | વ્યારા | તાપી | ટાપ્ટી | સોનગઢ | શેરૂલા-૧ | ૪૬ |
| | | | | | શેરૂલા-૨ | ૭૯ |
| | | | | | સરજામલી | ૪૧ |
| | | | | | લીંબી | ૯૬ |
| ૮ | વ્યારા | તાપી | ફોર્ટસોનગઢ | સોનગઢ | ગુણસદા | ૫ |
| | | | | | અગાસવાણ | ૮ |
| ૯ | વ્યારા | તાપી | નેસુ પૂર્વ | ઉચ્છલ | ટાવલી | ૪૭૮ |
| | | | | | ગવાણ | ૭૬૮ |
| | | | | | ક્રોડ | ૬૯૪ |
| ૧૦ | વ્યારા | તાપી | નુસુ પમિ | ઉચ્છલ | જામલી | ૧૩૦ |
| | | | | | ઝરાલી | ૨૦ |
| | | | | | ભંડભુંજા | ૭ |
| | | | | | બાબરઘાટ | ૦ |
| | | | | | **કુલ...** | **૩૮૦૨** |
| | | | ૧-૧૦-૨૦૦૮ થી ૩૦-૯-૨૦૦૯ | | | |
| ૧ | વ્યારા | તાપી | વ્યારા | વ્યારા | બાલપુર | ૨ |
| | | | | | ઝાંખરી | ૩૨ |
| એચબી-૬૦-૪ | | | | | અંતાપુરી | ૮ |
| ૨ | વ્યારા | તાપી | ઉનાઈ | વ્યારા | ચુનાવાડી | ૨૧૩ |
| | | | | | પદમડુંગરી | ૧૬ |
| | | | | | પીઠાદરા | ૨૪ |
| | | | | | બેશનીયા | ૬૭ |
| | | | | | પીપલવાડા | ૬૩ |
| ૩ | વ્યારા | તાપી | સાદડવેલ | સોનગઢ | હિરાવાડી | ૫ |
| | | | | | ઉમરદા | ૧૧ |
| | | | | | ઘુંટવેલ | ૮ |
| | | | | | મેઢા | ૧ |
| ૪ | વ્યારા | તાપી | મલંગદેવ | સોનગઢ | હિંદલા | ૧૨૧ |
| | | | | | ચિમેર | ૭૮ |
| | | | | | મલંગદેવ | ૧૭ |
| ૫ | વ્યારા | તાપી | વાજપુર | સોનગઢ | સાતકાશી | ૫૫ |
| | | | | | પાઘડઘુવા | ૨૧૦ |
| | | | | | બોરદા | ૧૫ |
| ૬ | વ્યારા | તાપી | ખેરવાડા | સોનગઢ | નીંદવાડા | ૪૦ |
| | | | | | ખેરવાડા | ૪૮ |
| | | | | | સીંગલવાણ | ૫૧ |
| | | | | | અજવાર | ૨૭ |
| ૭ | વ્યારા | તાપી | ટાપ્ટી | સોનગઢ | શેરૂલા-૧ | ૨૬ |
| | | | | | શેરૂલા-૨ | ૪૦ |
| | | | | | સરજામલી | ૩૦ |
| | | | | | લીંબી | ૪૬ |
| ૮ | વ્યારા | તાપી | ફોર્ટ સોનગઢવ્યા | સોનગઢ | ગુણસદા | ૨ |

| અ.નં. | વિભાગનું નામ | જીલ્લાનું નામ | રેન્જનું નામ | તાલુકાનું નામ | રાઉન્ડનું નામ | ગે.કા. કપાયેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | | અગાસવાણ | ૩૦ |
| ૯ | વ્યારા | તાપી | નેસુ પુર્વ | ઉચ્છલ | ટાવલી | ૫૭૨ |
| | | | | | ગવાણ | ૫૮૮ |
| | | | | | કરોડ | ૬૭૧ |
| ૧૦ | વ્યારા | તાપી | નેસુ પમિ | ઉચ્છલ | જામલી | ૮૧ |
| | | | | | ઝરાલી | ૪ |
| | | | | | ભડભુંજા | ૫૧ |
| | | | | | **કુલ** | **૩૨૫૩** |
| | | | **કુલ** | | | **૭૦૫૫** |

**પત્રક--૨**

**આ અંગે રેંજવાર નીચે મુજબ આરોપીઓ પકડવામાં આવેલ છે.**

| રેન્જ | ૧-૧૦-૨૦૦૭ થી ૩૦-૯-૨૦૦૮ | ૧-૧૦-૨૦૦૮ થી ૩૦-૯-૨૦૦૯ |
|---|---|---|
| વ્યારા | ૧૫ | ૯ |
| ઉનાઈ | ૫ | ૧૮ |
| ફોર્ટ સોનગઢ | ૦ | ૨ |
| સાદડવેલ | ૩ | ૫ |
| મલંગદેવ | ૩૧ | ૮ |
| ટાપ્ટી | ૧૩ | ૫ |
| વાજપુર | ૨ | ૧૭ |
| ખેરવાડા | ૪ | ૧૦ |
| નેશુ પૂર્વ | ૧૯ | ૩૧ |
| નેશુ પમિ | ૨ | ૨ |
| **કુલ** | ૯૪ | **૧૦૭** |
| | **કુલ** | **૨૦૧** |

------------------

## સો મીલોમાં લઈ જવાતા વૃક્ષો કાપવાની મંજૂરી અંગે

અતારાંક્તિ : ૨૫૩૬ (૨૯-૦૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં સો મીલોમાં જે વૃક્ષો કપાઈને વેચાણ માટે આવે છે તે વૃક્ષોને કાપવા મંજૂરી આપવામાં આવે છે કે કેમ,

(૨) તેનું ક્રોસ વેરીફીકેશન કરવાની જવાબદારી કોની છે; અને

(૩) ગેરકાનૂની રીતે કપાઈને સો મીલોમાં આવેલ લાકડું ખરીદનારા સો મીલ માલીકો સામે શી કાર્યવાહી થાય છે?

**વન મંત્રીશ્રી** (૪-૩-૧૦) :

(૧) હા, જી.

(૨) ક્રોસ વેરીફીકેશન કરવાની જવાબદારી વન ખાતાની તથા મહેસૂલ ખાતાની છે.

(૩) ગેરકાનૂની રીતે કપાઈને આવેલ લાકડું ખરીદનારા સો મીલ માલિકો સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી થાય છે.

------------------

## ચાઈનીઝ દોરીના ઉત્પાદન વપરાશ અને વેચાણ ઉપર પ્રતિબંધ

અતારાંક્તિ : ૨૫૩૭ (૨૯-૦૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં ચાઈનીઝ દોરીના ઉત્પાદન, વપરાશ અને વેચાણ પર ડીસેમ્બર-૨૦૦૯માં પ્રતિબંધ મૂક્યો છે તે હકીક્ત સાચી છે;

(૨) જો હા, તો તેનાં શાં કારણો છે, અને

(૩) આ જોગવાઈના અમલની જવાબદારી કોને સોંપી છે?

**વન મંત્રીશ્રી** (૫-૩-૧૦) :

(૧) વન અને પર્યાવરણ વિભાગના તારીખ ૦૪-૧૨-૨૦૦૯ના પત્રથી એન્વીરોનમેન્ટ (પ્રોટેક્શન) એક્ટ-૧૯૮૬ની
કલમ (૫) અંતગર્ત સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ, મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીઓ તથા પોલીસ મહાનિર્દેશક વગેરેને ચાઈનીઝ બનાવટની દોરીનો ઉપયોગ અટકાવવા જરૂરી પગલાં લેવા અને જન જાગૃતિ લાવવા માટે જરૂરી નિર્દેશન (ડાયરેક્શન) આપવામાં આવેલ છે.

(૨) ચાઈનીઝ બનાવટની કે લોખંડ કે કાચના પાઉડર વગેરે જેવા અન્ય ઝેરી પદાર્થો ભેળવીને પ્લાસ્ટિક અથવા તેના જેવા સિન્થેટીક પદાર્થોમાંથી પતંગ ચગાવવા માટે તૈયાર કરવામાં આવતી પાકી દોરીથી ઘણાં પક્ષીઓ તેમજ લોકોને પણ ઈજા થવાની અને કેટલાક કિસ્સાઓમાં જાન ગુમાવવાની પણ સંભાવના હોવાથી તેમજ લુપ્તતાના આરે જઈ રહેલા ગીધ સહિતના પક્ષીઓના રક્ષણ કરવાના હેતુ માટે આવા નિર્દેશો આપવામાં આવેલ.

(૩) તમામ જિલ્લાઓના જિલ્લા કલેક્ટરશ્રીઓ, મહાનગરપાલિકાઓના કમિશ્નરશ્રીઓ, પોલીસ મહાનિર્દેશકશ્રીને અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને જવાબદારી સોપવામાં આવેલ.

### ભરૂચ અને નર્મદા જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં બંધ હાલતમાં રહેલ એમ્બ્યુલન્સ અને મશીનરી

અતારાંક્તિ : ૧૪૬૪ (૬-૫-૦૯) **શ્રી અમર સિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ-દવાખાનાઓમાં કેન્દ્રવાર તબીબી સાધનો મશીનરી અને એમ્બ્યુલન્સ ક્યારથી બંધ છે,

(૨) બંધ રહેવાના કારણો શાં છે, અને

(૩) આ તબીબી સાધનો અને એમ્બ્યુલન્સ ક્યાં સુધીમાં પુનઃ ચાલુ કરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૫-૨-૧૦) :

| ભરૂચ જિલ્લો | | | | નર્મદા જિલ્લો | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો/હોસ્પિટલ | બંધ તબીબી સાધનો | બંધ થયાની તારીખ | ક્રમ | તાલુકો/હોસ્પિટલ | બંધ તબીબી સાધનો | બંધ થયાની તારીખ |
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વાલીયા | ૬૦ એમએ એક્સરે મશીન | ૨૩-૮-૨૦૦૪ | નર્મદા જિલ્લામાં સરકારી હોસ્પિટલ/દવાખાનાઓમાં કોઈ તબીબી સાધનો/મશીનરી અને એમ્બ્યુલન્સ બંધ હાલતમાં નથી. | | | |
| ૨ | જનરલ હોસ્પિટલ, ભરૂચ | એમ્બ્યુલન્સ વાહન | ૨૭-૧૨-૨૦૦૭ | | | | |
| ૩ | જનરલ હોસ્પિટલ, ભરૂચ | ૩૦૦ એમએ એક્સરે મશીન | ૧-૯-૨૦૦૦ | | | | |

(૨)

| ભરૂચ જિલ્લો | | | નર્મદા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો/હોસ્પિટલ | બંધ રહેવાના કારણો | ક્રમ | તાલુકો/હોસ્પિટલ | બંધ રહેવા કારણો |
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વાલીયા | એક્સરે મશીન કન્ડેમ કરેલ હોવાથી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | |
| ૨ | જનરલ હોસ્પિટલ, ભરૂચ | અકસ્માત થવાથી એમ્બ્યુલન્સ વાહન બંધ છે. | | | |
| ૩ | જનરલ હોસ્પિટલ, ભરૂચ | સ્પેર પાર્ટસ બગડેલ હોઈ એક્સરે મશીન બંધ છે. | | | |

(૩)

| ભરૂચ જિલ્લો | | | નર્મદા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો/હોસ્પિટલ | પુન : ચાલુ કરવા અંગે | ક્રમ | તાલુકો/હોસ્પિટલ | પુન : ચાલુ કરવા અંગે |
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વાલીયા | સને ૨૦૧૦-૧૧ નાણાંકીય વર્ષમાં નવું એક્સ-રે મશીન પૂરૂં પાડવાનું આયોજન છે.<br>હાલમાં આ કેન્દ્રના દર્દીઓને નજીકના સામૂહિક આરોગ્ય કેન્દ્ર/સીવીલ હોસ્પીટલ, ભરૂચ ખાતેના એક્સ-રે મશીનની સવલત આપવામાં આવે છે. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | |

| ભરૂચ જિલ્લો | | | નર્મદા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો/હોસ્પિટલ | પુન : ચાલુ કરવા અંગે | ક્રમ | તાલુકો/હોસ્પિટલ | પુન : ચાલુ કરવા અંગે |
| ૨ | જનરલ હોસ્પિટલ, ભરૂચ | ૧. એમ્બ્યુલન્સ :<br>વર્ષ ૨૦૧૦-૧૧માં રાજ્યની જનરલ હોસ્પિટલોમાં એમ્બ્યુલન્સ વસાવવાની નવી બાબત રજૂ કરવામાં આવેલ છે. જે મંજૂર થયેથી એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ થઈ શકશે.<br>૨. એક્સ-રે મશીન :<br>હોસ્પિટલ ખાતે હાલમાં બે એક્સ-રે મશીન ચાલુ હાલતમાં છે. | | | |

------------------

## ગરીબ દર્દીઓ ફી માફી મેળવી શકે તે માટે બી.પી.એલ. કાર્ડની વૈકલ્પિક વ્યવસ્થા.

અતારાંક્તિ : ૧૯૮૯ (૧૬-૯-૦૯) **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યની સિવિલ હોસ્પિટલોમાં અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ફી માફી માટે ગરીબ દર્દીઓ પાસેથી બી.પી.એલ. કાર્ડ (રેશનીંગ કાર્ડ) માંગવામાં આવે છે. સરકારશ્રીએ આવા કોર્ડો રદ કરેલ છે. તેને કારણે ગરીબ દર્દીઓ બી.પી.એલ. કાર્ડ રજુ કરી શક્તા નથી અને રાહત મેળવી શક્તા નથી. તે હકીક્ત સાચી છે, અને;

(૨) જો હા, તો ગરીબ દર્દીઓ ફી માફી મેળવી શકે તે માટે સરકારે શી વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૫-૩-૧૦) :

(૧) ગરીબી રેખા નીચે વ્યક્તિઓને દવાના કે અન્ય ખર્ચમાં સહાય આપવા બી.પી.એલ. રેશનકાર્ડ રજૂ કરવાનો આગ્રહ નહીં રાખતા તેની જ્ગ્યાએ નિયામકશ્રી, ગ્રામ વિકાસ એજન્સી અને તાલુકા પંચાયતમાં ઉપલબ્ધ હોય તેવા બી.પી.એલ. લાભાર્થીના દાખલાને માન્ય ગણવા સર્વે સીવીલ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોને કમિશ્નરશ્રી, આરોગ્ય,. તબીબી સેવાઓ, અને તબીબી શિક્ષણે તારીખ ૧૧-૯-૦૯ના પરિપત્રથી સૂચના આપેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## ૧૦૮ સેવાના સ્ટાફ માટે આવાસ સંબંધી વ્યવસ્થા બાબત

અતારાંક્તિ : ૨૩૪૯ (૨૬-૧૧-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જે તે તાલુકા મથકે ૧૦૮ સેવાના ડ્રાઈવર અને સ્ટાફ માટે રહેવા સંબંધી કોઈ નિતિ વ્યવસ્થા રાજ્ય સરકારે કરેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો સરકાર ૧૦૮ સેવાના ઉક્ત કર્મચારીઓ માટે આવાસ સંબંધી શું વ્યવસ્થા કરવા માંગે છે?

એચબી-૬૦-૫

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૮-૧-૨૦૧૦) :

(૧) ના, જી.

(૨) ૧૦૮ એમ્બ્યુલન્સ સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓ, સરકારી કર્મચારીઓ ન હોઈ, રહેઠાણ માટે આવાસનું આયોજન કરવામાં આવેલ નથી. આમ છતાં માનવતાના ધોરણે નજીક્ની સરકારી સંસ્થાનો જરૂર પડે ઉપયોગ કરવા સ્થાનિક ક્ક્ષાએ સુચના આપવામાં આવેલ છે. ૧૦૮ ઈમરજન્સી આવશ્યક સેવાઓ ધ્યાને લેતાં, કર્મચારીએ એમ્બ્યુલન્સમાં ફરજ બજાવવાની હોય છે.

## જામનગર જિલ્લામાં જીવન જરૂરી ચીજવસ્તુઓમાં ભેળસેળના કિસ્સાઓ

અતારાંક્તિ : ૨૪૪૩ (૫-૧૨-૨૦૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

જામનગર જિલ્લામાં જીવન જરૂરી ચીજવસ્તુઓ અને દૂધમાં ભેળસેળના તા. ૩૧-૩-૨૦૦૯ થી તા. ૩૧-૧૦-૨૦૦૯ સુધીમાં કેટલા કિસ્સાઓમાં કેસ નોંધવામાં આવ્યા?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૫-૧-૨૦૧૦) :

શૂન્ય.

**તાપી જિલ્લાની હોસ્પિટલો અને દવાખાનાઓમાં તબીબી ઉપકરણો બંધ હોવા અંગે**

અતારાંક્તિ : ૨૫૨૭ (૨૯-૧-૧૦) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૯-૦૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ અને દવાખાનાઓમાં કેન્દ્રવાર સાધનો, મશીનરી અને એમ્બ્યુલન્સ વાન ક્યારથી બંધ છે,

(૨) તેમાં કેન્દ્રવાર શાં કારણો છે, અને

(૩) ઉક્ત સાધનો અને એમ્બ્યુલન્સ વાન ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૬-૨-૧૦) :

(૧) તા. ૩૦-૯-૦૯ ની સ્થિતિએ તાપી જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્ર-વ્યારા, સામુહિક આરોગ્ય કેન્દ્ર-ગડત, સામુહિક આરોગ્ય કેન્દ્ર-નિઝર, સામુહિક આરોગ્ય કેન્દ્ર-ઉચ્છલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર-સોનગઢ, સામુહિક આરોગ્ય કેન્દ્ર-વાલોડ માં સાધનો, મશીનો અને એમ્બ્યુલન્સ ચાલુ સ્થિતિમાં છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં રેલ્વેના ખુલ્લાં ફાટકોના સ્થળે થતાં અકસ્માતો**

અતારાંક્તિ : ૨૪૬૨ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં રેલ્વેના ખુલ્લા ફાટકોના સ્થળે અકસ્માતો સર્જાવાના કિસ્સાઓ બને છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યમાં સન ૨૦૦૮-૦૯ માં ખુલ્લા રેલ્વે ફાટકના કેટલા અકસ્માતો નોંધાયા અને કેટલાના મૃત્યુ થયાં,

(૩) તે પૈકી જામનગર જિલ્લામાં આવા કેટલા કિસ્સા થયા તથા કેટલાંના મૃત્યુ થયાં, અને

(૪) આવા અકસ્માતો ભવિષ્યમાં ન બને તે માટે સરકાર શા પગલાં લેવા માંગે છે?

**મુખ્ય મંત્રીશ્રી** (૧૨-૩-૧૦) :

(૧) હા

(૨) સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૩ (ત્રણ) અકસ્માતો નોંધાયેલ છે જેમાં બે વ્યક્તિઓના મૃત્યુ થયાં છે,

(૨) કોઈ કિસ્સો નોંધાયેલ નથી.

(૪) માનવ રહિત ખુલ્લા રેલ્વે ફાટકો પર અકસ્માતો થાય છે. રેલ્વે ફાટકોને માનવ સેવાથી સજ્જ બનાવવાની બાબત રેલ્વે બોર્ડ અને રેલ્વે મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળની છે.

--ખુલ્લા ફાટકોની બંને બાજુ બમ્પ બનાવવામાં આવે છે તથા વાહન ચાલકોને સ્પષ્ટ જોઈ શકાય તેવા સાઈન બોર્ડ લગાડવામાં આવે છે.

--ખુલ્લા ફાટકો પસાર કરતી વખતે શું સાવધાની રાખવી તેની જાણકારી શહેર/તાલુકા લેવલે સેમીનાર યોજી વાહન ચાલકોને માર્ગદર્શન આપવામાં આવે છે.

-------------

## રાજ્યના પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરવા બાબત

અતારાંક્તિ : ૨૪૮૪ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૮-૦૯માં રાજ્યના પોલીસ સ્ટેશનો પેકી એફ.આઈ.આર. નોંધવાનો કઈ કઈ જગ્યાએ ઈન્કાર કરવામાં આવ્યો,

(૨) એફ. આઈ. આર. નોંધવાનો ઈન્કાર કરનારા કર્મચારી કોણ કોણ છે અને તેઓની સામે શાં પગલાં લેવાયાં, અને

(૩) એફ.આઈ.આર. અચૂક નોંધાય તે માટેની શી પાકી વ્યવસ્થા કરવામાં આવેલ છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૩-૩-૧૦) :

(૧) તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૩-૦૯ સુધીમાં અમદાવાદ શહેર, નરોડા પોલીસ સ્ટેશનમાં એક કિસ્સામાં તથા મહેસાણા જિલ્લામાં વિસનગર પોલીસ સ્ટેશનમાં બે કિસ્સામાં ફરિયાદીની એફ.આઇ.આર. નોંધવાનો ઈન્કાર કરેલ છે.

(૨) અમદાવાદ શહેર, નરોડા પોલીસ સ્ટેશનના એક કિસ્સામાં એક પો.સ. ઈ.શ્રીને રૂા. ૫૦૦૦/-ના દંડની શિક્ષા કરવામાં આવેલ છે. જ્યારે એક સીનીયર પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા પી.એસ.ઓ., અને એ.એસ.આઈ.ને ફરજ મોકુફી ઉપર ઉતારવામાં આવેલ હતાં. અને તેઓની સામે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ અને ખાતાકીય તપાસના અંતે કસુર નહીં જણાતાં, તેઓને ફરજ ઉપર પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે.

જ્યારે વિસનગર પોલીસ સ્ટેશનના એક પી.એસ.ઓ. હેડ કોન્સ્ટેબલને ઠપકાની શિક્ષા કરવામાં આવેલ છે. જ્યારે બીજા
પો. સ્ટે. ઓફિસર એ.એસ.આઈ. ની સામે ખાતાકીય તપાસ ચાલુ છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૧૫૪ની જોગવાઈઓનું પાલન કરવા અને કોગ્નીઝેબલ અપરાધ સંબંધમાં ફરિયાદીએ આપેલ ફરિયાદ ત્રણ નકલમાં નોંધવા અને તેની એક નકલ તુરત જ નિઃશુલ્કમા ફરિયાદીને આપવા અંગેની  સરકારશ્રીની સૂચનાઓ તા. ૨૯-૫-૯૫ થી પરિપત્રિત કરવામાં આવેલ છે. તથા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૧૯-૬-૯૭ ના પત્રથી સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ તથા તમામ પોલીસ અધિક્ષકશ્રીઓને પણ ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૩ના નિયમ-૧૨૦ અન્વયે ફરિયાદી કોઈ પણ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી શકે છે. અને જો તે ફરિયાદી તેમના વિસ્તાર બહારનો હોય તો ""૦"" નંબરથી ગુનો દાખલ કરી ફરિયાદ સંબંધિત પોલીસ સ્ટેશને મોકલી આપવા સ્પષ્ટ જણાવવામાં આવેલ છે. આ નિયમનું ઉલ્લંઘન કરવા બદલ કસુરદારની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સૂચનાઓ પણ આપવામાં આવેલ છે. તે ઉપરાંત, પોલીસ સ્ટેશનના અધિકારી જ્યારે કોગ્નીઝેબલ ગુનાની ફરિયાદ નોંધવાની ના પાડે ત્યારે તાલુકા મેજીસ્ટ્રેટશ્રીને ફરિયાદ આપવા બાબતે ગૃહ વિભાગના તા. ૨૨-૪-૯૮ ના ઠરાવથી વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આમ ફરિયાદી અચૂક નોંધાય તે બાબતે ઉપર જણાવ્યા મુજબ વિશેષ કાળજી લેવામાં આવેલ છે.

## એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અમદાવાદના મેયર તથા કલેકટરની ખોટી જન્મ તારીખની એફીડેવીટો કરવા બાબત.

અતારાંક્તિ : ૨૫૨૯ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદની જુની કલેકટર કચેરીમાં બેસતા એક્ઝિયુટીવ મેજીસ્ટ્રેટ અમદાવાદના મેયર તથા કલેકટરની ખોટી જન્મ તારીખની એફીડેવીટો કોઈપણ ચકાસણી કર્યા વિના ડીસેમ્બર-૨૦૦૯માં સહી સિકકા કરી આપ્યાની ગંભીર હકિકત સરકારના ધ્યાનમાં આવી છે,

(૨) આવી ગુનાહીત પ્રવૃત્તિઓ અત્યંત બેદરકારીપૂર્વક ફરજ બજાવતાં એક્ઝિયુટીવ મેજીસ્ટ્રેટ કોણ છે તથા તેની સામે શી કાર્યવાહી હાથ ધરાઈ છે, અને

(૩) એફિડેવીટોમાં પુરતી કાળજી તેમજ ચકાસણી કરવા શા આદેશો થયા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૬-૩-૧૦) :

(૧) સદર બાબતે દિવ્યભાસ્કર અખબારમાં સમાચાર પ્રસિધ્ધ થતા અખબારી યાદી આધારે હકીક્ત જાણવા મળેલ છે.

(૨) આ અંગે સંબંધીત મામલતદારશ્રી અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને તાકીદે તપાસ કરી અહેવાલ મોકલવા જણાવતાં ફરજ પરનાં સંબંધિત નાયબ મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી એલ. કે પારઘીને તા.૮-૨-૧૦ના રોજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે.

(૩) સંબંધિત એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને એફીડેવીટ કરનાર વ્યક્તિની ચકાસણી કરીને તેમની ઓળખ આપનાર વકીલશ્રીની સહી મેળવી સોગંદનામા રજીસ્ટરમાં નોંધ કરીને સોગંદનામું કરવા આદેશ થયેલ છે.

------------

**રાજ્યની જેલોમાં એઇડઝ અને કેન્સર થયેલ કેદીઓ**

અતારાંક્તિ : ૨૫૫૪ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યની જેલોમાં ડીસે.૦૯ની સ્થિતિએ જેલોમાં કેટલા કેદીઓ એઇડઝ અને કેન્સરગ્રસ્ત છે,

(૨) આવા કેદી દર્દીઓને હોસ્પીટલમાં પુરતી સારવાર આપવાની જોગવાઇ હોવા છતાં તેને ત્યાં લઇ જવાતા નથી તેના શાં કારણો છે,

(૩) તે માટે કોણ જવાબદાર છે અને તેને શી શિક્ષા કરવામાં આવેલ છે, અને

(૪) એઈડસ અને કેન્સરગ્રસ્ત દર્દીઓને હોસ્પીટલમા સારવાર મળી રહે તે માટે શી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૮-૩-૧૦) :

(૧), (૨), (૩) અને (૪)

રાજ્યની જેલોમાં ડીસેમ્બર-૦૯ની સ્થિતિએ એઈડઝગ્રસ્ત-૨૯ અને કેન્સરગ્રસ્ત-૦૮ કેદીઓ છે. આવા કેદી દર્દીઓને પૂરતી સારવાર અને ફોલો-અપ માટે નિયમિત સિવીલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવે છે. તેમજ જરૂર જણાયે ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ પણ કરવામાં આવે છે. આવા દર્દીઓને પૂરતી સારવાર આપવામાં આવે છે.

------------

**સરકારી કામકાજ સરકારી પ્રેસમાં છપાવવાને બદલે ખાનગી પ્રેસમાં છપાવવા બાબત**

અતારાંક્તિ : ૨૬૦૪ (૨-૩-૧૦) **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ)** : માનનીય **છાપકામ લેખન સામગ્રી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં આવેલ સરકારી પ્રેસમાં સરકારી કામકાજ તા. ૩૧-૧૨-૦૯ સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું ખાનગી પ્રેસમા સરકારી કામકાજ છપાવવામાં આવેલ છે, અને

(૨) આ સરકારી કામકાજ સરકારી પ્રેસમાં છપાવવાને બદલે ખાનગી પ્રેસમાં છપાવવાના કારણો શા છે?

**છાપકામ લેખન સામગ્રી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૨૬-૩-૧૦) :

(૧) રૂા. ૨૦,૧૪,૯૯,૧૨૪/- (અંકે રૂપિયા વીસ કરોડ ચૌદ લાખ નવ્વાણું હજાર એકસો ચોવીસ પુરા)

(૨) (૧) વિધાનસભા સત્ર દરમિયાન, બજેટ, અને અન્ય અગત્યની મુદ્રણની કામગીરી હોવાથી,

(૨) માયકર/નોન માયકર ચેક્ના નંબરીંગ ડીજીટની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી,

(૩) હોલો સ્ટીકર પ્રેસ ખાતે તેયાર થતા ન હોવાથી,

(૪) નમૂના મુજબ પલ્પ બોર્ડ/ફાઇલ કવર ઉપલબ્ધ ન હોવાથી દર્શાવેલી સમય મર્યાદામાં અન્ય કામગીરી હાથ પર હોઈ પૂર્ણ થઈ શકે તેમ ન હોવાથી,

(૫) નમૂના મુજબ સ્ટીકર પ્રેસોમાં બનાવવામાં આવતા હોવાથી,

(૬) સ્પેશીફીકેશનનો પેપર ઉપલબ્ધ ન હોવાથી નિયત સમય મર્યાદામાં કામગીરી પૂરી પાડી શકાય તેમ ન હોવાથી,

(૭) માંગણી મુજબના નમુના પ્રમાણેની વાયરો બાઈન્ડીંગ તથા સ્ટેન્ડ એટેચ બાઈન્ડીંગ કામગીરી સરકારી પ્રેસો ખાતે હાથ ધરવામાં આવતી ન હોવાથી.

## સરકારી કામકાજ ખાનગી પ્રેસમાં છપાવવા બાબત

અતારાંક્તિ : ૨૬૦૫ (૨-૩-૧૦) **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ):** માનનીય **છાપકામ લેખન સામગ્રી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૯ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કામકાજ માટે સરકારી પ્રેસમાં કેટલું છાપકામ કરાવ્યું, તેનો ખર્ચ કેટલો અને ખાનગી પ્રેસમાં કેટલી રકમનું સાહિત્ય છપાવ્યું તેનો ખર્ચ કેટલો છે; અને

(૨) સરકારી પ્રેસોમાં આ કામ ન છપાવવાના કારણો શા છે?

**છાપકામ લેખન સામગ્રી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૨૬-૩-૧૦) :

(૧) રૂા. ૧૫,૬૦૨ લાખ ફૂલસ્કેપ નક્લો અને ખર્ચ રૂા. ૭૪,૩૨,૯૦,૦૦૦/- .

ખાનગી પ્રેસમાં રૂા. ૧૬,૮૦,૯૫,૪૨૬/- (અંકે રૂપિયા સોળ કરોડ એંશી લાખ પંચાણુ હજાર ચારસો છવ્વીસ પૂરા)

(૨) (૧) વિધાનસભા સત્ર દરમિયાન, બજેટ, અને અન્ય અગત્યની મુદ્રણની કામગીરી હોવાથી,

(૨) માયકર/નોન માયકર ચેકના નંબરીંગ ડીજીટની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી

(૩) હોલો સ્ટીકર પ્રેસ ખાતે તેયાર થતા ન હોવાથી

(૪) નમૂના મુજબના પલ્પ બોર્ડ/ફાઈલ ક્વર ઉપલબ્ધ ન હોવાથી દર્શાવેલી સમય મર્યાદામાં અન્ય કામગીરી હાથ પર હોઈ પૂર્ણ થઈ શકે તેમ ન હોવાથી,

(૫) નમૂના મુજબ સ્ટીકર પ્રેસોમાં બનાવવામાં આવતા ન હોવાથી તથા

(૬) સ્પેશીફીકેશનનો પેપર ઉપલબ્ધ ન હોવાથી નિયત સમય મર્યાદામાં કામગીરી પૂરી પાડી શકાય તેમ ન હોવાથી

(૭) માંગણી મુજબના નમુના પ્રમાણેની વાયરો બાઈન્ડીંગ તથા સ્ટેન્ડ એટેચ બાઈન્ડીંગ કામગીરી સરકારી પ્રેસો ખાતે હાથ ધરવામાં આવતી ન હોવાથી.

---------------

## વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૯ માં કંપનીઓએ કરેલ એમ.ઓ.યુ.

અતારાંક્તિ : ૨૫૯૫ (૨૪-૨-૧૦) **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા)** : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) વાયબ્રન્ટ ગુજરાત અંતગર્ત-૨૦૦૯ ની ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં કઈ કઈ કંપનીઓએ કેટલી રકમના એમ.ઓ.યુ. ક્ર્યા, અને

એચબી-૬[illegible]૬ (૨) આ એમ.ઓ.યુ. પેકી તા. ૧૫-૧-૨૦૧૦ સુધીમાં કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૮-૩-૧૦) :

(૧) કુલ-૩૩૪૬ કંપનીઓએ અને વિવિધ ૭ એસોશિયેશન મળી કુલ ૮૬૬૦ એ.ઓ.યુ. માં રૂા. ૧૨,૩૭,૫૭૧/-કરોડનું મુડી રોકાણ અપેક્ષિત છે. તેની યાદી-૧* (૧૪૨૫ મોટા પ્રોજેકટોનાં એમ.ઓ.યુ.) યાદી-૨* (૧૯૨૧ એસ.એમ.ઈ. પ્રોજેક્ટોનાં એમ.ઓ.યુ.) અને યાદી-૩* (વિવિધ ૭ એસોશિયેશન સાથે ૫૩૧૪ એમ.ઓ.યુ.) અને

(૨) મોટા પ્રોજક્ટો ૯૨ તથા એમ.એસ.ઈ. ના ૬૪૫ મળી કુલ ૭૩૭ પ્રોજેક્ટો કમિશન્ડ થયા છે.

(* યાદીઓ સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## અમદાવાદ જિલ્લામાં લઘુતમ વેતનધારાનો ભંગ કરતા ઓદ્યોગિક એકમો

અતારાંક્તિ : ૨૫૯૯ (૨૪-૨-૧૦) **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા)** : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લઘુત્તમ વેતન ધારાનો ભંગ ક્યા ક્યા ઓદ્યોગિક એકમોએ કરેલ છે,

(૨) જે એકમોએ લઘુત્તમ વેતનધારાનો ભંગ કરેલ છે તેમને ક્યા પ્રકારની સજા કરવામાં આવી,

(૩) ક્યા ક્યા એકમો સામે પગલાં ભરવાનાં બાકી છે, અને

(૪) તેનાં કારણો શાં શાં છે ?

**શ્રમ અને રોજગાર** (૪-૩-૧૦) :

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૪૮૬ ઓદ્યોગિક એકમોએ લઘુત્તમ વેતન ધારાનો ભંગ કરેલ છે. જેની યાદી આ સાથે *પરિશિષ્ટ-૧ માં સામેલ છે.

(૨) લઘુત્તમ વેતન ધારાના ભંગ કરેલ હોય તેવા કુલ ૬૯ ઓદ્યોગિક એકમોને સક્ષમ અદાલત દ્વારા રૂા.૨,૩૩,૯૦૦/નો દંડ કરવામાં આવેલ છે. જેની વિગત આ સાથેના *પરિશિષ્ટ-૨ માં સામેલ છે.

(૩) ૨૨૯ ઓદ્યોગિક એકમો સામે લઘુત્તમ વેતન ધારાના ભંગ બદલ પગલાં ભરવાના બાકી છે. તેની યાદી *પરિશિષ્ટ-૩ માં સામેલ છે.

(૪) સક્ષમ કોર્ટમાં ફોજદારી કેસો દાખલ કરેલ છે. આ તમામ બાબતો ન્યાયાધિન છે.

(* પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## તાપી જિલ્લામાં સિંચાઈ યોજના અંતર્ગત બનાવેલ નવા તળાવો

અતારાંક્તિ : ૨૫૨૨ (૨૯-૧-૧૦) **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર)** : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તાપી જીલ્લામાં તાલુકાવાર સન-૨૦૦૮-૦૯ ના વર્ષમાં સિંચાઇ યોજના હેઠળ કેટલા નવા તળાવો બનાવવામાં આવ્યા,

(૨) કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૩) તળાવદીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૫-૨-૧૦) :

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં તાપી જિલ્લામાં સિંચાઇ માટે નવા તળાવ બનાવવામાં આવેલ નથી.

(૨) સોનગઢ તાલુકામાં ૫ અને વ્યારા તાલુકામાં ૮ તળાવો મળી કુલ-૧૩ તળાવો ઉંડા કરવામાં આવેલ છે.

(૩) તળાવદીઠ ખર્ચ નીચે મુજબ છે.

| | **તાલુકો** | **ગામ તળાવનું નામ** | **થયેલ ખર્ચમાં (રૂા. લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | સોનગઢ | મોટા કાકડ કુવા | ૧.૩૨ |
| ૨ | ,, | આંબા | ૨.૦૨ |
| ૩ | ,, | ગોલ કુવા-૧ | ૦.૮૮ |
| ૪ | ,, | ગોલ કુવા-૨ | ૧.૨૬ |
| ૫ | ,, | ખરસી | ૧.૧૦ |
| ૬ | વ્યારા | કાલા વ્યારા-૧ | ૦.૮૭ |
| ૭ | ,, | કાલા વ્યારા-૨ | ૦.૮૫ |
| ૮ | ,, | ઉંચા માળા-૧ | ૧.૧૭ |
| ૯ | ,, | ઉંચા માળા-૨ | ૧.૨૮ |
| ૧૦ | ,, | ચાંપાવાડી | ૧.૮૫ |
| ૧૧ | ,, | પીપલવાડા | ૧.૧૦ |
| ૧૨ | ,, | લખાલી | ૧.૩૧ |
| ૧૩ | ,, | પાઠકવાડી | ૧.૧૩ |

------------

## જંબુસર તાલુકામાં દરિયાના ખારા પાણી જમીનમાં આગળ વધતા અટકાવવા બાબત

અતારાંક્તિ : ૨૫૯૨ (૧૮-૨-૧૦) **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર)** : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લાનો જંબુસર તાલુકો દરિયા કાંઠે આવેલ હોય દરિયાના ખારા પાણીથી ખેડવા લાયક જમીન ખારી થઇ જાય છે. તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ દરિયાના ખારા પાણી અટકાવવા રાજ્ય સરકારે તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારની કામગીરી કરી ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૬-૩-૧૦) :

(૧) હા, જી

(૨) છેલ્લા બે વર્ષમાં જંબુસર તાલુકાના ઇસ્લામપુર, સારોદ, ખાનપુર અને દેવલા ગામમાં સોઇલ મેનેજમેન્ટ, રીચાર્જીંગ સ્ટ્રક્ચર અને રેક્લેમેશન બન્ડ (ભરતી નિયંત્રક પાળા)ની નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે.

| અ.નં. | ગામ | સોઇલ મેનેજમેન્ટ | | રીચાર્જીંગ સ્ટ્રક્ચર | | રેક્લેમેશન બન્ડ (ભરતી નિયંત્રક પાળો) | |
|---|---|---|---|---|---|---|---|
| | | હેક્ટર | નાણાં રૂ. લાખ | સંખ્યા | નાણાં રૂ. લાખ | ર.મી. | નાણાં રૂ. લાખમાં |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ઇસ્લામપુર | ૩૦૧.૦૦ | ૪.૯૮ | ૨૩ | ૨૭.૬૦ | ૧૫૨૧૫ | ૯૩.૧૫ |
| ૨ | સારોદ | ૧૫૭.૦૦ | ૮.૩૦ | ૩૧ | ૬૧.૭૨ | ૬૦૧૦ | ૬૩.૫૦ |
| ૩ | ખાનપુર | ૬૦૦.૦૦ | ૨૭.૪૮ | ૩૦ | ૪૪.૭૯ | ૧૬૫૯૭ | ૧૪૧.૭૫ |
| ૪ | દેવલા | ૩૫૦.૦૦ | ૩૩.૧૫ | ૪૦ | ૪૯.૮૫ | ૩૯૧૦ | ૪૦.૦૦ |
| | કુલ | ૧૪૦૮.૦૦ | ૭૩.૯૧ | ૧૨૪ | ૧૮૩.૯૬ | ૪૧૭૩૨ | ૩૩૮.૪૦ |

------------------

## આણંદ ખેડા, વડોદરા અને અમદાવાદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જ્ગ્યાઓ

અતારાંક્તિ : ૨૨૫૬ (૮-૧૨-૦૯) **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ)** : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) આણંદ, ખેડા, વડોદરા અને અમદાવાદ જિલ્લામાં તા. ૩૦-૦૯-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા તલાટી-કમ-મંત્રીઓની જ્ગ્યા ખાલી છે, અને

(૨) તે પૈકી કેટલી આ ખાલી જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે?

**પંચાયત મંત્રીશ્રી** (૧૨-૩-૧૦) :

(૧) આ સાથે સામેલ પત્રક-૧ થી પત્રક-૪ મુજબ.

(૨) સત્વરે.

| **પત્રક-૧ આણંદ** | | | **પત્રક-૨ ખેડા** | |
|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ખાલી જ્ગ્યાઓ | | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યાઓ |
| આણંદ | ૨૦ | | નડીયાદ | ૨૧ |
| ઉમરેઠ | ૦૫ | | મહુધા | ૦૮ |
| બોરસદ | ૧૭ | | મહેમદાવાદ | ૧૩ |
| આંક્લાવ | ૦૧ | | ખેડા | ૧૦ |
| પેટલાદ | ૦૯ | | માતર | ૧૫ |
| સોજિત્રા | ૦૭ | | કપડવંજ | ૧૮ |
| ખંભાત | ૨૦ | | કઠલાલ | ૧૦ |
| તારાપુર | ૦૮ | | બાલાસિનોર | ૦૮ |
| **કુલ** | **૧૦૨** | | વીરપુર | ૦૩ |
| | | | ઠાસરા | ૨૧ |
| | | | **કુલ** | **૧૨૭** |
| **પત્રક - ૩ વડોદરા** | | | **પત્રક-૪ અમદાવાદ** | |
| વડોદરા | ૧૪ | | દસક્રોઈ | ૨૨ |
| પાદરા | ૨૨ | | સાણંદ | ૧૪ |
| ડભોઈ | ૧૬ | | ધોળકા | ૨૪ |
| છોટાઉદેપુર | ૦૮ | | બાવળા | ૧૬ |
| ક્વાંટ | ૧૦ | | વિરમગામ | ૧૫ |
| કરજણ | ૧૭ | | દેત્રોજ | ૧૫ |

| | | | | |
|---|---|---|---|---|
| સાવલી | ૨૩ | | માંડલ | ૦૬ |
| જેતપુર પાવી | ૨૧ | | ધંધુકા | ૨૧ |
| શિનોર | ૧૬ | | રાણપુર | ૧૪ |
| નસવાડી | ૦૬ | | બરવાળા | ૦૬ |
| વાઘોડીયા | ૧૩ | | **કુલ** | **૧૫૩** |
| સંખેડા | ૧૭ | | | |
| વડોદરા (શહેર) | ૧૦ | | | |
| **કુલ** | **૧૯૩** | | | |

----------------

## પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ગોચર ઉપર દબાણો

અતારાંક્તિ : ૨૫૩૩ (૧૬-૩-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર, ગામવાર કેટલાં ગોચર ઉપર દબાણો છે, અને ગોચરવાર દબાણોનું ક્ષેત્રફળ કેટલું છે,

(૨) ત પેકી ૧ વર્ષ, ૩ વર્ષ અને ૫ વર્ષ ઉપરનાં કેટલાં દબાણો છે,

(૩) લાંબા સમયથી દબાણો દૂર કરવામાં નિષ્ફળ ગયેલ સંબંધિતો સામે શાં પગલાં લેવાયાં છે, અને

(૪) તમામ ગોચર ઉપરના દબાણો ક્યાં સુધીમાં હટાવી લેવાશે?

**પંચાયત મંત્રીશ્રી :** (૨૪-૨-૧૦)

(૧) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૯ની સ્થિતિએ ગોચર ઉપરના દબાણોની જિલ્લાવાર સંકલિત વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | કુલ દબાણોની સંખ્યા | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૭૪ | ૬૭૫-૫૩-૮૮ |
| ૨ | દાહોદ | ૦૨ | ૪-૮૭-01 |

(૨) તે પેકી ૧ વર્ષ, ૩ વર્ષ અને ૫ વર્ષ ઉપરના દબાણોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | ૧ વર્ષ ઉપરના દબાણોની સંખ્યા | ૩ વર્ષ ઉપરના દબાણોની સંખ્યા | ૫ વર્ષ ઉપરના દબાણોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૧૬૭ | ૦૩ | ૧૦૪ |
| ૨ | દાહોદ | ૦ | ૦૧ | ૦૧ |

(૩)

- ❖ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની ક્લમ-૧૦૫ હેઠળ ગ્રામ પંચાયતને દબાણ દુર કરવાની સત્તા મળેલ છે.
- ❖ ગ્રામ પંચાયતો દ્વારા દબાણદારોને નોટીસ આપી દબાણ દુર કરવા કામગીરી હાથ ધરવામાં આવે છે.
- ❖ ગ્રામ પંચાયત કક્ષાએ દબાણો અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

(૪) ગોચર સહિતની ગ્રામ પંચાયતને સમપ્રાપ્ત તમામ સરકારી જમીનો પરના દબાણો સામે ધોરણસરના પગલાં લેવાય અને આવા દબાણો દુર થાય તેમજ ફરી દબાણો દુર થાય તેમજ ફરી દબાણો ન થાય તે અંગે કાયમી સુચનાઓ આપવામાં આવે છે. તેમજ કાયમી ધોરણે સમીક્ષા કરવામાં આવે છે. દબાણ દુર કરવાની કાર્યવાહીમાં વેગ આવે તે માટે વહીવટી તંત્ર સક્રિય છે.

## રાજ્યમાં બાંધવામાં આવેલ બોરીબંધ

અતારાંક્તિ : ૨૫૭૭ (૯-૨-૧૦) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા બોરીબંધો બાંધવામાં આવ્યા,

(૨) આ બોરીબંધો બાંધવા પાછળ કેટલી થેલીઓનો વપરાશ થયો,

(૩) આ થેલીઓ શા ભાવે ખરીદવામાં આવી, અને

(૪) બોરીબંધ પાછળ કેટલો ખર્ચ ક્યા હેડ નીચે કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૧૧-૩-૧૦)

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રાજ્યમાં ૨,૬૪,૬૫૨ બોરીબંધો બાંધવામાં આવેલ છે.

(૨) આ બોરીબંધો બાંધવા પાછળ ૯,૮૬,૭૧,૧૮૩ થેલીઓનો વપરાશ થયેલ છે.

(૩) આ થેલીઓ સરેરાશ રૂા. ૨.૮૫(પ્રતિનંગ) ના ભાવે ખરીદવામાં આવેલ છે.

(૪) બોરીબંધ પાછળ રૂા. ૧૦૧૨૫.૧૦ લાખનો ખર્ચ એન.આર.ઈ.જી.એ. હેડ નીચે કરવામાં આવેલ છે.

--------------

## જામનગર જિલ્લામાં રેવન્યુ દબાણો

અતારાંક્તિ : ૨૪૯૮ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૦-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા રેવન્યુ દબાણો છે અને તે કેટલા સમયથી,

(૨) દબાણો દૂર કરવા શી કામગીરી થઈ છે, અને

(૩) તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરાશે ?

**મહેસુલ મંત્રીશ્રી :** (૨-૩-૧૦)

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૦-૨૦૦૯ ની સ્થિતિએ કુલ-૩૯૦૪ દબાણો હતા. આ દબાણો કેટલા સમયથી હતા તેની માહિતી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | ૬ માસ સુધીના | ૧૦૯૯ |
| ૨ | ૬ થી ૧૨ માસ સુધીના | ૬૨૪ |
| ૩ | ૧ થી ૨ વર્ષ સુધીના | ૫૦૯ |
| ૪ | ૨ થી ૩ વર્ષ સુધીના | ૩૦૫ |
| ૫ | ૩ થી ૪ વર્ષ સુધીના | ૨૫૪ |
| ૬ | ૪ થી ૫ વર્ષ સુધીના | ૨૮ |
| ૭ | ૫ વર્ષ ઉપરના | ૧૦૮૫ |
| | કુલ :- | ૩૯૦૪ |

(૨) આ દબાણો પેકી કુલ-૨૩૫૦ કિસ્સામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ મુજબ અને દંડ આકારની રકમ વસુલ લઈ દબાણ દૂર કરવા નોટિસો આપવામાં આવેલ છે.

(૩) આ દબાણો દૂર કરવા અંગેની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

## ચીખલી તાલુકામાં ભેરવી ગામ ખાતે આશારામ આશ્રમ ધ્વારા ગેરકાયદેસર દબાણ

અતારાંક્તિ : ૨૫૬૧ (૨૯-૧-૧૦) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) ચીખલી તાલુકામાં ભેરવી ગામ ખાતે આશારામ મોન આશ્રમ ધ્વારા ૧૬૧૬૦ ચો.ફુટ જમીન પર ગેરકાયદેસર દબાણ થયું છે તે હકીક્ત સાચી છે.

(૨) આ દબાણ સરકારના ધ્યાને ક્યારે આવેલ છે.

(૩) દબાણ દૂર કરવા તા.૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં શાં પ્રયાસો થયા છે, અને

(૪) તમામ દબાણ ક્યાં સુધીમાં હટાવી દેવાનાર છે ?

**મહેસુલ મંત્રીશ્રી :** (૯-૩-૧૦)

(૧) હા જી, ૧૯૫૪૭૪.૨૪ ચો.ફુટ જમીન પર ગેરકાયદેસર દબાણ થયેલ છે.

(૨) સને ૨૦૦૫ માં ધ્યાને આવેલ છે.

(૩) મોજે-ભેરવી ગામે આવેલ બ્લોક નં.૫૮ તથા ૫૯ પૈકીમાં આશારામ આશ્રમ દ્વારા થયેલ કુલ ૧૪૮૨૦ ચો.મી. (૧૯૫૪૭૪.૨૪) દબાણવાળી જમીનનો કબ્જો ઈમલા સહિત સરકાર તરફે મેળવી કબજા રશીદ મેળવવામાં આવેલ, પરંતુ દબાણ દુર થયેલ નથી. સદર જમીન ગ્રામ પંચાયત ભેરવીના વહીવટ હેઠળ હોઈ ગ્રામ પંચાયત ભેરવીએ દબાણ દુર કરવા આશ્રમના સંચાલકશ્રીને તા.૩૧-૧૨-૦૯ થી નોટીસ આપેલ છે.

(૪) ગ્રામ પંચાયત ભેરવી દ્વારા તા.૩૧-૧૨-૨૦૦૯ થી નોટીસ આપી દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ. પરંતુ આશ્રમના સંચાલક તરફથી ગ્રામ પંચાયત ભેરવી સામે મે, ચીખલીના પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૧/૨૦૧૦ દાખલ કરેલ છે.

--------------

## માઉન્ટ આબુ ખાતે આવેલા ગુજરાત ભવનમાં મરામત પાછળ થયેલ ખર્ચ

અતારાંક્તિ : ૨૪૬૧ (૨૨-૨-૧૦) **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) :** માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) માઉન્ટ આબુ ખાતે આવેલ રાજ્ય સરકાર સંચાલિત ગુજરાત ભવનના મરામત પાછળ સન ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૦૮-૦૯ માં વર્ષવાર ક્યા ક્યા કામોની મરામત પાછળ કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ ખર્ચ કર્યા પછી પણ તા. ૭-૧૨-૦૯ની સ્થિતિએ આ ભવનમાં ઠેર ઠેર ગાબડાઓ છે તેમજ જાજરૂ-બાથરૂમના બારણાઓ તૂટેલી હાલતમાં છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૩) માઉન્ટ આબુ ખાતે આવેલ ગુજરાત ભવનને અદ્યતન સુવિધાઓ કેટલા સમયમાં પૂરી પાડવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :** (૮-૩-૧૦) :

| | | | |
|---|---|---|---|
| (૧) | | વર્ષ ૨૦૦૬-૦૭ | થયેલ ખર્ચ રૂા. |
| | | કામનું નામ : | |
| | (૧) | સી. આર. ટુ. ગુજરાત ભવન/માઉન્ટ આબુ | ૧૨૭૭૦.૦૦ |
| | (૨) | એસઆરટુ ગુજરાત ભવન, મા. આબુ (પ્રો. વોટર ટેન્ક પાઈપ લાઈન કનેક્શન મટીરીયલ પ્રો. ગીઝર વગેરે. | ૧૨૮૨૭૮.૦૦ |
| | (૩) | ફર્નીસીંગ ટુ. ગુજરાત ભવન મા. આબુ | ૫૧૯૦૦.૦૦ |
| | (૪) | ઈલેકટ્રીક/રંગકામ/વોટર સપ્લાય, ડ્રેનેજ, કુલીંગ ઈકવી, ટેલીફોન, ઈન્ટરકોમ, પરચુરણ- સીવીલ કામ વિગેરે. | ૫૪૮૮૭.૦૦ |
| | | **કુલ રૂા.** | **૨,૪૭,૮૩૫.૦૦** |
| | | ૨૦૦૭-૨૦૦૮ | |
| | (૧) | સી. આર. ટુ. ગુજરાત ભવન/માઉન્ટ આબુ | ૨૭૫૬૪.૦૦ |
| | (૨) | સી. આર. ટુ. ગુજરાત ભવન/માઉન્ટ આબુ | ૫૮૬૧૦.૦૦ |
| | (૩) | એફ.ડી.આઇ.આર. ટુ. ગુજરાત ભવન મા. આબુ.(કમ્પાઉન્ડવોલ) | ૬૨૪૫૩.૦૦ |
| | (૪) | ઈલેકટ્રીક/રંગકામ/વોટર સપ્લાય, ડ્રેનેજ, કુલીંગ ઈકવી, ટેલીફોન, ઈન્ટરકોમ, પરચુરણ- સીવીલ કામ વિગેરે. | ૧,૦૧,૬૯૪.૦૦ |
| | | **કુલ** | **૨,૫૦,૩૨૧.૦૦** |
| | | ૨૦૦૮-૨૦૦૯ | ૧૮૦૭૨૫.૦૦ |
| | (૧) | સીઆરટુ ગુજરાત ભવન મા. આબુ | ૭૫૮૨૮.૦૦ |
| | | પરચુરણ કામગીરી | **૨,૫૬,૫૫૩** |

(૨) મકાન હાલ ઉપયોગી હાલતમાં છે.

(૩) માર્ગ અને મકાન વિભાગ હસ્તક સંચાલિત પ્રથમ મજલા માટે નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર જ્યારે ગુજરાત પ્રવાસન નિગમ લી. હસ્તક્નાં મજલામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૧૦-૭-૨૦૦૬માં પુનઃ ગઠન અને મિલ્કતના નિકાલ બાબતના ઠરાવ અન્વયે વિચારણા બાદ.

--------------

**વાહન વ્યવહાર સંબંધી ગુનાઓ રોક્વા બાબત**

અતારાંક્તિ : ૨૩૫૬ (૨૬-૧૧-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા ક્રશે કે-

(૧) રાજ્યમાં પેટ્રોલ ડિઝલથી વગેરેથી ચાલતાં વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને વાહનવ્યવહાર સંબંધી અક્સ્માત, લાયસન્સ વિના વાહન ચલાવવુ, ચાલક પુખ્ત વયના ન હોવા, જેવા ગુનાઓ બને છે તે રોક્વા વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૦-૨૦૦૯ સુધીમાં જિલ્લાવાર કેટલા કેસો ક્ર્યા, અને

(૨) ઉક્ત સમય ગાળા દરમ્યાન વાહન વ્યવહાર સંબંધી સલામતીના શાં પ્રયત્નો સરકારે ક્ર્યા છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૨૬-૨-૧૦) :

(૧) રાજ્યમાં પેટ્રોલ ડિઝલથી વગેરેથી ચાલતા વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને વાહન વ્યવહાર સંબંધી અક્સ્માત, લાયસન્સ વિના વાહન ચલાવવું, ચાલક પુખ્ત વયના ન હોવા, જેવા ગુનાઓ બને છે તે રોક્વા વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૧૦-૨૦૦૯ સુધીમાં નોંધાયેલ કેસોની જિલ્લાવાર માહિતીનું પત્રક આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન વાહન વ્યાવહાર સંબંધી સલામતીના નીચેની વિગતે પગલાં લીધેલ છે.

રાજ્યના તમામ જિલ્લાના પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી તથા ટ્રાફીક પોલીસ ખાતા તરફથી ચેકીંગની સઘન ક્ર્યવાહી ક્રવામાં આવેલ છે. માર્ગ સલામતી માટે દર વર્ષે તા. ૧ થી ૭ જાન્યઆરી સુધી રાજ્યમાં ""માર્ગ સલામતી સપ્તાહ"" ઉજવવામાં આવે છે. સદર સપ્તાહ દરમ્યાન ""માર્ગ સલામતી"" ના જુદા જુદા કાર્યક્ર્મ રાખવામાં આવે છે. જે પેકી સકુલ બસના ડ્રાયવરોને સઘન તાલીમ આપવામાં આવે છે. બસ અને ટ્રક્ના ડ્રાઈવરના મેડીક્લ ચેક અપ કેમ્પ યોજવામાં આવે છે. ટ્રાન્સપોર્ટ વાહનો ઉપર રીફ્લેકટર, રેડીયમપટ્ટી લગાડવાની ઝુંબેશ ક્રવામાં આવેલ છે. સ્કુલ કોલેજોના વિદ્યાર્થીઓમાં ટ્રાફીક્ને લગતા નિયમોની જાણકારી થાય તેવું આયોજન ક્રવામાં આવેલ છે. વાહન ચાલકોના આંખના કેમ્પો પણ રાખેલ છે.

**પત્રક**

| અનુક્રમ નં. | જિલ્લો | ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન ક્રવામાં આવેલ કેસો કુલ | ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન (તા. ૩૧-૧૦-૦૯ સુધી) ક્રવામાં આવેલ કેસો કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૧૦૩૨૮ | ૮૦૪૮ |
| ૨ | મહેસાણા | ૧૧૫૧૪ | ૮૫૮૯ |
| ૩ | રાજકોટ | ૧૩૪૨૧૯ | ૯૩૬૦૩ |
| ૪ | ભાવનગર | ૭૨૭૮૮ | ૭૪૮૦૫ |
| ૫ | સુરત | ૧૬૧૬૦ | ૨૦૩૪૧ |
| ૬ | વડોદરા | ૧૦૩૯૯૮ | ૬૦૪૩૬ |
| ૭ | નડીયાદ | ૯૪૫૯ | ૩૪૧૪ |
| ૮ | પાલનપુર | ૪૬૫૭ | ૨૩૪૪ |
| ૯ | હિંમતનગર | ૮૭૪૯ | ૨૫૧૦ |
| ૧૦ | જામનગર | ૫૦૦૯ | ૩૪૫૦ |
| ૧૧ | જુનાગઢ | ૧૨૮૯૧૬ | ૮૦૧૭૯૨ |
| ૧૨ | ભુજ | ૧૦૫૧૫૯ | ૮૯૮૪૧ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૬૫૬૮ | ૧૨૧૯૪ |
| ૧૪ | અમરેલી | ૧૨૨૯૩ | ૬૨૭૬ |
| ૧૫ | વલસાડ | ૬૦૦૭ | ૨૩૭૪ |
| ૧૬ | ભરૂચ | ૧૭૬૫૮ | ૧૪૧૬૯ |
| ૧૭ | ગોધરા | ૪૪૫૫ | ૨૧૫૭ |
| ૧૮ | ગાંધીનગર | ૫૮૦૪૭ | ૪૦૯૩૮ |
| ૧૯ | બારડોલી | ૧૬૩૪ | ૧૨૧૭ |
| ૨૦ | દાહોદ | ૧૫૧૭ | ૯૦૮ |
| ૨૧ | નવસારી | ૧૭૯૮ | ૮૨૧ |
| ૨૨ | રાજપીપળા | ૪૯૨ | ૨૭૦ |

| અનુક્રમ નં. | જિલ્લો | ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન કરવામાં આવેલ કેસો કુલ | ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન (તા. ૩૧-૧૦-૦૯ સુધી) કરવામાં આવેલ કેસો કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૩ | આણંદ | ૬૧૬૨ | ૩૮૦૬ |
| ૨૪ | પાટણ | ૭૭૯૮ | ૫૦૧૬ |
| ૨૫ | પોરબંદર | ૪૨૯ | ૩૭૨ |
| | કુલ | ૭૪૫૮૧૪ | ૧૨૫૯૬૯૧ |

----------------

**માલ વાહક વાહનોના અકસ્માતો બાબત**

અતારાંકિત : ૨૩૯૧ (૫-૧૨-૦૯) **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૦-૧૦-૦૯ની સ્થિતિએ અધિકૃત રીતે ચાલતાં માલ વાહક વાહનોના કેટલા અકસ્માતો નોંધાયા,

(૨) તેમાં કેટલા મૃત્યુ થયાં,

(૩) તે પેકી જામનગર જિલ્લામાં કેટલા અકસ્માતો થયા અને તેમાં મૃત્યુ થયા, અને

(૪) આવી ઘટનાઓ અટકાવવા સરકાર શાં પગલાં લેવા માંગે છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૨૯-૧-૧૦) :

(૧) ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૦-૧૦-૦૯ની સ્થિતિએ માલવાહક વાહનોના નીચે મુજબના અકસ્માતો નોંધાયેલ છે.

તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૦૯-- ૯૫૪૫

તા. ૧-૪-૦૯ થી તા. ૩૦-૧૦-૦૯-- ૫૬૦૯

(૨) માલવાહક વાહનોના અકસ્માતો નીચે મુજબના મૃત્યુ થયેલ છે.

| તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૦૯ | તા. ૧-૪-૦૯ થી તા. ૩૦-૧૦-૦૯ |
|---|---|
| ૩૩૮૧ | ૨૦૬૦ |

(૩) જામનગર જિલ્લામાં માલવાહક વાહનોના નીચે મુજબના અકસ્માતો થયા અને મૃત્યુ થયેલ છે.

| હેડ | તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૦૯ | તા. ૧-૪-૦૯ થી તા. ૩૦-૧૦-૦૯ |
|---|---|---|
| અકસ્માત | ૩૮૩ | ૨૦૭ |
| મૃત્યુ | ૧૪૨ | ૭૯ |

(૪) આવી ઘટનાઓ અટકાવવા માટે રાજ્યના તમામ જિલ્લાઓના પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તથા ટ્રાફીક પોલીસ ખાતા તરફથી ચેકીંગની સઘન કાર્યવાહી કરવામાં આવે છે. માર્ગ સલામતી માટે દર વર્ષે તા. ૧ થી ૭ જાન્યુઆરી સુધી રાજ્યમાં ""માર્ગ સલામતી સપ્તાહ"" ઉજવવામાં આવે છે. દર સપ્તાહ દરમ્યાન ""માર્ગ સલામતી" ના જુદા જુદા કાર્યક્રમ રાખવામાં આવે છે. જે પેકી સ્કુલ બસના ડ્રાઇવરોને સઘન તાલીમ આપવામાં આવે છે. બસ અને ટ્રકના ડ્રાયવરના મેડીકલ ચેક અપ કેમ્પ યોજવામાં આવે છે. જન જાગૃતિ માટે શાળા/કોલેજોમાં સેમીનાર યોજવામાં આવે છે. ટ્રાન્સપોર્ટ વાહનો ઉપર રીફ્લેકટર, રેડીયમ પટ્ટી લગાડવાની ઝુંબેશ કરવામાં આવે છે. હાઈવે રોડ ઉપર સ્ટેટ ટ્રાફીક પોલીસ તેમજ સ્થાનીક ટ્રાફીક પોલીસ દ્વારા સતત પેટ્રોલીંગ, સ્પીડ લીમીટનું સમયાન્તર જગ્યાએ બોર્ડ લગાવવા, અવાર નવાર ટ્રાફીક ડ્રાઈવ રાખી વાહન ચેકીંગ કરી દંડ વસુલ કરવો અને માલ વાહનોની હેડ લાઈટ પર કાળા ટપકાં તથા પીળા પટ્ટા કરવા અંગેના વિવિધ પગલાં લેવામાં આવે છે.

----------------

**દાહોદ જિલ્લામાં વનબંધુ કાર્યક્રમ નીચે પીવાના પાણીની જોગવાઈ**

અતારાંકિત : ૨૩૯૭ (૧૫-૧-૧૦) **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) વનબંધુ કાર્યક્રમમાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ માં દાહોદ જિલ્લામાં પીવાના પાણી માટે કેટલી જોગવાઈ કરવામાં આવી, અને તા. ૩૦-૧૦-૨૦૦૯ સુધીમાં કેટલી ગ્રાન્ટ રીલીઝ કરી, અને

(૨) તે અન્વયે કેટલા કામો કરવામાં આવ્યા અને કેટલા બાકી છે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** (૨૩-૨-૧૦) :

(૧) વનબંધુ કાર્યક્રમ અંતગર્ત સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કુલ રૂા. ૫૦૦.૭૯ લાખ અને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં ૯૮૨.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ અને તા. ૩૦-૧૦-૨૦૦૯ સુધીમાં કુલ રૂા. ૧૪૮૩.૦૪ લાખની ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ.

જ્યારે પાણી પુરવઠામાં અનુસૂચિત જનજાતિ વિસ્તાર (ટીએએસપી) માં ૨૦૦૭-૨૦૦૮ ૩૬૪૯.૪૧ લાખ ૨૦૦૮-૨૦૦૯ ૮૪૯૪.૩૮ લાખ તા. ૩૦-૧૦-૨૦૦૯ સુધીમાં કુલ ૭૫૦૪.૫૬ લાખની ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ.

(૨) વનબંધુ કાર્યક્રમ અંતગર્ત ૮૬૬ કામો મંજૂર કરવામાં આવેલ હતા, તે પૈકી ૧૧૧ કામો પૂર્ણ, ૭૫૯ કામો પ્રગતિ હેઠળ અને ૧૬ કામો શરૂ કરવાના બાકી છે.

પાણી પુરવઠામાં ટી.એ.એસ.પી. હેઠળ ૨૦૦૭-૨૦૦૮માં ૨૦૭ કામો મંજુર કરાયેલ જે પૈકી ૪૪ કામો પૂર્ણ, ૧૬૩ પ્રગતિ હેઠળ અને ૨૦૦૮-૨૦૦૯માં ૭૬૬ કામો મંજુર કરાયેલ જે પૈકી ૮ કામો પૂર્ણ ૬૭૯ પ્રગતિ હેઠળ અને ૭૯ કામો હાથ પર લેવાના બાકી.

-------------

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૫૭૨ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૪૯૫, ૨૪૯૬, ૨૫૧૫, ૨૫૧૬, ૨૫૧૭, ૨૫૧૮, ૨૫૧૯, ૨૫૬૨ | ૦૮ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૨૫૬૩, ૨૫૬૫, ૨૫૬૬, ૨૫૬૭ | ૦૪ |
| ૪ | નાણા વિભાગ | ૨૪૮૮ | ૦૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૫૧૪, ૨૫૩૬, ૨૫૩૭ | ૦૩ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૪૬૪, ૧૯૮૯, ૨૩૪૯, ૨૪૪૩, ૨૫૨૭ | ૦૫ |
| ૭ | ગૃહ વિભાગ | ૨૪૬૨, ૨૪૮૪, ૨૫૨૯, ૨૫૫૪ | ૦૪ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૫૯૫, ૨૬૦૪, ૨૬૦૫ | ૦૩ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૫૯૯ | ૦૧ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૫૨૨, ૨૫૯૨ | ૦૨ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૨૫૬, ૨૫૩૩, ૨૫૭૭ | ૦૩ |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૨૪૯૮, ૨૫૬૧ | ૦૨ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૨૪૬૧ | ૦૧ |
| ૧૪ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૩૫૬, ૨૩૯૧ | ૦૨ |
| ૧૫ | આદિજાતિ વિકાસ વિભાગ | ૨૩૯૭ | ૦૧ |
| | | **કુલ :** | **૪૧** |

-------------

# સત્ર સમાપ્તિ

**અધ્યક્ષશ્રી**: સભાગૃહની આજની બેઠકનું કામકાજ હવે પૂરૂં થાય છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯ (૧) અન્વયે હું સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદ્દત માટે મુલતવી રાખું છું.

# સત્ર સમાપ્તિ

અધ્યક્ષશ્રી: સભાગૃહની આજની બેઠકનું કામકાજ હવે પૂરું થાય છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯(૧) અન્વયે હું સભાગૃહની બેઠક અચોક્કસ મુદ્દત માટે મુલતવી રાખું છું.

**સભાગૃનું કામકાજ સાંજના ૪-૨૫ કલાકે પુરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર નિયમોના નિયમ ૯(૧) અન્વયે અનિશ્ચિત મુદત ♠ માટે મુલતવી રહયું.**

**♠ ફૂટનોટ: ગુજરાત અસાધારણ ગેઝેટ ભાગ-૧ તા.૫ એપ્રિલ,૨૦૧૦ માં પ્રસિદ્ધ થયેલ નામદાર રાજયપાલશ્રીના આદેશ અન્વયે તા.૨૪ મી ફેબ્રુઆરી,૨૦૧૦ ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે શરૂ થયેલ સત્ર સમાપ્ત થયું.**

# સભ્યશ્રીઓનું હાજરી પત્રક

**બારમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં સભ્યશ્રીઓ વ્યકિતગત રીતે આપેલ હાજરી દર્શાવતું પત્રક**

* **(માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)**

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જયંતિલાલ પરસોત્તમદાસ ભાનુશાલી | ૧૬ | ૧૧ | ૨૭ |
| ૨ | શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંધાણી | ૨૧ | ૬ | ૨૭ |
| ૩ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | - | - | - |
| ૪ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૨૪ | ૩ | ૨૭ |
| ૫ | ડૉ. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય | ૨૨ | ૫ | ૨૭ |
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી ગડા (શાહ) | ૨૭ | - | ૨૭ |
| ૭ | શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડિયા | ૧૯ | ૮ | ૨૭ |
| ૮ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૨૭ | - | ૨૭ |
| ૯ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા (મંત્રીશ્રી) | - | - | - |
| ૧૦ | શ્રી ભરતભાઈ વશરામભાઈ ખોરાણી | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૧ | શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ ફતેપરા | ૧૨ | ૧૫ | ૨૭ |
| ૧૨ | શ્રી હરિલાલ મોહનલાલ પટેલ | ૨૨ | ૫ | ૨૭ |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ૨૩ | ૪ | ૨૭ |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારિયા | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૫ | શ્રી મહંમદ જાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૧૪ | ૧૩ | ૨૭ |
| ૧૬ | શ્રી ભરતભાઈ ખોડાભાઈ બોઘરા | ૨૭ | - | ૨૭ |
| ૧૭ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | - | - | - |
| ૧૯ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૨૭ | - | ૨૭ |
| ૨૦ | શ્રી ચંદુભાઈ બચુભાઈ વઘાસીયા | ૧૬ | ૧૧ | ૨૭ |
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ | ૨૫ | ૨ | ૨૭ |
| ૨૨ | શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા | ૧૮ | ૯ | ૨૭ |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડિયા | ૨૫ | ૨ | ૨૭ |
| ૨૪ | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ |
| ૨૫ | પ્રો. વસુબેન ત્રિવેદી | ૨૭ | - | ૨૭ |
| ૨૬ | શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી | ૨૬ | ૧ | ૨૭ |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ | ૨૭ | - | ૨૭ |
| ૨૮ | શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા | ૧૫ | ૧૨ | ૨૭ |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા | ૨૨ | ૫ | ૨૭ |
| ૩૦ | શ્રી મેઘજી ડાયા કણઝારીયા | ૨૭ | - | ૨૭ |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | ૯ | ૧૮ | ૨૭ |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૨૪ | ૩ | ૨૭ |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૧૨ | ૧૫ | ૨૭ |
| ૩૪ | શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા | ૨૩ | ૪ | ૨૭ |
| ૩૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૨૩ | ૪ | ૨૭ |
| ૩૬ | શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા | ૨૭ | - | ૨૭ |
| ૩૭ | શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ | ૧૫ | ૧૨ | ૨૭ |
| ૩૮ | શ્રી રાજસીભાઈ વીરાભાઈ જોટવા | ૨૭ | - | ૨૭ |
| ૩૯ | શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ | ૧૨ | ૧૫ | ૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા | ૨૭ | - | ૨૭ |
| ૪૧ | શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ રાજાણી (સંસદીય સચિવશ્રી) | - | - | - |
| ૪૨ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૨૫ | ૨ | ૨૭ |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ | ૨૨ | ૫ | ૨૭ |
| ૪૪ | શ્રી હનુભાઈ ધોરાજીયા | ૧૬ | ૧૧ | ૨૭ |
| ૪૫ | શ્રી દિલીપ સંઘાણી (મંત્રીશ્રી) | - | - | - |
| ૪૬ | શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૧૯ | ૮ | ૨૭ |
| ૪૭ | શ્રી ધીરસિંહભાઈ કરશનભાઈ બારડ | ૨૭ | - | ૨૭ |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૧૩ | ૧૪ | ૨૭ |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ(મંત્રીશ્રી) | - | - | - |
| ૫૦ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | ૨૫ | ૨ | ૨૭ |
| ૫૧ | શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા | ૨૩ | ૪ | ૨૭ |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૧૯ | ૮ | ૨૭ |
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૨૨ | ૫ | ૨૭ |
| ૫૪ | ડૉ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | ૨૨ | ૫ | ૨૭ |
| ૫૫ | શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૨૧ | ૬ | ૨૭ |
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | - | - | - |
| ૫૭ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૨૭ | - | ૨૭ |
| ૫૮ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ ( વિરોધપક્ષના નેતાશ્રી) | - | - | - |
| ૫૯ | શ્રી રણછોડભાઈ કરશનભાઈ મેર | ૨૧ | ૬ | ૨૭ |
| ૬૦ | શ્રી કાનજીભાઈ રાયાભાઈ તળપદા | ૨૭ | - | ૨૭ |
| ૬૧ | શ્રી કાંતિલાલ રામાભાઈ લકુમ | ૨૩ | ૪ | ૨૭ |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૨૨ | ૫ | ૨૭ |
| ૬૩ | શ્રી કમાભાઈ ગગજીભાઈ રાઠોડ | ૨૬ | ૧ | ૨૭ |
| ૬૪ | શ્રી અમિત શાહ (મંત્રીશ્રી) | - | - | - |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૨૬ | ૧ | ૨૭ |
| ૬૬ | શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ | ૨૭ | - | ૨૭ |
| ૬૭ | શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ | ૨૭ | - | ૨૭ |
| ૬૮ | શ્રી રાકેશ જશવંતલાલ શાહ | ૨૭ | - | ૨૭ |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ | ૨૭ | - | ૨૭ |
| ૭૦ | શ્રી ગ્યાસુદીન હબીબુદીન શેખ | ૨૬ | ૧ | ૨૭ |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયાં શેખ | ૨૬ | ૧ | ૨૭ |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા (મુખ્ય દંડકશ્રી) | - | - | - |
| ૭૩ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | ૨૩ | ૪ | ૨૭ |
| ૭૪ | શ્રી શૈલેષ મનહરભાઈ પરમાર | ૨૭ | - | ૨૭ |
| ૭૫ | શ્રી અશોક ભટ્ટ ( અધ્યક્ષશ્રી) | - | - | - |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાલા, | ૧૬ | ૧૧ | ૨૭ |
| ૭૭ | શ્રી નરેન્દ્ર મોદી (મુખ્યમંત્રીશ્રી) | - | - | - |
| ૭૮ | ડૉ. માયાબેન સુરેન્દ્રકુમાર કોડનાની | ૨૪ | ૩ | ૨૭ |
| ૭૯ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૨૩ | ૪ | ૨૭ |
| ૮૦ | શ્રી સુરેશકુમાર ચતુરદાસ પટેલ | ૨૬ | ૧ | ૨૭ |
| ૮૧ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ (મંત્રીશ્રી) | - | - | - |
| ૮૨ | શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ પરમાર | ૨૭ | - | ૨૭ |
| ૮૩ | **શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ પટેલ,** | ૧૨ | ૧૫ | ૨૭ |
| ૮૪ | પ્રો. મંગળદાસ માધવદાસ પટેલ | ૨૭ | - | ૨૭ |
| ૮૫ | શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ | ૨૭ | - | ૨૭ |
| ૮૬ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૨૩ | ૪ | ૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮૭ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૨૬ | ૧ | ૨૭ |
| ૮૮ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૨૬ | ૧ | ૨૭ |
| ૮૯ | શ્રી જયનારાયણ વ્યાસ (મંત્રીશ્રી) | - | - | - |
| ૯૦ | શ્રી જોધાજી ગલાબજી ઠાકોર | ૨૬ | ૧ | ૨૭ |
| ૯૧ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ, (મંત્રીશ્રી) | - | - | - |
| ૯૨ | શ્રી રજનીકાંત સોમાભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ |
| ૯૩ | શ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ રાઠોડ | ૨૩ | ૪ | ૨૭ |
| ૯૪ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૨૬ | ૧ | ૨૭ |
| ૯૫ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ (મંત્રીશ્રી) | - | - | - |
| ૯૬ | શ્રી અનીલકુમાર અમૃતલાલ માળી | ૨૭ | - | ૨૭ |
| ૯૭ | શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ | ૨૧ | ૬ | ૨૭ |
| ૯૮ | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા | ૨૭ | - | ૨૭ |
| ૯૯ | શ્રી મફતલાલ મોતીરામ પુરોહિત | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૦૦ | શ્રી ગોવિંદભાઈ માધવલાલ પ્રજાપતિ | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૦૧ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા (મંત્રીશ્રી) | - | - | - |
| ૧૦૨ | શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ | ૨૪ | ૩ | ૨૭ |
| ૧૦૩ | શ્રી અશ્વિન કોટવાલ | ૨૧ | ૬ | ૨૭ |
| ૧૦૪ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા (મંત્રીશ્રી) | - | - | - |
| ૧૦૫ | ડાૅ.અનિલ જોષીયારા | ૨૭ | - | ૨૭ |
| ૧૦૬ | શ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૦૭. | શ્રી જયસિંહજી માનસિંહજી ચૌહાણ(મંત્રીશ્રી) | - | - | - |
| ૧૦૮ | શ્રી દિલીપસિંહજી વખતસિંહજી પરમાર | ૨૭ | - | ૨૭ |
| ૧૦૯ | શ્રી ઉદેસિંહ પુંજાજી ઝાલા | ૧૦ | ૧૭ | ૨૭ |
| ૧૧૦ | શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૧૧ | શ્રી પરંજયાદિત્યસિંહજી કૃષ્ણકુમારસિંહજી પરમાર | ૧૮ | ૯ | ૨૭ |
| ૧૧૨ | શ્રી દીતાભાઈ ભીમાભાઈ મછાર | ૨૭ | - | ૨૭ |
| ૧૧૩ | શ્રી બચુભાઈ નાથાભાઈ કિશોરી | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૧૪ | શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ પણદા | ૨૭ | - | ૨૭ |
| ૧૧૫ | શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ બારીયા | ૨૭ | - | ૨૭ |
| ૧૧૬ | શ્રી તુષારસિંહ કનકસિંહ મહારાઉલ | ૨૨ | ૫ | ૨૭ |
| ૧૧૭ | શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ | ૨૧ | ૬ | ૨૭ |
| ૧૧૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર (સંસદીય સચિવશ્રી) | - | - | - |
| ૧૧૯ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૧૭ | ૧૦ | ૨૭ |
| ૧૨૦ | શ્રી સી.કે.રાઉલજી | ૨૧ | ૬ | ૨૭ |
| ૧૨૧ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૨૨ | શ્રી હીરાભાઈ હરીભાઈ પટેલ | ૨૭ | - | ૨૭ |
| ૧૨૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઈ ભાભોર(મંત્રીશ્રી) | - | - | - |
| ૧૨૪ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૨૫ | શ્રી મણીભાઈ દેવજીભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૨૬ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૨૭ | શ્રી લાલસિંહ ઉદેસિંહ વડોદીયા | ૨૭ | - | ૨૭ |
| ૧૨૮ | શ્રી ગૌતમભાઈ જેસંગભાઈ ઝાલા | - | ૨૭ | ૨૭ |
| ૧૨૯ | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ (સંસદીય સચિવશ્રી) | - | - | - |
| ૧૩૦ | શ્રી નટવરસિંહ ફૂલસિંહ ઠાકોર | ૨૭ | - | ૨૭ |
| ૧૩૧ | શ્રી પંકજકુમાર વિનુભાઈ દેસાઈ | ૨૨ | ૫ | ૨૭ |
| ૧૩૨ | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૨૭ | - | ૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩૩ | શ્રીમતી જયોત્સનાબેન રાજુભાઈ પટેલ | ૨૪ | ૩ | ૨૭ |
| ૧૩૪ | શ્રી જયંતભાઈ રમણભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૩૫ | શ્રી નિરંજન પટેલ | ૨૧ | ૬ | ૨૭ |
| ૧૩૬ | શ્રી અંબાલાલ આશાભાઈ રોહિત (નાયબ મુ.દંડકશ્રી) | - | - | - |
| ૧૩૭ | શ્રી દેવુસિંહ જેસીંગભાઈ ચૌહાણ | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૩૮ | શ્રી અમિતકુમાર અજિતકુમાર ચાવડા | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૩૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૪૦ | શ્રી શિરીષકુમાર મધુસુદન શુકલ | ૨૭ | - | ૨૭ |
| ૧૪૧ | શ્રી ગુલસિંગભાઈ રંગલાભાઈ રાઠવા | ૨૭ | - | ૨૭ |
| ૧૪૨ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૨૪ | ૩ | ૨૭ |
| ૧૪૩ | શ્રી ધીરુભાઈ ચુનીલાલ ભીલ | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૪૪ | શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી | ૨૭ | - | ૨૭ |
| ૧૪૫ | શ્રી સિધ્ધાર્થ ચીમનભાઈ પટેલ | ૨૨ | ૫ | ૨૭ |
| ૧૪૬ | શ્રી ખુમાનસિંહ રાયસિંહ ચૌહાણ | ૨૩ | ૪ | ૨૭ |
| ૧૪૭ | શ્રી ભુપેન્દ્રભાઈ ગટુલાલ લાખાવાળા | ૨૭ | - | ૨૭ |
| ૧૪૮ | શ્રી જીતેન્દ્ર સુખડીયા | ૨૭ | - | ૨૭ |
| ૧૪૯ | શ્રી યોગેશ પટેલ (સંસદીય સચિવશ્રી) | - | - | - |
| ૧૫૦ | શ્રી મધુભાઈ બાબુભાઈ શ્રીવાસ્તવ | ૮ | ૧૯ | ૨૭ |
| ૧૫૧ | શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલ | ૨૭ | - | ૨૭ |
| ૧૫૨ | શ્રી દિનેશભાઈ બી.પટેલ | ૧૦ | ૧૭ | ૨૭ |
| ૧૫૩ | શ્રી ચંદુભાઈ મોતીભાઈ ડાભી | ૨૭ | - | ૨૭ |
| ૧૫૪ | શ્રી કિરણકુમાર લક્ષ્મણભાઈ મકવાણા | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૫૫ | શ્રી ઈકબાલ પટેલ | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૫૬ | શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ | ૨૫ | ૨ | ૨૭ |
| ૧૫૭ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ (સંસદીય સચિવશ્રી) | - | - | - |
| ૧૫૮ | શ્રી છોટુભાઈ અમરસિંહભાઈ વસાવા | ૩ | ૨૪ | ૨૭ |
| ૧૫૯ | શ્રી અમરસિંહ રામસિંહ વસાવા | ૨૭ | - | ૨૭ |
| ૧૬૦ | શ્રી હર્ષદભાઈ ચુનીલાલ વસાવા (સંસદીય સચિવશ્રી) | - | - | - |
| ૧૬૧ | શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ વસાવા | ૨૭ | - | ૨૭ |
| ૧૬૨ | શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા | ૨૨ | ૫ | ૨૭ |
| ૧૬૩ | શ્રી પ્રભુભાઈ નાગરભાઈ વસાવા | ૨૭ | - | ૨૭ |
| ૧૬૪ | શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત | ૨૭ | - | ૨૭ |
| ૧૬૫ | શ્રી ઈશ્વરભાઈ નરસિંહભાઈ વહીયા | ૨૭ | - | ૨૭ |
| ૧૬૬ | શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૬૭ | શ્રીમતી ભારતીબેન અમૃતભાઈ રાઠોડ | ૨૨ | ૫ | ૨૭ |
| ૧૬૮ | શ્રી કિરીટભાઈ ગંગારામભાઈ પટેલ | ૨૪ | ૩ | ૨૭ |
| ૧૬૯ | શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી | ૨૩ | ૪ | ૨૭ |
| ૧૭૦ | શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગિલીટવાલા | ૨૭ | - | ૨૭ |
| ૧૭૧ | શ્રી કિશોર વાંકાવાલા | ૨૭ | - | ૨૭ |
| ૧૭૨ | શ્રી નરોત્તમભાઈ પટેલ(મંત્રીશ્રી) | - | - | - |
| ૧૭૩ | શ્રી આર.સી. પટેલ | ૪ | ૨૩ | ૨૭ |
| ૧૭૪ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ(મંત્રીશ્રી) | - | - | - |
| ૧૭૫ | શ્રી લક્ષ્મણભાઈ પરસોત્તમભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ |
| ૧૭૬ | શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | ૨૧ | ૬ | ૨૭ |
| ૧૭૭ | શ્રી વિજયભાઈ રમેશભાઈ પટેલ | ૨૧ | ૬ | ૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭૮ | શ્રી દોલતરાય નાથુભાઈ દેસાઈ | ૨૭ | - | ૨૭ |
| ૧૭૯ | શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી | ૨૩ | ૪ | ૨૭ |
| ૧૮૦ | શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | ૨૪ | ૩ | ૨૭ |
| ૧૮૧ | શ્રીમતી ઉષાબેન ગીરીશકુમાર પટેલ (દંડકશ્રી) | - | - | - |
| ૧૮૨ | શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર | ૨૬ | ૧ | ૨૭ |
| | કુલ | ૩૫૩૨ | ૫૯૯ | ૪૧૩૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલ જોષીયારા** | |
| અમીરગઢ અને ખેડબ્રહ્મા ખાતે નવી કૃષિ પોલીટેક્નીક સ્થાપવા માટે થયેલ ખર્ચ | ૬૫ |
| ગાંધીનગરમાં ઘરફોડ ચોરીના બનાવો | ૨૭૦ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૧૮૦ |
| જે. એન. અર્બન રિન્યુઅલ મિશન અંતર્ગત મળેલ રકમ | ૧૭૨ |
| પોલીસ દળને કાર્યક્ષમ બનાવવા પગલાં ભરવા અંગે | ૩૨૪ |
| સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં ૨૫૦ની વસ્તીવાળા ગામડાઓના રસ્તાઓને મુખ્યમાર્ગ સાથે જોડવા અંગે | ૫૬ |
| સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી ખેડૂતોના મોટર પમ્પ સેટ બદલવા બાબત | ૨૫૯ |
| સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી પછાતતાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતો સ્થાપવા બાબત | ૨૩૨ |
| સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઊંડા કરવા પાછળ ખર્ચ | ૧૩૭ |
| સાબરકાંઠા જિલ્લામાં પંચાયત/સ્ટેટ હસ્તકના રીપેરીંગ ર્ક્યા વગરના રસ્તાઓ | ૩૫ |
| સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ | ૧૬૧ |
| **અનિલકુમાર અ. માળી** | |
| બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી ખેડૂતોને વીજ ક્નેક્શન માટે સહાય | ૨૩૪ |
| બનાસકાંઠા જિલ્લામાં કાંકરેજી ગાયના સંરક્ષણ માટે પગલાં | ૧૫ |
| બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોન વિસ્તાર જાહેર કરવા બાબત | ૧૧૩ |
| બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર માટી, રેતી, મેટલ અને અન્ય ગોણ ખનીજોની લીઝ આપવા બાબત | ૨૬૦ |
| બનાસકાંઠા જિલ્લામાં સી.એચ.સી.નું મહેકમ | ૧૬૮ |
| વર્ષ-૨૦૦૯ના નવરાત્રી મહોત્સવ અંગે | ૧૫૫ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીની સ્થાપના | ૪૧ |
| **અભેસિંહ મો.તડવી** | |
| વડોદરા જિલ્લામાં ગણોત ધારાની પડતર અરજીઓ | ૨૦ |
| વડોદરા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી | ૧૪૧ |
| વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ અરજીઓ | ૨૧૩ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| એસ.ટી. તંત્ર દ્વારા બીજા પ્રસંગોમાં બસો ફાળવવાને બદલે પ્રજાને મુસાફરી માટે પૂરતી બસો ફાળવવા બાબત | ૩૦૫ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૦ | ૧૮૨ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યા ભરવા મંજૂરી | ૬૩ |
| નર્મદા જિલ્લામાં એન.જી.ઓ.એ. જમીનની કરેલ માગણી | ૨૩ |
| ભરૂચ અને નર્મદા જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં બંધ હાલતમાં રહેલ એમ્બ્યુલન્સ અને મશીનરી | ૩૪૦ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ઉદ્યોગો માટે જમીનની માંગણી | ૫૦ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં સિંચાઈને લગતા ધારાસભ્યોના મંજૂર કામો | ૧૨૦ |
| ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના થવા ગામે પી.ટી.સી. કોલેજમાં ઈલેકિટ્રક શોર્ટ સર્કિટના કારણે વિદ્યાર્થીનીઓ દાઝી જવા અંગે | ૬૭ |
| માઉન્ટ આબુ ખાતે આવેલા ગુજરાત ભવનમાં મરામત પાછળ થયેલ ખર્ચ | ૩૫૦ |
| રાજ્યની સરહદી સુરક્ષા માટે કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ | ૨૨૨ |
| **અમિત શાહ** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમિત શાહ** | |
| અસામાજિક તત્ત્વોએ લશ્કરી જવાનું ખૂન કરતાં સમાજમાં ફેલાયેલી રોષ અને ભયની લાગણી દૂર કરવા બાબત | ૨૭૬ |
| એસ.ટી. તંત્ર દ્વારા બીજા પ્રસંગોમાં બસો ફાળવવાને બદલે પ્રજાને મુસાફરી માટે પૂરતી બસો ફાળવવા બાબત | ૩૦૭ |
| ગૃહ વિભાગની અધિસૂચના | ૭૪ |
| પોલીસ દળને કાર્યક્ષમ બનાવવા પગલાં ભરવા અંગે | ૩૨૬ |
| પ્રશ્નોત્તરીમાં વિરોધ પક્ષના નેતાશ્રીના બંગલાના ખર્ચ માટે પૂછાયેલ પ્રશ્નો અંગે | ૬૯ |
| માનનીય ન્યાયાધીશ શ્રી જે. પી. દેસાઈ તપાસ પંચનો અહેવાલ | ૨૮૧ |
| મુંબઈ મોટર વાહન વેરા(ગુજરાત સુધારા)વિધેયક,૨૦૧૦ | ૧૮૭ |
| મુંબઈ મોટર વાહન વેરા(ગુજરાત સુધારા)વિધેયક,૨૦૧૦ | ૧૮૭ |
| મુંબઈ મોટર વાહન વેરા(ગુજરાત સુધારા)વિધેયક,૨૦૧૦ | ૧૮૭ |
| મુંબઈ મોટર વાહન વેરા(ગુજરાત સુધારા)વિધેયક,૨૦૧૦ | ૧૯૪ |
| મુંબઈ મોટર વાહન વેરા(ગુજરાત સુધારા)વિધેયક,૨૦૧૦ | ૧૯૭ |
| મુંબઈ મોટર વાહન વેરા(ગુજરાત સુધારા)વિધેયક,૨૦૧૦ | ૧૯૭ |
| સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહનો પ્રસ્તાવ | ૭૪ |
| સન ૨૦૦૬-૦૭ તથા સન ૨૦૦૮-૦૯ના ગુજરાત માનવ અધિકાર આયોગનો વાર્ષિક અહેવાલ. | ૨૮૧ |
| સબ જયુડીસ મેટરનો પ્રવચનમાં ઉલ્લેખ કરવા બાબત. | ૨૮૯ |
| સબજ્યુડીસ મેટરના બિલ અંગે | ૨૮૩ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આણંદ અને ખેડા જિલ્લામાં ખેડૂતોના અકસ્માત વીમાની સહાય | ૬૨ |
| આણંદ ખેડા, વડોદરા અને અમદાવાદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૩૪૭ |
| આણંદ જિલ્લામાં નગરપાલિકા દીઠ બી.પી.એલ. કુટુંબો | ૧૦૭ |
| આણંદ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ | ૧૫ |
| પશુપાલન વિભાગમાં સહાયકારી યોજના | ૪૭ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| એ.આર.ટી.ઓ. ક્ચેરી ગોધરાની આવક | ૨૫૪ |
| આદિવાસી ખેડૂત માટે ખેતીમાં વીજ ક્નેક્શન માટે સહાયની યોજના | ૨૧૯ |
| પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા | ૧૩ |
| પંચમહાલ જિલ્લામાં મોટા ચેકડેમો | ૧૫૦ |
| પોલીસ કર્મચારીઓ માટે બનાવવામાં આવેલ આવાસના મકાનો | ૨૬૮ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ બાંધેલા આવાસો | ૧૫૮ |
| કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલના રીપોર્ટ બાબત | ૭૮ |
| નવસારી કૃષિ યુનિવર્સિટીની જમીન અન્યને આપવાની કાર્યવાહી અંગે | ૨૭ |
| પોરબંદર અને વેરાવળના દરિયામાં ઓદ્યોગિક ક્ચરો નાંખવાથી માછલીઓનું ઉત્પાદન ઘટવા બાબત | ૫૩ |
| પોરબંદર જિલ્લામાં નર્મદા પાઈપ લાઈન આધારીત પાણી પુરવઠા યોજનામાં થયેલ ખર્ચ | ૧૨૪ |
| પ્રશ્નોત્તરીમાં વિરોધ પક્ષના નેતાશ્રીના બંગલાના ખર્ચ માટે પૂછાયેલ પ્રશ્નો અંગે | ૭૦ |

